લેવ તૉલ્સ્તૉય

લઘુનવલો અને નવલિકાઓ



ગજિયો
ઈવાન ઈલ્યીચનું મૃત્યુ
ક્રેઈત્સેર સોનાટા
ફાધર સેર્ગિયસ
નૃત્યસમારંભ પછી

આ સંગ્રહમાં નવલકથાકાર લેવ તોલ્સ્તોયની ઉત્તમ કૃતિઓ સામેલ કરવામાં આવી છે. તેમની આ કૃતિઓનું સર્જન તેઓ સિદ્ધહસ્ત લેખક બની ગયા ત્યાર પછી થયેલું છે. તેમની અત્યંત લોકપ્રિય કૃતિ 'ગજિયો'થી શરૂ થતો સંગ્રહ તેમના મૃત્યુ બાદ પ્રકાશિત તેમની અંતિમ કૃતિ 'નૃત્યસમારંભ પછી' સાથે પૂરો થાય છે.

"તોલ્સ્તોય તો જગતને સામાજિક તથા રાજકીય જીવનના તખતાના પાછળના ભાગમાં પહોંચી ગયેલા માનવીની જેમ નીરખે છે, જ્યારે આપણામાંથી મોટા ભાગના લોકો તખતાની સામે બેસીને

લેવ તોલ્સ્તોય

લઘુનવલો અને નવલિકાઓ

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

અનુવાદક — અતુલ સવાણી

ચિત્રકાર — રુદકોવ

ЛЕВ ТОЛСТОЙ

Повести и рассказы

На языке гуджарати

$T\frac{70301-681}{014(01)-77}761-77$

અનુક્રમણિકા

ગજિયો

એક ઘોડાની કથની

૧૮૫૬માં તોલ્સ્તોયને ઘોડદોડના પ્રખ્યાત ઘોડા ગજિયાની બાબતમાં ઊંડો રસ જાગ્યો હતો. ઘોડા વિશે વાર્તા લખવાના લેખકના ઈરાદાનો પ્રથમ ઉલ્લેખ તેમની એ વરસની ડાયરીમાં જોવા મળે છે—"મને ઘોડા વિશે વાર્તા લખવાનો મનોરથ છે." તોલ્સ્તોયે 'ગજિયો'ની વાચનાને પહેલી વાર ૧૮૬૪માં મઠારી હતી. ત્યાર પછી લગભગ બે દાયકા સુધી તેમણે વાર્તાને હાથ પણ ન લગાડયો. તેમનાં પત્ની સોફિયા તોલ્સ્તાયાએ ૧૮૮૫માં તોલ્સ્તોયની કૃતિઓનો સંગ્રહ તૈયાર કરતી વેળા 'ગજિયો'ને તેમાં સામેલ કરી. તોલ્સ્તોયે વાચનામાં મહત્ત્વના સુધારાવધારા કર્યા, અને નવી સુધારેલી વાચના ૧૮૮૬માં પ્રકાશિત થઈ.

સ્તાખોવિચની
સ્મૃતિને સમર્પિત

૧

ગગનમાં પ્રકાશ વધારે ને વધારે ઊંચે ફેલાતો ગયો, અરુણની લાલિમા ધરતી પર અધિકાધિક ઉજાસ પાથરતી ગઈ, રૂપેરી મોતી જેવાં ઝાકળબિંદુઓ અધિક શ્વેત ઝગમગાટ કરવા લાગ્યાં, વનમાં કલશોર વધવા લાગ્યો... લોકોની હલચલ શરૂ થઈ ગઈ. હવેલીની ઘોડારમાં ઘોડાં અધીરાં થઈને ખડ ફેંદી રહ્યાં હતાં અને છીંકોટા કરી રહ્યાં હતાં. ક્યારેક ક્યારેક તેઓ કોઈ ચીજ સારુ માંહોમાંહે બાખડી પડતાં અને ખીજે ભરાઈને જોરથી હણહણાટી કરવા લાગતાં.

"ધીરાં પડો! ધીરાં પડો! ઘણો વખત છે! જાણે કેમ ભૂખે મરતાં હોય!" ઝાંપો ઉઘાડતા ઘરડા ઘોડારિયાનાં વેણ મિજાગરાના કિચૂડ કિચૂડ અવાજમાં ભળી ગયા. ઝાંપા તરફ લપકતી એક ઘોડીને હાથ હલાવીને અટકાવતાં ઘોડારિયાએ ઘાંટો પાડયો: "પાછી મર!"

બુઢ્ઢા ઘોડારિયા નેસ્તેરે કઝ્ઝાક જાકીટ પહેર્યું હતું અને તેની ઉપર બાંધેલા ચામડાના પટ્ટામાં ભાતાની પોટકી અને તરેહવાર સાધનો લટકાવેલાં હતાં. ખભે ચાબુક અને હાથમાં જીન તથા લગામ લઈને તે દાખલ થયો.

તેના ટોણાની કશી અસર ઘોડાંની ઉપર વરતાઈ નહિ—તેઓ તો બેપરવાઈનો દેખાવ કરીને જાણે કશી ફિકર ન હોય એમ ઝાંપાથી આઘાં ખસી ગયાં—માત્ર એક બુઢ્ઢી બદામી ઘોડી સિવાય. તેને બરછટ કેશવાળી હતી. તેણે કાન ઊંચા કરી દીધા અને એકદમ ફરી જઈને પૂંઠ નેસ્તેર તરફ કરી દીધી. તેની પાછળ જ ઊભેલી એક જુવાન ઘોડીને આ બાબત ધ્યાનમાં લેવાની કશી જરૂર નહોતી, પરંતુ તે છતાં તેણે હણહણાટી કરી અને નજીક આવનારા પહેલા ઘોડાની સામે પાછલા પગ ઊંચા કર્યા.

"ધીરી મર ને હવે!" ઘોડારિયો મોટેથી ટોકતો દૂરના ખૂણા તરફ જવા લાગ્યો. તેના અવાજમાં ધમકીની છાંટ હતી.

ઘોડારનાં લગભગ એકસો ઘોડાંમાંથી ફક્ત એક જ કાબરચીતરો ખસીઘોડો જરાય અધીરો ન થયો. તે એક છાપરીનાં નેવાં નીચે એકલો ઊભો ઊભો આંખો અરધી મીચીને લાકડાની થાંભલીને ચાટી રહ્યો હતો. થાંભલીનો સ્વાદ કેવો હશે એ કહેવું તો મુશ્કેલ છે, પરંતુ થાંભલી ચાટતો કાબરચીતરો ખસીઘોડો ખૂબ ગંભીર ને ગમગીન દેખાતો હતો.

"મસ્તી ચડતી લાગે છે, ખરું ને?" ઘોડારિયો તેની નજીક પહોંચતાં અગાઉ જેવા જ અવાજે બોલ્યો અને તેણે જીન તથા ભભકદાર ડલી ખાતરના ઢગલા ઉપર મૂક્યાં.

કાબરચીતરા ખસીઘોડાએ થાંભલી ચાટવાનું બંધ કરીને

જરાય હલ્યા કે ચલ્યા વગર નેસ્તેરની સામે નજર તાકી. તેણે મોં ન મલકાવ્યું, ભવાં ન સંકોડયાં, કે રીસ પણ ન કરી. પરંતુ થોડીક પળો પછી તેના પેટની ચામડી ફરકી અને તે ઊંડો નિસાસો નાખીને બીજી તરફ ફરી ગયો. ઘોડારિયાએ તેની ગરદન ફરતે હાથ વીંટાળીને લગામ ભરાવી દીધી.

"નિસાસા કેમ નાખે છે?" નેસ્તેર બોલ્યો.

ખસીઘોડાએ જરાક પૂંછડી હલાવી, જાણે જવાબ દેતો હોય કે "ખાસ કંઈ નહિ, નેસ્તેર." ઘોડારિયાએ જીન ને ડલી ગોઠવી દીધાં. ઘોડાએ કાન ઊંચા કરીને જાણે નાખુશી બતાવી. બદલામાં તેને નાલાયક કહીને નવાજવામાં આવ્યો. પટ્ટો કસવામાં આવ્યો ત્યારે ઘોડાએ વિરોધમાં થોડાક ધમપછાડા કર્યા, પરંતુ ઘોડારિયાએ તેના મોઢામાં આંગળી ખોસીને પેટમાં પાટુ લગાવ્યું એટલે તેનો જાણે દમ નીકળી ગયો. તોપણ, નેસ્તેરે પટ્ટો દાંતમાં પકડીને કસ્યો ત્યારે તેણે ફરી કાન ઊંચા કરીને ઘોડારિયાની સામે નજર નાખવાની હિંમત તો કરી જ. તેને ખબર હતી કે એથી કશો ફાયદો નથી થવાનો, પરંતુ તેનો ઈરાદો પોતાની નાખુશી નેસ્તેરને હંમેશાં મુદ્દલ છુપાવ્યા વગર સાફ સાફ બતાવી દેવાનો હતો. જીન બંધાઈ ગયું એટલે ઘોડો સૂજી ગયેલો જમણો પગ ઢીલો કરીને કોણ જાણે કેમ ચોકડું ચાવવા લાગ્યો, જોકે પાછલા અનુભવથી તેને એટલી ખબર તો પડી જ ગઈ હશે કે ચોકડા કરતાં બેસ્વાદ બીજું કશું ન હોય.

નેસ્તેર ટૂંકા રકાબમાં પગ ભરાવીને ઠેકડો મારતો ઘોડાની ઉપર સવાર થઈ ગયો એટલે તેણે ગોઠણ નીચેથી કોટના છેડા ખેંચી કાઢ્યા અને કોચવાનો, શિકારીઓ, તથા

ઘોડારિયાઓની ખાસ રીતે બેસીને લગામ ખેંચી. ખસીઘોડાએ માથું ઊંચું કરીને ફરમાન મુજબ રવાના થઈ જવાની તૈયારી જાહેર કરી પણ કદમ ન ઉઠાવ્યું. તેને ખબર હતી કે ઘોડેસવાર રવાના થતાં પહેલાં ઘાંટા પાડીને બીજા ઘોડારિયા વાસ્કાની તેમ જ ઘોડાંની ઉપર ફરમાનોની ઝડી વરસાવશે. અને ખરેખર, નેસ્તેરના ઘાંટા શરૂ થઈ ગયા.

"વાસ્કા!" તેણે સાદ પાડયો. "એય વાસ્કા! ઘોડીઓને છોડી દીધી કે નહિ? ક્યાં મરી ગયો, ખવીસ! ઊંઘે છે કે શું? ઝાંપો ખોલી નાખ! પહેલાં ઘોડીઓને બહાર કાઢ!" અને એવાં જ બીજાં ફરમાનો તેણે છોડયાં.

ઝાંપો કિચૂડ કિચૂડ ચિત્કાર કરી ઊઠયો. ખિજાયેલો ને ઊંઘટિયો વાસ્કા એક ઘોડાની લગામ પકડીને ઝાંપા નજીક ઊભો ઊભો બાકીનાં ઘોડાંને બહાર તગેડી રહ્યો હતો. ઘોડાં ખડ ઉપર સાવચેતીથી પગ માંડતાં અને નસકોરાં ફૂલાવીને સૂંઘતાં એક પછી એક બહાર નીકળવા લાગ્યાં. વછેરીઓ, વછેરા, વરસદિવસનાં થનગનતાં ઘોડાં, અને મોટા પેટની ફિકરમાં કાળજીથી કદમ માંડતી ગાભણી ઘોડીઓની એકેકની કતાર વહેતી થઈ ગઈ. તેઓની પાછળ બબ્બે ને ત્રણ ત્રણની કતારમાં ઘસારાબંધ જતી જુવાન ઘોડીઓ એકબીજીની પૂંઠે માથાં ભટકાવતી હતી અને ઉતાવળમાં ઠેસ ખાઈ જતી હતી. ઘોડારિયાઓ તેઓને ગાળો ભાંડી રહ્યા હતા. ધાવણાં વછેરાં અજાણી ઘોડીઓના પગમાં અટવાઈ રહ્યાં હતાં અને જાણે મોટાં ઘોડાંની હણહણાટીનો હોંકારો દેતાં હોય એમ તીણી હણહણાટી કરી રહ્યાં હતાં.

એક રંગીલી જુવાન ઘોડી ઝાંપાની બહાર નીકળતાંવેંત માથું ઉપરનીચે હલાવવા, પાછલા પગ ઊંચા કરવા, અને

હળવી હણહણાટી કરવા લાગી, પરંતુ દોડીને ઘરડી ટપકાંદાર ઝુલદિબાની આગળ નીકળી જવાની હિંમત તેનાથી ન થઈ. ઝુલદિબા પોતાનું મોટું પેટ આમતેમ ઝુલાવતી હંમેશની જેમ ધીરી, ભારે, અને ગંભીર ચાલે બધાં ઘોડાંને મોખરે ચાલી રહી હતી.

ખીચોખીચ ભરેલી ને ધમધમતી ઘોડાર થોડી વારમાં સાવ ખાલી થઈ ગઈ. છાપરીઓની થાંભલીઓ ઉપર જાણે ગમગીની અને એકલતા છવાઈ ગઈ. ઘોડાંના પગ નીચે કચરાઈને ભળી ગયેલાં ખડ તથા લાદના ખડકલા સિવાય બીજું કશું ઘોડારમાં નજરે પડતું નહોતું. કાબરચીતરો ખસીઘોડો એવા દેખાવથી ટેવાયેલો હોવા છતાં જાણે હતાશ થઈ ગયો. કોઈને દુવાસલામ કરતો હોય એમ તેણે માથું ઉપરનીચે હલાવ્યું, પટ્ટો કસીને બાંધેલી હાલતમાં બની શકે એટલો ઊંડો શ્વાસ લીધો, અને સુકલકડી પીઠે ઘરડા નેસ્તેરનો ભાર વેંઢારતાં, પોતાના વાંકા અક્કડ ટાંટિયા ઘસીને ટોળાની પાછળ પાછળ ચાલવાનું શરૂ કર્યું.

"સડકે પહોંચતાંવેંત બુઢ્ઢો પિત્તળની પટ્ટી જડેલી ને સાંકળીવાળી પુરાણી હોકલી દીવાસળી ચાંપીને સળગાવશે અને ધુમાડા કાઢવા લાગશે," ઘોડો વિચારવા લાગ્યો. "પણ મને તો ખુશી છે. સવારના પહોરમાં હોકલીની ખુશબો માણવા મળે છે. તમાકુની વાસથી મને ઘણી મઝાની યાદો તાજી થઈ જાય છે. મને તો ફક્ત એક જ વાંધો છે — બુઢ્ઢો હોકલી દાંત વચ્ચે દબાવે કે તરત જ એને ફાંકો આવી જાય છે, એ પાતાને મોટો માંધાતા સમજી બેસે છે, અને જીનમાં એક તરફ નમી જાય છે. વળી મને જ્યાં દુખે છે એ તરફ જ નમે છે. પણ ભલે નમતો. બીજાની મોજ ખાતર

મારે દુ:ખ વેઠવાનું આ કંઈ પહેલી વારનું નથી. મને તો એમાં ઘોડાને થાય એવો એક જાતનો સંતોષ પણ થાય છે. બિચારો ભલે ફાંફાં રાખે, એકલો હોય અને કોઈ જોતું ન હોય ત્યારે જ એમ કરે છે. એને મઝા પડતી હોય તો ભલે એક તરફ નમીને બેસે." કમજોર ટાંટિયા વડે કાળજીથી કદમ માંડીને સડકની વચ્ચોવચ ચાલતા ઘોડાના મનમાં એવા વિચારો ઊભરાઈ રહ્યા હતા.

૨

ઘોડાં નદીકિનારે ચરવાની જગ્યાએ પહોંચ્યાં એટલે નેસ્તેર નીચે ઊતર્યો અને તેણે જીન છોડીને ખસીઘોડાને છૂટો કર્યો. ઘોડાં ધીરે ધીરે ચરાણ તરફ જવા લાગ્યાં. હરિયાળા ઘાસ ઉપર ઝાકળનાં બિંદુ જામી ગયાં હતાં અને ધરતીમાંથી તેમ જ નદીના અર્ધ ગોળાકાર વહેણમાંથી ઊઠતું ધુમ્મસ છવાઈ ગયું હતું.

નેસ્તેરે ખસીઘોડાની લગામ કાઢી નાખીને તેને ગળે હાથ ફેરવ્યો. ઘોડાએ આંખો મીચીને જાણે ખુશી તથા અહેસાનની લાગણી જાહેર કરી. "ઘરડા ખચ્ચરને આવા લાડ ગમે છે!" નેસ્તેર ગણગણ્યો. પરંતુ ખસીઘોડાને નેસ્તેરની એવી હરકત જરાય નહોતી ગમતી. એ તો માત્ર લાગણીની નજાકતને ધ્યાનમાં લઈને ખુશીનો ખાલી ઢોંગ જ કરતો હતો અને નમતું મૂકીને માથું હલાવતો હતો. પરંતુ બુઢ્ઢા ઘોડારિયાએ અચાનક જ કશી ચેતવણી કે કશા કારણ વગર (વધારે પડતી લાગણી બતાવવાથી ઘોડાની નજરમાં પોતાનો મોભો ઘટી જવાની બીક નેસ્તેરને કદાચ લાગી હોય તો એ સિવાય) ઘોડાનું

માથું આઘું હડસેલી દીધું અને લગામ વીંઝીને ઘોડાના સુકલકડી પગ ઉપર બકલ વડે આકરો ફટકો ઝીંકી દીધો. પછી તે એક શબ્દ પણ બોલ્યા વગર નજીકના ટીંબા તરફ ચાલ્યો ગયો. તેની રોજની બેસવાની જગ્યા ટીંબા ઉપર થડિયા પાસે હતી.

એવા વર્તનથી ઘોડાને હેરત થયા વગર ન જ રહે, પરંતુ તેણે હેરતની કોઈ નિશાની જાહેર ન થવા દીધી. એ તો ખાલી ફરી જઈને દોરી જેવી પૂંછડી ધીરે ધીરે હલાવતો, હવા સૂંઘતો, અને દેખાવ પૂરતાં થોડાંક તરણાં તોડીને મોંમાં ચાવતો નદી તરફ જવા લાગ્યો. ચોમેર જુવાન ઘોડીઓ અને વરસદિવસનાં તેમ જ ધાવણાં વછેરાં ગેલમાં કૂદાકૂદ કરી રહ્યાં હતાં પણ તેણે એ તરફ મુદ્દલ ધ્યાન જ ન આપ્યું. તેને ખબર હતી કે તંદુરસ્તી જાળવી રાખવી હોય, ખાસ કરીને તેની ઉંમરે, તો નાસ્તો કરતાં પહેલાં ખાલી પેટે સારી પેઠે પાણી પી લેવું બહુ સારું. એટલે તેણે નદીકિનારે સૌથી વધારે ઢોળાવવાળી બહોળી જગ્યા ગોતી કાઢી, ખરીઓ તથા ગોઠણ પાણીમાં ઝબોળી દીધાં, અને વહેતા જળમાં ડાચું નાખીને ખરબચડા હોઠ વડે પાણી ચૂસવાનું શરૂ કરી દીધું. પાણી પીતો પીતો તે પડખાં ફુલાવતો હતો અને કોરી પૂંઠ નજીક દૂબળી પડી ગયેલી કાબરચીતરી પૂંછડી હલાવતો હતો.

ખસીઘોડાને હંમેશાં ચીડવતી ને પરેશાન કરી નાખતી એક મસ્તીખોર બદામી ઘોડી જાણે કામસર આવતી હોય એવી અદાથી પણ હકીકતમાં તો પાણી ડહોળી નાખવાની મેલી મુરાદે પાણીમાં ચાલતી તેની તરફ આવવા લાગી. પરંતુ ત્યાં સુધીમાં ખસીઘોડાએ પેટ ભરીને પાણી પી લીધું

હતું. એટલે ઘોડીની મેલી મુરાદની જાણે મુદ્લ ખબર જ ન હોય એવી રીતે તેણે પોતાના પગ એક પછી એક કાદવમાંથી બહાર ખેંચી કાઢ્યા, અને નાનેરાં ઘોડાંથી સલામત અંતરે જઈને નાસ્તો શરૂ કર્યો. તે લગાતાર ત્રણ કલાક ચરતો રહ્યો. તેણે પગ કઢંગી રીતે પહોળા ફેલાવી દીધા હતા જેથી ઓછામાં ઓછું ઘાસ પગ તળે ચંપાઈને બગડે, અને પૂરા ત્રણ કલાક દરમિયાન તેણે માથું ભાગ્યે જ ક્યારેય ઊંચું કર્યું હશે. તેણે એટલું બધું ખાઈ લીધું કે ચામડીમાં ઊપસી આવેલી પાતળી પાંસળીઓની નીચે તેનું પેટ જાણે ઠાંસી ઠાંસીને ભરેલી ગૂણીની જેમ લટકવા લાગ્યું. પેટપૂજા પતી ગઈ એટલે ચારેય દુખતા પગને ઓછામાં ઓછી તકલીફ થાય એવી રીતે, ખાસ કરીને તો સૌથી કમજોર જમણા આગલા પગને ઓછામાં ઓછી પીડા થાય એવી રીતે, સંતુલનમાં ગોઠવીને તે ઊંઘી ગયો.

વૃધ્ધાવસ્થા ક્યારેક શાહી ઓજસ ધરાવતી હોય છે, ક્યારેક ધૃણાજનક હોય છે, ક્યારેક દયાજનક હોય છે. ક્યારેક તે એકીવખતે શાહી ઓજસ ધરાવતી તેમ જ ધૃણાજનક હોય છે. કાબરચીતરા ખસીઘોડાની વૃધ્ધાવસ્થા એવા પ્રકારની હતી.

તેની કાયા કદાવર હતી—ઓછામાં ઓછી સાડા પાંચ ફૂટ ઊંચી. તેના લગભગ કાળા અંગમાં ક્યાંક ક્યાંક દૂધિયા ધબ્બા હતા—એટલે એમ કે ક્યારેક દૂધિયા હશે પણ હવે તો એ મેલા બદામી રંગના દેખાતા હતા. એવા ધબ્બા બધા મળીને ત્રણ હતા. પહેલો ધબ્બો નાકની એક બાજુએથી શરૂ થઈને ત્રાંસો ઉપર જતો માથાને તથા અરધી ગરદનને આવરી લેતો હતો. તેની લાંબી બરછટ કેશવાળી ક્યાંક સફેદ અને ક્યાંક બદામી હતી. બીજો ધબ્બો તેના જમણા પડખા



ઉપર અને અરધા પેટ ઉપર ફેલાયેલો હતો. અને ત્રીજો ધબ્બો ઢગરાંથી શરૂ થઈને બેઉ જાંઘને તેમ જ પૂંછડીના ઉપલા ભાગને આવરી લેતો હતો. પૂંછડીનો બાકીનો ભાગ ધોળાશ પડતો રંગબેરંગી હતો. તેની સૂકી ગરદન જાણે લાકડામાંથી કોતરીને બનાવેલી હોય એવી દેખાતી હતી અને તેને છેડે ખાલી હાડચામનું ભારે માથું લટકી રહ્યું હતું. તેની આંખો ફરતા ઊંડા ખાડા પડી ગયા હતા અને કશાક બખેડાતાં ફાટી ગયેલો નીચલો હોઠ લબડી રહ્યો હતો. તેનો એક કાન ચિરાઈ ગયેલો હતો અને બેઉ કાન મોટે ભાગે ઢીલા લબડતા જ રહેતા, પરંતુ ક્યારેક લગાતાર ચોંટી રહેતી કોઈ માખીને ઉડાડવા તે કાન ફરકાવતો. તેના માથાના બચી ગયેલા થોડાક વાળ એક કાનની પાછળ લટકી રહ્યા હતા. સુકાઈ ગયેલા કોરા કપાળમાં કરચલીઓ પડી ગઈ હતી. ગળા નીચેની ચામડી ખાલી કોથળીઓની જેમ લટકી રહી હતી. તેના માથાની તથા ગરદનની નસોમાં ગાંઠો પડી ગઈ હતી, અને માખી જરાક અડે તો યે નસો ફરકી ઊઠતી. તેના ચહેરા ઉપર કડક ગંભીરતા, ગહનતા, અને કાયમી પીડાના ભાવ છવાયેલા રહેતા. તેના આગલા પગ ગોઠણેથી વળી ગયેલા હતા, બેઉ પગની ખરીઓ સૂજી ગયેલી હતી, કાબરચીતરા જમણા પગના ગોઠણ નજીક મુઠ્ઠી જેવડું ગૂમડું હતું. તેના પાછલા પગની હાલત બહેતર હતી, પણ જાંઘ ઉપરની રુવાંટી એક વાર ઘસાઈ ગયા પછી ફરી વાર ઊગી જ નહોતી. તેની સુકલકડી કાયામાં પગ જાણે વધારે પડતા લાંબા લાગતા હતા. તેની પાંસળીઓ સરખી ગોળ તો હતી, પરંતુ એટલી છતી ને ઊપસી ગયેલી હતી કે ચામડી જાણે વચ્ચેનાં પોલાણોને સખત ચોંટી ગઈ હોય એમ લાગતું હતું. તેની ખાંધ અને

પીઠ ઉપર અનેક વાર પડેલા મારની નિશાનીઓ હતી અને પૂંઠે પડેલો તાજો જખમ પાકી ગયો હોવાથી ત્યાં સોજો ચડી ગયો હતો. ઊપસેલી કરોડને છેડે પૂંછડીનો શરૂઆતનો કાળો ભાગ લગભગ વાળ વગરનો હતો અને ઢીલો લટકી રહ્યો હતો. પૂંછડી નજીક ઢગરાંમાં હાથ જેવડો મોટો જખમ હતો (કદાચ કોઈ જીવડું કરડયું હશે) અને તેમાંથી સફેદ વાળ બહાર નીકળી રહ્યા હતા. તેની ખાંધ ઉપર પણ એક ગૂમડું હતું. અતિસારના રોગને લીધે તેના પાછલા પગના ગોઠણ તથા પૂંછડી ઉપર મળના થર બાઝી ગયેલા હતા. તેની ખાલના જાડા ટૂંકા વાળ કાંટા જેવા હતા. પરંતુ ખસીઘોડાની એવી ઘૃણાજનક જરાગ્રસ્ત હાલત છતાં તેને જોઈને ખ્યાલ આવવાનો જ અને કોઈ નિષ્ણાત ચોક્કસ કહેવાનો જ કે તેની જુવાનીના જમાનામાં તે ખરેખર સરસ ઘોડો રહ્યો હશે.

નિષ્ણાત ખરેખર કહેવાનો કે રશિયામાં ફક્ત એક જ જાતના ઘોડાને આવાં લક્ષણો હોય—પહોળાં હાડકાં, મોટા ગોઠણ, મઝાની ખરીઓ, પાતળા પગ, ઘાટીલી ગરદન, બધી બાબતોમાં તાજ સમું દેખાવડું માથું, મોટી મોટી કાળી તેજ વેરતી આંખો, મોં અને ગરદનની નસોની રજવાડી ગાંઠો, અને મુલાયમ ખાલ તથા વાળ. ઘૃણાજનક જરાવસ્થા (કાબરચીતરા રંગને લીધે વધારે સાફ તરી આવતી) અને જેઓ પોતાની શકિત અને સુંદરતા અંગે સભાન હોય તેઓના દેખાવ તથા આચરણમાં લાક્ષણિક રીતે છલકાતા પ્રશાંત આત્મવિશ્વાસના ભયાનક મિશ્રણની હાલતમાં પણ ઘોડાની અદામાં કશુંક શાહી જરૂર હતું.

ઝાકળભીના ચરાણમાં ઘોડો સજીવ ખંડેરની જેમ અટૂલો ખડો હતો. ટોળાનાં ઘોડાં છૂટાંછવાયાં વીખરાઈને નજીકમાં

ચરી રહ્યાં હતાં. તેઓની દોડાદોડી, ખોંખારા, હણહણાટી, અને જુવાનીના તરવરાટથી છલકાતાં મસ્તી તોફાનનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

૩

આકાશમાં સૂર્ય વનરાજીથી ઊંચે પહોંચી ગયો હતો અને ચરાણમાં તેમ જ નદીના વળાંક ઉપર ચળકતો પ્રકાશ રેલાવી રહ્યો હતો. સુકાતી ઝાકળનાં નાનકડાં બિંદુઓ તરણાંને બાઝેલાં નજરે પડતાં હતાં અને વિલાતું ધુમ્મસ દલદલ તથા વનની ઉપર ક્યાંક ક્યાંક આછા ધુમાડા જેવું ફેલાયેલું હતું. આસમાનમાં વાદળોનાં ઝુંડ ઘેરાઈ રહ્યાં હતાં પરંતુ પવનનું નામનિશાન નહોતું. નદીને સામે કિનારે ખેતરોમાં અનાજના પાકનાં નળીઓ જેવાં ટૂંકાં લીલાં સરોડાં ખડાં હતાં. હરિયાળી તથા ફૂલની ખુશબો હવામાં ભળેલી હતી. વનમાંથી કોયલનો ટહુકાર સંભળાયો. ટીંબા ઉપર ચત્તો સૂઈને આરામ કરતો નેસ્તેર જિંદગીનાં બાકી બચતાં વરસોની ગણતરી કરી રહ્યો હતો. ખેતરો અને ચરાણોની ઉપર લાવરીઓ ઊડી રહી હતી. મોડું પડેલું એક સસલું ઘોડાંના ટોળામાં અટવાઈ ગયું અને જોખમ અંગે સાવચેત બની જતાં દોડીને સલામત અંતરે એક છોડવા હેઠળ બેસી ગયું. વાસ્કા માથું ઘાસમાં દબાવીને ઘોરવા લાગ્યો. ઘોડીઓ તેની ફરતે મોટા ચકરાવા લેતી ઢોળાવના નીચલા ભાગમાં વીખરાઈ ગઈ. મોટી ઘોડીઓ છીંકોટા કરતી ઝાકળભીના ઘાસમાં પગલાંનાં સાફ નિશાન પાડતી કોઈની ખલેલ વગર નિરાંતે ચરવાની જગ્યા ગોતીને તાજું લહેજતદાર ઘાસ ચાવવા લાગી. આખું ટોળું ખબર

ન પડે એવી રીતે એક જ દિશામાં જઈ રહ્યું હતું. અને ફરી મોભાદાર જઈફ ઝુલદિબા મોખરે ચાલતી બીજાં ઘોડાંને માર્ગ બતાવી રહી હતી. જુવાન મુશ્કા તેના પહેલા વેતરના નાનકડા જાંબુડિયા વછેરાની સામે ગેલમાં પૂંછડી ઊંચી કરી રહી હતી, ખુશાલ હણહણાટી કરી રહી હતી, અને છીંકોટા મારી રહી હતી. વછેરો થરથરતા પગે ડગલાં ભરતો વારંવાર જઈને માને વળગતો હતો. બદામી 'ચકલી' હજી કુંવારી હતી. તેની ખાલ સાટીન જેવી મુલાયમ ને ચળકતી હતી. તે માથું નીચે નમાવીને ઘાસમાં રમત કરવા લાગતી ત્યારે તેના કપાળના કાળા રેશમ જેવા વાળ તેનાં ભવાં તથા આંખો ઉપર ફેલાઈ જતા. તે બટકું ભરીને ઘાસ તોડી લેતી, હવામાં ઉછાળી દેતી, અને પાછું પડવા લાગે ત્યારે તેને ઝાકળભીના પગ વડે ઠોકર મારતી. એક મોટો વછેરો તેના ખ્યાલ મુજબ બેશક રમતમાં જ દોડતો દોડતો મા ફરતે છત્રીસ ચકરાવા લઈ ચૂક્યો હતો. પરંતુ દીકરાની ટેવો જાણતી મા નિરાંતે ઘાસ ચરતી ચરતી કાળી મોટી આંખો વડે ફક્ત ક્યારેક ક્યારેક જ દીકરાની ઉપર નજર નાખી લેતી હતી. એક સાવ નાનો કાળો વછેરો કાન ઊંચા કરીને અને રમતિયાળ વછેરાની ઉપર નજર ઠેરવીને ઊભો હતો. તેની આંખોમાં ઈર્ષ્યાના ભાવ હતા કે નાપસંદગીના એ કહેવું મુશ્કેલ છે. તેના મોટા માથાના વાળ બેઉ કાનની વચ્ચે ખડા થઈ ગયા હતા. એથી તે જાણે આભો બની ગયો હોય એવો લાગતો હતો. તેની પૂંછડી ગર્ભાશયમાં રહી હશે એવી રીતે એક તરફ વળેલી હતી. કેટલાંક નાનકડાં વછેરાં માના પેટમાં અધીરાઈથી મોં મારતાં આંચળ ગોતી રહ્યાં હતાં. બીજાં કેટલાંક ઝડપી કઢંગા ઠેકડા મારતાં માના સાદને ઉથાપીને બરાબર ઊલટી દિશામાં દોડી

રહ્યાં હતાં, જાણે કેમ કશુંક ગોતવા જઈ રહ્યાં હોય. પછી તેઓ કશા કારણ વગર અચાનક ઊભાં રહી જઈને તીણી ચીસો પાડવા લાગતાં. વળી કેટલાંક જમીન પર આળોટી રહ્યાં હતાં, દાંત વડે ઘાસ તોડતાં શીખી રહ્યાં હતાં, અથવા પાછલા પગ વડે કાનની પાછળ ખજવાળી રહ્યાં હતાં. બે ગાભણી ઘોડીઓ બીજાં ઘોડાંથી અળગી તરી જઈને મુશ્કેલીથી ડગલાં ભરતી ધીરે ધીરે કૂણું ઘાસ ચરી રહી હતી. તેઓની હાલત પ્રત્યે બાકીનાં ઘોડાંની અંદરની લાગણી સાફ વરતાઈ આવતી હતી. કોઈ પણ વછેરો નજીક જઈને તેઓને ખલેલ પહોંચાડવાની હિંમત નહોતો કરતો. કોઈ મોજીલું વછેરું તેઓની નજીક પહોંચી જાય તો તેને અજુગતા વર્તનનું ભાન કરાવવા માટે કાન કે પુંછડી જરાક ફરકાવવાનું પૂરતું થઈ પડતું.

વરસદિવસના વછેરા અને ઊગતી વછેરીઓ પોતે મોટાં થઈ ગયાં હોવાનો ડોળ કરી રહ્યાં હતાં. તેઓ ભાગ્યે જ ઠેકડા મારતાં કે મોજીલાં નાનકડાં બચ્ચાં ભેગાં ભળતાં. વાળ કાતરી નાખેલા હોવાથી હંસલાની ડોક જેવી દેખાતી ગરદન નીચે નમાવીને ભારેખમ અદાથી ચરતાં ચરતાં તેઓ નાનકડી સાવરણી જેવી પૂંછડી હલાવીને જાણે જાહેર કરી રહ્યાં હતાં કે અમને પણ મોટાં ઘોડાં જેવી પૂંછડી છે. મોટેરાં ઘોડાંની જેમ તેઓ પણ ક્યારેક જમીન ઉપર આળોટવા અથવા એકબીજાની પીઠ ખજવાળવા લાગતાં. બે અને ત્રણ વરસની વછેરીઓ તથા હજી અક્ષતયોની રહી ગયેલી જુવાન ઘોડીઓ સૌથી વધારે ગેલ કરી રહી હતી. તેઓ લગભગ હંમેશાં થનગનતી કુંવારિકાઓનું અલગ જૂથ રચીને પગ પછાડતી રહેતી અને છીંકોટા તથા હણહણાટી કરતી રહેતી. તેઓ

ભેગી થઈ જતી, એકબીજીને કંધે માથું મૂકતી, એકબીજીને સૂંઘવા લાગતી, ઠેકડા મારતી, અને ક્યારેક છીંકોટા કરીને તથા પૂંછડી હલાવીને અરધી દોડતી અરધી ચાલતી પરસ્પર લટકાળું પ્રદર્શન કરતી રહેતી.

એવી મોજીલી જુવાન ઘોડીઓમાં બદામી ઘોડી સૌથી રૂપકડી ને તોફાની હતી. તે જેમ કરે એમ જ બાકીની બધી કરતી. રૂપાળી જુવાન ઘોડીઓનું આખું ટોળું તેને પગલે પગલે ભમતું રહેતું. આજે સવારે તે રોજ કરતાં વધારે ખુશમિજાજમાં હતી. તે ઇન્સાનોની જેમ જ અણધારી ખુશમિજાજી બની ગઈ હતી. નદીકાંઠે ઘરડા ખસીઘોડાની જોડે ટીખળ કરીને તે દોડતી છેક પાણી પાસે પહોંચી ગઈ અને જાણે કશાકથી બી ગઈ હોય એમ છીંકોટા કરતી પૂરઝડપે ચરાણમાં ભાગી ગઈ. તેની પાછળ પાછળ તેની સખીઓનું ટોળું પણ એ તરફ દોડી ગયું. બિચારા વાસ્કાને દોટ મૂકીને ત્યાં જવું પડ્યું. થોડુંક ઘાસ ચરીને તે જમીન પર આળોટવા લાગી, પછી ઘરડી ઘોડીઓને ચીડવવા છેક તેઓનાં મોઢાં નજીક દોડાદોડી કરવા લાગી, અને તે પછી એક વછેરાને તેની મા પાસેથી નસાડીને જાણે તેને કરડવા માગતી હોય તેમ તેની પાછળ દોડવા લાગી. મા દહેશત ખાઈ ગઈ અને વછેરો ઢીલી હણહણાટી કરીને કરગરવા લાગ્યો. બદામી ઘોડી વછેરાને જરાસરખી અડી પણ નહિ. તેનો ઇરાદો તો સખીઓની મોજ ખાતર વછેરાને કેવળ ડરાવવાનો જ હતો, અને સખીઓ પણ લહેરથી તમાશો જોઈ રહી હતી. પછી બદામી ઘોડીના મનમાં એક મઝાનો ખ્યાલ ઝબકી ગયો. નદીને સામે કાંઠે દૂર એક ખેતરમાં કોઈ ખેડૂત હળે રાખોડી ઘોડો જોડીને જમીન ખેડી રહ્યો હતો. બદામી ઘોડીને થયું કે હળના ઘોડાનું

માથું બહેકાવી દઉં. તે ઊભી રહી ગઈ અને અભિમાનથી માથું ઉછાળીને તથા અંગો ફરકાવીને તેણે મીઠી વહાલભરી લાંબી હણહણાટી કરી. તેમાં જાણે જોમ તથા લાગણી અને અમુક અંશે ગમગીની ભરેલી હતી. વળી તેમાં વાસના, કામકેલીનું વચન, અને રતિવિલાસના તલસાટનો રણકાર પણ હતો.

સરોડાંમાં ક્યાંક કોઈ ચકલો ઠેકડા મારતો કામાતુર સાદ પાડીને ચકલીને બોલાવી રહ્યો હતો, કોયલ અને લાવરી પ્રેમનાં ગીત ગાઈ રહી હતી, ફૂલો પણ એકબીજાને મધુર વાસભરી ધૂળ પવન મારફત પાઠવી રહ્યાં હતાં.

"હું જુવાન છું, રૂપાળી છું, જોરાવર છું," બદામી ઘોડી જાણે હણહણીને સંદેશો પાઠવી રહી હતી. "પણ હજી મને પ્રેમની મધુરતા માણવાની છૂટ નથી મળી—એટલું જ નહિ, કોઈ આશકની નજર, એક પણ આશકની નજર, હજી સુધી મારી ઉપર પડી જ નથી."

તેની હણહણાટીના ગમગીન અને તારુણ્યસભર પડઘા ઢોળાવ ઉપરથી વહેતા ખેતરોમાં ફેલાઈ ગયા અને દૂર હળ ખેંચતા રાખોડી ઘોડાને કાને પડ્યા. તે કાન સરવા કરતો ઊભો રહી ગયો. ખેડૂતે તેને કાથાના પગરખા વડે લાત લગાવી, પણ રૂપેરી ઘંટડી જેવા રણકારથી રાખોડી ઘોડો એટલો બધો મોહિત થઈ ગયો હતો કે નિશ્ચલ ઊભો રહીને વળતો હણહણાટ કરવા લાગ્યો. ખેડૂતે ખીજે ભરાઈને લગામ ખેંચી અને તેના પેટમાં બીજી લાત એટલા જોરથી લગાવી કે તેનો હણહણાટ અરધેથી જ રૂંધાઈ ગયો અને તે આગળ ડગલાં ભરવા લાગ્યો. પરંતુ રાખોડી ઘોડાના મનમાં મધુર ગમગીની છવાઈ ગઈ. તેના કામાતુર હણહણાટનો તેમ જ

ખેડૂતનાં ખીજભર્યાં વેણનો અવાજ દૂરના ખેતરમાંથી હવામાં તરતો નદીને બીજે કાંઠે ઘોડાંના ટોળામાં પહોંચી ગયો.

ઘોડીનો કેવળ અવાજ જ સાંભળીને રાખોડી ઘોડો એટલો બધો મુગ્ધ થઈને ફરજ ભૂલી ગયો તો તેનું પૂરું રૂપ—કાન ઊંચા કરીને, ગરદન આગળ લંબાવીને, નસકોરાં પહોળાં કરીને, ઊંડા શ્વાસ લઈને, જુવાન મનોહર કાયાનું દરેક દરેક અંગ ફરકાવીને, લલકાર કરતી ઘોડીને—નજરે જોઈને તેની હાલત કેવી થઈ ગઈ હોત!

પરંતુ ઘોડી ઝાઝી વાર લાગણીવશ ન રહી. તેના લલકારના હોંકારાનો અવાજ શમી ગયો એટલે તે ફરી વાર હણહણાટી કરીને ગરદન નીચે નમાવતી ખરી વડે જમીન ખોતરવા લાગી, અને પછી કાબરચીતરા ખસીઘોડાની ઠેકડી કરીને તેને ચીડવવાને ઈરાદે તેની તરફ દોડી ગઈ. બિચારો ખસીઘોડો જુવાન ઘોડાંની મજાકમશ્કરીનો ભોગ સતત બનતો રહેતો અને ઈન્સાનોના જુલમ કરતાં જુવાન ઘોડાંનો જુલમ તેને વધારે વેઠવો પડતો.

પરંતુ તેણે બેમાંથી કોઈને કદી હાનિ નહોતી પહોંચાડી. ઈન્સાનોને તો હજી તેની જરૂર હતી, પણ જુવાન વછેરાં તેની ઉપર આટલો બધો જુલમ શીદ વરસાવતાં હશે!

૪

તે ઘરડો હતો, વછેરાં જુવાન હતાં. તે સુકલકડી હતો, તેઓ ચપળ હતાં. તે ગમગીન હતો, તેઓ મોજીલાં હતાં. ટૂંકમાં તે વિચિત્ર, પરાયું, તદ્દન નિરાળું પ્રાણી હતો, અને એટલે તેની દયા ખાવાની જરાય જરૂર નહોતી. ઘોડાં માત્ર

પોતાની જ દયા ખાય. તેમાં અપવાદ ભાગ્યે જ કરવામાં આવે, પોતાના ખ્યાલ મુજબ જેને પોતાનાં જેવાં જ ગણવામાં આવતાં હોય તેઓની બાબતમાં જ અપવાદ કરવામાં આવે. પરંતુ કાબરચીતરો ખસીઘોડો ઘરડો ને સુકલકડી ને કદરૂપો હતો એમાં તેનો વાંક તો ન જ ગણાય ને! આપણી નજરમાં તેનો વાંક ન ગણાય. પરંતુ બીજાં ઘોડાંની નજરમાં વાંક તેનો જ હતો કારણ કે જેઓ જુવાન ને જોરાવર ને સુખી હોય, જેઓની જિંદગીમાં બધું માણવા જાણવાનું હજુ બાકી હોય, અને જરાસરખી ઉશ્કેરણી થતાં જેઓનાં અંગો ફરકવા લાગતાં હોય તથા પૂંછડી અક્કડ સીધી થઈ જતી હોય તેઓ જ બેકસૂર ગણાય. કાબરચીતરો ખસીઘોડો કદાચ એ બધું સમજતો હતો અને બહેતર સમજદારીની ઘડીઓમાં એકરાર કરી લેતો કે જિંદગી જીવી લેવામાં વાંક તેનો પોતાનો જ છે, અને તે સજા ભોગવવા પણ તૈયાર થઈ જતો હતો. પરંતુ તે આખર તો ખસીઘોડો જ હતો, અને આ બધાં જુવાન ઘોડાં જિંદગીના આખરી દિવસોમાં જેવો અંજામ ભોગવવાનાં હતાં એવી જ હાલત બદલ તેની ઉપર જેવો જુલમ વરસાવી રહ્યાં હતાં એ જોઈને તે ગ્લાનિ, રીસ, તથા મદુનઃખની લાગણી ખાળી ન શક્યો. ઘોડાંની નિષ્ઠુરતાની પાછળ અમીરઉમરાવ જેવી લાગણી હતી. દરેકની વંશાવળી સુખ્યાત સ્મેતાન્કા સુધી પહોંચી જતી હતી, પરંતુ કોઈને ખબર નહોતી કે ઘરડા કાબરચીતરાના પૂર્વજો કોણ હતા. તેને તો ત્રણ વરસ પહેલાં મેળામાં એંશી રૂબલની કિંમતે ખરીદવામાં આવ્યો હતો.

બદામી ઘોડીએ તદ્દન બેતમા અદાથી તેની પાસે જઈને તેને ધક્કો માર્યો. કાબરચીતરાને એથી બહેતર વર્તનની ધારણા

નહોતી. તેણે આંખો પણ ઉઘાડયા વગર કાન ઢીલા કરી નાખ્યા અને દાંત કકડાવ્યા. ઘોડી પૂંઠ તેની તરફ ફેરવીને જાણે લાત ઝીંકવાની હોય એવી રીતે ઊભી રહી. કાબરચીતરો આંખો ઉઘાડીને આઘો ખસી ગયો. તેની ઊંઘ ઊડી ગઈ અને તેણે ધીરે ધીરે ઘાસ ચરવાનું શરૂ કરી દીધું. બદામી ઘોડી અને તેની સખીઓ લહેરથી કદમ માંડતી તેની પાસે ગઈ. બદામી ઘોડીને હંમેશાં ડોળા ફાડીને વખાણની નજરે જોતી રહેતી કોરા માથાવાળી બે વરસની એક મૂરખી વછેરી પણ ભેગી હતી. તમામ નકલચીઓની જેમ જ તેણે પણ નકલમાં મૂળ નમૂનાને ટપી જાય એવું કામ કર્યું. બદામી ઘોડી તો જાણે પોતાના કશાક કામે જતી હોય એવી રીતે કાબરચીતરાની પાસે પહોંચી જતી અને તેની ઉપર નજર પણ નાખ્યા વગર સવ તેના મોં સામેથી નીકળી જતી. કાબરચીતરાને સમજાતું જ નહિ કે ખિજાવું યા નહિ. એથી આખો કિસ્સો ખૂબ રમૂજી બની જતો. તેણે આ વખતે પણ એમ જ કર્યું. પરંતુ બહુ ગેલમાં આવી ગયેલી તેની નકલચી સખીએ પોતાનું ટાલિયું માથું ખસીઘોડાની છાતીમાં પૂરા જોરથી માર્યું. કાબરચીતરાએ વળી દાંત કકડાવ્યા, રાડ પાડી, અને—તેની બાબતમાં ભાગ્યે જ ધારણા કરી શકાય એવી ખીજ બતાવતાં તેણે ઘોડીની પાછળ દોડીને તેના પડખામાં બટકું ભરી લીધું. ટાલદાર વછેરીએ પોતાની પૂંઠ તેની ઉપર ઝીંકી દીધી અને તેની કોરી પાંસળીઓ ઉપર પીડાકારી ફટકો લગાવ્યો. ઘરડા ઘોડાએ છીંકોટો કર્યો અને ઘોડીની પાછળ ધસી જવા જાણે કમ્મર કસી, પરંતુ પછી એવો ખ્યાલ પડતો મૂકીને તે ઊંડો નિસાસો નાખતો આઘો તરી ગયો.

ટાલદાર વછેરીની ઉપર ખસીઘોડાએ કરેલા ઉદ્દંડ હુમલાનું વેર વાળવાનો પાકો નિર્ધાર ટોળાના તમામ જુવાન ઘોડાંએ કરી લીધો હશે કારણ કે ત્યાર બાદ બાકીના દિવસ દરમિયાન તેઓએ કાબરચીતરાને સતત હેરાન કરીને નિરાંતે ઘાસ ચરવાનો મોકો જ ન આપ્યો. ઘોડારિયાએ કેટલીય વાર તેઓને આઘાં તગેડી મૂક્યાં. તેને જુવાન ઘોડાંનું વર્તન મુદ્દલ સમજાયું જ નહિ. ખસીઘોડાને એટલું ભયંકર માઠું લાગી ગયું કે ટોળાને પાછું ઘોડારમાં હાંકી જવાનો વખત થયો ત્યારે તે પોતે જ નેસ્તેર પાસે પહોંચી ગયો. અને તેને જીન બાંધવામાં આવ્યું તથા ઘોડારિયો તેની ઉપર સવાર થઈ ગયો ત્યારે તેને બહુ જ નિરાંત તથા સલામતીની લાગણી થઈ.

કોણ કહી શકે કે બુઢ્ઢા ઘોડારિયાને પીઠ ઉપર બેસાડીને ઘેર લઈ જતી વેળા કાબરચીતરાના મનમાં કેવા ખ્યાલો ઉભરાયા હશે? કદાચ તે જુવાનીની નિષ્ઠુરતા અંગે ખિન્ન ભાવે બળાપો કરતો રહ્યો હશે. અથવા કદાચ તેણે ગલઢેરાંની ગર્વીલી ને અબોલ નફરતના ભાવે કસૂરવાર ઘોડાંને માફી બક્ષી દીધી હશે. તેના મનમાં જે કંઈ ખ્યાલો ઘોળાતા રહ્યા હોય એ બધા તેણે ઘોડારમાં પહોંચતાં સુધી મનમાં જ દબાવી રાખ્યા.

તે દિવસે સાંજે કેટલાક પાડોશીઓ નેસ્તેરને મળવા આવેલા. હવેલીના નોકરચાકરોનાં ઝૂંપડાં પાસેથી ઘોડાંને હાંકી જતી વેળા તેણે પોતાના ઝૂંપડાની થાંભલીએ એક ઘોડો ને એક ગાડું બાંધેલાં જોયાં હતાં. તેને ઘેર પહોંચી જવાની એટલી બધી ઉતાવળ હતી કે ટોળું ઘોડારમાં દાખલ થયું એટલે તરત જ તેણે ખસીઘોડાને છૂટો મૂકી દીધો અને

ઘાંટો પાડીને વાસ્કાને તેનું જીન કાઢી લેવાનું ફરમાન કર્યું. પછી તે ઝાંપો બંધ કરીને દોસ્તોને મળવા ચાલ્યો ગયો.

તે રાતે ઘોડારમાં અસાધારણ ઘટના બની ગઈ. તેનું કારણ કદાચ એ હોય કે મેળામાં ખરીદવામાં આવેલા અને પોતાના બાપ કે મા અંગે કશી જાણ વગરના "ખસિયેલ ટાયડાએ" સ્મેતાન્કાની પ્રપૌત્રી ટાલદાર વછેરીનું અપમાન કર્યું હતું (અને એટલે આખા ટોળાની અમીરી લાગણીઓને દુભાવી હતી), અથવા કદાચ એ હોય કે ખસીઘોડાની પીઠે બાંધેલું ઊંચું જીન ઘોડેસવાર વગરનું ખાલી હોવાથી બીજાં ઘોડાંને તેનો દેખાવ અજબ લાગતો હતો. નાનામોટાં તમામ ઘોડાં દાંત પીસીને ખસીઘોડાની પાછળ દોડવા લાગ્યાં, તેને એક ખૂણેથી બીજે ખૂણે દોડાવવા લાગ્યાં, તેનાં પોલાં પડખાંમાં ખરીઓ ઠોકીને તેને મોટા ઊંહકારા ભરાવવા લાગ્યાં. આખરે ખસીઘોડાથી એવો જુલમ વધારે વાર સહન ન થયો એટલે તે ઘોડારની વચ્ચોવચ ઊભો રહી ગયો. તેના મોં ઉપર બેકૌવત ઘડપણના નપાણિયા રોષના ભાવ છવાઈ ગયા, પરંતુ તેનું સ્થાન તરત જ હતાશાના ભાવોએ લઈ લીધું. તેણે કાન ઢીલા કરી નાખીને અચાનક એવું કંઈક કર્યું કે જેથી તમામ ઘોડાં આભાં બનીને જાણે જમીન જોડે જડાઈ ગયાં. સૌથી મોટી ઘોડી વ્યાઝોપુરિખાએ ખસીઘોડાને સૂંઘીને ઊંડો નિસાસો નાખ્યો. ખસીઘોડાએ પણ ઊંડો નિસાસો નાખ્યો . . . .
. . . .

૫

ઘોડારમાં ચાંદની ફેલાઈ ગઈ હતી. ઊંચો ખસીઘોડો વચ્ચોવચ ઊભો હતો. તેની પીઠે ઊંચું જીન બાંધેલું હતું. બીજાં ઘોડાં તેની વાત સાંભળીને જાણે આભાં બની ગયાં હોય એમ અબોલ ને નિશ્ચલ તેની ફરતે ખડાં હતાં. અને તેઓ ખરેખર આભાં બની ગયાં હતાં.

કાબરચીતરાની કથની આવી હતી . . . . .
. . . .

પહેલી રાત

"હું મોહન-પહેલાનો અને રૂપકડી બાબાનો પુત્ર છું. મારી વંશાવળી મુજબ મારું નામ ખેડૂત-પહેલો છે પણ સૌ મને હંમેશાં ગજિયો કહીને બોલાવતા. લોકોએ મને એવું નામ મારાં મોટાં કદમને કારણે આપેલું. આખા રશિયામાં બીજું કોઈ એટલાં મોટાં કદમ નહોતું ભરી શકતું. મારી નસોમાં જેવું જાતવાન લોહી ફરતું રહે છે એવું જગતના બીજા કોઈ ઘોડાની નસોમાં નથી ફરતું. મેં આ વાત તમને કદી ન કહી હોત—શા માટે કહું? જેવી રીતે વ્યાઝોપુરિખા મને ન ઓળખી શકી એવી જ રીતે તમે પણ મને ન જ ઓળખી શક્યાં હોત. વ્યાઝોપુરિખા મારી જુવાનીના દિવસોમાં ખ્રેનોવોમાં મારી જોડે રહેતી હતી. એણે મને હજી હમણાં જ ઓળખ્યો છે. એની સાક્ષી વગર તમે મારી વાત માની જ ન હોત, અને મેં પણ મારી વાત તમને કદી કરી જ ન હોત. મને તમારાં જેવાં ઘોડાંની દયાની મુદ્દલ જરૂર નથી.

પણ તમે પરાણે મારી જીભેથી આ વાત કહેવડાવી છે. હા, હું એ જ ગજિયો છું કે જેને ઘોડાના કદરદાનો દરેક ઠેકાણે શોધી રહ્યા છે પણ ખોળી શકતા નથી, હું એ જ ગજિયો છું કે જેને જાગીરદાર ખુદ ઓળખતો હતો અને એણે પોતે જ ઘોડારમાંથી કાઢી મૂકો હતો કારણ કે એના પ્યારા ઘોડા હંસલાને મેં દોડમાં હરાવી દીધો હતો. . . . . .

. . . .

મારો જન્મ થયો ત્યારે મને ખબર નહોતી કે કાબરચીતરું કોને કહેવાય. હું તો મને ખાલી ઘોડો જ સમજતો હતો. મને યાદ છે કે મારા વાન અંગે પહેલી ટકોરો સાંભળીને મારી માને અને મને સખત અઘાત થયેલો.

મારો જન્મ રાતમાં થયો હશે કારણ કે સવાર સુધીમાં મારી માએ મારું બદન ચાટીને સાફ કરી નાખ્યું ત્યારે હું મારા પોતાના પગ પર ખડો થઈ ગયો હતો. એ વખતે મને જાણે કશીક ઈચ્છા થયેલી, અને બધું બહુ વિસ્મયકારક પણ તોયે બહુ સાદું સાદું લાગતું હતું. પરસાળ જેવા લાંબા ને હૂંફાળા અમારા તબેલાને જાળીવાળાં બારણાં જડેલાં હતાં અને તેની આરપાર અમે બધું જોઈ શકતાં.

માએ મારે માટે આંચળ આગળ ધર્યાં પણ હું તો હજી એટલો અબુધ હતો કે ક્યારેક ડોકું એના આગલા પગમાં ભરાવતો અને ક્યારેક ડાચું એની છાતીમાં ભટકાવતો. એકાએક જાળીની આરપાર નજર પડતાં મા મને હળવેથી બે પગની વચ્ચે કરીને પાછળ ખસી ગઈ. તે દિવસની પાળીનો રાવત જાળીની પારથી અમને તાકી રહ્યો હતો.

"'બાબા રાતમાં વિયાણી છે.' એ બોલી ઊઠયો અને આંકડી ખોલીને અંદર દાખલ થયો. તાજું નીરણ ખૂંદતો એ

નજીક આવ્યો અને એણે હાથ મારા બદન ફરતે વીંટાળી દીધા.

"'તારાસ, વછેરો જોવા જેવો છે, રંગે બરાબર કાબર જેવો,' એણે સાદ પાડયો.

"હું એના હાથમાંથી છટકીને ભાગ્યો પણ ગોઠણભેર પડી ગયો.

"'ઊભો રહે, ખેપાની!' એ બોલ્યો.

"મારી મા બેચેન બની ગઈ પણ એણે મારી રખેવાળી કરવાની કોશિશ મુદ્દલ ન કરી. ખાલી ઊંડો નિસાસો નાખીને એ બીજી તરફ ફરી ગઈ. બીજા નોકરો આવીને મને નીરખવા લાગ્યા. એક જણે જઈને તબેલાના ઉપરીને ખબર આપી.

સૌ મારો કાબરચીતરો રંગ જોઈને હસી રહ્યા હતા અને મને જાતજાતનાં રમૂજી નામે બોલાવી રહ્યા હતા. એ નામોનો અર્થ ન તો મારી માને સમજાતો હતો કે ન મને સમજાતો હતો. અમારા વંશમાં કે સગાંસંબંધીઓની ઓલાદમાં કાબરચીતરો ઘોડો કદી નહોતો થયો. અમને ખબર જ નહોતી કે ઘોડાના રંગમાં કશું દોષપાત્ર હોઈ શકે. પણ મારું જોર અને દેખાવડો ઘાટ જોઈને સૌએ મારાં વખાણ કર્યાં.

"'જુઓ તો ખરા, નાનકડો વછેરો કેવો ફૂર્તિલો છે! ઝાલ્યો રહેતો જ નથી!' રાવત બોલ્યો.

"થોડી વારમાં તબેલાનો ઉપરી આવી પહોંચ્યો. એ મને જોઈને અચરજમાં ગરકાવ થઈ ગયો અને જાણે નિરાશ પણ થઈ ગયો.

"'આવું ભૂત જેવું વછેરું કેમ કરીને થયું હશે?' એ બોલી ઊઠયો. 'આને તો જનરલ ઘોડારમાં રહેવા જ નહિ દે. તારું ભલું થાય, બાબા, તેં તો મને ખરો બદલો વાળ્યો!'

એ મારી મા તરફ ફરીને બોલ્યો. 'આ કાબરચીતરા રંગલા કરતાં તો ધોળો વછેરો જણ્યો હોત તોયે સારું હતું!'

"મારી મા કંઈ ન બોલી. એણે ફરી વાર નિસાસો નાખ્યો. એને આવા સંજોગોમાં નિસાસા નાખવાની ટેવ હતી.

"'પણ આખર આ કોના જેવો નીકળ્યો છે? સાવ ખેડૂત જેવો છે!' એ બોલતો રહ્યો. 'આને ઘોડારમાં તો રખાય જ નહિ, કલંક લાગી જાય, પણ આમ જુઓ તો ઘોડો મઝાનો છે, બહુ મઝાનો છે!' એણે કહ્યું. મને જોઈને સૌ એમ જ કહેતાં.

"થોડા દિવસો પછી જનરલ પોતે મને જોવા આવ્યો. મારી ઉપર નજર પડતાં જ એ જાણે ત્રાસી ગયો અને એણે મારી ખાલના રંગ બદલ મને ને મારી માને ખખડાવી નાખ્યાં. 'પણ આમ જુઓ તો ઘોડો મઝાનો છે, બહુ મઝાનો છે!' મને જોઈને સૌ એમ જ કહેતાં.

"વસંત આવી ત્યાં સુધી અમને ઘોડીઓના તબેલામાં રાખવામાં આવ્યાં. ઘોડીઓને અલગ અલગ રાખવામાં આવતી હતી. વછેરાં માની ભેગાં જ રહેતાં. છાપરાં ઉપર ભેગું થયેલું હિમ સૂરજના તાપમાં ઓગળવા લાગ્યું ત્યારે અમને ક્યારેક ક્યારેક મા ભેગાં મોટા ચોગાનમાં જવા દેવામાં આવતાં. ત્યાં તાજો ચારો વેરાયેલો રહેતો. મારાં નજીકનાં ને દૂરનાં સગાં જોડે મારી પહેલી ઓળખાણ ત્યાં જ થયેલી. એ જમાનાની મશહૂર ઘોડીઓને વછેરાં ભેગી અલગ અલગ બારણેથી બહાર નીકળતી હું નીરખતો રહેતો. તેમાં ઘરડી ગોલાન્કા હતી, સ્મેતાન્કાની પુત્રી મુશ્કા હતી, ક્રાસ્નુખા હતી, અને સવારીની ઘોડી દોબ્રોખોતિખા હતી — એ વખતની બધી નામાંકિત ઘોડીઓ હતી. તેઓ પોતાનાં

વછેરાં લઈને ત્યાં આવતી અને ભેગી થઈને સાધારણ ઘોડાંની જેમ જ તડકામાં રખડતી, ખડમાં આળોટતી, અને એક એકબીજીને સૂંઘતી રહેતી. રૂપકડી ઘોડીઓથી ભરેલું રહેતું એ ચોગાન મને આજે પણ સાફ યાદ છે. તમને અજબ અને માનવું મુશ્કેલ લાગતું હશે કે હું પણ એક જમાનામાં કુમળી વયનો મોજીલો વછેરો રહ્યો હોઈશ, પણ હકીકત છે કે હું એવો હતો. વ્યાઝોપુરિખાને હું ત્યાં જ મળેલો. એ વખતે એ વરસદિવસની હતી — બહુ માયાળુ, આનંદી, અને ફૂર્તિલી વછેરી હતી. મારો આશય માઠું લગાડવાનો મુદ્દલ નથી, પણ મારે તમને જણાવવું જ જોઈએ કે આજે તમે એને વિરલ જાતવાન ઘોડી ગણો છો પરંતુ એ જમાનામાં એને આખા ટોળામાં સૌથી ઊતરતી કોટિનાં જનાવરો ભેગી ગણવામાં આવતી. એ ખુદ મારા કથનને ટેકો આપશે.

"મારો કાબરચીતરો રંગ જોઈને ઇન્સાનોને નફરત થતી. પરંતુ ઘોડાંને એ રંગ બહુ ગમતો. સૌ મને ઘેરીને મારાં વખાણ કરતાં અને મારી જોડે રમતાં. મારા રંગ અંગે લોકોની ટકોરો હું ભૂલી જતો અને ખુશ ખુશ થઈ જતો. પરંતુ મારી જિંદગીની પહેલી ગમગીનીનો અનુભવ મને થોડા વખતમાં જ થવાનો હતો, અને તેમાં મારી મા જ કારણભૂત હતી.

"હિમ ઓગળવા લાગ્યું અને ચકલાં નેવાં નીચે કલરવ કરવા લાગ્યાં અને હવામાં વસંતની સુગંધો ભરાઈ ગઈ ત્યારે મારી માનું મારા પ્રત્યેનું વલણ પલટાઈ ગયું. ખરેખર, એનું પૂરું વર્તન જાણે ધરમૂળથી બદલાઈ ગયું. એની ઉંમરે અણછાજતું લાગે એવી રીતે એ ચોગાનમાં દોડાદોડી કરતી અને ઠેકડા મારતી, અથવા વિચારમાં ડૂબી જઈને હણહણવા લાગતી, અથવા બીજી ઘોડીઓને બટકાં ભરતી 'ને લાતો

મારતી, અથવા મને સૂંઘીને જાણે નફરતથી છીંકોટા કરતી, અથવા એની માશિયાઈ બહેન કુપચિખાને કંધે માથું મૂકીને તડકામાં ઊભી ઊભી ગમગીન ભાવે કેટલીય વાર સુધી બહેનની પીઠ ખજવાળતી રહેતી અને મને તોછડાઈથી ધકેલીને આંચળ પાસેથી તગેડી મૂકતી. એક દિવસે ઘોડારનો ઉપરી આવ્યો. એણે નોકરોના હાથે મારી માને લગામ બંધાવીને બહાર મોકલી દીધી. એ હણહણતી જવા લાગી અને હું જવાબમાં હણહણાટી કરતો એની પાછળ દોડયો. પણ એણે તો મારી સામે એક વાર જોઈ લેવા જેટલીયે પરવા ન કરી. ઘોડારિયા તારાસે મને પકડી રાખ્યો, મા બહાર નીકળી ગઈ, અને બારણું બંધ થઈ ગયું.

મેં ધમાલ મચાવી દીધી અને ઘોડારિયાને નીરણમાં પછાડી નાખ્યો, પણ બારણું તો બંધ થઈ ગયું હતું. માની હણહણાટીનો અવાજ ધીરે ધીરે ઓસરતો ગયો. પણ એની હણહણાટીમાં મને સાદ પાડતી હોય એવી કોઈ નિશાની નહોતી, એ તો સાવ જુદી જ જાતની હણહણાટી હતી. મને પાછળથી ખબર પડી કે એની હણહણાટીના જવાબમાં બીજા ઊંડા ને પ્રબળ હણહણાટનો અવાજ રણકી ઊઠયો હતો. એ અવાજ દોબ્રીનો હતો. બે ઘોડારિયા દોબ્રીને દોરીને મારી મા જોડે મિલન કરાવવા લઈ જતા હતા.

"મને દિલમાં એટલો સખત આઘાત થયો કે તારાસ મને મૂકીને ક્યારે ચાલ્યો ગયો તેનો ખ્યાલ પણ મને ન રહ્યો. મને લાગ્યું કે માનો પ્યાર હું કાયમને માટે ગુમાવી બેઠો છું. મારા રંગ અંગે લોકોની ટકોરો યાદ આવતાં મને થયું કે 'આવી કમનસીબીનું કારણ મારો કાબરચીતરો રંગ જ છે.' મારા અંગેઅંગમાં ભયંકર રોષ વ્યાપી ગયો. હું મારું માથું ને ગોઠણ ભીંત ઉપર મારવા લાગ્યો, અને પરસેવે રેબઝેબ ને થાકીને લોથપોથ થઈ ગયો ત્યાં સુધી મારતો જ રહ્યો. પછી હું નિશ્ચલ ઊભો રહી ગયો.

થોડી વારમાં મારી મા પાછી આવી. એ અસાધારણ વેગે દડબડ દોડતી આવી રહી હતી અને એની ખરીઓનો અવાજ મને બહારથી સંભળાઈ રહ્યો હતો. બારણું ઊઘડયું અને એ અંદર દાખલ થઈ. હું એને માંડ માંડ ઓળખી શક્યો. એ જાણે ફરી જુવાન ને દેખાવડી બની ગઈ હતી. એણે મને સૂંઘીને છીંકોટો કર્યો અને પછી એ હસવા લાગી. એનું પૂરું વર્તન બતાવી આપતું હતું કે એના દિલમાં મારા પ્રત્યે જરા સરખોયે પ્યાર હવે બાકી નહોતો રહ્યો.

"એણે મને કહ્યું કે દોબ્રી બહુ રૂપાળો ને ખૂબ વહાલો લાગે એવો છે. એને ફરી ફરીને દોબ્રી જોડે મિલન કરવા લઈ જવામાં આવતી, પરંતુ અમારી માદીકરા વચ્ચેની લાગણી દિવસે દિવસે ઓસરતી ગઈ.

"થોડા વખત પછી અમને ચરવા લઈ જવાનું શરૂ થઈ ગયું. એથી મને નવી ખુશીઓ સાંપડી અને માના પ્યારની ખોટ થોડીઘણી પુરાઈ જવા લાગી. મને નવા દોસ્તો ને સાથીઓ મળ્યા. અમે ભેગાં મળીને ઘાસ તોડતાં ને મોટેરાં ઘોડાંની જેમ હણહણાટી કરતાં શીખવા લાગ્યાં. અમે મા ફરતે દોડતાં દોડતાં ચકરાવા લેતાં શીખી લીધું. એ દિવસો ભારે સુખના હતા. મને જાણે તમામ વાંકની માફી બક્ષી દેવામાં આવી હતી. સૌ મને પ્યાર કરતાં, મારાં વખાણ કરતાં, અને મને લાડ લડાવતાં.

"પરંતુ એવી હાલત બહુ ટકી નહિ. મારી ઉપર ભયંકર આફત વરસી પડી."

ખસીઘોડો ઊંડો નિસાસો નાખીને આઘો ચાલ્યો ગયો.

પરોઢ થઈ ગયું હતું. ઝાંપો કિચૂડ કિચૂડ કરતો ઊઘડયો. નેસ્તેર અંદર આવ્યો. ઘોડાં વીખરાઈ ગયાં. ઘોડારિયાએ ખસીઘોડાને જીન બાંધ્યું અને તે ઘોડાંને હાંકતો ચરાણમાં લઈ ગયો.

૬

બીજી રાત

ઘોડાં સાંજે ચરાણેથી પાછાં આવ્યાં કે તરત જ કાબરચીતરા ખસીઘોડા ફરતે એકઠાં થઈ ગયાં.

"'ઓગસ્ટમાં મને મારી માથી અળગો કરી દેવામાં આવ્યો,' કાબરચીતરાએ કથની આગળ ચલાવી. 'એથી મને ખાસ દુ:ખ ન થયું. માને વિયાવાનો વખત આવી ગયો હતો અને મારો નાનો ભાઈ (મશહૂર ઉસાન) અવતરવાનો હતો. હવે માને મારી ઉપર પહેલાં જેટલું વહાલ નહોતું રહ્યું. મને જરાય ઈર્ષ્યા નહોતી થતી. એની ઉપરનું મારું હેત પણ લગાતાર ઓસરી રહ્યું હતું. વળી મને ખબર હતી કે માથી અળગો કરીને મને વછેરાના તબેલામાં રાખશે, અમે બબ્બે કે ત્રણ ત્રણ વછેરા ભેગા રહીશું, અને અમને સૌને રોજ ખુલ્લી હવામાં ફરવા લઈ જવામાં આવશે. મને મધુરા ભેગો રાખવામાં આવ્યો. મધુરો સવારીનો ઘોડો હતો. એને આગળ જતાં શહેનશાહની સવારીના ઘોડાનું સ્થાન મળ્યું. કલાકારો એનાં ચિત્રો બનાવતા અને શિલ્પીઓ એની પ્રતિમાઓ ઘડતા. એ મારી જોડે રહેતો હતો ત્યારે સાધારણ વછેરો હતો. એને મુલાયમ ચળકતી ખાલ હતી, હંસલા જેવી ગરદન હતી, અને વીણાના તાર જેવા પાતળા ને સીધા પગ હતા. એ માયાળુ ને સદ્ભાવી હતો અને હંમેશાં ખુશાલ રહેતો. એને ઠેકડા મારવાનું, સાથીઓને ચાટવાનું, અને ઘોડાં તેમ જ ઇન્સાનો જોડે ટીખળ કરવાનું બહુ ગમતું. અમે બેઉ પાકા દોસ્તો બની ગયા અને આખી જુવાની દરમિયાન અમારી દોસ્તી ટકી રહી. મધુરો એ વખતે રંગીલો છેલ હતો અને પ્રેમમાં પડવા લાગ્યો હતો. એ વછેરીઓની જોડે ઈશ્કબાજી કરતો અને મારી નેકીની ઠેકડી ઉડાડતો. કમનસીબે સ્વમાનની લાગણીથી પ્રેરાઈને હું એના વર્તનની નકલ કરવા લાગ્યો. થોડા વખતમાં હુંયે પ્રેમમાં પડી ગયો. ઊગતી જુવાનીની એ આસક્તિને લીધે મારી જિંદગીમાં પ્રચંડ પરિવર્તન આવી ગયું. હા, હું પ્રેમમાં પડી ગયો... વ્યાઝોપુરિખા મારા કરતાં એક વરસે મોટી હતી અને અમારી વચ્ચે પાકી દોસ્તી હતી. પરંતુ શરદના અંતિમ દિવસોમાં મારા ધ્યાનમાં આવી ગયું કે એ મારાથી શરમાય છે...

"મારા પ્રથમ પ્રેમની કરુણ કથની તમને વિગતવાર કહેવાનો પ્રયાસ હું નહિ કરું. એના પ્રત્યેનો મારો નિરંકુશ પ્રેમાવેગ એને બરાબર યાદ છે. એ પ્રેમના પરિણામે મારી જિંદગીમાં અત્યંત મહત્ત્વનો પલટો આવ્યો.

"ઘોડારિયાઓએ એને મારી પાસેથી નસાડી મૂકી અને મને નિર્દયતાથી ખોખરો કરી નાખ્યો. એ દિવસે સાંજે તેઓ મને કોઈ ખાસ તબેલામાં લઈ ગયા. બીજે દિવસે બનવાની ઘટનાનો અણસારો જાણે મને આવી ગયો હોય એમ હું આખી રાત કલ્પાંત કરતો રહ્યો.

"સવારે જનરલ, ઘોડારનો ઉપરી, ઘોડારિયા, નોકરો, સૌ ચોગાન ખૂંદતા મારા તબેલામાં પહોંચી ગયા અને ભયંકર

ધાંધલ શરૂ થઈ ગઈ. જનરલે બરાડા પાડીને ઉપરીને ખખડાવી નાખ્યો, ઉપરીએ બચાવ કરતાં કહ્યું કે એણે મને બહાર ન જવા દેવાનો હુકમ આપેલો પણ ઘોડારિયાઓએ હુકમની અવગણના કરી હતી. જનરલે કહ્યું કે સૌને મેથીપાક ચખાડવામાં આવશે અને વછેરાને ખસી કરી નાખવાની છે. ઉપરીએ ખાતરી આપી કે હુકમનો બરાબર અમલ કરવામાં આવશે. પછી સૌ ચુપ થઈને ચાલ્યા ગયા. મને કંઈ સમજાયું નહિ પરંતુ એટલો ખ્યાલ તો આવી જ ગયો કે એ લોકો મને કશુંક કરવાના છે. . . . .

. . . .

. . . .

"બીજા દિવસથી મારો હણહણાટ કાયમને માટે બંધ થઈ ગયો, હું હવે જેવો છું એવો બની ગયો. મારી તો જાણે આખી દુનિયા પલટાઈ ગઈ. મને કોઈ પણ બાબતમાં મઝા ન પડતી. હું જાણે મારી હસ્તીની ભીતરમાં સમાઈ ગયો અને મોટે ભાગે વિચારોમાં ડૂબી જવા લાગ્યો. સાથીઓની જોડે રમતગમત કરવાની તો વાત જ નહોતી, હું તો ખાવા પીવાનો ને ફરવા જવાનો પણ ઇનકાર કરી દેતો. આગળ જતાં મને ક્યારે ક્યારેક ઠેકડા મારવાનું, ગમ્મતમાં દોડવાનું, અને હણહણાટ કરવાનું મન થતું, પરંતુ પછી મારા મનમાં વળી એનો એ ખોફનાક સવાલ થતો: 'શું કરવા? શા માટે?' અને જાણે મારું ચેતન તદ્દન હરાઈ જતું.

"એક દિવસે સાંજે મને ફરવા લઈ જવામાં આવ્યો. ઘોડાં ચરાણમાંથી પાછાં ફરી રહ્યાં હતાં. દૂર ઊડતી ધૂળની ડમરીઓમાં મને ઘોડીઓની આછી આકૃતિઓ વરતાઈ. તેઓના મોજીલા હાસ્યનો અને જમીન ઉપર જોરથી પછડાતી ખરીઓનો અવાજ

મારે કાને પડ્યો. હું ઊભો રહી ગયો. મારા ગળામાં બાંધેલું દોરડું ખેંચાતાં મને જાણે ચામડી કપાઈ જતી હોય એવી પીડા થઈ. પણ તોયે હું ઊભો રહીને સામેથી આવતા ટોળાને નીરખવા લાગ્યો. કાયમને માટે ગુમાવી બેઠેલા સુખને તાકી રહ્યો હોઉં એવી ગમગીની મારી નજરમાં ભરેલી હતી. ઘોડાં નજીક આવ્યાં એટલે મેં તમામને એક એક કરીને ઓળખી કાઢ્યાં. બધાં મારા જૂના દોસ્તો હતાં—દેખાવડાં, દમામદાર, ચળકતાં, તંદુરસ્ત. કેટલાંકે મારી તરફ જોયું. ઘોડારિયો દોરડાને આંચકા મારી રહ્યો હતો પણ મને જાણે પીડાની કશી પરવા જ નહોતી. મારી દશા સાવ ભૂલી જઈને હું પુરાણી રીતે હણહણાટી કરતો ધીરા વેગે તેઓની તરફ દોડવા લાગ્યો. પણ મારી હણહણાટી કરુણ, હાસ્યજનક, અને બેહૂદી લાગતી હતી. મારા પુરાણા દોસ્તોમાંથી કોઈ હસ્યું નહિ, પરંતુ કેટલાંકે સભ્યતાને ખાતર મોં ફેરવી લઈને પૂંઠ મારી તરફ કરી દીધી. તેઓને મારો દેખાવ જાણે ઘૃણાજનક, દયાજનક, શરમજનક, અને સૌથી વધારે તો હાસ્યાસ્પદ લાગતો હતો. મારી ડાળખા જેવી પાતળી ગરદન અને મોટું માથું (હું બહુ દૂબળો પડી ગયો હતો), મારા પાતળા બેઢંગા પગ અને પુરાણા જમાનાની જેમ ઘોડારિયા ફરતે ચકરાવા લેતી વેળા મારી મૂર્ખાઈભરી દડબડ દોડ—બધું તેઓને હાસ્યજનક લાગ્યું હશે. મારી હણહણાટીનો જવાબ કોઈએ ન આપ્યો, સૌ બીજી તરફ ફરી ગયાં. ત્યારે મને એકાએક બધું સમજાઈ ગયું કે તેઓની નજરમાં હું તો કાયમને માટે જાણે સાવ અજાણ્યો બની ગયો છું. મને એટલું બધું દુ:ખ થયું કે પાછો તબેલામાં કેવી રીતે પહોંચ્યો તેનું પણ ભાન ન રહ્યું.

"અગાઉ પણ મારા સ્વભાવમાં ગંભીર અને વિચારમય રહેવાનું લક્ષણ હતું, પરંતુ હવે તો હું સાવ વેદિયો બની ગયો. મારા કાબરચીતરા રંગને લીધે લોકોનાં મનમાં પેદા થતી અગમ્ય ઘૃણા, મારી ભયંકર ને અણધારી કમનસીબી, અને ઘોડારની અંદર મારા ધ્યાનમાં આવી ગયેલી પણ મને કોઈ રીતે ન સમજાતી મારી અજબ હાલતને લીધે હું સતત ખ્યાલોમાં જ ડૂબેલો રહેવા લાગ્યો. મારા કાબરચીતરા રંગનો દોષ મારી ઉપર ઢોળી દેનારા માનવોની ગેરઈનસાફી તેમ જ સામાન્ય રૂપે નારીઓના અને વિશેષ રૂપે માતાના કેવળ દૈહિક સુખ ઉપર જ આધાર રાખતા પ્રેમની અનિત્યતા અંગેનો અફસોસ મારા મનમાં ઘોળાતો રહેતો. પરંતુ માનવ નામે ઓળખાતા ખાસ જાતના પ્રાણીના તરંગો અંગેના વિચારો મારા મનમાં સૌથી વધારે ઘોળાતા રહેતા. અમારી ઘોડાંની જિંદગીમાં માનવ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઘોડારની અંદર મારા ધ્યાનમાં આવી ગયેલી પણ મને ન સમજાતી મારી અજબ હાલત માટે માનવના તરંગો જવાબદાર હતા. માનવનાં લક્ષણોને લીધે સર્જાયેલી એક ઘટનાથી એ લક્ષણો મારી નજર સામે સાફ જાહેર થઈ ગયાં.

"એ બનાવ શિયાળાની રજાઓ દરમિયાન બન્યો હતો. મને આખો દિવસ કશું જ ખાવાનું કે પીવાનું આપવામાં નહોતું આવ્યું. મને તો પાછળથી ખબર પડી કે ઘોડારિયો દારૂના ઘેનમાં ચકચૂર બની ગયો હતો એટલે એમ બનેલું. તે દિવસે ઘોડારનો ઉપરી મારા તબેલામાં આવ્યો અને મને ખોરાકપાણી વગર રહી ગયેલો જોઈને ગેરહાજર ઘોડારિયાની ઉપર ગાળોની ઝડી વરસાવતો પાછો ચાલ્યો ગયો. બીજે દિવસે ઘોડારિયો ને એનો દોસ્ત ખડ નીરવા અમારા તબેલામાં

આવ્યા ત્યારે મેં જોયું કે ઘોડારિયાનો ચહેરો સાવ ફિક્કો ને ગમગીન હતો. એની લાંબી પીઠમાં મને તે દિવસે કશુંક વિચિત્ર લાગ્યું. એથી મારું ધ્યાન ખેંચાયું અને કોણ જાણે કેમ પણ મારા દિલમાં હમદર્દી પેદા થઈ. એણે ખીજે ભરાઈને ખડનો પૂળો કઠેરા ઉપરથી અંદર ફગાવ્યો. મેં ડોકું કઠેરા ઉપરથી બહાર લંબાવ્યું. મને મારું માથું એને ખભે મૂકવાનું મન થયેલું. પણ એણે મારા નાક ઉપર એટલા જોરથી મુક્કો લગાવી દીધો કે હું એકદમ પાછળ હઠી ગયો. પછી એણે મારા પેટમાં લાત ઝીંકી દીધી.

"'આ ખસિયેલ ભૂત ન હોત તો કંઈ ન થયું હોત!' એ બબડયો.

"'કેમ?' બીજા ઘોડારિયાએ પૂછયું.

"'જાગીરદારના વછેરાઓની તપાસ કરવા ઉપરી ક્યારેય નથી જતો, પણ એના પોતાના વછેરાને જોવા દિવસમાં બે વાર આવે છે.'

"'કેમ, કાબરચીતરો એને આપી દીધો છે કે શું?' બીજાએ સવાલ કર્યો.

"'શયતાનને ખબર કે આપી દીધો છે યા વેચી દીધો છે. જાગીરદારના વછેરા ભૂખ્યા મરી જાય તોયે એને પરવા નથી, પણ એની **માલિકીના** વછેરાને મારાથી ભૂખ્યો કેમ રખાય! મને હુકમ કર્યો કે લાંબો થઈ જા, અને પછી મંડયો ફટકારવા. માણસ નથી, હેવાન છે. ઈન્સાનિયતનો છાંટોયે નથી. એને માણસ કરતાં જનાવર વધારે વહાલાં છે. ગણી ગણીને કોરડા ફટકાર્યા, જંગલી ક્યાંનો! જનરલ આટલા કોરડાની સજા ક્યારેય નથી કરતો — મારી તો આખી પીઠ પીંખી નાખી. એને દિલ જેવું તો કંઈ છે જ નહિ.'

"એણે ઈન્સાનિયત ને કોરડા અંગે જે કંઈ કહ્યું એ તો મને બરાબર સમજાઈ ગયું, પણ એ વખતે મને **એના પોતાના** અને **એની માલિકીના** એ શબ્દોના અર્થની મુદ્દલ ખબર નહોતી. મને એટલો ખ્યાલ તો આવી ગયો કે એ શબ્દો મારી અને ઘોડારના ઉપરી વચ્ચે કશોક સંબંધ બતાવે છે. એ વખતે મને જરાય ખ્યાલ નહોતો કે એ સંબંધ શો હશે. થોડાક વખત પછી મને બીજાં ઘોડાંથી અળગો કરી દેવામાં આવ્યો ત્યારે જ મને એની સમજણ પડી. એ વખતે તો મને કોઈ રીતે સમજાય એમ નહોતું કે હુ માનવની મિલકત કેવી રીતે ગણાઉં. મારા સંબંધમાં, એક જીવતા ઘોડાના સંબંધમાં, '**મારો** ઘોડો' એ શબ્દો મને એટલા બધા વિચિત્ર લાગ્યા કે જાણે એણે 'મારી પૃથ્વી', 'મારી હવા', 'મારું જળ', એમ કહ્યું હોય.

"પણ તોયે એ શબ્દોએ મારા મન ઉપર ભારે અસર પાડી. હું એ શબ્દો અંગે સતત વિચાર કરતો રહ્યો, અને માનવોની જોડે બહુવિધ સંબંધોનો અનુભવ હાંસલ કર્યા પછી જ મને સમજણ પડી કે લોકો એ વિચિત્ર શબ્દોનો કેવો અર્થ તારવે છે. અર્થ આવો છે—લોકોની જિંદગી કૃત્યોના આધારે નહિ પણ શબ્દોના આધારે ચાલે છે. તેઓને કશુંક કરવાની કે ન કરવાની બાબતમાં મુદ્દલ રુચિ નથી હોતી પરંતુ વસ્તુઓને અમુક રૂઢ શબ્દો લાગુ કરવાની શક્યતામાં મઝા પડે છે. તેઓની નજરે સૌથી મહત્ત્વના શબ્દોમાં 'મારો', 'મારી', અને 'મારું' સામેલ છે. તેઓ એ શબ્દો જાતજાતના જીવ અને વસ્તુઓને લાગુ કરે છે—જમીન, માણસો, અને ઘોડાંને પણ લાગુ કરે છે. તેઓએ માંહોમાંહે સમજણ કરી લીધી છે કે અમુક વસ્તુને 'મારું' શબ્દ લાગુ કરવાનો

અધિકાર ફક્ત એક જ માનવને રહેશે. એવી રમતમાં જેને વધારેમાં વધારે વસ્તુઓને એ શબ્દ લાગુ કરવાનો હક હાંસલ થઈ જાય એને તેઓ સૌથી સુખી ઈન્સાન ગણે છે. મને તો સમજાતું જ નથી કે એવું કેમ હશે, પણ હકીકત એવી છે. એમાં કશો સીધો ફાયદો પારખી કાઢવાની કોશિશ હું લાંબા વખત સુધી કરતો રહ્યો પણ આખર ન જ કળી શક્યો.

"દાખલા તરીકે, મને પોતાની મિલકત ગણાવનારા ઘણા માણસો મારી ઉપર સવારી નહોતા કરતા, સાવ જુદા જ માણસો મારી ઉપર સવારી કરતા. અને મને ખાણ પણ એ માલિક માણસો નહોતા નીરતા, બીજા જ માણસો નીરતા. વળી મારી જોડે ભલાઈનું વર્તન માલિક માણસો નહિ પણ જુદા જ માણસો કરતા—કોચવાનો, ઘોડારિયા, અને બીજા નોકરચાકરો. એટલે, બહોળા અનુભવના પરિણામે મેં એવો સાર તારવ્યો કે માત્ર અમારી ઘોડાંની બાબતમાં જ નહિ પરંતુ તમામ વસ્તુઓની બાબતમાં 'મારું'નો ખ્યાલ ખાનગી મિલકતની હલકટ ને પાશવી માનવ વૃત્તિ ઉપર આધારિત છે અને ખુદ માનવો તેને વૃત્તિ (અથવા અધિકાર) ગણાવે છે. કોઈ માનવ કહેશે કે 'મારું મકાન', પણ પોતે એ મકાનમાં રહેવા નહિ જાય. એ તો ફક્ત મકાન બાંધશે અને તેની સંભાળ રાખશે. વેપારી કહેશે કે 'મારી કાપડની દુકાન', પણ એની પોતાની દુકાનમાં સંઘરેલા સરસ મઝાના કાપડનો ઉપયોગ એ પોતે નહિ કરે.

"કેટલાક માણસો અમુક જમીનને પોતાની ગણાવે છે, પણ એ જમીન ઉપર તેઓએ કદી નજર પણ નથી નાખી હોતી કે કદમ પણ નથી માંડયું હોતું. કેટલાક એવા માણસો પણ છે કે જે બીજા માણસોને પોતાના ગણાવે છે, જોકે

તેઓએ પોતાની માલિકીના એ માણસોને કદી જોયા જ નથી હોતા, બેઉની વચ્ચે ફક્ત એટલો જ સંબંધ હોય છે કે માલિક માણસો એ બીજા માણસોને હેરાન કરતા હોય છે.

"વળી કેટલાક માણસો અમુક સ્ત્રીઓને 'પોતાની' સ્ત્રીઓ, 'પોતાની' પત્નીઓ, ગણાવે છે, પણ એ સ્ત્રીઓ જુદા જ માણસો ભેગી રહેતી હોય છે. અને જિંદગીમાં લોકોનું લક્ષ્ય, બને એટલું ભલું કરવાનું નહિ પણ બને એટલી વસ્તુઓને પોતાની ગણાવવાનું હોય છે.

"મને ખાતરી થઈ ગઈ છે કે આપણ ઘોડાં અને માનવોની વચ્ચે મુખ્ય ફેર એ બાબતમાં જ છે. માનવોનું આચરણ, કંઈ નહિ તો મારે જેની જોડે પાલો પડયો છે એ બધા માનવોનું આચરણ, શબ્દો ઉપર આધારિત હોય છે, પરંતુ આપણું આચરણ કૃત્યો ઉપર આધારિત હોય છે. માનવોની સરખામણીમાં આપણાં બીજાં બધાં ચડિયાતાં લક્ષણોની વાત રહેવા દઈએ તોયે આ એક જ હકીકત આપણને એવો દાવો કરવાનો હક આપે છે કે સજીવ પ્રાણીઓની બાબતમાં આપણે માનવો કરતાં એક પગથિયું ઊંચા સ્થાને છીએ.

"ખેર, મને મારો ઘોડો કહેવાનો એવો અધિકાર ઘોડારના ઉપરીને મળ્યો હતો, અને એ કારણે એણે ઘોડારિયાને કોરડા ફટકાર્યા. એ શોધની તેમ જ મારા રંગને લીધે લોકોના ખ્યાલો અને વર્તનની ભારે અસર મારા મન ઉપર પડી. એ સર્વના પરિણામે, અને વધારામાં મારી માની બેવફાઈથી પેદા થયેલી ગમગીનીના પરિણામે, હું આજે છું એવો ગંભીર અને વિચારમય ખસીઘોડો બની ગયો.

"હું ત્રણ કમનસીબીઓનો ભોગ બન્યો હતો. હું કાબરચીતરો હતો, ખસીઘોડો હતો, અને દરેક જીવ કુદરતી

રીતે પરમાત્માની અને ખુદ પોતાની માલિકીનો ગણાવો જોઈએ પણ મારી બાબતમાં એથી ઊલટી હાલત હતી, મને લોકોએ ઘોડારના ઉપરીની માલિકીનો ધારી લીધો હતો.

"તેઓએ મારે અંગે કરી લીધેલી એવી ધારણાનાં કેટલાંય પરિણામો આવ્યાં. પહેલી વાત તો એ કે મને બીજાં ઘોડાંથી અળગો રાખવામાં આવતો; બહેતર ખોરાક આપવામાં આવતો, વધારે વાર ફરવા લઈ જવામાં આવતો, અને વહેલો પળોટવામાં આવ્યો. મને લગામ પહેલી વાર મારા ત્રીજા વરસમાં બાંધવામાં આવેલી. એ દિવસ મને બરાબર યાદ છે. મને પોતાની મિલકત માની લેનારો ઉપરી ખુદ ઘોડારિયાઓનું ધાડું લઈને આવેલો. એને બીક હશે કે હું વાંધો ઉઠાવીશ અને કાબૂમાં નહિ રહું. એ લોકોએ મારો હોઠ કાપી નાખ્યો, મને દોરડાં બાંધીને ધૂંસરીએ જોડયો, મારી પીઠ ઉપર ચામડાના પટ્ટા કસીને ગાડાના માંચડા જોડે બાંધી દીધા જેથી હું લાત ન મારી શકું. પરંતુ બધો વખત મારા મનમાં તો મારું હેત દેખાડવાની એકમાત્ર મંછા અને કામે વળગી જવાની ઝંખના જ રમી રહી હતી.

"મને મોટા ઘોડાની જેમ કદમ માંડતો જોઈને તેઓ આભા બની ગયા. તેઓએ મને હાંકવાનું શરૂ કર્યું અને હું દોડવાનો મહાવરો કરવા લાગ્યો. હું એટલા વેગે બધું શીખતો ગયો કે ત્રણ મહિનાના અંતે જનરલ તેમ જ બીજા ઘણા મારી ચાલનાં વખાણ કરવા લાગ્યા. પરંતુ અજબ લાગે એવી વાત છે કે તેઓની નજરમાં હું મારી પોતાની નહિ પણ ઉપરીની માલિકીનો હતો એટલા જ કારણે મારી ચાલનો અર્થ તેઓ સાવ જુદો તારવતા હતા.

"મારા બંધુ વછેરાઓને ઘોડદોડમાં લઈ જવામાં આવતા. તેઓને અંગે બધી બાબતોની નોંધ રાખવામાં આવતી. લોકો તેઓને જોવા આવતા, તેઓને સોનેરી બગીએ જોડવામાં આવતા અને મોંઘેરી ઝૂલ પહેરાવવામાં આવતી. મને ઘોડારના ઉપરીના સાધારણ ગાડે જોડીને એના કામે ચેસમેન્કા તેમ જ બીજાં ગામોએ મોકલવામાં આવતો. તેનું કારણ ફક્ત એટલું જ હતું કે હું કાબરચીતરો હતો અને એ લોકોની નજરમાં જાગીરદારની માલિકીનો નહિ પણ ઘોડારના ઉપરીની માલિકીનો હતો.

"આપણે જીવતાં રહીશું તો કાલે હું તમને વાત કરીશ કે ઉપરીએ મને એની મિલકત ધારી લીધેલો તેનાં કેવાં ગંભીર પરિણામો આવ્યાં."

બીજે દિવસે ઘોડાંએ સવારથી સાંજ સુધી ગજિયાનું ખૂબ માન રાખ્યું પણ નેસ્તેરનું વર્તન તો રોજના જેવું જ તોછડું હતું. ખેડૂતનો રાખોડી ખેડઘોડો ટોળા નજીક પહોંચી જઈને હણહણાટ કરવા લાગ્યો અને બદામી ઘોડી વળી તેની જોડે નખરાંબાજી કરવા લાગી.

૭

ત્રીજી રાત

આકાશમાં નવચંદ્રનો ઉદય થયો હતો અને તેની પાતળી કલાનો પ્રકાશ ચોગાનમાં ઘોડાંથી ઘેરાઈને ઊભેલા ગજિયાની ઉપર પડતો હતો.

"હું જાગીરદારની કે પરમાત્માની માલિકીનો નહિ પણ ઘોડારના ઉપરીની માલિકીનો હતો તેનું ખૂબ જ વિસ્મયકારક

પરિણામ એ આવ્યું કે ઘોડાનો સૌથી સારો ગુણ ગણાતી મારી વેગીલી દોડ જ મારી હકાલપટ્ટીનું કારણ બની ગઈ. એક દિવસે હંસલાને તાલીમ આપવામાં આવી રહી હતી ત્યારે ચેસમેન્કાથી પાછો ફરતો ઉપરી મને હાંકતો ઘોડદોડના માર્ગ નજીક લઈ ગયો. હંસલો અમારી પાસે થઈને નીકળી ગયો. એની દોડ મઝાની હતી પણ એ ફાંકેબાજી કરી રહ્યો હતો અને વળી એને દોડની મારા જેવી રીત પણ નહોતી આવડતી. હું તો એક ખરી જમીનને અડે કે તરત જ બીજી ખરી ઊંચી કરી દેતો એટલે એક પણ હલનચલન નકામું ન જતું અને પૂરી જહેમત કાયાને આગળ ધપાવવામાં લાગી જતી. મેં કહ્યું તેમ હંસલો અમારી પાસે થઈને નીકળી ગયો. મેં ઘોડદોડના માર્ગે કદમ માંડયાં અને ઉપરીએ મને રોક્યો નહિ. 'કાબરચીતરો પણ જોર અજમાવી જુએ તો શું ખોટું છે?' એ બોલી ઊઠયો, અને હંસલો ચક્કર મારીને ફરી વાર અમારી નજીક આવ્યો ત્યારે એણે મને વહેતો મૂકી દીધો. હંસલાએ વેગ પકડી લીધો હતો એટલે અમારી હરીફાઈના પહેલા ચક્કરમાં હું પાછળ રહી ગયો પણ બીજા ચક્કરમાં મારો વેગ વધી ગયો, અંતર ઓછું થતું ગયું, હું બગીને આંબી ગયો, અમે જોડાજોડ દોડવા લાગ્યા, હું ટકી રહ્યો, અને પછી આગળ નીકળી ગયો. મને ફરી વાર હરીફાઈની તક આપવામાં આવી અને વળી પરિણામ એવું જ આવ્યું. મારી દોડ વધારે વેગીલી હતી. સૌને ફાળ પડી ગઈ. દરેકે કહ્યું કે 'આ વાત જાગીરદારને કાને પડી જશે તો ખેર નથી!' કોઈને ભાળ ન મળે એવી ક્યાંક દૂરની જગ્યાએ મને વેચી દેવાનું નક્કી કરવામાં આવ્યું." એટલે મને ઘોડાનો વેપાર કરતા એક આદમીના હાથમાં વેચી દેવામાં

આવ્યો. પણ હું એના કબજામાં ઝાઝા દિવસ ન રહ્યો. નવા ઘોડા ખરીદવા નીકળેલા એક હયદળ અફસરે મને ખરીદી લીધો. મને એવી નિર્દયતા અને ગેરઈનસાફનો ભોગ બનાવવામાં આવ્યો હતો કે મને ખ્રેનોવોમાંથી લઈ જવામાં આવ્યો ત્યારે, જ્યાં બધું મને ખૂબ નિકટનું ને પ્યારું લાગતું હતું ત્યાંથી મને લઈ જવામાં આવ્યો ત્યારે, મેં ખુશી અનુભવી. મારા અગાઉના સાથીઓની જોડે રહેવાનું મારે માટે બેહદ પીડાકારક બની ગયું હતું. તેઓને પ્રેમ, આદર, અને આઝાદી મળતાં; અને મને મહેનત ને હીણપત, આખર સુધી બસ હીણપત ને મહેનત. કેમ? પણ કેમ? માત્ર એ કારણે કે હું કાબરચીતરો હતો અને મારા રંગને લીધે મને કોઈની મિલકત બનાવી દેવામાં આવ્યો હતો..."

એ રાતે ગજિયો કથની આગળ ન ચલાવી શક્યો. કશુંક એવું બની ગયું કે ઘોડાંની અંદર ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ. ગાભણી કુપચિખા ધ્યાનથી વાત સાંભળી રહી હતી પરંતુ એકાએક ફરી જઈને ધીરે ધીરે છાપરી નીચે ચાલી ગઈ અને એવા જોરથી ઊંહકારા કરવા લાગી કે તમામ ઘોડાં ડોકાં ફેરવીને એની તરફ જોવા લાગ્યાં. કુપચિખા જમીન ઉપર લેટી ગઈ, જેમતેમ કરીને પાછી ઊભી થઈ, અને ફરી લેટી ગઈ. મોટી ઘોડીઓ તેની તકલીફ કળી ગઈ, પણ નાના વછેરા એકદમ ફિકરમાં પડી ગયા અને ખસીઘોડાને એકલો મૂકીને કુપચિખા ફરતે એકઠા થઈ ગયા.

સવારે એક નવો વછેરો ધ્રૂજતા પગે ઊભેલો નજરે પડ્યો. નેસ્તેરે ઘોડારિયાને બોલાવ્યો, ઘોડારિયો ઘોડી તેમ જ વછેરાને તબેલામાં દોરી ગયો અને પછી બાકીનાં ઘોડાંને ચારવા હાંકી ગયો.

૮

ચોથી રાત

સાંજે ઝાંપો બંધ થઈ ગયો અને ચોમેર નીરવતા છવાઈ ગઈ ત્યારે કાબરચીતરા ખસીઘોડાએ પોતાની કથની આગળ ચલાવી.

"એકના હાથમાંથી બીજાના હાથમાં વેચાતો હું પુષ્કળ માનવો ને ઘોડાંનો અનુભવ હાંસલ કરતો રહ્યો. સૌથી લાંબા ગાળા મેં બે માલિકોના કબજામાં ગાળ્યા. તેમાંથી એક ઠાકોર હતો. એ હયદળમાં અફસર હતો. બીજી એક ઘરડી બાઈ હતી. એ ચમત્કારી સંત નિકોલાઈના દેવળ નજીક રહેતી હતી.

"મારી જિંદગીના બહેતરીન દિવસો હયદળના અફસર જોડે વીત્યા હતા.

"એણે જ મને પાયમાલીનો ભોગ બનાવી દીધો, અને એને કોઈ અથવા કંઈ કદી ગમતું જ નહિ તે છતાં અને એ કારણે જ મને એ વહાલો લાગતો, અને એવી લાગણી હજી મારા દિલમાં કાયમ છે.

"મને એની ઉપર વહાલ ઊપજતું કારણ કે એ દેખાવડો, દોલતમંદ, અને સુખી હોવાથી એના દિલમાં કોઈના પ્રત્યે હેતની લાગણી કદી ન થતી.

"આપણ ઘોડાંની એવી ઉદાત્ત ભાવના તમે તો જરૂર સમજી શકશો. એની ઉદાસીનતાને લીધે અને હું પૂર્ણ રૂપે એને આધીન હતો એ કારણે એના પ્રત્યેનો મારો પ્રેમ વિશેષ પ્રબળ બની ગયો. એ સુખના દિવસોમાં હું મનમાં વિચારતો રહેતો કે 'ભલે મારે, ભલે મારી મારીને મારો જીવ કાઢી નાખે, એથી મને તો વધારે ખુશી જ થવાની.'

"ઉપરીએ મને જે વેપારીના હાથમાં વેચી દીધો હતો તેની પાસેથી અફસરે મને આઠસો રૂબલમાં ખરીદી લીધો હતો. એણે મને એ કારણે ખરીદી લીધેલો કે કાબરચીતરા ઘોડા કોઈની પાસે નહોતા. મારી આખી જિંદગીમાં બહેતરીન દિવસો એ હતા. એને એક રખાત હતી. મને ખબર પડી ગઈ કારણ કે હું જ એને હંમેશાં એની રખાત પાસે લઈ જતો અને ક્યારેક એની રખાતને એની પાસે લઈ આવતો. અને ક્યારેક બેઉને ભેગાં સહેલ કરાવવા લઈ જતો. એની રખાત રૂપાળી હતી, એ પોતે દેખાવડો હતો, અને એનો કોચવાન પણ દેખાવડો હતો. એ કારણે ત્રણેય મને વહાલાં લાગતાં. હું બેહદ સુખી હતો. મારા દિવસો આવી રીતે વીતતા—સવારમાં ઘોડારિયો કામકાજ કરવા આવતો, કોચવાન નહિ પણ ઘોડારિયો આવતો. એ ખેડૂત કુટુંબનો ફૂર્તિલો જુવાન હતો. ઘોડાઓનો બફારો કાઢી નાખવા એ બારણાં ખોલી નાખતો અને લાદ ભેગી કરીને બહાર નાખી આવતો. પછી એ અમારી ઝૂલ કાઢી નાખીને ખરેરા વડે માલિસ શરૂ કરી દેતો. ભોંયપટ ઉપર ભીંગડાં ને વાળની ધોળાશ પડતી કતારો બની જતી. ભોંયપટનાં પાટિયાંમાં મારી ખરીઓથી આંકા ને ખાડા પડી ગયા હતા. હું રમતે ચડીને એના હાથમાં બટકું ભરતો અને પગ પછાડતો. મારો વારો આવે એટલે એ મને ઠંડા પાણીના ટબ પાસે લઈ જતો અને પોતાની મહેનતનું ફળ વખાણભરી નજરે નીરખવા લાગતો, તીર જેવા સીધા ને છેડે પહોળી ખરીઓવાળા મારા પગ ઉપર નજર ઠેરવતો, સહેલાઈથી સરકી જવાય એવી સુંવાળી મારી ચમકદાર પીઠ ને પૂંઠને તાકી રહેતો. પછી ઊંચા કઠેરા ઉપરથી થોડુંક ખડ અંદર ફેંકવામાં આવતું અને જવનું ખાણ ગમાણમાં રેડવામાં આવતું. આખરે વડો કોચવાન ફ્રેઓફાન તબેલામાં આવતો.

"કોચવાન પણ માલિક જેવો જ હતો. બેમાંથી એકેયને ન તો કોઈની બીક લાગતી કે ન કોઈ વહાલું લાગતું, અને એ જ કારણસર બન્ને જણ સૌને ખૂબ વહાલા લાગતા. ફ્રેઓફાને રાતું ખમીસ, રુવાંટીદાર પાટલૂન, અને બાંય વગરનું જાકીટ પહેર્યાં હતાં. રજાને દિવસે ફ્રેઓફાન તબેલામાં આવીને મારી જોડે મજાકમશ્કરી કરે ત્યારે મને ખૂબ મઝા પડતી. એણે વાળ અને કલ્લાને તેલ ચોળીને ચમકાવ્યા હોય, બાંય વગરનું જાકીટ પહેર્યું હોય, અને અંદર આવીને એ મને પડખામાં પંજેટીનો હાથો મારે, વાગે એવી રીતે નહિ પણ ગમ્મતમાં હળવેથી મારીને બોલી ઊઠે કે 'અરે જીવડા, મને ભૂલી ગયો કે શું?' મને ખબર હતી કે એ મને ખાલી ગમ્મતમાં જ મારતો એટલે હું મારા કાન સીધા કરીને દાંત કકડાવતો.

"અમારે ત્યાં જોડીનો એક કાળો વછેરો હતો. મને રાતે એની ભેગો જોડવામાં આવતો. એ પોલકાન મજાકમશ્કરી મુદ્દલ સમજતો નહિ અને ખારીલો શયતાન હતો. અમારી બેઉની જગ્યા જોડાજોડ હતી. અમે ક્યારેક કઠેરાના સળિયા વચ્ચે ડોકાં ભરાવીને એકબીજાને બટકાં ભરતાં, જરાય ગમ્મતમાં નહિ પણ ખરેખર. ફ્રેઓફાનને એની બીક મુદ્દલ નહોતી લાગતી. એ સીધો પોલકાનની પાસે પહોંચી જઈને જાણે મારી નાખવાનો હોય એવી રીતે ગરજી ઊઠતો, પણ મારતો નહિ, ખાલી પાસે થઈને નીકળી જતો અને રાશ લઈને પાછો આવતો.

"એક વાર હું ને પોલકાન કુઝનેત્સ્કી માર્ગ પર અચાનક જ ફાળ ભરતા દોડવા લાગ્યા. પરંતુ માલિકને કે કોચવાનને

જરાય બીક ન લાગી. તેઓ તો બસ હસતા હસતા ઘાંટા પાડીને લોકોને ચેતવવા લાગ્યા, અને બેઉ જણે અમને લગામ પકડીને એવી કાબેલિયતથી કાબૂમાં રાખ્યા કે કોઈને ઈજા ન થઈ...

"મારી અરધી જિંદગી અને મારા ઉત્તમ ગુણોની ભેટ મેં તેઓની સેવામાં ધરી દીધી. તેઓ મને વધારે પડતું પીવા દેતા એટલે મારા પગનો દાટ વળી ગયો, પરંતુ તે છતાં એ દિવસો મારી જિંદગીમાં સૌથી સુખી દિવસો હતા. તેઓ મને ગાડીએ જોડવા બાર વાગ્યે આવતા, મારી ખરીઓ ઉપર તેલ ચોપડતા, કેશવાળી અને માથાના વાળ ભીના કરતા, અને પછી મને ગાડીએ જોડી દેતા.

"અમારી નેતરની ગાડીમાં મખમલ મઢેલું હતું, જોતરમાં નાનકડાં રૂપાનાં બકલ હતાં, અને રાશ તેમ જ જાળી રેશમનાં હતાં. જોતર એવું મઝાનું હતું કે બધા પટ્ટા ને પટ્ટીઓ સરખી રીતે ગોઠવીને કસી લેવામાં આવે ત્યારે ખબર જ ન પડે કે જોતર ક્યાં પૂરું થાય છે ને ઘોડો ક્યાંથી શરૂ થાય છે. મને ગાડીએ જોડવાનું કામ સામાન્ય રીતે છાપરી નીચે કરવામાં આવતું. ખભા કરતાં પહોળી પીઠવાળો ફેઓફાન તેનો રાતો પટ્ટો બગલમાં દબાવીને આવતો, રકાબમાં પગ ભરાવતો, કશીક મશ્કરી કરતો, અને ચાબુક દેખાવ પૂરતો ગાડીમાં ભરાવી દેતો કારણ કે તેનો ઉપયોગ મારી ઉપર એ કદી ન કરતો. પછી કહેતો—'ચાલ, થઈ જા વહેતો!' હું દમામથી ચાલતો દરવાજાની બહાર નીકળી જતો, એંઠવાડની ડોલ લઈને બહાર નીકળતી રસોઈયણ બારણામાં જ ઊભી રહી જતી, અને બળતણ લઈને આવતો ખેડૂત ડોળા ફાડીને તાકી રહેતો. દરવાજાની બહાર અમે થોડેક સુધી જઈને

ઊભા રહી જતા. પછી હજૂરિયાઓ ને બીજા ગારીવાનો અમારી ફરતે ભેગા થઈને ગપ્પાં મારવા લાગતા. ત્યાં દરવાજા નજીક અમે સૌ વાટ જોતા ઊભા રહેતા, કેટલીક વાર તો ત્રણ ત્રણ કલાક જેટલો વખત એમ જ વીતી જતો, વચમાં ક્યારેક અમે થોડુંક રખડી આવતા પણ પાછા ફરીને વળી વાટ જોતા ઊભા રહેતા.

"આખરે દરવાજેથી ઘોંઘાટ સંભળાતો અને ધોળા વાળ તથા ગોળમટોળ પેટવાળો તિખોન નજરે પડતો. એણે ફ્રૉકકોટ પહેર્યો હોય અને દડબડ દોડતો આવીને સાદ પાડે—'ગાડી લઈ આવો!' એ જમાનામાં લોકોને ઘાંટો પાડીને 'આગે!' બોલવાની આજકાલની મૂર્ખાઈભરી ટેવ નહોતી, જાણે કેમ મને ખબર ન પડતી હોય કે આગળ ચાલવું કે પાછળ હઠવું. ફેઓફાન જીભ વડે ડચકારો બોલાવતો. અમે ગાડી બારણા તરફ હાંકતા અને ઠાકોર ઉતાવળાં ડગલાં ભરતો જાણે ગાડી, ઘોડો, કે ફેઓફાનની બાબતમાં કશું અસાધારણ ન હોય એમ બેપરવાઈના ભાવે બહાર નીકળતો. એણે માથે લોખંડી ટોપો પહેર્યો હોય, ઓવરકોટ ચડાવ્યો હોય, અને કદી છુપાવવો ન જોઈએ એવો એનો દેખાવડો, રતૂમડો, કાળાં ભવાંવાળો ચહેરો બીવરના ફરના રાખોડી કોલર વડે લગભગ ઢંકાઈ ગયેલો હોય. ફેઓફાન પીઠ આગળ નમાવીને અને હાથ લાંબા કરીને એવી અદા ધારણ કરી લેતો કે તેને ઝાઝી વાર ટકાવી રાખવાનું અશક્ય જ લાગે. ઠાકોર પિત્તળની આર જડેલી એડીઓ ને તલવાર ખખડાવતો અને જાણે ભારે ઉતાવળમાં હોય એવી રીતે ગાલીચા ઉપર સડસડાટ કદમ માંડતો બહાર નીકળતો. મારી ને ફેઓફાનની ઉપર તેમ જ જે વસ્તુઓને સૌ અંજાઈને વખાણની નજરે જોઈ રહ્યા

હોય તેની ઉપર નજર નાખવાની જાણે એને ફુરસદ જ ન હોય એમ લાગતું. ફેઓફાન જીભ વડે ડચકારો બોલાવતો. હું પટ્ટાને આંચકો મારીને વિનયી ચાલે પગથિયાં પાસે પહોંચી જતો અને ત્રાંસી નજર ઠાકોરની ઉપર નાખીને રેશમ જેવા વાળવાળું મારું જાતવાન માથું ઉછાળતો... ઠાકોર ખુશમિજાજમાં હોય તો ફેઓફાનને કશાંક વિનોદી વેણ કહેતો, ફેઓફાન એનું દેખાવડું માથું જરાક ફેરવીને જવાબ દેતો, અને હાથ નીચા કર્યા વગર ફક્ત મને એકલાને જ સમજાય પણ બીજા કોઈને ભાગ્યે જ કળાય એવી રીતે લગામ લગરીક હલાવતો એટલે હું દડબડ દડબડ રવાના થઈ જતો, મારા બદનના તમામ સ્નાયુઓ ફરકવા લાગતા, દરેક કદમે મારો વેગ વધી જતો, પાછલા પગ વડે હું હિમ ને કીચડ ગાડીના આગલા પાટિયા ઉપર ઉડાડતો. એ જમાનામાં કોચવાનોને જાણે પેટમાં પીડા થતી હોય એમ 'એય!' બરાડવાની આજકાલની મૂર્ખાઈભરી ટેવ પણ નહોતી, તેને બદલે તેઓ પોકાર કરતા કે 'સાવધાન!' ફેઓફાન પોકાર કરતો કે 'સાવધાન!' એટલે લોકો વેરવિખેર થઈને માર્ગ ખુલ્લો કરી દેતા અને ડોક લંબાવીને દેખાવડા ખસીઘોડાને અને દેખાવડા કોચવાનને અને દેખાવડા ઠાકોરને જતા જોઈ રહેતા...

એકધારા દડબડ દોડતા ઘોડાથી આગળ નીકળી જવામાં મને મઝા પડતી. ફેઓફાનને અને મને રસ્તે જતાં અમારી જહેમતને લાયક કોઈ ગાડી નજરે પડી જાય તો અમે અમારી ગાડી એની પાછળ પવનની ઝડપે દોડાવી મૂકતા, ધીરે ધીરે નજીક પહોંચી જતા, હું બીજી ગાડીના પાછળના ભાગ ઉપર કીચડ ઉડાડતો, આંબી જઈને બીજા ઘોડાની જોડાજોડ દોડવા લાગતો, પછી એટલો આગળ નીકળી જતો કે મારો હરીફ

મને નજરે પણ ન પડતો, ફક્ત એની દોડનો લગાતાર ઓસરતો જતો અવાજ પાછળથી મારે કાને પડતો. ઠાકોર ને ફેઓફાન ને હું કશો અવાજ કર્યા વગર જાણે અમારા જ કામમાં મશગૂલ હોઈએ અને રસ્તે ભેટી જતા ઊતરતા દરજ્જાના ઘોડા અમારા ધ્યાનમાં જ ન આવતા હોય એવો ડોળ કરતા. બીજા ઘોડાઓથી આગળ નીકળી જવામાં મને મઝા પડતી, અને સામેથી આવતા કોઈ પાણીદાર ઘોડાને જોવાનું પણ મને ગમતું: એક જ પળ, ઝપાટો, એક નજર, અને ઘોડો પસાર થઈ જતો, અમે વળી પાછા એકલા પોતપોતાની દિશામાં વહેતા રહેતા."

ઝાંપે કિચૂડ કિચૂડ કકળાટ કર્યો અને નેસ્તેર તથા વાસ્કાના અવાજો કાને પડયા.

પાંચમી રાત

હવામાન પલટાઈ રહ્યું હતું. આકાશ જાણે સવારથી ગમગીન હતું અને ઝાકળ નહોતી પડી, હવામાં ગરમાવો હતો અને મચ્છર પરેશાન કરી રહ્યા હતા. ટોળું ચોગાનમાં દાખલ થયું કે તરત જ ઘોડાં કાબરચીતરા ખસીઘોડા ફરતે એકઠાં થઈ ગયાં અને તેણે પોતાની કથનીનો આખરી હિસ્સો કહી સંભળાવ્યો.

"થોડા વખતમાં જ મારી સુખી જિંદગીનો અંત આવી ગયો. મારી એવી જિંદગી ફક્ત બે જ વરસ ચાલી. બીજા શિયાળાના અંતમાં મેં મારી જિંદગીની મોટામાં મોટી ખુશી માણી અને પછી તરત જ હું સખતમાં સખત ગમગીનીનો ભોગ બની ગયો. તહેવારના દિવસોમાં હું ઠાકોરને ઘોડદોડ

જોવા લઈ ગયો. દોડમાં આત્લાસની અને બીચોક સામેલ હતા. મને ખબર નથી કે દોડમાં પૈસા લગાવવાના ઓરડામાં માલિકને શી વાત થઈ હશે, પણ બહાર આવતાં જ એણે મને ઘોડદોડના માર્ગ પર લઈ જવાનું ફેઓફાનને ફરમાન કર્યું. મને ઘોડદોડના માર્ગ પર પહોંચાડીને આત્લાસની જોડે દોડાવવામાં આવેલો તે મને બરાબર યાદ છે. આત્લાસની બગીએ જોડેલો હતો અને હું શહેરી ગાડીએ. વળાંક પાસે હું એનાથી આગળ નીકળી ગયો. લોકો ખડખડાટ હસી પડયા અને હર્ષનાદ ગુંજી ઊઠયા.

"મને લઈ જવામાં આવ્યો ત્યારે લોકોનું મોટું ટોળું મારી પાછળ પાછળ ચાલવા લાગ્યું. પાંચેક અશ્વચાહકોએ મને ઠાકોર પાસેથી હજારો રૂબલની કિંમતે ખરીદી લેવાની તૈયારી બતાવી, પરંતુ એણે તો માત્ર હસીને સુંદર ધોળા દાંત બતાવ્યા.

"'ના, એ કંઈ ઘોડો નથી, એ તો મારો દોસ્ત છે,' એણે કહ્યું. 'સોનાનો પહાડ મળે તોયે હું એને વેચું નહિ. આવજો, સજ્જનો!' એ ગાડીમાં બેસી ગયો.

"'ઓસ્તોઝેન્કા માર્ગ!' એ સરનામું એની રખાતનું હતું. અમે રવાના થઈ ગયા...

"અને એ જ મારો આખરી સુખી દિવસ હતો. અમે રખાતને ઘેર પહોંચ્યા. ઠાકોર એને મારી કહેતો પણ ઓરત તો બીજા કોઈ આદમીને ચાહતી હતી અને એની જોડે ભાગી ગયેલી. ત્યાં પહોંચતાં જ ઠાકોરને એ વાત જણાવવામાં આવી. પાંચ વાગ્યા હતા. મને એમ ને એમ ગાડીએ જોડેલો રાખીને એણે ઓરતનો પીછો કર્યો. અને મારી જોડે અગાઉ કદી નહોતું કરવામાં આવ્યું એવું વર્તન કરવામાં આવ્યું: મને ચાબુક

ફટકારીને ઝડપથી દોડાવવામાં આવ્યો. જિંદગીમાં પહેલી જ વાર હું કદમ ચૂકી ગયો. મને શરમ આવી અને હું ગલતીનો બદલો વાળી આપવા તત્પર થઈ ગયો, પણ અચાનક ઠાકોર ગળું ફાડીને બરાડી ઊઠયો: 'દોડ જલદી, કાળમુખા!' એણે ચાબુક હવામાં વીંઝીને મને ફટકાર્યો. હું પૂરઝડપે દોડવા લાગ્યો, મારા પગ ગાડીના ધાતુ જડેલા આગલા પાટિયા જોડે ટકરાવા લાગ્યા. લગભગ પચીસ કિલોમીટરનો ફાસલો કાપીને અમે ઓરતને આંબી ગયા. મેં ઠાકોરને પાછો ઘેર પહોંચાડી દીધો, પણ હું આખી રાત થરથરતો રહ્યો અને કશું ખાઈ ન શક્યો. સવારે મને થોડુંક પાણી આપવામાં આવ્યું. મેં પાણી પી લીધું પણ એ દિવસથી હું જાણે સાવ પલટાઈ ગયો. હું માંદો પડી ગયો. મારી ઉપર જુલમ વરસાવવામાં આવ્યો અને મારાં અંગ છેદી નાખવામાં આવ્યાં —લોકોમાં કહેવાય છે તેમ મારા રોગનો 'ઉપચાર' કરવામાં આવ્યો. મારી ખરીઓ નીકળી ગઈ, મને ચાંદાં પડી ગયાં, મારા પગ વળી ગયા, મારી છાતી જાણે ફસકી ગઈ, મારું મન સુસ્ત બની ગયું અને કાયા કમજોર થઈ ગઈ. એ લોકોએ મને ઘોડાના વેપારીના હાથમાં વેચી દીધો. કોઈ ભોળા ઘરાકને છેતરવાના ઈરાદે એણે મને ગાજર અને બીજી ચીજો ખવડાવીને મારો દેખાવ હું ખરેખર નહોતો એવો બનાવી દીધો. મારામાં હવે તાકાત કે ઝડપી ચાલ રહી જ નહોતી.

"વળી ઘોડાનો વેપારી પણ મારી ઉપર જુલમ વરસાવતો. કોઈ ઘરાક આવે ત્યારે એ તબેલામાં આવતો અને ચાબુક ફટકારીને મને એટલો ડરાવી દેતો કે મારો તો જાણે શ્વાસ અદ્ધર ચડી જતો. પછી ચાબુકની નિશાનીઓ ભૂંસી નાખીને એ મને બહાર લઈ જતો.

"એક ઘરડી બાઈએ મને ખરીદી લીધો. એ મને ગાડીએ જોડીને હંમેશાં ચમત્કારી સંત નિકોલાસના દેવળે લઈ જતી, અને ગાડીવાનને કોરડા ફટકારતી. ગાડીવાન તબેલામાં મારી કને આવીને આંસુ સારતો. આંસુનો સ્વાદ મઝાનો ખારો હોય છે તેની ખબર મને એ વખતે પડી. પછી ઘરડી બાઈ મરી ગઈ. એના કારસાજે મને ગામડાના એક દુકાનદારના હાથમાં વેચી દીધો. એ મને પુષ્કળ ઘઉં ખવડાવતો. એથી મારી બીમારીઓ વધી ગઈ. એણે મને એક કિસાનને ત્યાં વેચી દીધો. હું એનું હળ ખેંચતો અને મને ભાગ્યે જ કશું ખાવા મળતું. ત્યાં મારા પગમાં જખમ પડી ગયા. હું ફરી વાર માંદો પડી ગયો. એણે એક જિપ્સીની જોડે ઘોડાની અદલાબદલી કરી એટલે હું જિપ્સીના કબજામાં ગયો. એનું મારી જોડેનું વર્તન નફરત પેદા કરે એવું હતું. આખરે એણે મને આ કારભારીને ત્યાં વેચી દીધો અને હું અહીંયાં પહોંચી ગયો..."

કોઈએ કશો અવાજ ન કર્યો. વરસાદ વરસવા લાગ્યો.

૯

બીજે દિવસે સાંજે ઘોડાં ઘેર પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે તેઓને માલિકનો ભેટો થઈ ગયો. માલિક ભેગો કોઈ મહેમાન હતો. ઝુલદિબા ઘર નજીક પહોંચી રહી હતી ત્યારે તેની નજર બે આદમીની ઉપર પડી. એક તો જુવાન માલિક હતો, તેણે દર્ભનો ટોપો પહેર્યો હતો. બીજો આદમી ઊંચો ને જાડો હતો, તેણે લશ્કરી યુનિફૉર્મ પહેર્યો હતો. ઘરડી ઘોડી તેઓને ત્રાંસી નજરે જોતી આગળ નીકળી ગઈ, પરંતુ

જુવાન ઘોડાં શરમાઈને અકળાઈ ગયાં. માલિક અને મહેમાન સીધા ટોળામાં ઘૂસીને વાતો કરતા કરતા એકબીજાનું ધ્યાન આ કે તે બાબત તરફ ખેંચવા લાગ્યા ત્યારે ઘોડાંની શરમ ને અકળામણ ખાસ વધી ગઈ.

"પેલી ટપકાંદાર ઘોડી મેં વોયેઈકોવ પાસેથી ખરીદેલી," માલિક બોલ્યો.

"આ ધોળા પગવાળી કાળી જુવાન ઘોડી મઝાની છે—ક્યાંની છે?" મહેમાને પૂછ્યું. તેઓએ કેટલાંય ઘોડાંને દોડાવીને અને ઊભાં રાખીને તપાસી જોયાં. બદામી ઘોડી ઉપર નજર પડતાં માલિકે કહ્યું:

"ખ્રેનોવોની જાતવાન સવારી ઘોડી છે."

તેઓ ચાલતા ચાલતા જ બધાં ઘોડાંને તપાસી શકે એમ નહોતું. માલિકે નેસ્તેરને સાદ પાડ્યો. બુઢ્ઢો ઘોડારિયો કાબરચીતરા ખસીઘોડાને પડખાંમાં એડી મારીને દોડાવતો લઈ આવ્યો. ખસીઘોડાનો એક પગ લંગડાતો હોવા છતાં તેણે પૂરી જહેમત કરી. સાફ જણાઈ આવતું હતું કે તેને પૂરઝડપે પૃથ્વીના છેડા સુધી દોડાવવામાં આવ્યો હોત તોયે તેણે જરાય બબડાટ ન જ કર્યો હોત. એ તો ફાળ ભરીને વેગીલી દોડ લગાવવાયે તૈયાર હતો, અને તેણે સાજા પગ વડે એવી કોશિશ કરી પણ ખરી.

"આના કરતાં બહેતર ઘોડી તમને આખા રશિયામાં ક્યાંય નહિ મળે, હું છાતી ઠોકીને કહું છું," માલિકે એક ઘોડી તરફ આંગળી ચીંધીને કહ્યું. મહેમાન જવાબમાં વખાણનાં કશાંક વેણ બોલ્યો. માલિક ઉત્તેજિત અવસ્થામાં આમથી તેમ દોડાદોડી કરતો ઘોડાં બતાવી રહ્યો હતો અને દરેકની તવારીખ તથા વંશાવળી જણાવી રહ્યો હતો. મહેમાન કંટાળી

ગયો હોય એમ લાગતું હતું, પરંતુ દિલચસ્પીનો દેખાવ કરવા સવાલો ઉપજાવી કાઢતો હતો.

"એમ? વાહ!" મહેમાન શૂન્યભાવે બોલતો.

"આને જુઓ," મહેમાનને ચડેલા કંટાળાથી અણજાણ માલિક બોલ્યો. "પગ કેવા મઝાના છે! મારે સારી એવી રકમ ચૂકવવી પડેલી, પણ એનો ત્રણ વરસનો વછેરો હવે દોડવા લાગ્યો છે."

"એની દોડ સારી છે?" મહેમાને પૂછ્યું.

તેઓએ એક એક કરીને તમામ ઘોડાં અંગે વાતચીત કરી લીધી અને વધુ કહેવાનું કંઈ રહ્યું જ નહિ. થોડી વાર બન્ને ચુપ રહ્યા.

"જઈશું હવે?"

"ચાલો."

તેઓ ઝાંપો પાર કરીને બહાર નીકળ્યા. ઘોડાં તપાસી જોવાનું પતી ગયું અને ઘેર પાછા ફરવાની વાત થઈ એથી મહેમાનને ખુશી ઊપજી. તેને થયું કે હવે જઈને ખાણાંપીણાંની ને ધુમાડા કાઢવાની મોજ માણવા મળશે. તે જાણે ખુશમિજાજમાં આવી ગયો. કાબરચીતરા ઉપર સવાર થયેલો નેસ્તેર બહાર બીજાં ફરમાનોની વાટ જોઈ રહ્યો હતો. બન્ને જણ તેની પાસે થઈને નીકળ્યા એટલે મહેમાને પોતાના મોટા ચરબીદાર પંજા વડે ખસીઘોડાની પૂંઠ થાબડી.

"દેખાવડો ઘોડો છે!" તેણે કહ્યું. "મારેય એક કાબરચીતરો ઘોડો હતો, મેં તમને વાત કરેલી, યાદ છે ને?"

માલિકે જાણે સાંભળ્યું જ નહિ કારણ કે વાત તેના કોઈ ઘોડાને લગતી નહોતી. તેની નજર તો પોતાનાં ઘોડાં ઉપર જ મંડાયેલી હતી.

એકાએક હણહણાટની કમજોર, જરાગ્રસ્ત, બેહૂદી કોશિશ જાણે તદ્દન તેના કાનની અંદર જ થઈ હોય એમ લાગતાં તે ચોંકી ગયો. હણહણાટ ખસીઘોડાનો હતો, પરંતુ તે ગભરાટમાં અધવચ્ચે જ પાછો ચુપ થઈ ગયો. મહેમાન અને માલિક તેને મુદ્દલ ધ્યાનમાં લીધા વગર જ ઘર તરફ ચાલ્યા ગયા. ગજિયાએ જાડા આદમીને ઓળખી લીધો હતો, એ તેનો પ્યારો માજી માલિક હતો, એક જમાનામાં અમીર ને દેખાવડો ઠાકોર સેર્પુખોવ્સ્કોઇ હતો.

૧૦

. . . .

. . . .

ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. ચોગાનમાં જાણે ગમગીની છવાઈ ગઈ હતી, પરંતુ વિશાળ હવેલીની અંદર એથી સાવ નિરાળું વાતાવરણ હતું. વૈભવથી છલકાતા દીવાનખંડમાં લહેજતદાર ચાનાસ્તો પીરસાઈ રહ્યો હતો. મેજબાન, તેની માશૂક, અને મહેમાન ટેબલ ફરતે બેઠાં હતાં.

બાઈ સગર્ભા હતી. તેનું ફુલેલું પેટ, સમોવાર પાસે ખુરશીમાં તેની અક્કડ પીઠ, તેની ભરીભરી કાયા, અને ખાસ કરીને તો સૌમ્ય ગંભીર ભાવ છલકાવતાં અને તેના પોતાના અંતરમન ઉપર મંડાયેલાં લાગતાં તેનાં મોટાં નેણ એ વાતની ચાડી ખાતાં હતાં.

મેજબાનના હાથમાં ઊંચી જાતની દસ વરસ જૂની સિગારનો દાબડો હતો. એવી સિગાર તેના સિવાય બીજા કોઈને ત્યાં નહોતી, અથવા તે મહેમાનની સામે એવી

બડાઈ હાંકી રહ્યો હતો. મેજબાન લગભગ પચીસ વરસનો દેખાવડો આદમી હતો—તેના ચહેરા ઉપર તાજગી વરતાતી હતી, કપડાં સાફ ને સુઘડ હતાં, વાળ સરખી રીતે ઓળેલા હતા. ઘરમાં તેણે લંડનની સિલાઈનો ઢીલો ગરમ સૂટ પહેર્યો હતો. તેના ઘડિયાળની સાંકળીમાં મોટાં કીમતી મોતી લટકી રહ્યાં હતાં. તેનાં મોટાં મોટાં કફબટન પણ સોનાનાં હતાં અને તેમાં પીરોજ જડેલા હતા. તેની દાઢી નેપોલિયન ત્રીજાની ઢબે કાતરેલી હતી, અને તેના ઉપલા હોઠે ઉંદરની પૂંછડી જેવી પાતળી મૂછો મીણ લગાવીને પેરિસની ફેશન મુજબ સરસ રીતે વાળેલી હતી.

બાઈએ બારીક રેશમનો ડ્રેસ પહેર્યો હતો અને તેમાં ફૂલના ગુચ્છાની ભાત હતી. તેના ભરાવદાર બદામી કેશમાં સોનાની મોટી મોટી વાંકીચૂકી પિનો ભરાવેલી હતી. કેશ ખૂબ સુંદર હતા, પછી ભલે પૂરેપૂરા તેના પોતાના ન હોય. તેની આંગળીઓ તથા કાંડાંમાં કેટલીય કીમતી વીંટીઓ તથા બંગડીઓ હતી.

સમોવાર ચાંદીનું હતું, અને કપરકાબી ચિનાઈ માટીની કલાના સુંદરતમ નમૂના જેવાં હતાં. ભપકાદાર પોશાક પહેરેલો ચાકર ફરમાનોની વાટ જોતો બારણા નજીક પૂતળાની જેમ ઊભો હતો. તેણે લટકતા છેડાવાળો કોટ તથા સફેદ જાકીટ પહેર્યાં હતાં અને ગળે રૂમાલ બાંધ્યો હતો. કાષ્ઠની વાંકીચૂકી ભાતોનું નકશીદાર ફર્નિચર શોભીતું હતું. દીવાલો પર ચોડેલા ઘેરા રંગના શોભનકાગળમાં પુષ્પોની ભાત હતી. અત્યંત શુદ્ધ જાતવાન શિકારી કૂતરો ટેબલ નજીક બેઠો હતો. તેના ગળામાં બાંધેલી રૂપાની સાંકળ અવારનવાર રણકી ઊઠતી હતી. કૂતરાને કશુંક અજબ અંગ્રેજી નામ આપવામાં આવ્યું

હતું, અને મેજબાન તથા તેની માશૂકને અંગ્રેજી ભાષા આવડતી ન હોવાથી તેઓ એ નામ સરખી રીતે ઉચ્ચારી નહોતાં શકતાં.

એક ખૂણામાં ફૂલોનાં કૂંડાંની વચ્ચે મોતીજડિત પિયાનો ગોઠવેલો હતો. બધું રાચરચીલું નવું, અનેરું, અને મૂલ્યવાન લાગતું હતું. પરંતુ તેમાં વૈભવ, આડંબર, અને બૌદ્ધિક રુચિઓના અભાવની છાપ ન હોત તો તે રળિયામણું લાગ્યું હોત.

મેજબાનને રેસના ઘોડાઓની ઘેલછા હતી. તે રંગીલા મિજાજનો કદાવર ને તંદુરસ્ત આદમી હતો. તે એવા પ્રકારનો માણસ હતો કે જે કદી વિલાતા નથી, ફરના કોટ પહેરીને ઘોડેસવારી કરે છે, નટીઓની સામે મોંઘા ફૂલગોટા ફગાવતા રહે છે, બેહદ મોંઘી હોટેલોમાં જઈને તદ્દન નવી જાતનાં અત્યંત કીમતી મદ્યો પીતા રહે છે, પોતાના નામે ઈનામો જાહેર કરે છે, અને ખર્ચાળ રખાતો રાખે છે.

તેનો મહેમાન નિકીતા સેર્પુખોવ્સ્કોઇ ચાળીસની ઉંમર વટાવી ગયેલો ઊંચો, જાડો, ને ટાલિયો આદમી હતો. તેને મોટી મોટી મૂછો હતી અને તેણે કલ્લા રાખ્યા હતા. તે જુવાનીમાં ખૂબ દેખાવડો રહ્યો હશે, પરંતુ હવે તેનો દેખાવ શારીરિક, નૈતિક, તેમ જ નાણાકીય દૃષ્ટિએ ભાંગીને ભુક્કો થઈ ગયેલા આદમી જેવો હતો.

તેને માથે એટલું બધું કરજ ચડી ગયું હતું કે તેને જેલથી બચવા સરકારી નોકરી લેવી પડી હતી. તેને એક પ્રાંતિક શહેરમાં અશ્વ ઉછેરની જવાબદારી સોંપવામાં આવી હતી એટલે તે ત્યાં જઈ રહ્યો હતો. તેને એવી નોકરી પણ લાગવગદાર સગાંસંબંધીઓની કોશિશોના પરિણામે જ મળી

હતી. તેણે લશ્કરી કોટ અને બ્લૂ પાટલૂન પહેર્યાં હતાં. કોટ ને પાટલૂન અમીરો પહેરે એવાં હતાં, તેનું શર્ટ પણ એવું જ હતું, અને તેનું ઘડિયાળ ઈંગ્લૅંડમાં બનેલું હતું. તેના બૂટના સોલ અજબ હતા—લગભગ એક ઇંચ જાડા.

નિકોલાઈ સેર્પુખોવ્સ્કોઈએ વીશ લાખ રૂબલની દોલત ફૂંકી નાખી હતી અને વધારામાં એક લાખ વીશ હજાર રૂબલનું કરજ લીધું હતું. જેની પાસે એટલી બધી દોલત રહી હોય એ માણસ ખાલી શાખના આધારે જ નાણાં ઉછીનાં લઈ શકે અને બીજાં દસ વરસ લગભગ એશઆરામની જિંદગી માણી શકે. એવાં દસ વરસ પણ વીતી ગયાં હતાં, શાખ ખતમ થઈ ગઈ હતી, અને હવે નિકીતાની જિંદગી બોજ બની ગઈ હતી. તેણે દારૂ ઢીંચવાનું શરૂ કરી દીધું—એટલે કે હવે તેને દારૂ પીવાથી નશો ચડવા લાગ્યો. અગાઉ ક્યારેય એમ નહોતું બનતું. દારૂ પીવાની બાબતમાં એમ હતું કે ખરેખર તો તેની શરૂઆત પણ ક્યારેય નહોતી કરવામાં આવી અને અંત પણ ક્યારેય નહોતો આણવામાં આવ્યો. તેનું પતન સૌથી વધારે તો તેની આંખોની બેચેની (તેની નજર આમતેમ ભટકતી રહેતી) અને તેના અવાજ તથા હલનચલનની દુવિધામાં વરતાઈ આવતું. તેની બેચેની એકદમ ધ્યાનમાં આવી જતી કારણ કે એ તેના નવા લક્ષણ તરીકે પરખાઈ જતી. અગાઉ કદી તેને કોઈની કે કશી બાબતની બીક નહોતી લાગતી પરંતુ કેવળ તેની તાજેતરની પરેશાનીઓને લીધે જ તે સ્વભાવથી તદ્દન વિપરીત એવી સતત અશંકાની અવસ્થામાં સરી પડયો હતો. મેજબાન અને તેની માશૂક એ વાત કળી ગયાં અને તેમણે નજરની આપલે કરીને પરસ્પર જણાવી દીધું કે આપણે એકબીજાના ખ્યાલ સમજીએ છીએ.

આ માણસ અંગે વિગતવાર વાતચીત આપણે હમણાં મોકૂફ રાખીને રાતે સૂતી વેળા કરીશું, અત્યારે તો બિચારા નિકીતાની હાજરી સહી લેવી અને તેની જોડે માયાળુ વર્તન પણ કરવું. નિકીતાને મેજબાનની જાહોજલાલી જોઈને મનમાં હીણપત લાગી અને પોતાની પાછલી જિંદગીની યાદો પરાણે તાજી થઈ જતાં તેના મનમાં ઈર્ષ્યા પેદા થઈ.

"અમે સિગાર પીએ તો વાંધો નથી ને, મેરી?" તેણે મહિલાને પૂછ્યું. તેના અવાજમાં બહોળા અનુભવમાંથી હાંસલ થાય એવી વિચિત્ર અને માયાવી છાયા હતી, વિનમ્રતા અને મિત્રભાવ હતાં, પરંતુ પૂરતો આદર નહોતો. સુધરેલા માણસો પોતાના મિત્રોની પત્નીઓની સરખામણીમાં રખાતોની જોડે જેવા ભાવે વાત કરે એવો ભાવ તેના અવાજમાં હતો. તેનો ઈરાદો મહિલાને દૂભવવાનો મુદ્દલ નહોતો. એથી ઊલટું તેની મુરાદ તો મહિલાનો તેમ જ મેજબાનનો સદ્ભાવ હાંસલ કરવાનો હતો, જોકે એવો એકરાર તેણે કદી ન જ કર્યો હોત. આવી સ્ત્રીઓ જોડે એવા અવાજે વાત કરવાની તેને બસ ટેવ હતી એટલું જ. તેને ખબર હતી કે તે કોઈ મહિલા જોડે વાત કરવાની રીતે બોલ્યો હોત તો બાઈને આશ્ચર્ય થયું હોત અને કદાચ માઠું પણ લાગ્યું હોત. વળી અવાજમાં માનમરતબો વ્યકત કરવાની સ્વીકૃત રીત તેને પોતાના સમાન આદમીની ખરી પત્ની સારુ બાકી રાખવાની હતી. તે રખાત સ્ત્રીઓ જોડે હંમેશાં શિષ્ટાચાર જાળવતો. તેનું કારણ એ નહોતું કે ગમે તે સામાજિક દરજ્જાના માણસની વ્યકિત તરીકેની પ્રતિષ્ઠા અંગે, લગ્નની પોકળતા અંગે, અને એવી જ બીજી બાબતો અંગે સામયિકોમાં વ્યકત કરવામાં આવતી કહેવાતી પ્રતીતિઓમાં (એવો કચરો તે કદી વાંચતો જ નહિ) તે માનતો હોય. કારણ તો એ હતું કે બધા સભ્ય માણસો રખાતો

જોડે એવું જ વર્તન કરતા, અને તે પોતે ભલે પડતીની દશામાં હોય તોયે સભ્ય ઇન્સાન તો હતો જ.

તેણે સિગાર કાઢી. મેજબાને બેસમજદારીથી થોડીક સિગાર હાથમાં લઈને તેની સામે ધરતાં કહ્યું:

"લો, આ રાખી લો, સરસ છે, તમને ગમશે."

નિકીતાએ હાથ હલાવીને ઇનકાર કરી દીધો અને તેની આંખોમાં અપમાન તથા મનદુ:ખનો ભાવ ઝબકી ગયો.

"આભાર," તે બોલ્યો અને પોતાનું સિગાર-કેસ સામે ધરતાં તેણે ઉમેર્યું: "આને અજમાવી જુઓ."

બાઈ લાગણીશીલ હતી. તે સમજી ગઈ કે શું બની ગયું છે, એટલે તે એકદમ બોલી ઊઠી: "મને તો સિગાર બહુ ગમે. સૌ મારી આસપાસ સિગાર ન પીતા રહેતા હોત તો કદાચ હું પોતે જ પીવા લલચાઈ જાત." પછી તેણે સોહામણું માયાળુ સ્મિત કર્યું. જવાબમાં સેર્પુખોવ્સ્કોઇના હોઠ જાણે અરધા મલકી ગયા. તેના બે દાંત પડી ગયા હતા.

"ના, આ લો," હૈયાસૂના મેજબાને આગ્રહ જારી રાખ્યો. "પેલી બરાબર કડક નથી. ફ્રીટ્ઝ, બીજી સિગાર લઈ આવ, જલદી," તેણે ચાકરને જર્મન ભાષામાં ફરમાન કર્યું.

જર્મન ચાકર સિગારનું નવું બોક્સ લઈ આવ્યો.

"તમને કેવી સિગાર ગમે? કડક? આ બહુ સરસ છે. બધી રાખી લો," તેણે આગ્રહ પકડી રાખ્યો. પોતાની સરસ ચીજોના પ્રદર્શનના હર્ષાવેશમાં તે બીજું બધું વીસરી ગયો. સેર્પુખોવ્સ્કોઇએ સિગાર સળગાવીને વાતચીતનો તાણો ઝટ પાછો સાંધી દેવાની કોશિશ કરતાં પૂછ્યું:

"તમે શું કહેતા હતા? આત્લાસની માટે કેટલા પૈસા ખર્ચેલા?"

"બહુ, ઓછામાં ઓછા પાંચ હજાર, પણ પૈસા લેખે લાગ્યા. એની ઓલાદ જોવા જેવી છે."

"દોડ સારી છે?"

"એકેએકની. આ વરસે એના બેટાને ત્રણ ઇનામ મળ્યાં: તુલામાં, મોસ્કોમાં, અને સેંટપિટર્સબર્ગમાં, વોયેઇકોવના વોરોનોઈની સામે. ગધેડા જોકીએ ચાર વાર છબરડા ન વાળ્યા હોત તો એને વાવટા જેટલે પાછળ રાખી દીધો હોત."

"હજી અણઘડ છે. ખરું પૂછો તો એનામાં વધારે પડતું ઉચ લોહી છે," સેર્પુખોવ્સ્કોઇએ કહ્યું.

"અને ઘોડીઓ જોવા જેવી છે. કાલે બતાવીશ. દોબ્રીન્યાના ત્રણ હજાર ને લાસ્કોવાયાના બે હજાર ચૂકવ્યા છે."

મેજબાન વળી પાછો પોતાની દોલતની શેખી મારવા લાગ્યો. બાઈ સમજી ગઈ કે એથી સેર્પુખોવ્સ્કોઇનું મન દુભાય છે અને તે વાત સાંભળવાનો ફક્ત ઢોંગ જ કરી રહ્યો છે.

"થોડીક ચા લેશો વધારે?" તેણે પૂછ્યું.

"ના," મેજબાને જવાબ આપ્યો અને પોતાની વાત ચાલુ રાખી. બાઈ ઊભી થવા લાગી પણ મેજબાને તેને અટકાવીને કમ્મર ફરતે હાથ વીંટાળતાં ચૂમી ભરી લીધી.

સેર્પુખોવ્સ્કોઇ તેમને નીરખતો હોઠ મલકાવવા—તેમને બતાવવા જાણી જોઈને અસ્વાભાવિક રીતે હોઠ મલકાવવા—જતો હતો, પરંતુ મેજબાન ઊભો થઈને માશૂકની કમ્મર ફરતે હાથ વીંટાળતો તેને મૂકવા બારણા સુધી ગયો એ જોતાં તેના ચહેરા પરના ભાવ અચાનક પલટાઈ ગયા. તેણે ઊંડો નિસાસો નાખ્યો અને તેના સૂજેલા મોં પર વિષાદ છવાઈ ગયો. તેમાં ખીજભરી નાખુશીની છાયા પણ વરતાતી હતી.

૧૧

મેજબાન મોં મલકાવતો પાછો આવ્યો અને નિકીતાની સામે બેસી ગયો. થોડી વાર બન્ને ચૂપ બેઠા રહ્યા.

"તમે કહ્યું કે એને વોયેઇકોવ પાસેથી ખરીદેલો, ખરું ને?" સેર્પુખોવ્સ્કોઇ સાધારણ ભાવે બોલ્યો.

"આત્લાસ્ની? હા. મારે દુબોવિત્સ્કી પાસેથી ઘોડી ખરીદવી હતી, પણ ખરીદવા જેવું એની પાસે કશું હતું જ નહિ."

"એ તો પાયમાલ થઈ ગયો છે," સેર્પુખોવ્સ્કોઇએ કહ્યું, પરંતુ તરત જ અટકી જઈને તેણે આસપાસ નજર ફેરવી. તેને યાદ આવ્યું કે તેણે એ "પાયમાલ" સજ્જન પાસેથી વીશ હજાર રૂબલનું કરજ લીધું છે. તેને થયું કે લોકો દુબોવિત્સ્કીને પાયમાલ ગણતા હોય તો પોતાને કેવો ગણતા હશે. તે ચૂપ થઈ ગયો.

વળી લાંબી ચુપકી છવાઈ ગઈ. મેજબાન મનમાં વિચારતો રહ્યો કે મહેમાનની સામે કઈ કઈ બાબતોનાં બગણાં ફૂંકી શકાય એમ છે. સેર્પુખોવ્સ્કોઇ વિચાર કરતો હતો કે પોતે પાયમાલ નથી થઈ ગયો એમ બતાવવા શું કહેવું. પરંતુ સિગારના તાજગીબક્ષ ધુમાડા છતાં બેઉનાં ભેજાં ઢીલાં ચાલી રહ્યાં હતાં.

"આ માણસ હવે દારૂ ક્યારે આપશે?" સેર્પુખોવ્સ્કોઇને થયું.

"હવે થોડોક દારૂ ગટગટાવીએ તો ઠીક, નહિતર હું તો કંટાળાથી જ મરી જવાનો," મેજબાન મનમાં વિચારી રહ્યો હતો.

"તમે અહીંયાં ઝાઝું રોકાવાના છો?" સેર્પુખોવ્સ્કોઇએ પૂછ્યું.

"હજી એક મહિનો. જમવા બેસીએ તો કેમ? ફ્રીટ્ઝ, જમવાનું તૈયાર છે?"

તેઓ ભોજનખંડમાં ગયા. છતમાં લટકતા ઝુમ્મર નીચે ટેબલ પર શમાદાન તેમ જ જાતજાતની ચીજો ગોઠવેલી હતી: બરણીઓ, બૂચમાં ભરાવેલી ઢીંગલીથી શોભતી બાટલીઓ, વોદકા, સરસ મદ્યોથી ભરેલી સુરાહીઓ, અને પ્લેટમાં પીરસેલી લહેજતદાર વાનગીઓ. તેમણે મદ્યની પ્યાલીઓ ગટગટાવીને ખાવાનું શરૂ કર્યું, ફરી પીધું, ફરી ખાધું, અને આખરે વાતચીત શરૂ કરી. સેર્પુખોવ્સ્કોઇના ચહેરામાં સુરખી આવી ગઈ અને તે મુક્ત ભાવે વાત કરવા લાગ્યો.

તેમણે સ્ત્રીઓ વિશે વાતો કરી, પોતપોતાની રખાતોની વાતો કરી—જિપ્સી લલનાઓ, ફ્રેંચ રમણીઓ, અને નૃત્યાંગનાઓની વાતો કરી.

"તો તમે માતિયેને તજી દીધી, ખરું ને?" મેજબાને પૂછ્યું.

સેર્પુખોવ્સ્કોઇને પાયમાલીમાં ધકેલી દેનારી ઓરતનું નામ માતિયે હતું.

"ના, મેં નહિ, એણે મને તજી દીધો. અરે, આદમીની જિંદગીમાં કેવું કેવું બની જાય છે! આજકાલ તો હાથમાં હજાર રૂબલ આવી જાય તોયે સુખની લાગણી થાય છે, અને સૌથી દૂર ચાલ્યા જવાનું બને તો તેને હું ખુશીની વાત ગણું છું. મારાથી મોસ્કોમાં તો હવે રહેવાય એમ નથી. અરે, શી વાત કરવી!"

સેર્પુખોવ્સ્કોઇની વાતો સાંભળીને મેજબાનને કંટાળો ચડી રહ્યો હતો. તેને તો પોતાની જ વાતો કરવાનું મન હતું, શેખી મારવાની તાલાવેલી હતી. અને સેર્પુખોવ્સ્કોઇને પોતાની

વાત કરવાનો, પોતાના અદ્ભુત ભૂતકાળની વાત કરવાનો, ઉમંગ હતો. મેજબાન મહેમાનની પ્યાલીમાં મદ્ય રેડીને તેની વાત પૂરી થવાની વાટ જોવા લાગ્યો. તેના મનમાં મહેમાનને જણાવવાની ઉત્કંઠા હતી કે મેં મારી અશ્વશાળામાં કોઈને કદી ખ્યાલ ન આવ્યો હોય એવી સરસ વ્યવસ્થા કરી છે, મેરી મને મારી દોલત ખાતર નહિ પણ ખરા દિલથી ચાહે છે.

"હું તમને કહેવા જ જતો હતો કે મારી અશ્વશાળામાં..." તેણે શરૂ કર્યું પણ સેર્પુખોવ્સ્કોઈ વચમાં બોલી ઊઠયો :

"હું ઈમાનદારીથી કહી શકું એમ છું કે એક જમાનામાં મને જિંદગી બહુ જ પ્યારી હતી અને જિંદગી જીવતાં મને બરાબર આવડતું હતું. તમે હમણાં ઘોડા દોડાવવાની વાત કરતા હતા—કહો જોઉં, તમે સૌથી વધારે વેગે કયો ઘોડો દોડાવેલો ?"

મેજબાને પોતાની અશ્વશાળાની વાત કરવાની તક ઝડપી લીધી, પરંતુ તેણે શરૂઆત કરી એટલામાં તો સેર્પુખોવ્સ્કોઈ વળી વચમાં બોલી ઊઠયો :

"હા, હા, તમને અશ્વશાળાના માલિકોને તો ખાલી ખ્યાતિનું ઘેલું હોય છે, મોજ માણવાની તાલાવેલી નથી હોતી, જિંદગી માણવાનો ઉમંગ નથી હોતો. હું એવો ક્યારેય નહોતો. મેં તમને આજે જ મારા કાબરચીતરા ઘોડાની વાત કરેલી, યાદ છે ને? તમારો ઘોડારિયો જેની ઉપર સવાર થયેલો હતો એવા જ રંગનો હતો મારો કાબરચીતરો. ગજબનો ઘોડો હતો! તમે માનશો જ નહિ. છેક બેતાળીસની સાતની વાત છે, હું મોસ્કોમાં રહેવા તાજો જ આવેલો. હું ઘોડાના વેપારી પાસે ગયો અને ત્યાં મેં આ કાબરચીતરો ખસીઘોડો

જોયો. ઘોડાની નિશાનીઓ બધી સારી હતી. કિંમત? એક હજાર. મને ઘોડો ગમી ગયો એટલે મેં ખરીદી લીધો અને તેને દોડાવવાનું શરૂ કરી દીધું. એના જેવો બીજો ઘોડો તમને કે મને કે બીજા કોઈને કદી મળ્યો નથી અને ભવિષ્યમાં કદી મળશે પણ નહિ. વેગ ને તાકાત ને રૂપની બાબતમાં અજોડ હતો! એ વખતે તમે તો હજુ બાળક હશો, તમે એને જોયો ન હોય, પણ એની વાત તો જરૂર સાંભળી હશે, આખું મોસ્કો જાણતું હતું."

"હા, એને વિશે સાંભળેલું તો ખરું," મેજબાન અનિચ્છાએ બોલ્યો. "પણ મારે તમને મારી અશ્વશાળાની..."

"બેશક સાંભળ્યું જ હોય. મેં તો એને બસ એમ જ ખરીદી લીધેલો, નહોતાં કોઈ કાગળિયાં કે વંશાવળી કે સિફારસ. વોયેઈકોવે ને મેં એનો વંશવેલો ગોતી કાઢયો. એ હતો ગજિયો—મોહન-પહેલાનો પુત્ર. આવડી મોટી ફાળ ભરતો. એ કાબરચીતરો હતો એટલે ખ્રેનોવોની અશ્વશાળાના માલિકે એને ઘોડારના ઉપરીના હાથમાં વેચી દીધો, અને ઉપરીએ એને ખસી કરાવીને ઘોડાના વેપારીને વેચી દીધો. અરે, એના જેવો બીજો ઘોડો કદી થયો જ નથી! વાહ, કેવા દિવસો હતા! જુવાની, મારી વીતેલી જુવાની!" કોઈ જિપ્સી ગીતના શબ્દો દોહરાવતાં તેણે નિસાસો નાખ્યો. તેને નશો ચડી રહ્યો હતો. "હા, અજબ દિવસો હતા. હું પચીસ વરસનો હતો, વરસના એંશી હજારની આવક હતી, માથામાં એક પણ ધોળો વાળ નહોતો, મારા તમામ દાંત સલામત હતા અને દરેક દાંત જાણે મોતી જેવો હતો. હું જે કંઈ કરું તેમાં મને કામયાબી મળતી. અને હવે—બધું ખલાસ!"

"એ જમાનામાં ઘોડા આજના જેટલા વેગીલા નહોતા," છવાઈ ગયેલી ચુપકીનો ફાયદો ઉઠાવતાં મેજબાને કહ્યું. "મારા શરૂઆતના ઘોડાની દોડ..."

"વળી તમારા ઘોડા! એ જમાનામાં ઘોડા એનાથી ઘણા વધારે વેગીલા હતા."

"વધારે વેગીલા એટલે?"

"એટલે વધારે વેગીલા. એક વાર મેં ગજિયાને મોસ્કોની ઘોડદોડમાં વહેતો મૂકી દીધેલો. દોડમાં મારા પોતાના ઘોડા સામેલ નહોતા. મને રેસના ઘોડા કદી ગમતા જ નહોતા, મને તો જાતવાન ઘોડા રાખવાનો જ શોખ હતો. મારી પાસે જનરલ, શોલેત, વગેરે હતા. હું કાબરચીતરાને ગાડીએ જોડીને નીકળી પડયો. મારો કોચવાન પણ ઉસ્તાદ હતો. મને બહુ ગમતો. બિચારો દારૂ ઢીંચી ઢીંચીને જ મરી ગયો. હું રેસના મેદાને પહોંચ્યો. 'તમે રેસના ઘોડા રાખવાનું ક્યારે શરૂ કરવાના છો, સેર્પુખોવ્સ્કોઇ?' એ લોકો પૂછવા લાગ્યા. 'મારે રેસના ઘોડાને શું કરવા છે? આ મારો કાબરચીતરો ટાયડો તમારા તમામ રેસઘોડાને હરાવી દે એવો છે,' મેં જવાબ આપ્યો, 'બને જ નહિ!' એ લોકો બોલી ઊઠયા. 'લગાવો એક હજાર રૂબલની શરત,' મેં પડકાર કર્યો. અમે હાથ મિલાવીને શરત ઉપર સિક્કો મારી દીધો. દોડ થઈ. મારો કાબરચીતરો પહેલો આવ્યો—પાંચ સેકંડે. હું હજાર રૂબલ જીતી ગયો. પણ એ તો કંઈ નથી. એક વાર મેં ત્રણ જાતવાન ઘોડા ગાડીએ જોડીને ત્રણ કલાકની અંદર એકસો કિલોમીટરનો પંથ કાપી નાખેલો. આખા મોસ્કોમાં એની વાતો થતી."

સેર્પુખોવ્સ્કોઇ એવી ઉસ્તાદીથી એકધારા ગપાટા હાંકતો

રહ્યો કે સામે બેઠેલા મેજબાનને વચ્ચે ક્યાંય એક અક્ષર પણ બોલવાનો મોકો ન મળ્યો. તેના મોં ઉપર ઊંડી નિરાશા છવાઈ ગઈ. મનને બીજે વાળવા તેને પોતાની અને મહેમાનની પ્યાલીમાં મદ્ય રેડવાનું ફક્ત એક જ કામ સૂઝતું હતું.

ઉજાસ થવા લાગ્યો, પણ તોયે બેઉ બેઠા રહ્યા. મેજબાન બેહદ કંટાળી ગયો હતો. આખરે તે ઊભો થઈ ગયો.

"હવે સૂઈ જઈએ," કહેતો સેર્પુખોવ્સ્કોઇ ઊભો થયો અને જોરથી શ્વાસ લેતો લથડતી ચાલે પોતાના ખંડ તરફ ગયો.

. . . .

. . . .

. . . .

મેજબાન રખાત ભેગો પલંગમાં પડયો હતો.

"ભયંકર માણસ છે. દારૂ ઢીંચતો ગયો ને લગાતાર જૂઠાણાં બકતો રહ્યો."

"અને મારી સામે ઇશ્કી ચેનચાળા કરતો હતો."

"મને બીક છે કે પૈસા કરજે માગવાનો."

સેર્પુખોવ્સ્કોઇ કપડાં બદલાવ્યા વગર જ પલંગમાં પડયો પડયો હાંફી રહ્યો હતો.

"લાગે છે કે આજે ગપાટા બહુ હાંક્યા," તેને થયું. "ભલે, એથી કંઈ ફેર નથી પડતો. મદ્ય સરસ હતું, પણ આદમી સાવ ડુક્કર છે. વેપારી જેવો. હુંયે ડુક્કર જ છું," તે મનમાં બોલ્યો અને ખડખડાટ હસી પડયો. "અગાઉ હું એવાંને રાખતો, હવે તેઓ મને રાખે છે. હું વિંકલર ઓરતનો રાખેલો છું—એની પાસેથી પૈસા લઉં છું. એવા

જ લાગનો છે. કપડાં બદલાવી લઉં. બૂટ કેમેય નીકળતા જ નથી."

"એય!.. એય!" તેણે સાદ પાડ્યો પણ ચાકર તો ક્યારનો સૂઈ ગયો હતો.

તે ઊભો થયો. તેણે કોટ અને જાકીટ કાઢી નાખ્યાં અને પછી પગ હલાવીને પાટલૂન પણ માંડ માંડ કાઢી નાખ્યું. તે કેટલીય વાર સુધી બૂટ કાઢવાની મહેનત કરતો રહ્યો પણ મોટું પેટ આડું આવતું હતું એટલે બૂટ કેમેય નીકળતા નહોતા. આખરે એક બૂટ તો નીકળી ગયો, પણ બહુ તાણવા ને બહુ હાંફવા છતાં બીજો બૂટ ન નીકળ્યો તે ન જ નીકળ્યો. એટલે તે એક બૂટ પહેરેલો જ રાખીને પલંગમાં લાંબો થઈ ગયો અને નસકોરાં બોલાવવા લાગ્યો. તમાકુ, મદ્ય, અને કાળમુખા ઘડપણની ગંધ ખંડમાં ભરાઈ ગઈ.

૧૨

એ રાતે ગજિયાને ઘણી ઘણી વાતો યાદ આવી હોત પણ વાસ્કાએ ખલેલ પાડી. તે કાબરચીતરાની પીઠે કપડું નાખીને સવાર થઈ ગયો અને તેને દોડાવતો પીઠે લઈ ગયો અને આખી રાત પીઠાની બહાર કોઈ ખેડૂતના ઘોડાની જોડાજોડ બાંધી રાખ્યો. બેઉ ઘોડા એકબીજાને ચાટતા રહ્યા. સવારે તે પાછો ટોળામાં સામેલ થઈ ગયો પણ તેને સખત ખજવાળ આવવા લાગી.

"આટલી બધી ખજવાળ કેમ આવતી હશે?" તેને થયું.

પાંચ દિવસ વીતી ગયા. જનાવરોના ડૉક્ટરને બોલાવવામાં આવ્યો.

"આને ખસ થઈ છે," ડૉક્ટર ખુશમિજાજમાં બોલ્યો. "વેચી નાખો, જિપ્સીઓને પધરાવી દો."

"શું કરવા? ગમે તો કતલ કરી નાખો, પણ અહીંથી તો આજે ને આજે કાઢો જ."

સવારમાં વાતાવરણ સાફ હતું અને નીરવતા છવાયેલી હતી. ટોળું ચરવા ચાલ્યું ગયું હતું. ગજિયાને ચરાણે નહોતા લઈ ગયા. વિચિત્ર દેખાવનો એક માણસ તેની પાસે આવ્યો – પાતળું શરીર, ઘેરો વાન, મેલોઘેલો, આખા કોટ ઉપર ડાઘા. કસાઈ હતો. તે ગજિયાની સામે જોયા વગર જ રાશ પકડીને તેને દોરી જવા લાગ્યો. ગજિયો પાછળ નજર નાખ્યા વગર રોજની જેમ પગ ઘસડતો ચાલવા લાગ્યો. તેના પાછલા પગ ખડમાં લપસી જતા હતા. તેઓ દરવાજો વટાવી ગયા એટલે ગજિયો કૂવા તરફ વળ્યો પણ કસાઈએ રાશ તાણતાં કહ્યું:

"શો ફાયદો?"

કસાઈ અને પાછળ પાછળ ચાલતો વાસ્કા તેને ઈંટની પડાળીની પાછળ ઊંડા ખાડા પાસે લઈ ગયા અને ત્યાં ઊભા રહી ગયા, જાણે કેમ એ સાવ સાધારણ જગ્યાની બાબતમાં કશુંક અસાધારણ હોય. કસાઈએ રાશ વાસ્કાના હાથમાં પકડાવીને કોટ કાઢી નાખ્યો, ખમીસની બાંયો ચડાવી દીધી, અને ઊંચા બૂટમાં ભરાવેલી છરી તથા પથરી કાઢીને ધાર તેજ કરવા લાગ્યો. ખસીઘોડાને વખત વિતાવવા કશુંક ચાવવાનું મન થયું હશે એટલે તેણે રાશ મોંમાં લેવાની કોશિશ કરી, પણ તે બહુ આઘી પડી એટલે તેણે નિસાસો નાખીને આંખો મીચી દીધી. તેનો હોઠ લટકી રહ્યો હતો અને ખૂંપરા જેવા દાંત નજરે પડતા હતા. પથરી ઉપર ઘસાતી છરીનો એકધારો અવાજ સાંભળતાં તેની આંખો ઘેરાવા લાગી. તેનો સોજાવાળો

દુખતો ઢીલો પગ ફરકી રહ્યો હતો એ એક જ બાબત તેને સતાવી રહી હતી. અચાનક કોઈએ તેનું જડબું પકડી લીધું અને આંચકો મારીને તેનું માથું ઊંચું કરી દીધું. તેણે આંખો ઉઘાડી. તેને બે કૂતરાં સામે નજરે પડયા. એક કૂતરું કસાઈ તરફ ડાચું માંડીને હવાને સૂંઘી રહ્યું હતું અને બીજું જાણે ખસીઘોડા પાસેથી કશીક અપેક્ષા રાખતું હોય એવી રીતે બેઠું બેઠું તેને તાકી રહ્યું હતું. કાબરચીતરો કૂતરાંની સામે જોતો તેનું માથું પકડનારા હાથ ઉપર ગાલ ઘસવા લાગ્યો.

"મારા રોગનો ઈલાજ કરશે એમ લાગે છે," તેને થયું. "ભલે કરતા."

અને ચોક્કસ, કોઈ તેના ગળાને કંઈક કરતું હોય એમ તેને લાગ્યું, પીડાનો સણકો થયો, તેણે ચોંકી જઈને પગ ઉછાળ્યા, પરંતુ પછી તે શાંત થઈને વાટ જોવા લાગ્યો કે આગળ શું બને છે... કશુંક ગરમ ગરમ પ્રવાહી તેની ગરદન અને છાતીએ થઈને નીચે વહેવા લાગ્યું. તેણે એટલો ઊંડો શ્વાસ લીધો કે તેનાં પડખાં ફૂલી ગયાં અને તરત જ તેને ખૂબ રાહત લાગી.

જિંદગીનો પૂરો બોજો જાણે તેની ઉપરથી ઊતરી ગયો. તેણે આંખો મીચી દીધી અને માથું ઢળી જવા દીધું. તેનું માથું પાછું ઊંચું કરવાની તકલીફ કોઈએ ન લીધી. તેની ગરદન ઢીલી પડી ગઈ, પગ ધ્રૂજવા લાગ્યા, અને બદન લથડી પડયું. તેને દહેશત કરતાં અચરજ વધારે થયું...

બધું જાણે તદ્દન પલટાઈ ગયું હતું. અચંબાના આવેગમાં તેણે આગળ ધસવાની કોશિશ કરી, ઊંચો ઠેકડો મારવાની મહેનત કરી... પણ તેના પગ વળી ગયા અને તે એક

તરફ ઢળી પડવા લાગ્યો. સમતુલા જાળવવાની કોશિશમાં તે ડાબે પડખે આગળ ફસકી પડયો.

આંચકીઓ ખતમ થઈ ગઈ ત્યાં સુધી કસાઈ વાટ જોતો ઊભો રહ્યો અને તેણે કૂતરાંને આઘાં રાખ્યાં. પછી તે નજીક ગયો અને તેણે ઘોડાને એક પગે પકડીને ચત્તો કરી નાખ્યો અને વાસ્કાને પગ પકડી રાખવાનું કહીને પોતે ખાલ ઉતારવાનું શરૂ કરી દીધું.

"એક જમાનામાં મઝાનો ઘોડો હતો," વાસ્કા બોલ્યો.

"થોડુંઘણું માંસ હોત તો ખાલ પણ મઝાની ઊતરી હોત," કસાઈ બોલ્યો.

સાંજે ટોળું ટેકરી ઊતરતું પાછું ફર્યું. ડાબી તરફ ચાલતાં ઘોડાંને ભોંયે પડેલી કશી રાતી ચીજ ઉપર તૂટી પડેલાં કૂતરાં નજરે પડયાં. કાગડા ભેગા થઈને કા... કા... કરી રહ્યા હતા, અને જરાક ઊંચે સમડીઓ ચકરાવા લઈ રહી હતી. એક કૂતરું એ ચીજને બે પંજા વડે દબાવીને માથું હલાવતું તેમાંથી બટકું ભરવાની કોશિશ કરી રહ્યું હતું.

આખરે તે કામયાબ થઈ ગયું.

બદામી ઘોડી નિશ્ચલ ઊભી રહી ગઈ અને ગરદન લંબાવીને કેટલીય વાર સુધી હવા સૂંઘતી રહી. બીજાં ઘોડાં તેને ત્યાંથી માંડ માંડ ચાલતી કરી શક્યાં.

પુરાણા વનના કોતરનાં ગીચ ઝાંખરાંમાં પરોઢિયે વરુનાં કેટલાંક બચ્ચાં ગેલ કરતાં દેકારો મચાવી રહ્યાં હતાં. બધાં મળીને પાંચ હતાં. ચાર એકસરખા કદનાં હતાં અને પાંચમું જરાક નાનું હતું. તેનું માથું તેના બદન કરતાં મોટું હતું. એક દૂબળી સુકલકડી માદા વરુ ઝાડીમાંથી બહાર નીકળી. તેના ઠાંસી ઠાંસીને ભરેલા તણાતા પેટમાં લટકતાં આંચળ

લગભગ જમીનને અડી રહ્યાં હતાં. તે આવીને બચ્ચાંની સામે બેસી ગઈ. બચ્ચાં જાણે અરધું કૂંડાળું રચીને બેઠાં હતાં અને માની સામે તાકી રહ્યાં હતાં. તે વળી ઊભી થઈને સૌથી નાના બચ્ચા પાસે ગઈ. તેણે આગલા બે પગ વાળીને માથું નીચું કર્યું, જડબાં ખોલ્યાં, અને પેટને થોડાક આંચકા મારીને ઘોડાના માંસનો મોટો કકડો બહાર કાઢ્યો. મોટાં બચ્ચાં એકદમ ધસી આવ્યાં પણ માએ તેઓને આઘાં તગેડી મૂક્યાં અને આખો કકડો નાના બચ્ચાને આપી દીધો. બચ્ચું જાણે ખીજે ભરાયું હોય એમ કકડાની ઉપર તૂટી પડ્યું. માંસને બે પંજા વચ્ચે પકડીને તે બટકાં ભરવા લાગ્યું. માએ એવી જ રીતે બીજો, ત્રીજો, ચોથો, ને પાંચમો કકડો પેટમાંથી બહાર કાઢ્યો. પાંચે પાંચ બચ્ચાંને ખાવાનું આપી દીધા પછી જ તે આરામ કરવા નજીક બેઠી.

એક અઠવાડિયામાં તો ઈંટની પડાળી નજીક એક મોટી ખોપરી અને જાંઘનાં બે હાડકાં સિવાય બીજું કશું જ બચ્યું નહોતું, બાકીનું બધું અદૃશ્ય થઈ ગયું હતું. ઉનાળા સારુ હાડકાં ભેગાં કરતો એક ખેડૂત ખોપરી તથા જાંઘનાં હાડકાં પણ ઉપાડી ગયો અને તેણે એ બધું પોતાના ઉપયોગ માટે ભૂકામાં પલટાવી નાખ્યું.

સેર્પુખોવ્સ્કોઈની ખાતી ને પીતી રહેતી મૃત કાયાને ઘણા વખત પછી જમીનને હવાલે કરી દેવામાં આવી. તેની ચામડી, માંસ કે હાડકાંની કોઈને મુદ્દલ જરૂર નહોતી.

ભોંય ઉપર ચાલતી તેની મૃત કાયા જેવી રીતે વીશ વીશ વરસ સુધી બોજો બની રહેલી હતી એવી જ રીતે એ કાયાને જમીનમાં દફનાવવાની કામગીરી પણ જેને કરવી પડી તેને બોજા સમાન જ હતી. લાંબા વખતથી કોઈને તેની મુદ્દલ

જરૂર નહોતી રહી, તે જાણે સાવ બલા જેવો જ હતો. તેમ છતાં, માનવીના શબને દફનાવનારા મૃત ઇન્સાનોને જરૂરી લાગ્યું કે તેના ફૂલી ગયેલા કોહતા શરીરને મઝાના યુનિફોર્મ તથા સરસ બૂટ વડે સજાવીને નવી સુંદર કફનપેટીમાં ગોઠવવામાં આવે, કફનપેટીને ચારે ખૂણે નવાં ફૂમતાં હોય, એ કફનપેટીને વળી બીજી સીસાની કફનપેટીમાં ગોઠવીને મોસ્કો લઈ જવામાં આવે, ત્યાં અધિક પુરાણી માનવ અસ્થિઓને એટલા સારુ ખોદી કાઢવામાં આવે કે નવા યુનિફોર્મ તથા ચકચકિત બૂટ વડે સજાવવામાં આવેલા તેના કોહતા જંતુગ્રસ્ત શરીરને જમીનમાં અમુક ચોક્કસ જગ્યાએ દફનાવી શકાય.

૧૮૮૫

ઇવાન ઇલ્યીચનું મૃત્યુ

આ કૃતિ ૧૮૮૪-૧૮૮૬ દરમિયાન લખવામાં આવી હતી. જાણીતા રશિયન વિજ્ઞાની ઈલ્યા મેચનિકોવના ભાઈ અને તુલાની અદાલતના સરકારી વકીલ ઈવાન ઈલ્યીચ મેચનિકોવના મૃત્યુના પ્રભાવ હેઠળ તોલ્સ્તોયે આ લઘુનવલ લખવાનું ૧૮૮૧માં નક્કી કર્યું હતું.

તોલ્સ્તોય આ કૃતિને ખૂબ મહત્ત્વની ગણતા હતા અને તેનું સર્જનકાર્ય લાંબો કાળ ચાલ્યું હતું. તેમણે કૃતિને કેટલીય વાર ફરી ફરીને લખી, તેને નોંધમાળાના રૂપમાં લખવાનો મૂળ ખ્યાલ તજી દીધો, તેમાં ઘણી નવી ઘટનાઓ તથા માનસિક આવેગોને લગતા પ્રસંગોની ગૂંથણી કરી. મુદ્રણ દરમિયાન પણ તોલ્સ્તોયે વાચનામાં સુધારાવધારા કર્યા હતા. કૃતિ અંતિમ રૂપમાં ૧૮૮૬માં પ્રકાશિત થઈ હતી.

૧

અદાલતની વિશાળ ઈમારતમાં મેલ્વીન્સ્કી મુકદ્દમો ચાલતો હતો ત્યારે એક વાર આરામની છુટ્ટી દરમિયાન સરકારી વકીલ અને અદાલતના સભ્યો ઈવાન યેગોરોવિચ શેબેકની ઓફિસમાં ભેગા થઈને ગપ્પાં મારી રહ્યા હતા. ક્રાસોવ મુકદ્દમાની વાત નીકળી હતી. ફ્યોદોર વાસીલ્યેવિચે જોશમાં આવી જઈને દલીલ કરી કે મામલો અદાલતના અધિકારક્ષેત્રની બહારનો છે, પરંતુ ઈવાન યેગોરોવિચે પોતાની વાત પકડી રાખી. પ્યોતર ઈવાનોવિચે વાદવિવાદમાં શરૂઆતથી જ મુદ્દલ ભાગ નહોતો લીધો અને થોડી વાર પહેલાં આવેલું છાપું વાંચવામાં મન પરોવી દીધું હતું.

"સજ્જનો, ઈવાન ઈલ્યીચ મરી ગયા," તેણે કહ્યું.

"ખરેખર?"

"આ લો, વાંચી જુઓ," તેણે તાજું છાપું ફ્યોદોર વસીલ્યેવિચના હાથમાં આપતાં કહ્યું. છાપામાંથી પ્રેસની રોશનાઈની આછી ગંધ હજી આવી રહી હતી.

કાળી બોર્ડરના ચોકઠામાં ખબર છપાયેલી હતી: "પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના ગોલોવિના શોકમય હૈયે સંબંધીઓ તથા મિત્રોને જણાવે છે કે તેમના પ્રિય પતિ ઈવાન ઇલ્યીચ ગોલોવિન, અદાલતના સભ્ય, ૧૮૮૨ના ફેબ્રુઆરીની ચોથી તારીખે પરલોક સિધાવ્યા છે. શબયાત્રા ગુરુવારે એક વાગ્યે નીકળશે."

ઈવાન ઇલ્યીચ એકત્રિત સજ્જનોનો સહયોગી હતો અને સૌને ગમતો. તે ઘણાં અઠવાડિયાંથી બીમાર હતો અને તેનો રોગ અસાધ્ય હોવાની વાતો સંભળાતી રહેતી. તેનું પદ ખાલી રાખવામાં આવ્યું હતું, પરંતુ અફવા ફેલાઈ ગઈ હતી કે તેનું અવસાન થાય તો તેને સ્થાને અલેક્સેયેવની નિમણૂક થશે અને અલેક્સેયેવનું પદ વીન્નિકોવ અથવા શ્તાબેલને મળશે. કે ઑફિસમાં એકત્રિત સજ્જનોએ ખબર સાંભળી કે તરત જ દરેકના મનમાં વિચારો ઊઠ્યા કે હવે થનારા ફેરફારો તથા બઢતીઓની કેવી અસર પોતાનાં તેમ જ મિત્રોનાં સ્થાનોની બાબતમાં પડશે.

"મને તો શ્તાબેલ અથવા વીન્નિકોવની જગ્યા ચોક્કસ મળશે જ," ફ્યોદોર વસીલ્યેવિચને થયું. "લાંબા વખતથી એની ખાતરી તો મને મળેલી જ છે. બઢતી મળશે તો પગાર આઠસો રૂબલ વધી જશે, અને ઉપરથી ઑફિસના ખર્ચ પેટે ભથ્થાં પણ મળશે."

"હવે કાલુગાથી સાળાની બદલીની અરજી કરી જ દેવી જોઈએ," પ્યોતર ઈવાનોવિચ વિચારવા લાગ્યો. "પત્ની રાજી થઈ જશે. એના કુટુંબ સારુ હું કદી કંઈ કરતો જ નથી, એવી ફરિયાદ ખતમ થઈ જશે."

"મને તો લાગતું જ હતું કે આ બીમારીમાંથી હવે એ નહિ ઊઠે," પ્યોતર ઈવાનોવિચ મોટેથી બોલ્યો. "ભારે અફસોસની વાત છે!"

"શાનો રોગ હતો?"

"ડૉક્ટરો ફેંસલો કરી જ ન શક્યા. એટલે એમ કે સૌએ નિદાન તો કરેલું, પણ પોતપોતાનું જુદું જુદું. હું છેલ્લી વાર જોવા ગયેલો ત્યારે તબિયત સુધરી હોય એમ લાગેલું.

"મારાથી તો રજા પછી જવાયું જ નહિ, જવાના ખાલી વિચાર જ કરતો રહ્યો."

"માલદાર હતા?"

"પત્નીને થોડા ઘણા પૈસા હતા, પણ લાગે છે કે ખાસ કંઈ નહિ."

"હવે તો ગયા વગર છૂટકો જ નથી. ઘર બહુ દૂર છે, બેહદ."

"તમારાથી. તમને તો બધું જ બહુ દૂર પડે."

"હું નદી પાર રહું છું એની માફી કોઈ રીતે એનાથી બક્ષાતી નથી," પ્યોતર ઈવાનોવિચ શેબેકની સામે જોઈને મોં મલકાવતો બોલ્યો. એથી વાતચીતમાં વળાંક આવી ગયો અને શહેરમાં એકબીજાનાં ઘરો વચ્ચેનાં અંતરોની પારાયણ ચાલી. પછી સૌ ઊઠીને અદાલતના ખંડમાં ગયા.

મોતની ખબરથી ભાવિ ફેરફારો અને બઢતીઓના તરંગો ઊઠવા ઉપરાંત ખૂબ પરિચિત માણસના મોતની હકીકતે જ દરેકના મનમાં એવા ખ્યાલે ખુશી પેદા કરી કે મોતનો ભોગ બનનારો આદમી પોતે નહિ પણ પોતાનો મિત્ર હતો.

"ગયો એ તો, મરી ગયો, પણ હું તો હજી જીવતો છું," દરેકના મનમાં એવો ખ્યાલ કે ભાવ ઝબકી ગયો.

ઈવાન ઈલ્યીચના અધિક આત્મીય પરિચિતોને, કહેવાતા મિત્રોને, વધુમાં થયું કે શિષ્ટાચાર પાળવા ખાતર શબયાત્રામાં ભાગ લેવાની અને પછી ખરખરો કરવા વિધવાને મોઢે જઈ આવવાની કંટાળાજનક ફરજ બજાવવી પડશે.

ફ્યોદોર વસીલ્યેવિચ અને પ્યોતર ઈવાનોવિચ ઈવાન ઈલ્યીચના સૌથી નિકટના મિત્રો હતા. પ્યોતર ઈવાનોવિચ ઈવાન ઈલ્યીચનો સહપાઠી રહ્યો હતો. એ ઉપરાંત, પોતાની ઉપર મરનારનાં અમુક અહેસાનોની લાગણી પણ તેના મનમાં હતી. સાંજે જમતી વેળા તેણે ઈવાન ઈલ્યીચના અવસાનની ખબર પત્નીને આપી, અને તેના ભાઈની હવે પોતાના સર્કિટમાં બદલી કરાવી લેવાની શક્યતાની વાત કરી. પછી તે રોજની જેમ આરામ કરવા આડો પડવાને બદલે ફ્રોકકોટ પહેરીને ઈવાન ઈલ્યીચના ઘર તરફ રવાના થઈ ગયો.

એ ત્યાં પહોંચ્યો ત્યારે દરવાજે એક બગી અને બે ભાડૂતી ઘોડાગાડીઓ ઊભી હતી. નીચે ઘરમાં દાખલ થતાં જ પરસાળમાં કોટટોપીની ખીંટીઓ નજીક કફનપેટીનું ઢાંકણું ભીંતને ટેકે ઊભું ગોઠવેલું હતું. તે ફૂમતાં અને ઝગારા મારતી સોનેરી દોરીઓ વડે શણગારેલું હતું. કાળા પોશાકમાં સજ્જ બે મહિલાઓ ઓવરકોટ ઉતારી રહી હતી. તેમાંથી ઈવાન ઈલ્યીચની બહેન પરિચિત હતી પણ બીજી અજાણી હતી. પ્યોતર ઈવાનોવિચનો મિત્ર શ્વાર્ત્સ દાદરો ઊતરવા જતો હતો પણ દોસ્ત ઉપર નજર પડતાં તેણે થંભી જઈને મિચકારો કર્યો, જાણે કહેવા માગતો હોય કે "ઈવાન ઈલ્યીચે ખરેખર છબરડો વાળ્યો છે, પણ તમારી ને મારી વાત સાવ નિરાળી છે."

અંગ્રેજો જેવા કલ્લા અને ફ્રોકકોટમાં સુસજ્જ પાતળી કાયા ધરાવતા શ્વાર્ત્સની બાબતમાં હંમેશની જેમ એક પ્રકારનું મનોહર ગાંભીર્ય વરતાઈ રહ્યું હતું. તેના મોજીલા સ્વભાવને પડછે હંમેશાં એકદમ ધ્યાન ખેંચતા એ ગાંભીર્યમાં આ પ્રસંગે જાણે તીખાશ ભળેલી હતી. પ્યોતર ઈવાનોવિચને એમ જ લાગ્યું.

પ્યોતર ઈવાનોવિચે બાજુ પર ખસી જઈને મહિલાઓને માર્ગ આપ્યો અને પછી તેમની પાછળ પાછળ દાદરે કદમ માંડયાં. શ્વાર્ત્સ કદમ થંભાવીને ઉપર વાટ જોતો ઊભો રહ્યો. તેનું કારણ પ્યોતર ઈવાનોવિચના ખ્યાલમાં આવી ગયું: તેને બેશક નક્કી કરવું હશે કે સાંજે પાનાં રમવા ક્યાં ભેગા થવું. મહિલાઓ વિધવાને મળવા ચાલી ગઈ. શ્વાર્ત્સના બીડેલા હોઠની રેખામાં ગંભીરતા ભરેલી હતી અને તેની આંખોમાંથી રમતિયાળ ચમકારા ફૂટી રહ્યા હતા. તેણે ભવાં હલાવીને પ્યોતર ઈવાનોવિચને ઈશારા વડે બતાવ્યું કે મૃતદેહ કયા ખંડમાં પડયો છે.

એવા પ્રસંગે દરેક માણસને હંમેશાં વિચાર આવે જ કે શું કરવું ઉચિત ગણાય ને શું ન કરવું જોઈએ. પ્યોતર ઈવાનોવિચ પણ એવા વિચારો વાગોળતો ખંડમાં દાખલ થયો. તેને ખબર હતી કે આવા સંજોગોમાં ક્રૉસનો સંકેત કરવાથી કશી હાનિ ન થાય. પરંતુ તેને ખાતરી નહોતી કે માથું નમાવવું જોઈએ કે નહિ. એટલે તેણે વચલો રસ્તો કાઢયો. તેણે ખંડમાં દાખલ થતાં જ ક્રૉસનો સંકેત કર્યો, અને કાયાને એવી રીતે જરાક હલાવી કે તેને નમન પણ ગણાવી શકાય. સાથે સાથે તેણે બની એટલી નજર ખંડમાં ફેરવી લીધી. બે યુવકો, ઘણું કરીને ભત્રીજાઓ, ક્રૉસનો સંકેત

કરતા ખંડમાંથી બહાર ગયા. તેમાંથી એક વિદ્યાર્થી જેવો લાગતો હતો. એક વૃદ્ધ બાઈ નિશ્ચલ ઊભી હતી. તેના કાનમાં કંઈક કહેતી બીજી એક સ્ત્રીનાં ભવાં વિચિત્ર રીતે ચડેલાં હતાં. એક પાદરી મોટેથી કશુંક વાંચી રહ્યો હતો. તેણે ફ્રૉકકોટ પહેર્યો હતો. તે જુસ્સાદાર અને મક્કમ મનોબળ ધરાવતો આદમી લાગતો હતો. તેનો અવાજ જાણે કશો વિરોધ સાંખી ન શકે એવો હતો. નોકર ગેરાસીમ ભોંયપટ ઉપર કશુંક છાંટતો છાંટતો હળવે ડગલે પ્યોતર ઈવાનોવિચની સામેથી પસાર થયો. એ જોઈને તરત જ પ્યોતર ઈવાનોવિચને જાણે કોહવાટની આછી દુર્ગંધ આવતી હોય એમ લાગ્યું. તે છેલ્લી વાર ઈવાન ઈલ્યીચને મળવા આવેલો ત્યારે તેણે એ જ નોકરને ખંડમાં જોયેલો. એ વખતે નોકર પલંગ પાસે ઊભો ઊભો બીમાર આદમીને નીરખી રહ્યો હતો. ઈવાન ઈલ્યીચને એ નોકર ખાસ ગમતો. ખૂણામાં ટેબલ ઉપર ગોઠવેલી મૂર્તિઓ ઉપર નજર ઠેરવીને પ્યોતર ઈવાનોવિચ વારંવાર ક્રૉસનો સંકેત કરતો ને માથું જરાક નમાવતો રહ્યો. પછી તેને લાગ્યું કે પોતે ક્રૉસના સંકેત વધારે પડતા કરી રહ્યો છે એટલે તેણે મૃત માણસની ઉપર નજર ઠેરવી.

મૃતદેહોની જ રીતે પડેલું શબ તમામ નિર્જીવ કાયાઓની જેમ વધારે પડતું ભારે થઈ ગયેલું લાગતું હતું. અક્કડ થઈ ગયેલા અવયવો કફનના મુલાયમ તકિયાઓની વચ્ચે ઊંડા ઊતરી ગયા હતા અને ઓશિકે ગોઠવેલું માથું જાણે કાયમને માટે આગળ નમી ગયું હતું. જીવ વગરના દેહમાં હંમેશાં જોવા મળતું હોય છે તેમ કપાળ મીણ જેવું પીળું હતું, લમણે ચળકતાં કુંડાળાં વરતાતાં હતાં, અને આગળ ધસી આવેલું નાક જાણે ઉપલા હોઠને દબાવી રહ્યું હતું. ઈવાન

ઈલ્યીચના દેખાવમાં ભારે ફરક પડી ગયો હતો. પ્યોતર ઈવાનોવિચે તેને આખરી વાર જીવતો જોયેલો ત્યાર બાદ તે ખૂબ દૂબળો પડી ગયો હતો, પરંતુ બધા મૃત માનવીઓની જેમ તેના ચહેરા ઉપર સજીવ અવસ્થા કરતાં જાણે અધિક સુંદર — અથવા કદાચ અધિક મર્મભર્યા — ભાવ છવાઈ ગયેલા હતા. એ ભાવ જાણે કહી રહ્યા હતા કે જે થવાનું હતું તે થઈ ગયું છે અને સમુચિત રીતે જ થઈ ગયું છે. વળી એ ભાવ વધારામાં જાણે જીવિત માનવીઓને ઠપકો આપી રહ્યા હોય કે કશુંક યાદ દેવડાવી રહ્યા હોય એમ લાગતું હતું. યાદ દેવડાવવાની વાત પ્યોતર ઈવાનોવિચને અજુગતી લાગી, તેને થયું કે મને પોતાને તો એની જોડે કશો સંબંધ છે જ નહિ. તેને મનમાં અકળામણ થવા લાગી એટલે તેણે બહુ ઉતાવળથી ક્રૉસનો સંકેત કર્યો, તેને પોતાને લાગ્યું કે સભ્યતાની મર્યાદાઓની અંદર ભાગ્યે જ ગણાય એવી રીતે કર્યો, અને પછી તે ખંડમાંથી બહાર નીકળી ગયો.

બાજુના ખંડમાં શ્વાર્ત્સ તેની વાટ જોતો ઊભો હતો. શ્વાર્ત્સના પગ ખૂબ પહોળા માંડેલા હતા અને તેની આંગળીઓ પીઠ પાછળ પકડેલી હૅટ જોડે રમત કરી રહી હતી. તેની રમતિયાળ સુઘડ મનોહર કાયા ઉપર એક નજર નાખતાં જ પ્યોતર ઈવાનોવિચના મનમાં ફરી તાજગી આવવા લાગી. પ્યોતર ઈવાનોવિચને લાગ્યું કે શ્વાર્ત્સ આવી બધી બાબતોથી પર છે અને ગમગીન પ્રભાવોનો ભોગ બનવાનો સાફ ઈનકાર કરી દે છે. શ્વાર્ત્સનો આખો દેખાવ જાણે કહી રહ્યો હતો કે "ઈવાન ઈલ્યીચના દફનની બાબતને આપણી રાબેતા મુજબની બેઠકની મોકૂફી માટે સબળ કારણ કોઈ રીતે ન જ ગણી શકાય. ઈવાન ઈલ્યીચનો નોકર બરાબર એ જ વખતે

કફનને ચારેય ખૂણે ચાર મીણબત્તીઓ ગોઠવી રહ્યો હશે એ ખરું, પરંતુ આપણી મંડળીની સાંજની બેઠકમાં અને પાનાંનો નવો સટ ખોલવામાં કોઈ પણ બાબત અંતરાય ન જ પાડી શકે. બધી રીતે જોતાં, આ બનાવ આપણને સાંજે ભેગા મળીને મોજ માણતા અટકાવી શકે એમ માની લેવાનું એક પણ કારણ દેખાતું નથી." અને શ્વાર્ત્સ ખંડમાંથી બહાર નીકળતાં પ્યોતર ઈવાનોવિચના કાનમાં એ બધું કહ્યું પણ ખરું.

પરંતુ એ દિવસે સાંજે પાનાં રમવાનું પ્યોતર ઈવાનોવિચના ભાગ્યમાં નહોતું. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના એકાંતવાસમાંથી બીજી કેટલીક મહિલાઓની જોડે બહાર નીકળી. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના જાડી ને ઠીંગણી ઓરત હતી, તેની કાયામાં ખભાના વિસ્તાર કરતાં બેઠકનો વિસ્તાર ઘણો વધારે પહોળો હતો, અને એવા ક્રમને પલટાવી નાખવાની તેની અપાર કોશિશો નકામી ગઈ હતી. તેણે કાળો પોશાક પહેર્યો હતો અને માથે લેસનો રૂમાલ બાંધ્યો હતો. કફન પાસે ઊભેલી બાઈની જેમ જ તેણે વિચિત્ર રીતે ભવાં ચડાવી દીધાં હતાં. સંગાથી મહિલાઓને કફનવાળા ખંડને બારણે પહોંચાડીને પછી તે બોલી: "પ્રાર્થના શરૂ થવાની છે, અંદર આવો."

શ્વાર્ત્સ જરાક અમથું માથું નમાવીને આમંત્રણને સ્વીકાર્યા કે નકાર્યા વગર ઊભો રહ્યો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ પ્યોતર ઈવાનોવિચને ઓળખી લેતાં નિસાસો નાખ્યો, અને સીધી તેની પાસે જઈને તેનો હાથ પોતાના હાથમાં લેતી તે બોલી: "મને ખબર છે કે તમે ઈવાન ઈલ્યીચના ખરા મિત્ર હતા..." પછી તેણે ઉચિત ઉત્તરની અપેક્ષાએ પ્યોતર ઈવાનોવિચની સામે જોયું. પ્યોતર ઈવાનોવિચ સમજતો

હતો કે જેમ કફનખંડમાં ક્રૉસનો સંકેત જરૂરી હતો તેમ હવે વિધવાનો હાથ પોતાના હાથમાં લઈને અને નિસાસો નાખીને આવા શબ્દો બોલવા જરૂરી છે: "ખાતરી રાખજો કે..." તેણે બરાબર એમ જ કર્યું, અને એમ કરી લીધા પછી તેને લાગ્યું કે બરાબર ધારી અસર થઈ છે. તે લાગણીવશ થઈ ગયો અને વિધવા પણ લાગણીવશ થઈ ગઈ.

"શરૂ થાય તે પહેલાં અહીંયાં આવો, મારે તમારી જોડે વાત કરવી છે. લાવો, તમારો હાથ," પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ કહ્યું.

પ્યોતર ઈવાનોવિચે હાથ આગળ ધર્યો, એટલે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ પોતાનું કાંડું તેના કાંડામાં પરોવી દીધું, અને બેઉ શ્વાર્ત્સની પાસે થઈને અંદરના ખંડોમાં જવા લાગ્યાં. શ્વાર્ત્સ પ્યોતર ઈવાનોવિચની સામે જોઈને દિલગીરીભર્યો મિચકારો કર્યો, જાણે કહેતો હોય કે "તમારી પાનાંની મોજ તો ગઈ! તમારી જગ્યા પૂરવા અમે બીજા કોઈને ગોતી કાઢીએ તો માઠું ન લગાડશો. અને અહીંથી છૂટા થાઓ ત્યારે આવીને પાંચમા ખેલાડીનું સ્થાન લઈ શકો છો."

પ્યોતર ઈવાનોવિચે વધારે ઊંડો ને ગમગીન નિસાસો નાખ્યો, અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ અહેસાનની લાગણીથી તેની આંગળીઓ દબાવી. તેઓ દીવાનખંડમાં જઈને ટેબલ પાસે બેઠાં. ખંડમાં ગુલાબી છીંટની સજાવટ હતી અને ઝાંખી બત્તીની આછી રોશની ફેલાયેલી હતી. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના સોફા પર બેઠી અને પ્યોતર ઈવાનોવિચ કોચ પર. કોચની સ્પ્રિંગો તૂટી ગયેલી હતી એટલે વજન પડતાં જ તે એક તરફ નમી ગયો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને ચેતવણી આપવાનો ખ્યાલ આવેલો ખરો, પરંતુ વર્તમાન સંજોગોમાં

તેને એમ કરવું ઉચિત ન લાગ્યું. કોચ પર બેસતાં પ્યોતર ઈવાનોવિચને યાદ આવ્યું કે ઈવાન ઈલ્યીચે એ જ દીવાનખંડની સજાવટ કરતી વેળા લીલી પાંદડીઓવાળા ગુલાબી છીંટ અંગે તેની સલાહ પૂછેલી. ટેબલ પાસે થઈને સોફા તરફ જતી વેળા (આખો ખંડ ફર્નિચર અને બીજી નાનીમોટી ચીજોથી ખીચોખીચ ભરેલો હતો) વિધવાના કાળા રૂમાલની લેસ કશીક કોતરણીમાં ભરાઈ ગઈ. પ્યોતર ઈવાનોવિચ લેસ છૂટી કરવા અરધો ઊભો થઈ ગયો, અને ભારમુક્ત થઈ ગયેલી સ્પ્રિંગોએ તેને એવી હાલતમાં હળવો હડસેલો માર્યો. વિધવાએ લેસ પોતાની મેળે જ છૂટી કરી લીધી, અને પ્યોતર ઈવાનોવિચે ફરી બેસી જઈને ઉદ્ધત સ્પ્રિંગોને દબાવી દીધી. પરંતુ વિધવાને લેસ છૂટી કરવામાં પૂરી સફળતા નહોતી મળી એટલે પ્યોતર ઈવાનોવિચ ફરી અરધો ઊભો થઈ ગયો અને કોચે ફરી ઉછાળો મારીને હળવો ટક અવાજ પણ કર્યો. એ બધું પૂરું થયું એટલે વિધવા ઝીણો સફેદ રૂમાલ કાઢીને રડવા લાગી. પરંતુ લેસના કિસ્સાને લીધે અને કોચ જોડેની ઝપાઝપીને લીધે પ્યોતર ઈવાનોવિચની લાગણી સાવ ટાઢી પડી ગઈ હતી એટલે તે મોં ચડાવીને બેઠો રહ્યો. વાતાવરણમાં તણાવ છવાઈ ગયો અને આખરે ઈવાન ઈલ્યીચનો અંગત ચાકર સોકોલોવ ખંડમાં દાખલ થયો ત્યારે જ તણાવતી હાલત ખતમ થઈ. સોકોલોવે આવીને જણાવ્યું કે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ કબ્રસ્તાનમાં પસંદ કરેલી જગ્યાના બસો રૂબલ લાગશે. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ રડવાનું બંધ કરી દઈને શહાદતભરી નજરે પ્યોતર ઈવાનોવિચની સામે જોયું અને પોતાની મુશ્કેલ હાલતનો બળાપો ફ્રેંચ ભાષામાં કર્યો. પ્યોતર ઈવાનોવિચે નિસાસો નાખીને હમદર્દી જાહેર કરી.

"સિગારેટ પીવી હોય તો પીજો," વિધવાના અવાજમાં ઉદારતાનો ભાવ હતો પણ સાથે સાથે શોક છલકાઈ રહ્યો હતો. પછી તેણે સોકોલોવની તરફ ફરીને કબરની કિંમત અંગે વાતચીત શરૂ કરી દીધી. સિગારેટ સળગાવીને ધુમાડા કાઢતા પ્યોતર ઈવાનોવિચે જોયું કે વિધવાએ કબરની જુદી જુદી જગ્યાઓની કિંમતો અંગે વિગતવાર સવાલો પૂછીને આખરે ખૂબ બાહોશીથી પસંદગી કરી. એ કામ પતી ગયું એટલે તેણે ભજનિયાઓને રોકવા અંગે વાતચીત કરી. પછી સોકોલોવ ચાલ્યો ગયો.

"હું બધાં કામ જાતે ધ્યાન આપીને જ કરું છું," પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ટેબલ ઉપર પડેલાં આલ્બમ બાજુએ ખસેડતાં પ્યોતર ઈવાનોવિચને કહ્યું. સિગારેટની રાખ ટેબલ પર પડી જવાનું જોખમ ધ્યાનમાં આવતાં જ તે ઍશટ્રે આપતી આગળ બોલી: "દુઃખના ભારને લીધે કામકાજની બાબતની ઉપર ધ્યાન નથી આપી શકતી એમ કહું તો એ ખાલી ઢોંગ જ ગણાય. એથી ઊલટું, એમને ખાતર કંઈ પણ કરી શકું તો એથી દિલાસો... તો... ખેર ન જ મળે પણ મારું મન બીજી તરફ જરૂર વળે છે." જાણે રડી પડવાની હોય એમ તેણે ફરી રૂમાલ કાઢયો પણ પછી મહેનત કરીને મન કાબૂમાં લઈ લીધું અને માથું ઉછાળીને શાંત ભાવે કહ્યું:

"એક કામની વાતમાં મારે તમારી સલાહ લેવી છે."

પ્યોતર ઈવાનોવિચે કાયા જરાક નમાવી, પણ બળવાની નવી નિશાનીઓ જાહેર કરતી સ્પ્રિંગોને આ વખતે કામયાબ ન થવા દીધી.

"છેલ્લા થોડાક દિવસો તો એમને ભયંકર પીડા ભોગવવી પડેલી."

"એમ?" પ્યોતર ઈવાનોવિચે સવાલ કર્યો.

"ખરેખર ભયંકર! સતત ચીસો પાડતા રહેતા, મિનિટો નહિ પણ કલાકો સુધી. લગાતાર ત્રણ દિવસ સુધી ચીસો પાડતા રહેલા, શ્વાસ લેવા પણ થંભતા નહિ. એની તો વાત જ થાય એમ નથી. મને તો સમજાતું જ નથી કે એવી હાલત મારાથી સહન જ કેવી રીતે થઈ. ચીસો ત્રણ ખંડ પાર પણ સંભળાતી હતી. ઓહ! કેવી આફત હતી!"

"તો શું આખર સુધી એમને ભાન હતું?"

"હા," વિધવાએ હોઠ ફફડાવ્યા. "છેલ્લી ઘડી સુધી. મોતથી ફક્ત પંદર જ મિનિટ પહેલાં અમારી આખરી વિદાય લીધી, અને વોલોદ્યાને બહાર મોકલી દેવાનું કહ્યું."

પ્યોતર ઈવાનોવિચ ખુદ પોતાના અને બાઈના દંભ અંગે સભાન હોવા છતાં, પોતાના ખૂબ પરિચિત આદમીની કારમી યાતનાના ખ્યાલે તેનું હૈયું ખળભળી ઊઠ્યું. ઈવાન ઈલ્યીચ જોડેના તેના લાંબા પરિચયની શરૂઆત એક મોજીલા બેપરવા નિશાળિયા જોડેની ઓળખાણના રૂપમાં થઈ હતી અને પછી પુખ્ત ઉંમરના સહયોગી જોડેની મિત્રાચારીના રૂપમાં એ પરિચય ચાલુ રહ્યો હતો. પેલા કપાળનું અને ઉપલા હોઠને દબાવતા નાકનું દૃશ્ય ફરી વાર તેની નજર સામે તરવરી ઊઠ્યું અને તેના દિલ ઉપર ખુદ પોતાને અંગેની બીકની પકડ જામી ગઈ.

"ત્રણ દિવસની કારમી યાતના અને પછી મોત. હું પણ ગમે ત્યારે એવી હાલતનો ભોગ બની શકું," તેને થયું, અને એક ક્ષણ પૂરતું તેનું મન બીકના પંજામાં સપડાઈ ગયું. પરંતુ કોણ જાણે કેમ એવો ખ્યાલ તરત જ તેની વહારે



પહોંચી ગયો કે મોત તો મને નહિ પણ ઈવાન ઈલ્યીચને ઉપાડી ગયું છે, અને મારી હાલત એવી થાય પણ નહિ ને થવી પણ ન જોઈએ, આવા વિચારો કરતો રહીશ તો હતાશાની ગર્તામાં ધકેલાઈ જઈશ. શ્વાર્ત્સના મુખના ભાવ જોઈને તેને સ્પષ્ટ ખ્યાલ આવી ગયેલો કે એવા વિચારો કોઈ પણ રીતે ટાળવા જ જોઈએ. મનને એવી રીતે સમજાવીને પ્યોતર ઈવાનોવિચ પાછો સ્વસ્થ થઈ ગયો અને તેણે ખરેખરો રસ બતાવીને ઈવાન ઈલ્યીચના મૃત્યુ અંગે વિગતો પૂછી, જાણે કેમ મોત જેવી દુર્ઘટનાનો ભોગ ઈવાન ઈલ્યીચ જ થઈ શકતા હોય, પોતે કદી નહિ.

ઈવાન ઈલ્યીચની ખરેખર કારમી શારીરિક પીડાનું વિગતવાર બયાન કરી લીધા પછી જ (પ્યોતર ઈવાનોવિચને ઈવાન ઈલ્યીચની પીડા અંગેની જાણકારી પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાના માનસ ઉપર એ પીડાની અસરોના વર્ણન મારફત મળી) વિધવા કામની વાત શરૂ કરી શકી.

"ઓહ! પ્યોતર ઈવાનોવિચ! મારી હાલત તો એવી મુશ્કેલ, એવી ભયંકર મુશ્કેલ, થઈ ગઈ કે બસ!" અને તેણે ફરી રડવાનું ચાલુ કરી દીધું.

પ્યોતર ઈવાનોવિચ વળી નિસાસો નાખીને બાઈને નાક સાફ કરતી જોઈ રહ્યો. વિધવાની નાકની કામગીરી પતી ગઈ એટલે પ્યોતર ઈવાનોવિચ બોલ્યો: "ખાતરી રાખજો કે..." પછી પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ફરી બોલવાનું શરૂ કર્યું અને તેને જે બાબત અંગે પ્યોતર ઈવાનોવિચની સલાહ જોઈતી હતી તેની જ વાત સીધી આરંભી દીધી. તેણે પૂછયું કે પતિના મૃત્યુના સંબંધમાં સરકાર તરફથી નાણાંની મદદ કેવી રીતે મેળવી શકાય. તેણે જાણે પેન્શન અગે વાત કરતી

હોય એવો દેખાવ કર્યો પરંતુ પ્યોતર ઈવાનોવિચને સમજાઈ ગયું કે તેને પોતાને ખબર નહોતી એવી બાબતોની વિધવાને જાણકારી હતી અને તે પણ પૂરી વિગતવાર. બાઈને ખબર હતી કે પતિના મૃત્યુથી તે ચોક્કસ રૂપમાં કેટલી રકમની હકદાર બની છે, પરંતુ તેનો ઈરાદો એ રકમમાં વધારો કરાવવાની કોઈ રીત હોય તો જાણી લેવાનો હતો. પ્યોતર ઈવાનોવિચે રકમમાં વધારો કરાવવાની તરકીબો અંગે વિચાર કરી જોયો, પરંતુ થોડીક મિનિટો ભેજું કસી લીધા પછી તેણે સરકારની કંજૂસાઈને વગોવીને હમદર્દી બતાવતાં વિધવાને જણાવી દીધું કે સરકારી મદદની રકમમાં વધારો કરાવવાનું અશક્ય જ લાગે છે. પ્યોતર ઈવાનોવિચનો અભિપ્રાય સાંભળીને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ઊંડો નિસાસો નાખ્યો અને તે જાણે વિચાર કરવા લાગી કે મુલાકાત ખતમ કેવી રીતે કરવી. પ્યોતર ઈવાનોવિચને એ બાબતનો અણસારો આવી ગયો એટલે તે સિગારેટ બુઝાવીને ઊભો થઈ ગયો અને હાથ મિલાવીને ખંડમાંથી બહાર નીકળી ગયો.

ભોજનખંડમાં ભીંતે ટાંગેલા ઘડિયાળને પોતાની નાની મોટી ચીજોના સંગ્રહમાં ઉમેરતાં ઈવાન ઈલ્યીચને બેહદ ખુશી થયેલી. પ્યોતર ઈવાનોવિચ ત્યાં પહોંચ્યો ત્યારે ઘડિયાળની નીચે પાદરી અને શબયાત્રામાં ભાગ લેવા આવેલા કેટલાક પરિચિતો ઊભા હતા. ઈવાન ઈલ્યીચની રૂપાળી પુત્રી પણ હતી. તેણે કાળો પોશાક પહેર્યો હતો, અને તેની નાજુક કમ્મર કાળા પોશાકમાં અધિક નાજુક લાગતી હતી. તેના મુખ ઉપર ગમગીન ને સખત, જાણે લગભગ ગુસ્સાના કહી શકાય એવા ભાવ છવાયેલા હતા. તે પ્યોતર ઈવાનોવિચને જોઈને તેની સામે જાણે તેનો કશોક દોષ હોય એવી રીતે નમી.

તરુણીની પાછળ એક યુવક ઊભો હતો અને તે પણ એના જેટલો જ રીસે ભરાયેલો લાગતો હતો. પ્યોતર ઈવાનોવિચ તેને ઓળખતો હતો—તે અમીર કુટુંબનો નબીરો હતો, તપાસ મેજિસ્ટ્રેટનું પદ ધરાવતો હતો, અને વાતો સંભળાતી હતી કે તે તરુણ મહિલાની જોડે પરણવાનો છે. પ્યોતર ઈવાનોવિચ ગમગીન ભાવે માથું નમાવીને પાછો કફનવાળા ખંડમાં જવા કદમ માંડી રહ્યો હતો, એટલામાં ઈવાન ઈલ્યીચનો પુત્ર દાદરો ઊતરતો નીચે આવ્યો. તે નિશાળમાં ભણતો હતો અને તેનો ચહેરો તેના પિતાના ચહેરાને ખૂબ જ મળતો આવતો હતો. પ્યોતર ઈવાનોવિચને તરુણ વયે કાનૂનનો અભ્યાસ કરતા ઈવાન ઈલ્યીચની સૂરત યાદ આવી અને લાગ્યું કે સામે જાણે પુત્ર નહિ પણ પિતા જ ઊભો છે. કિશોરની રડી રડીને રાતી થઈ ગયેલી આંખો તેર કે ચૌદ વરસના મોટા ભાગના ઠીંગણા નાનકડા છોકરાઓની આંખો જેવી જ હતી. પ્યોતર ઈવાનોવિચની ઉપર નજર પડતાં જ છોકરાએ બેશરમીથી ભવાં ચડાવ્યાં. પ્યોતર ઈવાનોવિચ તેની સામે માથું હલાવીને કફનવાળા ખંડમાં ચાલ્યો ગયો. પ્રાર્થના શરૂ થઈ. મીણબત્તીઓ, ઊંહકારા, ધૂપ, આંસુ, ડૂસકાં. પ્યોતર ઈવાનોવિચ ભવાં સંકોડીને અને આગળ ઊભેલા લોકોના પગ ઉપર નજર ઠેરવીને ઊભો રહ્યો. તેણે શબની ઉપર કે તેને હતાશાનો ભાગ બનાવી દે એવી કોઈ પણ ચીજ ઉપર એક વાર પણ નજર ન નાખી, અને તે સૌથી પહેલો જ ખંડની બહાર નીકળી ગયો. પ્રવેશખંડમાં કોઈ જ નહોતું. નોકર ગેરાસિમ ઝડપથી દાદરો ઊતરતો નીચે પહોંચી ગયો અને તેણે કોટટોપીઓનો ગંજ ફેંદી નાખીને પ્યોતર ઈવાનોવિચનો કોટ ગોતી કાઢ્યો અને તેની સામે ધર્યો.

"કેમ ગેરાસિમ, તને દુ:ખ થયું હશે, ખરું ને?" તેણે કઈક બોલવું જોઈએ એટલે પૂછ્યું.

"ઉપરવાળાની મરજીની વાત છે, હજૂર. આપણ સૌને ક્યારેક ને ક્યારેક તો મરવાનું જ છે," ગેરાસિમે કહ્યું. કિસાનની જોરાવર કાયાના મજબૂત ધોળા દાંતની અણતૂટ હારમાળા તેના મરકતા હોઠ વચ્ચે નજરે પડતી હતી. વધી ગયેલા કામના બોજાને લીધે ઉતાવળમાં હોય એવા માણસની જેમ તેણે બારણું ખોલ્યું, ગાડીવાનને હાક મારી, પ્યોતર ઈવાનોવિચને ગાડીમાં બેસવામાં મદદ કરી, અને જાણે બીજું કશુંક કામ હાથમાં લેવા અધીરો હોય એમ તે ઠેકડા મારતો પાછો પગથિયાં ચડી ગયો.

ધૂપ, શબ, અને કાર્બોલિક એસિડની ગંધ પછી તાજી હવાનો શ્વાસ પ્યોતર ઈવાનોવિચને બહુ મઝાનો લાગ્યો.

"ક્યાં?" ગાડીવાને પૂછ્યું.

"હજી બહુ મોડું તો નથી થયું. ફ્યોદોર વસીલ્યેવિચને ત્યાં થોડીક વાર જઈ આવું."

ગાડી દોડવા લાગી. પત્તાંની પહેલી રમત ખતમ થઈ રહી હતી એટલે તે બીજી રમતમાં પાંચમા ખેલાડી તરીકે મોજથી જોડાઈ શકે એમ હતો.

૨

ઈવાન ઇલ્યીચની જિંદગીની કહાણી સાદી, સાધારણ, અને દર્દનાક છે.

ઈવાન ઇલ્યીચનું મૃત્યુ પિસ્તાળીસ વરસની ઉંમરે થયું ત્યારે તે ન્યાય સમિતિનો સભ્ય હતો. તે એક અમલદારનો

પુત્ર હતો. અમુક અમલદારો વિવિધ મંત્રાલયો તથા વિભાગામાં પોતાની ખાસ કારકિર્દી ઘડી કાઢતા હોય છે અને એવી કારકિર્દી મારફત વિશેષ પ્રકારનાં પદો હાંસલ કરી લેતા હોય છે. તેઓ ખરા મહત્ત્વનું કશું જ કામ કરવા અશક્ત જાહેર થઈ ગયા હોવા છતાં, તેમની લાંબી નોકરી અને ઊંચા દરજ્જાને લીધે, તેમને એવાં પદો પરથી બરતરફ કરવાનું અશક્ય બની જાય છે. એટલે તેઓ કપોળકલ્પિત કામનાં એવાં પદો પર જામી જઈને, જરાય કપોળકલ્પિત ન કહેવાય એવા છથી આઠ હજાર સુધીના પગારો ખાતા હોય છે, અને પાકટ બુઢાપા સુધી જીવતા રહે છે. ઈવાન ઇલ્યીચના પિતાનું સ્થાન એવા અમલદારોની હરોળમાં હતું.

શાહી સલાહકાર અને વિવિધ ફાલતુ સંસ્થાઓનો ફાલતુ સભ્ય ઇલ્યા યેફીમોવિચ ગોલોવિન એવો આદમી હતો.

તેને ત્રણ પુત્ર હતા અને ઈવાન ઇલ્યીચ તેમાં વચેટ હતો. સૌથી મોટા પુત્રે પિતાના જેવી જ કારકિર્દી ઘડી કાઢી હતી, પણ જુદા મંત્રાલયમાં. તે હવે નોકરીને એવે તબક્કે પહોંચી રહ્યો હતો કે જ્યારે પ્રમાદના આધારે પગાર આપાતા હોય છે. સૌથી નાનો પુત્ર નાકામયાબ નીવડયો હતો. જુદાં જુદાં પદોમાં આબરૂના કાંકરા કરીને હવે તે રેલવે વિભાગમાં કામ કરી રહ્યો હતો. તેનો પિતા તથા તેના ભાઈઓ, અને ખાસ કરીને તો તેમની પત્નીઓ, તેને મળવાનું ટાળતાં અને જ્યારે જ્યારે શક્ય બને ત્યારે તેનું અસ્તિત્વ પણ વીસરી જતાં. તેમની બહેનને બૅરોન ગ્રેફ જોડે પરણાવવામાં આવી હતી. જમાઈ સેંટપિટર્સબર્ગમાં કામ કરતો હતો અને સસરા જેવો જ અમલદાર હતો. ઈવાન ઇલ્યીચને સૌ હેતથી પરિવારની શોભા ગણાવતા. તે મોટા ભાઈ જેવો ટાઢો

લાગણીનો ને ચોખલિયો પણ નહોતો, અને નાના ભાઈ જેવો અવિચારી પણ નહોતો. તેણે જાણે વચલો પંથ કંડાર્યો હતો—તે ચતુર, ચપળ, અને આકર્ષક આદમી હતો. તેણે અને તેના નાના ભાઈએ ધારાશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો હતો પરંતુ નાના ભાઈનો અભ્યાસ કદી પૂરો ન થયો. તેને પાંચમાં ધોરણમાં પહોંચતાં જ શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યો. ઈવાન ઈલ્યીચે પોતાનો અભ્યાસ બહુ માનભેર પૂરો કર્યો. તે ધારાશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે જેવો હતો એવો જ આખી જિંદગી રહ્યો હતો: કાબેલ, આનંદી, મિલનસાર, સદ્‌ભાવી, તથા પોતે જેને ફરજ ગણે તેનું કડક પાલન કરનારો. અને ઊંચા દરજ્જાના માણસો જે બાબતોને ફરજ ગણાવે તે બધી બાબતોને ઈવાન ઈલ્યીચ પોતાની ફરજો તરીકે સ્વીકારી લેતો. તે બાળક તરીકે અથવા પુખ્તી ઉંમરના આદમી તરીકે ખુશામતિયો કદી નહોતો બન્યો, પરંતુ યુવાનીના છેક આરંભકાળથી જ તે દીવા તરફ ખેંચાતા પતંગિયાની જેમ ઊંચા દરજ્જાના માણસો તરફ ખેંચાતો. તેણે એવા માણસોના વિચારો તથા રીતભાત અપનાવી લીધાં હતાં અને તેમની જોડે મિત્રચારીના સંબંધો બાંધ્યા હતા. તેના બાળપણ તથા યુવાનીના જોમજુસ્સા એવા ખતમ થઈ ગયા હતા કે એક પણ નિશાની બાકી નહોતી રહી. એક જમાનામાં તેણે લાગણીના ઉછાળા અનુભવ્યા હતા અને ભોગવિલાસ માણ્યા હતા, વિદ્યાર્થી જીવનના અંતિમ દિવસોમાં ઉદારવાદનો ઝોક લીધો હતો, પરંતુ એ બધું તેણે અંતરના અવાજે બાંધેલી મર્યાદાઓની અંદર રહીને જ કર્યું હતું.

વિદ્યાર્થી જીવન દરમિયાન તેણે એ વખતે તેની પોતાની નજરમાં ધૃણાજનક ગણાય એવાં કામ ક્યારેક ક્યારેક કરેલાં,

અને પરિણામે પોતાની જાત પ્રત્યે નફરતની લાગણી અનુભવેલી. પરંતુ આગળ જતાં તેણે જોયું કે એવાં જ કામ ઊંચા દરજ્જાના માણસો જરાય આંચકા વગર કરે છે, એટલે તે પોતાનાં કૃત્યો સાવ ભૂલી ગયો. એ કૃત્યોને તે સારાં તો નહોતો ગણતો, પરંતુ તેને પોતાનાં પાપની યાદો સતાવતી નહોતી.

ધારાશાસ્ત્રનો અભ્યાસ પૂરો થયો અને પિતા પાસેથી સાજસરંજામના પૈસા મળી ગયા એટલે ઈવાન ઈલ્યીચે શાર્મેરને ત્યાં સૂટ સિવડાવ્યા, લક્ષ્યને સદા ધ્યાનમાં રાખવું એ સૂકિત અંકિત કરેલો ચંદ્રક કોટના કોલરે લટકાવ્યો, વિદ્યાલયના અધ્યક્ષની વિદાય લીધી, દોનોનના રેસ્તરાંમાં મિત્રો જોડે આલેશાન ભોજનસમારંભ માણ્યો, અને સારામાં સારી દુકાનોએથી ખરીદેલ નવી ફેશનનાં સૂટકેસ, સૂટ, કપડાંલત્તાં, તથા અંગસજાવટની બીજી વસ્તુઓ ભેગી લઈને તે એક પ્રાંતિક શહેરમાં પોતાનું પદ સંભાળવા રવાના થઈ ગયો. તેના પિતાએ તેને એ પ્રાંતના ગવર્નરના વિશિષ્ટ જવાબદારીઓના મંત્રીનું સ્થાન અપાવી દીધું હતું.

પ્રાંતિક શહેરમાં પહોંચતાં જ ઈવાન ઈલ્યીચે વિદ્યાર્થી જીવન જેવી જ સરળ અને ખુશાલ જિંદગીની ગોઠવણ કરી લીધી. તે કામ કરતો, પોતાની કારકિર્દીનું ધ્યાન રાખતો, અને સાથે સાથે મનપસંદ સુસંસ્કારી આનંદપ્રમોદ પણ માણતો. ક્યારેક ક્યારેક તે પોતાના ઉપરીએ સોંપેલી કામગીરીઓ બજાવવા ગ્રામવિસ્તારોના પ્રવાસ ખેડતો. એવા પ્રસંગોએ તે પોતાનાથી ઉપલા તેમ જ નીચલા દરજ્જાના માણસો જોડે પોતાનો મોભો બરાબર જાળવી રાખતો. તેને મોટે ભાગે મતવિરોધીઓની જોડે કામ પડતું, અને તે પોતાની

જવાબદારીઓ અચળ પ્રમાણિકતાથી પૂરી કરતો. તેને પોતાને એ બદલ સમુચિત અભિમાન હતું. યુવાન વય અને આનંદપ્રમોદની વૃત્તિ છતાં તે સરકારી ફરજો બજાવતી વેળા અત્યંત સંયમ રાખતો, અમલદાર માટે યોગ્ય ગણાય એવી રીતભાત જાળવતો, અને કડક પણ બનતો. પરંતુ સામાજિક જીવનમાં તે ખુશાલ તથા વિનોદી રહેતો, હંમેશાં સદ્‌ભાવી તથા વિનયશીલ રહેતો. તેનો ઉપરી તથા ઉપરીની પત્ની તેને મોજીલો તરુણ કહેતાં. તે ઉપરીને ઘેર ઘણી વાર જતો.

પ્રાંતિક વિસ્તારમાં છટાદાર યુવાન ધારાશાસ્ત્રીની ચાહના મેળવવા પડાપડી કરતી મહિલાઓમાંથી એકની જોડે તેને સંબંધ બંધાયો. તેને એક દરજ્જણ રખાત પણ હતી. કામસર આવતા અફસરોની જોડે શરાબની મહેફિલો જામતી, અને રાતે વાળુ પછી દૂરના લત્તાના એક ખાસ મકાનની મુલાકાતો લેવાતી. ઉપરીની તેમ જ ઉપરીની પત્નીની અમુક ખાસ સેવાઓ બજાવવામાં આવતી. પરંતુ એ બધું એવી ઉન્નત ભદ્રતાના અંચળામાં થતું કે તેને કશું ખરાબ નામ ભાગ્યે જ આપી શકાય. જુવાની તો રંગીલી હોય જ, એવા અર્થની ફ્રેંચ કહેવત મુજબ બધું માફ થઈ જતું. એવાં બધાં કૃત્યો કરતી વેળા હાથ નિર્મળ રહેતા, પોશાક સ્વચ્છ રહેતો, ફ્રેંચ શબ્દો બોલાતા, અને ઊંચા સમાજમાં સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે બધું ઊંચા દરજ્જાના માણસોની મંજૂરીથી કરવામાં આવતું.

ઇવાન ઇલ્યીચે એ પદ પાંચ વરસ જાળવી રાખ્યું. એટલા સમયના અંતે કાનૂનમાં ફેરફાર થયા. નવી અદાલતો સ્થાપવામાં આવી અને નવા માણસોની જરૂર ઊભી થઈ.

ઇવાન ઇલ્યીચ એ નવા માણસોમાંનો એક હતો.

તેને તપાસ મેજિસ્ટ્રેટના પદની ઑફર મળી. નવા પ્રાંતમાં જાય તો વર્તમાન સંબંધો તોડી નાખવા પડે અને નવા સંબંધો બાંધવા પડે. એમ છતાં તેણે ઑફર સ્વીકારી લીધી. ઇવાન ઇલ્યીચના માનમાં વિદાય સમારંભ આયોજવામાં આવ્યો, તેના મિત્રોએ તેની જોડે સમૂહછબી ખેંચાવી, અને તેને રૂપાનું સિગારેટકેસ ભેટ આપ્યું. પછી ઇવાન ઇલ્યીચ નવું પદ સંભાળવા રવાના થઈ ગયો.

ઇવાન ઇલ્યીચે ગવર્નર વતી વિશિષ્ટ જવાબદારીઓ પૂરી કરવાના સમય દરમિયાન જેવી રીતભાત રાખી હતી એવી જ રીતભાત તપાસ મેજિસ્ટ્રેટ તરીકે પણ જાળવી. તેના વર્તનમાં અગાઉ જેટલાં જ સુરુચિ ને સંસ્કાર પ્રતિબિંબિત થતાં. સરકારી કામગીરી અને અંગત જિંદગીને એકબીજાથી અલગ રાખવામાં તેમ જ સામાન્ય રૂપે આદરનો ભાવ પ્રેરિત કરવામાં તેણે એટલી જ સરસ કાબેલિયત દાખવી. તેને નવું પદ અગાઉના પદ કરતાં ઘણું વધારે રસપ્રદ અને મનગમતું લાગ્યું. ગવર્નરના મંત્રી તરીકે, શાર્મેરને ત્યાં સિવડાવેલો દેખાવડો કોટ પહેરીને કાર્યાલયમાં દાખલ થવામાં, પ્રતીક્ષાખંડમાં બેઠેલા તથા ઈર્ષ્યાભરી નજરો નાખતા ચિંતાતુર અસીલો તથા કારકુનો પાસે થઈને સહજ છટાથી મોટાં ડગલાં ભરતાં સીધા ઉપરીના ખંડમાં પહોંચી જવામાં, અને તેની જોડે બેસીને ચા તથા સિગારેટની મોજ માણવામાં, બેશક ઊંડા સંતોષનો અનુભવ થતો. પરંતુ સીધા તેના તાબાના માણસો બહુ ઓછા હતા — તેને ગ્રામવિસ્તારોમાં કામગીરીઓ માટે મોકલવામાં આવતો ત્યારે કેવળ જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટો અને જેની સાથે કામ પડતું એ મતવિરોધીઓ. એવા

લોકોની જોડે સભ્ય વર્તન કરવાનું, બાબતોની ચર્ચા લગભગ સાથીભાવે કરવાનું, અને પોતાના હાથમાં તેમને કચડી નાખવાની સત્તા હોવા છતાં વાસ્તવમાં તેમની જોડે મિત્રતાભર્યું નિરાડંબરી વર્તન કરવાનું, તેને ખૂબ ગમતું. પરંતુ ત્યાં એવા માણસો બહુ ઓછા હતા. હવે પરીક્ષણ મેજિસ્ટ્રેટ તરીકે તેને લાગતું કે પોતે તમામ લોકોની ઉપર, કોઈનાયે અપવાદ વગર અને અત્યંત મહત્વના તથા આત્મસંતુષ્ટ માણસો સમેત તમામ લોકોની ઉપર, વર્ચસ્વ ધરાવે છે. પોતે સત્તાવાર મથાળું ધરાવતા કાગળ ઉપર અમુક શબ્દો લખી નાખે તો અત્યંત મહત્વના તથા આત્મસંતુષ્ટ માણસોને પણ સાક્ષીઓ અથવા કેદીઓ તરીકે સામે ખડા કરી દેવામાં આવે અને પોતે તેમને બેસવાનું ન કહે તો એ તમામને ઊભા ઊભા જ સવાલોના જવાબ આપવા પડે. ઈવાન ઈલ્યીચ પોતાની સત્તાનો દુરુપયોગ કદી ન કરતો, એથી ઊલટું તે સત્તાનો ઉપયોગ કરતી વેળા હંમેશાં રહેમ દાખવતો. પરંતુ સત્તાની તેમ જ રહેમદિલી દાખવવાના પોતાના અધિકારની સભાનતા તેને માટે નવા પદની મુખ્ય રસપ્રદ તથા આકર્ષક બાબત બની રહી હતી. ઈવાન ઈલ્યીચે પોતાની ફરજોની અમલી કામગીરીમાં, અર્થાત્ મામલાની તપાસ કરવામાં, તપાસ મેજિસ્ટ્રેટ તરીકે પોતે જવાબદાર ન હોય એવા તમામ સંજોગોને અળગા કરી દેવાની કલાની ઉસ્તાદી ઝડપથી હાંસલ કરી લીધી. તેણે બેહદ અટપટા મુકદ્દમાઓ માટે લેખિત જુબાનીનાં એવાં રૂપો ઘડી કાઢ્યાં કે તેમાં તેના અંગત અભિપ્રાયની જરા સરખીયે છાયા વગર કેવળ બાહ્ય પાસાં નોંધાતાં હોવા છતાં, તમામ ઔપચારિક કામગીરીઓ પૂરેપૂરી જળવાઈ રહે. આ બધું કામ નવું હતું, અને ૧૮૬૪માં કાનૂની કારવાઈમાં

દાખલ કરવામાં આવેલા સુધારાઓ અમલમાં લાગુ કરનારા પ્રથમ માણસોમાં તેનું સ્થાન હતું.

તપાસ મેજિસ્ટ્રેટ તરીકે નવા શહેરમાં પહોંચીને ઈવાન ઈલ્યીચે નવા સંપર્કો સ્થાપ્યા, નવા પરિચયો સાધ્યા, નવી જાતનું વર્તન શરૂ કર્યું, અને નવો સૂર અપનાવ્યો. હવે તે પોતાનો મોભો જાળવીને સ્થાનિક અધિકારીઓથી અળગો રહેતો, મિત્રોની પસંદગી ધારાશાસ્ત્રીઓનાં ઉત્તમ વર્તુળોમાંથી તેમ જ દોલતમંદ ભદ્ર સમાજમાંથી કરતો. તેણે સાધારણ ઉદારવાદનો તથા સામાજિકવૃત્તિનો સૂર અપનાવ્યો, અને ક્યારેક ક્યારેક સરકારની હળવી ટીકાનું વલણ અખત્યાર કર્યું. તે કપડાંની બાબતમાં અગાઉ જેટલી જ ચીવટ રાખતો, પણ હવે તેણે દાઢી કરવાનું બંધ કરી દીધું અને દાઢીને ફાવે તેમ ઊગવા દીધી.

નવા શહેરમાં ઈવાન ઈલ્યીચની જિંદગી પુરાણા શહેરની જિંદગી જેટલી જ ખુશાલ હતી. ગવર્નરના વર્તુળનો વિરોધ કરતું જૂથ ખૂબ જ રસપ્રદ અને મૈત્રીભાવી સાબિત થયું. તેની આવકમાં વધારો થયો, અને તેણે પત્તાંની વિસ્ટ રમત રમતાં શીખી લીધું એટલે તેની આનંદવિનોદની પ્રવૃત્તિઓમાં એકનો ઉમેરો થયો. તેને સામાન્ય રીતે ખુશમિજાજથી પત્તાં રમવાની અને ઝડપી તથા હિકમતભર્યા ફેંસલા કરવાની ફાવટ આવી ગઈ એટલે મોટે ભાગે તે જીતમાં જ રહેતો.

એ શહેરમાં બે વરસ ગાળ્યા પછી ઈવાન ઈલ્યીચને પોતાની ભાવિ પત્ની જોડે પરિચય થયો. તેને જે વર્તુળમાં હળવામળવાનું થતું તેમાં પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના મિખેલ સૌથી ચપળ, ચતુર, તેજસ્વી, અને આકર્ષક તરુણ મહિલા હતી. તપાસ મેજિસ્ટ્રેટ તરીકેની કામગીરીમાં રાહત બક્ષતી આનંદપ્રમોદની

પ્રવૃત્તિઓમાં તેણે હવે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના જોડેની હળવી ઈશ્કબાજીનો ઉમેરો કર્યો.

ખાસ જવાબદારીઓના મંત્રી તરીકે ઈવાન ઈલ્યીચ હંમેશાં નૃત્યમાં ભાગ લેતો, પણ તપાસ મેજિસ્ટ્રેટ તરીકે તે અપવાદ રૂપે ક્યારેક જ નૃત્યમાં ભાગ લેતો. તે કેવળ એટલું બતાવી આપવા જ નૃત્ય કરતો કે નવી કાનૂની પદ્ધતિના અમલ કરનારા અધિકારીઓમાં તેનો દરજ્જો પાંચમો હતો ખરો, પરંતુ નૃત્યની કાબેલિયતની બાબતમાં તેનું સ્થાન સરેરાશ કરતાં ઊંચું હતું. એટલે તે કવચિત સંધ્યા સમારંભના અંતમાં પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના જોડે નૃત્ય કરતો અને મોટે ભાગે તો એવા પ્રસંગો દરમિયાન જ તેણે તરુણીનું હૃદય જીતી લીધું. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના તેના પ્રેમમાં પડી ગઈ. ઈવાન ઈલ્યીચને શાદી કરવાનો કશો સ્પષ્ટ કે ચોક્કસ ઈરાદો પહેલાં નહોતો, પરંતુ એ તરુણી તેની જોડે પ્રેમમાં પડી ગઈ ત્યારે તેના મનમાં સવાલ ઊભો થયો: "શાદી કેમ ન કરી લેવી?"

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના સારા કુળની કન્યા હતી અને રૂપાળી હતી. તેને થોડીક દોલત પણ હતી. ઈવાન ઈલ્યીચ બહેતર સગપણ સાધી શક્યો હોત, પરંતુ આ સગપણ ખોટું નહોતું. તેને સારો પગાર હતો, અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને પણ આવક હતી. ઈવાન ઈલ્યીચને હતું કે એ આવક પોતાના જેટલી તો હશે જ. વળી તેને સાસરામાં ઉપયોગી સગાં મળશે. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના મધુરી રૂપકડી સંસ્કારી તરુણી હતી. તેના વર્તુળના લોકોએ આ સગપણની બહાલી આપેલી એટલે તેણે શાદી કરી, એવું કથન જેટલું ગલત ગણાય એટલી જ ભૂલ એવી માન્યતામાં થાય કે તેણે તરુણી પ્રત્યેના

પ્રેમને કારણે તેમ જ જીવન અંગેના તેના વિચારો પ્રત્યે તરુણીની સહાનુભૂતિને કારણે આ શાદી કરી. ઈવાન ઈલ્યીચે શાદી બન્ને બાબતોને લક્ષમાં લઈને કરી: પોતાને ખુશી થાય અને ઊંચા દરજ્જાના લોકો જેને ઉચિત ગણે એવું કદમ તેણે ઉઠાવ્યું.

ઈવાન ઈલ્યીચે શાદી કરી લીધી.

શાદીની વસ્તુગત પ્રક્રિયા અને પ્રણયકેલી, નવું રાચરચીલું, નવી ઘરવખરી, તથા નવાં કપડાંલત્તાંનો લગ્નજીવનનો આરંભિક ગાળો—પત્નીની પ્રથમ સગર્ભાવસ્થા સુધીનો સમય—ખૂબ સુખરૂપ વીતી ગયો, હકીકતમાં એટલો બધો સુખરૂપ વીતી ગયો કે સમાજની બહાલી ધરાવતી ખુશનુમા, આરામદાયક, આનંદીપ્રમોદી, અને સુસંસ્કારી જિંદગીમાં લગ્નજીવનથી કશો અંતરાય નથી પડતો, ઊલટાનું તેમાં જેમ રેડાય છે, એમ ઈવાન ઈલ્યીચને લાગવા માંડ્યું. પરંતુ પત્નીની સગર્ભાવસ્થાના આરંભના મહિનાઓ દરમિયાન તેની સમક્ષ જાણે સાવ નવું, અણધાર્યું, અણગમતું, અનુચિત, અને સહેવું કઠિન કશુંક ઉપસ્થિત થઈ ગયું, જેની અગાઉથી કલ્પના થઈ શકે એમ જ નહોતી અને જેને ખતમ કરી નાખવા પોતે હવે કંઈ જ કરી શકે એમ નહોતો, એવું કશુંક ઉપસ્થિત થઈ ગયું.

તેને લાગતું કે પત્ની કશા જ કારણ વગર, કેવળ બેસબબ ઈરાદાપૂર્વક, ખુશાલ અને સુભગ જિંદગીમાં ભંગ પાડવા લાગી છે, કશા જ કારણ વગર મારી ઈર્ષ્યા કરીને વધુ લક્ષનો તકાદો કરી રહી છે, હું જે કંઈ કરું તેમાં ખામીઓ ગોતી કાઢવા લાગી છે, અને અસભ્ય તથા અશિષ્ટ કજિયા કરવા લાગી છે.

ઈવાન ઈલ્યીચે શરૂઆતમાં તો એવી આશા રાખી કે પોતાને આરંભમાં સફળતા અપાવનાર સંસ્કારી તથા આરામદાયક વલણ જાળવી રાખવાથી ક્લેશકર પરિસ્થિતિમાંથી છુટકારો મળી જશે. તેણે પત્નીના ખીજના ઊભરાઓને અવગણીને ખુશાલ મોજીલી જિંદગી ચાલુ રાખી. તે મિત્રોને પત્તાં રમવા બોલાવતો અને કલબમાં અથવા મિત્રોને ઘેર જતો. પરંતુ એક પ્રસંગે તેની પત્નીએ તેને એવી અસભ્ય ભાષામાં ખખડાવી નાખ્યો, અને તે જ્યારે જ્યારે ફરમાનનો અમલ ન કરે ત્યારે તેની બેલગામ ઝાટકણી કાઢવાનું ચાલુ રાખ્યું (તેણે પાકો નિર્ધાર કરી લીધો હોવો જોઈએ કે પતિ તેના વર્ચસ્વને તાબે ન થઈ જાય, અર્થાત્ ખિન્ન ભાવે ઘરમાં જ બેસી ન રહે, ત્યાં સુધી એવું વર્તન ચાલુ રાખવું), કે તેનું હૈયું કકળી ઊઠ્યું. તેને સમજાઈ ગયું કે લગ્નજીવન—ઓછામાં ઓછું આવી પત્ની જોડેનું લગ્નજીવન—જિંદગીની મોજ તથા સુભગતામાં ઉમેરો ન જ કરે પણ એથી ઊલટું તેઓને જોખમમાં જ મૂકી દે, એટલે તેણે એવા જોખમથી બચવું જોઈએ. ઈવાન ઈલ્યીચ એવા બચાવના ઉપાયો ઘડી કાઢવાની કોશિશ કરવા લાગ્યો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને કેવળ ઈવાન ઈલ્યીચના કામની બાબતમાં જ પ્રભાવિત હતી, એટલે ઈવાન ઈલ્યીચે પોતાના કામને તથા તેની જોડે સંકળાયેલી જવાબદારીઓને પત્નીના મુકાબલાના તથા પોતાની સ્વતંત્રતા જાળવી રાખવાના સાધન તરીકે ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું.

શિશુનો જન્મ થયો અને તેની સાથે સાથે શિશુના પોષણની પરેશાનીઓ તેમ જ માતા તથા શિશુની ખરી અને કલ્પિત બીમારીઓ પણ આવી. એ સંબંધમાં ઈવાન ઈલ્યીચની હમદર્દીની

અપેક્ષા રાખવામાં આવતી પરંતુ તેને તો એ બધી બાબતો મુદ્લ સમજાતી જ નહિ. એટલે ઈવાન ઈલ્યીચ માટે પરિવારની બહાર પોતાની અલગ દુનિયા ઘડી કાઢવાની આવશ્યકતા વધુ તાકીદની બની ગઈ. પત્ની જેમ જેમ વધારે ચિડિયલ અને જુલમી બનતી ગઈ તેમ તેમ ઈવાન ઈલ્યીચ પોતાની જિંદગીના કેંદ્રને વધારે ઈરાદાપૂર્વક ઑફિસમાં ખસેડતો ગયો. તે વધારે ને વધારે પ્રમાણમાં કામમાં લીન રહેવા લાગ્યો અને નિરંતર વધારે ને વધારે મહત્ત્વાકાંક્ષી બનતો ગયો.

થોડા વખતમાં જ, લગ્ન પછી ફક્ત એક જ વરસમાં, ઈવાન ઈલ્યીચને સમજાઈ ગયું કે લગ્નજીવન અમુક સગવડો પૂરી પાડે છે ખરું, પરંતુ હકીકતમાં તે ખૂબ જ અટપટી તથા મુશ્કેલ બાબત હોય છે. એ સંબંધમાં પોતાની ફરજ બરાબર બજાવવી હોય, અર્થાત્ સમાજની માન્યતા હાંસલ કરવા સારુ શિષ્ટતાભર્યો ડોળ ધારણ કરવો હોય, તો વ્યવસાયના સંબંધમાં જેવી રીતે અમુક સિદ્ધાંતો ઘડી કાઢવા પડે છે એવી જ રીતે એ સંબંધમાં પણ અમુક ચોક્કસ સિદ્ધાંતો ઘડી કાઢવા પડે.

ઈવાન ઈલ્યીચે એવા સિદ્ધાંતો ઘડી કાઢ્યા. તેણે લગ્નજીવનમાંથી કેવળ ઘેર જમવાની, પત્નીની, શયનની, અને સૌથી મહત્ત્વની બાબત તરીકે શિષ્ટતાનું ધોરણ જાળવી રાખવાની જ અપેક્ષા રાખી, કારણ કે સામાજિક માન્યતા હાંસલ કરવાનો પૂરો આધાર એ આખરી બાબત ઉપર જ હોય છે. તેને કુટુંબ જીવનમાંથી ખુશી પ્રાપ્ત કરવી હતી. એ મળે તો તે અહેસાનમંદ બનતો, પરંતુ તેને ધુતકારી કાઢવામાં આવે અને બબડાટ તથા ફરિયાદો સિવાય બીજું કશું જ સાંભળવા ન મળે તો તરત જ તે પોતાની અલગ

તારવેલી કામની દુનિયામાં ચાલ્યો જતો અને જિંદગીની ખુશી તેમાંથી જ હાંસલ કરી લેતો.

ઇવાન ઇલ્યીચે ખંતીલી કામગીરીના આધારે માન્યતા પ્રાપ્ત કરી અને ત્રણ વરસમાં તેને બઢતી મળી. તેને સહાયક સરકારી વકીલના પદ પર નિયુકત કરવામાં આવ્યો. તેની નવી ફરજો, એ ફરજોનું મહત્ત્વ, લોકોના મુકદ્દમા ચલાવવાનો તથા જેલની સજા કરાવવાનો તેનો અધિકાર, તેનું છટાદાર જાહેર વકતૃત્વ અને તેમાંથી પરિણમતી સફળતા — એ બધી બાબતોને લીધે તેનું પોતાના કામ પ્રત્યેનું આકર્ષણ વધી ગયું.

વધુ બાળકો પેદા થયાં. તેની પત્ની વધારે કજિયાખોર ને બદમિજાજ બનતી ગઈ, પરંતુ ઇવાન ઇલ્યીચે કુટુંબ જીવન અંગે અપનાવેલા સિદ્ધાંતોને કારણે પત્નીના બબડાટની કશી અસર તેની ઉપર ભાગ્યે જ થતી.

એ શહેરમાં સાત વરસની કામગીરી બાદ ઇવાન ઇલ્યીચને બીજા પ્રાંતમાં સરકારી વકીલનું પદ મળ્યું. તેઓ નવી જગ્યાએ રહેવા ગયાં. ત્યાં પૈસાની ખેંચ પડતી અને પત્નીને નવું શહેર પસંદ નહોતું. ઇવાન ઇલ્યીચનો પગાર વધ્યો હતો પરંતુ ભેગું જીવનખર્ચ પણ વધ્યું હતું. વધારામાં, તેમનાં બે બાળકો ગુજરી ગયાં એટલે ઇવાન ઇલ્યીચ માટે કુટુંબ જીવન વધારે અણગમતું બની ગયું.

નવા શહેરમાં તેમને ભોગવવી પડતી દરેક કમનસીબીનો દોષ પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના પતિને માથે ઢોળી દેતી. પતિ અને પત્નીની વાતચીતનો લગભગ દરેક વિષય, અને ખાસ કરીને તેમનાં બાળકોની કેળવણીનો વિષય, હંમેશાં એવા સવાલો ઊભા કરતો કે જેના સંબંધમાં તેઓ ભૂતકાળમાં ક્યારેક ને ક્યારેક ઝઘડી ચૂક્યાં જ હોય. એવા પુરાણા ઝઘડા

ફરી ફાટી નીકળવાનો ખતરો કાયમ લટકતો રહેતો. કવચિત હેતપ્રેમના ગાળા આવતા ખરા, પણ તે કદી લાંબા ચાલતા નહિ. એવા ગાળાઓ તો જાણે ટાપુઓ જેવા હતા. તદ્દન જુદાઈમાં વ્યકત થતી ગુપ્ત દુશ્મનાવટના સાગરની નવી સફરોએ રવાના થતાં પહેલાં, યુગલ એવા ટાપુઓ પર થોડોક વિશ્રામ કરી લેતું. ઇવાન ઇલ્યીચને એવી જુદાઈ અનિચ્છનીય લાગતી હોત તો એથી તેને વ્યથા થઈ હોત, પરંતુ તેની નજરમાં એ જુદાઈ હવે તો જીવનના સામાન્ય અંગ ઉપરાંત ઇચ્છનીય પણ બની ગઈ હતી. તે એવી જુદાઈ સાધવાની સભાન કોશિશ કરતો. તેનું લક્ષ્ય કુટુંબ જીવનની તમામ ઊથલપાથલોથી પોતાને વધારે ને વધારે મુકત રાખવાનું અને એવી ઊથલપાથલોને હાનિકારક અથવા અશિષ્ટ બની જતી અટકાવવાનું હતું. ઘરમાં ઓછો ને ઓછો સમય ગાળીને અને ઘરમાં રહેવું જ પડે ત્યારે શાંતિ જાળવી રાખવા સારુ બહારના માણસોને બોલાવીને તે એ લક્ષ્ય સાધી લેતો. તેની જિંદગીમાં સૌથી મહત્ત્વની બાબત તેના કામની હતી. તેની સરકારી ફરજોની દુનિયા તેની જિંદગીની એકમાત્ર ખરી રુચિ બની ગઈ, અને તે એ રુચિમાં જ પૂરેપૂરો ડૂબી જવા લાગ્યો. પોતાના સામર્થ્યની સભાનતા, મરજી પડે તેને પાયમાલ કરી નાખવાનો અધિકાર, અદાલતમાં દાખલ થતી વેળા અને તાબેદારોની જોડે વાત કરતી વેળા પોતાના દેખાવનો પ્રભાવ, ઊંચા દરજ્જાના તેમ જ નીચલા દરજ્જાના માણસોમાં પોતાની લોકપ્રિયતા, મુકદ્દમાઓ ચલાવવામાં કાબેલિયત, અને એ કાબેલિયત અંગે તેનું પોતાનું ઊંચું મૂલ્યાંકન — એ બધી બાબતોથી તેને ખુશી થતી. એ ઉપરાંત, સહયોગીઓ જોડેની વાતચીત, ભોજન સમારંભો, અને વિસ્ટની રમતથી

તેનું જીવન જાણે ભર્યું ભર્યું બની ગયું હતું. એટલે, સમગ્ર રીતે જોતાં ઈવાન ઈલ્યીચની જિંદગી તેના ખ્યાલ મુજબ જેવી હોવી જોઈએ એવી જ હતી—ખુશાલ અને શિષ્ટ.

બીજાં સાત વરસ એમ જ ચાલતું રહ્યું. તેની પુત્રી સોળ વરસની થઈ ગઈ. એક વધુ બાળક ગુજરી ગયું. બાકી રહેલો એક પુત્ર નિશાળમાં ભણતો હતો અને વારંવાર કજિયાનું કારણ બની રહેતો હતો. ઈવાન ઈલ્યીચનો ઈરાદો તેને ધારાશાસ્ત્રનો અભ્યાસ કરાવવાનો હતો, પરંતુ પ્રાસકોવ્યા ફ્યોદોરોવ્નાએ કેવળ પતિ ઉપરના ખારને લીધે તેને સામાન્ય શાળામાં મોકલવાનો આગ્રહ રાખ્યો હતો. બાળા ઘેર જ અભ્યાસ કરતી અને તેમાં સારી પ્રગતિ કરી રહી હતી. કિશોર પણ હોશિયાર વિદ્યાર્થી હતો.

૩

ઈવાન ઈલ્યીચના લગ્નજીવનનાં સત્તર વરસ એવી રીતે વીતી ગયાં. તે અનુભવી સરકારી વકીલ હતો અને તેણે કેટલીય સારી ઑફરો બહેતર ઑફરની અપેક્ષામાં નકારી કાઢી હતી. એટલામાં કશુંક બની ગયું અને તેની જિંદગીના એકધારા વહેણમાં ભંગ પડી ગયો. ઈવાન ઈલ્યીચે એક યુનિવર્સિટી શહેરમાં અધ્યક્ષ ન્યાયાધીશનું પદ હાંસલ કરવાનો નિર્ધાર મનમાં કરી રાખ્યો હતો. પરંતુ કોણ જાણે કેવી રીતે ગોપ્પે એ બાબતમાં તેનાથી એક કદમ આગળ નીકળી ગયો અને એ પદ પર તેની નિમણૂક થઈ ગઈ. ઈવાન ઈલ્યીચ ખૂબ બેચેન થઈ ગયો, તેણે આક્ષેપો કર્યા, અને ગોપ્પે જોડે તેમ જ પોતાના સીધા ઉપરીઓની જોડે ઝઘડા કર્યા. પરિણામે

તેના પ્રત્યે ઉપરીઓનું વર્તન ઉદાસીન થઈ ગયું અને નવી નિમણૂકો થઈ ત્યારે પણ તેને અવગણવામાં આવ્યો.

આ બધું ૧૮૮૦માં બન્યું. એ વર્ષ ઈવાન ઈલ્યીચનું અત્યંત દુ:ખદ વર્ષ બની ગયું. એક તરફ તેની આવક કુટુંબના નિર્વાહ માટે પૂરતી નહોતી, અને બીજી તરફ તેનું અપમાન થયું હતું એટલું જ નહિ પરંતુ તદ્દન ઉઘાડી તથા બેરહમ ગેરઈનસાફીને બીજા લોકોએ સાવ સાધારણ બાબત તરીકે સ્વીકારી લીધી હતી. તેના પિતાએ પણ તેને મદદ કરવાની બાબતને પોતાની ફરજ નહોતી ગણી. ઈવાન ઈલ્યીચને લાગતું હતું કે પોતાને સૌએ તરછોડી દીધો છે, પરંતુ તેને સાડા ત્રણ હજાર રૂબલનો પગાર મળતો હતો એ બાબત બીજા લોકોને સાવ વાજબી ઉપરાંત ખુશનસીબીની પણ લાગતી હતી. માત્ર તેને એકલાને જ ખબર હતી કે પોતે વેઠેલો તુચ્છકાર, પત્નીનો અવિરત કંકાસ, અને આવકથી વધારે ખર્ચાળ જિંદગીના પરિણામે ચડી ગયેલાં કરજને લીધે તેની હાલત જરાય ઠીક ગણાય એવી નહોતી.

એ વરસે ખર્ચ ઘટાડવાના ઈરાદે તે ઉનાળાની રજા ગાળવા પત્ની જોડે ગ્રામવિસ્તારમાં સાળાને ત્યાં ગયો. ત્યાં જિંદગીમાં પહેલી જ વાર તેને કશું જ કર્યા વગર બેસી રહેવું પડતું. તે બેહદ કંટાળી ગયો. તેના દિલમાં એવી અકથ્ય વ્યથા ઉભરાવા લાગી કે તેણે કશોક ઉપાય કરવાનું, નિર્ણાયક કદમો ઉઠાવવાનું, નક્કી કર્યું.

તેણે આખી રાત પરસાળમાં આંટા મારીને નિંદરવિહોણી ગાળી અને છેવટે સેંટપિટર્સબર્ગ જઈને પોતાની બદલી બીજા મંત્રાલયમાં કરાવી લેવાનું અને એ રીતે તેની કદર ન કરનારાઓને સજા કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે પત્ની અને સાળાના વાંધાઓ છતાં તે સેંટપિટર્સબર્ગ જવા રવાના થઈ ગયો. સફર ખેડવામાં તેનો એક જ હેતુ હતો: પાંચ હજાર રૂબલના પદ ઉપર પોતાની નિમણૂક કરાવી લેવી. કયા મંત્રાલય કે વિભાગમાં એવું પદ મળે અથવા કેવું કામ કરવું પડે તેની તેને મુદ્દલ પરવા નહોતી. તેને તો કોઈ પણ વહીવટી સંઘટનમાં—બેંક, રેલવે, સમ્રાજ્ઞી મારિયાની સંસ્થાઓ, કે પછી જકાતખાતામાં પણ—પાંચ હજાર રૂબલના પગારનું પદ જોઈતું હતું. માત્ર એક જ વાત મહત્ત્વની હતી કે પગાર પાંચ હજારનો હોય અને તેની કદર ન કરનારા મંત્રાલયનું કામ છોડી દેવાનું તેને માટે શક્ય બને.

એ સફરમાં તેને વિસ્મયકારક અને અણધારી સફળતા સાંપડી. તે કુર્સ્ક પહોંચ્યો ત્યારે એફ.એસ.ઈલ્યીન નામનો તેનો એક મિત્ર તેના પ્રથમ વર્ગના ડબ્બામાં પહોંચી ગયો અને તેણે કુર્સ્કના ગવર્નરને તાજા મળેલા તારની વાત કરી. તારમાં ખબર આપવામાં આવી હતી કે મંત્રાલયમાં અગત્યની બદલી થવાની છે, પ્યોતર ઈવાનોવિચની જગ્યાએ ઈવાન સેમ્યોનોવિચની નિમણૂક થવાની છે.

પ્રસ્તાવિત ફેરફાર રશિયા માટે મહત્ત્વ ધરાવતો હોવા ઉપરાંત ઈવાન ઈલ્યીચ માટે ખાસ અગત્ય ધરાવતો હતો, કારણ કે નવો માણસ પ્યોતર પેત્રોવિચ અને તેની સાથે સાથે દેખીતી રીતે જ તેનો મિત્ર ઝાખાર ઈવાનોવિચ આગળ આવવાથી, સંજોગો ઈવાન ઈલ્યીચ માટે સાનુકૂળ બની ગયા. ઝાખાર ઈવાનોવિચ ઈવાન ઈલ્યીચનો મિત્ર અને સહપાઠી હતો.

સમાચારને મોસ્કોમાં પુષ્ટિ મળી અને ઈવાન ઈલ્યીચ સેંટપિટર્સબર્ગ પહોંચતાં જ ઝાખાર ઈવાનોવિચને મળ્યો.

ઈવાન ઈલ્યીચને તેના પોતાના મંત્રાલયમાં જ સારું પદ ચોક્કસ મેળવી દેવાનું વચન ઝાખાર ઈવાનોવિચે આપ્યું.

એક અઠવાડિયા પછી ઈવાન ઈલ્યીચે પત્નીને આવો તાર મોકલ્યો:

"મિલરના સ્થાને ઝાખારની નિમણૂક થઈ છે. મારી નિમણૂક પ્રથમ રિપોર્ટ પછી થઈ જશે."

એવા ફેરફારના પરિણામે ઈવાન ઈલ્યીચને તેના પોતાના જ મંત્રાલયમાં ઊંચું પદ અણધાર્યું મળી ગયું. તેનું સ્થાન તેના સહયોગીઓથી બે દરજ્જા જેટલું ઊંચું થઈ ગયું. તેને પાંચ હજારનો પગાર મળ્યો અને વધારામાં રહેઠાણ બદલવાના ખર્ચના સાડા ત્રણ હજાર રૂબલ મળ્યા. તે પોતાના વિરોધીઓ તથા મંત્રાલય સામેની નારાજગી સાવ ભૂલી ગયો અને ખૂબ ખુશ થઈ ગયો.

ઈવાન ઈલ્યીચ ગ્રામવિસ્તારમાં પાછો ફર્યો ત્યારે ઘણા વખતથી ન અનુભવેલી ખુશી તથા સંતોષની લાગણી અનુભવી રહ્યો હતો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના પણ ઉમંગમાં આવી ગઈ અને થોડા વખત પૂરતું શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું. ઈવાન ઈલ્યીચે વિગતે વાત કરી કે સેંટપિટર્સબર્ગમાં તેની જોડે કેવું માયાળુ વર્તન કરવામાં આવેલું, દુશ્મનોનાં મોઢાં કેવી રીતે કાળાં થઈ ગયાં, એ સૌ કેવી રીતે તેની ખુશામત કરતા હતા અને તેના નવા પદ બદલ તથા ખાસ તો સેંટપિટર્સબર્ગમાં થયેલી તેની તરફદારી બદલ ઈર્ષ્યાથી બળી રહ્યા હતા.

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ બધી વાતો ધ્યાનથી સાંભળી, બધું સાચું માની લેવાનો ઢોંગ કર્યો, ક્યાંય તેનો મુદ્દલ વિરોધ ન કર્યો, અને પોતાનું મન પૂરેપૂરું એવી યોજનાઓ ઘડવામાં

પરોવી દીધું કે નવા શહેરમાં જઈને કેવી રીતે રહીશું. પત્નીની યોજનાઓ પોતાની યોજનાઓ જોડે મેળ ખાય છે અને પરસ્પર એકમતી થઈ ગઈ છે એ જોઈને ઈવાન ઈલ્યીચને ખુશી થઈ. તેને થયું કે નાનકડી ઊથલપાથલ પછી જિંદગી પાછી ખુશાલ ને સુભગ બની જશે અને સ્વાભાવિક રીતે એમ જ થવું જોઈએ.

ઈવાન ઈલ્યીચ માત્ર ટૂંકા રોકાણ પૂરતો જ પાછો ફર્યો હતો. તેને દસમી સપ્ટેંબરે પોતાની નવી જવાબદારીઓ સંભાળી લેવાની હતી. વધુમાં તેને નવી જગ્યામાં રહેવાની ગોઠવણ કરવાની હતી, બધી ચીજવસ્તુઓ પ્રાંતિક શહેરમાંથી ખસેડવાની હતી, ઘણી નવી ચીજો ખરીદવાની હતી, અને ઘણી ચીજોની વરધીઓ મોકલવાની હતી. ટૂંકમાં તેને પોતાના મનની મુરાદ મુજબ અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાના હૈયાની કામના મુજબ નવી જિંદગીની ગોઠવણ કરવાની હતી.

બધું ફાયદામાં થાળે પડી ગયું, તે તથા તેની પત્ની એકમત થઈ ગયાં અને વળી એકબીજાને બહુ ઓછું મળતાં, એટલે તેઓ પરસ્પર લગ્નજીવનના આરંભના દિવસો પછી ક્યારેય નહોતાં રહ્યાં એટલાં માયાળુ બની ગયાં. પહેલાં તો ઈવાન ઈલ્યીચનો ઈરાદો પોતાના કુટુંબને તત્કાળ નવા શહેરમાં લઈ જવાનો હતો પરંતુ બનેવી તથા બનેવીના કુટુંબ પ્રત્યે એકાએક બહુ માયામમતા બતાવવા લાગેલાં સાળા તથા સાળાવેલીના આગ્રહને વશ થઈને તે એકલો જ રવાના થઈ ગયો.

ઈવાન ઈલ્યીચ એકલો નીકળી ગયો અને સફળતાએ તથા પત્ની જોડેના સુમેળે મળીને પેદા કરેલો તેનો ખુશમિજાજ

બધો વખત ટકી રહ્યો. તેણે અને તેની પત્નીએ હંમેશાં જેનાં સ્વપ્નાં સેવ્યાં હતાં એવો સરસ મઝાનો ફ્લેટ તેણે શોધી કાઢ્યો. તેમાં જૂની ઢબના ઊંચી છતવાળા મોટા દીવાનખંડો હતા, સગવડભર્યો વિશાળ અભ્યાસખંડ હતો, પત્ની તથા પુત્રી માટે અલગ અલગ ખંડો હતા, પુત્રને અભ્યાસ કરવા જુદો ખંડ હતો—આખો ફ્લેટ જાણે ખાસ તેમને માટે જ બાંધવામાં આવ્યો હોય એવો હતો. ઈવાન ઈલ્યીચે પોતે જ સાજસરંજામ વસાવવાનું તથા સજાવટનું કામ હાથમાં લઈ લીધું. તેણે શોભનકાગળ તથા ગાદીતકિયાની પસંદગી જાતે જ કરી અને ફર્નિચરની ખરીદી વેળા પોતાને સુરુચિમય લાગતી પુરાણી કલાત્મક વસ્તુઓ જ મોટે ભાગે પસંદ કરી. સાજસરંજામ તથા રાચરચીલામાં ધીરે ધીરે વધારો થતો ગયો અને આખરે તેનો નવો ફ્લેટ ભાવિ આવાસના તેના આદર્શને લગભગ આંબી ગયો. કામ હજુ અરધે સુધી જ પહોંચ્યું ત્યારે પણ પરિણામ તેની અપેક્ષાઓ કરતાં ઘણું બહેતર હતું. તે મનમાં કલ્પના કરવા લાગ્યો કે ફ્લેટ જ્યારે તૈયાર થઈ જશે ત્યારે કેવો મઝાનો લાગશે, તેમાં કેવું ઔચિત્ય જળવાયું હશે, અને અસભ્યતાની છાયા સરખી નહિ હોય. તૈયાર થઈ રહેલા દીવાનખંડમાં નજર ફેરવતાં તેના માનસપટમાં આખરી સજાવટનું ચિત્ર તરવરવા લાગ્યું—સગડીની જગ્યા, જાળી, ફૂલદાનીઓ, શોભાની ચીજોનો કબાટ, આમતેમ પડેલી ખુરશીઓ, દીવાલોએ ચીની માટીની સુંદર પ્લેટોની સજાવટ, અને સુઘડતાથી ગોઠવેલી ધાતુની ચીજો. તેની પત્ની તથા પુત્રીને પણ એવી ચીજોમાં રુચિ હતી, અને તેઓ કેટલાં રાજી થઈ જશે એવા ખ્યાલે તેનું મન ખુશ થઈ ગયું. પત્ની તથા પુત્રીને તો કલ્પના જ નહિ હોય કે અહીંયાં

તેમને શું જોવા મળવાનું છે. સામાન્ય દેખાવમાં લાલિત્ય ઉમેરે એવું પુરાણું ફર્નિચર તેને તેના વિશેષ સદ્ભાગ્યે સસ્તી કિંમતે મળી ગયું હતું. પત્ની તથા પુત્રીનાં મન ઉપર અંતમાં ભારે પ્રભાવ પડે એવા આશયે તેણે પત્રોમાં ચીજોને હતી તેનાથી ઊતરતી વર્ણવી હતી. તે આ બધા કામકાજમાં એટલો મશગૂલ થઈ ગયો કે તેને ગમતી નવી સરકારી ફરજોમાં પણ તેનું મન તેની પોતાની ધારણા કરતાં ઓછું પરોવાતું. અદાલતની કારવાઈ દરમિયાન ક્યારેક ક્યારેક તે જાણે ખોવાઈ જતો અને તેનું મન ફ્લેટમાં પહોંચી જતું, તે વિચારવા લાગતો કે પડદાની ઉપરના ભાગને ખુલ્લો રાખવો કે ત્યાં કાપડનું આવરણ લગાવવું. આ બધું તેના મનમાં એટલું બધું સવાર થઈ ગયેલું કે તે ઘણી વાર ફર્નિચર ગોઠવવામાં તથા પડદા ટાંગવામાં મજૂરોને મદદ કરવા લાગતો. એક દિવસે તે સીડી પર ચડીને મજૂરને બતાવવા લાગ્યો કે પડદા કેવી રાતે ટાંગવાના છે, એટલામાં પગ લપસી જતાં તે લગભગ પડી ગયો. પરંતુ તે એટલો જોરાવર ને ચપળ હતો કે તેણે સમતુલા જાળવીને શરીરને બચાવી લીધું. પડખું બારી જોડે અથડાઈ જવાથી તેને ફક્ત જરાક ઉઝરડો જ થયો. પડખામાં થોડીક વાર પીડા થઈ પણ પછી ધીરે ધીરે ઓસરી ગઈ. એ બધા વખત દરમિયાન ઈવાન ઈલ્યીચ ખુબ તંદુરસ્ત અને આનંદી રહ્યો. તેણે પત્રમાં લખ્યું: "હું જાણે પંદર વરસ પહેલાં હતો એવો જુવાન થઈ ગયો છું." તેણે ધારણા રાખેલી કે ફ્લેટનું બધું કામ સપ્ટેંબરમાં પૂરું થઈ જશે, પરંતુ તે ઑક્ટોબરના મધ્ય સુધી ચાલતું રહ્યું. આખરી પરિણામ ખરેખર મનમોહક હતું. એવો અભિપ્રાય તેનો એકલાનો જ નહોતો, ફ્લેટ જોનારા સૌ એમ જ કહેતા.

હકીકતમાં તેની સિદ્ધિ એવા બધા લોકોની સિદ્ધિ જેવી જ હતી કે જે ખરેખર અમીર નથી હોતા પરંતુ અમીરો જેવા દેખાવા ઉત્સુક હોય છે, અને અંતમાં માંહોમાંહે એક એકબીજાની જેવા જ બની રહે છે: પડદા, અબનૂસ, ફૂલદાનીઓ, ગાલીચા, અને ધાતુની ચીજો, બધું ઘેરું ને ચકચકિત—અમુક વર્ગના લોકો પોતાને એ ખાસ વર્ગના બીજા બધા લોકોની જેવા જ બનાવી દેવા માટે જે કંઈ વસાવતા હોય છે એવું જ બધું. તેનો ફ્લેટ પણ બીજા બધા લોકોના ફ્લેટોને એટલો બધો મળતો આવતો હતો કે કશી નવી ભાત નહોતી પડતી. પરંતુ તેને લાગતું કે પોતાનો ફ્લેટ બહુ જ અસાધારણ છે. આખરે તેનું કુટુંબ આવ્યું. તે સ્ટેશને જઈને સૌને ઉજાસભર્યા ફ્લેટમાં લઈ આવ્યો, ફૂલો વડે શણગારેલા પ્રવેશખંડનું બારણું સફેદ નેકટાઈ પહેરેલા નોકરે ખોલી આપ્યું, ત્યાંથી તેઓ દીવાનખંડમાં અને પછી અભ્યાસખંડમાં ગયાં, અને તેનું કુટુંબ સાનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું. એ જોઈને તેને બેહદ ખુશી થઈ. તેણે બધે ફરીને આખો ફ્લેટ બતાવ્યો, વખાણ સાંભળીને તે જાણે ઘેલોઘેલો થઈ ગયો, અને તેના મોં પર સંતોષની આભા છવાઈ ગઈ. સાંજે ચા પીતી વેળા પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ તેને પૂછ્યું કે તમે પડી કેવી રીતે ગયેલા, ત્યારે તેણે પગ લપસી જવાના બનાવની રમૂજી નકલ હસતાં હસતાં કરી બતાવી અને મજૂર કેવી દહેશત ખાઈ ગયેલો તેની વાત કરી.

"નાનપણમાં કસરત કરેલી તે કામ આવી ગઈ. બીજો કોઈ માણસ તો સખત પટકાઈ ગયો હોત, પણ મને પડખામાં જરાક વાગ્યું. હજી અડું ત્યારે થોડીક પીડા થાય છે

પણ ધીરે ધીરે ઓછી થતી જાય છે. જરાક ઉઝરડો જ છે."

તેઓ નવા ઘરમાં રહેવા લાગ્યાં. કોઈ પણ ઘરમાં રહેવાનું શરૂ થાય પછી હંમેશાં જેમ લાગતું હોય છે તેમ, આ ઘરની બાબતમાં પણ, તેને પૂરેપૂરું માફક બનાવવામાં ફકત એક ખંડની કમી હતી. અને તેમની નવી આવક પણ, હંમેશાં બનતું હોય છે એવી જ રીતે, તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે જરાક જ — ફકત પાંચસો રૂબલ જેટલી — ઓછી પડતી હતી. પરંતુ બધી રીતે જોતાં હાલત મઝાની હતી. શરૂઆતમાં તો જિંદગી વિશેષ રૂપે મઝાની હતી — ફ્લૅટની સજાવટ હજી સાવ પૂરી નહોતી થઈ અને ચીજો ખરીદવાની કે મંગાવવાની કે સરખી કરાવવાની કે એક જગ્યાઓથી બીજી જગ્યાએ ખસેડવાની બાકી હતી. નજીવી ગેરસમજાણો ક્યારેક ક્યારેક જરૂર ઊભી થતી, પરંતુ પતિપત્ની બેઉ ખુશ રહેતાં હતાં, અને તેમનાં મન ઘણાંબધાં કામકાજમાં પરોવાયેલાં રહેતાં હોવાથી, ગેરસમજાણો વધીને ખરેખરા ઝઘડાઓમાં પરિણમે તે પહેલાં જ સાફ થઈ જતી. ફ્લૅટની સજાવટ પૂરી થઈ ગઈ ત્યારે જિંદગી ખરેખર નીરસ બની ગઈ અને જાણે કશુંક ખૂટતું હોય એવી લાગણી પેદા થઈ, પરંતુ એ વખત સુધીમાં તેઓ નવા પરિચયો કેળવી રહ્યાં હતાં અને ઘડાતી નવી ટેવોને લીધે કામકાજમાં ડૂબેલાં રહેતાં.

ઈવાન ઈલ્યીચ સવારે અદાલતમાં ચાલ્યો જતો અને જમવા ઘેર પાછો ફરતો. શરૂઆતમાં તે બહુ જ ખુશમિજાજમાં રહેતો, જોકે ક્યારેક ક્યારેક ઘરને કારણે તેના મનમાં થોડોક ક્લેશ જરૂર થતો. મેજપોશ કે ગાદીતકિયા ઉપર ડાઘ પડયો હોય અથવા પડદાની દોરી ઢીલી થઈ ગઈ હોય તો તેને ખીજ ચડતી — આખર તેણે સજાવટમાં એટલી બધી મહેનત કરેલી

કે બરબાદીની જરા સરખી નિશાની જોઈને તેને દિલમાં પીડા થતી. પરંતુ બધી રીતે જોતાં ઈવાન ઈલ્યીચની જિંદગી તેના ખ્યાલ મુજબ જેવી હોવી જોઈએ એવી જ હતી: સરળ, ખુશાલ, અને શિષ્ટ. તે નવ વાગ્યે ઊઠતો, કૉફી પીતો, છાપું વાંચતો, અને પછી સરકારી યુનિફૉર્મ પહેરીને અદાલતમાં ચાલ્યો જતો. ત્યાં તૈયાર રાખવામાં આવતી રોજિંદા કામની ધૂંસરી તે સહેલાઈથી ધારણ કરી લેતો: અરજદારો, ઑફિસમાં આવતી પૂછતાછની બાબતો, ઑફિસનું કામકાજ અને જાહેર તથા આરંભિક સુનાવણીઓ. એ બધી બાબતોમાંથી નવું ને અગત્યનું હોવાને કારણે સત્તાવાર કામગીરીને અવરોધે એવું બધું અલગ તારવી લેવું જોઈએ, લોકોની જોડે સત્તાવાર સંબંધો સિવાય બીજા કશા સંબંધો ન રાખવા જોઈએ, એવા સંબંધોનું ખુદ કારણ કેવળ સત્તાવાર જ હોવું જોઈએ અને સંબંધો પોતે નિર્ભેળ સત્તાવાર હોવા જોઈએ. દાખલા તરીકે કોઈ માણસ કશીક પૂછપરછ કરવા આવે. ઈવાન ઈલ્યીચ પોતાના સત્તાવાર પદની બહારનું ગણાય એવું કશું કામકાજ તેની જોડે ન જ કરી શકે, પરંતુ એ માણસને તેની જોડે અદાલતના સભ્ય તરીકે કોઈ જાતનો સંબંધ હોય, સરકારી મથાળું ધરાવતા કાગળ ઉપર અંકિત થઈ શકે એવો સંબંધ હોય, તો ઈવાન ઈલ્યીચ એ સંબંધની મર્યાદાઓની અંદર રહીને એ માણસ માટે બધું કરે, પોતાની સત્તામાં હોય એટલું બધું બરાબર કરે, અને માનવીય અથવા મૈત્રીભર્યા પણ ગણાય એવા સંબંધોનો દેખાવ પેદા કરતું આદરભર્યું વર્તન પણ તેની જોડે કરે. પરંતુ જે ઘડીએ સત્તાવાર સંબંધો પૂરા થાય તે જ ઘડીએ બીજા બધા સંબંધો પણ ખતમ થઈ જાય. ઈવાન ઈલ્યીચ સત્તાવાર સંબંધોને અલગ તારવવાની, તેઓને

વાસ્તવિક જીવનથી સાવ અળગા રાખવાની, અસાધારણ કાબેલિયત ધરાવતો હતો, અને પોતાની પ્રતિભા તથા અનુભવ વડે એ કાબેલિયતને ખીલવીને તે કલાભિજ્ઞતાની એવી કક્ષાએ પહોંચી ગયો હતો કે ક્યારેક ક્યારેક જાણે ખાલી રમૂજ ખાતર જ માનવીય તથા સત્તાવાર સંબંધોની સેળભેળ કરી નાખવાની છૂટ લઈ શકતો. તે એમ કરી શકતો કારણ કે જરૂર પડે ત્યારે ફરી વાર સત્તાવાર સંબંધને અલગ તારવી લેવાનું અને માનવીય સંબંધને ખતમ કરી નાખવાનું મનોબળ તે ધરાવતો હતો. ઈવાન ઈલ્યીચ એવું કદમ સહેલાઈથી, સુખરૂપ, અને શિષ્ટતાથી પાર પાડવા ઉપરાંત, તેમાં કલાભિજ્ઞતા પણ દાખવતો. અદાલતના કામકાજ દરમિયાન તે વચમાં ક્યારેક ક્યારેક ધૂમ્રપાન કરતો, ચા પીતો, અને રાજકારણ તથા વ્યવસાય તથા પત્તાંની રમત અંગે થોડીક થોડીક અને નિમણૂકો અંગે પુષ્કળ વાતો કરતો. આખરે તે થાકેલો પરંતુ ઉત્કૃષ્ટ કામગીરી—તેની બાબતમાં તો જાણે સંગીતમંડળીના પ્રથમ વાયોલિનના વાદનની—રજૂ કરી ચૂકેલા કલાકાર જેવી સંતોષની લાગણી લઈને ઘેર પાછો ફરતો. ઘેર તેની પત્ની અને પુત્રી કાં તો બહાર જવાની તૈયારી કરતાં હોય અથવા મહેમાનદારી કરતાં હોય, તેનો પુત્ર કાં તો નિશાળે ગયો હોય અથવા શિક્ષકની જોડે બેસીને પાઠ તૈયાર કરી રહ્યો હોય, નિશાળમાં ભણાવવામાં આવતા વિષયોનો ખંતથી અભ્યાસ કરી રહ્યો હોય. જિંદગી મઝાની હતી. ઘેર મહેમાનો ન હોય તો ભોજન પછી ઈવાન ઈલ્યીચ શહેરમાં ચર્ચાતું કોઈ પુસ્તક વાંચતો અને ત્યાર બાદ દસ્તાવેજો તપાસવા બેસી જતો. તે કાનૂનોના સંદર્ભો જોઈ લેતો અને જુબાનીઓ વાંચીને તેને કાનૂનને અનુરૂપ બનાવી લેતો. એવું કામ તેને નીરસ પણ ન લાગતું

અને રસપ્રદ પણ ન લાગતું. પત્તાંની રમત જતી કરવી પડે તો કામ નીરસ લાગતું, પરંતુ એકલા કે પત્ની જોડે બેસી રહેવાનું હોય તો કામ બહેતર લાગતું. ઈવાન ઈલ્યીચને નાનકડા ભોજન સમારંભો આયોજવામાં સૌથી વધારે ખુશી થતી. તેમાં તે સારો સામાજિક મોભો ધરાવતા ગૃહસ્થો તથા મહિલાઓને આમંત્રિત કરતો, અને તેના દીવાનખંડ તથા એ સૌના દીવાનખંડો વચ્ચે જેવું સંપૂર્ણ સામ્ય હતું એવું જ સંપૂર્ણ સામ્ય તેના ભોજન સમારંભમાં સંધ્યા ગાળવાની તેમની રીત અને સંધ્યા ગાળવાની એ લોકોની કાયમની રીત વચ્ચે હતું.

એક વાર તેમણે સંધ્યા સમારંભના આયોજનમાં નૃત્ય પણ સામેલ કર્યું. ઈવાન ઈલ્યીચ ખૂબ મોજમાં હતો અને એક જ બાબત સિવાય બધું પૂરા સંતોષથી પાર ઊતરી ગયું. તેને પત્ની જોડે મીઠાઈ તથા પેસ્ટ્રી અંગે સખત ઝઘડો થયો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ખાનપાનની વાનગીઓ અંગે બધું નક્કી કરી લીધેલું, પરંતુ ઈવાન ઈલ્યીચે ચીજો મોંઘામાં મોંઘી દુકાનેથી મંગાવવાનો આગ્રહ રાખ્યો. તેણે પેસ્ટ્રી વધારે પડતી મંગાવી લીધી. તેમાંથી ઘણીબધી પડી રહી અને બિલ પિસ્તાળીસ રૂબલનું આવ્યું એટલે ઝઘડો થયો. ઝઘડો કેટલો ગંભીર અને કલેશકર હતો તેનો ખ્યાલ એ હકીકત પરથી આવી શકશે કે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ તેને 'ગધેડો' અને 'કાયર' કહીને નવાજ્યો, અને તેણે પણ છૂટાછેડા લેવા અંગેના સ્વગત બબડાટ કર્યા. પરંતુ મહેફિલમાં ખરેખરો રંગ જામી ગયેલો. સમાજમાં ઉત્તમ ગણાતા લોકો મહેફિલમાં આવેલા અને ઈવાન ઈલ્યીચે રાજકુમારી ત્રૂફોનોવા જોડે, 'મારી ધૂંસરી તારે માથે લઈ લે' નામે ઓળખાતી સખાવતી

સંસ્થા સ્થાપનારી ત્રૂફોનોવાની બહેન જોડે, નૃત્ય કર્યું. તેને સરકારી કામગીરીમાંથી મળતી ખુશીનું કારણ તેની મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિમાં હતું, સામાજિક જીવનમાંથી તેને મળતી ખુશીનું કારણ તેના અહંની તુષ્ટિમાં હતું, પરંતુ તેને સૌથી વધારે ખુશી તો પત્તાંની રમતમાંથી મળતી. તે એકરાર કરી લેતો કે ભલે ગમે તે બની જાય, ભલે ગમે તેવી ભયંકર નિરાશાઓ સહેવી પડતી હોય, તોપણ એ સર્વની આરપાર એક નાનકડી તેજસ્વી જ્યોતિ ઝગમગતી રહે છે, અને એ જ્યોતિ એટલે સારા ખેલાડીઓની જોડે અને ઘાંટા ન પાડે એવા જોડીદારોની સાથે ચાર ખેલાડીઓની "વિન્ત"ની રમત (પાંચ ખેલાડીઓની રમતમાં નજીક બેસીને નીરખતા રહેતા પાંચમા ખેલાડીની હાલત, જરાય વાંધો ન હોવાના ઢોંગ છતાં, બેહદ દુ:ખકર હોય છે), અને પછી વાળુ તથા ગ્લાસ ભરીને મદ્ય. ઈવાન ઈલ્યીચ પત્તાંની રમત પછી બહુ જ ખુશી અનુભવતો, ખાસ કરીને થોડુંક જીત્યો હોય ત્યારે (મોટી જીતથી તેને અકળામણ થતી), નીંદરમાં પડતો.

તેમની જિંદગી એવી રીતે વીતી રહી હતી. તેમને ઉત્તમ વર્તુળોમાં હળવામળવાનું થતું, અને સમાજમાં મહત્ત્વ ધરાવતા તેમ જ તરુણ લોકો તેમને ઘેર ઘણી વાર આવતા.

સંબંધોનું વર્તુળ કેવું હોવું જોઈએ એ બાબતમાં પતિ, પત્ની, અને પુત્રી પૂરો એકમત ધરાવતાં હતાં. તેમના નામને કલંક લગાડે એવા, અને દીવાલોએ જાપાની પ્લેટો ગોઠવીને સજાવવામાં આવેલા દીવાનખંડમાં આવીને મળવાની હઠ પકડી રાખનારા, જાતજાતના અનિચ્છનીય મિત્રો તથા સગાંને ખંખેરી નાખવામાં તેઓ એકબીજાની જોડે કશી મસલત વગર જ એકસરખી કાબેલિયત દાખવતાં. એવા અણગમતા જીવ

થોડા વખતમાં જ આવતા બંધ થઈ ગયા, અને ગોલોવિન પરિવારને સમાજના કેવળ ઉત્તમ વર્તુળોમાંના જ મિત્રો રહ્યા. આશાસ્પદ યુવાનો લિઝાનો પ્રેમ પામવાના પ્રયાસો કરી રહ્યા હતા. દ્મીત્રી ઈવાનોવિચ પેત્રીશ્ચેવનો પુત્ર તથા તેની જાગીરનો એકમાત્ર વારસ, તપાસ મેજિસ્ટ્રેટ પેત્રીશ્ચેવ તો એટલા ઉત્સાહથી પ્રયાસો કરી રહ્યો હતો કે ઈવાન ઈલ્યીચે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના સમક્ષ તેનો ઉલ્લેખ કર્યો, અને તેમને માટે ત્રણ ઘોડાની ગાડીની સહેલ અથવા સંગીતનાટકના કાર્યક્રમો આયોજવાનું સૂચન કર્યું.

તેમની જિંદગી એવી હતી. બધું નિરંતર કશા જ પરિવર્તન વગર ચાલતું હતું અને હાલત મઝાની હતી.

૪

કુટુંબમાં સૌ તંદુરસ્ત હતાં. ઈવાન ઈલ્યીચ ક્યારેક મોઢામાં વિચિત્ર સ્વાદની અને ડાબા પડખામાં કશીક તકલીફની ફરિયાદ કરતો, પરંતુ તેને બીમારી ભાગ્યે જ ગણાય.

પરંતુ એ કશીક તકલીફ વધતી ગઈ. તે હજી ખરી પીડા તો નહોતી બની ગઈ, પરંતુ તેને પડખામાં દબાણ જેવું લાગતું અને એથી તે વારંવાર બેચેનીની હાલતમાં સરી પડતો. એવી બેચેનીની હાલત વધારે ને વધારે ઊંડાં મૂળિયાં ઘાલતી ગઈ અને ગોલોવિન પરિવારે સાધેલી સરળ તથા સુભગ જિંદગીની મોજમાં એથી ભંગ પડવા લાગ્યો. પતિપત્ની વચ્ચે વધારે ને વધારે પ્રસંગે ઝઘડા થવા લાગ્યા. થોડા વખતમાં જિંદગીની મોજ તથા ખુશી અદૃશ્ય થઈ ગઈ અને શિષ્ટતા માંડ માંડ જળવાતી. પછી વારંવાર કંકાસ થવા લાગ્યા. પતિ

અને પત્ની જ્યારે વિસ્ફોટ વગર ભેગાં રહી શકતાં હોય એવા ગાળાઓ, ફરી વાર જાણે સમયના ટાપુઓ જેવા બની ગયા, અને તેઓની સંખ્યા પણ વખત જતાં ઘટતી ગઈ.

હવે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના વાજબી કારણના આધારે કહી શકતી કે પતિનો સ્વભાવ આકરો છે. પતિને ઉદ્દેશીને તે પોતાની લાક્ષણિક અતિશયોકિત અજમાવીને કહેતી કે તમારો સ્વભાવ હંમેશાં આકરો રહ્યો છે અને મારા જેવી ભલા સ્વભાવની બાઈ જ વીશ વીશ વરસ સુધી તમારો આવો આકરો સ્વભાવ સહી લઈ શકે. વાત ખરી હતી કે હવે ઈવાન ઈલ્યીચ જ તકરાર શરૂ કરતો. તે હંમેશાં કાં તો જમવા બેસતા પહેલાં અથવા સૂપ પીરસાતો હોય ત્યારે કંઈ ને કંઈ ખોડ કાઢતો. પ્લેટ ગંદી હોય, અથવા ખાવાનું સારું ન હોય, અથવા પુત્રે કોણી ટેબલ પર ટેકવી હોય, અથવા પુત્રીએ વાળ સરખી રીતે ન ઓળ્યા હોય. અને દરેક બાબત અંગે તે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને દોષિત ઠરાવતો. શરૂઆતમાં તો પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના તડાક વળતા જવાબ આપતી અને તેને કાળજું ચીરી નાખે એવાં વેણ સંભળાવતી, પરંતુ બે પ્રસંગોએ ઈવાન ઈલ્યીચને ભોજનના આરંભમાં જ ભયંકર ઝનૂન ચડી ગયું ત્યારે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને લાગ્યું કે આ તો ખાવાથી આવી પડેલી બીમારી છે. એટલે તે પોતાનું મન કાબૂમાં રાખતી અને વળતા જવાબ આપ્યા વગર જમવાનું જલદી જલદી પતાવી દેવાની જ કોશિશ કરતી. તે પોતાના એવા આત્મસંયમ બદલ ખૂબ અભિમાન અનુભવતી. તેણે માની લીધું હતું કે પતિનો સ્વભાવ અસહ્ય છે અને એથી પોતાની જિંદગી આફતના ભારા જેવી બની

ગઈ છે, એટલે તેણે પોતાની જાતની દયા ખાવાનું શરૂ કરી દીધું. એવી આત્મદયા તે જેટલી વધારે અનુભવતી એટલો વધારે ધિક્કાર તેને પતિ ઉપર છૂટતો. તે મનમાં આશા રાખવા લાગી કે પતિ મરી જાય, પરંતુ એવી આશાને તે ખરેખર પોષી શકે એમ નહોતી, કારણ કે એમ થાય તો આવક બંધ થઈ જાય. એ કારણે પતિ સામેનો તેનો રોષ વધી ગયો. પતિના મૃત્યુથી પોતાનો છુટકારો નહિ થાય એવી પ્રતીતિને લીધે તેનું મનદુઃખ ખૂબ વધી ગયું. પરિણામે તે ચિડાઈ જતી, ચીડને છુપાવવાની કોશિશ કરતી, અને દબાવી દેવામાં આવતી ચીડ અંતે ચીડમાં જ વધારો કરી દેતી.

એક વાર ઝઘડામાં ઈવાન ઈલ્યીચે બેહદ ગેરઈનસાફી આક્ષેપો કર્યા, હકીકતમાં આક્ષેપો એટલા બધા ગેરઈનસાફી હતા કે તેણે પાછા મનમેળ દરમિયાન પોતે ચિડિયલ હોવાનો એકરાર કરી લીધો, પણ ખુલાસામાં જણાવ્યું કે તેનું કારણ બીમારી છે. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ સમજાવ્યું કે તમે બીમાર હો તો તમારે ઈલાજ કરાવવો જોઈએ, અને તેણે જાણીતા ડૉકટરની સલાહ લેવાનો આગ્રહ કર્યો.

ઈવાન ઈલ્યીચે ડૉકટરની સલાહ લીધી. ડૉકટરને ત્યાંની મુલાકાત તેની ધારણા મુજબની જ થઈ, હંમેશાં થતી હોય છે એવી જ થઈ: રાહ જોવી, ડૉકટરના ચહેરાના ભારેખમ ભાવ (એવા ભાવ તેને પરિચિત હતા કારણ કે અદાલતમાં દાખલ થતી વેળા તે પોતે પણ એવા જ ભાવ ધારણ કરી લેતો), છાતીએ ને પીઠે ટપકારા, છાતીમાંથી કશુંક સાંભળવાની કોશિશ, અગાઉથી જ જાણમાં હોવાથી સાવ નકામા બની જતા જવાબોને જરૂરી બનાવતા સવાલો, કેવો ઈલાજ કરવો

તેની ડૉક્ટરને તો ચોક્કસ ખબર પડી જ ગઈ હોવાથી એ બાબત પૂરેપૂરી ડૉક્ટરના હાથમાં સોંપી દેવામાં આવે તો બધું ઠીક થઈ જશે એવો આડકતરો ઈશારો કરતી મર્મભરી નજર, વગેરે—દરદી ભલે ગમે તે હોય પણ તમામ દરદીઓની બાબતમાં તદ્દન એકસરખું જ વલણ. બધું જાણે બરાબર અદાલતની જેમ જ હતું. અદાલતમાં ગુનેગારો જોડે કામ પડતી વેળા તે પોતે જેવી ભારેખમ અદા ધારણ કરી લેતો એવી જ અદા ડૉક્ટરે પણ ધારણ કરી લીધી હતી.

ડૉક્ટરે કહ્યું: આ ને તે બાબત નિર્દેશ કરે છે કે તમને આ ને તે રોગ છે, પરંતુ આ ને તેનું વિશ્લેષણ અમારા નિદાનને પુષ્ટિ ન આપે તો અમારે તમારા સંબંધમાં આ ને તે રોગની ધારણા કરવી પડે. જો અમે ધારી લઈએ કે તમને આ ને તે રોગ છે તો... વગેરે વગેરે. ઈવાન ઈલ્યીચ ફક્ત એક જ સવાલનો જવાબ ઈચ્છતો હતો કે પોતાની હાલત જોખમભરી છે યા નહિ.

પરંતુ ડૉક્ટરે એ સવાલ મુદ્દાસરનો નથી એમ કહીને અવગણી કાઢ્યો. ડૉક્ટરની દૃષ્ટિએ એવો સવાલ લક્ષમાં લેવા યોગ્ય જ નહોતો. આ કેસમાં માત્ર શક્યતાઓને તોળી જોવાની હતી: તરતા મૂત્રપિંડો, જૂનું ચાંદું, અથવા મોટા આંતરડાનો રોગ. ઈવાન ઈલ્યીચની જિંદગીના જોખમનો તો સવાલ જ ઊભો નથી થતો, તરતા મૂત્રપિંડો અથવા મોટા આંતરડાના રોગમાંથી જ એકનો સંભવ છે. ઈવાન ઈલ્યીચની હાજરીમાં ડૉક્ટરે ઝળકતું પૃથક્કરણ કરીને બતાવી આપ્યું કે મોટા આંતરડાના રોગનો સંભવ વધુ છે, પરંતુ તેમાં એવી શક્યતાનો અવકાશ રાખ્યો કે પેશાબના વિશ્લેષબમાંથી

કશીક નવી માહિતી મળી આવે તો રોગના નિદાનની બાબત કદાચ ફરી વાર હાથમાં લેવી પડે. ઈવાન ઈલ્યીચ પોતે અદાલતમાં પિંજરામાં ઊભેલા કેદીની હાજરીમાં બરાબર એવું જ વલણ એવી જ તેજસ્વી રીતે અગણિત વાર અપનાવી ચૂક્યો હતો. પછી ડૉક્ટરે પોતાનાં ચશ્માંની ઉપરથી કેદીની ઉપર વિજયસૂચક તેમ જ ખુશાલ નજર ઠેરવીને તેજસ્વી રીતે આખા કેસનું તારણ કાઢ્યું. ડૉક્ટરના તારણમાંથી ઈવાન ઈલ્યીચને એટલું સમજાયું કે પોતાની હાલત ખરાબ છે પણ ડૉક્ટરને કે બીજા કોઈને પણ તેની મુદ્દલ પરવા નથી. એવા ખ્યાલથી ઈવાન ઈલ્યીચના મનમાં આત્મદયાની પ્રબળ લાગણી પેદા થઈ, અને આવા પ્રચંડ મહત્ત્વની બાબતમાં ડૉક્ટરના ઉદાસીન વલણ બાબત ડૉક્ટર પ્રત્યે નારાજગીની પણ એટલી જ પ્રબળ લાગણી પેદા થઈ. પરંતુ તેણે કશો વિરોધ ન કર્યો. તે ઊભો થઈ ગયો અને ડૉક્ટરની ફીના પૈસા ટેબલ પર મૂકતો નિસાસો નાખીને બોલ્યો:

"હું સમજું છું કે દરદીઓના બેવકૂફીભર્યા સવાલોથી તમે ટેવાઈ ગયા હશો, પરંતુ તોયે મારે જાણવું છે કે તમે મારી બીમારીને જોખમભરી ગણો છો કે નહિ."

ડૉક્ટરે પોતાનાં ચશ્માં ઉપરથી તેની સામે કડક નજરે જોયું, જાણે કહેતો હોય કે "કેદી, તું સવાલોની છૂટની મર્યાદામાં નહિ રહે તો મારે તને પરાણે અદાલતમાંથી બહાર મોકલી દેવો પડશે."

"મને જેટલું જરૂરી અને ઉચિત લાગ્યું એટલું મેં તમને જણાવી દીધું છે," ડૉક્ટરે જવાબ આપ્યો. "એથી વધારે ખબર તો વિશ્લેષણ પછી જ પડે." પછી ડૉક્ટરે માથું નમાવીને તેને બારણું બતાવી દીધું.

ઈવાન ઈલ્યીચ ધીરે ધીરે બહાર નીકળ્યો, ઘોડાગાડીમાં બેઠો, અને ઘર તરફ રવાના થઈ ગયો. તે આખે રસ્તે ડૉક્ટરની વાતોનો વિચાર કરતો રહ્યો, અસ્પષ્ટ અને અટપટા વૈજ્ઞાનિક શબ્દોનો અર્થ સાદી ભાષામાં તારવવાની અને તેમાંથી પોતાના સવાલનો જવાબ ખોળી કાઢવાની કોશિશ કરતો રહ્યો: "ખરાબ હાલત—બહુ ખરાબ, કે પછી હજી વધારે પડતી ખરાબ નહિ?" તેને લાગ્યું કે ડૉક્ટરની બધી વાતોનો નિચોડ હાલત બહુ જ ખરાબ હોવાનો નિર્દેશ કરે છે. હવે ઈવાન ઈલ્યીચને જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં બધું જાણે વિષાદમય લાગવા માંડ્યું: ગાડીવાનો, મકાનો, રાહદારીઓ, દુકાનો, બધું જ વિષાદમય લાગતું હતું. તેની પીડાએ—ઊંડી અને એક પળ પણ થંભ્યા વગર સણકા મારતી રહેતી પીડાએ—ડૉક્ટરની અસ્પષ્ટ વાતો પછી જાણે નવો અને વધારે ગંભીર મર્મ ધારણ કરી લીધો. તેણે પોતાનું ભયની નવી લાગણીભર્યું ધ્યાન એ બાબત ઉપર કેંદ્રિત કર્યું.

તેણે ઘેર પહોંચીને પત્નીને વાત કરી. પત્ની સાંભળતી રહી પરંતુ અધવચ્ચે તેની પુત્રી માથે હૅટ પહેરીને ખંડમાં આવી. માદીકરી બહાર જવાની તૈયારી કરી રહ્યાં હતાં. પિતાનું નીરસ બયાન પુત્રી અનિચ્છાએ બેસીને સાંભળવા લાગી, પરંતુ તે ઝાઝી વાર ન બેઠી. તેની પત્નીએ પણ વાત પૂરી ન સાંભળી.

"ઠીક, તમે ડૉક્ટર પાસે જઈ આવ્યા એટલે મને ખુશી થઈ," પત્નીએ કહ્યું. "હવે દવા ચીવટ રાખીને વખતસર લેતા રહેજો. લાવો, નૂસખો મને આપો, હું ગેરાસિમને મોકલીને દવા મંગાવી લઈશ." એટલું કહીને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના કપડાં બદલવા બીજા ખંડમાં ચાલી ગઈ.

પત્ની ખંડમાં હતી ત્યાં સુધી તેણે શ્વાસ રોકી રાખ્યો હતો. તે ગઈ કે તરત જ ઊંડો નિસાસો નાખીને તે બોલ્યો:

"ભલે, શું થાય! હાલત કદાચ ખરેખર બહુ ખરાબ નહિ હોય."

તેણે દવા લેવાનું શરૂ કરી દીધું અને તે ડૉક્ટરની તમામ હિદાયતોનું બરાબર પાલન કરતો. પેશાબના વિશ્લેસણ પછી ડૉક્ટરે હિદાયતો બદલાવી નાખી. પરંતુ વિશ્લેષણ અંગે અથવા ત્યાર બાદ લેવાનાં પગલાં અંગે કશીક ગેરસમજણ થઈ હોય એમ લાગતું હતું. એવી નજીવી બાબત અંગે આટલા નામાંકિત ડૉક્ટરને પૂછવા જવાનું તો અશક્ય જ હતું. કોણ જાણે કેમ પણ ડૉક્ટરે કહેલો એવો ફેર હાલતમાં વરતાતો નહોતો. કાં તો ડૉક્ટર કશુંક ભૂલી ગયો હશે, કે પછી દરદી સમક્ષ જૂઠું બોલ્યો હશે, અથવા તેણે દરદીથી કશુંક છુપાવ્યું હશે.

પરંતુ ઈવાન ઈલ્યીચ ડૉક્ટરની હિદાયતોનું ચોકસાઈથી પાલન કરતો રહ્યો, અને શરૂઆતમાં તો એવા પાલનથી જ તેને થોડીક રાહત લાગી.

ડૉક્ટર પાસે જઈ આવ્યા પછી ઈવાન ઈલ્યીચની મુખ્ય પ્રવૃત્તિ સ્વાસ્થ્ય અંગે ડૉક્ટરની હિદાયતોનું ચોકસાઈથી પાલન કરવાની, વખતસર દવા લેવાની, અને પીડામાં તેમ જ શરીરની ક્રિયાઓમાં કશો ફેર પડે તો તેની નોંધ રાખવાની હતી. જીવનમાં તેનો મુખ્ય રસ માનવીના રોગો તથા આરોગ્યની બાબત ઉપર કેંદ્રિત થઈ ગયો. તેની હાજરીમાં ક્યારેય કોઈ માણસ કોઈની બીમારીની અથવા કોઈના મૃત્યુની, અથવા કોઈના સાજા થવાની વાત કરે, અને ખાસ કરીને તો રોગ જો

તેના રોગને મળતો આવતો હોય, તો તે ખૂબ ધ્યાનથી સાંભળતો, પોતાની બેચેની છુપાવવાની કોશિશ કરતો, સવાલો પૂછતો, અને પોતાની હાલત જોડે મનમાં સરખામણી કરવા લાગતો.

પીડા ઓછી ન થઈ પરંતુ તેણે પરાણે મનને મનાવ્યું કે રાહત લાગે છે. રોજિંદી જિંદગી સરખી ચાલતી રહે ત્યાં સુધી તો તે આત્મવંચનામાં સફળ થઈ જતો, પરંતુ પત્ની જોડે કજિયો થાય, ઑફિસમાં કંઈક અણગમતું બને, અથવા પત્તાંની રમતમાં નસીબ અવળું જાય કે તરત જ તે પોતાની બીમારી અંગે એકદમ સભાન બની જતો. અગાઉ તે વિપદાને પહોંચી વળવાના પૂરા આત્મવિશ્વાસથી તેનો મુકાબલો કરતો, કામયાબીની પૂરી ખાતરીથી પ્રતિકાર કરતો, તેને લાગતું કે પોતે આખરે "તેરે તેર હાથનો દાવ" મારી જ લેશે. હવે દરેક દુર્ઘટના તેના પગ નીચેથી ધરતીને સરકાવી દેતી અને તેને હતાશાની ગર્તામાં ધકેલી દેતી. તે સ્વગત કહેતો: તબિયત સુધરવા લાગેલી, દવાની અસર શરૂ થઈ ગયેલી, પણ બરાબર એવે ટાણે જ આ કાળમુખી દુર્ઘટના કે કમનસીબી આવી પડી... તે દુર્ભાગ્યની સામે, અથવા દુર્ભાગ્ય આણીને તેને મારી નાખતા લોકોની સામે, ઊકળી ઊઠતો. તેને લાગતું કે એવો ઉકળાટ જ તેની જિંદગી ખતમ કરી રહ્યો છે, પરંતુ એનો કશો ઉપાય તેના હાથમાં નહોતો. તેણે ધાર્યું હોત તો તે જરૂર સમજી શક્યો હોત કે લોકો તથા સંજોગોની ઉપર રોષ ઠાલવવાથી તો બીમારી વધારે જોર પકડે છે, અને એટલે તેણે અકસ્માત ઊભી થતી પરેશાનીઓને મુદ્દલ લક્ષમાં ન જ લેવી જોઈએ. પરંતુ તેનું મન તો એથી ઊલટી દિશામાં જ દલીલો કરતું. તે વિચારતો કે મને શાંતિની જરૂર છે,

શાંતિમાં ભંગ પડે એવી દરેક બાબત અંગે હું સાવધાન રહું છું, અને જરા સરખુંયે ભંગાણ પડતાં મારી ઉપર ઝનૂન સવાર થઈ જાય છે. તે તબીબી પુસ્તકો વાંચીને અને ડૉક્ટરોની સલાહ લઈને હાલતને બદતર બનાવી દેતો. તેની હાલત એટલી ધીમે ધીમે કથળી રહી હતી કે તેને માટે એક દિવસની જોડે પાછલા દિવસની સરખામણી કરીને મનને છેતરવાનું સહેલું હતું—ફરક લગભગ અકળ રહેતો. પરંતુ તે ડૉક્ટરોની સલાહ લેવા જતો ત્યારે તેને લાગતું કે પોતાની હાલત બદતર બની રહી છે એટલું જ નહિ પણ બહુ ઝડપથી બદતર બની રહી છે. તે છતાં તેણે ડૉક્ટરોની સલાહ લેવાનું ચાલુ રાખ્યું.

એ જ મહિના દરમિયાન તે બીજા એક પ્રખ્યાત ડૉક્ટર પાસે ગયો. એ નામાંકિત વ્યક્તિએ પણ મોટે ભાગે તો પહેલા ડૉક્ટરની જેમ જ કહ્યું, પરંતુ તેણે સમસ્યાને જુદી રીતે પેશ કરી. એ નામાંકિત વ્યક્તિની સલાહથી ઈવાન ઈલ્યીચની શંકાઓ તથા ભીતિઓમાં કેવળ વધારો જ થયો. તેના એક મિત્રના મિત્રે, ખૂબ કાબેલ ડૉક્ટરે, સાવ નિરાળું નિદાન કર્યું અને રોગ મટાડી દેવાની ખાતરી આપી, પરંતુ તેના સવાલો તથા ધારણાઓથી તો ઈવાન ઈલ્યીચની ગૂંચવણો વધારે અટપટી બની ગઈ અને શંકાઓ વધી ગઈ. એક હોમિયોપેથ ડૉક્ટરે વળી તદ્દન જુદું જ નિદાન કર્યું અને બીજી દવા લખી આપી. ઈવાન ઈલ્યીચે એ દવા કોઈને ખબર ન પડે એવી રીતે એક અઠવાડિયું લીધી. અઠવાડિયું પૂરું થઈ ગયું પણ કશી રાહત ન મળી એટલે એવા તેમ જ બીજા ઈલાજોમાંથી તેનો વિશ્વાસ ઊઠી ગયો અને તેની હતાશા બેહદ વધી ગઈ.

એક વાર તેની એક પરિચિત બાઈએ તેને દેવમૂર્તિઓની અસરથી રોગ મટતા હોવાની વાત કરી. ઈવાન ઈલ્યીચને અચાનક ખ્યાલ આવ્યો કે પોતે એવી વાત ધ્યાનથી સાંભળી રહ્યો છે અને એવા ઈલાજની શક્યતાને માની લેવા પણ લાગ્યો છે. એ બનાવથી તેના મનમાં દહેશત પેદા થઈ ગઈ. "અરે, હું ખરેખર આવો ગધેડો બની ગયો છું?" તેણે સ્વગત સવાલ કર્યો. "બકવાદ! ખરું જોતાં મારે હવે બેચેન બની જવાનું બંધ કરી દેવું જોઈએ, એક ડૉક્ટર પસંદ કરીને એના જ ઈલાજને પાકે પાયે વળગી રહેવું જોઈએ. બસ, બહુ થયું. હવે હું મારા પોતાના જ વિચારો કરવાનું છોડી દઈને આવતા ઉનાળા સુધી ડૉક્ટરની હિદાયતોનું કડક પાલન કરીશ, પછી જોઈ લઈશું. આજથી બધી દુવિધા બંધ!"

એવો નિર્ણય કરવો સહેલો હતો પરંતુ તેનો અમલ અશક્ય હતો. પડખાની પીડા તેને થકવી નાખતી હતી. દુખાવો જાણે વધી રહ્યો હતો અને તેનો આરામ હરી લેતો હતો. તેના મોઢામાં સ્વાદ વધારે ને વધારે વિચિત્ર બની રહ્યો હતો. તેને લાગતું કે પોતાનો શ્વાસ જુગુપ્સા ઉપજાવે એટલો ખરાબ છે. તેનો ખોરાક ઘટી ગયો અને તે કમજોર બનતો ગયો. મનને છેતરવાનું હવે શક્ય નહોતું: ઈવાન ઈલ્યીચની જિંદગીમાં કશુંક ભયાનક, કશુંક નવું, કશુંક એવા પ્રચંડ મહત્ત્વનું બની રહ્યું હતું કે અગાઉ ક્યારેય એટલા મહત્ત્વનું કશું તેની જિંદગીમાં નહોતું બન્યું. અને એ બાબતની જાણ ફક્ત તેને એકલાને જ હતી. તેની આસપાસના લોકો કાં તો સમજતા નહોતા અથવા સમજવાની પરવા જ નહોતા કરતા, અને એમ જ માનવાનું ચાલુ રાખતા કે જગતમાં

બધું હંમેશની જેમ જ વિદ્યમાન છે. એવો ખ્યાલ તેને બીજી કોઈ પણ બાબત કરતાં વધારે વ્યથિત કરી મૂકતો. તેના ઘરનાં માણસોને—ખાસ કરીને તો સામાજિક મિલનમિલાપના ગાળાની ચરમ કક્ષામાં અટવાઈ ગયેલી પત્ની તથા પુત્રીને, કશું દેખાતું નહોતું, કશું સમજાતું નહોતું, અને તેની હતાશા તથા તકાદાઓથી ખીજ ચડતી, જાણે કેમ એમાં વાંક તેનો હોય. એ લોકો છુપાવવાની ગમે તેટલી કોશિશ કરે તોપણ ઈવાન ઈલ્યીચ કળી જતો કે પોતાને સૌ એક લપ જેવો જ ગણે છે, પોતાની બીમારી અંગે પત્નીએ ખાસ વલણ અપનાવી લીધું છે, અને પોતે ગમે તેમ કહે અથવા કરે તોયે તે એ વલણને વળગી જ રહે છે. પત્નીનું વલણ આવું હતું: "વાત એમ છે," તે મિત્રોને કહેતી, "કે બધા ભલા માણસોની જેમ જ ઈવાન ઈલ્યીચમાં પણ ડૉક્ટરની હિદાયતોનું કડક પાલન કરવાની શકિત નથી. આજે દવાનાં ટીપાં લેશે અને બધું બરાબર સૂચના મુજબ કરશે, પણ કાલે હું ધ્યાન ન રાખું તો દવા લેવાનું ભૂલી જશે, મચ્છી ખાવાની મનાઈ હોવા છતાં મચ્છી ખાશે, અને રાતે એક વાગ્યા સુધી બેસીને પત્તાં રમશે."

"એવું મેં ક્યારે કર્યું છે?" ઈવાન ઈલ્યીચે એક વાર અકળાઈને સવાલ કર્યો. "ફક્ત એક જ વાર, પ્યોતર ઈવાનોવિચને ત્યાં."

"અને કાલે રાતે, શેબેકની જોડે."

"એ તો ગણાય જ નહિ, મને પીડાને લીધે નીંદર નહોતી આવતી..."

"ભલે, પણ તમે આવું બધું ચાલુ રાખશો તો કદી સાજા નહિ થાઓ અને અમને સૌને હેરાન કરતા જ રહેશો."

પ્રાસકોવ્યા ફ્યોદોરોવ્ના પોતાના મિત્રોને અને ખુદ ઈવાન ઈલ્યીચને જે કંઈ કહેતી તેને લક્ષમાં લેતાં પતિની બીમારી અંગે તેનું વલણ એવું ગણાય કે બીમારી માટે પતિ પોતે જ જવાબદાર હતો અને આખો મામલો પત્નીને હેરાન કરવાની તરકીબ જેવો જ હતો. ઈવાન ઈલ્યીચને લાગતું કે પત્નીનું એવું વલણ ઈરાદાપૂર્વકનું નથી, પરંતુ એવા ખ્યાલથી તેને જરાય રાહત નહોતી મળતી.

ઑફિસમાં પણ તેના પ્રત્યેનું વિચિત્ર વલણ તેના ધ્યાનમાં આવી ગયું, ઓછામાં ઓછું તેણે પોતે તો માની જ લીધું કે ધ્યાનમાં આવી ગયું છે. ક્યારેક તેને લાગતું કે તેના સહયોગીઓ તેની ઉપર, જાણે પદ ખાલી કરવાની તૈયારી કરતા કોઈ માણસની ઉપર નાખતા હોય એવી છાની નજરો નાખે છે. વળી ક્યારેક તેના મિત્રો તેની બીમારીને કલ્પિત કહીને સદ્ભાવથી ટોળ કરતા, જાણે કેમ તેની કાયાની અંદર નિરંતર વધતું રહેતું, તેના પ્રાણસમ અંગોને દિનરાત કોરી ખાતું, અને તેને અદમ્ય રીતે ક્યાંક ઘસડી જતું ખોફનાક, ભયંકર, અને અણકથિત કશુંક, ટીખળના ખૂબ જ ઉચિત વિષય સમું હોય. તેને શ્વાર્ત્સની ઉપર તો ખાસ ચીડ ચડતી કારણ કે શ્વાર્ત્સની ચપળતા, રમતિયાળપણું, અને હંમેશાં સુસંસ્કારિતા જાળવી રાખવાનો ગુણ તેને પોતાની દસ વરસ પહેલાંની જિંદગી યાદ કરાવી દેતાં.

તેના મિત્રો તેની જોડે પત્તાં રમવા આવ્યા. સૌ ટેબલ ફરતે બેસી ગયા અને નવાં પત્તાં વહેંચવામાં આવ્યાં. ઈવાન ઈલ્યીચે પોતાનાં પત્તાં હાથમાં લઈને ગોઠવ્યાં અને ચોકડીનાં બધાં પત્તાં જોડાજોડ રાખ્યાં—સાત હતાં. તેના જોડીદારે કહ્યું "વગર હુકમ", અને ચોકડીનાં બે પત્તાં નીચે મૂક્યાં. એથી વધારે શું જોઈએ? "તેરે તેર હાથ"—તેના મનમાં ખુશી છલકાઈ જવી જોઈતી હતી.

પરંતુ એકાએક ઈવાન ઈલ્યીચને ભીતર કોરી ખાતી પીડા તેમ જ મોઢાનો વિચિત્ર સ્વાદ સતાવવા લાગ્યાં, અને તેને થયું કે આવા સંજોગોમાં "તેરે તેર હાથ"ની ખુશી માણવી એ તો પાગલપણું છે. તેણે જોયું કે તેનો જોડીદાર મિખાઈલ મિખાઈલોવિચ પોતાનો માંસલ પંજો ટેબલ ઉપર પછાડીને માયાળુ ભાવે હાથ ભેગા કરી લેવાનો ઇનકાર કરે છે અને પત્તાંને ઈવાન ઈલ્યીચ તરફ ધકેલી દે છે, જેથી ઈવાન ઈલ્યીચ ઝાઝી તકલીફ વગર અને હાથ બહુ લાંબો કર્યા વગર પત્તાં ભેગાં કરીને ઉપાડી લઈ શકે. "આ શું એમ ધારતો હશે કે મારામાં હાથ લાંબો કરવા જેટલીયે શકિત નહિ રહી હોય?" ઈવાન ઈલ્યીચને થયું. વિચારમાં ને વિચારમાં તે ભૂલી ગયો કે હુકમ શું છે, અને તેણે પોતાના જોડીદારના પત્તાં ઉપર જ હુકમનું પત્તું લગાવી દીધું. પરિણામે "તેરે તેર હાથ"માં ત્રણની કમી પડી ગઈ. સૌથી બૂરી વાત તો એ હતી કે તેને મિખાઈલ મિખાઈલોવિચની સખત બેચેની દેખાતી હોવા છતાં જાણે તેની કશી જ પરવા નહોતી. અને કશી પરવા કેમ નહોતી તેનો ખ્યાલ પણ ખોફનાક હતો.

સૌએ જોયું કે ઈવાન ઈલ્યીચની હાલત ખરાબ લાગે છે, એટલે તેમણે કહ્યું કે "તમે થાકી ગયા હો તો રમત બંધ કરીએ, જરાક આરામ કરી લો." આરામ? ના, તેને જરાય થાક નહોતો લાગ્યો અને તેને રમત પૂરી કરવાનું મન હતું. સૌ ગમગીન અને ચુપ થઈ ગયા. ઈવાન ઈલ્યીચને ખબર હતી કે ગમગીની માટે પોતે જ જવાબદાર છે, પરંતુ તે ગમગીનીને વિખેરી શકે એમ નહોતો.. સૌએ વાળુ કર્યું

અને પછી મહેમાનો પોતપોતાને ઘેર ગયા. ઈવાન ઇલ્યીચ એકલો પડી ગયો. તેની જોડે ફક્ત તેની વાકેફગારી હતી કે પોતાની જિંદગીમાં ઝેર રેડાઈ ગયું છે, પોતે બીજા લોકોની જિંદગીમાં ઝેર રેડી રહ્યો છે, અને ઝેરની અસર ઓછી થવાને બદલે તે તો તેના અંગમાં વધારે ને વધારે ઊંડું પેસી રહ્યું છે.

એવી વાકેફગારી, શારીરિક પીડા, તેમ જ કારમા ત્રાસની લાગણી લઈને તે પથારીમાં પડતો. તેને ઘણી વાર મોટા ભાગની રાત પીડાને લીધે નીંદર વગર જ વિતાવવી પડતી. સવારે તેને વળી પાછું ઊઠવું પડતું, કપડાં પહેરવાં પડતાં, અદાલતમાં જવું પડતું, વાતો કરવી પડતી, લખવું પડતું, અને અદાલતમાં ન જાય તો ચોવીસ કલાક, કારમી યાતનાના ચોવીસ કલાક, ઘરમાં ગાળવા પડતા. તેને એવી જ રીતે, મોતની છાયામાં, સાવ અટૂલા, તેને સમજે અથવા તેની દયા ખાય એવા એક પણ ઇન્સાનની મોજૂદગી વગર, જિંદગીનું ગાડું ખેંચતા રહેવાનું હતું.

૫

એવી રીતે એક મહિનો અને પછી બીજો મહિનો વીતી ગયો. નવા વરસ પહેલાં થોડાક દિવસે તેનો સાળો સૌને મળવા આવ્યો. તે પહોંચ્યો ત્યારે ઈવાન ઇલ્યીચ અદાલતમાં હતો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના બજારમાં ગઈ હતી. ઈવાન ઇલ્યીચ ઘેર પાછો ફર્યો ત્યારે તેનો સાળો, તંદુરસ્ત ને ખુશમિજાજ આદમી, અભ્યાસખંડમાં સૂટકેસ ખોલીને ચીજો કાઢી રહ્યો હતો. ઈવાન ઇલ્યીચના પગલાંનો અવાજ

સાંભળીને માથું ઊંચું કરતાં જ તે એકદમ અવાક બની જઈને પળભર બનેવીને તાકી રહ્યો. એ નજરે બધું ઈવાન ઇલ્યીચની સામે છતું કરી દીધું. સાળાએ અશ્ચર્યનો ઉદ્‌ગાર કાઢવા મોં ખોલ્યું પણ તરત જ મનને કાબૂમાં કરી લીધું. એથી આખી બાબતને પુષ્ટિ મળી ગઈ.

"કેમ, મારામાં બહુ ફેર પડી ગયો છે?"

"હા."

ત્યાર પછી ઈવાન ઇલ્યીચે ઘણી કોશિશ કરી પણ તે પોતાના દેખાવ અંગે સાળાના હોઠેથી એક શબ્દ પણ કઢાવી ન શક્યો. ઈવાન ઇલ્યીચે બારણું વાસી દઈને આયનામાં પોતાનું પ્રતિબિંબ જોયું. તેણે પહેલાં પડખાં જોયાં અને પછી ચહેરો સામે રાખીને જોયું. પત્ની જોડે પડાવેલી એક છબી કાઢીને તેણે આયનામાં પડતા પ્રતિબિંબ જોડે સરખાવી જોઈ. ફરક ખોફનાક હતો. તેણે કોણી સુધી બાંય ચડાવીને કાંડું તપાસી જોયું. પછી બાંય પાછી ઉતારી નાખી અને કોચમાં બેસી પડીને તે અંધારી રાત કરતાંયે કાળા વિચારોમાં ડૂબી ગયો.

"ના, આવા વિચાર ન કરાય, ન જ કરાય," તે સ્વગત બોલી ઊઠયો અને સફાળો ઊભો થઈને ટેબલ પાસે ગયો. તેણે એક મુકદ્દમાની નોંધો ખોલીને વાંચવાની કોશિશ કરી પણ તેનાથી વંચાયું નહિ. તે બારણું ખોલીને પ્રવેશખંડમાં ગયો. દીવાનખંડનું બારણું જરાક ઉઘાડું હતું. તે હળવે ડગલે બારણા પાસે ગયો અને કાન માંડીને સાંભળવા લાગ્યો.

"ના, ના, તમે વાત વધારીને કરો છો," પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના બોલી.

"વાત વધારીને? તને પોતાને દેખાતું નથી? એ તો જાણે મરેલા આદમી જેવા થઈ ગયા છે. આંખોમાં નજર કર તો તરત ખબર પડી જાય. એમાં જાણે ચેતન તો છે જ નહિ. એમને થયું છે શું?"

"કોઈને ખબર નથી. નિકોલાયેવે" (બીજા ડૉક્ટર) "કંઈક કહેલું પણ મને યાદ નથી... લેશ્ચેતિત્સ્કીએ" (નામાંકિત ડૉક્ટર) "એથી ઊલટી જ વાત કહેલી."

ઈવાન ઈલ્યીચ ચાલતો થઈ ગયો અને પોતાના ખંડમાં પલંગ પર લાંબો થઈને વિચાર કરવા લાગ્યો: "મૂત્રપિંડો. તરતો મૂત્રપિંડ." તેણે ડૉક્ટરોની બધી વાતો યાદ કરી, મૂત્રપિંડ કેવી રીતે છૂટો પડીને તરી રહ્યો હતો એ બધું યાદ કર્યું. તેણે કલ્પનામાં મૂત્રપિંડને પકડીને તેની જગ્યાએ ગોઠવી દીધો. કામ સાવ સહેલું લાગ્યું. "જઈને પ્યોતર ઈવાનોવિચને" (ડૉક્ટર મિત્ર ધરાવતો મિત્ર) "મળી આવું," તેને થયું. તેણે ઘંટડી વગાડી, ઘોડાગાડી આણવાનો હુકમ આપ્યો, અને તે પ્યોતર ઈવાનોવિચને ત્યાં જવા તૈયાર થઈ ગયો.

"ક્યાં જાઓ છો, ઝાં?" તેની પત્નીએ વિશેષ શોકમય અને અસાધારણ પ્યારભર્યા અવાજે પૂછ્યું.

પત્નીનો અસાધારણ વહાલભર્યો અવાજ સાંભળીને તેને ચીડ ચડી અને તેણે કરડી નજર નાખીને જવાબ આપ્યો: "પ્યોતર ઈવાનોવિચને મળવા જાઉં છું. જરૂરી છે."

તે ડૉક્ટર મિત્ર ધરાવતા મિત્રને ત્યાં ગયો અને બેઉ ભેગા ડૉક્ટરને મળવા ગયા. ડૉક્ટર ઘેર જ હતો અને તેણે બેઉની જોડે લાંબા વખત સુધી વાતચીત કરી.

ડૉક્ટરના કહેવા મુજબ ઈવાન ઈલ્યીચની શરીરરચનામાં તથા શરીરક્રિયામાં અમુક પરિવર્તનો થઈ રહ્યાં હતાં. ઈવાન

ઈલ્યીચે એ બધું જાણી લીધું એટલે આખી બાબત તેના મનમાં સ્પષ્ટ થઈ ગઈ.

તેના મોટા આંતરડામાં કશુંક હતું, અત્યંત સૂક્ષ્મ કશુંક હતું. તેનો ઈલાજ શક્ય હતો. એક અવયવની ક્રિયાને વેગ આપવાનો હતો અને બીજાની ક્રિયાને મંદ કરી નાખવાની હતી. એ રીતે પેલા કશાકને વિલીન કરી નાખવાનું હતું. એટલું થઈ જાય એટલે તબિયત સુધરવા લાગશે.

ઈવાન ઈલ્યીચ જમવામાં જરાક મોડો પડયો. ભોજન પછી તે આનંદી ભાવે થોડીક વાર બેઠો. તેને અભ્યાસખંડમાં જઈને કામ કરવાનું મન ન થયું. આખરે તે ઊભો થયો અને અભ્યાસખંડમાં જઈને કામ કરવા બેઠો. તેણે મુકદ્દમાના કાગળો વાંચ્યા અને કામ શરૂ કર્યું. પરંતુ તેના મનમાં ક્યાંક સતત એક વાત સળવળ્યા કરતી હતી કે કશીક તાકીદની મહત્ત્વની અંગત બાબત મેં મોકૂફ રાખી છે અને કામ પૂરું થઈ જાય કે તરત જ તેને હાથમાં લેવાની છે. કામ પૂરું થઈ જતાં જ તેને યાદ આવ્યું કે એ અંગત બાબત મોટા આંતરડા અંગે વિચાર કરવાની હતી. પરંતુ તે તરત જ એવા વિચારોમાં ડૂબી ન જતાં દીવાનખંડમાં ચા પીવા ગયો. ઘેર મહેમાનો આવ્યા હતા અને તેઓ દીવાનખંડમાં ગપ્પાં મારી રહ્યા હતા, પિયાનો બજાવી રહ્યા હતા, અને ગીતો ગાઈ રહ્યા હતા. તેમાં તેની પુત્રીનો ઈચ્છનીય ભાવિ પતિ તપાસ મેજિસ્ટ્રેટ પણ સામેલ હતો. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાના ધ્યાનમાં આવી ગયું કે આખી મંડળીમાં સૌથી આનંદી વ્યક્તિ ઈવાન ઈલ્યીચ છે, પરંતુ ઈવાન ઈલ્યીચ એક પળ પણ ભૂલ્યો નહોતો કે પોતે મોટા આંતરડા અંગે મહત્ત્વના વિચારો કરવાનું મોકૂફ રાખેલું છે. તે અગિયાર વાગ્યે સૌની

વિદાય લઈને પોતાના ખંડમાં ચાલ્યો ગયો. તે માંદો પડયો ત્યારથી અભ્યાસખંડની સાથે જોડાયેલા નાનકડા ખંડમાં એકલો જ સૂતો. ખંડમાં જઈને તેણે કપડાં બદલાવ્યાં અને ઝોલાનું એક પુસ્તક કાઢીને વાંચવાનું શરૂ કર્યું. પરંતુ તે વાંચવાને બદલે વિચારોમાં ડૂબી ગયો. તે તરંગની દુનિયામાં સરી પડયો અને તેને લાગ્યું કે આંતરડાનો વાંછિત ઈલાજ પૂરો થઈ ગયો છે. રોગ વિલાઈ ગયો, કાયામાંથી બહાર ફેંકાઈ ગયો, અને શરીરની કુદરતી ક્રિયા પાછી શરૂ થઈ ગઈ. "બેશક, આપણે કુદરતની ક્રિયામાં પૂરા સહાયભૂત થવું જ જોઈએ," તે સ્વગત બોલ્યો. એથી તેને દવા યાદ આવી. તેણે બેઠા થઈને દવા પી લીધી, અને પછી તે ચત્તો સૂઈ ગયો. તેને થયું કે દવાની અસર લાભદાયક છે અને પીડામાં રાહત મળે છે. "પણ મારે દવા નિયમિત લેવી જોઈએ અને બધી ખરાબ અસરોથી બચવું જોઈએ. સુધારો તો વરતાવા લાગ્યો છે, બહુ સુધારો છે." તેણે પડખામાં આંગળી દબાવી જોઈ. સ્પર્શથી પીડા ન થઈ. "કશું લાગતું જ નથી, ખરેખર તબિયત ઘણી સુધરી ગઈ છે." તેણે મીણબત્તી ઓલવી નાખી અને પડખું ફરીને ઊંઘી જવાની કોશિશ કરી. અચાનક તેને પુરાણી પરિચિત કારમી પીડા શરૂ થઈ ગઈ—ઊંડી, ગંભીર, એકધારી. અને મોંમાં પણ અગાઉ જેવો જ ખરાબ સ્વાદ ભરાઈ ગયો. તેના હૈયાના ધબકારા જાણે ઓસરવા લાગ્યા અને તેને ચક્કર આવી ગયાં. "હે ભગવાન! હે ભગવાન!" તે બબડયો. "ફરી ફરીને પીડા થાય છે, કદી બંધ જ નહિ થાય." તેના મનમાં આખી બાબત ઉપર એકાએક જાણે નવો પ્રકાશ પથરાઈ ગયો. "આંતરડું, મૂત્રપિંડો," તે સ્વગત બોલ્યો, "આ કંઈ

આંતરડાની કે મૂત્રપિંડોની બાબત નથી, આ તો જિંદગી... અને મોતની બાબત છે. હા, ક્યારેક જિંદગી હતી પણ હવે તે જઈ રહી છે, જઈ રહી છે, અને તેને જતી અટકાવવા હું કશું જ કરી શકું એમ નથી. પોતાના જ મન જોડે છળકપટ શા સારુ કરવાં? ફકત એક મારા સિવાય બીજા સૌને ક્યારનું સાફ સમજાઈ નથી ગયું કે મોત મને આંબી રહ્યું છે અને આ તો ખાલી અઠવાડિયાં કે દિવસો કે કલાકોનો જ સવાલ છે? ક્યારેક પ્રકાશ હતો, હવે અંધકાર છવાઈ ગયો છે. હું અહીંયાં હતો, હવે ત્યાં જઈ રહ્યો છું. ક્યાં?" તે પરસેવે રેબઝેબ થઈ ગયો અને તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડવા લાગી. તેને પોતાના હૈયાના ધબકારા સિવાય બીજું કશું જ સંભળાતું નહોતું.

"હું હવે અસ્તિત્વમાં નહિ રહું. શું અસ્તિત્વમાં રહેશે? કશું જ નહિ. આ શું ખરેખર મોત છે? ઓહ! મારે નથી મરવું!" તે મીણબત્તી સળગાવવાને ઈરાદે એકદમ ઊભો થઈ ગયો. તેણે ધ્રૂજતા હાથ વડે ફંફોળીને મીણબત્તી ગોતવાની કોશિશ કરી. મીણબત્તી ને શમાદાન નીચે પડી ગયાં, અને તે પાછો તકિયા ઉપર ફસકી પડયો. "શો ફેર પડવાનો છે? બધું એકસરખું જ છે," તે આંખો પહોળી ફાડીને અંધકારમાં તાકતો સ્વગત બબડયો. "મોત. હા, મોત. અને એ લોકો જાણતા નથી, જાણવા માગતા નથી, કોઈના દિલમાં દયાનો છાંટોયે નથી. સૌ ગાનવાદનમાં ગુલતાન છે (દૂરથી રેલાતો કોઈ સ્ત્રીનો કંપતો કંઠ અને તેની જોડે પિયાનોના સૂર બંધ બારણાને પાર કરતા તેને કાને પડયા.) "અત્યારે તો એ લોકોને કશો ફેર નથી પડતો, પણ મોડાવહેલા એ બધા પણ

મરવાના જ છે. બેવકૂફો! હું પહેલાં જવાનો, એમને પછી જવું પડશે. મોત તો એમનેય આંબી જવાનું જ. રંગરાગ માણે છે! જનાવરો!" ખીજથી તેનું ગળું જાણે રૂંધાવા લાગ્યું. તે ભયંકર અકથ્ય યાતનામાં ટળવળતો હતો. હંમેશાં દરેકને આવા કારમા ત્રાસના ભોગ બનવું પડે એવી કલ્પના અશક્ય જ હતી. તે બેઠો થયો.

"ક્યાંક કશુંક ગલત છે. મનને શાંત કરીને આખી બાબત આરંભથી ફરી વાર વિચારી લેવી જરૂરી છે." તેણે વિચારવાનું શરૂ કર્યું. "બીમારીનો આરંભ. મને પડખામાં વાગ્યું. પણ તે દિવસે તેમ જ પછીના દિવસે મારી તબિયત અગાઉ જેવી જ સારી હતી. જરાક દુખાવો હતો, પછી દુખાવો વધી ગયો, મેં ડૉક્ટરો પાસે જવાનું શરૂ કર્યું. હું ઉદાસ રહેવા લાગ્યો, ગમગીનીમાં સરી પડવા લાગ્યો, એટલે મેં નવા ડૉક્ટરોની સલાહ લેવાનું શરૂ કર્યું. બધો વખત હું ખીણની કોર તરફ ધકેલાઈ રહ્યો હતો. મારી શક્તિ ખૂટી ગઈ. ખીણની કોર વધારે ને વધારે નજીક. અને હવે હું સાવ ભાંગી પડયો છું, મારી આંખોમાં ચેતન જેવું કશું રહ્યું જ નથી. મોત. અને હું હજી આંતરડાના જ વિચારો કર્યા કરું છું. મને આંતરડાનો ઈલાજ કરવાના ખ્યાલ આવે છે અને બધો વખત મોત નજીક આવી રહ્યું છે. પણ ખરેખર મોત જ છે?" તે ફરી વાર ત્રાસની પકડમાં સપડાઈ ગયો. તેનો શ્વાસ ભરાઈ આવ્યો, તે નીચે નમીને દીવાસળી ગોતવા લાગ્યો, તેની કોણી નાનકડા ટેબલ જોડે ભટકાઈ. ટેબલ આડું આવતું હતું, તેને વાગ્યું હતું, એટલે તેને ટેબલની ઉપર ખીજ ચડી. તેણે ફરી વાર ટેબલને વધારે જોરથી

હડસેલીને પાડી નાખ્યું. પછી તે હતાશ થઈ જઈને હાંફતો ચત્તો પડી ગયો, અને ગમે તે ઘડીએ મોત આવી પહોંચવાની વાટ જોવા લાગ્યો.

મહેમાનો બહાર જઈ રહ્યા હતા. કેટલાકને વળાવવા ગયેલી પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને ટેબલ પડવાનો અવાજ સંભળાયો એટલે તે ખંડમાં આવી.

"શું થયું?"

"કંઈ નહિ. અકસ્માત ધક્કો લાગી ગયો એટલે ટેબલ પડી ગયું."

તે બહાર ગઈ અને મીણબત્તી લઈને પાછી આવી. ઈવાન ઈલ્યીચ પડયા પડયા જ તેની ઉપર નજર ઠેરવી. દોડીને લાંબું અંતર કાપી આવેલા આદમીની જેમ તેનો શ્વાસ ઝડપથી ચાલી રહ્યો હતો અને તેનાં ફેફસાં જોરજોરથી અવાજ કરી રહ્યાં હતાં.

"શું થયું, આં?"

"કંઈ... કંઈ નહિ. મેં ટેબલ... પાડી નાખ્યું."

("એને શું કરવા કહું? એને કંઈ સમજાવાનું નથી," તેને થયું.)

અને તે કંઈ ન સમજી. તેણે ટેબલ પાછું સરખું ગોઠવી દીધું, મીણબત્તી સળગાવી દીધી. પછી તે ઉતાવળી ચાલી ગઈ. તેને તો હજી બાકીના મહેમાનોને વિદાય આપવાની હતી.

તે પાછી આવી ત્યારે ઈવાન ઈલ્યીચ હજી એમ ને એમ ચત્તો પડયો પડયો છતને તાકી રહ્યો હતો.

"શું થયું છે, તબિયત વધારે બગડી છે?"

"હા."

તે માથું હલાવતી બેસી ગઈ.

"મને લાગે છે, ઝાં, કે લેશ્ચેતિત્સ્કીને બોલાવીને દેખાડી લઈએ."

નામાંકિત ડૉક્ટરને બોલાવવો એટલે વળી પાછું મોટું ખર્ચ કરવું. તેણે વ્યંગમાં હસીને ના પાડી. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના થોડી વાર બેઠી, પછી તેણે પતિની પાસે જઈને તેને કપાળે ચૂમી લીધી.

પત્નીએ ચૂમી લીધી ત્યારે ઈવાન ઈલ્યીચના દિલમાં તેના પ્રત્યે નફરત છલકાઈ ગઈ અને તેને આઘી હડસેલી દેતાં પોતાને રોકવામાં તેને ભારે તકલીફ પડી.

"જાઉં છું. ભગવાન કરે ને તમને નીંદર આવી જાય."

"હા."

૬

ઈવાન ઈલ્યીચ સમજી ગયો હતો કે મોત નજીક આવી ગયું છે, અને તે સતત હતાશાની હાલતમાં રહેતો. તેના દિલના ઊંડાણમાં તેને ખબર હતી કે હવે મોતને ઝાઝી વાર નથી, અને વાત કેવળ એટલી જ નહોતી કે તે એવા ખ્યાલથી ટેવાઈ નહોતો શકતો. હકીકતમાં તે એવા ખ્યાલને સ્વીકારી નહોતો શકતો, સ્વીકારી શકે એમ હતો જ નહિ.

"કાઈયસ માનવી હતો, માનવીઓ મર્ત્ય હોય છે, એટલે કાઈયસ મર્ત્ય હતો," એવું જે સાધ્યપ્રમાણ ઈવાન ઈલ્યીચને કિસેવેટરના તર્કશાસ્ત્રના અભ્યાસ દરમિયાન શીખવવામાં આવ્યું હતું તેને તેણે આખી જિંદગી કેવળ કાઈયસની બાબતમાં

જ ખરું ગણ્યું હતું, પોતાની બાબતમાં નહિ. કાઈયસ માનવી હતો, અમૂર્ત અર્થમાં માનવી હતો, એટલે સાધ્યપ્રમાણ તેને લાગુ થઈ શકતું હતું. પરંતુ ઈવાન ઈલ્યીચ કંઈ કાઈયસ નહોતો, અમૂર્ત અર્થમાં માનવી નહોતો. તે તો હંમેશાં બીજા બધા માનવીઓથી સાવ નિરાળો રહ્યો હતો. તેની મમ્મી અને પપ્પાની નજરમાં, તેના ભાઈઓ મીત્યા તથા વલોદ્યાની નજરમાં, ગાડીવાન તથા આયા તથા તેનાં રમકડાંની નજરમાં, અને કાત્યાની નજરમાં તે નાનકડો વાન્યા રહ્યો હતો. તે તો બાળપણ, કિશોરાવસ્થા, અને યુવાવસ્થાની તમામ ખુશીઓ તથા ગમગીનીઓ તથા આહ્‌લાદોને પાર કરીને જિંદગીમાં આગળ ધપેલો વાન્યા હતો. વાન્યાને ખૂબ પ્યારા ફૂટબૉલના ચામડાની ગંધ કાઈયસે કદી જાણેલી ખરી? વાન્યાની જેમ કાઈયસે ઊંડી લાગણીથી પોતાની માનો હાથ કદી ચૂમેલો ખરો? કે વાન્યાની જેમ તેને પોતાની માના સ્કર્ટના રેશમનો સરસર અવાજ ખૂબ ગમતો ખરો? તેણે વાન્યાની જેમ નિશાળમાં ભજિયાંપૂરી અંગે સખત કજિયો કદી કરેલો ખરો? અથવા તે વાન્યા જેટલો ઊંડા પ્રેમમાં કદી પડેલો ખરો? અથવા તેણે વાન્યાની જેમ અદાલતમાં તેજસ્વી અધ્યક્ષતા કદી કરેલી ખરી?

કાઈયસ ખરેખર મર્ત્ય હતો, અને તેનું મૃત્યુ થાય એ તો કેવળ યોગ્ય ને ઉચિત બાબત જ હતી. પરંતુ વાન્યાની વાત, આટલા વિચારો ને લાગણીઓ ધરાવતા ઈવાન ઈલ્યીચની વાત, સાવ નિરાળી જ હતી. તેનું મૃત્યુ યોગ્ય ને ઉચિત કોઈ રીતે ન જ ગણાય. એવો ખ્યાલ જ બેહદ ભયાનક ગણાય.

ઈવાન ઈલ્યીચને એમ લાગ્યું.

"મારા ભાગ્યમાં કાઈયસની જેમ મરવાનું હોત તો મને એની ખબર હોત, અંતરના કશાક અવાજે મને જણાવી દીધું હોત. પણ મને તો એવી કશી ખબર ક્યારેય પડી જ નથી. હું હંમેશાં જાણતો રહ્યો છું અને મારા બધા મિત્રો પણ જાણતા રહ્યા છે કે હું કાઈયસના જેવી માટીનો બનેલો નથી. અને હવે—હે ભગવાન!" તે સ્વગત બોલ્યો. "પણ એમ બને જ નહિ. બને જ નહિ. બને જ નહિ પણ તોયે બની રહ્યું છે. એ કેવી રીતે શક્ય છે? આ વાત સમજવી કેવી રીતે?"

તે સમજી ન શક્યો એટલે તેણે એવા ખ્યાલને જૂઠો, ગેરમાર્ગે દોરનારો, તથા રોગિષ્ઠ ગણીને મનમાંથી કાઢી નાખવાની કોશિશ કરી, અને મનમાં તેની જગ્યાએ ખરા નીરોગી વિચારો જગાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ ખ્યાલ તો ખ્યાલ કરતાં કંઈક વિશેષ હતો, એ તો વાસ્તવિક સંજોગ હતો, અને એ વારંવાર સામે આવીને તેને સતાવવા લાગ્યો.

તેનું સ્થાન લઈ લે એવા બીજા વિચારો તેણે મનમાં એક પછી એક એવી આશાએ જગાવવાની કોશિશ કરી કે તેને એ વિચારોમાંથી સમર્થન સાંપડે. મોતના વિચારોની સામે અગાઉ તેની રખેવાળી કરી ચૂકેલી વિચાર પદ્ધતિને ફરી અજમાવવાનો તેણે પ્રયાસ કર્યો. પરંતુ વિચિત્ર લાગે એવી હાલત હતી કે મોતની સભાનતાને અગાઉ ઢાંકી ચૂકેલી, છુપાવી ચૂકેલી, તદ્દન ભૂંસી ચૂકેલી બાબતો હવે એમ નહોતી કરી શકતી. કેટલાક સમયથી ઈવાન ઈલ્યીચ તેની અને મોતની વચ્ચે પડદો ખડો કરી દેનારી અગાઉની વિચાર પદ્ધતિને ફરી અજમાવવાના પ્રયાસોમાં મોટા ભાગનો વખત ગાળતો હતો. દાખલા તરીકે તે સ્વગત કહેતો કે "મારે કામમાં ડૂબી જવું

જોઈએ, આખર એક જમાનામાં કામ જ તો જાણે મારું સમગ્ર જીવન હતું." પછી તે મનમાંથી બધી શંકાઓને ફગાવી દઈને અદાલતમાં જતો. તે હંમેશની જેમ મિત્રોની જોડે બેસીને વાતચીત કરવા લાગતો, અદાલતમાં એકત્રિત માણસોની ઉપર અસ્પષ્ટ અને ભારેખમ નજર તે બેસતી વેળા નાખી લેતો, કાગળો આમતેમ ફેરવતાં ફેરવતાં બાજુએ નમીને જોડે બેઠેલા સહયોગીના કાનમાં કંઈક કહેતો, પછી એકાએક ટટ્ટાર થઈને કારવાઈ શરૂ કરવાના જાણીતા શબ્દો બોલતો. પરંતુ સુનાવણી દરમિયાન બરાબર અધવચ્ચે, કારવાઈ ગમે તે કક્ષાએ પહોંચી હોય તોપણ, તેના પડખાની પીડા પોતાની ડંખીલી કારવાઈ શરૂ કરી જ દેતી. ઈવાન ઈલ્યીચ તેની ઉપર જરાક લક્ષ આપીને તરત જ તેને મનમાંથી બહાર ધકેલી દેવાની કોશિશ કરતો, પણ પીડા તો પોતાની કામગીરી ચાલુ જ રાખતી, તેની સામે આવીને ખડી થઈ જતી, સીધી નજર તેની આંખોમાં પરોવીને તાકતી રહેતી. ઈવાન ઈલ્યીચ નાસીપાસ થઈ જતો, તેની આંખોની રોશની ઓલવાઈ જતી, અને તે ફરી પોતાના મનમાં સવાલ કરતો: "શું એ જ એકમાત્ર સત્ય છે?" તેના સહયોગીઓ તથા તાબેદારો આશ્ચર્ય અને દિલગીરીમાં ગરકાવ થઈને જોઈ રહેતા કે તેના જેવો હંમેશાં તેજસ્વી અને હિકમતી ન્યાયાધીશ ગૂંચવાઈ રહ્યો છે અને ભૂલો કરી રહ્યો છે. તે માથું ઉછાળીને સ્વસ્થ બની જવાની કોશિશ કરતો અને કારવાઈ જેમતેમ અંત સુધી ચલાવીને ઘેર પાછો ફરતો. પરંતુ તેને વિષાદભરી પ્રતીતિ થઈ જતી કે પોતે જેને પોતાનાથી છુપાવી રાખવા માગે છે તેને કાનૂની કારવાઈઓ હવે છુપાવી શકે એમ નથી, કોઈ પણ જાતની કાનૂની કારવાઈઓ પોતાને હવે

તેનાથી છટકવા દે એમ નથી. અને સૌથી ભયંકર વાત તો એ હતી કે તેનું સમગ્ર ધ્યાન તે માગી લેતું હતું, પરંતુ તેની પાસેથી બીજી કશી અપેક્ષા ન રાખતાં માત્ર એક જ તકાદો કરતું હતું કે પોતે તેને તાકતો રહે, સીધી નજરે તાકતો રહે, અકથ્ય યાતના વેઠતા રહેવા સિવાય બીજું કશું જ ન કરે.

મનની એવી ભયાનક હાલતથી છટકવાના ઇરાદે ઇવાન ઇલ્યીચે બીજા દિલાસા તથા બીજા પડદા ખોળવાની કોશિશ કરી. તેને બીજા પડદા મળી પણ ગયા. એથી તેને અમુક સમય સુધી રાહત મળતી લાગી, પરંતુ પછી થોડા વખતમાં જ એ પડદા તૂટી પડયા અથવા પારદર્શક બની ગયા, જાણે કેમ તે તમામ વસ્તુઓને ભેદી નાખવાની શક્તિ ધરાવતું હોય અને જગતની કોઈ પણ વસ્તુ તેને ઢાંકી શકે એમ ન હોય.

એ અંતિમ દિવસો દરમિયાન તે ક્યારેક દીવાનખંડમાં જતો, જેની સજાવટમાં તેણે ભારે જહેમતો રેડેલી અને જ્યાં તે પડી ગયેલો એ જ દીવાનખંડમાં જતો. તે કટુ સ્મિત કરતો મનમાં વિચારતો કે આ દીવાનખંડને ખાતર જ મેં મારી જિંદગી કુરબાન કરી દીધી છે. તેને ખાતરી હતી કે પોતાની બીમારી દીવાનખંડમાં પડી ગયા પછી જ શરૂ થયેલી છે. એક વાર તે દીવાનખંડમાં ગયો ત્યારે તેને પૉલિશ કરેલા ટેબલ ઉપર ઊંડો આંકો નજરે પડયો. બરબાદીના કારણની તપાસ કરતાં તેને માલૂમ પડયું કે ધાતુની કિનારવાળા આલ્બમની વળી ગયેલી આંકડી ઘસાવાથી આંકો પડી ગયો હતો. તેણે આલ્બમ હાથમાં લીધું. એ મોંઘા આલ્બમમાં તેણે પોતે જ ખૂબ ઉમંગથી છબીઓ ગોઠવી હતી. પુત્રી અને તેના મિત્રોની

લાપરવાઈ જોઈને તેને ખીજ ચડી: બહાર આંકડી વળી ગયેલી હતી અને અંદર છબીઓ અવળી હતી. તેણે ખૂબ ચીવટથી છબીઓ સરખી કરી અને આંકડી સીધી કરી.

પછી તેને આલ્બમ સાથેનો પૂરો સરંજામ ખંડના બીજા ખૂણામાં ફૂલનાં કૂંડાં નજીક ખસેડી દેવાનો ખ્યાલ આવ્યો. તેણે નોકરને બોલાવ્યો. તેની પત્ની મદદ કરવા આવી. પતિપત્ની વચ્ચે મતભેદ ઊભો થયો, પત્નીએ ફેરફારનો વિરોધ કર્યો, તે દલીલો કરવા લાગ્યો અને ગુસ્સે થઈ ગયો. પરંતુ એ બધું ઠીક જ હતું, કારણ કે એથી તેને ભૂલી જવામાં તેને મદદ મળી. તે જાણે નજરથી આઘું ધકેલાઈ ગયું.

પરંતુ તેણે ટેબલને જાતે જ ખસેડવાની કોશિશ કરી ત્યારે તેની પત્નીએ કહ્યું, "તમે રહેવા દો, નોકરોને કરવા દો, ક્યાંક ફરી વાગી જશે." તરત જ તે પડદા પાછળથી આવીને સામે ખડું થઈ ગયું. તેને આશા હતી કે તે વળી પાછું અલોપ થઈ જશે, પરંતુ તે પડખાની પીડા અંગે અનિચ્છાએ સભાન થઈ ગયો—કશુંક ત્યાં હજી કાયમ હતું, હજી ડંખી રહ્યું હતું, અને તેનાથી તેને ભુલાતું નહોતું, તે ફૂલનાં કૂંડાં પાછળથી તેને તાકી રહ્યું હતું. તો પછી આ બધી પંચાત શા માટે?

"શું ખરી વાત છે કે આ પડદા ટાંગવાના કામમાં મેં, દુર્ગ પરના હલ્લામાં ખપી જવાય એવી રીતે, મારી જિંદગી ગુમાવી દીધી છે? એમ બને નહિ! કેવી ખોફનાક વાત! કેવી બેહૂદી! શક્ય જ નથી. શક્ય જ નથી... પરંતુ હકીકત છે."

તે અભ્યાસખંડમાં જઈને આડો પડયો અને વળી પાછો તેની જોડે એકલો પડી ગયો. તે બરાબર સામે ખડું હતું,

અને પોતે એ બાબતમાં કશું જ કરી શકે એમ નહોતો, તે અંગે વિચારો કરવા સિવાય અને લોહીમાં સંચરતી શીતળતા અનુભવવા સિવાય બીજું કશું જ કરી શકે એમ નહોતો.

૭

ઈવાન ઈલ્યીચની બીમારીના ત્રીજા મહિનામાં તેની પત્ની, પુત્રી, પુત્ર, નોકરો, મિત્રો, તથા ડૉક્ટરોને અને ખાસ કરીને તો તેને પોતાને સમજાઈ ગયેલું કે બીજા લોકોને હવે તેના સંબંધમાં માત્ર એક જ બાબત પૂરતો રસ રહ્યો છે— તે પોતાનું પદ કેટલું જલદી ખાલી કરશે, જીવતા લોકોને તેની મોજૂદગીના બોજાથી ક્યારે મુક્ત કરશે, અને ખુદ પોતે યાતનામાંથી ક્યારે છુટકારો મેળવશે, એટલા પૂરતો જ રસ રહ્યો છે. કહેવું મુશ્કેલ છે કે એમ કેવી રીતે બન્યું. મુશ્કેલ એ કારણે છે કે એમ ધીરે ધીરે, અકળ રીતે, એક એક કદમ કરીને બન્યું.

દિવસો વીતતા ગયા તેમ તેમ તેની નીંદર ઓછી થતી ગઈ. તેને અફીણવાળી દવા આપવામાં આવતી અને મોર્ફિયાનાં ઈંજેક્શનો શરૂ કરવામાં આવ્યાં. પરંતુ એથી કશી રાહત ન મળી. શરૂઆતમાં તો અર્ધચેતનાની મંદ યાતના નવતર અનુભવ હોવાથી રાહત જેવી લાગતી, પરંતુ થોડા વખતમાં જ હાલત પાછી અગાઉ કરતાં બદતર ભલે ન બની હોય પણ અગાઉ જેવી તો થઈ જ જતી, પીડાને હળવી બનાવતાં પહેલાં હતી એવી તો થઈ જ જતી.

તેને માટે ડૉક્ટરની સૂચના મુજબ ખોરાકની ખાસ ચીજો બનાવવામાં આવતી, પરંતુ એ બધી તેને વધારે ને વધારે બેસ્વાદ લાગતી, વધારે ને વધારે ઘૃણાજનક લાગતી.

તેને માટે કુદરતી હાજતોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં તેને રોજ ભયંકર ત્રાસ થતો—ત્રાસ ગંદકીને કારણે, અશિષ્ટતાને કારણે, દુર્ગંધને કારણે, અને એ કારણે થતો કે તેમાં બીજા માણસની મદદની જરૂર પડતી. પરંતુ એ અણગમતા કામમાં ઈવાન ઈલ્યીચને એક બાબત દિલાસો આપતી: કમોડ લઈ જવા હંમેશાં ઘરકામનો નોકર ગેરાસિમ આવતો.

ગેરાસિમ તાજગીભર્યો નિર્મળ જુવાન હતો. તેને શહેરી ખોરાક બરાબર માફક આવી ગયો હતો. તે હંમેશાં ચપળ ને આનંદી રહેતો. રશિયન પોશાક પહેરેલા સ્વચ્છ જુવાન પાસે એવું ઘૃણાજનક કામ કરાવવામાં ઈવાન ઈલ્યીચને શરૂઆતમાં અકળામણ થતી. એક વાર તે કમોડ પરથી ઊભો થઈ ગયા પછી આરામ ખુરશીમાં ફસકાઈ પડ્યો. તેનામાં પાટલૂન ઊંચું કરવાનીયે શક્તિ નહોતી. ઉઘાડા પગમાં ઢીલી લટકતી પિંડીઓને ત્રાસભરી નજરે તાકતો તે પડ્યો રહ્યો.

બરાબર એ જ વખતે ગેરાસિમ હળવાં પણ ફૂર્તિલાં ડગલાં ભરતો અને તાજી શિયાળુ હવાની તથા મજબૂત બૂટ ઉપર ઘસેલા ડામરની વાસ ફેલાવતો અંદર આવ્યો. તેણે હાથવણાટનું સાફ વસ્ત્ર આગળ બાંધ્યું હતું, અને તેના સ્વચ્છ સુતરાઉ ખમીસની બાંયો ચડાવેલી હોવાથી જોરાવર જુવાન હાથ ઉઘાડા હતા. ઈવાન ઈલ્યીચની સામે જોયા વગર (પોતાના ચહેરામાંથી નીતરતી જીવનની ખુશી જોઈને તેને કદાચ માઠું લાગે એટલે) તે સીધો કમોડ પાસે ગયો.

"ગેરાસિમ," ઈવાન ઈલ્યીચ નબળા અવાજે બોલ્યો.

ગેરાસિમ જરાક ચોંકી ગયો. તેને થયું કે પોતે કદાચ કશીક ભૂલ કરી છે. તેણે પોતાનો તાજગીભર્યો, ભોળો, સદ્ભાવી, જુવાન ચહેરો ઝડપથી બીમાર આદમી તરફ ફેરવ્યો. તેની દાઢીના પહેલા વાળ જરાક જરાક ઊગી રહ્યા હતા.

"જી, હજૂર?"

"તને બહુ સૂગ ચડતી હશે. માફ કરી દેજે. હું જાતે તો આ કામ કરી શકું એમ નથી."

"કેવી વાત કરો છો, હજૂર!" ગેરાસિમે મોં મલકાવ્યું અને તેની આંખો તથા દાંત ઝગમગી ઊઠયાં. "હું મદદ કેમ ન કરું? આપ તો માંદા છો."

તેણે જોરાવર કાબેલ હાથ વડે રોજનું કામ પતાવ્યું અને તે હળવાં ડગલાં ભરતો ખંડમાંથી બહાર ચાલ્યો ગયો. પાંચ મિનિટ પછી તે એવાં જ હળવાં ડગલાં ભરતો પાછો આવ્યો.

ઈવાન ઈલ્યીચ હજી આરામખુરશીમાં જ પડયો હતો.

"ગેરાસિમ," જુવાને સાફ કમોડ સરખી રીતે ગોઠવી દીધું એટલે ઈવાન ઈલ્યીચે કહ્યું. "જરા મદદ કર, અહીં આવ." ગેરાસિમ તેની પાસે ગયો. "મને ઊભો કર, મારાથી આપમેળે ઊભા નથી થવાતું, અને દ્મીત્રીને મેં બહાર મોકલ્યો છે."

ગેરાસિમ નીચે નમ્યો. તેણે જોરાવર હાથ વડે પોતાનાં ડગલાં જેટલું જ હળવું દબાણ લગાવીને આસ્તેથી, બાહોશીથી, ઈવાન ઈલ્યીચને ઊભો કર્યો, અને પછી એક હાથે તેને ઝાલી રાખીને બીજા હાથ વડે પાટલૂન ચડાવી દીધું. તે ઈવાન ઈલ્યીચને પાછો આરામખુરશીમાં બેસાડવા જતો હતો પણ

એટલામાં ઈવાન ઈલ્યીચે સોફા સુધી પહોંચવામાં મદદ કરવાનું તેને કહ્યું.

"આભાર. તું બહુ હોશિયાર છે... બધું કામ બહુ સરસ કરે છે."

ગેરાસિમે વળી મોં મલકાવ્યું. પછી તેણે બહાર જવા ડગલું ભર્યું, પરંતુ ઈવાન ઈલ્યીચને તેની હાજરીથી એટલી બધી ખુશી થઈ હતી કે તેણે તેને રોકી રાખ્યો.

"ઊભો રહે, પેલી ખુરશી અહીંયાં ખેંચી લે, મારે પગ રાખવા છે, પગ ઊંચા હોય તો રાહત લાગે છે."

ગેરાસિમે ખુરશી ઉપાડી લીધી અને તેને ઝડપથી ફંગોળીને લગભગ ભોંયપટ સુધી જાણે પડી જવા દીધી, પણ પછી હાથનો વેગ થંભાવીને ખુરશીને જરાય અવાજ વગર નીચે મૂકી અને ઈવાન ઈલ્યીચના પગ ખુરશી ઉપર ગોઠવી દીધા. ગેરાસિમે પગ ઊંચા કર્યા ત્યારે ઈવાન ઈલ્યીચને રાહત મળી હોય એમ લાગ્યું.

"પગ ઊંચા હોય તો રાહત લાગે છે," ઈવાન ઈલ્યીચે કહ્યું. "પેલો તકિયો લાવીને પગ નીચે ગોઠવી દે."

ગેરાસિમે ફરમાનનું પાલન કર્યું. તેણે બીમાર આદમીના પગ ફરી ઊંચા કરીને નીચે તકિયો ગોઠવી દીધો. ગેરાસિમે ફરી વાર પગ ઊંચા કર્યા ત્યારે પણ ઈવાન ઈલ્યીચને રાહત લાગી. પગ પાછા નીચા થયા એટલે તેને પીડા થઈ.

"ગેરાસિમ," તેણે પૂછયું, "અત્યારે તું બહુ કામમાં છે?"

"ના, જરાય નહિ, હજૂર," માલિકોને સંબોધન કેવી રીતે કરવું તે ગેરાસિમે શહેરના લોકો પાસેથી શીખી લીધું હતું.

"હવે તારે શું શું કામ બાકી છે?"

"કશું જ નહિ, હજૂર. કાલ સારુ થોડાંક લાકડાં ફાડવા સિવાય બીજું બધું કામ મેં પતાવી નાખ્યું છે."

"થોડીક વાર મારા પગ ઊંચા પકડી રાખીશ?"

"ચોક્કસ, હજૂર." ગેરાસિમે તેના પગ ઊંચા કરીને પકડી રાખ્યા. ઈવાન ઈલ્યીચને લાગ્યું કે એવી અદામાં પોતાને જરાય પીડા નથી થતી.

"પણ લાકડાં ફાડવાનું શું થશે?"

"એની ફિકર ન કરો, હજૂર, ઘણો વખત છે."

ઈવાન ઈલ્યીચે ગેરાસિમને બેસી જવાનું, પગ પકડી રાખવાનું, અને વાતો કરવાનું કહ્યું, અને વિચિત્ર લાગે એવી વાત છે પણ ગેરાસિમે પગ ઊંચા પકડી રાખેલા એટલે તેને ખરેખર રાહત જેવું લાગતું હતું.

ત્યાર પછી ઈવાન ઈલ્યીચ અવારનવાર ગેરાસિમને બોલાવતો અને પોતાના પગ તેના ખભા ઉપર ટેકવી રાખતો. તેને જુવાન જોડે વાતો કરવાનું બહુ ગમતું. ગેરાસિમ બધું રાજીખુશીથી, સહેલાઈથી, સાદાઈથી, અને એવા સદ્‌ભાવથી કરતો કે ઈવાન ઈલ્યીચના હૈયામાં લાગણી છલકાઈ જતી. ગેરાસિમ સિવાય બીજા દરેક માણસની તંદુરસ્તી, તાકાત, અને ખુશાલી જોઈને ઈવાન ઈલ્યીચને ચીડ ચડતી. પરંતુ એથી ઊલટું, ગેરાસિમની તંદુરસ્તી અને ખુશાલી જોઈને તેને ચીડ ચડવાને બદલે જાણે મનમાં ટાઢક વળતી.

ઈવાન ઈલ્યીચને સૌથી વધારે વ્યથા જૂઠાણાને લીધે થતી, કશાક કારણસર સૌએ ચલાવેલા જૂઠાણાને લીધે થતી. જૂઠાણાનો સાર એવો હતો કે તે માત્ર બીમાર જ હતો, મરવાની અણી પર નહોતો, અને શાંતિ રાખે તથા ડૉક્ટરોની હિદાયતોનો

બરાબર અમલ કરે તો બધું હેમખેમ પાર ઊતરી જાય એમ હતું. તેને પાકી ખબર હતી કે ગમે તેમ કરવામાં આવે તોયે કશો ફેર પડવાનો નથી, પોતાની યાતનાઓ વધવાની જ છે, અને પોતાને હવે મરવાનું જ છે. એવું જૂઠાણું તેને રિબાવતું, જૂઠાણું કબૂલ કરી લેવા કોઈ તૈયાર નહોતું એ હકીકત તેને રિબાવતી હતી. તેને જૂઠાણાની ખબર હોવા છતાં, તેની હાલતની ભયાનકતાને લીધે સૌ એવું જૂઠાણું તેની ઉપર લાદી રહ્યા હતા અને તેને પરાણે જૂઠાણામાં ભાગીદાર બનાવી રહ્યા હતા, એ હકીકત તેને રિબાવતી હતી. એ જૂઠાણું, તેના મૃત્યુની પૂર્વવેળાએ તેની ઉપર લાદવામાં આવતું જૂઠાણું, તેના મૃત્યુની પાક અને ખોફનાક ઘટનાને તેમના સામાજિક મિલનમિલાપ, પડદા, તથા વાળુની કાલુ મચ્છીની અધમ કક્ષાએ ઊતારી નાખતું જૂઠાણું, ઈવાન ઈલ્યીચ માટે અકથ્ય રિબામણી સમું હતું. અને ઘણીયે વાર એ લોકો તેની જોડે જૂઠાણું ચલાવતા હોય ત્યારે તે એવા બરાડા પાડવાની અણીએ પહોંચી જતો કે "જૂઠાણાં બંધ કરો! તમનેય ખબર છે ને હુંયે જાણું છું કે હવે મારા મોતને ઝાઝી વાર નથી. કંઈ નહિ તો જૂઠાણાં હવે બંધ કરી દો!" પરંતુ એમ કરવાની હિંમત તેનાથી કદી ન થતી. તે સમજતો હતો કે તેના મૃત્યુની કારમી ખોફનાક ઘટનાને તેની આસપાસના લોકોએ આકસ્મિક અસુખની, શિષ્ટાચારમાં એક જાતના ભંગની (દીવાનખંડમાં દાખલ થતાં જ દુર્ગંધ છોડતા આદમી પ્રત્યે જેવું વર્તન કરવામાં આવે એવું વર્તન એ લોકો તેની જોડે કરતા), તે આખી જિંદગી જેનો ગુલામ રહ્યો હતો તે "શિષ્ટતા"ના ઉલ્લંઘનની, હલકી કક્ષાએ ઉતારી નાખી હતી. તે સમજતો હતો કે કોઈ તેની બાબતમાં દિલગીરી નહોતું અનુભવતું

કારણ કે તેની હાલત સમજવાની કોઈને પરવા નહોતી. તેની હાલત સમજનારો અને તેની બાબતમાં દિલગીરી અનુભવનારો એકમાત્ર આદમી ગેરાસિમ હતો. એ કારણે ઈવાન ઈલ્યીચને જે એક જ માણસની હાજરી ગમતી તે ગેરાસિમ હતો. ક્યારેક ગેરાસિમ આખી રાત તેની જોડે બેસીને તેના પગ ઊંચા રાખતો અને એમ કરીને સૂઈ જવાનો ઇનકાર કરતા કે "તમે ફિકર ન કરો, ઈવાન ઈલ્યીચ, હું પછી થોડીક નીંદર ખેંચી કાઢીશ," અથવા કહેતો કે "તમારી સેવા કેમ ન કરું? તમે તો માંદા છો." એવા પ્રસંગોએ ઈવાન ઈલ્યીચ મનમાં સંતોષની લાગણી અનુભવતો. જૂઠું ન બોલનારો એકમાત્ર માણસ ગેરાસિમ હતો. તે જે કંઈ કરતો તેમાંથી જાહેર થઈ જતું કે તે એકલો જ ખરી હાલત સમજતો હતો અને હાલતને છુપાવી રાખવાનું મુદ્દલ જરૂરી નહોતો ગણતો. એક વાર ઈવાન ઈલ્યીચ પાસેથી જતી વેળા તેણે તદ્દન નિખાલસ ભાવે કહ્યું કે "આપણને સૌને ક્યારેક તો મરવાનું જ છે, તો હું તમને અત્યારે મદદ કેમ ન કરું?" એમ કહીને તેણે હકીકતમાં તો એવી જ લાગણી જાહેર કરેલી કે ઈવાન ઈલ્યીચની સેવા કરવામાં તેને કંટાળો નહોતો આવતો કારણ કે તે તો મરવા પડેલા માણસની સેવા કરી રહ્યો હતો, અને તેને આશા હતી કે તેનો વારો આવશે ત્યારે બીજું કોઈ પણ એમ જ કરશે.

જૂઠાણું અને તેની સાથે સંકળાયેલી બધી બાબતો પછી બીજી અત્યંત પીડાકારી વાત ઈવાન ઈલ્યીચને એ લાગતી કે તેની અપેક્ષા મુજબની દિલગીરી કોઈ તેના સંબંધમાં નહોતું બતાવતું. તેને એકરાર કરતાં શરમ આવી હોત પણ

કારમી યાતના પછીની ઘડીઓમાં તેને પ્રબળ ઝંખના થતી કે કોઈ તેની દયા ખાઈને તેને જાણે નાનકડા બાળકને પંપાળતું હોય એમ પંપાળે. તેને મન થતું કે નાનાં બાળકોને જેવી રીતે બચીઓ ભરવામાં આવતી હોય છે અને દિલાસો દેવામાં આવતો હોય છે એવી જ રીતે તેને પણ કોઈ વહાલ કરે, ચૂમીઓ લે, તેને ખાતર આંસુ સારે. તેને ખબર હતી કે પોતે અદાલતનો મહત્ત્વનો સભ્ય છે, પોતાની દાઢીમાં ધોળા વાળ દેખાવા લાગ્યા છે, અને એટલે એ બધું અશક્ય છે. પરંતુ તોયે તેને એવું મન થતું. તેના મનની એવી મંછા ગેરાસિમ જોડેના તેના સંબંધમાં જાણે લગભગ સંતોષાતી, અને એ કારણે તેને ગેરાસિમની હાજરીથી દિલાસો મળતો. ઈવાન ઈલ્યીચને રડવાનું મન થતું, કોઈ તેને ખાતર રડે એવી ઝંખના થતી, પરંતુ એટલામાં શેબેક તેને મળવા આવતો, તેની જેમ જ અદાલતનો સભ્ય શેબેક આવતો, એટલે ઈવાન ઈલ્યીચ રડવાને બદલે કે દિલાસો ખોળવાને બદલે ચહેરા ઉપર ગંભીર ગહન ભાવ આણી દેતો, અને નરી નિષ્ક્રિયતાને કારણે જ અપીલ કોર્ટના ફેંસલાઓના મહત્ત્વ અંગે પોતાનો અભિપ્રાય જાહેર કરીને તેનું જોરદાર સમર્થન કરવા લાગતો.

ઈવાન ઈલ્યીચની પોતાની ભીતરમાં પડેલા અને તેની આસપાસ ચોમેર ફેલાયેલા એ જૂઠાણાએ તેના આખરી દિવસોની અંદર જેટલું ઝેર રેડી દીધું હતું એટલું બીજી કોઈ બાબતે નહોતું રેડ્યું.

૮

સવાર પડયું. સવાર પડવાની એકમાત્ર નિશાની એ હતી કે ગેરાસિમ બહાર ગયો અને બીજો નોકર પ્યોતર અંદર આવ્યો. તેણે મીણબત્તીઓ ઓલવી નાખી, એક બારીએથી પડદો ખસેડી દીધો, અને ચુપચાપ ખંડની સાફસૂફી શરૂ કરી દીધી. સવાર હોય કે રાત, શુક્રવાર હોય કે રવિવાર, એથી કશો ફેર નહોતો પડતો, હાલત એવી ને એવી જ રહેતી, એક પળ પણ હળવી ન પડતી એ જ ડંખીલી કારમી પીડા ચાલુ રહેતી, મનમાં એ જ સભાનતા કાયમ રહેતી કે જિંદગી અવિરત વેગે જઈ રહી છે પરંતુ હજી પૂરી ગઈ નથી, અને ઘૃણાજનક મૃત્યુ, એકમાત્ર વાસ્તવિકતા, નિર્દયતાથી તેની નજીક સરકી રહ્યું છે. અને વળી — જૂઠાણું. દિવસો, અઠવાડિયાં, કે કલાકોના ખ્યાલો કેવી રીતે આવી શકે?

"ચા પીશો, હજૂર?"

"આને રસમની ફિકર છે, પરિવારમાં સવારે ચા પીવાનો રિવાજ છે," ઈવાન ઈલ્યીચને થયું.

"ના." તેણે કહ્યું.

"થોડી વાર સોફા પર જવાનું મન છે, હજૂર?"

"આને ખંડ સાફસૂફ કરવો છે અને હું આડો આવું છું. હું ખંડમાં ગંદકી ફેલાવું છું અને ગેરવ્યવસ્થા પેદા કરું છું," ઈવાન ઈલ્યીચને થયું.

"ના. મારી ફિકર રહેવા દે," તેણે કહ્યું.

નોકર થોડીક વાર કામ કરતો રહ્યો. ઈવાન ઈલ્યીચે હાથ લાંબો કર્યો. પ્યોતર જાણે કાળજીનો ભાવ દાખવતો નજીક આવ્યો.

"શું જોઈએ, હજૂર?"

"ઘડિયાળ."

ઈવાન ઈલ્યીચની પહોંચમાં પડેલું ઘડિયાળ લઈને પ્યોતરે તેના હાથમાં આપ્યું.

"સાડા આઠ. સૌ ઊઠી ગયાં?"

"ના, હજૂર. વસીલી ઈવાનોવિચ" (પુત્ર) "નિશાળે ગયા છે અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ફરમાન આપી રાખ્યું છે કે આપ કહો તો તેમને બોલાવવાં. બોલાવી લાવું, હજૂર?"

"જરૂર નથી." "થોડીક ચા પીઉં તો ઠીક," તેને થયું. "ચા લઈ આવ."

પ્યોતર બારણા તરફ જવા લાગ્યો. ઈવાન ઈલ્યીચને એકલા પડી જવાની દહેશત લાગી. "આને રોકી રાખવા શું કરું? હા, દવા."

"પ્યોતર, મારી દવા આપ." "કેમ નહિ? કદાચ રાહત મળે પણ ખરી." તેણે ચમચો ભરીને દવા પીધી. "ના, મુદ્દલ રાહત નથી મળતી. બેકાર. પોતાના જ મન જોડે છળકપટ," મોંમાં જાણીતો, મીઠો, બેહૂદો સ્વાદ લાગતાં જ તેણે ફેંસલો કરી નાખ્યો. "મને હવે એમાં જરાય વિશ્વાસ નથી રહ્યો. પણ કેમ, ઓહ, આવી પીડા મારે કેમ ભોગવવી પડે છે? એક પળ પણ થંભતી નથી!" તેણે ઊંહકારો કર્યો. પ્યોતર પાછો ફરીને નજીક આવ્યો.

"ના, જા. ચા લઈ આવ."

પ્યોતર બહાર ગયો. ઈવાન ઈલ્યીચે એકલો પડી જતાં ઊંહકારો કર્યો, પરંતુ પીડા આકરી હોવા છતાં ઊંહકારો પીડાનો નહોતો, મનની વ્યથાનો હતો. "એનું એ જ ચાલતું રહે

છે, એના એ જ અંતહીન દિવસો અને રાત્રીઓ. હવે ઝટ આવે તો સારું! હવે શું ઝટ આવે તો સારું? મૃત્યુ, અંધકાર. ના, ના! મોત કરતાં તો બીજું કંઈ પણ બહેતર!"

પ્યોતર નાસ્તો લઈને પાછો આવ્યો ત્યારે ઇવાન ઇલ્યીચ જાણે ગૂંચવણમાં પડી ગયો હોય એમ થોડીક વાર તેને તાકતો જ રહ્યો, તેને સમજાયું જ નહિ કે આ માણસ કોણ છે અને શું કરવા આવ્યો છે. પ્યોતર એવી નજરથી અકળાઈ ગયો, અને તેની અકળામણ ધ્યાનમાં આવી ત્યારે જ ઇવાન ઇલ્યીચનું ભાન ઠેકાણે આવ્યું.

"અરે, હા," તે બોલ્યો, "ચા. સરસ. અહીંયાં મૂકી દે. મને હાથમો ધોવડાવ અને સાફ શર્ટ આપ."

ઇવાન ઇલ્યીચે હાથમોં ધોવાનું શરૂ કર્યું. વચમાં વચમાં થોડી થોડી વાર આરામ કરતાં કરતાં તેણે હાથ ને મોં ધોયાં, દાંત ઘસીને સાફ કર્યા, વાળ ઓળ્યા, અને પછી આયનામાં જોયું. પોતાની સૂરત જોઈને તેને ત્રાસ ઊપજ્યો, કપાળ ઉપર વળગેલા ઢીલા વાળ જોઈને તે વધારે ત્રાસ પામી ગયો. તેને ખબર હતી કે શર્ટ બદલતી વેળા આયનામાં નજર નાખવાથી તો પોતે બેહદ ત્રાસનો ભોગ બની જશે, એટલે તેણે એ તરફ જોયું જ નહિ. આખરે બધું પતી ગયું. તે ડ્રેસિંગ ગાઉન પહેરીને આરામખુરશીમાં બેસી ગયો અને પગ ઉપર ધાબળો મૂકીને ચા પીવા લાગ્યો. તેને પળભર તાજગી લાગેલી, પરંતુ ચાનો ઘૂંટડો ભરતાં જ તે વળી પાછો પીડા અને મોંના ખરાબ સ્વાદ અંગે સભાન થઈ ગયો. તેણે પરાણે ચા ગળા હેઠી ઉતારી અને પછી પગ લાંબા કરીને તે આરામખુરશીમાં આડો પડ્યો. એ રીતે સૂતાં સૂતાં તેણે પ્યોતરને જવાનું કહ્યું.

ફરી ફરીને એનું એ જ. એક મિનિટ આશાના કિરણનાં ઝગમગાટ અને બીજી મિનિટે હતાશાની ઊંડી ગર્તા, અને બધો વખત પીડા, પીડા, યાતના, ચાલુ ને ચાલુ. તે એકલો પડી જતો ત્યારે યાતના અસહ્ય બની જતી. તેને કોઈને બોલાવવાનું મન થતું, પરંતુ તેને અગાઉથી જ ખબર હતી કે એથી તો હાલત બદતર બની જવાની. "ફરી મોર્ફિયા આપે તો સારું, આ બધું ભૂલી જવાય. ડૉક્ટરને કહેવું પડશે કે કશોક ઉપાય કરે. આ તો અશક્ય છે, અશક્ય છે."

એક કલાક અને પછી બીજો કલાક એવી રીતે વીતી ગયો. પ્રવેશખંડમાં ઘંટડી વાગી. કદાચ ડૉક્ટર હશે. હા, ડૉક્ટર જ છે—તાજગીભર્યો, જાડો, સ્ફૂર્તિલો, આનંદી, ચહેરા ઉપર એમ કહેતા ભાવ કે "અરે ભાઈ, કશીક વાતની દહેશત ખાઈ ગયા હો એમ લાગે છે, પણ હમણાં પલક વારમાં બધું ઠીક કરી દઈએ." ડૉક્ટરને ખબર હતી કે એવા ભાવ અહીંયાં અનુચિત છે, પરંતુ સવારે દરદીઓની મુલાકાત લેવા નીકળતી વેળા તેણે પહેરેલો ફ્રૉકકોટ બદલાવી નાખવાનું જેવી રીતે શક્ય નહોતું, એવી જ રીતે તેણે એક વાર ધારણ કરી લીધેલા એવા ભાવ બદલાવી નાખવાનું તેને માટે શક્ય જ નહોતું.

ડૉક્ટર ગરમાવો મેળવવા બેઉ હાથના પંજા ભેગા કરીને જોરથી ઘસવા લાગ્યો.

"સાવ ઠરી જ ગયો. બહાર સખત ટાઢ છે. એક મિનિટ, હમણાં ગરમાવો આવી જશે," તેના અવાજમાં જાણે એવો ઇશારો હતો કે તેને ગરમાવો આવી જાય ત્યાં સુધી ફક્ત એક જ મિનિટ વાટ જોવી જરૂરી છે, પછી તે બધું ઠીક કરી દેવાનો.

"વારુ, તબિયત કેમ લાગે છે?"

ઈવાન ઈલ્યીચને ખાતરી હતી કે ડૉક્ટરનો ઈરાદો "કામકાજ કેમ છે?" એમ કહેવાનો હતો, પરંતુ એવી વાત અનુચિત લાગતાં તેણે ફેરવી તોળ્યું છે અને પૂછે છે કે રાતમાં કેવી હાલત હતી.

ઈવાન ઈલ્યીચે ડૉક્ટરની ઉપર જાણે એમ કહેતી નજર નાખી કે "તમને જૂઠું બોલતાં કદી શરમ નહિ આવે?" પરંતુ ડૉક્ટર સમજવા માગતો જ નહોતો.

"કાયમ જેવી જ ભયંકર," ઈવાન ઈલ્યીચે કહ્યું. "પીડા ક્યારેય થંભતી જ નથી અને ઘટતીયે નથી. એનો કંઈક ઉપાય કરો તો સારું."

"અરે, તમે બધા દરદીઓ એકસરખા જ. ઠીક, ગરમાવો આવી ગયો લાગે છે. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના બહુ ચોકસાઈ રાખે છે પણ એમનેય હવે મારા ટેમ્પરેચરમાં કશી ખામી નહિ વરતાય. વારુ, કેમ છે?" કહેતાં ડૉક્ટરે ઈવાન ઈલ્યીચની જોડે હાથ મિલાવ્યા.

ડૉક્ટરે ટોળટીખળ સાવ ખંખેરી નાખીને ચહેરો ગંભીર બનાવી દીધો અને દરદીને તપાસવાનું શરૂ કર્યું. તેણે નાડી તપાસી જોઈ, તાવ માપી જોયો, છાતીએ ઠપકારા કર્યા, દિલના ધબકારા સાંભળી જોયા.

ઈવાન ઈલ્યીચ એકદમ ચોક્કસ અને જરાય શંકા વગર જાણતો હતો કે આ બધો નકામો ઢોંગ છે, ખાલી છળ છે, પરંતુ તોયે જ્યારે ડૉક્ટર તેની સામે ગોઠણભેર બેસીને તેની ઉપર નમ્યો, ઘડીક કાન નીચો અને ઘડીક ઊંચો રાખીને કશુંક સાંભળવા લાગ્યો, અને ગંભીરમાં ગંભીર અદા ધારણ કરીને જાતજાતના અમળાટ તથા મરડાટ કરવા લાગ્યો, ત્યારે ઈવાન ઈલ્યીચ ડૉક્ટરની મોહનીનો ભોગ બની ગયો. અદાલતમાં

વકીલો ભાષણ કરે ત્યારે ઈવાન ઈલ્યીચને પાકી ખબર હોય કે વકીલો જૂઠું બોલી રહ્યા છે, અને ખુદ વકીલો જાણતા હોય કે પોતે જૂઠું બોલી રહ્યા છે, પણ તે છતાં ઈવાન ઈલ્યીચ જેવી રીતે એ ભાષણોની મોહનીનો ભોગ બની જતો એવું જ ડૉક્ટરની બાબતમાં પણ બન્યું.

ડૉક્ટર હજી ગોઠણભેર બેસીને ઈવાન ઈલ્યીચની છાતીએ ઠપકારા મારી રહ્યો હતો એટલામાં બારણેથી રેશમનો સરસર અવાજ સંભળાયો અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાના શબ્દો કાને પડ્યા. તે ડૉક્ટરના આવવાની ખબર પોતાને ન પહોંચાડવા બદલ પ્યોતરને ધમકાવી રહી હતી.

તેણે અંદર આવીને પતિને ચૂમી લીધી અને તરત જ ખુલાસો શરૂ કરી દીધો કે પોતે તો ક્યારની ઊઠી ગયેલી પણ ડૉક્ટર આવ્યા ત્યારે માત્ર કશીક ગેરસમજણને કારણે જ બીમાર માણસના ખંડમાં હાજર નહોતી.

ઈવાન ઈલ્યીચે તેની સામે નજર નાખીને તેને પગથી માથા સુધી ધારી ધારીને નીરખી. તેનો ગોરો વાન, તેનાં ભરાવદાર અંગ, તેનાં સ્વચ્છ કાંડાં ને ગરદન, તેના ચળકતા કેશ, અને તેની ઝગારા મારતી ચેતનસભર આંખો જોઈને ઈવાન ઈલ્યીચને રીસ ચડી. તેની હસ્તીના અણુએ અણુમાં પત્ની પ્રત્યેનો ધિક્કાર છલકાતો હતો. પત્નીના પ્રત્યેક સ્પર્શથી ધિક્કારમાં જાણે ભરતી આવી જતી.

ઈવાન ઈલ્યીચ અને તેની બીમારી પ્રત્યે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાના વલણમાં કશો ફેર નહોતો પડ્યો. ડૉક્ટરે પોતાના દરદીઓ પ્રત્યે અપનાવેલું વલણ તે જેવી રીતે બદલી નહોતો શકતો એવી જ રીતે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ પતિ પ્રત્યે અપનાવેલું વલણ તે બદલી નહોતી શકતી. એ

વલણ આવું હતું: ઈવાન ઈલ્યીચ ન કરવાનું બધું કરે છે એટલે તેની હાલત માટે તે પોતે જ જવાબદાર છે અને તેને પ્યારથી સમજાવવા સિવાય બીજું કશું થઈ શકે એમ જ નથી.

"મુદ્દલ સાંભળતા જ નથી! દવા નિયમિત લેતા નથી. અને સૌથી ખરાબ વાત તો એ છે કે એમને ચોક્કસ નુકસાન થાય જ એવી રીતે પગ ઊંચા રાખીને સૂવાની હઠ પકડી રાખે છે."

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ડૉક્ટરને વાત કરી કે ઈવાન ઈલ્યીચ ગેરાસિમને બોલાવીને કેવી રીતે પગ ઊંચા રખાવે છે.

ડૉક્ટરે જાણે મોટું મન રાખીને સદ્‌ભાવથી હસતાં કહ્યું: "શું થાય? દરદીઓ હંમેશાં કોઈ ને કોઈ બેઢંગી જીદ પકડતા જ હોય છે. આપણે માફ કરી દેવું."

ડૉક્ટરની તપાસ પૂરી થઈ એટલે તેણે ઘડિયાળ ઉપર નજર નાખી, અને પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ઈવાન ઈલ્યીચને જણાવ્યું કે તમને ગમે યા ન ગમે પણ પ્રખ્યાત ડૉક્ટર આજે આવવાના છે, એ અને મિખાઈલ દાનીલોવિચ (સાધારણ ડૉક્ટરનું નામ) ભેગા મળીને તમને તપાસશે અને ઈલાજ અંગે આપસમાં સલાહમસલત કરશે.

"મહેરબાની કરીને વાંધા ન ઉઠાવશો, આ તો હું મારે ખાતર જ કરું છું," તેણે વ્યંગમાં કહીને પતિને જણાવી દીધું કે કરે છે તો પતિને ખાતર જ, પણ તેનો વાંધો ઉઠાવવાનો હક છીનવી લેવા આવી વાત કરે છે. ઈવાન ઈલ્યીચે ભવાં સંકોડયાં પણ કંઈ કહ્યું નહિ. તેને ખબર હતી કે પોતે જૂઠાણાંની જાળમાં સપડાઈ ગયો છે અને ખોટાથી ખરાને અલગ તારવવાનું અશક્ય છે. તેને ખાતર પત્ની જે કંઈ કરતી એ બધું તદ્દન પોતાને ખાતર જ કરતી, અને તે

વાસ્તવમાં જે કંઈ પોતાને ખાતર કરતી તેને વિશે પોતાને ખાતર જ કરું છું એમ કહેતી, પરંતુ તેની રજૂઆત મુદ્દલ માન્યામાં જ ન આવે એવી રીતે કરતી, જેથી ઈવાન ઈલ્યીચ સાવ ઊલટો અર્થ તારવે.

સાડા અગિયાર વાગ્યે નામાંકિત ડૉક્ટર ખરેખર આવી પહોંચ્યો. વળી પાછા છાતીએ ઠપકારા અને ઈવાન ઈલ્યીચની હાજરીમાં તેમ જ બાજુના ખંડમાં મૂત્રપિંડો તથા મોટા આંતરડા અંગેની ભારેખમ વાતો, અને સવાલો તથા જવાબો બોલવામાં એવા ગંભીર ભાવ કે જાણે ઈવાન ઈલ્યીચની સમક્ષ હકીકતમાં ઉપસ્થિત જીવનમરણના એકમાત્ર સવાલને બદલે ગેરવર્તન કરતા મૂત્રપિંડો તથા મોટા આંતરડાનો સવાલ ઊભો થયો હોય, અને મિખાઈલ દાનીલોવિચ તથા નામાંકિત ડૉક્ટર એ અવયવોને પાધરા કરી દેવાની બાબત હાથમાં લેતા હોય.

નામાંકિત ડૉક્ટરે વિદાય લીધી ત્યારે તેની નજરમાં ગંભીરતા હતી પણ નાઉમેદી નહોતી. ઈવાન ઈલ્યીચે બીક અને આશાથી ચળકતી આંખો ઊંચી કરીને અચકાતાં અચકાતાં તબિયત સુધરવાની શક્યતા અંગે પૂછ્યું ત્યારે ડૉક્ટરે જવાબ આપ્યો કે ચોક્કસ તો કંઈ ન કહેવાય પરંતુ શક્યતા જરૂર લાગે છે. ડૉક્ટરને જતો જોઈ રહેતી ઈવાન ઈલ્યીચની આંખોમાં આશાનો ઝળકાટ એટલો હૃદયસ્પર્શી હતો કે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના નામાંકિત ડૉક્ટરને ફી આપવા ખંડની બહાર જતી વેળા રડી પડી.

ડૉક્ટરના પ્રોત્સાહનના પરિણામે તેના દિલમાં આવેલી આશાની ભરતી ઝાઝી વાર ટકી નહિ. વળી પાછો એ જ ખંડ, એ જ ચિત્રો, એ જ પડદા, એ જ શોભનકાગળ,

એ જ નાનીમોટી વસ્તુઓ, અને એ જ પીડા તથા યાતના સહેતી કાયા. ઈવાન ઈલ્યીચ ઊંહકારા કરવા લાગ્યો. તેને ઈંજેકશન આપવામાં આવ્યું એટલે તે વિસ્મૃતિની દુનિયામાં સરી પડયો.

તે જાગ્યો ત્યારે સાંજ પડી ગઈ હતી. તેને માટે ખાવાનું લાવવામાં આવ્યું. તેણે પરાણે પરાણે થોડોક સૂપ પીધો. વળી પાછું બધું એનું એ જ, વળી પાછું રાતનું આગમન.

ભોજન પછી સાત વાગ્યે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના સંધ્યાનો પોશાક પહેરીને ખંડમાં આવી. તેના ભર્યા ભર્યા સ્તનપ્રદેશ ઉપર લેસનું આવરણ હતું અને તેના વદન ઉપર પાઉડરની આછી નિશાનીઓ વરતાતી હતી. તેણે સવારે જ ઈવાન ઈલ્યીચને યાદ અપાવી હતી કે સાંજે સૌ થિયેટરમાં જવાનાં છે. શહેરમાં સારાહ બેર્નહાદ્ર્તના કાર્યક્રમો ચાલતા હતા, અને ઈવાન ઈલ્યીચના જ આગ્રહને વશ થઈને થિયેટરમાં એક બોક્સ રિઝર્વ કરાવવામાં આવ્યું હતું. તે તો એ બધું ભૂલી ગયો હતો, એટલે પત્નીના સાજશણગાર જોઈને તેને માઠું લાગ્યું. પરંતુ પછી તેને યાદ આવ્યું કે બાળકોની કેળવણીમાં રસલક્ષી મનોરંજનના મહત્ત્વને લક્ષમાં લઈને તેણે પોતે જ બોક્સ રિઝર્વ કરાવવાનો આગ્રહ રાખેલો, એટલે તેણે પાતાની લાગણીઓને છુપાવી રાખી.

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના ખુશ દેખાતી હતી પણ ખુશીમાં જાણે અપરાધનો ભાવ ભળેલો હતો. તે બેસી ગઈ અને તબિયત વિશે પૂછવા લાગી. ઈવાન ઈલ્યીચ સમજતો હતો કે આ બધું ખરેખર કશું જાણવા સારુ નહિ પણ કેવળ પૂછવા ખાતર જ પૂછવામાં આવે છે, કારણ કે જાણવાનું તો કશું હતું જ નહિ. પછી પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ ખરેખર જરૂરી

વાત કરી કે બોક્સ રિઝર્વ ન થઈ ગયું હોત તો હું જવાનો ખ્યાલ પણ મનમાં ન લાવત, પણ એલેન તથા પુત્રી તથા પેત્રીશ્ચેવ (પુત્રીનો ભાવિ પતિ તપાસ મેજિસ્ટ્રેટ) જવાનાં છે અને એમને એકલાં તો ન જ જવા દેવાય. મને પોતાને તો ઘેર જ રહીને તમારી જોડે બેસવાનું વધારે ગમે, પણ મારી ગેરહાજરીમાં તમે ડૉક્ટરની હિદાયતોનો બરાબર અમલ કરજો.

"અને ફ્યોદોર પેત્રોવિચ (પુત્રીનો ભાવિ પતિ) તમને મળવા ઇચ્છે છે. અંદર આવે? લીઝા પણ."

"ભલે."

પુત્રી અંદર આવી. સાજશણગારમાં સોહતી તેની તરુણ કાયાનો ઘણો ભાગ ઉઘાડો હતો અને તે જાણે ઉઘાડા અંગનું પ્રદર્શન કરી રહી હતી. તેને જોઈને ઈવાન ઈલ્યીચને તરત જ પોતાની વેદનાભરી કાયાનો ખ્યાલ આવ્યો. પુત્રી સશક્ત અને તંદુરસ્ત હતી. તે ઊંડા પ્રેમમાં હોય, પરંતુ તેના સુખ ઉપર પિતાની બીમારી તથા યાતના તથા મૃત્યુની ઘેરી છાયા પડતી હોવાને કારણે ચિડાયેલી હોય, એમ લાગતું હતું.

ફ્યોદોર પેત્રોવિચ અંદર આવ્યો. તેણે સંધ્યાનો પોશાક પહેર્યો હતો અને વાળને આ લા કેપોલ ફૅશન મુજબ વાંકડિયા બનાવડાવ્યા હતા. તેની માંસલ ગરદન ફરતે અક્કડ સફેદ કોલર હતો, તેની છાતી સફેદ શર્ટ વડે ઢંકાયેલી હતી, તેની મજબૂત પિંડીઓ કાળા પાટલૂનના સાંકડા પાયચાઓમાં સમાયેલી હતી, એક હાથમાં સફેદ હાથમોજું પહેરેલું હતું અને બીજા હાથમાં ઓપેરા હૅટ હતી.

તેની પાછળ પાછળ ઈવાન ઈલ્યીચનો શાળામાં ભણતો પુત્ર કોઈનું ધ્યાન ન પડે એવી રીતે અંદર સરકી આવ્યો.

બિચારા કિશોરે નવો યુનિફૉર્મ પહેર્યો હતો, તેણે બેઉ હાથમાં હાથમોજાં પહેર્યાં હતાં, અને તેની આંખો નીચે ખોફનાક કુંડાળાં હતાં. ઈવાન ઈલ્યીચ એ કુંડાળાંનો અર્થ સમજતો હતો.

તેને પુત્રની બાબતમાં હંમેશાં દિલગીરીની લાગણી રહી હતી. અત્યારે કિશોરની ભયભીત દયાભરી નજરમાં તેને કશુંક ભયાનક લાગ્યું. ઈવાન ઈલ્યીચને થયું કે ગેરાસિમ પછી એકલા વાસ્યાને જ મારી હાલત સમજાય છે અને દયા આવે છે.

સૌ બેસી ગયાં અને ઈવાન ઈલ્યીચને ફરી વાર તબિયત વિશે પૂછવા લાગ્યાં. લીઝાએ માને થિયેટરના દૂરબીન અંગે પૂછ્યું. એથી મા અને દીકરી વચ્ચે જરાક ટપાટપી થઈ ગઈ. દૂરબીન ક્યાંક આડુંઅવળું મૂકી દેવાનો દોષ બેઉએ સામસામો એકબીજાની ઉપર ઢોળ્યો. બહુ જ ક્લેશકર.

ફ્યોદોર પેત્રોવિચે ઈવાન ઈલ્યીચને પૂછ્યું કે તમે સારાહ બેર્નહાર્દ્તને ક્યારેય જોઈ છે કે નહિ. ઈવાન ઈલ્યીચને પહેલાં તો સવાલ સમજાયો જ નહિ પરંતુ પછી તેણે જવાબ આપ્યો:

"ના. તમે જોઈ છે?"

"હા. 'આદ્રિયેન લેકુવ્રેર'માં."

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ કહ્યું કે તે અમુક કે તમુકમાં ખૂબ મનોહર લાગે છે. પુત્રીએ વિરોધ કર્યો. પરિણામે સારાહ બેર્નહાર્દ્તના અભિનયની મોહકતા તથા સ્વાભાવિકતા અંગે ચર્ચા શરૂ થઈ ગઈ, અને એવા વિષય પરત્વે હંમેશાં કહેવામાં આવતું હોય છે એ બધું કહેવામાં આવ્યું.

વાતચીત દરમિયાન ફ્યોદોર પેત્રોવિચની નજર ઈવાન ઈલ્યીચની ઉપર પડતાં તે બોલતો અટકી ગયો. બીજા સૌ પણ ઈવાન ઈલ્યીચની ઉપર નજર નાખીને ચુપ થઈ ગયાં.

ઈવાન ઈલ્યીચની ચળકતી આંખો સીધી તકાયેલી હતી. તેની નાખુશી અછતી નહોતી રહેતી. કશુંક કરવું જરૂરી હતું પરંતુ કશું જ થઈ શકે એમ નહોતું. ચુપકીનો ભંગ જરૂરી હતો પણ એમ કરવાની હિંમત કોઈમાં નહોતી. સૌનાં મનમાં બીક હતી કે શિષ્ટતાને ખાતર ટકાવી રાખવામાં આવતું જૂઠાણું કશીક વાતથી ઉઘાડું પડી જશે અને બધી બાબતો એકાએક ખરા રૂપમાં જાહેર થઈ જશે. સૌપ્રથમ લીઝાએ હિંમત કરી. તેણે ચુપકીનો ભંગ કર્યો. તેણે સૌની લાગણીને છુપાવી રાખવાને ઈરાદે એમ કર્યું, પરંતુ તેને બદલે તેનાથી એ લાગણીને જ વાચા અપાઈ ગઈ.

"ઠીક ત્યારે, જવું હોય તો હવે નીકળવું જોઈએ," તેણે ઘડિયાળ ઉપર નજર નાખતાં કહ્યું. એ ઘડિયાળ તેને પિતાએ જ ભેટ આપેલી. તેણે બોલતાં બોલતાં પોતાના યુવાન પ્રિયતમની સામે જોઈને, માત્ર તેઓ બન્ને જ સમજી શકે એવી કશીક બાબત અંગે, મર્મભર્યું પણ ભાગ્યે જ કળી શકાય એવું સ્મિત કર્યું. પછી તે રેશમનો સરસર અવાજ કરતી ઊભી થઈ ગઈ.

સૌ ઊભાં થઈ ગયાં અને વિદાય લઈને ચાલ્યાં ગયાં. ઈવાન ઈલ્યીચને લાગ્યું કે સૌ ગયાં એથી પોતાને રાહત મળી છે—કંઈ નહિ તો જૂઠાણું ગયું—એ પણ તેમની ભેગું જ ગયું.

પરંતુ પીડા રહી ગઈ. એ જ પુરાણી પીડા, બધું જ વધારે મુશ્કેલ બનાવતી અને કશું જ આસાન ન બનાવતી એ જ પુરાણી બીક. હાલત બદતર બનતી ગઈ.

વળી પાછો સમય ઘસડાતો વીતવા લાગ્યો—એક એક મિનિટ અને એક એક કલાક કરીને, એકસરખી અને અંતહીન

રીતે, પરંતુ તોયે તેના મનમાં નિશ્ચિત અંતના આતંકને સતત ઘેરો બનાવતો.

“હા, ગેરાસિમને મોકલ,” તેણે પ્યોતરના સવાલના જવાબમાં કહ્યું.

૯

તેની પત્ની પાછી આવી ત્યારે મોડું થઈ ગયું હતું. તે હળવે પગલે ખંડમાં દાખલ થઈ પણ તેનો પગરવ ઈવાન ઈલ્યીચે સાંભળ્યો. પત્નીની ઇચ્છા ગેરાસિમને મોકલી દઈને પોતે જ પતિની જોડે બેસવાની હતી, પરંતુ ઈવાન ઈલ્યીચે આંખો ઉઘાડીને કહ્યું:

“ના, ચાલી જા.”

“પીડા બહુ વધારે છે?”

“હવે બધું એકસરખું જ છે.”

“અફીણની દવા પી લો.”

તેણે વાત માની લીધી અને દવા પી લીધી. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના ચાલી ગઈ.

રાતના ત્રણ વાગ્યા સુધી તે અરધા ભાનમાં યાતના સહેતો પડયો રહ્યો. તેને લાગ્યું કે તેની ઉપર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે, તેને સાંકડા કાળા કોથળામાં ધકેલી દેવાની કોશિશ થઈ રહી છે, લોકો તેને ઊંડો ને ઊંડો ધકેલી રહ્યા છે પણ છેક નીચે સુધી ધકેલી શકતા નથી. એવી ખોફનાક હાલતમાં તે પીડાઈ રહ્યો હતો. તેને બીક લાગતી હતી પણ ભેગું કોથળામાં સમાઈ જવાનું મન પણ થતું હતું, એટલે તે એકીસાથે સામનો પણ કરતો હતો અને અંદર ઘૂસવાની

મહેનત પણ કરતો હતો. એકાએક તે છૂટો થઈ જઈને પડી ગયો. એથી તે જાગી ગયો. ગેરાસિમ હજી પલંગને છેડે ધીરજથી બેઠો બેઠો ચુપચાપ ઝોલાં ખાઈ રહ્યો હતો. ઈવાન ઈલ્યીચ મોજા પહેરેલા દૂબળા પગ જુવાનને ખભે ટેકવીને પડયો હતો. મીણબતી હજી બળી રહી હતી, અને તેની પીડા હજી ચાલુ જ હતી.

“ગેરાસિમ, જઈને સૂઈ જા હવે,” તેણે હોઠ ફફડાવ્યા.

“કંઈ વાંધો નહિ, હજી બેઠો છું થોડી વાર.”

“ના, જા.”

તેણે પગ નીચે કર્યા, અને પડખું ફરીને હાથ ગાલ નીચે ગોઠવતાં પોતાની દયા ખાવાનું શરૂ કર્યું. ગેરાસિમ ઊઠીને બીજા ખંડમાં ગયો ત્યાં સુધી તેણે મન ઉપર કાબૂ રાખ્યો, પણ પછી બધો અંકુશ મેલી દઈને બાળકની જેમ રડવાનું શરૂ કર્યું. તે રડતો હતો પોતાની લાચારીને કારણે, ભયાનક એકલતાને કારણે, ઇન્સાનો તેમ જ ઇશ્વરની નિર્દયતાને કારણે, અને ઇશ્વરની ગેરહાજરીને કારણે.

“તેં આમ શા માટે કર્યું? તેં મને જગતમાં પેદા શા માટે કર્યો? મેં શું કરી નાખેલું કે તું મને આવા અત્યાચારનો ભોગ બનાવે છે?”

તેને ઉત્તરની અપેક્ષા નહોતી, તે રડતો હતો કારણ કે ઉત્તર મળતો નહોતો અને મળી શકે એમ નહોતો. પીડા વળી શરૂ થઈ ગઈ, પણ તે જરાય હલ્યો નહિ અને તેણે કોઈને બોલાવ્યું પણ નહિ. “ભલે, હજી સતાવ, વધુ સતાવ! પણ શા માટે? મેં તને શું કરી નાખ્યું છે?”

પછી તે શાંત થઈ ગયો. તેણે રડવાનું તો બંધ કરી દીધું પણ ભેગું શ્વાસ લેવાનુંયે બંધ કરી દીધું, અને ધ્યાન કેંદ્રિત

કર્યું. તે જાણે બોલાતો અવાજ નહિ પણ તેના આત્માનો અવાજ સાંભળી રહ્યો હતો, તેની ભીતરમાં વહેતા વિચારપ્રવાહને સાંભળી રહ્યો હતો.

"તારી શી મુરાદ છે?" શબ્દોમાં વ્યકત થઈ શકે એટલા પૂરતો સ્પષ્ટ પહેલો ખ્યાલ એવો હતો. "તારી શી મુરાદ છે? તારી શી મુરાદ છે?" તેણે શબ્દો દોહરાવ્યા. "પીડા નથી જોઈતી, જીવતા રહેવું છે," તેણે જવાબ આપ્યો.

તેણે ફરી ધ્યાન કેંદ્રિત કર્યું, એવા નિર્ધારપૂર્વક કેંદ્રિત કર્યું કે તેની પીડા પણ તેમાં ભંગ ન પાડી શકી.

"જીવતા રહેવું છે? કેવી રીતે?" તેના અંતરના અવાજે પૂછ્યું.

"અગાઉની જેમ જ જીવતા રહેવું છે. મઝાની ખુશાલ જિંદગી જીવવી છે."

"તારી જિંદગી અગાઉ બહુ મઝાની ને બહુ ખુશાલ હતી ખરી?" અવાજે વળી સવાલ કર્યો. તેણે પોતાની જિંદગીની ઉત્તમ ઘડીઓ યાદ કરવાની કોશિશ કરી. પરંતુ વિચિત્ર લાગે એવી વાત છે કે તેની જિંદગીની તમામ ઉત્તમ ઘડીઓ તેણે માનેલી એવી હવે નહોતી લાગતી—સિવાય છેક બાળપણની તદ્દન આરંભની યાદો. તેના બાળપણમાં કશુંક ખરેખર ખુશાલ, જીવવાને લાયક, તેણે માણ્યું હતું. તેને જિંદગીમાં ફરી આણી શકાય તો કેવું સારું! પરંતુ એ ખુશાલી માણનારો ઇન્સાન હવે હયાત નહોતો. એ બધી યાદો તેને જાણે કોઈ બીજા માણસની હોય એવી લાગી.

તેની યાદો જોડે સંકળાયેલો માણસ વર્તમાન ઈવાન ઈલ્યીચનું રૂપ ધારણ કરી લે કે તરત જ એક જમાનામાં આનંદમય

લાગેલું બધું તેના એકાગ્ર ધ્યાનમાં ઓગળી જતું અને કશુંક સાવ નકામું તથા ઘૃણાજનક પણ બની જતું.

તે પોતાના બાળપણથી જેમ જેમ દૂર સરકતો ગયો અને વર્તમાનની નજીક પહોંચતો ગયો તેમ તેમ તેની ખુશી તેને વધારે ને વધારે નકામી તથા શંકાસ્પદ લાગતી ગઈ. તેની શરૂઆત ધારાશાસ્ત્રના વિદ્યાલયથી થઈ. તેણે ત્યાં ખરેખરા સરસ અનુભવો માણ્યા હતા, મોજ તથા મિત્રતા તથા આશાના અનુભવો માણ્યા હતા. પરંતુ તે જેમ જેમ ઉપલાં ધોરણોમાં પહોંચતો ગયો તેમ તેમ એવા મઝાના અનુભવો વધારે ને વધારે વિરલ બનતા ગયા હતા. આગળ જતાં ગવર્નરના મંત્રી તરીકેની નોકરીનાં આરંભનાં વરસોમાં તેણે ફરી વાર થોડાક સરસ અનુભવો માણ્યા હતા. તેમાંથી મોટા ભાગના તેના પ્રેમ જોડે સંકળાયેલા હતા. પછી તેની જિંદગી અટપટી બની ગઈ હતી અને સુખકર અનુભવો ઘટતા ગયા હતા. ત્યાર પછીની જિંદગીમાં તો સુખકર બાબતો એથીયે ઓછી થઈ ગઈ હતી અને જિંદગી જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ લગાતાર ઘટતી જ રહી હતી.

તેનું લગન, સાવ આકસ્મિક લગન, પછી ભ્રમના ભુક્કા, તેની પત્નીના શ્વાસની ગંધ, વિષયાસકિત, અને દંભ! વળી તેનો ચેતનહીન વ્યવસાય અને પૈસાની ફિકર—વરસ પછી વરસ, એક, બે, દસ, વીશ વરસ, કશા જ પરિવર્તન વગર. અને એ બધું જેમ જેમ લંબાતું ગયું તેમ તેમ વધારે ચેતનહીન બનતું ગયું. "હું ટેકરી પરથી એકધારો નીચે ગબડી રહ્યો હતો પણ માનતો હતો કે ઉપર ચડી રહ્યો છું. હા, એમ જ હતું. સમાજની નજરે હું ઉપર ચડી રહ્યો

હતો, પરંતુ જિંદગી એટલા પ્રમાણમાં મારાથી આઘી ખસી રહી હતી. અને હવે હું મરવા પડયો છું.

શું બની રહ્યું છે? શા માટે? માન્યામાં નથી આવતું. માન્યામાં નથી આવતું કે મારી જિંદગી આટલી ઘૃણાજનક અને નિરર્થક રહી હોય. પરંતુ મારી જિંદગી આટલી ઘૃણાજનક અને નિરર્થક રહી હોય તોયે મારે મરવું કેમ પડે? અને આવી યાતના ભોગવીને કેમ? ક્યાંક કશુંક ખોટું હોવું જ જોઈએ.

"કદાચ હું જેવી રીતે જીવવું જોઈએ એવી રીતે નહિ જીવ્યો હોઉં?" તેના મનમાં ખ્યાલ આવ્યો. "પરંતુ હું જિંદગી જેવી રીતે જીવવી જોઈએ એવી રીતે ન જીવ્યો હોઉં એમ બની શકે જ નહિ કારણ કે હું તો બધું જેવી રીતે કરવું જોઈએ એવી રીતે જ કરતો," તે મનમાં બોલ્યો, અને જીવન તથા મૃત્યુના કોયડાના એ એકમાત્ર ઉકેલને તેણે તદ્દન અશક્ય ગણીને તરત જ નકારી કાઢયો.

તો હવે તારી શી મુરાદ છે? જીવવાની? કેવી રીતે જીવવાની?

"જાણે કેમ હું અદાલતમાં હોઉં અને ચોબદાર એલાન કરી રહ્યો હોય કે 'ન્યાયાધીશ પધારે છે!' ન્યાયાધીશ પધારે છે! ન્યાયાધીશ પધારે છે!" તે મનમાં બોલ્યો. "ન્યાયાધીશ આવી ગયા! પણ મેં કશો અપરાધ નથી કર્યો!" તે ખિજાઈને બોલી ઊઠયો. "મેં શો અપરાધ કર્યો છે?" તેણે રડવાનું બંધ કરી દીધું અને મોં દીવાલ તરફ કરીને તે ફરી ફરીને એકનો એક વિચાર કરવા લાગ્યો: "શા માટે? આ બધો ત્રાસ મારે કેમ સહેવો પડે છે?"

પરંતુ ગમે તેટલા વિચારો કરવા છતાં તેને જવાબ ન મળ્યો. અને જ્યારે જ્યારે તેને ખ્યાલ આવતો (વારંવાર આવતો) કે પોતે કદાચ જેવી રીતે જીવવું જોઈએ એવી રીતે નહિ જીવ્યો હોય ત્યારે તે તરત જ યાદ કરતો કે પોતે કેવી સમુચિત રીતે જિંદગી જીવ્યો હતો, અને પછી એવા ખોફનાક ખ્યાલને તત્કાળ ભગાડી મૂકતો.

૧૦

વધુ બે અઠવાડિયાં વીતી ગયાં. ઈવાન ઈલ્યીચ હવે સોફા ઉપરથી ઊઠતો જ નહિ. તે સોફા ઉપર સૂતો કારણ કે તેને પલંગમાં સૂવું ગમતું નહિ. મોટે ભાગે દીવાલ તરફ મોં રાખીને પડયો પડયો તે એકલો અટૂલો એ જ અગમ્ય યાતના સહેતો રહેતો: "શું હશે? ખરેખર મોત હોઈ શકે?" અને તેના અંતરનો અવાજ જવાબ આપતો: "હા, ખરેખર છે." "પરંતુ આવી યાતના શા માટે?" અને અંતરનો અવાજ કહેતો: "કશા જ કારણ વગર." વાત એટલે સુધી જ પહોંચતી—એથી વધારે કંઈ જ ન બનતું.

ઈવાન ઈલ્યીચની બીમારીની છેક શરૂઆતથી જ, તે પહેલી વાર ડૉક્ટર પાસે ગયો એ દિવસથી જ, તેની જિંદગી એક પછી એક આવતા બે વિરોધી મનોભાવોમાં વહેંચાઈ ગઈ હતી: એક મનોભાવ હતાશાનો અને ખોફનાક તથા અગમ્ય મૃત્યુના ભણકારાનો હતો, અને બીજો મનોભાવ આશાનો હતો. બીજો મનોભાવ હોય ત્યારે તે પોતાની કાયાની ક્રિયાઓનું ખૂબ રસપૂર્વક નિરીક્ષણ કરતો. ક્યારેક તેને થોડા વખત પૂરતાં પોતાની ફરજ બજાવવાનો ઇનકાર કરતાં મૂત્રપિંડો

તથા આંતરડું નજર સામે દેખાવા લાગતાં, અને ક્યારેક ભયાનક તથા અગમ્ય મૃત્યુ સિવાય, જેનાથી કોઈ રીતે છટકી શકાય એમ નહોતું એવા મૃત્યુ સિવાય, બીજું કશું તે જોઈ જ ન શકતો.

એવા બે મનોભાવ તેની બીમારીના છેક આરંભથી જ વારાફરતી આવ્યા કરતા હતા. પરંતુ જેમ જેમ બીમારી વધતી ગઈ તેમ તેમ મૂત્રપિંડો અંગેના તેના તરંગો વધારે ને વધારે કલ્પનાતીત તથા અસંભવિત બનતા ગયા, અને નજીક આવી રહેલા મૃત્યુ અંગેની તેની સભાનતા વધારે ને વધારે વાસ્તવિક બનતી ગઈ.

પોતાની હાલત ત્રણ મહિના અગાઉ કેવી હતી અને હવે કેવી હતી તેનો ખ્યાલ જ, પોતે ટેકરી ઉપરથી કેવો એકધારો નીચે ગબડી રહ્યો હતો તેનો ખ્યાલ જ, આશાની તમામ શક્યતાઓને ખતમ કરી નાખવા માટે પૂરતો હતો.

સોફા ઉપર સૂતાં સૂતાં દીવાલ તરફ મોં રાખીને તેણે ગુજારેલી અવી એકલતાના અંતિમ ગાળા દરમિયાન, વિશાળ વસતિ ધરાવતા શહેરમાં અને પોતાના અનેક મિત્રો તથા સગાંસંબંધીઓની વચ્ચે ગુજારેલી એકલતા દરમિયાન, સમુદ્રને તળિયે કે ધરતીના પેટાળમાં પણ જેટલી પરિપૂર્ણ ન હોઈ શકે એટલી પરિપૂર્ણ એકલતા દરમિયાન, એવી ભયાનક એકલતાના આખરી ગાળા દરમિયાન ઈવાન ઈલ્યીચ કેવળ ભૂતકાળમાં જ જીવી રહ્યો હતો. વીતેલા દિવસોનાં ચિત્રો એક પછી એક તેના માનસપટ ઉપરથી પસાર થતાં રહેતાં. એ ચિત્રો હંમેશાં તદ્દન નજીકના ભૂતકાળમાંથી ઉદ્ભવ પામતાં અને અધિક દૂરવર્તી અતીતમાં, તેના બાળપણમાં, પહોંચી જઈને ત્યાં જાણે થંભી જતાં. તેને સવારે નાસ્તામાં આપવામાં

આવેલો મુરબ્બો યાદ આવે કે તરત જ તેણે બાળપણમાં ખાધેલી ચીકણી સૂકી ફ્રેંચ કાળી દ્રાક્ષ, તેનો અજબ સ્વાદ, અને તેનાં બી ચૂસતી વેળા મોંમાં છૂટતા પાણીની યાદ તાજી થઈ જતી, અને એ યાદની સાથે સાથે એ જમાનાનાં સ્મરણોની આખી હારમાળા તેના માનસપટમાં તરવરવા લાગતી —આયાઓ, તેનો ભાઈ, તેનાં રમકડાં, વગેરે. "આ બધા ખ્યાલો ખોટા છે... એથી ભારે વેદના થાય છે," તે મનમાં બબડતો અને વિચારોને પાછા વર્તમાન તરફ વાળી દેતો. સોફામાં ટાંકેલું બટન અને મરોકો ચામડામાં પડી ગયેલો સળ. "મરોકોનું ચામડું મોંઘું હોય છે અને જલદી ઘસાઈ જાય છે. એને અંગે પત્ની જોડે કંકાસ થયેલો. નાનપણમાં એક વાર અમે બાપુનો પોર્ટફોલિયો ફાડી નાખેલો એ મરોકો જુદું હતું અને પરિણામે બોલી ગયેલી તડાફડી પણ નિરાળી હતી. અમને સજા થયેલી અને પછી મા અમારે માટે પેસ્ટ્રી લઈ આવેલી." વળી પાછા તેના ખ્યાલો બાળપણમાં પહોંચી ગયા, અને વળી પાછા એવા ખ્યાલોએ તેના મનમાં વ્યથા ઉત્પન્ન કરી. તેણે મન બીજી બાબતો તરફ વાળીને એવા ખ્યાલોને ભગાડી દેવાની કોશિશ કરી.

એવી યાદોની હારમાળાની સાથે સાથે બીજી યાદો પણ તેના મનમાં ઉભરાવા લાગી—તેની બીમારી કેવી રીતે શરૂ થયેલી અને વધતી ગયેલી તેની યાદો તાજી થઈ. તેને લાગ્યું કે ભૂતકાળ જેટલો વધારે દૂરવર્તી એટલા પ્રમાણમાં જિંદગી અધિક ચેતનમય હતી. અગાઉ જિંદગીમાં વધારે સદ્ભાવ અને અધિક ચેતન હતાં. "જેવી રીતે મારી યાતના ઉત્તરોત્તર વધતી જાય છે એવી જ રીતે મારી જિંદગી ઉત્તરોત્તર બદતર બનતી રહી છે," તેને થયું. માત્ર એક જ ઝળકતું બિંદુ

હતું, અને તે ભૂતકાળમાં જિંદગીના છેક આરંભમાં હતું. ત્યાર બાદ હાલત વધતા જતા વેગે વધારે ને વધારે કાળી બનતી ગઈ. "મને મૃત્યુથી અળગા પાડતા સમચોરસથી ઊલટા પ્રમાણમાં," ઈવાન ઈલ્યીચને વિચાર આવ્યો. વધતા જતા વેગે નીચે ધસતી શિલાનું રૂપક તેના મનમાં ઝબકી ગયું. જિંદગી, અવિરત વધતી જતી યાતના, પોતાના લક્ષ્ય તરફ વધારે ને વધારે વેગે નીચે ધસી રહી છે, અને એ લક્ષ્ય અકથ્ય યાતનાનું છે. "હું નીચે ગબડી રહ્યો છું..." તે ચોંકી ગયો, થરથરી ગયો, તેણે પ્રતિકારનો પ્રયાસ કર્યો, પરંતુ તેને હવે સમજાઈ ગયું હતું કે પ્રતિકાર શક્ય જ નથી. ખ્યાલોના ઘસારાથી થાકી ગયેલો પરંતુ સામે તરવરી ઊઠતાં ચિત્રો પરથી નજર ખસેડી લેવાની શક્તિ હારી ચૂકેલો તે વળી પાછો દીવાલને તાકતો વાટ જોવા લાગ્યો—ખોફનાક પછડાટની, આખરી આઘાતની, વિનાશની વાટ જોવા લાગ્યો. "પ્રતિકાર અશક્ય છે," તે સ્વગત બોલ્યો. "પણ સમજાય તો ખરું કે એમ કેમ છે!" પરંતુ એ પણ અશક્ય જ હતું. "હું જેવી રીતે જીવવું જોઈએ એવી રીતે ન જીવ્યો હોત તો વાતનો કશોક મેળ બેસત, પણ એવો એકરાર અશક્ય છે," તે સ્વગત બોલ્યો, અને પોતાની જિંદગીનાં સમાજમાન્ય ધોરણો, ઔચિત્ય, તથા શિષ્ટતા યાદ કરવા લાગ્યો. "એવો એકરાર મારાથી થાય જ નહિ," તે મનમાં બોલ્યો, અને જાણે કોઈ તેનું સ્મિત જોવાનું હોય તથા એથી ભોળવાઈ જવાનું હોય એમ તેણે પોતાના હોઠ અળગા પાડ્યા. "કશો જ અર્થ નથી. વ્યથા. મોત. શા માટે?"

૧૧

એક વધુ અઠવાડિયું એવી જ રીતે વીતી ગયું. તેણે અને તેની પત્નીએ જેની આશા રાખેલી એ ઘટના એ સમય દરમિયાન બની. પેત્રીશ્ચેવે ઔપચારિક રીતે લીઝાના હાથની માગણી કરી. એ પ્રસંગ સાંજના વખતે બનેલો. બીજે દિવસે સવારે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના એ ખબર કેવી રીતે જણાવવી તેના વિચારો કરતી પતિના ખંડમાં ગઈ, પરંતુ રાત દરમિયાન ઈવાન ઈલ્યીચની હાલત બદતર બની ગઈ હતી. પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્ના પહોંચી ત્યારે તે સોફા ઉપર જ સૂતો હતો, પણ રોજથી જુદી રીતે. તે ઊંધો પડ્યો હતો અને નજર બરાબર સામે ઠેરવીને ઊંહકારા કરી રહ્યો હતો.

પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાએ દવાની વાત શરૂ કરી. ઈવાન ઈલ્યીચે નજર તેની તરફ ફેરવી. એ નજરમાં પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને પોતાની પ્રત્યેનો એવો ઊંડો ધિક્કાર વરતાયો કે તે વાત પૂરી ન કરી શકી.

"ભગવાનને ખાતર મને શાંતિથી મરવા દે," ઈવાન ઈલ્યીચ બોલ્યો.

તે બહાર જવા પાછી વળી પરંતુ એ જ ઘડીએ પુત્રી અંદર આવીને પિતાની તબિયતના ખબર પૂછવા તેની પાસે ગઈ. ઈવાન ઈલ્યીચે જેવી નજર પત્ની ઉપર નાખી હતી એવી જ નજર પુત્રી ઉપર નાખી, અને પુત્રીએ તબિયત અંગે સવાલ કર્યો ત્યારે શુષ્ક ભાવે જવાબ આપ્યો કે હવે થોડા વખતમાં જ તમે સૌ મારી બલાથી છૂટી જવાનાં છો. મા અને દીકરી ચુપ રહ્યાં, થોડી વાર બેઠાં, અને પછી બહાર ચાલ્યાં ગયાં.

"આપણો શો વાંક છે?" લીઝાએ માને સવાલ કર્યો. "જાણે કેમ બધો દોષ આપણો જ હોય! મને બાપુની હાલત જોઈને દિલગીરી થાય છે, પણ એ આપણી ઉપર આવો જુલમ કેમ કરે છે?"

ડૉક્ટર રોજના વખતે આવ્યો. ઈવાન ઈલ્યીચ ચળકતી નજર તેની ઉપર તાકીને સવાલોના જવાબમાં "હા" કે "ના" કહેતો ગયો. અંતમાં તેણે કહ્યું:

"તમને ખબર છે કે હવે કોઈ રીતે ફાયદો થાય એમ છે જ નહિ, એટલે મને મારા કિસ્મત પર છોડી દો."

"તમારી પીડા તો હળવી કરી શકીએ," ડૉક્ટરે કહ્યું.

"ના, તમારાથી એ પણ નહિ થાય. મારો પીછો છોડી દો."

ડૉક્ટર દીવાનખંડમાં ગયો અને તેણે પ્રાસ્કોવ્યા ફ્યોદોરોવ્નાને જણાવ્યું કે ઈવાન ઈલ્યીચની હાલત બહુ ખરાબ છે, પીડા ભયંકર હશે, અને તેને હળવી કરવાનો એકમાત્ર ઉપાય અફીણ છે.

ડૉક્ટરે કહ્યું કે શારીરિક પીડા ભયંકર હશે, અને એ વાત ખરી હતી. પરંતુ તેની શારીરિક પીડા કરતાં તેની નૈતિક વેદના વધારે ભયંકર હતી, અને તેની ખરી યાતનાનું મૂળ તેમાં જ હતું.

તેની નૈતિક વેદનાનો ઉદ્ભવ, આખી રાત ગેરાસિમના નીંદરભર્યા સદ્ભાવી પહોળા ચહેરા ઉપર નજર તાકી રાખીને કરેલા એવા વિચારોમાંથી થયો હતો કે "મારી આખી જિંદગી, મારી પુખ્ત ઉંમરની આખી જિંદગી, જેવી હોવી જોઈએ એવી ખરેખર નહિ રહી હોય તો?"

તેના મનમાં ખ્યાલ આવતાં તે ચોંકી ગયો કે પોતે જિંદગી જેવી રીતે જીવવી જોઈએ એવી રીતે ન જીવ્યો હોય, તેણે

અગાઉ તદ્દન અશક્ય માની લીધેલી એ બાબત કદાચ હકીકતમાં બની હોય. ઊંચા દરજ્જાના માણસો જેને સારું ગણતા હતા તેનો સામનો કરવાના માંડ પરખાતા આવેગો જ, પોતે હંમેશાં દબાવી દીધેલા એ માંડ પરખાતા આવેગો જ, કદાચ અસલી ચીજ હોય અને બીજું બધું કદાચ અસલી ચીજથી વેગળું હોય, એવો ખ્યાલ મનમાં આવતાં તે ચકિત થઈ ગયો. તેની સરકારી ફરજો, તેની જિંદગીની રીતભાત, તેનો પરિવાર, તેની સામાજિક અને વ્યવસાય સંબંધી રુચિઓ, એ બધું કદાચ અસલી ચીજથી વેગળું રહ્યું હોય. તેણે એ સર્વનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જેનો બચાવ કરી રહ્યો હતો તેની નિર્માલ્યતા એકાએક તેના ધ્યાનમાં આવી ગઈ. બચાવ કરવા જેવું કશું હતું જ નહિ.

"વાત જો એમ હોય," તે સ્વગત બોલ્યો, "મને આપવામાં આવેલું બધું મેં વેડફી નાખ્યું છે અને એ સંબંધમાં કશું કરવાની વેળા વીતી ગઈ છે એવી પ્રતીતિ લઈને હું જિંદગીની વિદાય લઈ રહ્યો હોઉં, તો શું?" તે ઊંધો પડ્યો પડ્યો પોતાની જિંદગીનું તદ્દન નિરાળી દૃષ્ટિએ પુનરાવલોકન કરવા લાગ્યો.

રાત દરમિયાન તેના મનમાં પ્રગટેલા સત્યની પુષ્ટિ, તેણે સવારે પહેલાં નોકરને, પછી પત્નીને, પછી પુત્રીને, અને છેલ્લે ડૉક્ટરને જોયો ત્યારે તેમના પ્રત્યેક હલનચલન તથા પ્રત્યેક બોલમાં, તેને નજરે પડી. તેને એ સૌમાં પોતે જ નજરે પડ્યો, પોતાની જ જિંદગીની રીત નજરે પડી, અને તેને સાફ સમજાઈ ગયું કે આ બધું અસલી ચીજથી વેગળું છે, આ બધું જીવન તથા મૃત્યુનાં તથ્યોને છુપાવી રાખતી ભયાનક અને પ્રચંડ વંચના છે. એવી પ્રતીતિથી

તેની શારીરિક પીડા વધી ગઈ, દસ ગણી થઈ ગઈ. તે ઊંહકારા કરવા લાગ્યો, તરફડવા લાગ્યો, કપડાં ખેંચવા લાગ્યો. તેનાં કપડાં જાણે તેને નિચોવી રહ્યાં હતાં, રૂંધી રહ્યાં હતાં. તેને કપડાં પ્રત્યે ધિક્કાર વછૂટયો.

તેને અફીણની દવાનો મોટો ડોઝ આપવામાં આવ્યો. એથી તે બધું ભૂલી ગયો. પરંતુ જમવાના સમયે એ બધું વળી શરૂ થઈ ગયું. તેણે સૌને બહાર કાઢી મૂક્યાં, અને તે પથારીમાં તરફડતો પડયો રહ્યો.

તેની પત્નીએ આવીને કહ્યું:

"ઝાં, વહાલા, મારે ખાતર આટલું કરો." (મારે ખાતર?) "એથી તમને કશું નુકસાન નહિ થાય, અને ઘણી વાર તો ફાયદો પણ થતો હોય છે. સાવ નજીવી બાબત છે. ક્યારેક તો તંદુરસ્ત માણસો પણ..."

તેણે આંખો ફાડીને પત્ની સામે જોયું.

"શું? અંતિમ ધર્મક્રિયા? શા માટે? નથી કરવી. અને તોયે..."

પત્ની રડવા લાગી.

"મારે ખાતર, વહાલા. કરશો ને? હું પાદરીને બોલાવું છું, આપણો પાદરી બહુ સજ્જન માણસ છે."

"સરસ, બહુ સારી વાત," તે બોલ્યો.

પાદરીએ આવીને તેનાં પાપોનો એકરાર સાંભળી લીધો એટલે તેને દિલમાં શાતા વળી. તેને લાગ્યું કે શંકાઓનો ભાર હળવો થઈ ગયો છે. તેને પીડામાં પણ રાહત લાગી અને તેના મનમાં ફરી આશા જાગી. તે ફરી વાર આંતરડાના તથા રોગ મટવાની શક્યતાના વિચારો કરવા લાગ્યો. ધર્મક્રિયાની વેળાએ તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

વિધિ પતી ગયા પછી તેને પાછો સુવડાવી દેવામાં આવ્યો ત્યારે તેને થોડી વાર રાહત લાગી અને સાજા થઈ જવાની આશા તેના મનમાં ફરી રમવા લાગી.

ડૉક્ટરે સૂચવેલા ઑપરેશનના વિચારો તેના મનમાં ઘોળાવા લાગ્યા. "મારે જીવવું છે, જીવવું છે," તે સ્વગત બોલ્યો. તેની પત્ની તેને અભિનંદન આપવા આવી અને રાબેતા મુજબની વાતો કરીને તેણે ઉમેર્યું.

"તમને સાચેસાચ રાહત લાગે છે, ખરું ને?"

"હા," તેણે પત્નીની સામે જોયા વગર કહ્યું.

પત્નીનો પોશાક, તેની કાયા, તેના ચહેરા ઉપરનો ભાવ, તેનો અવાજ—બધું જાણે ઈવાન ઈલ્યીચને કહી રહ્યું હતું: "અસલ ચીજથી વેગળું. જિંદગીમાં જે કંઈ હતું અને હજી છે એ બધું જૂઠાણું છે, જિંદગી અને મૃત્યુના તથ્યને મારાથી છુપાવી રાખતી વંચના છે." એવો ખ્યાલ આવતાં જ તેના મનમાં ધિક્કારની લાગણી પેદા થઈ, ધિક્કારની સાથે સાથે આકરી શારીરિક પીડા પાછી શરૂ થઈ ગઈ, અને પીડાની સાથે સાથે પોતાની નજીક પહોંચી ગયેલા અનિવાર્ય અંતની પ્રતીતિ પાછી આવી. નવી સંવેદનાઓ ઉદ્‌ભવ પામી: તેની ભીતરમાં કશુંક મરડાવા, બટકી જવા, અને તેનો શ્વાસ રૂંધી દેવા લાગ્યું.

"હા" શબ્દનો ઉચ્ચાર કરતી વેળા તેના ચહેરા ઉપર છવાઈ ગયેલા ભાવ ભયંકર હતા. એ શબ્દ બોલી નાખ્યા પછી તેણે સીધી નજરે પત્નીની સામે જોયું, અને તેના જેવા કમજોર માણસની બાબતમાં માન્યામાં ન આવે એવી ઝડપથી ઊંધો ફરી જઈને તે ચિતકાર કરી ઊઠયો:

"ચાલી જા! ચાલી જા! મારો પીછો છોડી દે!"

૧૨

એ ઘડીથી એવી ભયંકર અને અણથંભ ચીસો શરૂ થઈ ગઈ કે બે ખંડના અંતરે સાંભળનારને પણ કમકમાટી ઊપજ્યા વગર ન રહે. એવી ચીસો લગાતાર ત્રણ દિવસ ચાલતી રહી. જે ઘડીએ તેણે પત્નીને જવાબ આપેલો તે જ ઘડીએ તેને સમજાઈ ગયેલું કે ખેલ ખલાસ થઈ ગયો છે, હવે મુદ્દલ આશા નથી, અંત આવી ગયો છે, તદ્દન અંત આવી ગયો છે, તમામ શંકાઓ હવે શંકાઓ જ રહેવાની છે, તેના ખુલાસા કદી મળવાના નથી.

તે જુદી જુદી જાતના અવાજે ચીસો પાડી રહ્યો હતો. તેણે શરૂઆત "નથી મ... ર... વું..." ની રાડથી કરેલી અને ધીરે ધીરે ચીસોમાં ખાલી "ઉં..." બાકી રહી ગયું હતું.

તેને માટે તો કાળના કશા પરિમાણ વગરના એ ત્રણ દિવસો દરમિયાન, શરૂથી આખર સુધી, તે પેલા કાળા કોથળાની અંદર તેને તેમાં ધકેલતી કોઈ અદૃશ્ય અને અદમ્ય તાકાતની સામે તરફડિયાં મારતો ઝૂઝતો રહ્યો. કોઈને મોતની સજા થઈ હોય અને પાકી ખબર હોય કે હવે બચવાની મુદ્દલ આશા નથી, ત્યારે તે જલ્લાદના હાથમાં જેવી રીતે તરફડિયાં મારે એવી રીતે તે તરફડિયાં મારતો રહ્યો. તેને સમજાઈ ગયું કે પોતે મરણિયો સામનો કરી રહ્યો હોવા છતાં પોતાને ત્રાસનો ભોગ બનાવી દેનારા કશાકની વધારે ને વધારે નજીક ધકેલાઈ રહ્યો છે. તેને લાગ્યું કે યાતનાનું કારણ પોતે કાળા ખાડામાં ધકેલાઈ રહ્યો છે એ તો છે જ, પરંતુ એથીયે વધારે તો પોતે આપમેળે ખાડામાં સરકી નથી શકતો એ છે.

તે જિંદગી સારી રીતે જીવેલો એવી માન્યતા તેને ખાડામાં સરકી જતાં અટકાવતી હતી. તેણે જીવેલી જિંદગીનો એવો બચાવ તેને આગળ વધતાં રોકી રહ્યો હતો અને તેને બીજી કોઈ બાબત કરતાં વધારે પીડી રહ્યો હતો.

એકાએક કશી તાકાતનો ફટકો તેની છાતીમાં તથા પડખામાં વાગ્યો અને તેનો શ્વાસ જાણે અધવચ્ચેથી રૂંધાઈ ગયો. તે ખાડામાં સડસડાટ નીચે ગબડવા લાગ્યો અને તળિયે પહોંચ્યો ત્યારે તેને પ્રકાશનું કિરણ નજરે પડ્યું. એક વાર તેને દોડતી રેલગાડીના ડબ્બામાં બેઠા બેઠા લાગેલું કે પોતે આગળ જઈ રહ્યો છે પરંતુ હકીકતમાં તે પાછળ જઈ રહ્યો હતો, અને એકાએક ખરી દિશાનું ભાન થઈ જતાં તેને જેવી લાગણી થયેલી એવી લાગણી તેણે અત્યારે અનુભવી.

"હા, બધું અસલી ચીજથી વેગળું છે," તે સ્વગત બોલ્યો. "પણ વાંધો નહિ, હું તેને અસલી ચીજ બનાવી શકું એમ છું. પરંતુ અસલી ચીજ એટલે શું?" તેના મનમાં સવાલ ઊભો થયો અને તે એકાએક શાંત થઈ ગયો.

આ બધું ત્રીજા દિવસના અંતે તેના મોતથી એક કલાક પહેલાં બન્યું. એ વખતે તેનો પુત્ર ખંડમાં દાખલ થઈને તેની પથારી પાસે પહોંચી ગયો. મોતનાં તરફડિયાં મારતો આદમી હજી ભયંકર ચીસો પાડી રહ્યો હતો અને હાથપગ ઉછાળી રહ્યો હતો. તેનો એક હાથ તેના પુત્રના માથા ઉપર પડયો. કિશોર હાથ પકડી લઈને હોઠે ચાંપી દેતો રડવા લાગ્યો. બરાબર એ જ ઘડીએ ઇવાન ઇલ્યીચ ખાડામાં સડસડાટ ઊંડે ગબડી પડયો હતો, તેને પ્રકાશ નજરે પડયો હતો, અને તેના મનમાં સત્ય પ્રગટ થઈ ગયું હતું કે પોતાની જિંદગી જેવી હોવી જોઈએ એવી નહોતી રહી, પરંતુ પોતે

હજુ મામલો સુધારી શકે એમ હતો. તેના મનમાં સવાલ થયેલો કે "અસલી ચીજ એટલે શું?" અને તેણે શાંત થઈને સાંભળવાની કોશિશ કરેલી. એ વખતે તેને લાગ્યું કે કોઈ તેનો હાથ ચૂમી રહ્યું છે. તેણે આંખો ઉઘાડીને પુત્રની સામે જોયું. તેને કિશોરની દયા આવી. તેની પત્ની અંદર આવી. તેણે પત્નીની સામે જોયું. પત્ની તેની ઉપર નજર માંડીને ઊભી હતી, તેનું મોં ખુલ્લું હતું, અણલૂછયાં આંસુનાં ટીપાં તેના નાક અને ગાલ ઉપર બાઝેલાં હતાં, અને તેના ચહેરા ઉપર હતાશાના ભાવ છવાયેલા હતા. ઈવાન ઈલ્યીચને પત્નીની દયા આવી.

"હું આ સૌની ઉપર જુલમ વરસાવી રહ્યો છું," તેને થયું. "તેમને મારી દયા આવતી હશે, પરંતુ મારા મોતથી સૌને રાહત મળશે." તેને એ વાત કહી દેવાનું મન થયું પરંતુ તેનામાં શકિત નહોતી રહી. "વળી બોલવાનો અર્થ પણ શો છે? તેને બદલે કંઈક કરું તો ઠીક," તેને વિચાર આવ્યો. તેણે પત્નીની તરફ ફરીને આંખો વડે પુત્ર તરફ ઈશારો કર્યો.

"એને અહીંથી લઈ જા," તેણે કહ્યું. "બિચારો બાળક... અને તું..." તેનો ઈરાદો તો "માફ કરજે" એમ કહેવાનો હતો પણ કહેવાઈ ગયું "ભૂલી જજે." વાત સુધારી લેવાની શકિત તેનામાં નહોતી. તેણે કેવળ હાથ જરાક હલાવ્યો. તેને ખબર હતી કે જેને સમજવાનું છે તે સમજી જશે.

એ વખતે તેને સ્પષ્ટ અનુભવ થયો કે જે કંઈ તેને ત્રાસનો ભોગ બનાવતું રહ્યું હતું અને જેને તે ફગાવી નહોતો દઈ શક્યો તે બધું આપોઆપ ખરી પડવા લાગ્યું છે — બે બાજુએથી, દસ બાજુએથી, બધી બાજુએથી ખરી પડવા

લાગ્યું છે. તેને સૌની દયા આવી. તેને લાગ્યું કે આ બધાંની પીડા હળવી કરવા પોતે કંઈક કરવું જોઈએ, આવી યાતનાથી એમને સૌને છુટકારો અપાવવો જોઈએ અને પોતે પણ છુટકારો મેળવી લેવો જોઈએ. "કેટલું સરસ અને કેટલું સરળ!" તેને થયું. "અને પીડા?" તેણે મનમાં સવાલ કર્યો. "અરે પીડા, તું ક્યાં છે?"

તેણે ધ્યાન એકાગ્ર કર્યું.

"હા, છે તો ખરી. પણ એથી શું થયું? ભલે રહી."

"અને મૃત્યુ? મૃત્યુ ક્યાં છે?"

તે પોતાને પરિચિત થઈ ગયેલી મૃત્યુની દહેશતને ખોળવા લાગ્યો પરંતુ તે મળી નહિ. મૃત્યુ ક્યાં છે? મૃત્યુ કેવું હોય? કશો ભય નહોતો કારણ કે મૃત્યુ જ નહોતું.

મૃત્યુને સ્થાને પ્રકાશ હતો.

"તો એમ છે!" તે એકાએક મોટેથી બોલી ઊઠયો. "કેવું સુખ!"

આ બધું પળવારમાં બની ગયું, પરંતુ એ પળનો મર્મ કાયમી હતો. મોજૂદ માણસોની નજરમાં તેની મોતની યાતના હજી બીજા બે કલાક ચાલતી રહી. તેના ગળામાં કશુંક ખખડતું રહ્યું, તેની કૃશ કાયા ફરકતી રહી. પરંતુ ધીરે ધીરે ફેફસાંનો ઘરઘરાટ ને ગળાનો ખખડાટ શમી ગયાં.

"અંત આવી ગયો," કોઈ બોલ્યું.

તેણે શબ્દો સાંભળ્યા અને મનમાં દોહરાવ્યા.

"મૃત્યુનો અંત આવી ગયો," તે સ્વગત બોલ્યો. "હવે મૃત્યુ છે જ નહિ."

તેણે ઊંડો શ્વાસ લીધો, શ્વાસને અધવચ્ચે અટકાવી દીધો, અને અંગ ઢીલાં કરી દઈને તે મૃત્યુ પામ્યો.

૧૮૮૬

ક્રેઇત્સેર સોનાટા

આ લઘુનવલ પહેલી વાર ૧૮૯૧માં પ્રકાશિત થઈ હતી. તોલ્સ્તોયે તેના લેખનનો આરંભ ૧૮૮૭માં કર્યો હતો. લેખકને કથાના વસ્તુનું સૂચન અદાકાર આન્દ્રેયેવ-બુર્લાકે કર્યું હતું. તોલ્સ્તોયે પોતાના મિત્ર રુસાનોવને ૧૮૮૯માં લખ્યું હતું: "મેં દૈહિક પ્રેમના વિષય અંગે એક કથાનું કાચું લેખન બે વરસ પહેલાં કર્યું હતું, પરંતુ તે બેપરવાઈથી અને સંતોષ ન થાય એવી રીતે કર્યું હતું. એટલે મને ફરી વાર ખ્યાલ આવશે તો હું તેને ફરી વાર લખીશ." લેખકે ૧૮૮૯ દરમિયાન કૃતિને ફરી હાથમાં લીધી અને એ વરસના અંતમાં તેને છેલ્લી વાર મઠારીને પ્રકાશન સારુ તૈયાર કરી હતી.

"...પરંતુ હું તમને જણાવું છું કે સ્ત્રીને કામુક નજરે નીરખનારો આદમી પોતાના મનમાં એ સ્ત્રીની જોડે વ્યભિચાર કરી ચૂકેલો ગણાય."

મેથ્થુ : ૫; ૨૮.

"તેના શિષ્યો તેને કહે છે: આદમીની પોતાની પત્નીના સંબંધમાં હાલત એવી હોય તો શાદી કરવી ઠીક ન ગણાય.

પરંતુ તેણે તેમને જણાવ્યું: આ બોલને તમામ આદમીઓ ગ્રહણ ન કરી શકે, જેને કહેવામાં આવ્યા હોય તે જ ગ્રહણ કરી શકે.

કેટલાક વ્યંડળો માના પેટમાંથી જ એવી હાલતમાં જન્મેલા હોય છે: અને એવા વ્યંડળો હોય કે જેમણે સ્વર્ગલોકને ખાતર પોતાને વ્યંડળ બનાવી દીધેલા હોય. જે ગ્રહણ કરી શકે એમ હોય તે ગ્રહણ કરે."

મેથ્થુ : ૧૯; ૧૦, ૧૧, ૧૨.

૧

વસંતના આરંભના દિવસો હતા. અમે લગભગ બે દિવસથી સફર કરી રહ્યાં હતાં. ટૂંકા અંતરના મુસાફરોની ચડઊતર ડબ્બામાં ચાલતી રહેતી હતી, પરંતુ મારી જેમ બીજા ત્રણ મુસાફરો છેક શરૂઆતથી જ ગાડીમાં બેઠા હતા. તેમાંથી એક આધેડ ઉંમરની બદસૂરત ઓરત હતી. તેનો ચહેરો મ્લાન હતો અને તે સિગારેટના ધુમાડા કાઢી રહી હતી. તેણે પુરુષ જેવાં કોટ ને હૅટ પહેર્યાં હતાં. બીજો મુસાફર તેનો ઓળખીતો લગભગ ચાળીસ વરસનો બોલકો આદમી હતો. તેનો નવોનકોર સામાન સાફ ને સુઘડ હતો. ત્રીજો એક સજ્જન સૌથી અળગો રહેતો હતો. તેની ઊંચાઈ મધ્યમ ગણાય એવી હતી અને તેના હલનચલનમાં ભાવાવેગ વરતાતો હતો. તેની ઉંમર હજી બહુ નહોતી લાગતી, પરંતુ તેના વાંકડિયા વાળ વહેલા ધોળા થઈ ગયા હતા. તેની આંખોમાં એક જાતનો અસાધારણ ચળકાટ હતો, અને તેની નજર એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર ઝડપથી ફરતી રહેતી હતી. તેણે આસ્ત્રાખાન ફરની ટોપી અને જૂનો ઓવરકોટ પહેર્યાં હતાં. ઓવરકોટના આસ્ત્રાખાન ફરના કોલરમાં મોંઘા દરજીની કામગીરી કળાતી હતી. તેણે ઓવરકોટનાં બટન ખોલ્યાં ત્યારે નીચે રશિયન કોટ તથા ગૂંથણના કોલરવાળું રશિયન શર્ટ નજરે પડયાં. એ સજ્જનની એક વિશિષ્ટતા હતી: તે ઘડીએ ઘડીએ વિચિત્ર અવાજ કરતો હતો, જાણે ગળું સાફ કરતો હોય અથવા હસી પડીને હસવું તરત જ ખાળી દેતો હોય.

એ સજ્જન આખી સફર દરમિયાન બીજા મુસાફરો જોડે વાતચીત કે સંપર્કને જાણે ખાસ કાળજી રાખીને ટાળતો રહ્યો.

કોઈ તેની જોડે વાત કરવાની કોશિશ કરે ત્યારે તે તોછડા ને ટૂંકા જવાબ આપતો. તે કાં તો વાંચતો હોય, બારીમાંથી બહાર તાકતો હોય, ધુમાડા કાઢતો હોય, અથવા પુરાણા થેલામાંથી ખાવાનું કાઢીને ચાપાણી કરતો હોય.

તેને એકલતા વસમી લાગતી હશે એમ ધારીને મેં તેની જોડે વાત કરવાના કેટલાય પ્રયાસો કર્યા, પરંતુ જેવી અમારી નજર મળે—અને નજર વારંવાર મળતી કારણ કે અમે સામસામે બેઠા હતા—કે તરત જ તે મોં બીજી તરફ ફેરવી લઈને કાં તો પુસ્તક હાથમાં લઈ લેતો અથવા બારી બહાર તાકવા લાગતો.

સફરના બીજા દિવસે સાંજે ગાડી એક મોટા સ્ટેશને ઊભી રહી ત્યારે એ બેચેન સજ્જને બહારથી ગરમ પાણી લાવીને ચા બનાવી. નવાનકોર સુઘડ સામાનવાળો આદમી (મને આગળ જતાં ખબર પડી તે મુજબ વકીલ) અને તેની મિત્ર, પુરુષ જેવા કોટવાળી ધુમાડા કાઢતી ઓરત, ચા પીવા સ્ટેશનના રેસ્તરાંમાં ગયાં.

સન્નારી અને સજ્જનની ગેરહાજરી દરમિયાન કેટલાય નવા મુસાફરો ડબ્બામાં ચડયા. તેમાં વેપારી જેવો દેખાતો એક ઊંચો ઘરડો આદમી પણ હતો. તેનો કરચલીઓવાળો ચહેરો સાફ દાઢી કરેલો હતો. તેણે ફરના અસ્તરવાળો ઓવરકોટ પહેર્યો હતો, અને તેની કાપડની ટોપીમાં તડકાથી બચવાની મોટી પટ્ટી હતી. વકીલ અને તેની સંગાથી ઓરતની જગ્યાઓની સામેની જગ્યામાં બેસી જઈને વેપારી તરત જ બીજા એક જુવાન મુસાફરની જોડે વાતો કરવા લાગ્યો. ગુમાસ્તા જેવો લાગતો જુવાન મુસાફર પણ એ જ સ્ટેશને ડબ્બામાં ચડયો હતો.

હું જરાક ત્રાંસો સામે બેઠો હતો. ગાડી ઊભી હતી એટલે લોકોની અવરજવર ન હોય ત્યારે તેમની વાતચીતના શબ્દો મારે કાને પડી જતા હતા. વેપારીએ કહ્યું કે હું મારા ગામના ઘરે જઈ રહ્યો છું અને આગલે સ્ટેશને ઊતરી જવાનો છું. પછી તેઓ વેપાર તથા કિંમતો અંગેની સામાન્ય ચર્ચા કરવા લાગ્યા અને તેમાંથી મોસ્કો બજાર તથા નિઝની-નોવગોરદ મેળા વિશે સામાન્ય નિરીક્ષણો પર પહોંચી ગયા. બેઉના ઓળખીતા કોઈ દોલતમંદ વેપારીએ મેળામાં કરેલા દુરાચારનું વર્ણન ગુમાસ્તો કરવા લાગ્યો, પરંતુ વેપારી તેને અધવચ્ચેથી અટકાવીને કુનાવિનોના તેની પોતાની સામેલગીરીના દુરાચારોની વાત કરવા લાગ્યો.

એ દુરાચારોમાં સામેલગીરી અંગે તેને ગુમાન હોય એમ લાગતું હતું. તેણે ચહેરા ઉપર શેખીના ભાવ આણીને પોતે એ જ ઓળખીતાના સંગાથમાં નશાની હાલતમાં કરેલા કોઈ પરાક્રમનું બયાન ધીમા અવાજે હોઠ ફફડાવીને કર્યું, કારણ કે એ કરતૂતની વાત જાહેરમાં થઈ શકે એવી નહોતી. ગુમાસ્તો ખડખડાટ હસી પડયો. તેના હાસ્યનો અવાજ આખા ડબ્બામાં ભરાઈ ગયો. ઘરડો માણસ પણ હસ્યો, અને તેના બે લાંબા પીળા દાંત નજરે પડયા.

કશું રસપ્રદ સાંભળવાની મુદ્દલ આશા મને નહોતી એટલે હું ગાડી ઊપડે ત્યાં સુધી પ્લેટફોર્મ પર ફરવાના ઈરાદે ઊભો થયો. વકીલ અને ઓરત બારણા પાસે ઊભાં ઊભાં વાતોમાં મશગૂલ થઈ ગયાં હતાં.

"ફરવા જેટલો વખત નથી રહ્યો," મળતાવડા વકીલે મને કહ્યું. "બીજી ઘંટડી હમણાં જ વાગશે."

વાત ખરી હતી. હું ગાડીને છેડે પહોંચું તે પહેલાં જ છેલ્લી ઘંટડી રણકી ઊઠી. હું પાછો ફર્યો ત્યારે વકીલ અને ઓરત વાતોમાં અગાઉ જેટલાં જ મશગૂલ હતાં. તેમની સામે ઘરડો વેપારી સીધી નજર તાકીને બેઠો હતો અને તેના બે દાંત ઘડીએ ઘડીએ દેખાડીને જાણે નાખુશી જાહેર કરી રહ્યો હતો.

"એટલે એણે ધણીને સાફ પરખાવી દીધું," હું પહોંચ્યો ત્યારે વકીલ મોં મલકાવીને કહી રહ્યો હતો, "કે મારાથી હવે તારી ભેગું રહેવાય એમ નથી અને હું રહેવાનીયે નથી કારણ કે..."

પરંતુ બાકીના શબ્દો સંભળાયા નહિ. મારી પાછળ પાછળ બીજા મુસાફરો આવ્યા, કંડકટર આવ્યો, અને પછી કોઈ કારીગર દોડતો નીકળી ગયો. થોડી વાર એટલો બધો ઘોંઘાટ અને ધમાલ રહ્યાં કે હું વાત સાંભળી ન શક્યો.

ફરી શાંતિ થઈ અને વકીલનો અવાજ મારે કાને પડયો ત્યારે કોઈ ખાસ કિસ્સાના તેના બયાન પછી સામાન્ય પરિસ્થિતિની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. વકીલ કહી રહ્યો હતો કે તલાકનો સવાલ યુરોપમાં લોકજીભે ચર્ચાઈ રહ્યો છે અને રશિયામાં તલાકના કિસ્સા વધારે ને વધારે સામાન્ય બનતા જાય છે. ડબ્બામાં તેનો એકલાનો જ અવાજ સંભળાતો હોવાની વાત ધ્યાનમાં આવી જતાં તે ઘરડા માણસ તરફ ફર્યો.

"જૂના જમાનામાં એવું નહોતું, ખરું ને?" તે ખુશાલ ભાવે મોં મલકાવતો બોલ્યો.

ઘરડો માણસ જવાબ આપવા જતો હતો એટલામાં ગાડી ઊપડી એટલે તે ટોપી ઉતારીને અને ક્રોસનો સંકેત કરીને હોઠ ફફડાવતો પ્રાર્થના ગણગણવા લાગ્યો. વકીલ વિનયથી નજર બીજી તરફ ફેરવી લઈને પ્રાર્થના પૂરી થવાની વાટ

જોવા લાગ્યો. ઘરડા માણસની પ્રાર્થના પૂરી થઈ એટલે તેણે ત્રણ વાર ક્રોસનો સંકેત કર્યો અને ટોપી માથે મૂકીને સખત દબાવી દીધી. પછી સરખી રીતે બેસીને તેણે બોલવાનું શરૂ કર્યું:

"અગાઉના જમાનામાંયે એવા કિસ્સા બનતા ખરા, પણ ઓછા," તેણે કહ્યું. "આજકાલ તો એ બધું સ્વાભાવિક જ છે. લોકોને વધારે પડતી કેળવણી મળે છે."

પાટાના સાંધાઓ ઉપર વેગ પકડતી ગાડી ખખડાટ કરવા લાગી એટલે મારે માટે સાંભળવાનું મુશ્કેલ બની ગયું. મને બાબતમાં રસ પડયો હતો એટલે હું વાતચીત કરનારાઓની નજીક જઈને બેઠો.

મારા પાડોશી ચળકતી આંખોવાળા બેચેન સજ્જનને પણ વાતમાં રસ પડયો હોય એમ લાગતું હતું કારણ કે તે જગ્યા બદલાવ્યા વગર આગળ નમીને સાંભળવા લાગ્યો.

"કેળવણી લેવામાં કંઈ ખોટું છે?" ઓરત આછું મલકતી બોલી. "તમે શું એમ માનો છો કે અગાઉની જેમ લાડી ને લાડો શાદી પહેલાં એકબીજાને કદી મળ્યાં જ ન હોય એવી શાદી બહેતર ગણાય?" તે આગળ બોલી. ઘણી સ્ત્રીઓ સામા માણસે જે કહ્યું હોય તેનો નહિ પરંતુ પોતે ધારી લીધેલા કથનનો જવાબ આપતી હોય છે. આ ઓરત પણ એવી જ રીતે જવાબ આપી રહી હતી. "એકબીજાને ચાહે છે કે નહિ અથવા એકબીજાને કદી ચાહી શકશે કે નહિ, એની મુદ્દલ પરવા કર્યા વગર લોકો પરણી જતા અને પછી આખી જિંદગી દુ:ખ વેઠતા. તમારો ખ્યાલ છે કે એવી હાલત બહેતર હતી?" સ્વાભાવિક રીતે જ, ઘરડા માણસને નહિ પણ મને અને વકીલને અપીલ કરતાં તેણે કહ્યું.

"આજકાલ બેહદ કેળવણી મળે છે," વેપારીએ ઘૃણાભરી નજરે ઓરતની સામે જોઈને અને તેના સવાલને અવગણીને પોતાની વાત દોહરાવી.

"પણ કેળવણી અને દુ:ખી લગ્નજીવન વચ્ચે તમારા ખ્યાલ મુજબ શો સંબંધ છે?" વકીલે આછું સ્મિત કરતાં પૂછ્યું.

વેપારી જવાબ આપવા જતો હતો પણ ઓરત વચમાં જ બોલી ઊઠી.

"ના, ના, એવો જમાનો તો કાયમને માટે વીતી ગયો છે," તેણે કહ્યું.

"ઊભાં રહો, એમને પોતાનો ખ્યાલ જણાવી લેવા દો," વકીલ બોલ્યો.

"કેળવણી ભેગી પારાવાર મૂર્ખાઈ પણ આવતી હોય છે," ઘરડા માણસે પાકી ખાતરીના ભાવે કહ્યું.

"એકબીજાને ચાહતાં ન હોય એવાં માણસોને પહેલાં પરણાવી દે અને પછી તેમને દુ:ખી જોઈને અચરજમાં ગરકાવ થઈ જાય," ઓરતે ઝડપથી બોલતાં બોલતાં મારી તથા વકીલની તરફ તેમ જ ગુમાસ્તાની તરફ નજર નાખી. ગુમાસ્તો ઊભો થઈ ગયો હતો અને સીટ ઉપર નમીને મોં મલકાવતો સાંભળી રહ્યો હતો. "માત્ર જનાવરોને જ માલિકની મરજી મુજબ સંભોગ કરાવી શકાય, ઈન્સાનોને તો પોતપોતાની રુચિઓ તથા પસંદગીઓ હોય જ," ઓરત ઘરડા આદમીને ચોટ લગાવવાના સાફ ઈરાદાથી બોલી.

"તમારી વાત ઠીક નથી, બાઈ," ઘરડો માણસ બોલ્યો. "જનાવરોનું તો પશુજીવન હોય છે, પણ ઈન્સાનોની જિંદગી નિયમોના આધારે ચાલતી હોય છે."

"પણ ઈન્સાન જેને ચાહતો ન હોય તેની જોડે કેવી રીતે જિંદગી ગુજારી શકે?" ઓરતે સવાલ કર્યો. તે પોતાની નજરમાં નૂતન લાગતા વિચારો જાહેર કરવા આતુર હતી.

"અગાઉ એવા ભેદ નહોતા પાડવામાં આવતા," ઘરડો માણસ ભારેખમ અવાજે બોલ્યો. "આ તો નવો ફૂટી નીકળેલો તરંગ છે. અગાઉ આપણને કોઈ સ્ત્રીને મોઢેથી એવા શબ્દો ક્યારેય નહોતા સાંભળવા મળતા કે 'હું તને છોડીને ચાલી જઈશ.' હવે તો નવી હવા ખેડૂતોમાં પણ ફેલાઈ ગઈ છે. ખેડૂત સ્ત્રી કહેશે કે 'આ લે તારાં ખમીસ ને પાટલૂન, હું તો વાન્યા ભેગી ચાલી, એના વાળ વધારે વાંકડિયા છે.' હાલત એવી છે. તમારાં સ્ત્રીઓનાં દિલ ઉપર તો બીકનો અંકુશ હોવો જ જોઈએ."

ગુમાસ્તાએ વકીલ ઉપરથી મારી ઉપર, અને મારી ઉપરથી ઓરતની ઉપર નજર ફેરવી. તે મલકાટ ખાળી રહ્યો હતો અને વેપારીના વિચારોનો જેવો પ્રતિભાવ પડે તેના આધારે એ વિચારોને બહાલી આપવા કે હસી કાઢવા જાણે તૈયાર થઈ ગયો હતો.

"બીક શાની?" ઓરતે સવાલ કર્યો.

"શાની? ધણીની જ વળી."

"એ દિવસો તો વીતી ગયા, ભલા ભાઈ," ઓરત ખારથી બોલી.

"ના, ભલી બાઈ, એ દિવસો કદી ખતમ નહિ થાય. ઓરતને મરદની પાંસળીમાંથી ઘડવામાં આવી છે અને જગત ચાલશે ત્યાં સુધી તે એવી જ રહેશે," ઘરડો માણસ એવા કડક અવાજે અને માથું એવી પ્રતીતિજનક રીતે હલાવતો બોલ્યો કે ગુમાસ્તો તરત જ તેને વિજેતા માની લઈને જોરથી હસી પડયો.

"એવા ખ્યાલ તો તમને પુરુષોને જ આવતા હોય છે," ઓરત બોલી. તેની નજર સાફ જાહેર કરી રહી હતી કે તે હાર માની લેવા તૈયાર નહોતી. "બધી આઝાદી તમે જ રાખી લીધી છે અને અમને સ્ત્રીઓને તમે જંજીરોમાં જકડી રાખવા માગો છો. મરજી પડે એમ કરવાનો હક તમે ખુદ પોતાને જ આપી દો છો."

"અમને કોઈ હક આપતું નથી. વળી પુરુષ જે કંઈ કરે એટલાથી જ ઘરમાં કશું વધી ન જાય, પણ સ્ત્રીની જોડે તો, બૈરીની જોડે તો, સંભાળીને કામ લેવું પડે," ઘરડો માણસ એવા જ પ્રભાવી અવાજે બોલ્યો.

એવા અવાજથી જાણે સાંભળનારાઓને પ્રતીતિ થઈ ગઈ. ઓરતને લાગ્યું કે પોતાના ધ્યેયને હાનિ પહોંચી છે, પરંતુ તોયે તેણે હાર ન માની.

"પણ તમે એટલું તો ચોક્કસ કબૂલ કરશો જ કે સ્ત્રી પણ ઈન્સાન છે અને એને પણ પુરુષ જેવી જ લાગણીઓ હોય છે. એ પતિને ચાહતી ન હોય તો શું કરે?"

"ચાહતી ન હોય?" વેપારીએ ઓરતના જ શબ્દો દોહરાવીને ભવાં ચડાવ્યાં તથા હોઠ સંકોડયા. "તો ચાહતાં શીખી લે, બીજું શું!"

એવો અણધાર્યો જવાબ ગુમાસ્તાને બહુ ગમી ગયો અને તેણે વખાણનો ઉદ્‌ગાર કાઢયો.

"ના, ચાહતાં શીખવાની મુદ્દલ જરૂર નથી. ચાહતી ન હોય તો એના દિલમાં પ્રેમ પરાણે ન જ પેદા કરી શકાય."

"અને પત્ની પતિને વફાદાર ન હોય તો?" વકીલે સવાલ કર્યો.

"એમ બનવા જ ન દેવાય," ઘરડો માણસ બોલ્યો. "પાકી તકેદારી રાખવી જોઈએ."

"પણ છતાંયે એમ બને તો? આખર, એમ બનતું તો હોય જ છે."

"અમુક લોકોમાં બનતું હશે કદાચ, પણ આપણા સ્તરના લોકોમાં નહિ," ઘરડા માણસે કહ્યું.

કોઈ કંઈ બોલ્યું નહિ. ગુમાસ્તો પગ આઘાપાછા કરતો નજીક આવ્યો અને જાણે વાતચીતમાંથી બકાત ન રહેવા માગતો હોય એમ મોં મલકાવીને બોલવા લાગ્યો.

"એક વાર મારા શેઠના કુટુંબમાં ભવાડો થયેલો. વાંક નક્કી કરવાનું કામ ભારે મુશ્કેલ બની ગયેલું. દીકરાની વહુ બદચાલ નીકળી. એણે પોતાનાં કરતૂત શરૂ કરી દીધાં. એનો વર કાબેલ ને ઈજ્જતદાર જુવાન હતો. બાઈએ પહેલાં તો હિસાબનીશ જોડે આડો સંબંધ બાંધ્યો. વરે એને સમજાવીને સીધે રસ્તે લાવવાની કોશિશ કરી. પણ બધી મહેનત નકામી ગઈ. ઓરત ભારે બદમાશ હતી. એણે પૈસા ચોરવાનું શરૂ કરી દીધું. વરે ખોખરી કરી નાખી. પણ એથી તો પેલી વધારે વંઠી ગઈ. એણે એક બિનખ્રિસ્તી આદમી જોડે, તમને વાંધો ન હોય તો કહું કે યહૂદી જોડે, આડો સંબંધ બાંધ્યો. વર બિચારો પછી શું કરે? એણે બૈરીને કાઢી મૂકી. આજ સુધી એકલો રહે છે, અને પેલી રસ્તે ભટકતી વેશ્યાનો ધંધો કરે છે."

"સાવ મૂરખ હશે," ઘરડો માણસ બોલ્યો. "શરૂઆતથી જ છૂટ ન આપી હોત અને ખરી રીતે કરવું જોઈએ એમ

પાધરી કરી નાખી હોત તો આજેય ચોક્કસ એના ભેગી જ હોત. શરૂઆતમાં મરજી પડે એમ કરવા દેવું એ જ ખોટું. 'ચરાણમાં ઘોડાની ઉપર અને ઘરમાં બૈરીની ઉપર વિશ્વાસ રખાય જ નહિ!'"

બરાબર એ જ વખતે કંડક્ટર આગલા સ્ટેશનની ટિકિટો લેવા આવ્યો. ઘરડા માણસે ટિકિટ તેને આપી દીધી.

"હા, ઓરતની જાતને તો તદ્દન શરૂઆતથી જ કાબૂમાં રાખવી પડે, નહિતર સત્યાનાશ વળી જાય."

"અને તમે પરણેલા આદમીઓએ કુનાવિનોના મેળામાં કરેલાં કરતૂતોની જે વાત થોડી વાર પહેલાં તમે કરેલી તેનું શું?"

"એ તો સાવ જુદી જ બાબત છે," વેપારી બોલ્યો, અને પછી સાવ ચુપ થઈ ગયો.

ઍન્જિનની સીટી વાગી એટલે ઘરડો માણસ ઊભો થયો. તેણે સીટ નીચેથી થેલો ખેંચી કાઢ્યો, ઓવરકોટ શરીરે બરાબર લપેટી લીધો, અને ટોપી હાથમાં લઈને તે ડબ્બામાંથી ઊતરી ગયો.

૨

તે ગયો કે તરત જ કેટલાય અવાજોમાં વાતચીત શરૂ થઈ ગઈ.

"જુનવાણી ખ્યાલોનો આદમી," ગુમાસ્તો બોલ્યો.

"ઘરનો હાકેમ!" ઓરત બોલી. "સ્ત્રીઓ અને લગ્ન વિશે કેવા જંગલી ખ્યાલો!"

"હા, લગ્નના સંબંધમાં યુરોપિયન વિચારોથી આપણે હજુ બહુ પાછળ છીએ," વકીલે કહ્યું.

"એવા માણસો મુખ્ય વાત ભૂલી જાય છે," ઓરતે કહ્યું, "કે પ્રેમ વગરનું લગ્ન તો લગ્ન ગણાય જ નહિ, માત્ર પ્રેમ જ લગ્નને પુનિત બનાવી શકે, અને પ્રેમ વડે પુનિત બનેલું લગ્ન જ ખરું લગ્ન ગણાય."

ગુમાસ્તાએ સાંભળતાં સાંભળતાં મોં મલકાવ્યું, અને ચતુરાઈભરી વાતોમાંથી ભવિષ્યના ઉપયોગ માટે બને તેટલી યાદ રાખી લેવાની કોશિશ કરી.

ઓરત હજુ બોલી રહી હતી એટલામાં મને દબાતા હાસ્ય કે ડૂસકા જેવું કશુંક પાછળથી કાને પડ્યું. મેં પાછળ ફરીને જોયું તો ચળકતી આંખો અને ધોળા વાળવાળો મારો એકાકી પાડોશી સજ્જન બેઠો હતો. અમારા ધ્યાનમાં જ નહોતું આવ્યું કે વાતચીત દરમિયાન તે નજીક સરકી આવ્યો હતો. તેને અમારી વાતચીતમાં રસ પડયો હશે એમ લાગતું હતું. તે સીટને અઢેલીને ઊભો હતો અને બહુ ઉત્તેજિત થઈ ગયેલો લાગતો હતો. તેનો ચહેરો લાલ થઈ ગયો હતો અને તેના ગાલ ફરકી રહ્યા હતા.

"પણ એ પ્રેમ... એ પ્રેમ... લગ્નને પુનિત બનાવનારો એ પ્રેમ... આખર છે શું?" તે તોતડાતો બોલ્યો.

તેની ઉત્તેજના જોઈને ઓરતે નરમાશથી અને ગંભીર ભાવે જવાબ આપ્યો:

"ખરો પ્રેમ. પુરુષ અને સ્ત્રી વચ્ચે એવો પ્રેમ હોય તો જ લગ્ન શક્ય છે," તેણે કહ્યું.

"હા, પરંતુ ખરો પ્રેમ એટલે શું?" ચળકતી આંખોવાળો સજ્જન ક્ષોભથી મોં મલકાવીને અચકાતો અચકાતો બોલ્યો.

"ખરો પ્રેમ એટલે શું એ તો સૌ જાણે છે," ઓરત બોલી. તે વાતચીતનો અંત આણવા આતુર લાગતી હતી.



"ના, હું નથી જાણતો," સજ્જને જવાબ આપ્યો. "તમારા મનમાં શો ખ્યાલ છે તેની વ્યાખ્યા જરૂરી છે."

"સાદી વાત છે," ઓરતે કહ્યું, પણ પછી તે થંભીને વિચાર કરવા લાગી. "પ્રેમ? પ્રેમ એટલે બીજા તમામ માણસોની સરખામણીમાં એક ખાસ વ્યકિતને આપવામાં આવતી પસંદગી," તેણે વાત પૂરી કરી.

"પણ પસંદગી કેટલો વખત? મહિનો? બે દિવસ? અરધો કલાક?" સફેદ કેશવાળા સજ્જને હસીને સવાલ કર્યો.

"ઊભા રહો, કદાચ તમારા મનમાં સાવ જુદી જ બાબતનો ખ્યાલ છે."

"ના, એ જ બાબતનો ખ્યાલ છે."

"એમનો આશય એવો છે," વકીલ વચ્ચે બોલ્યો, "કે લગ્ન નિષ્ઠાના આધારે થવું જોઈએ — તમને ગમે તો એને પ્રેમ કહો. નિષ્ઠા હોય તો જ લગ્નને... જાણે પવિત્ર એવું કશુંક ગણી શકાય. પરસ્પર એવી નિષ્ઠા ઉપર — તમને ગમે તો પ્રેમ ઉપર — આધારિત ન હોય એવા કોઈ પણ લગ્નમાં કશી નૈતિક જવાબદારીઓ ન સંભવે. તમારી વાત હું બરાબર સમજ્યો છું ને?" તેણે ઓરતની તરફ ફરીને પૂછ્યું.

ઓરતે માથું હલાવીને હા પાડી.

"વળી..." વકીલ આગળ બોલવા ગયો પણ ચળકતી આંખોવાળા સજ્જને તેને અટકાવી દીધો. એ સજ્જનની આંખો હવે સળગતા અંગારા જેવી બની ગઈ હતી, અને તેની ઉત્તેજના એટલી તીવ્ર બની ગઈ હતી કે તે પોતાને અંકુશમાં રાખી ન શક્યો.

"હુંયે બરાબર એ જ કહું છું—બીજા બધા માણસોની સરખામણીમાં એક જ ખાસ પુરુષની અથવા સ્ત્રીની પસંદગી. પણ હું પૂછું છું કે કેટલા વખત માટે?"

"કેટલા વખત માટે? બહુ લાંબા વખત માટે, ક્યારેક તો આખી જિંદગી સુધી," ઓરત ખભા ઉચકાવતી બોલી.

"પરંતુ એમ તો કેવળ નવલકથાઓમાં જ બને, જિંદગીમાં કદી ન બને. વાસ્તવિક જીવનમાં તો એવી કોઈ એક જ વ્યક્તિની પસંદગી વિરલ દાખલાઓમાં જ અમુક વરસો સુધી ટકી રહેતી હોય છે, પણ મોટે ભાગે તો થોડાક મહિના પૂરતી અથવા ક્યારેક તો ખાલી અઠવાડિયાં કે દિવસો કે કલાકો સુધી જ ટકતી હોય છે," તેણે કહ્યું. તેને ખ્યાલ હતો કે એવો અભિપ્રાય વ્યક્ત કરીને પોતે સૌને ચોંકાવી રહ્યો છે, અને એ બાબતની ખુશી તેના ચહેરા ઉપર સાફ વરતાતી હતી.

"અરે, આ તમે શું કહો છો! એવું જરાય નથી. પણ સાંભળો..." અમે ત્રણેય વિરોધ કરતા એકીમાથે બોલી ઊઠયા. ગુમાસ્તાએ પણ ખોંખારીને નાખુશી જાહેર કરી.

"હા, હું જાણું છું," સફેદ કેશવાળો સજ્જન અમારા સૌના અવાજને ડુબાવી દેતા અવાજે બોલી ઊઠયો. "તમે તો જેના અસ્તિત્વની કેવળ ધારણા જ કરવામાં આવે છે તેની વાત કરો છો, અને હું જે હકીકતમાં ખરેખર અસ્તિત્વ ધરાવે છે તેની વાત કરું છું. તમે જેને પ્રેમ કહો છો એવી લાગણી તો દરેક પુરુષ કોઈ પણ રૂપાળી સ્ત્રીને જોઈને અનુભવતો હોય છે."

"તમે તો ભયંકર વાત કરી રહ્યા છો! આખર, પ્રેમ તરીકે ઓળખાતી લાગણી લોકો વચ્ચે હોય છે જ, અને તે કેવળ

મહિના કે વરસો જ નહિ પરંતુ આખી જિંદગી ટકી રહેતી હોય છે."

"ના, એમ નથી. કોઈ પુરુષ આખી જિંદગી એક જ સ્ત્રીને પસંદ કરતો રહે તો એ સ્ત્રી બીજા કોઈ પુરુષને પસંદ કરતી હોવાનો પૂરો સંભવ છે. હંમેશાં એમ જ બનતું આવ્યું છે અને હાલ પણ બની રહ્યું છે," કહેતાં તેણે સિગારેટ કાઢીને સળગાવી.

"પરંતુ શક્ય છે કે બેઉને પરસ્પર લાગણી હોય," વકીલ બોલ્યો.

"ના, નથી," તડાક વળતો જવાબ આવ્યો. "ગાડામાં વટાણા ભરવામાં આવી રહ્યા હોય ત્યારે અગાઉથી પસંદ કરી રાખેલા બે વટાણા એકબીજાની જોડાજોડ પડવાની શક્યતા કરતાં વધારે શક્યતા એ બાબતમાં નથી. વળી પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધમાં નિર્ણાયક બાબત સંભાવનાનો નિયમ નહિ પણ શ્રાંતિની કક્ષા હોય છે. આખી જિંદગી એક જ પુરુષ અથવા એક જ સ્ત્રીને પ્રેમ કર્યા કરવો એટલે એક જ મીણબત્તી માણસની આખી જિંદગી દરમિયાન જલતી રહે એવી અપેક્ષા રાખવી," ચળકતી આંખોવાળો માણસ સિગારેટનો ઊંડો કશ ખેંચતો બોલ્યો.

"પરંતુ તમે તો દૈહિક પ્રેમની વાત કરો છો. આદર્શોની એકતા અને આત્માના સુમેળ ઉપર આધારિત પ્રેમની શક્યતા તમે નથી સ્વીકારતા?" ઓરતે સવાલ કર્યો.

"આત્માનો સુમેળ! આદર્શોની એકતા!" તેણે જાણે પડઘો પાડયો અને અગાઉ મારા ધ્યાનમાં આવેલો એવો અવાજ ફરી કર્યો. "તો પછી ભેગાં સૂવાની—મારા સાફ શબ્દો બદલ માફી માગું છું—કશી જરૂર જ ન રહે. આદર્શોની

એકતાને આધારે ભેગાં સૂઈ જતાં સ્ત્રી પુરુષો કોઈએ કદી જોયાં છે ખરાં?" તે બેચેનીથી હસતો બોલ્યો.

"ઊભા રહો," વકીલ બોલી ઊઠયો. "હકીકતો તમારી વાતનું ખંડન કરી નાખે છે. આપણે જોઈએ છીએ કે લગ્નસંબંધો પ્રવર્તિત છે. સમગ્ર માનવજાતિ, અથવા મોટા ભાગના ઇન્સાનો, એવી જિંદગી જીવે છે. ઘણાં માણસો જિંદગીની આખરી ઘડી સુધી વફાદારીભર્યું લગ્નજીવન જીવતાં હોય છે."

સફેદ કેશવાળો સજ્જન ફરી હસી પડયો.

"પહેલાં તમે કહ્યું કે લગ્ન પ્રેમ ઉપર આધારિત છે. દૈહિક પ્રેમ સિવાય બીજા કોઈ પ્રેમના અસ્તિત્વ અંગે મેં શંકા ઉઠાવી એટલે તમે હવે લગ્નજીવનના અસ્તિત્વ પ્રત્યે નિર્દેશ કરીને પ્રેમનું અસ્તિત્વ સાબિત કરી રહ્યા છો. આજકાલ લગ્નમાં છળકપટ સિવાય બીજું કશું જ નથી હોતું!"

"ના, ના, હું વિરોધ જાહેર કરું છું," વકીલ બોલ્યો. "મેં તો ફકત એટલું જ કહેલું કે લગ્નો અસ્તિત્વમાં છે અને સદા અસ્તિત્વમાં રહ્યાં છે."

"ખરી વાત. પરંતુ તેઓ શાના આધારે અસ્તિત્વ ધરાવે છે? લગ્નો એવા લોકોની અંદર અસ્તિત્વમાં છે અને હંમેશાં અસ્તિત્વમાં રહ્યાં છે કે જેઓને લગ્નમાં કશુંક પવિત્ર દેખાતું હોય છે, ઈશ્વર પ્રત્યેની ફરજોને સંડોવતું કશુંક પવિત્ર દેખાતું હોય છે. લગ્નોનું અસ્તિત્વ એવા લોકોની અંદર છે, આપણા જેવા લોકોની અંદર નથી. આપણા જેવા લોકોને લગ્ન કરતી વેળા તેમાં સંભોગ સિવાય બીજી કશી ધારણા નથી હોતી, એટલે આપણાં લગ્નો કાં તો જુલમ અથવા છળ હોય છે.

બે અનિષ્ટોમાંથી છળ ઊતરતું અનિષ્ટ છે. પતિ અને પત્ની એક જ વ્યકિત જોડે સાહચર્યનો ઢોંગ કરીને બીજા લોકો જોડે છળ કરતાં હોય છે, પરંતુ હકીકતમાં અનેક વ્યકિતઓ જોડે સાહચર્યનું જીવન જીવતાં હોય છે. એવી હાલત ગંદી છે પણ સહ્ય છે. પરંતુ સામાન્ય રીતે બનતું હોય છે તેમ, પતિ અને પત્ની આખી જિંદગી ભેગાં રહેવાની ફરજ સ્વીકારી લીધા પછી એક જ મહિનાને અંતે એકબીજાને ધિક્કારવા લાગે, અલગ થઈ જવા આતુર બની જાય, અને તોયે ભેગાં રહેવાનું ચાલુ રાખે, ત્યારે તેમાંથી અકથ્ય યાતના પરિણમે છે. એવી યાતના લોકોને દારૂડિયા બનાવી દે છે, આપઘાત કરવા પ્રેરે છે, પોતાની અથવા એકબીજાની હત્યા કરી નાખવા, અને પોતે ઝેર ખાઈ લેવા અથવા એકબીજાને ઝેર ખવડાવી દેવા પ્રેરે છે," તેણે વધારે ને વધારે ઉત્તેજિત બનતાં અને જાણે કોઈ વચમાં બોલી ઊઠશે એવી બીકે વધારે ને વધારે વેગે બોલતાં કહ્યું. તેની વાત પૂરી થઈ ત્યારે જાણે બેચેનીભરી ચુપકી છવાઈ ગઈ.

"હા, લગ્નજીવનમાં કટોકટીની ઘડીઓ બેશક આવતી હોય છે," એવી ઉત્તેજનાભરી અને અનુચિત વાતચીતનો અંત આણવાની આશાએ વકીલ બોલ્યો.

"લાગે છે કે તમે મને ઓળખી લીધો છે, નહિ?" સફેદ કેશવાળા સજ્જને પૂછયું.

"ના, એવી ખુશી મને હજી નથી સાંપડી."

"એમાં બહુ ખુશી થાય એવું નથી. હું પોઝ્દનિશેવ, તમે હમણાં જે કટોકટીની ઘડીની વાત કરી એવી ઘડીમાં મેં મારી પત્નીની હત્યા કરી નાખેલી," અમારી સૌની ઉપર વેગીલી નજર ફેરવતો તે બોલ્યો.

કશું બોલવાનું ન સૂઝ્યું એટલે અમે સૌ ચુપ બેસી રહ્યાં.

"ખેર, કંઈ ફેર નથી પડતો," કહેતાં તેણે વળી પાછો વિચિત્ર અવાજ કર્યો. "પણ હું તમારી માફી માગું છું, હવે તમને વધારે હેરાન નહિ કરું."

"અરે, ના, તમે પણ શું..." વકીલ બોલ્યો, પરંતુ તેને પોતાને જ ખબર નહોતી કે તે શું કહેવા માગતો હતો.

પોઝ્દનિશેવ તેને અવગણતો તરત જ બીજી તરફ ફરીને બેસી ગયો. વકીલ અને ઓરત ગુસપુસ વાતો કરવા લાગ્યાં. હું પોઝ્દનિશેવની બાજુમાં ચુપ બેસી રહ્યો. વાંચવા જેટલું અજવાળું નહોતું એટલે મેં આંખો મીચીને જાણે નીંદરમાં પડી ગયો હોઉં એવો ડોળ કર્યો. બીજું સ્ટેશન આવ્યું ત્યાં સુધી અમે એવી રીતે મૂંગાં મૂંગાં સફર કરી.

ત્યાં વકીલ અને ઓરત બીજા ડબ્બામાં ચાલ્યાં ગયાં. તેમણે કંડક્ટર જોડે એવી વ્યવસ્થા કરી લીધેલી. ગુમાસ્તો બાંકડા ઉપર લંબાવીને ઊંઘી ગયો. પોઝ્દનિશેવ એક પછી એક સિગારેટ પીતો ગયો અને ગાડી સ્ટેશને ઊભી રહેલી ત્યારે બનાવેલી ચા પીતો રહ્યો.

મેં આંખો ઉઘાડીને તેની સામે નજર કરી ત્યારે તે અચાનક મને ઉદ્દેશીને ચિડિયલ મક્કમ અવાજે બોલી ઊઠ્યો:

"હું કોણ છું એની ખબર પડ્યા પછી હવે તમને મારો સંગાથ કદાચ અણગમતો લાગતો હશે, ખરું ને? એમ હોય તો હું ચાલ્યો જઉં."

"ના, ના, એવું કંઈ નથી."

"તો થોડીક ચા પીશો? પણ બહુ કડક છે," તેણે મારી સારુ ચા રેડતાં કહ્યું.

"વાતો ને બસ વાતો જ... અને નર્યાં જૂઠાણાં," તે બોલ્યો.

"શાની વાત કરો છો?"

"એની એ જ, એ લોકોના પ્રેમની, અને એ પ્રેમ ખરેખર કેવો હોય છે એની. તમે બહુ થાકી ગયા છો?"

"ના, જરાય નહિ."

"તો હું તમને વાત કરું કે એ જ પ્રેમને લીધે મારી કેવી હાલત થઈ ગઈ અને મેં શું કરી નાખ્યું."

"તમને બહુ દુ:ખ ન થાય તો જરૂર કરો."

"મને તો ચુપ રહેવામાં વધારે દુ:ખ થાય છે. ચા પીઓ. બહુ કડક તો નથી ને?"

ચા ખરેખર બીયર જેવી હતી, પણ મેં પી નાખી. એટલામાં કંડક્ટર નીકળ્યો. મારા સંગાથીની અંગારા જેવી આંખો તેને જતો તાકી રહી, અને કંડક્ટર ચાલ્યો ગયો એટલે તેણે પોતાની કથની શરૂ કરી.

૩

"તો હું વાત શરૂ કરું... તમને સાંભળવાનું ખરેખર મન છે ને?"

મેં ફરી વાર મારી ઉત્સુકતા જાહેર કરી. તે એક પળ ચુપ રહ્યો, અને પછી મોં ઉપર હાથ ફેરવીને તેણે શરૂઆત કરી.

"મારે વાત કરવી જ હોય તો આરંભથી કહેવી પડશે, મેં લગ્ન શા માટે કર્યું અને લગ્ન પહેલાં હું કેવો હતો એ બધું જણાવવું પડશે."

"લગ્ન પહેલાં મારી જિંદગી બીજા સૌના જેવી જ હતી, એટલે કે આપણા જેવા લોકોમાં સૌની હોય છે એવી જ હતી. હું જમીનદાર છું, યુનિવર્સિટીની માસ્ટરની ડિગ્રી ધરાવું છું, અને દરબારી હતો. લગ્ન પહેલાં મારી જિંદગી સૌના જેવી જ હતી, એટલે કે હું સ્વચ્છંદી હતો, અને આપણા જેવા બધા લોકોની જેમ એવી જિંદગીને ઉચિત ગણતો હતો. હું મારી જાતને સારો મઝાનો આદમી ગણતો હતો. હું વિલાસી નહોતો, મારી રુચિઓ અધમ નહોતી. મારી ઉંમરના ઘણા આદમીઓ ભોગવિલાસને જ જિંદગીની મુખ્ય બાબત ગણતા, પરંતુ મારું વલણ એવું નહોતું. હું મારી કામવાસનાને કેવળ આરોગ્યને ખાતર જ, ઈજ્જત અને શિષ્ટતાની મર્યાદામાં રહીને સંતોષતો. બચ્ચાં પેદા કરીને નકામી બોજારૂપ બની જાય એવી સ્ત્રીઓથી હું વેગળો રહેતો. લાગણીના બંધનને હું પ્રબળ ન બની જવા દેતો. વાસ્તવમાં બાળકો થયાં હશે અને પ્રબળ લાગણીઓ પણ બંધાઈ હશે, પરંતુ એ બાબતમાં મેં મારું કાળજું કઠણ રાખ્યું હતું. મારા એવા વર્તનને હું ઊંચા નૈતિક ધોરણનું ગણતો અને તેને અંગે અભિમાન પણ ધરાવતો."

તે થંભી ગયો અને વળી તેણે વિચિત્ર અવાજ કર્યો. કોઈ નવો વિચાર મનમાં આવે ત્યારે એવો અવાજ કરવાની તેને ટેવ પડી ગઈ હોય એમ લાગતું હતું.

"અને સૌથી વધારે ગંદી બાબત એ જ છે," તે બોલી ઊઠયો. "દુરાચાર દૈહિક કૃત્યમાં નથી હોતો, દૈહિક કૃત્યની બાબતમાં દુરાચાર જેવું કશું હોતું જ નથી, ખરો દુરાચાર તો જે સ્ત્રીની જોડે દૈહિક સંબંધ હોય તેને લગતી બધી નૈતિક જવાબદારી ખંખેરી નાખવામાં હોય છે. અને એવી નૈતિક

જવાબદારી ખંખેરી નાખવાની મારી કાબેલિયતને હું મારી મોટી સિદ્ધિ ગણતો હતો. મને યાદ છે કે મારા પ્રેમમાં પડી જઈને પોતાનો દેહ મને અર્પણ કરી દેનારી એક સ્ત્રીને પૈસા આપવાનું હું ભૂલી ગયેલો ત્યારે મારો અંતરાત્મા મને ડંખવા લાગેલો. મેં તેને પૈસા મોકલ્યા અને એ રીતે તેને અંગેની મારી નૈતિક જવાબદારીથી મારી જાતને મુકત કરી લીધી ત્યારે જ મારું મન સ્વસ્થ થયેલું. મારી જોડે સહમત થતા હો એમ માથું ન હલાવો," તે અચાનક બરાડી ઊઠયો. "હું બધું સમજું છું. તમે, તમે, તમે સૌ એકસરખા જ છો, સિવાય કે તમે કોઈ વિરલ અપવાદ જેવા હો. તમે સારામાં સારા હશો તો હું અગાઉ હતો એવા હશો. અરે, કશો ફેર નથી પડતો. માફ કરજો," તેણે કહ્યું. "મારાથી રહેવાતું નથી, ભયંકર બાબત છે, ભયંકર, ભયંકર!"

"શું ભયંકર છે?" મેં સવાલ કર્યો.

"સ્ત્રીઓ અને તેમની જોડે આપણા સંબંધો અંગે ભૂલની જે ખીણમાં આપણે જીવી રહ્યા છીએ તે. ના, આ બાબતમાં શાંતિથી વાત કરવાનું મારે માટે શક્ય જ નથી. તેનું કારણ એ નથી કે પેલા સજ્જને કહેલી એવી કટોકટીની ઘડી મારી જિંદગીમાં આવી ગઈ છે. તેનું ખરું કારણ તો એ છે કે એવી ઘડી મારી જિંદગીમાં આવી ત્યારથી મારી આંખો ખૂલી ગઈ છે અને હવે બધી બાબતમાં મને સાવ નિરાળો અર્થ નજરે પડે છે. બધું તદ્દન પલટાઈ ગયું છે, તદ્દન પલટાઈ ગયું છે."

તેણે સિગારેટ સળગાવી, અને ગોઠણ ઉપર કોણીઓ ટેકવીને આગળ નમતાં ફરી શરૂ કર્યું. મને અંધારામાં તેનો ચહેરો

નહોતો દેખાતો, પરંતુ રેલગાડીના દોડતા ડબ્બાની ધણધણાટીને પાર કરીને આવતો તેનો રણકતો ભાવવાહી અવાજ સંભળાઈ રહ્યો હતો.

૪

"હા, મેં જેવી યાતના વેઠી હતી એવી યાતના પછી જ અને એવી યાતનાને પરિણામે જ મને સમજાયું કે અનિષ્ટનાં મૂળ ક્યાં છે અને હાલત કેવી હોવી જોઈએ, પ્રવર્તિત હાલતની તમામ ભયાનકતાઓ મને સમજાઈ ગઈ.

"હવે સાંભળો કે બધું કેવી રીતે તથા ક્યારે શરૂ થઈને પેલી કટોકટીની ઘડીમાં પરિણમ્યું. તેની શરૂઆત મારી જિંદગીના સોળમા વરસ દરમિયાન થઈ. એ વખતે હું શાળામાં ભણતો હતો અને મારો મોટો ભાઈ યુનિવર્સિટીના પહેલા વરસમાં હતો. મારું કૌમાર્ય અખંડિત હતું પરંતુ આપણા સ્તરનાં બધાં કમનસીબ બાળકોની જેમ જ હું પણ નિર્દોષ નહોતો. હું બે વરસથી બીજા છોકરાઓના દુરાચારી પ્રભાવમાં આવી ગયો હતો. ઓરતનો ખ્યાલ, કોઈ ખાસ ઓરતનો નહિ પરંતુ સામાન્ય રૂપમાં ઓરતનો ખ્યાલ, મધુરા લલચામણા કશાક તરીકે ઓરતનો ખ્યાલ, કોઈ પણ ઓરતનો અને નારીના નગ્ન દેહનો ખ્યાલ, મારી ઉપર યાતના વરસાવી રહ્યો હતો. હું ત્રાસ અને વ્યથાનો ભોગ બની ગયો, પ્રાર્થના કરવા લાગ્યો, પરાજિત થઈ ગયો. હું વાસ્તવમાં અને કલ્પનામાં પાપ કરવા લાગ્યો. પરંતુ મેં આખરી કદમ હજુ નહોતું ઉઠાવ્યું. હું પતનના પંથે સરકી રહ્યો હતો પરંતુ મેં

બીજા કોઈના દેહને હજુ હાથ નહોતો અડાડયો. એક વાર મારા ભાઈના બહુ મોજીલા વિદ્યાર્થી દોસ્તે શરાબની મહેફિલ બાદ કહ્યું કે ચાલો 'ત્યાં' જઈએ. ભાઈનો એ દોસ્ત એવા મઝાના આદમીઓમાંનો એક હતો કે જે બીજાઓને દારૂ પીતાં તથા પત્તાં રમતાં શીખવતા હોય છે અને હકીકતમાં પાકા લફંગા હોય છે. એની વાત માનીને અમે ગયા. મારા ભાઈનું કૌમાર્ય પણ અખંડિત હતું, પરંતુ એ રાતે એનું પતન થઈ ગયું. હું પંદર વરસનો છોકરો ભ્રષ્ટ થઈ ગયો, અને શું કરું છું તેની કશી સમજણ વગર જ એક ઓરતને ભ્રષ્ટ કરવામાં ભાગીદાર બન્યો. હું જે કરી રહ્યો હતો તેને મોટેરાંએ કદી ખોટું નહોતું ગણાવ્યું. આજે પણ કોઈ નથી ગણાવતું. તેને ધર્મના આદેશોમાં બેશક ખોટું ગણાવવામાં આવ્યું છે, પરંતુ ધર્મના આદેશોની જાણકારી હાંસલ કરવાનું એકમાત્ર કારણ એ હોય છે કે બાઇબલની પરીક્ષા વખતે પાદરીને ખરા જવાબ આપી શકાય. એ કારણને લક્ષમાં રાખતાં પણ એવી જાણકારી બહુ મહત્ત્વની નથી હોતી, વ્યાકરણના સાદા નિયમોની જાણકારી કરતાંયે ઓછા મહત્ત્વની હોય છે.

"જેના અભિપ્રાયોને હું મહત્ત્વના ગણતો હતો એવાં મોટેરાંમાંથી કોઈએ મારાં કૃત્યોને ક્યારેય ખોટાં નહોતાં ગણાવ્યાં. એથી ઊલટું, જે લોકો પ્રત્યે હું આદર ધરાવતો હતો તેમના હોઠેથી મેં એવાં કૃત્યોને વાજબી ગણાવતાં વેણ સાંભળ્યાં હતાં. મને સાંભળવા મળતું કે હું એક વાર એવું કરી નાખું એટલે વલખાટ અને યાતનામાં રાહત મળી જશે. મને એવી વાતો સાંભળવા મળતી અને વાંચવા મળતી. હું મોટેરાંને કહેતાં સાંભળતો કે એવું કરવું તંદુરસ્તી માટે સારું

છે. હું મારા સંગાથીઓને કહેતા સાંભળતો કે એવું કરવું વાજબી છે અને જુવાનીને છાજતું છે. એટલે બધી રીતે જોતાં મને એમાં કશું ખોટું નહોતું લાગતું. બીમારીનું જોખમ? એ સંબંધમાં પૂરી તકેદારી રાખવામાં આવતી હતી. લોકોની તંદુરસ્તી અંગે ફિકરમંદ સરકાર તરફથી જરૂરી પગલાં લેવામાં આવતાં હતાં. વેશ્યાવાડાઓની ઉપર બારીક ધ્યાન રાખવામાં આવતું હતું જેથી નિશાળના છોકરા પૂરી સલામતીથી વિષયસુખ માણી શકે. એવી કામગીરી માટે સરકાર ડૉક્ટરોને પૈસા આપતી હતી. અને એ સ્વાભાવિક જ હતું. બદફેલીને તંદુરસ્તી માટે સારી ગણવામાં આવતી હોવાથી સરકારને મઝાની સ્વચ્છ બદફેલીની સગવડ પૂરી પાડવી પડતી. માતાઓને પોતાના પુત્રો માટે એવી વ્યવસ્થા કરતી મેં જોઈ છે. ખુદ વિજ્ઞાન પણ જુવાનોને વેશ્યાવાડામાં મોકલે છે."

"વિજ્ઞાન?" હું બોલી ઊઠયો.

"ડૉક્ટરો એટલે વિજ્ઞાનીઓ નહિ? વિજ્ઞાનના પુરોહિતો. જુવાનોને તંદુરસ્તી માટે એની જરૂર છે એમ કહીને આપણા જુવાનોને દુરાચારી કોણ બનાવે છે? તેઓ જ. અને પછી તેઓ મોઢાં ગંભીર બનાવીને ચાંદીના રોગના ઈલાજ કરવા લાગે છે!"

"કેમ ન કરે?"

"કારણ કે ચાંદીના રોગના ઈલાજમાં વેડફી નાખવામાં આવતી જહેમતના દસમા ભાગ જેટલી જહેમત બદફેલીને ખતમ કરી નાખવામાં લગાવવામાં આવતી હોત તો ચાંદીનો રોગ ક્યારનો નાબૂદ થઈ ગયો હોત. આપણી જહેમતો

બદફેલીને ખતમ કરી નાખવામાં નહિ પરંતુ તેને પ્રોત્સાહન આપવામાં, સલામત બનાવવામાં, લગાવવામાં આવે છે. પરંતુ અસલ મુદ્દો એ નથી. અસલ મુદ્દો તો એ છે કે કેવળ મારા સ્તરના જ નહિ પણ ખેડૂતો સમેતના તમામ સ્તરોના જુવાનોના વધારે નહિ તો નેવું ટકા જેટલા જુવાનોની જેમ જ મેં પણ પાપનો પંથ કોઈ ખાસ લલનાના લાવણ્યના અદમ્ય આકર્ષણને લીધે નહોતો લીધો. ના, કોઈ સ્ત્રીએ મને લલચાવીને પતિત નહોતો કર્યો. હું તો જે સમાજમાં રહેતો હતો તેને કારણે પાપના પંથે ગયો, મેં પાપનો માર્ગ લીધો કારણ કે મારી આસપાસના કેટલાક લોકો મારા પાપને તંદુરસ્તી જાળવી રાખવાનું વાજબી પગલું ગણતા હતા, અને બાકીના લોકો તેને જુવાનીમાં મનોરંજનનું સ્વાભાવિક રૂપ ગણતા હતા, અને ક્ષમ્ય ઉપરાંત તદ્દન નિર્દોષ પણ ગણતા હતા. હું પોતે એને પાપ નહોતો ગણતો. મેં તો કેવળ એવી મોજ શરૂ કરી દીધી હતી કે જે મન પણ બહેલાવતી હતી અને મને સાંભળવા મળતું તે મુજબ એક ખાસ ઉંમરની જરૂરિયાત પણ સંતોષતી હતી. મેં અગાઉ જેવી રીતે તમાકુના ધુમાડા કાઢવાનું અને દારૂ પીવાનું શરૂ કરી દીધું હતું એવી જ રીતે મારી કામવાસના સંતોષવાનું શરૂ કરી દીધું. અને તોયે એ પ્રથમ પતનમાં હૈયું હલાવી દે એવું અને અસાધારણ કશુંક હતું. મને યાદ છે કે એ વખતે હજી તો હું ઓરડામાંથી બહાર નીકળું તે પહેલાં જ મારા મનમાં ભારે ગમગીની છવાઈ ગયેલી અને મને રડવાનું મન થયેલું. મારા કૌમાર્યનો ભંગ થઈ ગયો અને સ્ત્રીઓ જોડેનો મારો ખાસ પ્રકારનો સંબંધ સદાને માટે ખતમ થઈ ગયો, એથી મારું હૈયું રડી ઊઠેલું. હા, સ્ત્રીઓ જોડેનો મારો કુદરતી સંબંધ સદાને માટે

ખતમ થઈ ગયો હતો. ત્યાર પછી એ સંબંધ નિર્મળ રહ્યો નહિ અને રહી શકે એમ પણ નહોતો. હું લંપટ બની ગયો. લંપટ બની જવું એટલે દારૂડિયા, તમાકુના બંધાણી, અથવા કેફી ચીજોના બંધાણી જેવી શારીરિક હાલતમાં સરી પડવું. દારૂડિયો, તમાકુનો બંધાણી, અથવા કેફી ચીજોનો બંધાણી જેવી રીતે સાધારણ માણસ જેવો નથી હોતો એવી જ રીતે કેવળ મોજને ખાતર કેટલીય સ્ત્રીઓ જોડે વિષયસુખ ભોગવનારો આદમી સાધારણ માણસ જેવો નથી હોતો. એવો આદમી તો કાયમને માટે વંઠી ગયેલો હોય છે, લંપટ હોય છે. અને દારૂડિયાને તથા કેફી ચીજોના બંધાણીને જેવી રીતે ચહેરા તથા વર્તન ઉપરથી ઓળખી શકાય, એવી જ રીતે લંપટ પણ તરત જ ઓળખાઈ જાય. લંપટ પોતાના દુર્ગુણનો પ્રતિકાર કરી શકે ખરો, તેની સામે લડી શકે ખરો, પરંતુ સ્ત્રીઓની જોડે સરળ તેજોમય નિર્મળ સંબંધ, ભાઈ જેવો સંબંધ, ફરી કદી ન જ અનુભવી શકે. લંપટ આદમી કોઈ પણ યુવાન સ્ત્રીને નીરખવાની તેની રીત ઉપરથી જ તરત છતો થઈ જાય. હું લંપટ બની ગયો, એવો જ રહ્યો છું, અને એ કારણે જ સર્વનાશનો ભોગ બની ગયો."

૫

"એમ જ ચાલતું રહ્યું. હું એવી જિંદગીમાં વધારે ને વધારે ઊંડો ખૂંપતો ગયો અને નિતનવા અનુભવો હાંસલ કરતો રહ્યો. હે ઈશ્વર! મારી પાશવતાની યાદ તાજી થતાં મારું મન ત્રાસી જાય છે. મને યાદ છે કે મારી કહેવાતી નિર્દોષતા પ્રત્યે મારા સાથીઓ કેવા હસતા. ઝળકતી જુવાની!

અફસરો! જાણે પેરિસવાસીઓ! મારા સમેત એ બધા સજ્જનો, ત્રીસેક વરસની ઉંમરના બદફેલો, સ્ત્રીઓની વિરુદ્ધ વિવિધ પ્રકારનાં સેંકડો અત્યંત ભયાનક પાપ કરનારા દુરાચારીઓ, મને બરાબર યાદ છે. મને યાદ છે કે અમે ત્રીસેકની ઉંમરના બદફેલો નાહીધોઈને અને દાઢી કરીને, સ્વચ્છ કપડાં પહેરીને, અત્તર લગાવીને, યુનિફૉર્મ અને ફ્રૉકકોટ ચડાવીને બહુ રૂપાળા બનીને, જાણે વિશુદ્ધતાનાં પ્રતીકો બનીને, કેવી રીતે દીવાનખંડોમાં અને નૃત્યભવનોમાં આંટા મારતા રહેતા.

"જરાક વિચાર કરો કે હાલત કેવી હોવી જોઈએ અને કેવી છે. એવો કોઈ સજ્જન મારી બહેન અથવા પુત્રીને મળવા આવે ત્યારે, એની જિંદગી અંગે હું પૂરી જાણકારી ધરાવતો હોઉં એટલે, મારે એને બાજુ પર લઈ જઈને સ્વસ્થ ભાવે કહેવું જોઈએ કે 'જો ભાઈ, તારી જિંદગી કેવી છે એની અને તું રાતો ક્યાં કોની જોડે ગાળે છે એની મને ખબર છે. આ જગ્યા તારે માટે નથી. અહીંયાં તો વિશુદ્ધ ને નિર્દોષ બાળાઓ વસે છે.' એમ બનવું જોઈએ. પરંતુ હકીકતમાં એવો કોઈ સજ્જન આવી પહોંચે અને મારી બહેન કે પુત્રીની કમ્મર ફરતે હાથ વીંટાળીને એની જોડે નૃત્ય કરવા લાગે ત્યારે, એ સજ્જન જો માલદાર અને લાગવગવાળો હોય તો સૌ ખુશ થઈ જાય છે. મારી પુત્રીની ઉપર એવું હેત ઢોળનારો એ માણસ કદાચ રાત વેશ્યાવાડામાં ગાળીને પણ આવ્યો હોય! એ માણસ બદનામ હોય અથવા રોગનો ભોગ બનેલો હોય તોયે કશો ફેર નથી પડતો. આજકાલ તો એવા રોગ મટાડી શકાય છે. હું પ્રતિષ્ઠિત કુટુંબોની કેટલીય એવી બાળાઓને ઓળખું છું કે જેને માબાપે ચાંદીના રોગીઓ

જોડે પરણાવી દીધી છે. કેવી અધમ વાત છે! કેવી ધૃણાસ્પદ વાત છે! આવી હલકટતા અને આવાં છળકપટ ઉઘાડાં પડી જાય એવો વખત ચોક્કસ આવવાનો જ!"

તે વળી પાછો વિચિત્ર અવાજો કેટલીય વાર કરીને ચા પીવા લાગ્યો. ચા બહુ જ કડક હતી અને તેમાં ઉમેરવા પાણી હતું જ નહિ. મેં બે કપ ચા પીધેલી તેની અસર વરતાઈ રહી હતી. તેને પણ અસર લાગી જ હશે કારણ કે તે વધારે ને વધારે ઉત્તેજિત બની રહ્યો હતો. તેનો અવાજ વધારે ભાવવાહક અને રણકતો બની ગયો. તે વારંવાર ઊંચોનીચો થતો હતો, ટોપી ઘડીક ઉતારી નાખતો હતો અને ઘડીક પહેરી લેતો હતો, અને અમે અરધા પડછાયામાં બેઠા હતા તેમાં તેના ચહેરા ઉપરના ભાવ વિચિત્ર રીતે પલટાતા રહેતા હતા.

"ત્રીસ વરસની ઉંમર સુધી મારી જિંદગી એવી જ રીતે ચાલતી રહી. લગ્ન કરીને અત્યંત નિર્મળ તથા ઉન્નત કૌટુંબિક જીવનમાં ઠરીઠામ થવાનો મારો ઇરાદો મેં એક પળ પણ તજ્યો નહોતો એટલે હું માફક કન્યાની તપાસ કરતો રહેતો હતો. હું લંપટતાના કીચડમાં આળોટી રહ્યો હતો અને તેની સાથે સાથે જ એવી કન્યા શોધી રહ્યો હતો કે જેનામાં મારી પત્ની બનવાને યોગ્ય વિશુદ્ધતા હોય. મેં ઘણી કન્યાઓને નકારી કાઢી કારણ કે તેઓ મને પૂરતી વિશુદ્ધ ન લાગી. મારી દૃષ્ટિએ મારે યોગ્ય ગણાય એવી એક કન્યા આખરે મને મળી ગઈ. એ પેન્ઝાના એક જમીનદારની બે પુત્રીઓમાંની એક હતી. એનો જમીનદાર પિતા એક જમાનામાં બહુ દોલતમંદ હતો પરંતુ મોટા ભાગની દોલત એણે ગુમાવી દીધી હતી.

"એક વાર અમે આખો દિવસ નૌકાવિહારમાં ગાળીને ચાંદની રાતે ઘેર પાછાં ફરી રહ્યાં હતાં. હું એની બાજુમાં બેઠો બેઠો, તંગ ગરમ સ્વેટરમાં સોહતી એની મનોહર કાયાને અને એનાં વાંકડિયાં જુલફાંને પ્રશંસાભરી નજરે નીરખી રહ્યો હતો. એ વખતે અચાનક જ મારા મનમાં એને પરણવાનો નિર્ધાર થઈ ગયો. હું કલ્પનામાં રાચવા લાગ્યો કે મારા સમગ્ર વિચારો તથા લાગણીઓ અત્યંત ઉન્નત કક્ષાનાં છે અને આ કન્યા તેને બરાબર સમજે છે. હકીકતમાં વાત ફક્ત એટલી જ હતી કે સ્વેટર તથા વાંકડિયાં જુલફાંને લીધે એ બહુ જ સોહામણી લાગતી હતી અને આખો દિવસ એના ગાઢ સંપર્કમાં ગાળ્યા પછી મારા મનમાં વધારે નિકટતા સાધવાની ઉત્સુકતા જાગી હતી.

"સૌંદર્ય શુભ હોય છે એવા ભ્રમમાં કેટલી વિસ્મયકારક પરિપૂર્ણતા હોઈ શકે છે! કોઈ રૂપાળી રમણી નકામો બકવાદ કરતી હોય પરંતુ આપણે સાંભળતા રહીએ અને બકવાદને ચતુરાઈભરી વાતો માની લઈએ. એ તો અધમ વાતો અને આચરણ કરતી હોય પરંતુ આપણને એ બધું મનમોહક લાગે. અને એ બકવાદ કે હલકટ વાતો કરવાને બદલે મઝાની વાતો કરવા લાગે તો આપણને તરત જ ખાતરી થઈ જાય કે આ તો સદ્‌ગુણ તથા શાણપણની દેવી છે.

"હું ઘેર પહોંચ્યો ત્યારે આહ્લાદની મનોદશામાં હતો. મને ખાતરી થઈ ગઈ હતી કે આ કન્યા નૈતિક પરિપૂર્ણતાના સાક્ષાત રૂપ સમી છે, અને એટલે મારી પત્ની બાનવાને લાયક છે. મેં બીજે દિવસે એના હાથની માગણી કરી.

"પરંતુ દંભની હદ તો જુઓ! કેવળ આપણા સ્તરના જ નહિ પરંતુ નીચલા સ્તરોના લોકોમાંથી પણ, લગ્ન

કરનારા એક હજાર આદમીઓમાં એવો એક પણ આદમી ભાગ્યે જ મળે કે જે હકીકતમાં અગાઉ ઓછામાં ઓછો દસ વાર, અથવા ડોન જુઆનની જેમ કદાચ એકસો કે હજાર વાર, પરણી ન ચૂક્યો હોય. (હા, મેં સાંભળ્યું છે અને જોયું છે કે આ બાબતને નજીવી નહિ પણ મહાન અને ગંભીર ગણનારા યુવાનો આજકાલ હોય છે ખરા. તેમની ઉપર ઈશ્વરના આશીર્વાદ ઊતરો! પરંતુ મારા જમાનામાં તો દસ હજારમાંથી એક પણ એવો આદમી નહોતો મળતો.) સૌ આ વાત જાણે છે પણ ન જાણવાનો ઢોંગ કરે છે. બધી નવલકથાઓમાં નાયકની લાગણીઓનું તેમ જ તેને ફરવાના માર્ગે પડતાં પુષ્પોદ્યાનો તથા તળાવડીઓનું વિગતવાર વર્ણન આવે છે, પરંતુ દેખાવડા નાયકના કોઈ તરુણી પ્રત્યેના ઊંડા પ્રેમનું વર્ણન આપતી વેળા તેમાં નાયકનાં અગાઉનાં કૃત્યો વિશે કશું જ નથી જણાવવામાં આવતું—તેણે વેશ્યાવાડામાં, ચાકરડીઓ જોડે, રસોઇયણો જોડે, અને બીજા આદમીઓની પત્નીઓ જોડે ગાળેલા સમયનો કશો ઉલ્લેખ નથી કરવામાં આવતો. અને એવી અશિષ્ટ નવલકથાઓ ક્યારેક લખાય તો જેઓને માટે એવું વાચન તથા એવી જાણકારી સૌથી વધારે જરૂરી ગણાય તેઓને જ, નિર્દોષ તરુણ મહિલાઓને જ, વાંચવા નથી દેવામાં આવતી. શરૂઆતમાં મોટેરાં તરુણ મહિલાઓનાં મનમાં એમ ઠસાવવાની કોશિશ કરે છે કે આપણાં શહેરો તથા ગામોનીયે અરધી જિંદગીને આવરી લેતી બદફેલી જેવું કશું હયાતીમાં છે જ નહિ. આગળ જતાં તેમનાં મન એવા દંભથી તદ્દન ટેવાઈ જાય છે અને તેઓ અંતમાં અંગ્રેજોની જેમ ખરેખર માનવા લાગે છે કે પોતે તો ઉન્નત કક્ષાની નૈતિક દુનિયામાં વસતા અને ઊંચાં નૈતિક ધોરણો ધરાવતા

ઇન્સાનો છે. બિચારી તરુણ મહિલાઓ ખૂબ જ ગંભીરતાથી એમ માની લે છે. મારી અભાગી પત્ની એવી જ એક તરુણ મહિલા હતી. અમારા સગપણના સમય દરમિયાન જ મેં એને મારી ડાયરી બતાવેલી. મારો ઇરાદો એવો હતો કે મારા ભૂતકાળની ઝાંખી એને મળી જાય, જે વાત હું એને જણાવવા ખૂબ આતુર હતો તે વાત તો ઓછામાં ઓછી જાણી જ લે—મારા વિલાસના છેલ્લા કિસ્સાની વાત તો જાણી જ લે. એને એ કિસ્સો વહેલોમોડો બીજા લોકોને મુખેથી સાંભળવા મળવાનો જ હતો, એટલે મને આવશ્યક લાગ્યું કે હું પોતે જ જણાવી દઉં. એને ખબર પડી અને વાત એની સમજણમાં ઊતરી ત્યારે એને થયેલા ત્રાસ, હતાશા, અને અકળામણની લાગણી મને યાદ છે. મેં જોયું કે એને એ જ ઘડીએ સગપણ તોડી નાખવાની ઇચ્છા થઈ આવેલી. તોડી નાખ્યું હોત તો સારું હતું!"

તેણે બોલવાનું બંધ કરીને વળી પાછો વિચિત્ર અવાજ કર્યો અને ચાનો ઘૂંટડો ભર્યો.

૬

"પણ ના! જે થયું તે જ બહેતર હતું, તે જ બહેતર હતું!" તે બોલી ઊઠ્યો. "હું તેને જ લાયક હતો! પરંતુ આ તો કથનીથી વેગળી વાત થઈ. હું તો એમ કહેવા માગતો હતો કે માત્ર કમનસીબ કન્યાઓ જ છળનો ભોગ બનતી હોય છે. તેમની માતાઓને, ખાસ કરીને તો પોતાના પતિ

પાસેથી જાણી ચૂકેલી સ્ત્રીઓને, બધી ખબર હોય છે. તેઓ પુરુષોની વિશુદ્ધતામાં નિષ્ઠા હોવાનો ઢોંગ કરે છે, પરંતુ આચરણ એથી ઊલટું જ કરે છે. તેઓ જાણતી હોય છે કે પોતાને માટે તથા પોતાની પુત્રીઓ સારુ પુરુષોને આકર્ષવા માટે કેવું પ્રલોભન આગળ ધરવું.

"માત્ર આપણને પુરુષોને જ ખબર નથી હોતી, આપણે જાણતા નથી હોતા કારણ કે આપણને જાણવાની ઇચ્છા નથી હોતી. સ્ત્રીઓ પૂરી વાકેફ હોય છે કે અત્યંત ઉદાત્ત અને કાવ્યમય પ્રેમ નૈતિક સદ્ગુણોથી નહિ પણ શારીરિક નિકટતાથી, કેશની સજાવટથી, વસ્ત્રોના રંગ અને રૂપથી પ્રેરાતો હોય છે. અમુક સજ્જનનું હૈયું જીતી લેવા તત્પર થઈ ગયેલી કોઈ અનુભવી લલનાને પૂછી જોજો કે એ કયું જોખમ લેશે—એ સજ્જનની હાજરીમાં નિર્દયતા, છળ, અને દુરાચારનોયે આક્ષેપ સહી લેવાનું કે એ સજ્જનની સમક્ષ બદરૂપ કઢંગા પોશાકમાં પેશ થવાનું. એ તો ચોક્કસ પહેલું જોખમ જ પસંદ કરવાની. એને ખબર હોય છે કે આપણે પુરુષો ઉન્નત ઊર્મિઓ વ્યકત કરતી વેળા જૂઠું જ બોલતા હોઈએ છીએ, આપણને કામના તો કાયાની જ હોય છે. એટલે આપણે એનાં તમામ પાપ માફ કરી દેવાના, પરંતુ બદરૂપ કઢંગા રુચિહીન પોશાકની માફી કદી નહિ આપીએ. નખરાળી નાર આ બાબત વિશે સભાન રીતે વાકેફ હોય છે, પરંતુ કોઈ નિર્દોષ તરુણીને એવું જ્ઞાન સહજ હોય છે. જનાવરની જેમ જ એનામાં એવી સહજ વૃત્તિ હોય છે.

"પેલા ધૃણાસ્પદ સ્વેટરો, નિતંબને રૂપાળા બનાવવા સારુ સ્કર્ટના પાછલા ભાગમાં ભરવામાં આવતું રૂ, ઉઘાડા ખભા ને ઉઘાડા હાથ, અને લગભગ ઉઘાડી છાતીનો ખુલાસો

એ હકીકતમાંથી મળે છે. સ્ત્રીઓ, ખાસ કરીને તો પોતાની જાણકારી પુરુષો પાસેથી હાંસલ કરનારી સ્ત્રીઓ, પૂરી વાકેફ હોય છે કે ભવ્ય વિષયો અંગેનાં સંભાષણો તો વાતોના નર્યા ગપાટા જ હોય છે, પુરુષને ખરેખર તો કાયાની જ, અને જે કંઈ કાયાની મોહકતામાં ઉમેરો કરે તેની જ, કામના હોય છે. એટલે સ્ત્રીઓ પુરુષની સમક્ષ એને જ પેશ કરે છે. ઉપલા સ્તરોની જિંદગીને આપણે આપણા સ્વભાવમાં વણાઈ ગયેલા રોજિંદા વલણની દૃષ્ટિએ નહિ પરંતુ વાસ્તવિક પરિસ્થિતિને છતી કરી દેતી વેધક દૃષ્ટિએ નીરખીએ તો આપણને જોવા મળશે કે એ તો ખરેખરો વેશ્યાવાડો જ છે. તમે સહમત નથી? ભલે, તો હું સાબિત કરી આપું છું," તેણે બોલવાનો મોકો આપ્યા વગર કહ્યું. "તમારું કહેવું છે કે આપણા સ્તરની સ્ત્રીઓનાં જીવનધ્યેયો વેશ્યાઓનાં જીવનધ્યેયોથી નિરાળાં હોય છે, પરંતુ હું કહું છું કે તમારી ભૂલ થાય છે, અને તમારી ભૂલ હું સાબિત કરી આપીશ. લોકોનાં જીવનધ્યેયો જુદાં જુદાં હોય, તેમનાં આંતરિક જીવન નિરનિરાળાં હોય, તો તેમનાં જીવનમાં બાહ્ય રૂપો પણ નિરનિરાળાં હોવાં જોઈએ. પરંતુ આપણી નફરત પામનારી કમનસીબ સ્ત્રીઓને જુઓ, અને પછી ખૂબ જ ઊંચા સ્તરની તરુણ મહિલાઓને જુઓ—એ જ ટાપટીપ, એ જ ફૅશનો, એ જ અત્તરો, એ જ ઉઘાડા હાથ, એ જ ઉઘાડા ખભા, એ જ ઉઘાડી છાતીઓ, એ જ કૃત્રિમ રીતે ઉપસાવેલા નિતંબો, હીરામોતી અને મોંઘાં ચળકતાં આભૂષણોની એ જ ઘેલછા, એ જ મનોરંજન—નૃત્ય, સંગીત, ગાન. બન્ને પ્રકારની સ્ત્રીઓ પુરુષોને લલચાવવાની એકસરખી રીતો અજમાવતી હોય છે, કશો જ ફરક નથી હોતો. તેમની વચ્ચે બહુ ચોકસાઈભર્યો

ભેદ પાડવો હોય તો આપણે કહી શકીએ કે ટૂંકા ગાળાની વેશ્યાઓ પ્રત્યે સામાન્ય રીતે ધૃણા રાખવામાં આવે છે પરંતુ લાંબા ગાળાની વેશ્યાઓ પ્રત્યે આદર ધરાવવામાં આવે છે.”

૭

“એટલે હું રૂપાળાં સ્વેટર, વાંકડિયાં જુલફાં, અને નકલી નિતંબોની મોહજાળમાં ફસાઈ ગયો. મને ફસાવી લેવાનું કામ સહેલું હતું કારણ કે મારો ઉછેર ખાસ સંજોગોમાં થયો હતો. જેવી રીતે તાપગૃહમાં કાકડી ઉગાડવામાં આવે છે એવી જ રીતે એ ખાસ સંજોગોમાં તરુણ માનસની અંદર પ્રેમવલણ કેળવવામાં આવે છે. આપણાં પૌષ્ટિક ખાણાંપીણાંનું અતિ વિપુલ પ્રમાણ, અને તેની સાથે સાથે તદ્દન શારીરિક નિષ્ક્રિયતા, એ બન્ને મળીને કામવાસનાને પદ્ધતિસર પ્રદીપ્ત કરે છે. તમને ભલે વિસ્મય થાય કે ન થાય, પરંતુ આ એક હકીકત છે. અગાઉ મને પણ આની ખબર નહોતી, પરંતુ થોડા વખત પહેલાં મને સમજાઈ ગયું અને હવે હું આ વાત બરાબર જાણું છું. એટલે જ, બીજાઓને આ વાત ન સમજાતી જોઈને અને અહીંયાં બેઠેલી પેલી બાઈ જેવી અગડંબગડં વાતો કરતા સાંભળીને હું બેચેન બની જાઉં છું.

“આ વસંત દરમિયાન કેટલાક ખેડૂતો મારા ઘરની નજીક રેલવેના બાંધકામમાં મજૂરી કરી રહ્યા હતા. જુવાન ખેડૂતનો સાધારણ ખોરાક રોટી, જવનું પાણી, અને ડુંગળીનો હોય છે. એટલાથી તેનું શરીર ટકી રહે છે અને તે ખેતીનું આસાન કામ ખંત ને ખુશીથી કરતો રહે છે. પછી તે રેલવેના બાંધકામમાં

મજૂરી કરવા લાગે છે અને રોજ થૂલી તથા એક રતલ માંસ ખાય છે. પરંતુ માંસમાંથી મળતી શકિતને તે પાંચસો કિલોગ્રામ ધાતુ લાદેલી હેલણગાડીને દિવસના સોળ સોળ કલાક સુધી ધકેલીને વાપરી નાખે છે. તેને માટે તેનો ખોરાક વાજબી છે. હવે આપણી વાત કરીએ. આપણે દરરોજ બે રતલ માંસ, મરઘી, અને બીજાં પૌષ્ટિક ખાણાંપીણાં પેટમાં પધરાવી દઈએ છીએ—તેમાંથી મળતી શકિતનું આપણે શું કરીએ છીએ? આપણે તેને જાતીય ભોગવિલાસના અતિરેકમાં ખરચી નાખીએ છીએ. એ શકિતને આપણે વાસ્તવમાં વાપરીએ તો બધું હેમખેમ રહે છે કારણ કે સલામતીની કળ ખુલ્લી જ રહે છે. પરંતુ મારી બાબતમાં અવારનવાર બનતું તેમ, સલામતીની કળ બંધ થઈ જાય તો તેના પરિણામે જાતીય ઉત્તેજના થાય, અને એ ઉત્તેજના, આપણી કૃત્રિમ જિંદગીમાંથી ગુજરતી, અતિ પરિષ્કૃત પ્રેમમાં અને ક્યારેક તો વાસનારહિત પ્રેમમાં પણ વ્યકત થાય છે. હું પણ બીજા સૌની જેમ પ્રેમમાં પડી ગયો. મારો પ્રેમ તમામ લક્ષણો ધરાવતો હતો—આહ્લાદ, ઉપાસના, કાવ્ય... હકીકતમાં મારો એવો પ્રેમ એક તરફ તો મારી પ્રિયતમાની મા તથા દરજણે અને બીજી તરફ મારા પ્રમાદી જીવનમાં અતિશય ખોરાકે પેદા કર્યો હતો. એક તરફ જો નૌકાવિહાર ન થતો હોત, એની કમ્મર તથા અન્ય સૌંદર્યબિંદુઓને આકર્ષક બનાવે એવાં વસ્ત્રો દરજણે ન સીવ્યાં હોત, મારી ભાવિ પત્ની કઢંગાં કપડાં પહેરીને ઘરમાં બેઠી રહેતી હોત, અને બીજી તરફ જો હું મારી જિંદગી સામાન્ય રીતે જીવતો હોત, કામને માટે જરૂરી હોય એટલો જ ખોરાક ખાવાના સામાન્ય સંજોગોમાં જીવતો હોત, અને મારી

સલામતીની કળ ખુલ્લી હોત—એ વખતે બંધ હતી—તો હું પ્રેમમાં પડયો જ ન હોત, અને ત્યાર પછી જે બધું બની ગયું તેમાંથી કશું જ ન બન્યું હોત."

૮

"પરંતુ દરેક બાબતનો સુયોગ થઈ ગયો: મારી શારીરિક હાલત, એની ટાપટીપ, અને નૌકાવિહાર. અગાઉ વીશ વાર મેળ નહોતો જામ્યો, પરંતુ આ વખતે બરાબર મેળ જામી ગયો. જાણે ફાંસલામાં સપડાઈ જવાય એવી રીતે. હું મશ્કરી નથી કરતો. આપણા જમાનામાં લગ્નો ફાંસલાની જેમ પહેલેથી ગોઠવી રાખવામાં આવે છે. સ્વાભાવિક વાત કેવી હોય છે? છોકરી મોટી થાય એટલે એને પરણાવી દેવી જોઈએ. છોકરી બદસૂરત ન હોય અને લગ્નની મંછા ધરાવતા પુરુષો મોજૂદ હોય તો બાબત સાવ સાદી લાગે. પુરાણા જમાનામાં એમ જ થતું. છોકરી મોટી થઈ જાય એટલે માબાપ એને માટે વર ગોતી કાઢે. અગાઉ એમ જ થતું હતું અને હજી ઘણી પ્રજાઓમાં એમ જ થાય છે—ચીની પ્રજામાં, હિંદુસ્તાનીઓમાં, મુસલમાનોમાં, અને આપણા દેશના ખેડૂતોમાં. જગતના ઓછામાં ઓછા નવાણું ટકા લોકોમાં એમ જ થાય છે. પરંતુ એક ટકા જેટલા લોકોએ, આપણા જેવા બદફેલ માણસોએ, નક્કી કરી લીધું કે એ રીત ખોટી છે, અને નવી પદ્ધતિ ઘડી કાઢી. નવી પદ્ધતિ કેવી છે? કન્યાઓને હારબંધ બેસાડવામાં આવે અને પુરુષો જાણે મેળામાં આંટા મારતા હોય એમ કન્યાઓની સામે આંટા

મારતા પસંદગી કરે. કન્યાઓ બેઠી બેઠી, મોટેથી બોલવાની હિંમતના અભાવે મનમાં બોલતી હોય: 'મને પસંદ કરી લો, મને જ! પેલીને નહિ પણ મને! આમ જુઓ, મારા ખભાને... બીજા... અવયવો... કેવા સુંદર છે!' આપણે પુરુષો કન્યાઓને તાકતા તાકતા આંટા મારીએ, અને આપણા માનમાં રજૂ કરવામાં આવતો એવો તમાશો જોઈને મનમાં બહુ હરખાઈએ. આપણે તાકતા રહીએ અને જરાક બેપરવા બન્યા કે તરત ફાંસલો બંધ થઈ જાય! આપણે સપડાઈ જઈએ!"

"તો બીજી કઈ રીત હોઈ શકે?" મેં સવાલ કર્યો. "પુરુષને બદલે સ્ત્રી હાથની માગણી કરે તો તમને ગમે?"

"બીજી કોઈ રીતની તો મને ખબર નથી, પરંતુ સમાનતા રાખવી હોય તો ખરી સમાનતા હોવી જોઈએ. માબાપ સગપણ કરે તેમાં જો માનહાનિ લાગતી હોય તો આવી હાલતમાં એથી હજાર ગણી માનહાનિ છે. પ્રથમ બાબતમાં અધિકારો અને શક્યતાઓ કંઈ નહિ તો એકસરખાં હોય છે, જ્યારે બીજી બાબતમાં સ્ત્રી કાં તો બજારમાં વેચાયેલ ગુલામ હોય છે અથવા ફાંસલામાં ગોઠવવામાં આવેલી લાલચ હોય છે. પરંતુ કોઈ કન્યાની માતાને અથવા ખુદ કન્યાને ખરી વાત કહી જુઓ કે તમારા મનમાં એકમાત્ર ખ્યાલ વર હાંસલ કરી લેવાનો છે. હે ભગવાન! કેવું ભયંકર અપમાન! એ હકીકતમાં તો એમ જ કરતી હોય છે, એને કરવાનું બીજું કશું હોતું જ નથી. બિચારી તરુણ અને નિર્દોષ કન્યાઓને એમ કરતી જોઈને ક્યારેક મનમાં ભયંકર ત્રાસની લાગણી થાય છે. વળી એ બધું ખુલ્લંખુલ્લા કરવામાં આવતું હોય તો તો ઠીક, પરંતુ એ તો છાનુંછપનું થાય છે. 'વાહ!

જાતિઓની ઉત્પત્તિ, ખરું? કેવી મઝાની વાત! મારી લિઝાને ચિત્રકલા બહુ જ ગમે! તમે પણ પ્રદર્શનમાં જવાના છો? કેટલું બધું જાણવાનું મળે! અને હિમગાડીની સહેલ, નાટક... અને સંગીતના કાર્યક્રમો? સરસ! મારી લિઝા તો સંગીત પાછળ ઘેલી છે. તમે તમારા ખ્યાલો એને જણાવો તો? અને નૌકાવિહાર!..' પરંતુ બધો વખત મનમાં એક જ ખ્યાલ રમતો હોય: 'મને લો, કે મારી લિઝાને લો! ના, મને જ લો! અજમાયશને ખાતર!' ઊફ! ભયાનકતા! જૂઠાણાં!" કહેતાં ચાનો છેલ્લો ઘૂંટડો ભરીને તે કપરકાબી બાજુએ મૂકવા લાગ્યો.

૯

"તમે કદાચ જાણતા જ હશો," તે ચાની ભૂકી અને ખાંડ થેલામાં મૂકતો ફરી બોલવા લાગ્યો, "આ બધી બાબતોનું મૂળ તો આખા જગતને હેરાન પરેશાન કરી મૂકતા સ્ત્રીના વર્ચસ્વમાં છે."

"સ્ત્રીનું વર્ચસ્વ? એ વળી શું? કાનૂન તો પુરુષની તરફેણમાં છે," મેં કહ્યું.

"હા, હા, આખો મુદ્દો એ જ છે," તે વચમાં બોલી ઊઠયો, "મારે તમને એ જ કહેવું હતું. સ્ત્રી નામોશીને સૌથી નીચલે પગથિયે પડી હોવા છતાં તેના વર્ચસ્વની અસાધારણ પરિઘટનાનો ખુલાસો એ હકીકતમાંથી જ મળે છે. એક બાબત બીજીના બદલા જેવી છે. સ્ત્રીઓનું પણ યહૂદીઓ

જેવું જ છે. યહૂદીઓને વેઠવા પડતા જુલમનો બદલો તેઓ પોતાની દોલતના સામર્થ્યમાંથી મેળવી લે છે. તેઓ કહે છે: 'તો તમારી મુરાદ એવી છે કે અમે ફક્ત વેપારીઓ જ બની રહીએ, એથી જરાય આગળ ન વધીએ, ખરું ને? બહુ સારું, તો અમે વેપારીઓ તરીકે જ તમારી ઉપર સત્તા જમાવી દઈશું, જોઈ લેજો!' સ્ત્રીઓ પણ એમ જ કહે છે: 'તો તમારી મુરાદ એવી છે કે અમે કેવળ તમારા વિષયસુખનું સાધન જ બની રહીએ, એથી જરાય આગળ ન વધીએ, ખરું ને? બહુ સારું, તમારા વિષયસુખના સાધન તરીકે જ અમે તમને ગુલામ બનાવી દઈશું, જોઈ લેજો!' સ્ત્રીઓના અધિકારોનો અભાવ એ બાબતમાં વ્યકત નથી થતો કે તેમને મત આપવાનો અથવા ન્યાયાધીશ બનવાનો અધિકાર નથી. એવી કામગીરીઓની છૂટમાં તો અધિકાર જેવું કશું છે જ નહિ. તેમના અધિકારોનો અભાવ ખરું જોતાં તો એ બાબતમાં વ્યકત થાય છે કે તેઓ જાતીય જીવનમાં પુરુષો જોડે સમાનતા નથી ધરાવતી, સ્ત્રી પોતાની કાયા પોતાની મરજી મુજબ કોઈ પુરુષને અર્પણ નથી કરી શકતી, અથવા અર્પણ કરી દેવાનો ઈનકાર નથી કરી શકતી, તેને પુરુષને હાથે પસંદ થવાને બદલે પોતાને મનગમતો પુરુષ ખુદ પસંદ કરી લેવાનો અધિકાર નથી.

"તમે કહેશો કે આ તો ભયંકર વાત છે. ભલે. તો પછી પુરુષને પણ એવો અધિકાર ન હોવો જોઈએ. હાલ પુરુષને એક અધિકાર છે અને સ્ત્રીને નથી. એટલે એ અધિકારની ખોટ તે પુરુષની કામુકતાને રમાડીને પૂરી કરી દે છે, પુરુષના પસંદગીના અધિકારને કેવળ ઔપચારિક વિધિમાં પલટાવી નાખે એટલી હદ સુધી તેની કામુકતાને રમાડીને સ્ત્રી તેને

ગુલામીમાં જકડી લે છે. હકીકતમાં પસંદગી તો સ્ત્રી જ કરે છે. પોતાનો હેતુ સર કરવાની રીત એક વાર તેના હાથમાં આવી ગઈ એટલે પછી તેનો લાભ ઉઠાવીને તે તમામ લોકોની ઉપર પોતાની ભયાનક સત્તા જમાવી દે છે."

"એવી ભયાનક સત્તા તમને ક્યાં દેખાય છે?" મેં પૂછ્યું.

"ક્યાં? દરેક વસ્તુમાં, દરેક ઠેકાણે. કોઈ પણ મોટા શહેરની દુકાનમાં જઈને જુઓ. તેમાં પ્રદર્શિત વસ્તુઓની બનાવટમાં લાખો હાથની—અગણિત હાથની—મહેનત રેડાયેલી હોય છે. પરંતુ જરાક ધ્યાનથી નિરીક્ષણ કરજો. નેવું ટકા દુકાનોમાં તમને પુરુષના ઉપયોગની કોઈ ચીજ જોવા મળશે? જીવનમાં વૈભવની તમામ ચીજોની માગણી અને ઉપયોગ સ્ત્રીઓ જ કરે છે. કારખાનાંનો હિસાબ લગાવો. ભારે મોટા ભાગનાં કારખાનાંમાં નકામાં ઘરેણાં, ગાડીઓ, રાચરચીલું, અને સ્ત્રીઓના ઉપયોગની નાનીમોટી ચીજો બનાવવામાં આવે છે. સ્ત્રીઓના તરંગોને સંતોષવા માટે લાખો ઈન્સાનો, ગુલામોની અનેક પેઢીઓ, કારખાનાની નિષ્ઠુર મહેનતમાં પોતાની કાયાઓને ઘસી નાખે છે. સ્ત્રીઓ મહારાણીઓની જેમ માનવજાતિના નેવું ટકા હિસ્સાને ગુલામો જેવી આકરી મહેનત કરાવે છે. અને તેનું કારણ ફક્ત એટલું જ છે કે તેમને નામોશીનો ભોગ બનાવવામાં આવી છે, તેમને પુરુષોની જોડે સમાન અધિકારો નથી આપવામાં આવ્યા. એટલે તેઓ આપણી કામુકતાને રમાડીને વેર વાળે છે, આપણને ફાંસલામાં સપડાવીને વેર વાળે છે. હા, આ બધું એ કારણે જ છે. સ્ત્રીઓએ પુરુષની કામુકતાને રમાડવામાં એટલી કાબેલિયત હાંસલ કરી લીધી છે કે પુરુષો સ્ત્રીઓની

હાજરીમાં પોતાની સ્વસ્થતા જાળવી નથી શકતા. કોઈ પણ પુરુષ સ્ત્રીના સાંનિધ્યમાં આવે કે તરત જ જાણે કેફ ચડ્યો હોય એમ મૂઢ બની જાય છે. અગાઉ નૃત્યના પોશાકમાં સજ્જ કોઈ નારીને જોઈને મને સંકોચ અને અકળામણ થતાં. પરંતુ હવે હું ત્રાસ પામું છું, મને તેનામાં લોકોની ઉપર લટકતું કશુંક જોખમ અને કશુંક ગેરકાનૂની નજરે પડે છે, મારા મનમાં મદદના પોકાર પાડવાની વૃત્તિ જાગે છે, મને પોલીસને બોલાવવાનું અને માગણી કરવાનું મન થાય છે કે એ જોખમને પકડીને કારાગારમાં પૂરી દેવામાં આવે."

"તમે હસો છો?" તે મારી સામે ઘૂરકી ઊઠ્યો. "આમાં હસવા જેવું કશું જ નથી. મને ખાતરી છે કે એવો વખત જરૂર આવશે, કદાચ જલદી આવી જશે, જ્યારે લોકો આ વાત સમજી જશે, અને ત્યારે લોકોને હેરત થશે કે કામવાસનાને ઉત્તેજિત કરવાના સાફ ઇરાદે નારીની કાયાને શણગારવા જેવી શાંતિનો ભંગ કરનારી બાબતની છૂટ આપતો સમાજ ખરેખર અસ્તિત્વમાં રહ્યો હોય. અરે, આ તો જાણે પુરુષોના માર્ગમાં ફાંસલા ગોઠવવામાં આવતા હોય એવી વાત છે. એથીયે બદતર છે! જુગારની બંધી છે, તો પછી સ્ત્રીઓને પુરુષની વાસનાઓને ઉત્તેજવાને ઇરાદે વેશ્યા જેવા શણગાર સજવાની બંધી કેમ નથી? એમાં તો હજાર ગણું વધારે જોખમ સમાયેલું છે!"

૧૦

"તો મને એવી રીતે સપડાવી લેવામાં આવ્યો. લોકોમાં કહેવાય છે તેમ હું 'પ્રેમમાં' પડી ગયો. હું એને પરિપૂર્ણતાની પરાકાષ્ઠા સમી ગણતો હતો એટલું જ નહિ પરંતુ સગપણના સમય દરમિયાન મને પોતાને પણ પરિપૂર્ણતાની પરાકાષ્ઠા સમો ગણતો હતો. એવો હરામખોર તો ક્યાંય હોય જ નહિ કે જે અમુક દૃષ્ટિએ પોતાનાથી બદતર હરામખોર ગોતી કાઢીને એ હકીકતના આધારે ગર્વ તથા ખુશીની લાગણી ન અનુભવતો હોય. મારું પણ એવું જ હતું: હું ધનદોલતને ખાતર નહોતો પરણી રહ્યો. મારા મોટા ભાગના પરિચિતો કાં તો ધનદોલતને ખાતર અથવા લાગવગવાળા સંબંધો મેળવવાને ખાતર શાદી કરતા, પરંતુ મારા મનમાં લાલસાનો હેતુ મુદ્લ નહોતો. હું અમીર હતો અને મારી મંગેતર ગરીબ હતી. એ થઈ એક વાત. વળી બીજા પુરુષો અનેક સ્ત્રીઓ જોડે વિષયસુખ માણવાની પુરાણી જિંદગી ચાલુ રાખવાનો ઈરાદો પરણતી વેળા પણ કાયમ રાખતા, પરંતુ મેં તો લગ્ન પછી એકમાત્ર મારી પત્ની જોડે જ દેહસંબંધ રાખવાનો પાકો નિર્ધાર કરી લીધો હતો, અને એથી હું અકથ્ય ગર્વની લાગણી અનુભવતો હતો. હા, હું ધૃણાસ્પદ ડુક્કર જેવો હતો પરંતુ મારી જાતને સંત માનતો હતો.

"મારા સગપણનો ગાળો બહુ લાંબો નહોતો. એ સમયને યાદ કરતી વેળા મારું મોં અચૂક શરમથી લાલ થઈ જાય છે. આપણે ધારી લઈએ છીએ કે એ સમય દૈહિક પ્રેમનો નહિ પણ આત્માના પ્રેમનો હોય છે. પરંતુ એ જો આત્માનો પ્રેમ હોય, આત્માનું મિલન હોય, તો શબ્દોમાં, વાતોમાં,

ચર્ચાઓમાં તેનું પ્રતિબિંબ પડવું જોઈએ. પરંતુ હકીકત એવી નહોતી. જ્યારે જ્યારે અમે એકલાં પડી જતાં ત્યારે વાત કરવાનું મુશ્કેલ બની જતું, તેમાં ભારે જહેમત કરવી પડતી. શું બોલવું એ નક્કી કરવામાં મને બહુ વખત લાગતો. એટલું બોલી નાખ્યા પછી હું ચુપ થઈ જતો અને નવું શું બોલવું તેનો વિચાર કરવા લાગતો. વાત કરવાનું કશું હતું જ નહિ. ભાવિ સહજીવન વિશે, યોજનાઓ અને ગોઠવણો વિશે, જેટલી વાતો થઈ શકે એટલી બધીયે થઈ ચૂકી હતી. બીજી શી વાતો કરવાની હોય? અમે જનાવરો હોત તો અમને ખબર હોત કે વાતોની અપેક્ષા જ નથી. પરંતુ અમે ઈન્સાનો હતાં એટલે વાતોની અપેક્ષા હતી, પરંતુ વાત કરવાનું કશું જ નહોતું કારણ કે અમારાં મનમાં રમતા ખ્યાલો વાતચીતનો વિષય બની શકે એવા નહોતા. અને વળી નફરત પેદા કરે પરંપરા: ચોકલેટ, પેટમાં મીઠાઈઓ ઠાંસવી, શાદીની ધૃણાસ્પદ તૈયારીઓ, ઘર સજાવવું, શયનખંડ અને શય્યાની સજાવટ, કપડાંલત્તાંની ગોઠવણ, વગેરે. તમે સમજી શકશો કે પેલા ઘરડા માણસે જેનું સમર્થન કરેલું એ પિતૃશાસન પદ્ધતિમાં પહેરામણી, શયનખંડની સજાવટ, પીંછાંનાં ગાદલાં, એ તમામ તો રહસ્ય જોડે સંકળાયેલી બાબતો હતી. પરંતુ હાલ જ્યારે લગ્નની તૈયારી કરનારા દસ આદમીઓમાંથી ભાગ્યે જ એકાદ આદમી રહસ્યમાં માનતો હોય છે અથવા એટલુંયે માનતો હોય છે કે પોતે જે કરી રહ્યો છે તેની જોડે કશીક જવાબદારીઓ સંકળાયેલી છે, હાલ જ્યારે એકસો આદમીઓમાંથી ભાગ્યે જ એકાદ આદમી એવો મળે છે કે જે લગ્ન પહેલાં વાસ્તવમાં પરણી ન ચૂક્યો હોય, અને જ્યારે પચાસ આદમીઓમાંથી ભાગ્યે જ એકાદ આદમી

એવો હોય છે કે જે પહેલો મોકો મળતાં જ પત્ની જોડે છળકપટ કરવાની મુરાદ ન રાખતો હોય, હાલ જ્યારે લગ્ન કરનારાઓમાંથી મોટા ભાગના પુરુષો દેવળની વિધિને તો અમુક ઓરતની ઉપર માલિકીહક હાંસલ કરવા માટે માની લેવાની એક શરત જ ગણતા હોય છે—જ્યારે આ બધી બાબતોનો વિચાર કરીએ ત્યારે આવી બધી તૈયારીઓનો ખોફનાક મર્મ સાફ સમજાઈ જાય છે. એ તૈયારીઓ જાણે સાધન મટીને સાધ્ય બની જાય છે, જાણે એક જાતનું વેચાણ બની જાય છે: એક નિર્દોષ કન્યા એક બદફેલ પુરુષના હાથમાં વેચી દેવામાં આવે છે, અને એવા સોદાની ઉપર યોગ્ય વિધિઓની મહોર મારી દેવામાં આવે છે."

૧૧

"સૌની શાદી એવી રીતે થાય છે, મારી પણ એવી જ રીતે થઈ ગઈ, અને હું બહુ ગવાતી મધુરજનીની મોજ માણવા રવાના થઈ ગયો. નામ જ કેવું બીભત્સ છે!" તે ખારથી બબડયો. "એક વાર હું પેરિસમાં વિકૃત જીવોના તરેહવાર નમૂનાઓનું પ્રદર્શન જોવા ગયો હતો. એમાં એક ઓરતને દાઢી હતી અને એક કૂતરાને અર્ધું અંગ માછલીનું હતું. પછી ખબર પડી કે દાઢીવાળી ઓરત તો ઓરત હતી જ નહિ. પુરુષને સ્ત્રીનાં કપડાં પહેરાવીને બેસાડી દેવામાં આવ્યો હતો. કૂતરાને અર્ધે અંગે જળચર સીલની ખાલ સીવી લઈને તેને હોજમાં તરાવવામાં આવતો હતો. પ્રદર્શનમાં રસ પડે એવું કશું જ નહોતું, પણ હું બહાર નીકળ્યો ત્યારે પ્રદર્શનની જાહેરાત કરનારો આદમી મારી તરફ આંગળી

ચીંધીને પોકારવા લાગ્યો: 'આ સજ્જનને પૂછી જુઓ કે પ્રદર્શન જોવા જેવું છે કે નહિ. જલદી ટિકિટ લઈ લો! જલદી ટિકિટ લઈ લો! એક ટિકિટનો ફક્ત એક જ ફ્રાંક!' એમાં જોવા જેવું કંઈ નથી એમ કહેતાં મને શરમ આવી, અને જાહેરાત કરનારા આદમીએ પણ એવી જ ધારણા રાખેલી. મને લાગે છે કે મધુરજનીના ધૃણાજનક અનુભવમાંથી ગુજરનારાઓની બાબતમાં પણ એમ જ બનતું હોય છે, બીજા લોકોનો ભ્રમ ભાંગવામાં તેમને શરમ આવતી હોય છે. મેં પણ બીજા લોકોનો ભ્રમ ભાંગવાનું ટાળ્યું, પરંતુ સચ્ચાઈને છુપાવી રાખવાનું કશું કારણ હવે મને નથી દેખાતું. મધુરજની દરમિયાન મને અકળામણ, શરમ, ધૃણા, તેમ જ દીનતાની લાગણી થતી રહી, અને બેહદ કંટાળો આવ્યો, અકથ્ય કંટાળો આવ્યો. મેં સિગારેટ પીવાનું શરૂ કર્યું ત્યારે મારી હાલત જેવી થઈ ગયેલી તેને લગભગ મળતી હાલત મધુરજનીમાં થઈ. સિગારેટના દમ ખેંચતાં મને ઊબકા આવ્યા, પણ મોંમાં ભરાઈ ગયેલી ઊલટી પાછી ગળી જઈને મેં જાણે મઝા આવતી હોય એવો ઢોંગ કર્યો. તમાકુ પીવામાં જો ક્યારેય મઝા આવતી હોય તો શરૂઆત કર્યા પછી અમુક વખતે આવે. આ દુર્ગુણનું પણ એવું જ છે."

"દુર્ગુણ?" હું બોલી ઊઠયો. "પણ તમે વાત તો માણસની તદ્દન કુદરતી વૃત્તિની કરી રહ્યા છો."

"કુદરતી?" તેણે કહ્યું. "કુદરતી? ના, મેં એથી ઊલટો જ સાર તારવ્યો છે—આ તો કુદરતની વિરુદ્ધ છે, તદ્દન બિનકુદરતી છે. બાળકોને પૂછો. નિર્દોષ બાળાઓને પૂછો. મારી બહેન બહુ નાની હતી ત્યારે એણે એનાથી બમણી ઉંમરના એક બદફેલ આદમી જોડે શાદી કરી લીધી. મને

યાદ છે કે શાદીની રાતે એ ખંડમાંથી બહાર દોડી આવેલી ત્યારે અમને કેવો અચંબો થયેલો. એનો ચહેરો ફિક્કો પડી ગયો હતો, એની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં, અને એ પોકાર પાડી રહી હતી કે ના, ના, કોઈ કાળે નહિ, કોઈ કાળે નહિ! એનો વર શું કરવા માગતો હતો તેનો ખુલાસો કરવાના શબ્દો પણ એને નહોતા મળતા!

"અને તમે એને કુદરતી કહો છો! કુદરતી બાબતો પણ હોય છે. આરંભથી જ સુખકર તથા ઉલ્લાસમય અને શરમ ન આવે એવી બાબતો પણ હોય છે. પરંતુ આ બાબત એવી નથી. આ તો શરમજનક, અને પીડાકારક છે. ના, આ કુદરતી નથી! અને મને ખાતરી થઈ ગઈ છે કે નિર્દોષ બાળાઓને આ બાબત પ્રત્યે હંમેશાં નફરત થતી હોય છે."

"તો પછી માનવજાતિની હયાતી કેવી રીતે ટકાવી રખાય?" મેં સવાલ કર્યો.

"માનવજાતિની હયાતી કેવી રીતે ટકાવી રખાય?" તેણે વ્યંગભર્યા અવાજે પડઘો પાડ્યો, જાણે કેમ તેણે એવા નિત્યના શરમભર્યા સવાલની પહેલેથી જ ધારણા રાખી હોય. "અંગ્રેજ ઉમરાવોને હંમેશાં અકરાંતિયાની જેમ ખાવાનું મળી રહે એટલા ખાતર સંતતિનિયમનનો ઉપદેશ આપી શકાય, અણગમતા અંજામની ફિકર વગર મોજ માણવા ખાતર સંતતિનિયમનનો ઉપદેશ આપી શકાય, પરંતુ જે ઘડીએ નીતિમત્તાને નામે સંતતિનિયમનના ઉપદેશનો એક શબ્દ પણ બોલવામાં આવે કે તરત જ કેવી ધાંધલ મચાવી દેવામાં આવે છે! દસવીશ માણસો ડુક્કર જેવી જિંદગીથી

ધરાઈ જઈને એવી જિંદગી જીવવાનું બંધ કરી દે એથી કંઈ સવાલ ઊભો ન જ થાય કે માનવજાતિની હયાતી કેવી રીતે ટકાવી રખાય. પણ માફ કરજો, આ બત્તી મને સતાવે છે, એની ઉપર આડશ કરી દઉં તો તમને વાંધો નથી ને?" તેણે બત્તી તરફ આંગળી ચીંધતાં કહ્યું.

મેં કહ્યું કે મને કશો ફેર નથી પડતો, એટલે તેણે તેની આવેગમય રીતે બાંકડા ઉપર ચડીને બત્તી ઉપર આડશ સરકાવી દીધી.

"પણ દરેક ઈન્સાન તમારા વિચારો અપનાવી લે તો માનવજાતિ નાબૂદ થઈ જાય."

તેણે તરત જ જવાબ વાળ્યો.

"તમને માનવજાતિની હયાતી ટકાવી રાખવાની ફિકર છે, ખરું ને?" વળી પાછો મારી સામે બેસી જઈને તે બોલ્યો. તેણે પગ પહોળા ફેલાવી દીધા અને ગોઠણ ઉપર કોણીઓ ગોઠવીને કાયા નમાવી. "પણ માનવજાતિની હયાતી ટકાવી રાખવાની શી જરૂર છે?" તેણે સવાલ કર્યો.

"આવો સવાલ કેમ પૂછો છો? નહિતર તમે ને હું પણ હયાત ન રહીએ."

"અને આપણે હયાત શા સારુ રહેવું જોઈએ?"

"જિંદગી જીવવા સારુ."

"પણ આપણે જિંદગી શા સારુ જીવવી જોઈએ? જીવનમાં કશું ધ્યેય ન હોય, જીવન માત્ર જીવતા રહેવા ખાતર જ હોય, તો જિંદગી જીવવાનો કશો અર્થ નથી. અને એમ હોય તો શોપેનહાઉએર, હાર્ટમાન, અને બૌદ્ધોની વાત તદ્દન ખરી ગણાય. પરંતુ જે જીવનમાં ધ્યેય હોય તો તો સ્પષ્ટ છે કે

ધ્યેય સિદ્ધ થઈ જાય ત્યારે જીવનનો અંત આવી જવો જોઈએ. એકમાત્ર સાર એવો જ નીકળે છે." તે ઉત્તેજિત થઈને બોલ્યો. એવા ખ્યાલમાં તેને ઊંડી શ્રદ્ધા હોય એમ લાગતું હતું. "એકમાત્ર સાર એવો જ નીકળે છે. જુઓ: જો માનવજીવનનું ધ્યેય સદ્‌ભાવ, ભલાઈ, કે પ્રેમ—તમને જે ગમે તે—હોય, જો માનવજીવનનું ધ્યેય આપણને ઈશ્વરની વાણીમાં જણાવવામાં આવ્યું છે એમ તમામ ઈન્સાનોને પ્રેમના સૂત્ર વડે સાંકળી લેવાનું, તલવારનું સ્થાન હળને આપી દેવાનું, અને એવું જ બધું હોય, તો એવું ધ્યેય સિદ્ધ કરવામાં આપણને શાનો અવરોધ નડે છે? આપણા મનોરાગ. અને તમામ મનોરાગમાં સૌથી પ્રબળ, ઝેરીલો, અને હઠીલો મનોરાગ જાતીય પ્રેમનો, દૈહિક પ્રેમનો હોય છે. એટલે બધા મનોરાગને નાથી લેવામાં આવે, ખાસ કરીને તો તેમાંથી દૈહિક પ્રેમના સૌથી પ્રબળ મનોરાગને નાથી લેવામાં આવે, તો ઈશ્વરની વાણી અમલી બની જાય, તમામ ઈન્સાનો પ્રેમના સૂત્ર વડે સંકળાઈ જાય, માનવજીવનનું ધ્યેય સિદ્ધ થઈ જાય, અને જીવતા રહેવાનું કશું કારણ બાકી ન રહે. માનવજાતિ જ્યાં સુધી અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી આદર્શમાંથી પ્રેરણા મેળવતી રહેશે, અને એ આદર્શ ડુક્કર કે સસલાંનો અથવા વાંદરાં કે પેરિસવાસીઓનો તો ચોક્કસ નહિ જ હોય. ડુક્કર કે સસલાંનો આદર્શ વધારેમાં વધારે બચ્ચાં પેદા કરવાનો અને વાંદરાં કે પેરિસવાસીઓનો આદર્શ જાતીય અતિરેકમાંથી અત્યંત પરિષ્કૃત મોજ માણવાનો હોય છે. માનવજાતિનો આદર્શ તો સંયમ અને વિશુદ્ધતા દ્વારા સિદ્ધ થતા સદ્‌ભાવનો છે. માનવી તેને સિદ્ધ કરવાના પ્રયાસો

હંમેશાં કરતો રહ્યો છે અને સદા કરતો રહેશે. પરંતુ જુઓ કે પરિણામ કેવું આવે છે.

"પરિણામ આવું છે: લાગે છે કે દૈહિક પ્રેમ સલામતીની કળ છે. વર્તમાન પેઢી માનવજાતિનું ધ્યેય સિદ્ધ નથી કરી શકી, અને તેનું એકમાત્ર કારણ તેના મનોરાગ છે. તેમાં સૌથી પ્રબળ મનોરાગ કામવાસનાનો છે. કામવાસનાનો મનોરાગ અસ્તિત્વ ધરાવે છે, તેમાંથી નવી પેઢી પેદા થાય છે, નવી પેઢીને ધ્યેય સિદ્ધ કરવાની તક સાંપડે છે. પરંતુ નવી પેઢી પણ ધ્યેયને સિદ્ધ નથી કરતી, એટલે એ તક ત્યાર પછીની પેઢીને મળે છે. એ રીતે, ધ્યેય સિદ્ધ ન થઈ જાય ત્યાં સુધી, ઈશ્વરની વાણી અમલી ન બની જાય ત્યાં સુધી, સમગ્ર માનવજાતિ એકસૂત્રે સંકળાઈ ન જાય ત્યાં સુધી, એ તક એક પછી એક પેઢીને મળતી જાય છે. એથી નિરાળું કશું હોઈ જ કેવી રીતે શકે? ધારો કે ઈશ્વર માનવીઓનું સર્જન અમુક ધ્યેયની સિદ્ધિ અર્થે કરે છે, પરંતુ તેમને કાં તો મર્ત્ય અને કામવાસના રહિત અથવા અમર બનાવે છે. મર્ત્ય અને કામવાસના રહિત બનાવે તો પરિણામ કેવું આવે? તેઓ ધ્યેયને સિદ્ધ કર્યા વગર જિંદગી ગુજારી દઈને મરી જાય, અને ધ્યેયની સિદ્ધિ અર્થે ઈશ્વરને નવા લોકોનું સર્જન કરવું પડે. પરંતુ ઈશ્વર માનવીઓને અમર બનાવે તો શક્ય છે (નવા લોકો માટે પોતાના પૂર્વજોની ગલતીઓ સુધારી લઈને પરિપૂર્ણતાની નજીક પહોંચવાના કામની સરખામણીમાં એકના એક લોકો માટે પોતાની ગલતીઓ ખુદ સુધારી લેવાનું કામ વધારે મુશ્કેલ હોય છે) કે તેઓ ઘણા હજાર વરસો પછી પોતાનું ધ્યેય સિદ્ધ કરી લે. પરંતુ પછી તેઓ શા ખપના? પછી તેમનું શું કરવું? એટલે જેવું છે એ જ

બહેતર છે. પરંતુ તમને વાતની આવી રજૂઆત કદાચ નહિ ગમતી હોય? તમે કદાચ ઉત્ક્રાંતિના સિદ્ધાંતના સમર્થક હશો? તોયે પરિણામ તો એકસરખું જ આવે. પ્રાણીજીવનના સર્વોચ્ચ રૂપ સમા માનવીઓએ બીજાં પ્રાણીઓ સામેના સંઘર્ષમાં હયાતી ટકાવી રાખવા માટે મધમાખીઓના ઝુંડની જેમ એકસૂત્રે સંકળાઈ જવું જ જોઈએ, તેમણે અમર્યાદ પ્રજોત્પત્તિ ન જ કરવી જોઈએ. મધમાખીઓની જેમ તેમણે કામવાસના રહિત વ્યકિતઓ વિકસાવવી જોઈએ, એટલે એમ કે આપણા સમાજમાં કામવૃત્તિનો અતિરેક થાય છે તેને બદલે બ્રહ્મચર્ય પાળવાની આકાંક્ષા રાખવી જોઈએ." તે એક પળ થંભી ગયો. "માનવજાતિની નાબૂદી? પરંતુ કોઈ પણ માણસ ભલે ગમે તેવા વિચારો ધરાવતો હોય તોયે તેની અનિવાર્યતામાં કશી શંકા રાખી શકે ખરો? એ તો મૃત્યુ જેટલી જ નિશ્ચિત છે. બધા ધાર્મિક સિદ્ધાંતોમાં જગતના અંતની આગાહી કરવામાં આવી છે. અને બધા વૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં પણ એમ જ જણાવવામાં આવે છે. તો પછી નૈતિક સિદ્ધાંતોમાં પણ એવો જ નિર્દેશ થાય એ શું અજબ વાત ગણાય?"

ત્યાર પછી તે ઘણી વાર સુધી ચુપ બેઠો રહ્યો. તેણે વળી ચા પીધી, સિગારેટ પૂરી કરી, અને થેલામાંથી નવી સિગારેટો કાઢીને જૂની ડાઘાવાળી ડબ્બીમાં ગોઠવી.

"તમારો ખ્યાલ મને સમજાય છે," મેં કહ્યું. "અવતારવાદી શેકરોના વિચારો પણ એવા જ છે."

"તેમના વિચારો ખરા છે," તેણે કહ્યું "કામવાસના ગમે તે રૂપમાં વ્યકત થતી હોય તોયે અનિષ્ટ જ છે, ભયાનક અનિષ્ટ છે. આપણે તેને પ્રોત્સાહન આપીએ છીએ તેને બદલે તેનો તો સામનો કરવો જોઈએ. નારીને કામુક નજરે

નીરખનારો પુરુષ તેની જોડે વ્યભિચાર કરી ચૂકેલો ગણાય, એવા બાઈબલના શબ્દો કેવળ બીજા પુરુષોની પત્નીઓની બાબતમાં જ નહિ પરંતુ મુખ્યત્વે તો આપણી પોતાની પત્નીઓની બાબતમાં પણ લાગુ થાય છે."

૧૨

"આપણા જગતમાં બધું એથી ઊલટું જ છે. પુરુષ લગ્ન પહેલાં સંયમ પાળતો હોય પરંતુ લગ્ન થાય કે તરત જ સંયમને બિનજરૂરી ગણવા લાગે. લગ્ન પછી યુગલ પ્રવાસો ખેડે છે તેમાં, માબાપની બહાલી મેળવીને એકાંતમાં જતું રહે છે તેમાં, બદફેલીની બહાલી સિવાય બીજું કશું જ નથી. પરંતુ નૈતિક નિયમોનો ભંગ કરવામાં આવે ત્યારે આપોઆપ તેની સજા મળી જાય છે. મેં અમારા પ્રવાસને મધુરજનીની મોજમાં પલટાવવાની ભારે કોશિશ કરી પણ મને સફળતા ન મળી. હાલત આરંભથી અંત સુધી શરમજનક, ઘૃણાજનક, અને કંટાળાજનક રહી, અને થોડા વખતમાં બેહદ દુ:ખદાયક બની ગઈ. થોડા વખતમાં જ. ત્રીજે કે કદાચ ચોથે દિવસે મને મારી પત્ની ગમગીન લાગી એટલે હું એને કારણ પૂછતો પંપાળવા લાગ્યો. મને થયું કે એને વહાલ કરાવવાનું મન થયું હશે. પરંતુ એ તો મારો હાથ આઘો ખસેડી દઈને રડવા લાગી. કેમ? એ જણાવી ન શકી. પણ એ દુ:ખી હતી, બહુ જ વ્યથિત હતી. એનું મન કદાચ સમજી ગયું હશે કે અમારા સંબંધો કેવા ઘૃણાસ્પદ હતા, પરંતુ એવી લાગણીને એ વ્યકત ન કરી શકી. હું ફરી ફરીને પૂછતો રહ્યો એટલે એ કશુંક ગણગણી કે મા યાદ આવે છે.

મને લાગ્યું કે વાત ખરી નથી, એટલે હું મા અંગેના એના ઉલ્લેખને અવગણીને એને મનાવવા પટાવવા લાગ્યો. હું સમજી ન શક્યો કે એનું મન દુઃખી થઈ ગયું હતું અને એણે માનો ઉલ્લેખ તો માત્ર બહાના તરીકે જ કર્યો હતો. પણ એની મા અંગેની વાત મેં અવગણી એટલે એને માઠું લાગી ગયું. એને થયું કે મને એની વાતમાં વિશ્વાસ નથી. એણે કહ્યું કે તમે મને નથી ચાહતા એની મને ખાતરી છે. મેં એની ઉપર આક્ષેપ લગાવ્યો કે તું તરંગી છે. અચાનક એના ચહેરાના ભાવ તદ્દન પલટાઈ ગયા. વ્યથાને સ્થાને જાણે ચીડ ઊભરાવા લાગી. એણે અત્યંત દાહક વેણ બોલીને મારા ઉપર સ્વાર્થીપણાનો અને નિષ્ઠુરતાનો આક્ષેપ લગાવ્યો. મેં એની સામે જોયું. એના મોં ઉપર કઠોરતા છવાઈ ગઈ, મારા પ્રત્યે દ્વેષના, લગભગ નફરતના, ભાવ છવાઈ ગયા. મને યાદ છે કે એથી મને કેવો આઘાત લાગેલો. મને થયું: 'આ વળી શું? પ્રેમને બદલે, આત્માના મિલનને બદલે— આ! અશક્ય! આનું મન ઠેકાણે નથી લાગતું.' મેં એને ટાઢી પાડવાના પ્રયત્નો કર્યા, પરંતુ મને મારી સામે નિર્મમ દાહક દ્વેષની દીવાલ ખડી થઈ ગયેલી લાગી, અને મને ખ્યાલ રહે તે પહેલાં જ હું પોતે ભયંકર ગુસ્સે થઈ ગયો. અમે એકબીજાને બેસુમાર આકરાં વેણ સંભળાવ્યાં. એ પહેલા કંકાસની મારા ઉપર ખોફનાક અસર પડી. હું એને કંકાસ કહું છું પરંતુ હકીકતમાં એ કંકાસ નહોતો. એમાં તો અમારી બન્ને વચ્ચેની મોટી ખીણ જ ફક્ત છતી થઈ હતી. અમારી વાસના સંતોષાઈ જતાં જ અમારો પ્રેમ ખતમ થઈ ગયો હતો. અમે અમારો ખરો સંબંધ સમજી લઈને એકબીજાની સામે ખડાં થઈ ગયાં હતાં. એ સંબંધ તો

એકબીજામાંથી વધારેમાં વધારે સંતોષ મેળવી લેવાની મુરાદ ધરાવતાં એકબીજાથી તદ્દન પરાયાં અને તદ્દન સ્વાર્થી માણસો વચ્ચેનો હતો.

"અમારી વચ્ચે જે બની ગયું તેને મેં કંકાસ ગણાવ્યો છે, પરંતુ એ કંકાસ નહોતો. એમાં તો વિષયસુખ ભોગવી લીધા પછી અમારો ખરો સંબંધ જ છતો થયો હતો. મને સમજાયું નહિ કે એ ટાઢા દ્વેષના વલણમાં અમારી વચ્ચેનો ખરો સંબંધ જાહેર થતો હતો. મને એ સમજાયું નહિ કારણ કે વિષયસુખના, પ્રેમચેષ્ટાના, નવા મોજા હેઠળ દ્વેષનું એ વલણ તરત ઢંકાઈ ગયું.

"મેં માની લીધું કે અમે ઝઘડીને પાછી સુલેહ કરી લીધી છે અને ફરી વાર એવું કદી નહિ બને. પરંતુ મધુરજનીની મોજના પહેલા મહિના દરમિયાન અમે થોડા વખતમાં જ અતિતૃપ્તિના બીજા ગાળામાં પહોંચી ગયાં, અમને એકબીજાની જરૂર ન રહી, અને પરિણામે નવો ઝઘડો થયો. મને બીજો ઝઘડો પહેલા ઝઘડાથી વધારે દુઃખદાયક લાગ્યો. મને થયું: 'પહેલો ઝઘડો અકસ્માત તો નહોતો જ, એ તો થવાનો જ હતો, અને હવે ઝઘડા તો થવાના જ.' મને બીજો ઝઘડો વધારે દુઃખદાયક લાગ્યો કારણ કે તે સાવ નજીવા કારણે થયેલો, પૈસા અંગે થયેલો. હું પૈસાની બાબતમાં કંજૂસી કદી નહોતો કરતો અને મારી પત્નીને પૈસા આપતાં હું જરાય અચકાયો હોઉં એ શક્ય જ નહોતું. મને ફક્ત એટલું યાદ છે કે એણે મારા શબ્દોને મચડીને ખોટો અર્થ તારવેલો, અને હું જાણે મારા પૈસાના જોરે એની ઉપર વર્ચસ્વ જમાવતો હોઉં અથવા મારા પૈસા મનફાવે એમ વાપરવાનો અધિકાર મને એકલાને જ હોવાનો દાવો કરતો હોઉં, અથવા અમને

બન્નેને અણછાજતું એવું જ કશુંક અધમ અને મૂઢતાભર્યું કહેતો હોઉં, એવો આક્ષેપ એણે મારી ઉપર લગાવેલો. મને ખીજ ચડી ગઈ એટલે મેં એની ઉપર સમજણના અભાવનો આક્ષેપ લગાવ્યો, એણે તડાક વળતો જવાબ આપ્યો, અને અમે લડી પડયાં. એના શબ્દોમાં, એના ચહેરા ઉપર તેમ જ આંખોમાં છલકાતા ભાવમાં, મને વળી પાછો પહેલા કંકાસ વખતનો બહુ દુ:ખદાયક ટાઢો નિષ્ઠુર દ્વેષ વરતાયો. મને મારા ભાઈ જોડે, મિત્રો જોડે, અને મારા પિતા જોડે પણ થયેલા ઝઘડા યાદ છે, પરંતુ એવો વિચિત્ર ઝેર ટપકતો ખાર મેં એમાંથી કોઈનાયે ચહેરા ઉપર ક્યારેય નહોતો જોયો.

"વખત વીતતાં એવી પરસ્પર નફરત વળી પાછી પ્રેમચેષ્ટા વડે, એટલે કે વિષયસુખ વડે, ઢંકાઈ ગઈ અને મેં મારા મનને મનાવી લીધું કે એ બે ઝઘડા તો ગલતીઓ જેવા હતા અને ગલતીઓને સુધારી લઈ શકાય. પરંતુ પછી ત્રીજો ને ચોથો ઝઘડો થયો. ત્યારે મને પાકી સમજણ પડી ગઈ કે આ ઝઘડા અકસ્માત જેવા નથી જ, અગાઉના ઝઘડા ટાળી શકાય એમ નહોતા અને ભવિષ્યમાં ટાળી શકાશે નહિ. ભાવિની કલ્પના મને ખોફનાક લાગી. વળી એવા ખ્યાલથી મારી વ્યથા વધી ગઈ કે માત્ર મારું જ લગ્નજીવન આટલું દુ:ખકર નીવડયું છે, ધારણાઓથી સાવ નિરાળું નીવડયું છે, પણ બીજા લોકોનાં લગ્નો તો સફળ થાય છે. એ વખતે મને ખબર નહોતી કે બીજા સૌની હાલત પણ એવી જ છે, મારા જેમ જ બીજા સૌ પણ પોતપોતાની કમનસીબીને અપવાદ ગણે છે, અને એવી અપવાદરૂપ તથા શરમજનક કમનસીબીને બાકીના લોકોથી છુપાવી રાખવા ઉપરાંત ખુદ પોતાનાથી પણ છુપાવી રાખે છે, તેના એકરારનો ઈન્કાર કરે છે.

"અમારી વચ્ચેનો દ્વેષભાવ લગ્ન પછી તરત જ શરૂ થઈ ગયો અને નિરંતર વધારે ઊંડો ને વધારે આકરો બનતો ગયો. પહેલા અઠવાડિયા દરમિયાન જ મને લાગ્યું કે હું સપડાઈ ગયો છું, મેં આવી ધારણા મુદ્દલ નહોતી રાખી, લગ્ન તો મહાન સુખને બદલે મહાન કમનસીબી સાબિત થઈ ગયું છે. પરંતુ બીજા સૌની જેમ જ હું પણ તેનો એકરાર કરવા તૈયાર નહોતો (આખરી અંજામ સિવાય બીજા કોઈ પણ કારણસર મેં એકરાર કદી ન જ કર્યો હોત), એટલે મેં સચ્ચાઈને બીજા લોકોથી છુપાવી રાખવા ઉપરાંત ખુદ મારાથી પણ છુપાવી રાખી. આજે ભૂતકાળની ઉપર નજર નાખતાં મને વિસ્મય થાય છે કે ખરી હાલત હું કેટલા લાંબા વખત સુધી જોઈ જ ન શક્યો. અમારા ઝઘડાની શરૂઆત એવી નજીવી બાબતોને લીધે થયેલી કે જે અમને આગળ જતાં યાદ પણ નહોતી રહી. એ હકીકતથી જ મારા મનમાં બધું સ્પષ્ટ થઈ જવું જોઈતું હતું. અમારી પરસ્પર દ્વેષભાવની હાલતને સંભવિતતાનો આધાર પૂરો પાડવા માટે સબળ કારણો ઘડી કાઢવાનો મોકો અમારી બુદ્ધિને ન મળ્યો. પરંતુ એથીયે વધારે આઘાતજનક તો ફરી મનમેળ કરવાનાં અમારાં નકલી કારણો હતાં. મનમેળ કરવા માટે ક્યારેક શબ્દો, ખુલાસાઓ, અને આંસુઓનો ઉપયોગ પણ કરવામાં આવતો. પરંતુ બીજા પ્રસંગોએ—એની યાદ પણ કેવી ઘૃણાસ્પદ છે!—એકબીજાને અત્યંત નિષ્ઠુર વેણ સંભળાવ્યા પછી અમે એકબીજાની ઉપર છાની નજર નાખતાં, મોં મલકાવતાં, ચુંબનો લેતાં, અને આલિંગન કરતાં. ઊફ! કેવું અધમ! એમાં સમાયેલી અધમતાને હું કેમ નહિ સમજી શક્યો હોઉં?"

૧૩

બે મુસાફરો ડબ્બામાં દાખલ થઈને દૂરને છેડે બેસી ગયા. મુસાફરો બેસી ગયા ત્યાં સુધી તે ચુપ રહ્યો અને પછી ફરી બોલવા લાગ્યો. તેના વિચારોના પ્રવાહમાં એક પળ પણ ભંગ નહોતો પડયો.

"સૌથી ધૃણાસ્પદ વાત તો એ છે," તેણે શરૂ કર્યું, "કે પ્રેમને કશુંક આદર્શ, કશુંક ઉન્નત, માની લેવામાં આવે છે પરંતુ હકીકતમાં તે કશુંક એટલું અધમ અને પાશવી હોય છે કે તેનો વિચાર અથવા વાત પણ અધમ અને શરમજનક લાગે છે. તેને અધમ અને શરમજનક બનાવવા માટે કુદરત પાસે સબળ કારણો હતાં. તે અધમ અને શરમજનક છે એટલે તેને એવો જ ગણી લેવો જોઈએ, પરંતુ તેને બદલે લોકો તો જે અધમ અને શરમજનક છે તે સુંદર અને ઉન્નત હોય એવો ઢોંગ કરે છે. મારા પ્રેમની પ્રથમ નિશાનીઓ કેવી હતી? મુદ્દલ શરમ વગર મારી પાશવી વૃત્તિનો અતિરેક, અને અતિરેક કરવાની મારી શકિત બદલ અભિમાનની લાગણી પણ ખરી. વળી એવો અતિરેક કરતી વેળા મેં એના આત્માના કે શરીરનાયે સુખની જરા પણ પરવા ન કરી. હું સમજી ન શક્યો કે અમે એકબીજાની ઉપર એટલાં બધાં ખીજે કેમ ભરાતાં હતાં, પરંતુ કારણ હતું. એ ખીજમાં તો પાશવી સ્વભાવના વર્ચસ્વમાં ધકેલાઈ ગયેલા અમારા માનવીય સ્વભાવના વિરોધ સિવાય બીજું કશું જ નહોતું.

"અમારી પરસ્પરની નફરત જોઈને હું હેરતમાં ગરકાવ થઈ ગયો. પરંતુ એ સિવાય બીજું કશું શક્ય જ નહોતું. એ તો ગુનામાં સંડોવાયેલા, ગુનાની ઉશ્કેરણી અને ગુનાના કૃત્યમાં સંડોવાયેલા, બે પક્ષોની પરસ્પરની નફરત હતી. એ પહેલા જ મહિનામાં ગર્ભવતી બની ગઈ અને તે છતાં અમારા પાશવી સંબંધો ચાલતા જ રહ્યા, એ શું ખરેખર ગુનો ન ગણાય? તમને શું એમ લાગે છે કે આ બધી બાબતોને કથની જોડે સંબંધ નથી? તમારી ભૂલ થાય છે. આ બધું તો મેં કેવી રીતે મારી પત્નીની હત્યા કરી નાખી તેની વાતનો એક ભાગ જ છે. મુકદ્દમા દરમિયાન મને પૂછવામાં આવ્યું કે મારી પત્નીની હત્યા મેં કેવા હથિયાર વડે કરેલી. બેવકૂફો! એ લોકો એમ જ માનતા હતા કે મેં એને પાંચમી ઑક્ટોબરે કટાર હુલાવીને મારી નાખેલી. ના, મેં એની હત્યા એ દિવસે નહોતી કરી, એને તો મેં એથી ઘણા વખત પહેલાં જ મારી નાખેલી. અને બીજા સૌ, જેવી રીતે એવું કૃત્ય કરી રહ્યા છે એવી જ રીતે મેં પણ કરેલું."

"એટલે?" મેં પૂછ્યું.

"હેરતનાક બાબત તો એ જ છે—સીધા ને સાદા સત્યનો, જેને ડૉકટરોએ જાણવું અને પ્રસારવું જોઈએ પરંતુ જેને અંગે તેઓ ચુપકી સેવે છે એ સત્યનો, એકરાર કરી લેવા કોઈ તૈયાર નથી. પુરુષો અને સ્ત્રીઓ તદ્દન જનાવરો જેવાં એ બાબતમાં છે કે દૈહિક પ્રેમની મોજ પછી ગર્ભાધાન અને શિશુના પોષણનો વખત આવે છે. એવી શારીરિક સ્થિતિમાં દૈહિક પ્રેમ માતા અને શિશુ બન્નેને હાનિકારક હોય છે. પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા સમાન છે. એ હકીકત કેવો નિર્દેશ કરે છે? મને લાગે છે કે વાત સાફ છે. જનાવરો તારવી લે છે એવો સાર તારવવા માટે ભારે શાણપણની જરૂર નથી—એ સાર છે સંયમ. પરંતુ એવો સાર તારવવામાં નથી આવતો. લોહીમાં તરતા શ્વેત લ્યુકોસાઈટ જેવી પુષ્કળ

નકામી ચીજો ખોળી કાઢવાની ચતુરાઈ વિજ્ઞાનીઓમાં છે, પરંતુ આ બાબત ગોતી કાઢવા જેટલી અક્કલ તેમનામાં નથી. મેં તો તેમને આ બાબતનો ઉલ્લેખ કરતા કદી નથી સાંભળ્યા.

"એટલે સ્ત્રીની સમક્ષ ફક્ત બે જ માર્ગ ખુલ્લા રહે છે: એક માર્ગ એ છે કે સ્ત્રી બની રહેવાની, અર્થાત્ માતા બનવાની, પોતાની શકિતને એક જ વારમાં અથવા થોડી થોડી કરીને ખતમ કરી નાખવી, અને એ રીતે પોતાને વિચ્છેદી નાખવી, જેથી પતિ મરજી પડે ત્યારે મોજ માણી શકે. બીજા માર્ગને તો માર્ગ ભાગ્યે જ કહી શકાય, એ તો કુદરતના નિયમોનો કઢંગો ને સીધો ભંગ જ છે, અને આપણા તમામ કહેવાતા નેક કુટુંબોમાં હંમેશાં થતો હોય છે. સ્ત્રીને પોતાની પ્રકૃતિથી વિપરીત જઈને સગર્ભા માતા તથા શિશુને ધવરાવતી માતા બનવાની સાથે સાથે જ પતિની રખાત પણ બનવું પડે છે. એક પણ જનાવર એવો જુલમ કદી ન જ સાંખી લે. વળી સ્ત્રીમાં એટલી શકિત નથી હોતી. એટલે જ આપણા સ્તરની સ્ત્રીઓને માનસિક અસ્વસ્થતા અને ચિત્તભ્રમ થાય છે અને ખેડૂત બાઈઓને ઘેલછા વળગે છે. તમે જોઈ શકશો કે નિર્દોષ તરુણ કન્યાઓને ઘેલછા કદી નથી વળગતી. કેવળ સ્ત્રીઓની જ, પરણેલી સ્ત્રીઓની જ, એવી હાલત થાય છે. આપણા લોકોની બાબતમાં એ ખરું છે. યુરોપવાસીઓની બાબતમાં પણ એટલું જ ખરું છે. કુદરતના નિયમોના ભંગના પરિણામે ઘેલછાનો ભોગ બની ગયેલી સ્ત્રીઓથી તમામ હોસ્પિટલો ભરાઈ ગઈ છે. પરંતુ ઘેલછા અને ઉન્માદના રોગથી પીડાતી સ્ત્રીઓ તો તદ્દન ભાન ખોઈ બેઠેલી સ્ત્રીઓ હોય છે. હજુ એવે તબક્કે ન પહોંચેલી પારાવાર સ્ત્રીઓ દુનિયામાં છે.

"પેટમાં નવી જિંદગીને પોષવાનું અને પોતે જન્મ આપેલા બાળકને ઉછેરવાનું સ્ત્રીનું કાર્ય કેવું ઓજસમય છે! તે આપણા અનુગામીઓનું, માનવજાતિની હયાતી ચાલુ રાખનારાઓનું, સર્જન કરે છે. પરંતુ એ પુનિત કાર્યમાં વચ્ચે શું ત્રાટકે છે? એનો તો ખ્યાલ જ ખોફનાક છે! અને તોયે સ્ત્રીઓની મુકિતની, સ્ત્રીઓના અધિકારોની, વાતો કરવામાં આવે છે. જાણે કેમ નરમાંસભક્ષીઓ પોતાના ભોગ બનનારાઓને કતલ કરતાં પહેલાં જાડા બનાવી રહ્યા હોય અને સાથે સાથે તેમને ખાતરી આપી રહ્યા હોય કે તમારા અધિકારો અને આઝાદી અંગે અમે બહુ જ ફિકરમંદ છીએ."

મને તેના વિચારો નવીન અને વિસ્મયકારક લાગ્યા.

"પણ થાય શું?" મેં કહ્યું. "તમારી વાત ખરી હોય તો પુરુષ પોતાની પત્ની જોડે વિષયસુખ બે વરસમાં ફક્ત એક જ વાર માણી શકે, પણ પુરુષો..."

"પણ પુરુષો એના વગર રહી શકે નહિ," તે વચમાં બોલી ઊઠયો. "વિજ્ઞાનના પુરોહિતોએ સૌને આ બાબતની ખાતરી પણ કરાવી દીધી છે. એ બધા પંડિતો સ્ત્રીઓને પુરુષો માટે જરૂરી ગણાવે છે, પરંતુ સ્ત્રીઓની કામગીરીઓ પરાણે તેમની પાસેથી કરાવવામાં તો તેઓ શું કહે એ સાંભળવામાં મઝા પડે. માણસના મનમાં ઠસાવી દો કે વોદકા, તમાકુ, અને અફીણ તેને માટે આવશ્યક છે, એટલે એ ચીજો આવશ્યક બની જશે. જાણે કેમ ઈશ્વરે બધી ખોટી ચીજોનું સર્જન કર્યું હોય કારણ કે આવશ્યક શું છે તેની તેને ખબર જ ન હોય અને તેણે પંડિતોની સલાહ ન લીધી હોય. પુરુષોએ નક્કી કરી લીધું કે તેઓ પોતાની કામવાસનાને

સંતોષ્યા વગર રહી જ ન શકે, પરંતુ પ્રસૂતિ અને શિશુને ધવડાવીને ઉછેરવાની બાબતો તેની કામવાસનાની તૃપ્તિના માર્ગમાં અવરોધ ઊભા કરે છે. હવે શું કરવું? પંડિતોની સલાહ લો. તેઓ બધી વ્યવસ્થા કરી દેશે. અને તેઓ કરી દે છે. ઓહ! આ ડૉક્ટરોનાં જૂઠાણાં ક્યારે ઉઘાડાં પડશે? હવે તો હદ થઈ ગઈ છે! હાલત એવે તબક્કે પહોંચી ગઈ છે કે લોકો ફક્ત એ જ કારણે ગાંડા થઈ જાય છે અને એકબીજાને ગોળીએ વીંધી નાખે છે. એ સિવાય બીજું કંઈ બને જ કેવી રીતે? જનાવરો બરાબર જાણતાં હોય એમ લાગે છે કે બચ્ચાં તો જાતિની હયાતી ટકાવી રાખવા સારુ જ પેદા કરવાનાં હોય છે. એટલે તેઓ એ સંબંધી નિયમોનું પાલન કરે છે. માત્ર માનવી જ નથી જાણતો અને તેને જાણવાની પરવા પણ નથી. તેને તો બને એટલી મોજ માણી લેવાની જ ફિકર હોય છે. એ કોણ છે? વિશ્વનો સમ્રાટ, માનવી. જરાક વિચાર કરો—જનાવરો તો જ્યારે બચ્ચાં પેદા કરવાનું શક્ય હોય ત્યારે જ સંભોગ કરે છે, પરંતુ વિશ્વનો ગંદો સમ્રાટ જ્યારે બને ત્યારે અને કેવળ મોજને ખાતર વિષયસુખ ભોગવે છે. તે વધારામાં પાછો પોતાની કામવાસનાને અત્યંત ઉદાત્ત ઊર્મિ જોડે—પ્રેમ જોડે—એકરૂપ બનાવી દેવાની કોશિશ કરે છે, અને એ પ્રેમના નામે, એટલે કે એવી અધમતાના નામે, માનવજાતિના અરધા ભાગને બલિદાનની વેદીમાં હોમી દે છે. માનવજાતિને સદ્‌ભાવ અને સત્યની અનુભૂતિની દિશામાં લઈ જવામાં સ્ત્રી પુરુષની સાથીદાર હોવી જોઈએ, પરંતુ પુરુષ પોતાની મોજને ખાતર સ્ત્રીને દુશ્મન બનાવી દે છે. કહો તો, માનવજાતિને પ્રગતિ કરતાં કોણ અટકાવે છે? સ્ત્રી. અને સ્ત્રી હાલ જેવી છે તેવી

કેમ છે? માત્ર આ કારણે જ. હા, હા," તે ફરી ફરીને દોહરાવતો ગયો અને સિગારેટ ખોળવા લાગ્યો. પછી તે સ્વસ્થ થવાની કોશિશ કરતો ધુમાડા કાઢવા લાગ્યો.

૧૪

"તો હું એવી પાશવી જિંદગી જીવતો હતો," તેણે એવા જ અવાજે વાત આગળ ચલાવી. "એવી જિંદગીમાં સૌથી ખરાબ વાત તો એ હતી કે હું બીજી સ્ત્રીઓની વિલાસી વૃત્તિઓનો ભોગ નહોતો બનતો અને મારી પત્નીને વફાદાર રહેતો હતો એટલે મારી જાતને સદાચારી ને દોષરહિત ગણતો હતો, અને અમારી વચ્ચે ઝઘડો થાય ત્યારે મારી પત્નીને અથવા એના સ્વભાવને દોષિત ગણતો.

"પરંતુ એમાં દોષ એનો નહોતો. એ બીજી સ્ત્રીઓથી જરાય નિરાળી નહોતી, બધી નહિ તો મોટા ભાગની સ્ત્રીઓથી નિરાળી નહોતી. એનો ઉછેર આપણા સમાજમાં સ્ત્રીઓના સ્થાનની દૃષ્ટિએ જરૂરી ગણાય એવી રીતે થયો હતો, સુખી વર્ગોની સ્ત્રીઓની જેમ જ થયો હતો, તેમના ઉછેરની એકમાત્ર સ્વાભાવિક રીત મુજબ જ થયો હતો. સ્ત્રીઓની આધુનિક કેળવણી અંગે આપણને ઘણી વાતો સાંભળવા મળે છે. એ બધા ઠાલા શબ્દો છે. સ્ત્રીઓ પ્રત્યેનું આપણું વલણ જેવું હોવાનો આપણે ડોળ કરીએ છીએ એવું નહિ પરંતુ હાલ જેવું છે એવું જ રહે ત્યાં સુધી સ્ત્રીઓની કેળવણી જેવી હોવી જોઈએ એવી જ અત્યારે છે.

17—394

“સ્ત્રીઓની કેળવણી હંમેશાં પુરુષોના તેમના પ્રત્યેના વલણને અનુરૂપ જ રહેવાની. ‘સુરા, સજની, અને ગાન’—કવિઓ એનાં જ કાવ્યો રચે છે. પ્રથમ પ્રેમગીતો અને નગ્ન રતિપ્રતિમાઓથી લઈને આજ સુધીનું સમગ્ર કાવ્યસર્જન, ચિત્રસર્જન, અને શિલ્પસર્જન જુઓ—શાહી નૃત્યસમારંભોમાં તેમ જ ત્રુબ્નાયા ચોકમાં કે ગ્રાચેવકા માર્ગે, દરેક ઠેકાણે, સ્ત્રીને મોજનું સાધન ગણવામાં આવી છે. વળી શયતાનની ચાલાકી જોઈ લો: એ કેવળ મોજ અને મનોરંજન જ હોય તો આપણે એને એ જ માની લઈએ—મોજ અને મનોરંજન. નારી એટલે મધુરી મોજ અને બીજું કશું જ નહિ. પણ ના, આરંભમાં શૂરવીર યોદ્ધાઓ નારીને ઉચ્ચ સ્થાને સ્થાપીને એની ઉપાસનાની હિમાયત કરતા (ઉપાસના કરતા પરંતુ તોયે એને મોજનું સાધન ગણતા). આજે પુરુષો નારી પ્રત્યે આદરની હિમાયત કરે છે. કેટલાક પુરુષો ઊભા થઈ જઈને તેમને બેસવાની જગ્યા આપે છે, તેમના રૂમાલ પડી જાય તો નીચેથી ઉઠાવી લઈને તેમના હાથમાં આપે છે. વળી કેટલાક પુરુષો સ્ત્રીના ગમે તે પદ—વહીવટી, કારોબારી, ગમે તે પદ—હાંસલ કરવાના અધિકારની હિમાયત કરે છે. તેઓ એવી હિમાયત કરે છે ખરા, પરંતુ સ્ત્રી પ્રત્યેનું તેમનું વલણ તો જેમનું તેમ જ રહે છે. નારી મોજનું સાધન છે. નારીની કાયા લહેર કરાવવાનું સાધન છે. સ્ત્રી આ વાત બરાબર જાણે છે. આ તો ગુલામીનું જ એક રૂપ છે.

“ગુલામી એટલે અમુક માણસો બીજા લોકોની વેઠનો લાભ ઉઠાવતા હોય એવી હાલત સિવાય બીજું કશું નહિ. જ્યારે લોકો બીજાની વેઠનો લાભ ઉઠાવવાના કૃત્યને પાપમય

અને શરમજનક ગણવા લાગે અને એવી મુરાદ રાખવાનું બંધ કરી દે ત્યારે જ ગુલામી નાબૂદ થઈ શકે. હકીકતમાં તેઓ ગુલામોના વેચાણની બંધી કરીને ગુલામીનાં કેવળ બાહ્ય રૂપોને બદલી નાખે છે, અને માની લે છે કે ગુલામી નાબૂદ થઈ ગઈ છે. તેઓ જોતા નથી અને જોવા માગતા નથી કે ગુલામીની હયાતી તો ચાલુ જ છે કારણ કે લોકો બીજાની વેઠનો લાભ ઉઠાવવાની મુરાદ રાખતા હોય છે અને તેને યોગ્ય ને ઉચિત ગણતા હોય છે. જ્યાં સુધી આ બાબતને યોગ્ય ગણવામાં આવતી રહેશે ત્યાં સુધી એવા માણસો મળવાના જ કે જે બીજાથી વધારે તાકાતવાન અને ચાલાક હોવાને કારણે ગુલામી કરાવતા જ રહેશે.

“નારીની મુક્તિનું પણ એમ જ છે. સ્ત્રીની ગુલામી એ હકીકતમાં છે કે પુરુષ પોતાની મોજ ખાતર તેનો ઉપયોગ કરવાની બાબતને યોગ્ય અને વાંછનીય ગણે છે. પુરુષો નારીને મુક્તિ આપવાનું શરૂ કરે છે, તેને પુરુષ જેવા જ અધિકારો આપે છે, પરંતુ તેને મોજનું સાધન ગણવાનું ચાલુ રાખે છે, તેને બાળપણથી જ એવી તાલીમ આપે છે અને પ્રજામત મારફત એવી કેળવણી આપે છે. સ્ત્રી અગાઉ જેવી જ અવાનત બદફેલ ગુલામ તરીકે ચાલુ રહે છે, અને પુરુષો અગાઉ જેવા જ બદફેલ ગુલામ-માલિકો તરીકે ચાલુ રહે છે.

“તેઓ નારીને કોલેજોમાં અને અદાલતોમાં મુક્તિ આપે છે, પરંતુ તેને મોજનું સાધન ગણવાનું ચાલુ રાખે છે. જ્યાં સુધી તેને પોતાને એવી ગણવાની કેળવણી અપાતી રહેશે (આપણે આપીએ છીએ તેમ) ત્યાં સુધી તે નીચલી કક્ષાના પ્રાણી તરીકે ચાલુ રહેશે. કાં તો તે કાયર ડૉક્ટરોની

મદદ લઈને ગર્ભનિરોધ કરશે, એટલે કે જનાવરોની નહિ પરંતુ વસ્તુઓની કક્ષાએ ઊતરી ગયેલી વેશ્યા બની જશે, અથવા તે મોટા ભાગની સ્ત્રીઓ વાસ્તવમાં હોય છે એવી બની રહેશે—વ્યથિત, ઉન્માદી, માનસિક સમતુલા ગુમાવી બેઠેલી, આત્માનો વિકાસ સાધવા અસમર્થ.

"શાળાઓ અને કોલેજો આ બાબતમાં કશું જ ન કરી શકે. નારી પ્રત્યે પુરુષના વલણમાં અને નારીના ખુદ પોતાના પ્રત્યેના વલણમાં પલટો આવે તો જ આવી હાલતમાં પલટો આવી શકે. સ્ત્રીઓ કૌમાર્યાવસ્થાને આજે શરમ અને નામોશીની બાબત ગણે છે તેને બદલે સર્વોત્તમ અવસ્થા ગણવા લાગશે ત્યારે જ હાલતમાં પલટો આવશે. ત્યાં સુધી તો કોઈ પણ કન્યાને ભલે ગમે એટલું શિક્ષણ મળ્યું હોય તોપણ તેની આકાંક્ષા બને એટલા વધારે પુરુષોને આકર્ષવાની જ રહેશે, જેથી તે એ બધામાંથી મનગમતી પસંદગી કરી શકે.

"તે ગણિત જાણતી હોય અથવા તેને વાદ્ય વગાડતાં આવડતું હોય એથી હાલતમાં કશો જ ફેર નહિ પડે. સ્ત્રી જ્યારે કોઈ પુરુષને મોહપાશમાં બાંધી લે છે ત્યારે સુખ અનુભવે છે અને સર્વોચ્ચ લક્ષ્ય સાધી લીધેલું ગણે છે. એટલે જીવનમાં તેનું મુખ્ય ધ્યેય પુરુષોને મોહપાશમાં બાંધી લેવાનું હોય છે. ભૂતકાળમાં એમ જ બનતું આવ્યું છે અને ભવિષ્યમાં એમ જ બનતું રહેશે. આ વાત કુંવારી કન્યાઓને તેમ જ પરણેલી સ્ત્રીઓને લાગુ થાય છે. કુંવારી કન્યાઓને પસંદગીની તક સુનિશ્ચિત બનાવવા સારુ એમ કરવું પડે છે, અને પરણેલી સ્ત્રીઓને પોતાના પતિઓ ઉપર વર્ચસ્વ જમાવવા સારુ એમ કરવું પડે છે.

"એ દિશામાં તેના પ્રયાસોને માત્ર એક જ બાબત થંભાવે છે અથવા થોડા વખત પૂરતા મોકૂફ રખાવી દે છે— એ બાબત છે શિશુજન્મની, અને તે પણ જો સ્ત્રી રાક્ષસણી ન હોય તો, એટલે કે પોતાનાં બચ્ચાંને ખુદ ધવડાવીને ઉછેરતી હોય તો. પરંતુ તેમાં પણ ડૉક્ટર ડખો કરે છે.

"મારી પત્ની પોતાનાં બચ્ચાંને ખુદ ધવડાવીને ઉછેરવા માગતી હતી, અને એણે પાંચ બચ્ચાંને એવી રીતે ઉછેર્યાં પણ ખરાં. પહેલા બચ્ચાના જન્મ પછી એની તબિયત સારી નહોતી રહેતી. ડૉક્ટરોએ બેશરમીથી એને નવસ્ત્રી કરીને એને આખે શરીરે હાથ ફેરવ્યા, અને એ બદલ મારે એમનો આભાર માનવાનો ને ઉપરથી પાછી ફી આપવાની. એ માનવંતા ડૉક્ટરોને લાગ્યું કે પહેલા બચ્ચાને એણે પોતે ધવડાવવું ઠીક નથી. એ રીતે, છિનાળવૃત્તિથી ઊગરવાનો એકમાત્ર ઉપાય એની પાસેથી છીનવી લેવામાં આવ્યો. બચ્ચા સારુ ધાવ ગોતી કાઢવામાં આવી, એટલે અમે કોઈ અજાણી બાઈની ગરીબી અને અજ્ઞાનનો લાભ એને લલચાવવા માટે ઉઠાવ્યો, અને એને એના બચ્ચાથી વિખૂટી પાડીને અમારા બચ્ચા જોડે વળગાડી દીધી. અમે બદલામાં એને ગૂંથેલી દોરીવાળી કાંજીદાર ટોપીનો સાજ સજાવ્યો. પરંતુ એ તો જુદી વાત થઈ. અસલ મુદ્દો તો એ છે કે મારી પત્નીની સુવાવડ પતી ગઈ અને બચ્ચાને ધવડાવવાની જવાબદારીથી એને છુટ્ટી મળી ગઈ, એટલે એની ભીતરમાં દબાઈને પડેલી છિનાળવૃત્તિ અસાધારણ જોરથી ફૂટી નીકળી. એના છિનાળચસકાના સીધા પ્રમાણમાં હું ઈર્ષાની આગમાં બળવા લાગ્યો. મારા લગ્નજીવનના પ્રથમ દિવસથી મને ઈર્ષાની લાગણીમાં એક પળનીયે રાહત ક્યારેય નહોતી મળી. હું મારી પત્ની જોડે

જેવી જિંદગી જીવતો હતો એવી જિંદગી, અર્થાત્ અનીતિની જિંદગી, પોતપોતાની પત્નીઓ જોડે જીવતા તમામ પતિઓને ઈર્ષાની એવી આગમાં અનિવાર્ય રૂપે બળવું જ પડતું હોય છે."

૧૫

"લગ્નજીવન દરમિયાન મને ઈર્ષાની બળતરામાં એક પળ પણ રાહત નહોતી મળી. પરંતુ ક્યારેક ક્યારેક મારી વેદના વધારે તીવ્ર બની જતી. એવો એક ગાળો અમારા પ્રથમ બાળકના જન્મ વખતનો હતો. તેને ધવડાવવાની ડૉક્ટરોએ મારી પત્નીને મના કરી દીધી. એ વખતે મને ખાસ ઈર્ષા થઈ. તેનું પહેલું કારણ તો એ હતું કે કોઈ પણ માતાની કુદરતી કામગીરીઓમાં કશા સબળ કારણ વગર અંતરાય પડે ત્યારે તેને જેવી બેચેની થાય એવી બેચેની મારી પત્ની અનુભવી રહી હતી. બીજું કારણ આવું હતું: મારી પત્નીએ માતાની નૈતિક જવાબદારીઓને જેટલી સરળતાથી ખંખેરી નાખી એ જોઈને મેં ઉચિત રીતે જ (જોકે સભાન રીતે નહિ) સાર તારવી લીધો કે લગ્નજીવનની જવાબદારીઓને પણ એ કદાચ એટલી જ સરળતાથી ખંખેરી નાખે. એ તદ્દન નીરોગી હતી, અને માનવંતા ડૉક્ટરોની મનાઈ છતાં એણે ત્યાર પછી જન્મેલાં બચ્ચાંને પોતે જ ધવડાવીને મોટાં કર્યાં.

"તમને ડૉક્ટરો જરાય નથી ગમતા લાગતા," ડૉક્ટરોના પ્રત્યેક ઉલ્લેખ વેળાએ તેની આંખોમાં ખારનો ખાસ ચમકારો થતો જોઈને મેં કહ્યું.

"એ કંઈ ગમવાનો કે ન ગમવાનો સવાલ નથી. તેઓ જેવી રીતે બીજા હજારો માણસોની જિંદગી તારાજ કરી નાખે છે એવી જ રીતે તેમણે મારી જિંદગી પણ તારાજ કરી નાખી, અને હું કારણને પરિણામથી અળગું નથી કરી શકતો. વકીલોની જેમ તેઓ પણ દરદીઓ પાસેથી પૈસા કઢાવવા ઉત્સુક હોય એ વાત મને સમજાય છે. તેમને પૈસા આપને મારા કૌટુંબિક જીવનથી વેગળા રાખવાનું શક્ય હોત તો મેં મારી અરધી આવક ખુશીથી તેમને હવાલે કરી દીધી હોત, અને ખરી હાલત સમજનારા કોઈ પણ આદમીએ એમ જ કર્યું હોત. મેં આંકડા એકઠા નથી કર્યા, પરંતુ હું ડઝનબંધ દાખલાઓ જાણું છું જેમાં ડૉક્ટરોએ કાં તો માતાની ગર્ભાધાનની અશક્તિનું નિદાન કરીને શિશુને પેટમાં જ મારી નાખ્યું હોય—જોકે એવી માતાઓને આગળ જતાં પૂરી સફળતાથી બાળકો જન્મ્યાં છે—અથવા કશુંક ઓપરેશન કરીને માતાને જ મારી નાખી હોય. અને એવા દાખલાઓ હકીકતમાં તો અસંખ્ય છે. પરંતુ મધ્યયુગમાં ધર્મને નામે કરવામાં આવતી હત્યાઓને કોઈ ખૂન નહોતું કહેતું, તેને તો માનવ કલ્યાણ અર્થે કરવામાં આવતી કામગીરી ગણાવવામાં આવતી. એવી જ રીતે માતાઓ તેમ જ અણજન્મેલાં શિશુઓની આવી હત્યાને કોઈ ખૂન નથી ગણાવતું. ડૉક્ટરોના ગુના અગણિત છે. પરંતુ તેઓ જગતમાં જે ભૌતિકવાદને દાખલ કરી રહ્યા છે, ખાસ કરીને તો સ્ત્રીઓના માધ્યમ દ્વારા, તેની નૈતિક ભ્રષ્ટતાની સરખામણીમાં એ ગુનાઓ તો જાણે કંઈ વિસાતમાં જ નથી. વળી આપણે તેમની સલાહ માની લઈએ તો માનવજાતિની એકતાની દિશામાં જહેમત કરવાને બદલે એકબીજાથી અલિપ્તતા સાધવાની દિશામાં

પ્રયાસો કરવા લાગીએ, કારણ કે દરેક ઠેકાણે અને દરેક વસ્તુમાંથી ચેપ લાગી જવાનો ભય હોય છે. તેમના સિદ્ધાંતો મુજબ તો આપણામાંથી દરેકે મોંમાં કાર્બોલિક એસિડનું દ્રાવણ ભરીને એકબીજાથી સાવ અલગ બેસી રહેવું જોઈએ (જોકે તાજેતરમાં શોધ થઈ છે કે ચેપથી બચવામાં એવા દ્રાવણથી કશો ફાયદો નથી થતો). પરંતુ એનોયે વાંધો નહિ. મુખ્ય વાત તો એ છે કે તેઓ લોકોને, અને ખાસ કરીને સ્ત્રીઓને, ભ્રષ્ટ બનાવે છે.

"આજકાલ કહી ન શકાય કે 'તમારી રીતો ખરાબ છે, તમે એને સુધારી લો.' એવા શબ્દો ખુદ પોતાને પણ ન કહી શકાય અને બીજા કોઈને પણ ન કહી શકાય. આપણી રીતો ખરાબ હોય તો તેનું કારણ માનસતંત્રમાં કશીક ખલેલ અથવા એવું જ બીજું કંઈક હોય, એટલે ડૉક્ટરો પાસે જવું જોઈએ, અને ડૉક્ટરો પાંત્રીસ કોપેકની દવા લખી આપે તે લેવી જોઈએ. હાલત બદતર બની જાય એટલે નવા ડૉક્ટરો પાસે જવાનું અને નવી દવાઓ લેવાની. મઝાની વાત છે!

"પણ અસલ મુદ્દો એ નથી. મારે તો ફક્ત એટલું જ કહેવું હતું કે મારી પત્નીએ ત્યાર પછીનાં બાળકોને જાતે ધવડાવીને સફળતાથી મોટાં કર્યાં. એની ગર્ભાવસ્થા અને શિશુને ધવડાવીને ઉછેરવાના ગાળાઓ દરમિયાન જ હું ઈર્ષાની પીડાથી બચી રહેતો. એવા ગાળા ન આવતા હોત તો આગળ જતાં જે બન્યું તે બહુ વહેલું બની ગયું હોત. બાળકોએ એને ને મને બેઉને બચાવ્યાં. એને આઠ વરસમાં પાંચ બાળક થયાં, અને પાંચેપાંચને એણે પોતે જ ધવડાવીને ઉછેર્યાં."

"હવે ક્યાં છે, તમારાં બાળકો?" મેં પૂછ્યું.

"મારાં બાળકો?" તેણે જાણે ગભરાઈ જઈને મારા જ શબ્દો દોહરાવ્યા.

"માફ કરો, મેં કદાચ બાળકોની યાદ તાજી કરાવીને તમને દુ:ખ પહોંચાડવું લાગે છે," મેં કહ્યું.

"ના, ના, એવું કંઈ નથી. બાળકોને તો મારો સાળો ને સાળાવેલી લઈ ગયાં, મારી ભેગાં ન રહેવા દીધાં. મેં મારી બધી મિલકત તેમને આપી દીધી, પણ તોયે તેમણે મારાં બાળકોને મારી ભેગાં ન રહેવા દીધાં. મને પાગલ ગણવામાં આવે છે. હું હમણાં જ તેમને મળી આવ્યો. મેં સમજાવ્યાં, પણ તેમણે બાળકો મને ન સોંપ્યાં. વાત એમ છે કે બાળકોને હું ઉછેરું તો તેઓ માબાપથી નિરાળાં બને એવી કોશિશ કરું, પરંતુ બાળકો માબાપથી નિરાળાં બને એ તો ન જ ચલાવી લેવાય. ઊફ! પણ શું થઈ શકે? એ લોકો સ્વાભાવિક રીતે જ બાળકો મારા હાથમાં નહિ સોંપે, અને મારામાં વિશ્વાસ નહિ મૂકે. વળી મને પણ ખાતરી નથી કે તેમને ઉછેરવાની શક્તિ મારામાં છે કે નહિ. લાગે છે કે નથી. હું તો તારાજ થઈ ગયો છું, ભાંગી પડયો છું. પરંતુ મારી પાસે એક વસ્તુ છે—જ્ઞાન. હા, હું જેટલું જાણું છું એટલું જાણવામાં બીજા લોકોને લાંબો વખત લાગે.

"મારાં બાળકો જીવતાં છે, અને બીજાં બધાં બાળકોની જેમ જ જંગલીઓ તરીકે મોટાં થઈ રહ્યાં છે. હું તેમને મળ્યો છું—ત્રણ વાર. હું તેમને માટે કશું જ કરી શકું એમ નથી, કશું જ નહિ. હું દક્ષિણ તરફ જઈ રહ્યો છું. ત્યાં મારું એક નાનકડું ઘર અને બગીચો છે.

"હા, હું જેટલું જાણું છું એટલું જાણવામાં બીજા લોકોને લાંબો વખત લાગવાનો. સૂરજમાં અને તારાઓમાં લોખંડનું

તેમ જ બીજી ધાતુઓનું પ્રમાણ કેટલું છે, એ જાણી લેવામાં બહુ લાંબો સમય નહિ લાગે, પરંતુ આપણી પોતાની પાશવતાને ઉઘાડી પાડતી બાબતો જાણી લેવાનું કામ કપરું છે, બહુ જ કપરું છે...

"તમે મારી વાત સાંભળો છો એટલુંયે બહુ છે. એને માટે હું તમારો અહેસાનમંદ છું."

૧૬

"તમે મારાં બાળકો વિશે પૂછ્યું. બાળકો પ્રત્યે પણ કેવું ખોટું વલણ લેવામાં આવે છે! બાળકો એટલે ખુશી! બાળકો એટલે ઈશ્વરની દયા! જૂઠાણાં! ક્યારેક એવું રહ્યાં હશે, પણ હવે એમ નથી. બાળકો તો યાતના સિવાય બીજું કશું જ નથી. મોટા ભાગની માતાઓ આ વાત બરાબર જાણતી હોય છે, અને પૂરી ખબરદાર ન હોય ત્યારે કહી પણ દે છે. સુખી જિંદગી જીવતા લોકોના સ્તરમાંથી કોઈ પણ માતાને પૂછશો તો એ કહેવાની કે મારે બાળકો નથી જોઈતાં કારણ કે બચ્ચાં માંદાં પડે અથવા મરી જાય એની બીક લાગે છે, અને કોઈ માતાને બાળક જનમ્યું હોય તો એ કહેવાની કે હું બચ્ચાને ધવડાવવા નથી માગતી કારણ કે એથી માયા બંધાઈ જવાની અને અંતે દુઃખ ભોગવવાની બીક લાગે છે. બાળક માંદુ પડે અથવા મરી જાય ત્યારે થતા દુઃખની, એના મંદવાડ અથવા મોતની ખાલી બીકથી જ થતા દુઃખની, સરખામણીમાં બાળકથી થતો સમગ્ર આનંદ ઓછો હોય છે; એનું મોહક રૂપ જોઈને—એના નાજુક હાથ, પગ,

તથા કાયા જોઈને—થતી ખુશી સરખામણીમાં બહુ ઓછી હોય છે. બાળકો પેદા કરવાના ફાયદા અને નુકસાનની સરખામણી કરીએ તો ફાયદા કરતાં નુકસાન હંમેશાં વધારે હોય છે, એટલે બાળકો પેદા ન કરવાં એ જ બહેતર છે. સ્ત્રીઓ આ વાત સ્પષ્ટ રૂપમાં અને હિંમતથી કહી દેતી હોય છે, તેમના મનમાં ખ્યાલ હોય છે કે એવી લાગણી બાળકો પ્રત્યેના હેતમાંથી ઉદ્‌ભવ પામે છે. તેઓ એ લાગણીને મઝાની વખાણવા લાયક ગણે છે અને એ બદલ અભિમાન પણ ધરાવે છે. તેઓ સમજી નથી શકતી કે એવા ખ્યાલો તો ખુદ વહાલને જ નકારી કાઢે છે અને સ્વાર્થી વૃત્તિને જાહેર કરી દે છે. બાળકને કારણે થતા સુખ અને દુઃખમાં દુઃખ વધારે હોય છે, એટલે તેઓ બાળકો નથી પેદા કરવા માગતી. આમાં તેઓ પ્યારા બાળકને ખાતર પોતે કશી કુરબાની નથી આપતી, પરંતુ જે પ્યારું બાળક બની શક્યું હોત તેને પોતાના સ્વાર્થને ખાતર કુરબાન કરી દે છે.

"સાફ છે કે આ પ્યાર નહિ પણ સ્વાર્થી વૃત્તિ છે. પરંતુ એવી સ્વાર્થી વૃત્તિ બદલ અમીર માતાઓને દોષ દેવાનું મુશ્કેલ છે. આપણા ભદ્ર સમાજમાં સ્ત્રીઓને બાળકોની તંદુરસ્તી ખાતર કેટલું સહન કરવું પડે છે—વળી ડૉક્ટરોને જ કારણે—તેને ધ્યાનમાં રાખીએ તો વિરોધનો એક શબ્દ પણ બોલવાનું શક્ય નથી. અમારા લગ્નજીવનના આરંભનાં વરસોમાં અમારાં ત્રણ કે ચાર બાળકો મારી પત્નીના સમય અને શકિતનો પ્રત્યેક અંશ ભરખી જતાં હતાં. એ વખતની એની જિંદગી અને માનસિક હાલતની યાદ જ્યારે જ્યારે તાજી થાય છે ત્યારે દરેક વેળાએ મને કંપારી આવી જાય છે. એ મને તો મુદ્દલ વખત આપી જ નહોતી શકતી. અમારી

જિંદગી અમારે માથે સતત લટકતા જોખમની, એ જોખમમાંથી ઊગરી જવાની, વળી પાછું જોખમ ઊભું થવાની, તેને હઠાવી દેવાના મરણિયા પ્રયાસોની, અને ફરી ઊગરી જવાની હતી, જાણે અમે કોઈ ડૂબતા જહાજના મુસાફરો હોઈએ એવી હતી. ક્યારેક મને થતું કે એવું વાતાવરણ જાણીજોઈને ઉપજાવવામાં આવેલું છે, મારી પત્ની પોતાનું વર્ચસ્વ મારી ઉપર કાયમ રાખવા સારુ બાળકોની ખુશાલી અંગેનો ઢોંગ કરે છે. બધા સવાલોને એના જ લાભમાં ઉકેલી દેવાની એ સાવ સાદી ને લલચામણી રીત હતી. ક્યારેક મને એનાં બધાં કાર્યો અને એની બધી વાતોમાં નર્યો દંભ દેખાતો. પરંતુ મારી ભૂલ હતી. એ ખરેખર ભયંકર પરેશાનીમાં સપડાઈ ગયેલી હતી, એના મનમાં બાળકોની ફિકર, બચ્ચાંની તંદુરસ્તી અને બીમારીઓની ફિકર, સતત ઘોળાતી રહેતી. એ બાબત એને ને મને યાતનાના ભોગ બનાવી દેતી. અને એ તો યાતનાથી કોઈ રીતે બચી શકે એમ નહોતી. બાળકો અંગે ફિકરની લાગણી, તેમને ખવડાવવાની અને દિલાસો દેવાની તેમ જ તેમનું રક્ષણ કરવાની જનાવરો જેવી વૃત્તિ, એનામાં મોટા ભાગની સ્ત્રીઓ જેટલી જ પ્રબળ હતી; પરંતુ જનાવરોમાં નથી હોતું એવું બીજું કશુંક પણ એનામાં હતું— એ બુદ્ધિ અને કલ્પના ધરાવતી હતી. મરઘીને ફિકર નથી હોતી કે નાનાં મરઘડાંનું શું થશે, તેને ખબર નથી હોતી કે નાનાં બચ્ચાં કેવા કેવા અનેક રોગોના ભોગ બની જતાં હોય છે, લોકોની નજરે બીમારી તથા મોતથી બચવાના વિવિધ ઉપાયોની જાણકારી પણ તેને નથી હોતી. એટલે મરઘીને તેનાં બચ્ચાંને કારણે યાતના નથી ભોગવવી પડતી. તે તો બચ્ચાં સારુ પોતાને કરવાનું બધું કરે છે, અને ખુશીથી કરે છે. એટલે

તેને બચ્ચાંથી ખુશી થાય છે. તેને બરાબર ખબર હોય છે કે બચ્ચું માંદું પડે ત્યારે શું કરવું: તે બચ્ચાને ખવડાવે છે અને હૂંફમાં રાખે છે. એમ કરતી વેળા તેને ખબર હોય છે કે જરૂરી બધું પોતે કરી રહી છે. બચ્ચું મરી જાય ત્યારે તે મનમાં સવાલ નથી કરતી કે બચ્ચું કેમ મરી ગયું અને ક્યાં ચાલ્યું ગયું. તે તો થોડીક વાર કકળાટ કરીને પછી દુ:ખ ભૂલી જાય છે અને અગાઉની જેમ જ જિંદગી ગુજારતી રહે છે. પરંતુ આપણી કમનસીબ સ્ત્રીઓ માટે એટલું પૂરતું નથી, ખાસ કરીને મારી પત્ની માટે નહોતું. બાળકોના રોગો અને ઈલાજોની વાત તો રહેવા દઈએ, બાળકોના ઉછેર અને કેળવણી વિશે પણ અનેકવિધ ખરાખોટા અગણિત નિયમો તેણે સાંભળીને અને વાંચીને જાણી લીધા હતા. બાળકોને આ અને તે ખવડાવવું જોઈએ; ના, આ અને તે નહિ પણ તે અને આ ખવડાવવું જોઈએ. બાળકોને કેવી રીતે ખવડાવવું, કપડાં પહેરાવવાં, નવડાવવાં, સુવડાવવાં, ફરવા લઈ જવાં, તાજી હવા આપવી, વગેરે વિશે અમે દર અઠવાડિયે કંઈક ને કંઈક નવું જાણી લેતાં, ખાસ કરીને મારી પત્ની જાણી લેતી. જાણે કેમ બાળકના જન્મની પ્રક્રિયાનો આરંભ ગઈકાલથી જ થયો હોય. કોઈ એક બાળક માંદું પડે તો કારણમાં તેને સરખી રીતે અને વખતસર કાં તો ખવડાવવામાં અથવા નવડાવવામાં ન આવ્યું હોય. ટૂંકમાં, બીમારીમાં દોષ મારી પત્નીનો જ હોય કારણ કે એણે જે કરવું જોઈએ તે ન કર્યું હોય.

"બાળકો તંદુરસ્ત હોય ત્યારે હાલત ખરાબ રહેતી જ, પરંતુ માંદાં પડે ત્યારે તો જિંદગી દોજખ જેવી બની જતી. સામાન્ય રીતે માનવામાં આવે છે કે રોગો મટાડી શકાય,

તેને માટે વિજ્ઞાનની અમુક શાખા છે, અને ઈલાજની જાણકારી ધરાવતા માણસો — ડૉક્ટરો — હોય છે. બધા ડૉક્ટરોને જાણકારી નથી હોતી, પણ તેમાંથી ઉત્તમ ડૉક્ટરોને હોય છે. એટલે બાળક માંદું પડે ત્યારે આપણે એ ઉત્તમ ડૉક્ટરને, જાણકારી ધરાવતા ડૉક્ટરને, ગોતી કાઢીએ તો બાળકને બચાવી શકાય. પરંતુ એ ખાસ ડૉક્ટર આપણને ન મળે, અથવા તે જ્યાં રહેતો હોય ત્યાં આપણે ન રહેતાં હોઈએ, તો બાળક મરી જાય. મારી પત્ની એકલી જ એમ માનતી હોય એવું નહોતું, અમારા સ્તરની બધી સ્ત્રીઓ એમ જ માનતી, અને મારી પત્નીને દરેક બાજુએથી એ સિવાય બીજું કશું જ સાંભળવા ન મળતું: 'યેકાતેરીના સેમ્યોનોવ્નાએ ઈવાન ઝાખારોવિચને વખતસર બોલાવ્યો નહિ એટલે એનાં બે બાળક મરી ગયાં.' 'ઈવાન ઝાખારોવિચે મારીયા ઈવાનોવ્નાની મોટી દીકરીને બચાવી લીધી.' 'પેત્રોવ પરિવારે ડૉક્ટરની સલાહ માનીને જુદી જુદી હોટેલોમાં રહેવાનું રાખ્યું એટલે બાળકો બચી ગયાં, એમ ન કર્યું હોત તો બાળકો ચોક્કસ મરી ગયાં હોત.' 'ફલાણાંનું બાળક બેહદ કમજોર થઈ ગયું હતું, ડૉક્ટરની સલાહ માનીને એને દક્ષિણમાં લઈ ગયાં એટલે એ બચી ગયું.' કોઈ પણ જનાવરને પોતાનાં બચ્ચાંની સલામતી અંગે જેવી ફિકર હોય એવી જ ફિકર મારી પત્નીને પોતાનાં બાળકોની સલામતી અંગે રહેતી. એનાં બાળકોની જિંદગીનો આધાર અમુક બાબત અંગે ઈવાન ઝાખારોવિચનો મત વેળા વીતી જતાં પહેલાં જાણી લેવા ઉપર હોય તો એ બિચારી ફિકર અને પરેશાનીમાં અટવાયા વગર કેવી રીતે રહી શકે? પરંતુ ઈવાન ઝાખારોવિચ શું કહેશે તેની કોઈને ખબર ન રહેતી, ઈવાન ઝાખારોવિચને પોતાને પણ જરાય ન રહેતી,

કારણ કે તે બરાબર જાણતો હતો કે પોતાને કશું જ્ઞાન નથી અને પોતે કંઈ જ કરી શકે એમ નથી. ઈલાજ અંગેની તેની જાણકારી અંગે લોકોમાં બંધાઈ ગયેલી નિષ્ઠાને ખતમ થતી અટકાવવા માટે તે તો કશોક અકસ્માત પ્રભાવ જ પાડી શકે એમ હતો. મારી પત્ની પૂર્ણ રૂપે જનાવર જેવી હોત તો આ બધી યાતનાઓ એને ન સહન કરવી પડી હોત. એ પૂર્ણ રૂપે માનવી જેવી હોત તો એણે ઈશ્વરમાં આસ્થા રાખી હોત અને બધા ભાવિકોની જેમ જ મનમાં વિચાર્યું તથા કહ્યું હોત કે 'ઈશ્વર આપે છે ને ઈશ્વર લઈ લે છે, ઈશ્વરની મરજી વગર કશું જ બનતું નથી.' એણે એવા ખ્યાલ વડે મન મનાવ્યું હોત કે મારાં બાળકો સમેત તમામ લોકોની જિંદગી અને મોતની બાબત માનવીના નહિ પરંતુ ઈશ્વરના અખત્યારમાં છે. તો એણે એવા વિચારો કરીને યાતના ન વહોરી લીધી હોત કે હું મારાં બાળકોની બીમારી અને મોતને અટકાવી શકું એમ છું. તો એણે એવા પ્રયાસો જ ન કર્યા હોત. પરંતુ એના મનમાં આવા વિચારો ઊભરાતા: સૌથી કમજોર અને નાજુક જીવોની જવાબદારી મને સોંપવામાં આવી છે, આ બાળુડાં અગણિત અનિષ્ટોના ભોગ બની જાય એમ છે. એને એ બાળુડાં પ્રત્યે ઘેલછાભર્યું જનાવર જેવું વહાલ હતું. એ પોતાને બાળુડાં માટે જવાબદાર ગણતી હતી. પરંતુ એ નાજુક જીવોના જતનના ઉપાયો થોડાક પંડિતો સિવાય કોઈની જાણમાં નહોતા, અને એ પંડિતોની સલાહ મોટી રકમના બદલામાં જ મળે એમ હતી, વળી પૈસા આપીને પણ હંમેશાં ન મેળવી શકાતી.

"મારી પત્નીની એનાં બાળકો જોડેની જિંદગી, અને પરિણામે મારી જિંદગી પણ, ખુશીની નહિ પરંતુ યાતનાની

હતી. એ સિવાય બીજું બને પણ શું? એ સતત વ્યથામાં અટવાયેલી રહેતી. ક્યારેક ખારીલા ઝઘડા કે સાધારણ કંકાસ પછી છવાઈ જતી શાંતિમાં મને થોડોક આરામ કરી લેવાની ઇચ્છા થતી, વાંચવાનું ને વિચારવાનું મન થતું. પરંતુ હું કશુંક નક્કી કરું એટલામાં તો ખબર આવી જતી કે વાસ્યાને ઊલટી થઈ છે, અથવા માશાના દસ્તમાં લોહી દેખાય છે, અથવા અન્દ્રેઈને શરીરે લાલ ચાઠાં ઊપસી આવ્યાં છે. મારી મનની મનમાં રહી જતી, બધી આશાઓ ધૂળમાં મળી જતી. મારે ક્યાં જવું! કયા ડૉક્ટરને બોલાવી લાવવો? બાળકને અળગું કેવી રીતે રાખવું? અને પછી દવાઓ, થર્મોમીટરો, જુલાબ સારુ એનિમા, ડૉક્ટરો... એવી એક ધાંધલ પૂરી થાય કે તરત જ બીજી શરૂ થઈ જતી. સરખી રીતે ચાલતી સાધારણ કૌટુંબિક જિંદગી જેવું કશું રહ્યું જ નહોતું. તેને બદલે, મેં કહ્યું તેમ, અમે ખરાં કે કલ્પિત જોખમોમાંથી અમારી જાતને ઉગારી લેવાની કોશિશો જ નિરંતર કરતાં રહેતાં. મોટા ભાગના કુટુંબોમાં એવી જ હાલત હોય છે. અમારા કુટુંબમાં તો ખાસ એમ હતું કારણ કે મારી પત્ની બીજાની વાતો સહેલાઈથી માની લેતી અને એને બાળકો બેહદ ગમતાં.

“એટલે બાળકોના જન્મથી અમારી જિંદગીમાં સુધારો થવાને બદલે ઝેર રેડાયું. વળી ખુદ બાળકોએ જ જાણે કજિયાનું નવું કારણ પૂરું પાડ્યું. એ વાત તો બાળકો થતાં જ સ્પષ્ટ થઈ ગઈ, અને બાળકો મોટાં થતાં ગયાં તેમ તેમ વધારે ને વધારે પ્રસંગોએ તેઓ કજિયાનું કેવળ કારણ જ નહિ પરંતુ સાધન પણ બની રહેતાં. વળી તેઓ કજિયાનું સાધન હોવા ઉપરાંત સંઘર્ષનું હથિયાર પણ હતાં. અમે

એકબીજાની જોડે અમારાં બાળકો વડે લડતાં. દરેકને પોતાનું માનીતું બાળક હતું, અને તેનો ઉપયોગ હથિયાર તરીકે થતો. હું સામાન્ય રીતે અમારા સૌથી મોટા દીકરા વાસ્યાની ઉપર વરસી પડતો, અને એ લિઝાની ઉપર વરસી પડતી. બાળકો મોટાં થતાં ગયાં અને તેમના સ્વભાવ ઘડાતા ગયા એટલે તેઓ સંભવિત મદદગારો બનતાં ગયાં, અને અમે પતિપત્ની બાળકોને પોતપોતાને પક્ષે જીતી લેવાની કોશિશ કરતાં. એથી બિચારાં બાળકોને બહુ જ સહન કરવું પડતું, પરંતુ અમે બેઉ તો અમારી અણથંભ લડાઈમાં એટલાં બધાં અટવાઈ ગયેલાં હતાં કે અમને બાળકોનો વિચાર કરવાની ફુરસદ જ નહોતી મળતી. અમારી દીકરી મારો પક્ષ લેતી, અને મા જેવો દેખાતો તથા માનો માનીતો સૌથી મોટો દીકરો વાસ્યા એનો પક્ષ લેતો. વાસ્યાને જોઈને મને ઘણી વાર નફરત છૂટતી.”

૧૭

“અમારી જિંદગી એવી રીતે વીતતી ગઈ. અમારા સંબંધો વધારે ને વધારે ઝેરીલા બનતા ગયા. આખરે એવી હાલત થઈ ગઈ કે મતભેદોના પરિણામે ખાર પેદા થવાને બદલે ખારને લીધે મતભેદો ઊભા થવા લાગ્યા. એને હોઠેથી શબ્દો નીકળે તે પહેલાં જ મારા મનમાં એની વાતનો વિરોધ કરવાનું નક્કી થઈ જતું, અને એની બાબતમાં પણ એમ જ બનતું.

“ચોથા વરસ દરમિયાન અમે બન્નેએ સ્વતંત્ર રીતે નતીજો તારવી લીધો કે એકબીજાને સમજવાનું અથવા પરસ્પર

સુમેળ જાળવી રાખવાનું અશક્ય છે. અમે સમજૂતી સાધવાની કોશિશો જ તજી દીધી. તદ્દન સાદી બાબતોમાં પણ, ખાસ કરીને બાબતો બાળકોને લગતી હોય ત્યારે, અમે પોતપોતાના મતને અડગતાથી વળગી રહેતાં. હવે મને યાદ આવે છે કે એ વખતે હું જે અભિપ્રાયોને વળગી રહેતો હતો તે મને તજી ન શકાય એટલા બધા પ્યારા તો નહોતા જ, પરંતુ એના અભિપ્રાયોને માની લેવાથી તો મસ્તક ઝુકાવી દીધું ગણાય. એ મારાથી બને એમ નહોતું, અને એને માટે પણ એ શક્ય નહોતું. ઘણું કરીને એ પણ પોતાની વાતને ખરી ગણતી હશે. હું તો ચોક્કસ મારી વાતને ખરી ગણતો જ હતો. અમે બે એકલાં પડીએ ત્યારે કાં તો ચુપકી છવાયેલી રહેતી અથવા લગભગ પશુની કક્ષાની વાતો થતી: 'કેટલા વાગ્યા છે?' 'હવે સૂઈ જઈએ,' 'આજે જમવામાં શું શું છે?' 'ક્યાં જઈશું?' 'છાપાંમાં ખાસ કંઈ નવીન છે?' 'ડૉક્ટરને બોલાવવો પડશે, માશાનું ગળું ખરાબ છે.' વાતચીતના એવા અનહદ સંકુચિત વિષયોથી અમે જરા સરખાંયે આઘાંપાછાં થઈએ તો અચૂક ચિડાઈ જતાં, એકબીજાની ઉપર વરસી પડતાં. કૉફી, મેજપોશ, ગાડી, અથવા પત્તાંની રમતમાં કોઈ ચાલને બહાને, એને માટે કે મારે માટે લગાર પણ મહત્ત્વની ન ગણી શકાય એવી બાબતોને બહાને. અમે એકબીજાની ઉપર ધુતકાર ઠાલવવા લાગતાં. મારા સંબંધમાં હું કહી શકું કે એના પ્રત્યેની મારી નફરત ક્યારેક તો કલ્પનાતીત કક્ષાએ પહોંચી જતી. ક્યારેક એને ચા રેડતી, પગ હલાવતી, ચમચો મોંએ માંડતી, અથવા ચાનો ઘૂંટડો ભરતી જોઉં ત્યારે એ બધું કરવાની એની રીતથી મારા મનમાં નફરત પેદા થઈ જતી, જાણે કેમ એ કોઈ

ઘોર અપરાધ કરી રહી હોય. એ વખતે મારા ધ્યાનમાં નહોતું આવ્યું કે મારી એવી નફરતના ગાળા નિયમિત રીતે અને અચૂક રીતે એવી મોજ પછી જ આવતા કે જેને પ્રેમ કહેવામાં આવે છે. પ્રેમનો ગાળો—નફરતનો ગાળો, આછા પ્રેમનો ગાળો—નફરતનો ટૂંકો ગાળો, તીવ્ર પ્રેમનો ગાળો—નફરતનો લાંબો ગાળો. એ વખતે અમને નહોતું સમજાતું કે એ પ્રેમ અને નફરત તો એકની એક પાશવી વૃત્તિનાં અલગ અલગ પાસાં જ હતાં.

"ખરી હાલતને અમે સમજી ગયાં હોત તો જિંદગી કોઈ કુસ્વપ્ન જેવી બની ગઈ હોત, પરંતુ અમે નહોતાં સમજી શકતાં, અમે પરિસ્થિતિને વાસ્તવિક રૂપમાં નહોતાં જોઈ શકતાં. માણસનો ઉગાર તેમ જ સજા એ હકીકતમાં જ સમાયેલાં છે: માણસ ભલે ગમે એવી ખોટી જિંદગી જીવતો હોય, પરંતુ એ બાબતને તે પોતાનાથી છુપાવી શકે છે, પોતાની હાલતની કરુણતા ઉપર પડદો ઢાંકી શકે છે. અમે પણ એમ જ કરતાં હતાં. એ મનને ઘરકામની દિશામાં વાળવાની કોશિશ કરતી અને બેચેનીથી ઘાંઘી થઈને ચીજવસ્તુઓ ઠીકઠાક ગોઠવવા લાગતી, કપડાં બદલતી, બાળકોનાં કપડાં બદલાવતી, વાંચવા લાગતી, બાળકોની તંદુરસ્તી જાળવવાનાં કામકાજ કરતી. હું મારી રીતે મનને કેફમાં ડુબાવી દેતો—કામ, શિકાર, અને પત્તાંની રમતના કેફમાં ડુબાવી દેતો. અમે બેઉ કંઈ ને કંઈ કરતાં જ રહેતાં. અમને બેઉને લાગતું કે અમે કશા ને કશા કામકાજમાં જેટલાં વધારે ડૂબેલાં રહીએ એટલા પ્રમાણમાં વધારે આકરું વર્તન એકબીજાની જોડે કરવાનો અધિકાર અમને મળી જતો. હું મનમાં કહેતો: 'આમ મોઢું બગાડવાનું તારે માટે સાવ સહેલું છે, આખી રાત કંકાસ

કરીને મને જરાય સૂવા નથી દીધો, અને મારે હવે કામની મિટિંગમાં જવાનું છે.' એ કેવળ મનમાં જ નહિ પણ મોટેથીયે કહેતી: 'તમારે તો બધું ઠીક છે, પણ મને બચ્ચાએ આખી રાત જાગતી રાખી છે.'

"અમારી જિંદગી એવી રીતે વીતી રહી હતી, જાણે ધુમ્મસ અમને ખરી હાલત જોતાં અટકાવતું હોય એવી રીતે અમારા દિવસો વીતતા હતા. અને આગળ જતાં જે બની ગયું તે ન બન્યું હોત તો હું પાકટ ગઢપણ સુધી એવી જ રીતે જીવતો રહ્યો હોત, જિંદગીની આખરી ઘડી સુધી માનતો રહ્યો હોત કે મારી જિંદગી મઝાની વીતી ગઈ—ભલે ખાસ મઝાની નહિ તોયે ઠીક ઠીક વીતી ગઈ, સૌની જિંદગી જેવી સરખી રીતે વીતી ગઈ. મને કદી ન સમજાયું હોત કે હું દુ:ખ અને જૂઠાણાંની કેવી ઊંડી ખીણમાં ગોથાં ખાઈ રહ્યો હતો.

"અમે એક જ જંજીર વડે ભેગા જકડાયેલા બે મરણિયા દુશ્મનો જેવાં હતાં, એકબીજાની જિંદગીમાં ઝેર રેડી રહ્યાં હતાં, પરંતુ એવા એકરારનો ઇનકાર કરી રહ્યાં હતાં. મને એ વખતે હજી ખબર નહોતી કે નવાણું ટકા પતિપત્નીઓની જિંદગી એવી જ હોય છે અને એમ બનવું અનિવાર્ય છે. એ વખતે મને મારી બાબતમાં કે બીજા લોકોની બાબતમાં એવી જાણકારી હજી નહોતી હાંસલ થઈ.

"માણસ ભલે ખરી કે ખોટી રીતે જીવતો હોય, પણ જિંદગીમાં કેવા અજબ સંયોગ આવતા હોય છે! માબાપ જિંદગીને તદ્દન અસહ્ય તબક્કે પહોંચી જાય ત્યારે બાળકોની કેળવણીને ખાતર શહેરમાં રહેવા જવાનું જરૂરી બની જાય. અમારી જિંદગીમાં પણ એવી આવશ્યકતા ઊભી થઈ."

તે ચુપ થઈ ગયો અને તેણે બે વાર ડૂસકાં જેવા અવાજ કર્યા. ગાડી કોઈ સ્ટેશને પહોંચી રહી હતી.

"કેટલા વાગ્યા?" તેણે પૂછ્યું.

મેં ઘડિયાળમાં જોયું. બે વાગ્યા હતા.

"તમે થાકી તો નથી ગયા ને?" તેણે પૂછ્યું.

"ના, પણ તમે થાકી ગયા હશો."

"હું તો જાણે ગૂંગળાઈ ગયો હોઉં એમ લાગે છે. જરાક બહાર ફરી આવું અને પાણી પી આવું."

તે પગ ફંગોળતો બારણા તરફ રવાના થઈ ગયો. હું એકલો બેઠો બેઠો એની વાતોના વિચાર કરવા લાગ્યો. હું વિચારોમાં એવો ડૂબી ગયેલો કે તે બીજે છેડેથી ડબ્બામાં દાખલ થઈને પાછો આવ્યો તેની મને ખબર જ ન પડી.

૧૮

"હું શાંતિથી વાત નથી કરી શકતો," તેણે ફરી શરૂ કર્યું. "આ બધી બાબતો વિશે મેં બહુ વિચાર કર્યો છે, હવે હું હાલતને જુદી જ નજરે જોઉં છું, અને મને મારા વિચારો બીજા લોકોને જણાવવાની મંછા છે.

"તો અમે શહેરમાં રહેવા લાગ્યાં. દુ:ખી લોકો માટે શહેરની જિંદગી વધુ આસાન હોય છે. શહેરમાં માણસ એકસો વરસ જીવે પણ એને ખબર જ ન પડે કે પોતે તો ક્યારનો મરી ચૂકેલો અને માટીમાં ભળી ચૂકેલો છે. 'પોતાની જાત'ને ઓળખવાનો વખત જ નથી હોતો. સૌ પોતપોતાની

જિંદગીમાં મશગૂલ હોય છે. કારોબારી મામલા, સામાજિક રીતરસમો, તંદુરસ્તી, કલા, બાળકોની તંદુરસ્તી, બાળકોની કેળવણી, વગેરે વગેરે. આજે ફલાણાંને બોલાવવાના છે, કાલે ફલાણાંને મળવા જવાનું છે. આ જોવાનું છે ને પેલું સાંભળવાનું છે. શહેરમાં હંમેશાં એક કે બે કે ત્રણ એવી નામાંકિત વ્યકિતઓની પધરામણી થતી હોય છે કે જેની અવગણના ન થઈ શકે. આ કે તે કે પેલાનો ઇલાજ થવાનો છે, શિક્ષકો ને મદદગારો ને આયાઓની બાબતો હોય છે, અને બધી રીતે જોતાં જિંદગી ખાલી પીપડા જેવી હોય છે.

"અમે એવી રીતે જિંદગી ગુજારતાં હતાં અને અમારી સહજીવનની વેદનાનું શમન થઈ જતું. આરંભના મહિનાઓ દરમિયાન અમે નવા શહેરમાં અને નવા ફ્લેટમાં સ્થાયી થવાના તેમ જ શહેરમાંથી ગામમાં અને ગામમાંથી શહેરમાં આવવા જવાના દિલપસંદ કામકાજમાં ડૂબેલાં રહેતાં.

"એક શિયાળો વીતી ગયો. બીજા શિયાળા દરમિયાન સાવ નજીવી ને નમાલી લાગે એવી એક વાત બની ગઈ, પરંતુ આગળ જતાં જે બની ગયું તેનો સીધો સંબંધ એ વાત જોડે હતો. મારી પત્નીની તબિયત સારી નહોતી રહેતી, અને પેલા લફંગાઓએ જાહેર કરી દીધું કે વધુ બાળકો પેદા કરવાનું એને માટે હિતકર નથી. ડૉક્ટરોએ તો એને ગર્ભાધાન ટાળવાની રીતો પણ સમજાવી દીધી. મને એ બધું ધૃણાસ્પદ લાગ્યું. મેં એને સમજાવવાની પૂરી કોશિશ કરી, પરંતુ એ તો આછકલી હઠ કરીને પોતાની વાતને વળગી રહી. એટલે મેં આખરે નમતું મૂક્યું. અમારી પાશવતાનું આખરી બહાનું—બાળકો—ખતમ થઈ ગયું. જિંદગી બેહદ ધૃણાજનક બની ગઈ.

"ખેડૂતો અને કામદારો માટે બાળકો જરૂરી હોય છે, બાળકોનાં પેટ ભરવાનું ભલે ગમે તેટલું મુશ્કેલ હોય તોયે બાળકો જરૂરી હોય છે. એટલે તેમના દેહસંબંધો ઉચિત છે. પરંતુ આપણે ઉપલા સ્તરના લોકો કશી જરૂર વગર બાળકો પેદા કરીએ છીએ. આપણે માટે બાળકો એટલે વધારાની ફિકર અને ખર્ચ, વારસાના અણવાંછ્યા દાવેદારો, જિંદગીમાં નકામો બોજો. એટલે આપણી પાશવતાને ખરી ઠરાવવાનું કશું કારણ હોતું જ નથી. આપણે કાં તો બાળકોને ટાળવાના કૃત્રિમ ઉપાયો અજમાવીએ છીએ અથવા તેમને દુર્ભાગ્ય ગણીએ છીએ, લાપરવાઈને લીધે થઈ ગયેલી ભૂલ ગણીએ છીએ, અને એ બાબત સૌથી વધારે ધૃણાસ્પદ છે. વાજબી ઠરાવવાનું શક્ય જ નથી. પરંતુ આપણે એવી અવનત દશામાં સરી પડ્યા છીએ કે એને વાજબી ઠરાવવાની કશી જરૂર જ આપણને નથી લાગતી. આજે ભારે મોટા ભાગના સુશિક્ષિત માણસો અંતરમાં કશો ડંખ અનુભવ્યા વગર બદફેલીમાં ડૂબી જતા હોય છે.

"આપણને અંતરમાં ડંખ કેવી રીતે લાગે? આપણામાં અંતરાત્મા જેવું તો કશું રહ્યું જ નથી, સિવાય કે લોકમતને અથવા ગુના સંબંધી કાનૂનોને એક જાતનો અંતરાત્મા ગણી લઈએ. પરંતુ તેમાંથી એક યા બીજાનું કશું ઉલ્લંઘન નથી થતું. લોકમત કશો વાંધો ન ઉઠાવી શકે કારણ કે **સૌ** આપણી જેમ જ કરતાં હોય છે, મારીયા પાવલોવ્ના અને ઈવાન ઝાખારોવિચ પણ એમ જ કરતાં હોય છે. શું? બેસુમાર ભિખારીઓ પેદા કરવા? સમાજમાં હરવાફરવાના મોકા જતા કરવા? અને કાનૂનોની બાબતમાં તો કરવા જેવું કશું છે જ નહિ. કેવળ નીચલા સ્તરની સ્ત્રીઓ અને સૈનિકોની માશૂકો

જ પોતાનાં બચ્ચાંને કૂવાતળાવમાં ફેંકી દે. એવી સ્ત્રીઓને બેશક સજા થવી જ જોઈએ. પરંતુ આપણે તો બધી ગોઠવણ વેળાસર અને વળી રોગના જોખમથી બચીને કરી લઈએ.

"બે વરસ એમ વીતી ગયાં. લફંગા ડૉક્ટરોની રીતો અસરકારક સાબિત થઈ. મારી પત્ની જાણે ખીલી ઊઠી. એનામાં વધારે શકિત આવી, અને એ અધિક રૂપાળી બની ગઈ, જાણે ઢળતા ઉનાળામાં ખીલી ઊઠેલું પુષ્પ. એ વાત એના ખ્યાલમાં પણ આવી ગઈ, એટલે એ સાજશણગારની બાબત ઉપર વધારે ધ્યાન આપવા લાગી. એના રૂપમાં જાણે પડકાર કરતું અને બેચેન બનાવી દેતું કશુંક હતું. એ ત્રીસ વરસની પૂરી ખીલી ઊઠેલી તરવરતી યુવાન સ્ત્રી હતી. એને જોતાં હૈયાના ધબકારા વધી જતા. એ પુરુષોની મંડળીમાં ફરતી હોય ત્યારે સૌની નજર એની તરફ ખેંચાતી. એને નીરખતાં એવો ખ્યાલ આવતો કે પૂરો સાજ ગોઠવેલા કોઈ રાતામાતા તાજા થનગનતા ઘોડાની લગામ જાણે એકાએક ઢીલી મૂકી દેવામાં આવી હોય. નવાણું ટકા સ્ત્રીઓની ઉપર જેમ કશો અંકુશ નથી હોતો એમ એની ઉપર કશો અંકુશ હતો જ નહિ. હું એ સમજતો અને ભયભીત બની જતો."

૧૯

તે આવેશમાં ઊભો થઈ ગયો અને જઈને બારી નજીક બેઠો.

"માફ કરજો," તે મોં ફેરવી લેતો બોલ્યો. તે લગભગ ત્રણ મિનિટ સુધી બારીની બહાર નજર તાકીને બેઠો રહ્યો, પછી

નિસાસો નાખીને ઊભો થયો અને આવીને વળી મારી નજીક બેઠો. તેનો ચહેરો સાવ પલટાઈ ગયો હતો, તેની આંખો જાણે દયનીય લાગતી હતી, અને તેણે સંકોચેલા હોઠમાં મલકાટ જેવું કશુંક વરતાતું હતું.

"જરાક થાક લાગ્યો છે પણ વાત ચાલુ રાખું છું. હજી તો ઘણો વખત છે, ઉજાસ શરૂ નથી થયો. હા..." તેણે સિગારેટ સળગાવતાં વાત આગળ ચલાવી, "બાળકો પેદા કરવાનું બંધ કર્યા પછી એ વધારે રૂપાળી બની ગઈ અને એની કાયા પુષ્ટ બની ગઈ. એની બીમારી—બાળકોને કારણે થતી અવિરત પીડા—બહુ ઓછી થઈ ગઈ. બીમારી સાવ ખતમ તો નહોતી થઈ, પરંતુ એ જાણે દારૂના કેફથી મુક્ત બની રહી હતી, એકાએક આસપાસની દુનિયા અને તમામ ખુશીઓને નીરખવા લાગી હતી. જેને એ સાવ ભૂલી ગઈ હતી, જેની એ કદર નહોતી કરી શકતી, અને જે એને સમજાતી નહોતી, એવી દુનિયાને એ જાણે નીરખવા લાગી હતી. 'આ ખુશીઓની વેળા ચૂકવી ન જોઈએ! વખત વીતી રહ્યો છે, ખુશીઓ કદી પાછી નહિ આવે!' મને લાગે છે કે એના મનમાં એવા વિચારો ઘોળાતા હશે અથવા એવી લાગણી થતી હશે. એ સિવાય બીજા વિચારો કે લાગણીની શક્યતા જ નહોતી. એના ઉછેરમાં એવી માન્યતાનું ઘડતર કરવામાં આવ્યું હતું કે જિંદગીને જીવવા લાયક તો માત્ર એક જ બાબત બનાવે છે—પ્રેમ. એણે શાદી કરી લીધી હતી. એ પ્રેમમાંથી એને કશુંક જરૂર મળ્યું હતું, પરંતુ એ તો અપેક્ષાથી ઓછું હતું, વાયદાથી નિરાળું હતું. એથી એ તો નિરાશા અને વેદનાનો ભોગ બની હતી. વળી સાવ અણધારી યાતના—બાળકો—એને માથે વધારામાં વરસી

પડી હતી. એવી યાતનાથી એ સાવ ઘસાઈ ગઈ હતી. અને હવે માયાળુ ડૉક્ટરોની મદદથી એને ખબર પડી ગઈ હતી કે ગર્ભાધાન ટાળવાનું શક્ય છે. એના દિલમાં ખુશી છલકાવા લાગી, નવી લાગણીમાં એને મઝા પડી, એની જાણ મુજબ જિંદગીના એકમાત્ર હેતુ સારુ — પ્રેમ સારુ — એનામાં જાણે નવું ચેતન રેડાઈ ગયું. પરંતુ એની કામનાનો એ પ્રેમ ભ્રષ્ટ, અદેખા, અને ખારીલા પતિનો પ્રેમ નહોતો. એ કોઈ નિરાળા પ્રેમનાં, નૂતન અને નિર્મળ પ્રેમનાં, સ્વપ્નાં સેવવા લાગી. મને તો એમ જ લાગ્યું. એ જાણે કોઈની વાટ જોઈ રહી હોય એમ આસપાસ નજર દોડાવવા લાગી. હું આ બધું જોતો અને ફિકરમાં ડૂબી જતો. એની રીત મુજબ એ બીજા લોકોના માધ્યમનો ઉપયોગ કરીને મને કશુંક સંભળાવતી હોય ત્યારે — એટલે કે વાત બીજાની જોડે કરતી હોય પણ શબ્દો મને ઉદ્દેશીને બોલતી હોય ત્યારે — એક જ કલાક પહેલાં પોતે કરેલી સાવ ઊલટી વાત ભૂલી જઈને અરધી બહાદુરીથી અને અરધી રમતિયાળ ભાવે કહેતી કે બાળકો અંગેની માતાની કાળજી તો છળ છે, માણસ યુવાન હોય અને જિંદગીની મોજ માણી શકે એમ હોય ત્યારે બાળકોને ખાતર જિંદગી કુરબાન કરી દેવાનો કશો અર્થ નથી. એટલે એણે બાળકોની ઉપર ધ્યાન આપવાનું ઓછું કરી નાખ્યું, અને જેટલું ધ્યાન આપતી એમાં પણ અગાઉનો ખંતીલો ઉમળકો જરાય બાકી નહોતો રહ્યો. એ વધારે ને વધારે વખત પોતાની કાયાની માવજતમાં અને ટાપટીપમાં ગાળવા લાગી, જોકે એ હકીકતને મનોરંજન અને આત્મસુધારણાના પડદા હેઠળ ઢાંકી રાખવાની કોશિશ એ કરતી રહેતી. અગાઉ

સાવ છોડી દીધેલો પિયાનો એણે ફરી વગાડવાનું શરૂ કરી દીધું. મામલાની શરૂઆત એવી રીતે થઈ."

તેની થાકેલી આંખો બારી તરફ ફરી, પણ તેણે નજર તરત જ પાછી વાળી લીધી. તે જાણે પરાણે વાત ચાલુ રાખવાની કોશિશ કરતો હોય એમ લાગતું હતું.

"પછી પેલો આદમી અમારી જિંદગીમાં આવ્યો."

તે થંભી ગયો, અને તેણે પોતાનો વિચિત્ર અવાજ બે વાર કર્યો. હું જોઈ શક્યો કે એ આદમીનું નામ લેતાં, તેને યાદ કરતાં, તેની વાત કરતાં, પોઝ્દ્નિશેવને દિલમાં દુ:ખ થતું હતું. પરંતુ તેણે મહેનત કરીને વાત ચાલુ રાખી. જાણે કેમ અવરોધોને તોડી રહ્યો હોય એમ તેના અવાજમાં નિર્ધાર ભર્યો હતો.

"મને એ આદમી હલકટ લાગ્યો. એણે મારી જિંદગીમાં ભજવેલા ભાગને કારણે હું એમ નથી કહેતો, આદમી ખરેખર હલકટ હતો. એ હલકટ હતો એ હકીકત સાબિત કરી આપે છે કે મારી પત્ની કેટલી ગેરજવાબદાર હતી. એ આદમી ન મળી ગયો હોત તો એની જગ્યાએ બીજો કોઈ આદમી હોત — પણ જે બન્યું એ તો ચોક્કસ બનવાનું હતું જ!" વળી તે થોડી વાર ચુપ રહ્યો. "એ સંગીતકાર હતો, વાયોલિન વાદક હતો, ધંધાદારી વાયોલિન વાદક નહિ પણ અરધો સંગીતકાર અને અરધો સમાજી વરણાગી હતો. એનો પિતા જમીનદાર હતો, મારા પિતાનો પાડોશી હતો. એના પિતાની બધી દોલત ખતમ થઈ ગઈ અને ત્રણમાંથી મોટાં બે બાળકો ક્રમે વળગી ગયાં. સૌથી નાના દીકરાને એની ધર્મમાતા પાસે પેરિસ મોકલી દેવામાં આવ્યો. એનામાં સંગીતની આવડત હતી એટલે એને સંગીતશાળામાં દાખલ કરાવવામાં આવ્યો.

શાળામાં વાયોલિનની તાલીમ લીધા પછી એ સંગીતના કાર્યક્રમોમાં વાયોલિન વગાડતો. આદમી તરીકે એ..."

તેને એ આદમી વિશે કશુંક ભયંકર કહેવાનું મન થયું હોય એમ લાગ્યું, પણ તેણે મનને કાબૂમાં રાખીને એકદમ ફરી વાત શરૂ કરી દીધી. "એ પેરિસમાં કેવી જિંદગી જીવતો હતો તેની મને ખબર નથી, હું તો ફક્ત એટલું જ જાણું છું કે એ વરસે રશિયા પાછો ફરીને એ મારે ત્યાં આવ્યો.

"બદામના આકારની જાણે ભીનાશભરી લાગતી આંખો, મલકતા રાતા હોઠ, મીણ લગાવેલી મૂછો, અદ્યતન ફૅશનની કેશ-સજાવટ, સ્ત્રીઓ જેને 'ખરાબ નહિ' કહેતી હોય છે એવો છીછરો દેખાવડો ચહેરો, નારીના જેવા અથવા કહેવાય છે તેમ હોટેન્ટોટ જાતિના માણસો જેવા પુષ્ટ કૂલા. સાંભળ્યું છે કે હોટેન્ટોટ લોકો સંગીતના શોખીન હોય છે. એને મોકો આપવામાં આવે તો એ નિકટ આવી જતો, પરંતુ લાગણીપ્રધાન હોવાથી તુચ્છકારનો જરા સરખોયે અણસારો જોવા મળતાં જ પાછો હઠી જતો. એ પોતાનો મોભો જાળવતો, પેરિસની વિચિત્ર ઢબના બટનવાળા બૂટ પહેરતો, ચળકતા રંગની નેકટાઈ બાંધતો, અને બીજી એવી ચીજો પહેરતો કે જે વિદેશીઓ પેરિસમાં ખરીદી લેતા હોય છે, અને જે નવીનતા તથા મૌલિકતાને લીધે સ્ત્રીઓનાં મન હંમેશાં પ્રભાવિત કરી દેતી હોય છે. એ હંમેશાં કૃત્રિમ ઉપરછલ્લી ખુશીના ભાવ ધારણ કરતો. એની વાત કરવાની રીત ઈશારા અને અધૂરાં વાક્યો રમતાં મૂકી દેવાની હતી, જાણે કેમ એનો આશય સૌ સમજતાં હોય અને વાક્યોને જાતે જ પૂરાં કરી શકતાં હોય.

"આખી વાતના મૂળમાં એ અને એનું સંગીત હતાં.

મુકદ્દમામાં એવો દેખાવ કરવામાં આવેલો કે જાણે બધું ઈર્ષાને લીધે બન્યું હોય. પરંતુ વાત મુદ્દલ એવી નહોતી, એટલે કે મુદ્દલ નહોતી એમ તો ન કહેવાય પણ તોયે એવી તો નહોતી. મુકદ્દમામાં ફેંસલો કરવામાં આવ્યો કે મને પતિ તરીકે ગેરઇનસાફ થયેલો અને એટલે મારા માનના રક્ષણ ખાતર (મુકદ્દમામાં મારા કૃત્યને એવું ગણાવવામાં આવેલું) મેં મારી પત્નીની હત્યા કરી નાખી હતી. એટલે મને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો. મુકદ્દમા દરમિયાન મેં ખરી હાલતનું બયાન કરવાના પ્રયાસો કર્યા, પરંતુ એ લોકોએ ધારી લીધું કે હું મારી પત્નીની ઇજ્જતની રખેવાળી કરી રહ્યો છું.

"એ સંગીતકાર જોડે મારી પત્નીના સંબંધો ભલે ગમે તેવા રહ્યા હોય, પરંતુ એ સંબંધો મારે માટે કે એને માટે કશું જ મહત્ત્વ નહોતા ધરાવતા. કોઈ પણ બાબતનું કશું મહત્ત્વ હોય તો એક જ બાબતનું હતું. એ હું તમને જણાવી ચૂક્યો છું—મારી પાશવતા. જે બની ગયું તેના કારણમાં અમારી વચ્ચેની ભયાનક ખીણ હતી. એકબીજા પ્રત્યેની અમારી નફરતનો તણાવ એટલો સખત હતો કે મામલાને આખરી તબક્કે પહોંચાડી દેવા માટે જરા સરખી ઉશ્કેરણી પણ પૂરતી હતી. અમારા ઝઘડા ભયંકર બની ગયા હતા, અને વચ્ચે વચ્ચે તીવ્ર પાશવી મનોરાગના ગાળા આવતા હોવાથી એ ઝઘડા વધુ ભયંકર હતા.

"અમારી જિંદગીમાં એ આદમી ન આવ્યો હોત તો બીજો કોઈ આવ્યો હોત. ચાલક બળ ઈર્ષાનું ન રહ્યું હોત તો બીજા કશાકનું રહ્યું હોત. હું માનું છું કે મારા જેવી જિંદગી ગુજારતા તમામ આદમીઓ કાં તો તદ્દન ભ્રષ્ટ બની જાય, અથવા પત્નીને તજી દે, અથવા આત્મહત્યા કરી લે,

કે પછી મેં કર્યું તેમ પત્નીની હત્યા કરી નાખે. કોઈ એવા અંજામથી બચી જાય તો એ વિરલ અપવાદ ગણાય. મેં આણેલા અંજામ પહેલાં હું ઘણી વાર આત્મહત્યાની અણિએ પહોંચી ગયો હતો, અને મારી પત્નીએ પણ ઝેર ખાઈ લેવાની કોશિશ કરી હતી."

૨૦

"હા, અંજામ પહેલાં થોડાક વખતે હાલત એવી હતી. અમે જાણે એક જાતની જંગમોકૂફી કરી લીધી હતી, અને અમારે તેને જાળવી રાખવી જોઈતી હતી. પરંતુ પછી એક દિવસે મેં વાત કરી કે અમુક કૂતરાને પ્રદર્શનમાં ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

"'ચંદ્રક નહિ, ખાલી પ્રમાણપત્ર', એણે કહ્યું.

"દલીલો શરૂ થઈ ગઈ. અમે એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર કૂદી પડવા લાગ્યા. એકબીજાના વાંક કાઢવામાં આવ્યા.

"'સૌને ખબર છે, હંમેશાં એમ જ બને છે, તમે કહ્યું કે...'

"'ના, હું એવું કંઈ બોલ્યો જ નથી.'

"'એટલે હું જૂઠું બોલું છું, એમ ને?'

"મને લાગ્યું કે હવે ભયંકર ઝઘડો થવાનો છે. એવા ઝઘડા પછી મને કાં તો એને મારી નાખવાનું અથવા આપઘાત કરી લેવાનું મન થઈ જતું. મને ખાતરી હતી કે અમે એવા જ ઝઘડાની અણિ પર પહોંચી ગયાં છીએ. મને એવા ઝઘડાની

આગ જેવી બીક લાગતી. મારે મનને કાબૂમાં રાખવુ હતું પરંતુ મારી આખી હસ્તીમાં જાણે ઝનૂન છલકાઈ રહ્યું હતું. એની હાલત પણ એવી જ કે બદતર હતી. એ મારી વાતને જાણીજોઈને મચડી નાખતી હતી અને મારા શબ્દોના ખોટા અર્થ તારવતી હતી. એના એક એક વેણમાંથી ઝેર નીતરી રહ્યું હતું. એને ખબર હતી કે મને સૌથી વધારે પીડા થાય એવી ચોટ કેવી રીતે કરવી, અને એ બરાબર એવી રીતે જ ચોટ કરતી હતી—ફરી ફરીને, વારંવાર. મેં બરાડો પાડીને 'ચુપ મર!' કે એવું જ કંઈક કહ્યું. એ ઊછળી પડી અને બાળકોના ખંડ તરફ ધસી ગઈ. મારે કહેવું હતું એ કહી લેવા સારુ મેં એને અટકાવવાની કોશિશ કરી. મેં એનું બાવડું પકડી લીધું. એણે જાણે પીડા થઈ હોય એવો ઢોંગ કરીને રાડ પાડી: 'બચ્ચાં, તમારા બાપુ મને મારે છે!'

"'જૂઠું ના બોલ!' હું બરાડયો.

"'આ કંઈ પહેલી વાર નથી,' એણે વળતો ઘાંટો પાડયો.

"બાળકો દોડતાં એની પાસે પહોંચી ગયાં. એણે તેમને શાંત પાડવાની કોશિશ કરી.

"'ઢોંગ રહેવા દે,' મેં કહ્યું.

"'તમારી નજરમાં તો બધુંય જાણે ઢોંગ જ છે, તમે તો માણસને મારી નાખીને પણ એની ઉપર પાછો ઢોંગનો આક્ષેપ લગાવો એવા છો! હવે મને બરાબર સમજાઈ ગયું છે, તમારી મુરાદ એવી જ છે!'

"'તારું મોત આવે તો સારું!' હું ચીસ પાડી ઊઠયો.

"અત્યારે પણ મને બરાબર યાદ છે કે મારા જ શબ્દો સાંભળીને હું કેવો ત્રાસી ગયેલો. મને ખ્યાલ જ નહોતો

કે એવાં આકરાં ખોફનાક વેણ હું કદી બોલી શકું. મારે હોઠેથી સરી પડેલા શબ્દો ઉપર મને પોતાને જ વિશ્વાસ ન બેઠો. ચીસ પાડીને બોલી નાખ્યા પછી હું દોડતો મારા અભ્યાસખંડમાં ચાલ્યો ગયો, અને ત્યાં બેસી જઈને સિગારેટ પીવા લાગ્યો. મારે કાને પડતા અવાજો ઉપરથી મને લાગ્યું કે એ પ્રવેશખંડમાં જઈને બહાર જવાનાં કપડાં પહેરી રહી છે. મેં જઈને એને પૂછ્યું કે ક્યાં જાય છે. એણે કશો જવાબ ન આપ્યો. 'દોજખમાં જાય,' હું મનમાં બોલ્યો. હું પાછો અભ્યાસખંડમાં ગયો અને ત્યાં આડો પડીને વળી સિગારેટ પીવા લાગ્યો.

"એની ઉપર વેર વાળવાના, એનાથી છુટકારો હાંસલ કરવાના, જેમતેમ કરીને મામલો સંકેલી લેવાના અને જાણે કશું જ ન બન્યું હોય એવી રીતે જિંદગી પાછી ચાલવા દેવાના, હજાર હજાર મનસૂબા મારા મગજમાં ધમાચકડી કરવા લાગ્યા. હું આડો પડયો પડયો વિચારોમાં ડૂબી જઈને ધુમાડા કાઢતો રહ્યો, ધુમાડા કાઢતો રહ્યો, ધુમાડા કાઢતો રહ્યો. મને ભાગી જવાના, છુપાઈને રહેવાના, અમેરિકા ચાલ્યા જવાના, ખ્યાલો આવ્યા. હું એના વગરની જિંદગીની કલ્પના કરવા લાગ્યો. મને તરંગો આવ્યા કે એવી જિંદગી શાનદાર હશે, હું કોઈ બીજી તદ્દન નિરાળી અદ્ભુત સ્ત્રી જોડે મારું જીવન સાંકળી લઈશ. એ મરી જાય એવું કરીને અથવા એને તલાક આપીને હું એનાથી છુટકારો હાંસલ કરી લઈશ. પછી હું એ કામ પાર પાડવાની તરકીબો ઘડવા લાગ્યો. હું સમજતો હતો કે એવા વિચારો મારે ન કરવા જોઈએ, પરંતુ એવી સમજણને મારી સામેથી ટાળવા સારુ હું ધુમાડા કાઢયે જતો હતો.

"ઘરમાં જિંદગી રોજની જેમ ચાલતી રહી. આયા આવી અને એણે પૂછ્યું કે માલકિન બાઈ ક્યાં ગયાં છે અને ક્યારે પાછાં આવશે. નોકરે આવીને ચા-નાસ્તો પીરસવા અંગે પૂછ્યું. હું ભોજનખંડમાં ગયો. બાળકોએ, અને ખાસ કરીને તો બધું સમજે એટલી મોટી થઈ ગયેલી લિઝાએ, ટાઢી સવાલભરી નજર મારી તરફ નાખી. અમે ચુપચાપ ચા-નાસ્તો કરી લીધો. મારી પત્ની પાછી ન આવી. સાંજ વીતી જવા આવી તોયે એ પાછી ન આવી. મારા મનમાં બે જુદી જુદી લાગણીઓ પરસ્પર ટકરાઈ રહી હતી: એને ખબર હતી કે ઘેર પાછા તો જવું જ પડશે, છતાં આટલી વાર સુધી પાછી ન આવીને એ મને ને બાળકોને ત્રાસ આપી રહી હતી, એટલે મને ગુસ્સો ચડી રહ્યો હતો. બીજી તરફ, મનમાં એવી બીક પણ હતી કે કદાચ પાછી આવે જ નહિ, કદાચ જીવ કાઢી નાખે. હું એને ગોતવા નીકળી પડયો હોત, પણ જવું ક્યાં? એની બહેનને ત્યાં? ત્યાં જઈને એને વિશે પૂછતાછ કરું તો સાવ ગધેડા જેવો લાગું, અને એની મુરાદ બરાબર એવી જ હોય. દોજખમાં જાય! એને કોઈની ઉપર જુલમ કરવો જ હોય તો ભલે પોતાની ઉપર કરતી. નહિતર આગલો ઝઘડો આથીયે બદતર થવાનો. પણ બહેનને ત્યાં ન ગઈ હોય તો? એનો ઈરાદો આપઘાત કરવાનો હોય તો? અથવા એણે જીવ કાઢી નાખ્યો હોય તો?

"અગિયાર વાગી ગયા, બાર... હું સૂવાના ખંડમાં ન ગયો. ત્યાં એકલા પડયા પડયા વાટ જોવી એ તો નરી બેવકૂફી જ ગણાય. અભ્યાસખંડમાં સૂઈ જવાનું પણ શક્ય નહોતું. મને કશાક કામમાં પડી જવાનું, પત્રો લખવાનું, વાંચવાનું, મન થયું; પરંતુ હું કશું જ ન કરી શક્યો. જરા

સરખોયે અવાજ થાય તો સાંભળી લેવા કાન સરવા કરીને હું અભ્યાસખંડમાં એકલો બેઠો રહ્યો—ગુસ્સામાં, મારા વિચારોની યાતના વેઠતો.

"ત્રણ વાગી ગયા, ચાર... તોયે એ પાછી ન આવી. મળસકે મને નીંદર આવી ગઈ. હું જાગ્યો ત્યારે પણ એ પાછી નહોતી આવી.

"ઘરમાં જિંદગી ચાલતી રહી, પરંતુ સૌનાં મનમાં મૂંઝવણ હતી. જાણે બધો વાંક મારો જ હોય એવી રીતે સૌ મારી તરફ સવાલ અને ઠપકાભરી નજરો નાખી રહ્યાં હતાં. મારા મનમાં એની એ જ બે લાગણીઓ વચ્ચેનો ટકરાવ ચાલુ હતો: એ મારી ઉપર યાતના વરસાવી રહી હતી એનો ગુસ્સો, અને એની સલામતીની ફિકર.

"લગભગ અગિયાર વાગ્યે એની બહેન એની વાત લઈને આવી. એણે સાધારણ રીતે વાત શરૂ કરી: 'બહેનની હાલત ખોફનાક છે. શું થયેલું?'

"'કેમ? થયું તો કંઈ જ નથી.' પછી મેં ઉમેર્યું કે એનો સ્વભાવ અસહ્ય છે, અને મેં તો કશું જ નથી કર્યું.

"'પણ આમ ને આમ તો ન જ ચાલે,' બહેન બોલી.

"'એ તો એને જોવાનું છે, મારે નહિ.' મેં કહ્યું. 'પહેલું કદમ હું નહિ ઉઠાવું. જુદાં થવું જ હોય તો પછી થઈ જવું જોઈએ.'

"મારી સાળી ચાલી ગઈ પણ એને સંતોષ નહોતો થયો. મેં હિંમતથી જાહેર કરી દીધેલું કે પહેલું કદમ હું નહિ ઉઠાવું, પરંતુ સાળી ચાલી ગઈ ને પછી હું બહાર નીકળ્યો ત્યારે બાળકોને ભયભીત અને દીન દશામાં જોઈને હું એ બાબતમાં

ફરી વિચાર કરવા તત્પર થઈ ગયો. મેં પહેલું કદમ ખુશીથી ઉઠાવ્યું હોત, પણ મને ખબર જ નહોતી કે કેવી રીતે. હું વળી આંટા મારતો ધુમાડા કાઢવા લાગ્યો. મેં વોદકા અને મદ્યનો નાસ્તો કર્યો. મારા મનમાં મારાથી અણજાણી બેઠેલી મંછા ધીરે ધીરે પૂરી થઈ—મારા ધોરણની અધમતા અને મૂઢતા ઉપર પડદો ઢંકાઈ ગયો.

"લગભગ ત્રણ વાગ્યે એ પાછી આવી. મને જોઈને કશું જ ન બોલી. એને પસ્તાવો થયો હશે એમ ધારી લઈને હું એને સમજાવવા લાગ્યો કે મારા શબ્દો તો તેં મારી ઉપર ઢોળેલા દોષને કારણે આવેશમાં નીકળી ગયેલા હતા. એણે ચહેરા ઉપર આકરા ને ભયંકર ભાવ કાયમ રાખીને કહ્યું કે હું ખુલાસા સાંભળવા નહિ પણ બાળકોને લઈ જવા આવી છું, હવે ભેગાં રહેવાનું આપણે માટે શક્ય જ નથી. મેં સમજાવવાની કોશિશ કરી કે વાંક મારો નથી, તેં જ મને આખરી તબક્કે ધકેલી દીધો હતો. આકરી ગુમાની નજર મારી ઉપર એક પળ ઠેરવી રાખીને પછી એ બોલી:

"'વધુ કંઈ બોલશો નહિ, નહિતર આગળ જતાં પસ્તાવો જ થશે.'

"મેં કહ્યું કે હવે કોમેડી રહેવા દે. મારા શબ્દો સાંભળતાં જ એ ઘાંટો પાડીને કશુંક અગમ્ય બોલતી એના ખંડમાં દોડી ગઈ. તાળામાં ચાવી ફરવાનો અવાજ કાને પડ્યો—એણે બારણું અંદરથી વાસી દીધું હતું. મેં બારણું ખખડાવ્યું. કશો જવાબ ન મળ્યો. હું ખીજમાં પગ પછાડતો પાછો વળી ગયો. અરધા કલાક પછી લિઝા દોડતી મારી પાસે આવી. એની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં.

"''શું છે? કંઈ થયું છે?'

"''માના ખંડમાંથી જરાય અવાજ નથી સંભળાતો, તદ્દન સૂનકાર છે.'

"અમે ખંડ પાસે ગયા. મેં પૂરી તાકાત લગાવીને બારણું ખેંચ્યું. તાળું ટકી ન શક્યું. બારણાનાં બેઉ અડધિયાં ખૂલી ગયાં. હું પલંગ પાસે ગયો. એ બેભાન દશામાં કઢંગી પડી હતી. બહાર જવાનાં કપડાં અને મોટા બૂટ એમ ને એમ પહેરેલાં હતાં. પલંગ નજીક નાનકડા ટેબલ ઉપર અફીણની ખાલી શીશી પડી હતી. અમે એને ભાનમાં આણી. વળી પાછાં આંસુ, અને આખરે મનમેળ. પણ એ ખરો મનમેળ નહોતો. અમારાં બન્નેનાં દિલોમાં પુરાણો ખાર કાયમ રહ્યો હતો, અને આ ઝઘડાને લીધે અમને થયેલા ત્રાસની ખીજ પણ એમાં ઉમેરાઈ ગઈ હતી. વેઠવા પડેલા ત્રાસમાં અમને વાંક તો પોતાનો નહિ પણ સામાનો જ દેખાતો હતો. પરંતુ એવી ખીજની લાગણીને નિરંતર પોષણ આપતાં રહેવાનું શક્ય નહોતું, એટલે જિંદગી પાછી પુરાણી રીતે ચાલવા લાગી. આના જેવા જ અથવા એથીયે બદતર ઝઘડા વારંવાર થતા રહેતા — મહિને એક વાર, અઠવાડિયે એક વાર, રોજ એક વાર. એકનું એક ચક્ર જાણે ફરતું જ રહેતું. એક વાર અમારો ઝઘડો બે દિવસ ચાલ્યો ત્યારે મેં પરદેશ ચાલ્યા જવા પાસપોર્ટની અરજી કરી, પરંતુ અરધો ખુલાસો થયો, અરધો મનમેળ થયો, અને મેં વિચાર માંડી વાળ્યો.

૨૧

"પેલો આદમી અમારી જિંદગીમાં આવ્યો ત્યારે એવી હાલત હતી. એ મોસ્કોમાં પહોંચ્યો કે તરત જ મને મળવા આવ્યો. એનું નામ ત્રુખાચેવ્સ્કી હતું. એ સવારના વખતે આવ્યો. મેં એને આવકાર્યો. એક જમાનામાં અમારી વચ્ચે આત્મીયતાના સંબંધો રહ્યા હતા. એણે વાતચીત દરમિયાન મારી લાગણીનો અંદાજ કાઢવાની અને પુરાણા આત્મીયતાના સંબંધો ફરી સ્થાપવાની કોશિશ કરી. પરંતુ મેં છેક શરૂઆતથી જ સ્પષ્ટ કરી દીધું કે મારો ઈરાદો એવો નથી. એણે એ મુજબનું વલણ અપનાવી લીધું. એને જોતાં જ મને અણગમો ઊપજેલો, પરંતુ અજબ વાત છે કે કશાક વિચિત્ર ઘાતક બળે મને એનો તુચ્છકાર કરતો અને એને રવાના કરી દેતો અટકાવી દીધો. એથી ઊલટું, જાણે એ જ બળના પ્રભાવ હેઠળ મેં એને પ્રોત્સાહન આપ્યું. એને સાવ ઠંડો આવકાર આપવાનું અને મારી પત્ની જોડે પરિચય કરાવ્યા વગર જ એને રવાના કરી દેવાનું મારે માટે કેટલું સરળ હતું! પણ ના, મેં તો એના વાદન વિશે વાત કરી, એણે વાયોલિન મૂકી દીધું હોવાની સાંભળેલી ખબરનો ઉલ્લેખ કર્યો. એણે કહ્યું કે ખબર ખોટી છે, મારું વાયોલિન વાદન તો નિરંતર વધતું જ જાય છે. એક જમાનામાં હું પણ વાયોલિન વગાડતો હતો એની યાદ એણે તાજી કરી. મેં કહ્યું કે મેં હવે વાયોલિન વાદન મૂકી દીધું છે પણ મારી પત્ની સરસ વગાડે છે.

"હેરત થાય એવી વાત છે — પહેલા જ દિવસથી, પહેલા જ કલાકથી, એની જોડેના મારા સંબંધો જાણે એ મુલાકાતના આખરી અંજામની મને ખબર હોય એવા હતા. અમારી

વચ્ચે શરૂઆતથી જ અમુક તણાવ હતો. હું અમારા બેઉના પ્રત્યેક શબ્દ અને ભાવનું બરાબર ધ્યાન રાખતો અને તેમાંથી ખાસ મર્મ તારવતો.

"મેં એને મારી પત્ની જોડે પરિચય કરાવ્યો. તરત જ સંગીતની વાત નીકળી. એણે મારી પત્ની જોડે વાયોલિન વગાડવા આવવાની તૈયારી બતાવી. છેલ્લા થોડા સમય દરમિયાન હંમેશાં બનતું એમ મારી પત્નીએ સુંદર મોહક વસ્ત્રો પરિધાન કર્યાં હતાં અને એ બેચેન બનાવી દે એવી રૂપાળી લાગતી હતી. એને એ આદમી જાણે પહેલી નજરે જ ગમી ગયો. પિયાનો અને વાયોલિનના યુગલવાદનની શક્યતાથી એ ખુશ થઈ ગઈ. એને એવું વાદન ખાસ ગમતું, અને એ ઘણી વાર થિયેટરમાંથી વાયોલિન વાદકને બોલાવતી. એના ચહેરા ઉપર ખુશીના ભાવ છવાઈ ગયા હતા. એ સંબંધમાં મારી લાગણી એને મારા મોં ઉપર નજર પડતાં જ સમજાઈ ગઈ, એટલે એણે પોતાના મોં ઉપરના ભાવ તરત જ બદલાવી નાખ્યા, અને પરસ્પર છળકપટની રમત એવી રીતે શરૂ થઈ ગઈ. મેં આનંદના ભાવે મોં મલકાવીને જાણે ભારે ખુશી થઈ હોય એવો ઢોંગ કર્યો. તમામ લંપટ આદમીઓ સ્ત્રીઓની ઉપર નાખે એવી નજર એ આદમીએ મારી પત્ની ઉપર નાખી, અને અમારી વાતચીતમાં એને જરાય રસ ન પડતો હોવા છતાં એણે જાણે એમાં જ રસ પડતો હોય એવો ઢોંગ કર્યો. મારી પત્નીએ ઉદાસીન દેખાવાની કોશિશ કરી, પરંતુ એને ખૂબ જાણીતા મારા ઢોંગી મલકાટથી તેમ જ અમારા મુલાકાતીની કામુક નજરોથી એ જાણે બેચેન બની ગયેલી લાગી. એણે ત્રુખાચેવ્સ્કીને પહેલી વાર જોયો ત્યારે એની આંખોમાં ઝબકી ગયેલો ઝળકાટ મારા ધ્યાનમાં આવી ગયો.

ઘણું કરીને મારી ઈર્ષાને કારણે જ એ બન્નેની વચ્ચે વીજળીનો પ્રવાહ વહેવા લાગ્યો હશે અને એથી એ બન્ને એકબીજાનાં સ્મિત, નજરો, તથા મુખના ભાવ દોહરાવતાં હશે. એકનું મોં લાલ થઈ ગયું—બીજાનું મોં લાલ થઈ ગયું. એકના હોઠ મલકી ઊઠયા—બીજાના હોઠ મલકી ઊઠયા. એ રજા લેવા ઊભો થઈ ગયો અને હાથમાં પકડેલી હૅટને થરકતી પિંડી પાસે રાખીને ઘડીક મારી ઉપર તો ઘડીક મારી પત્નીની ઉપર નજર નાખતો મોં મલકાવતો ઊભો રહ્યો, જાણે વાટ જોતો હોય કે અમે શું કરીએ છીએ. એ ઘડી તો મારી યાદમાં ખાસ અંકાઈ ગઈ છે કારણ કે એ ઘડીએ હું એને આમંત્રણ આપવાનું ટાળી શક્યો હોત, અને મેં એમ કર્યું હોત તો પછી આગળ કશું જ ન બન્યું હોત. પણ મેં પહેલાં એની સામે અને પત્નીની સામે જોઈને મનમાં પત્નીને કહ્યું: 'માનતી નહિ કે મને ઈર્ષા થાય છે.' પછી મેં મનમાં ત્રુખાચેવ્સ્કીને કહ્યું: 'માનતો નહિ કે મને બીક લાગે છે'. મેં એને ક્યારેક સાંજે વાયોલિન લઈને આવવાનું અને મારી પત્ની જોડે વગાડવાનું આમંત્રણ આપ્યું. મારી પત્નીએ અચરજના ભાવે મારી સામે જોયું, એનું મોં લાલચોળ થઈ ગયું, અને પછી જાણે કશાકની બીક લાગતી હોય એમ એણે વાંધો ઉઠાવ્યો કે મહેમાનની જોડે વગાડવા જેટલું સરસ મને નથી આવડતું. એના ઈનકારથી મને વધારે ચીડ ચડી, અને મેં આગ્રહ કરીને ત્રુખાચેવ્સ્કીને કહ્યું કે તમે જરૂર આવજો. એ આંચકા ખાતો અને પંખીની જેમ ઠેકડા મારતો ખંડમાંથી જવા લાગ્યો ત્યારે હું એના માથા ઉપર નજર ઠેરવીને ઊભો રહ્યો અને એનાં ઊછળતાં કાળાં જુલફાં નીચેથી નજરે પડતી પાતળી ધોળી ગરદન નીરખવા

લાગ્યો. એ વખતે મને થયેલી વિચિત્ર લાગણી મને બરાબર યાદ છે. હું મારા મનમાં એકરાર કર્યા વગર રહી ન શક્યો કે આ માણસની હાજરીથી મને યાતના થાય છે. મને થયું કે 'આ માણસને ફરી મળવું કે નહિ તેનો પૂરો આધાર મારી ઉપર જ છે.' પરંતુ ન મળવાનો અર્થ હું એનાથી ડરતો હોઉં એવો થાય. ના, મને એનો જરાય ડર નહોતો. મને લાગ્યું કે એની બીક રાખવી એ તો બેહદ નામોશીની વાત ગણાય. એટલે પ્રવેશખંડમાં મેં એને આગ્રહ કરીને એ જ સાંજે વાયોલિન વગાડવા આવવાનું આમંત્રણ આપ્યું. મને ખબર હતી કે મારા શબ્દો મારી પત્ની સાંભળી રહી છે. એ આવવાનું વચન આપીને ચાલ્યો ગયો.

"સાંજે એ વાયોલિન લઈને આવ્યો અને બેઉએ મળીને વાદ્યો વગાડયાં. પરંતુ વાદન બહુ લાંબું ન ચાલ્યું. એમના કામની સંગીત રચનાઓ નહોતી. જે હતી તે મારી પત્ની મહાવરા વગર વગાડી શકે એમ નહોતી. મને સંગીતનો ભારે શોખ હતો, એટલે મેં બને એટલી મદદ કરી — સંગીતની વાચના ગોઠવવાની વ્યવસ્થા કરી આપી અને વાદન ચાલતું જાય તેમ પાનાં પલટાવવાનું કામ કર્યું. એમણે થોડીક રચનાઓ વગાડી — શબ્દો વગરનાં કેટલાંક ગીતો અને મોઝાર્તની સોનાટા કૃતિ. ત્રુખાચેવ્સ્કીએ બહુ જ સરસ વાદન કર્યું, વાયોલિનમાંથી અત્યંત ઉમદા સૂર રેલાવ્યા. વળી એણે રુચિનું એવું લાલિત્ય પ્રદર્શિત કર્યું કે જે એના ચરિત્ર જોડે જરાય મેળ નહોતું ખાતું.

"એનું વાદન સ્વાભાવિક રીતે જ મારી પત્નીના વાદનથી ઊંચી કક્ષાનું હતું. એ મારી પત્નીને મદદ કરવા ઉપરાંત એની આદરભરી પ્રશંસા પણ કરતો હતો. એનું વર્તન સરસ

હતું. મારી પત્નીને કેવળ સંગીતમાં જ રસ હોય એમ લાગતું હતું, અને એની રીતભાત સાવ સરળ તથા સ્વાભાવિક હતી. હું પણ જાણે કેવળ સંગીતમાં જ રસ હોય એવો ઢોંગ કરતો હતો, પણ આખી સાંજ હું ઈર્ષાની આગમાં બળતો રહ્યો.

"તેમની નજર પરસ્પર મળતાં જ મારા ધ્યાનમાં આવી ગયું કે દરેકની ભીતરમાં છુપાઈને લાગ જોતું બેઠેલું જનાવર તેમના સામાજિક દરજ્જાના તમામ નિયમોનો ભંગ કરીને સવાલ કરી રહ્યું હતું: 'હા ને?' અને સામેથી જવાબ આવતો હતો: 'હા, હા, બહુ જ.' હું જોઈ શક્યો કે મારી પત્ની, મોસ્કોની નારી, આટલી બધી મોહક હશે એવી ધારણા એણે નહોતી રાખી, એટલે એ તો બહુ જ ખુશ થઈ ગયો હતો. એને જરાય શંકા નહોતી કે પોતે આ ઓરતને માશૂક બનાવવામાં કામયાબ બનશે જ. મુશ્કેલી તો ફક્ત આ અસહ્ય પતિને બેવકૂફ બનાવવાની જ હતી. હું પોતે સદાચારી રહ્યો હોત તો આ બધું મને કોઈ રીતે ન જ સમજાયું હોત, પરંતુ અમારા જેવા મોટા ભાગના આદમીઓની જેમ હું પણ લગ્ન પહેલાં સ્ત્રીઓને એવી નજરે જોતો હતો, એટલે એના માનસને હું જાણે કિતાબની જેમ સાફ વાંચી શકતો હતો. મારા મનમાં એ વાત અંગે જરા સરખીયે શંકા નહોતી કે મારી પત્નીને દેહસુખની ટૂંકી ઘડીઓ સિવાય મારા પ્રત્યે કેવળ ચીડની જ લાગણી હતી, અને આ માણસ પોતાની નવીનતા તથા સુંદર દેખાવને લીધે, અને ખાસ કરીને તો સંગીતની અસાધારણ પ્રતિભાને લીધે, સાથે વાદન કરતી વેળાની નિકટતાને લીધે, લાગણીશીલ માનસોની ઉપર પડતા સંગીતના અને ખાસ કરીને વાયોલિન સંગીતના પ્રભાવને લીધે, આ માણસ એના દિલમાં આકર્ષણ જમાવી દેશે,

એક પળ પણ વિચાર કર્યા વગર એને પૂરેપૂરી જીતી લેશે, એને આંજી નાખશે, એને ટચલી આંગળી વડે નચાવશે, અને મનફાવે એવું બધું એની જોડે કરશે. હું એ બધું જરાય શંકા વગર બરાબર સમજતો હતો એટલે મારી યાતના વધી ગઈ. એ બધું સમજ્યા વગર હું રહી શકું એમ નહોતો, અને એથી મને અકથ્ય વેદના થઈ. તેમ છતાં, અને કદાચ એ જ કારણે, મારી મરજી વિરુદ્ધ ક્રિયાશીલ કશાક અગમ્ય બળે મને એના પ્રત્યે ખાસ વિવેક દાખવવાની, એની જોડે નરમાશભર્યું વર્તન પણ રાખવાની, જાણે ફરજ પાડી. હું કહી શકું એમ નથી કે મેં મારી પત્નીને ખાતર, આ માણસની મને જરાય બીક નથી એમ એને બતાવી દેવા ખાતર, અથવા ખુદ મારે ખાતર, મારા જ મનને છેતરવા ખાતર, એમ કર્યું હશે, પરંતુ એની જોડે સરળ અને સીધું વર્તન રાખવાનું મારે માટે છેક આરંભથી જ અશક્ય બની ગયું. એ જ ઘડીએ એનું ખૂન કરી નાખવાની મારી ઝંખનાનો સામનો મેં એની તરફ નરમાશ દાખવીને કર્યો. જમણ દરમિયાન મેં એને મોંઘાં મદ્યોની મોજ કરાવી, એનું વાદન સાંભળીને મેં આહ્‌લાદની લાગણી વ્યક્ત કરી, એની જોડે વાતચીત કરતી વેળા મારા મોં ઉપર મૃદુ મલકાટ જાળવી રાખ્યો, અને એને બીજા રવિવારે જમવા આવવાનું તથા મારી પત્ની જોડે ફરી વાર વાયોલિન વગાડવાનું આમંત્રણ આપ્યું. મેં એમ પણ કહ્યું કે હું સંગીતના શોખીન કેટલાક મિત્રોને પણ તમારું વાયોલિન વાદન સાંભળવા બોલાવીશ.

"એ સાંજની એની મુલાકાત એવી રીતે પૂરી થઈ."

પોઝ્‌દનિશેવ ખૂબ બેચેન બની ગયો. તેણે શરીર જરાક આઘું પાછું કર્યું અને વળી વિચિત્ર અવાજ કર્યો.

"અજબ વાત છે કે એ આદમીએ મારી ઉપર કેવી પ્રબળ અસર પાડી દીધી," તેણે સ્વસ્થ બનવાનો દેખીતો પ્રયાસ કરતાં વાત આગળ ચલાવી. "ચાર કે પાંચ દિવસ પછી હું એક પ્રદર્શન જોઈને પાછો આવ્યો અને પ્રવેશખંડમાં દાખલ થયો ત્યારે મારું દિલ પથ્થર જેવું ભારે થઈ ગયું, પણ એનું કારણ મને ન સમજાયું. પરસાળમાંથી પસાર થતી વેળા કશીક વસ્તુ જોઈને એ આદમી યાદ આવી જવાથી મને એવી લાગણી થયેલી. હું મારા અભ્યાસખંડમાં દાખલ થયો ત્યારે જ મને એ વસ્તુનો ખ્યાલ આવ્યો. હું ખાતરી કરવા પાછો પરસાળમાં ગયો. ના, મારી ભૂલ નહોતી થઈ. એનો ઓવરકોટ ત્યાં ટાંગેલો હતો, ફૅશનેબલ ઓવરકોટ. (એની દરેક વસ્તુ જાણ્યે અજાણ્યે જ એકદમ મારા ધ્યાનમાં આવી જતી.) મેં પૂછતાછ કરી. હા, એ આવ્યો હતો. હું મહેમાનોના ખંડ તરફ ગયો, પણ દીવાનખંડમાં થઈને ન જતાં બાળકોના ભણવાના ખંડમાં થઈને ગયો. લિઝા એનું પુસ્તક વાંચવામાં મશગૂલ હતી અને આયા નાના બચ્ચાને લઈને ટેબલ પાસે બેઠી બેઠી કશીક ચીજનું ઢાંકણ ચક્કર ચક્કર ફેરવી રહી હતી. મહેમાનખંડનું બારણું બંધ હતું. અંદરથી બેઉની વાતચીતના અવાજો અને પિયાનોના ઝડપથી વાગતા સૂર સંભળાઈ રહ્યા હતા. મને લાગ્યું કે પિયાનો એમની વાતચીતનાં, અથવા કદાચ ચુંબનોના, અવાજોને ડુબાવી દેવા સારુ વગાડવામાં આવતો હશે. અરે ભગવાન, મારી હાલત એ વખતે કેવી થઈ ગયેલી! એ વખતે મારી ભીતરમાં ઘૂસીને બેસી ગયેલા જનાવરનો ખ્યાલ આવતાં મને કંપારી છૂટે છે. મારું હૈયું સંકોચાઈ ગયું, અટકી ગયું, અને પછી ભારે હથોડાના ઘા જેવા ધડકારા કરવા

લાગ્યું. માણસને ખુન્નસ ચડી જાય ત્યારે હંમેશાં બનતું હોય છે એમ એ વખતે મારા મનમાં સૌથી પ્રબળ લાગણી મારી જાત પ્રત્યે દયાની હતી. 'બાળકોની સામે! આયાની હાજરીમાં!' મારું મન ઊકળી ઊઠયું. લિઝાએ વિચિત્ર નજરે મારી સામે જોયું એ ઉપરથી મને લાગ્યું કે મારો દેખાવ ભયાનક બની ગયો હશે. 'શું કરું?' મેં મનમાં સવાલ કર્યો. 'અંદર જાઉં? ના, એ તો ઠીક નથી. ન કરે નારાયણ ને હું કોણ જાણે શુંયે કરી બેસું?' પરંતુ ત્યાંથી ચાલ્યા જવાનું પણ શક્ય નહોતું. આયા જાણે મારી લાગણી સમજતી હોય એવી રીતે મારી સામે જોઈ રહી હતી. 'અંદર જવું જ પડશે,' હું મનમાં બોલ્યો અને મેં ઝડપથી બારણું ખોલી નાખ્યું. એ મોટા પિયાનો પાસે બેઠો બેઠો ચડતા સૂર બજાવી રહ્યો હતો. એના બેઉ અંગૂઠા ઊંચા હતા. મારી પત્ની પિયાનોના ખાંચામાં ઊભી ઊભી સંગીતની વાચનાઓ જોઈ રહી હતી. પહેલાં એણે જ મને જોયો અથવા મારો સંચાર સાંભળ્યો અને માથું ઊંચું કર્યું. એને કદાચ ગભરાટ થયો હશે, પરંતુ એણે જરાય ગભરાટ ન થયો હોય એવો ઢોંગ કર્યો. અથવા કદાચ એને ખરેખર જરાય ગભરાટ નહિ થયો હોય. જે હોય તે, પણ એ ન તો જરાય ચોંકી કે ન હલી. માત્ર એનું મોં લાલ થઈ ગયું, પરંતુ એ પણ તરત જ નહિ.

"તમે આવી ગયા? ચાલો, બહુ ખુશીની વાત છે, અમે નક્કી નથી કરી શકતાં કે રવિવારે શું વગાડવું," એના અવાજમાં જેવો ભાવ હતો એવો ભાવ અમે એકલાં હોત તો કદી ન જ રહ્યો હોત. એણે પોતાના અને ત્રુખાચેવ્સ્કીના સંબંધમાં 'અમે' શબ્દ વાપર્યો એથી મને ખીજ ચડી. મેં ચુપ રહીને એનું અભિવાદન કર્યું. એણે મારી જોડે હાથ

મિલાવ્યો, અને પછી મને નર્યા ઉપહાસ જેવું લાગેલું સ્મિત કરતાં ખુલાસો કર્યો કે હું રવિવાર સારુ સંગીતરચનાઓ લઈ આવ્યો છું પણ અમે નક્કી નથી કરી શકતાં કે શું વગાડવું— બિથોવનની વાયોલિન તથા પિયાનો માટેની સોનાટા કૃતિ જેવી મુશ્કેલ કલાસિકલ રચના વગાડવી કે પછી કેટલીક નાનકડી રચનાઓ વગાડવી. એણે એ વાત એટલી સરળતાથી અને સ્વાભાવિક રીતે કરી કે મને એમાં વાંધો ઉઠાવવા જેવું કશું જ ન દેખાયું. પરંતુ તોયે મને ખાતરી લાગી કે આ માણસની બધી વાતો નર્યાં જૂઠાણાં છે, અને બેઉએ મળીને મારી જોડે છળ કરવાનું છાનું કારસ્તાન ઘડી લીધું છે.

"ઈર્ષાની લાગણી ધરાવનારા ઈન્સાનો માટે (અને આપણા સમાજમાં સૌ ઈર્ષાળુ હોય છે) સૌથી ભયંકર યાતનાનું કારણ આપણી પરંપરાઓમાં બહાલ કરવામાં આવતી પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેની શારીરિક નિકટતામાં હોય છે. નૃત્યસમારંભોમાં શારીરિક નિકટતાને, ડૉક્ટરો અને દરદીઓ વચ્ચેની શારીરિક નિકટતાને, કલાપ્રવૃત્તિઓમાં અને ચિત્રકલાના તથા ખાસ કરીને સંગીતના અભ્યાસમાં શારીરિક નિકટતાને, અટકાવવાના પ્રયાસો કરનાર માણસ તો ઠેકડીનું લક્ષ્ય જ બને. બે ઈન્સાનો કલાઓમાં સૌથી ઉમદા કલા સંગીતનો અભ્યાસ કરે છે, અભ્યાસ દરમિયાન શારીરિક નિકટતા આવશ્યક હોય છે, એવી શારીરિક નિકટતામાં અનુચિત કશું જ નથી હોતું, માત્ર અત્યંત મૂરખ અને ઈર્ષાળુ પતિ જ એમાં કશો વાંધો ઉઠાવે. પરંતુ સૌ જાણે છે કે ચોક્કસ રૂપે એવા અભ્યાસો જ, ખાસ કરીને સંગીતનો અભ્યાસ, આપણા સ્તરના લોકોમાં વ્યભિચાર ફેલાવે છે.

"મારી બેચેની જાણે એમનાં મન સુધી પહોંચી ગઈ. હું કેટલીય વાર સુધી કંઈ બોલી જ ન શક્યો. મારી હાલત આખી ભરેલી ઊંધી બોટલ જેવી હતી. ઊંધી બોટલ આખી ભરેલી હોય તો એમાંથી એક ટીપુંયે બહાર ઢોળાય નહિ. મારા મનમાં એને ધધડાવી નાખવાની, અને મારા ઘરમાંથી કાઢી મૂકવાની તાલાવેલી થઈ. પણ હું સમજતો હતો કે મારે વિનય જાળવવો જોઈએ. અને મેં વિનય જાળવ્યો. મેં જાણે બધું મંજૂર કરતો હોઉં એવો ઢોંગ કર્યો. મને વધુ વિવેકી બનાવતા મારી લાગણી વિરુદ્ધના એવા કદમને કારણે એની હાજરી મને વધારે પીડાકારક લાગી. મેં એને કહ્યું કે તમારી પસંદગીમાં મને પૂરો વિશ્વાસ છે. મેં મારી પત્નીને પણ એવો જ વિશ્વાસ રાખવાની સલાહ આપી. હું ખોફનાક ચહેરો લઈને ખંડમાં દાખલ થયો અને પછી ચુપચાપ ઊભો રહ્યો એથી પડેલી કલેશકર અસર ખતમ કરી નાખવા સારુ જરૂરી હતું એટલી વાર રોકાઈને પછી એણે રજા લીધી, અને જતાં જતાં ઢોંગ કર્યો કે બીજે દિવસે વગાડવાની સંગીતરચનાઓની પસંદગી આખરે થઈ ગઈ છે. મને ખાતરી હતી કે ગમે તે વગાડવામાં આવે એથી એ બેઉને કશો જ ફેર પડવાનો નહોતો, એ બન્ને તો કશીક સાવ નિરાળી બાબતમાં તદ્દન ડૂબી ગયેલાં હતાં.

"હું એને વળાવવા ગયો ત્યારે મેં ખાસ વિનય દાખવ્યો (આપણા ઘરની શાંતિ અને સુખને ખતમ કરી નાખવા આવેલા આદમીને બીજી કઈ રીતે વિદાય આપી શકાય!). વિદાય આપતી વેળા મેં એનો મુલાયમ ગોરો હાથ ખાસ હૂંફથી દબાવ્યો."

૨૨

"તે દિવસે પછી મેં એને એક શબ્દ પણ ન કહ્યો. હું કંઈ બોલી શકું એમ જ નહોતો. એની મોજૂદગીથી મારા દિલમાં એવી નફરત પેદા થઈ જતી કે મને અંજામની બીક લાગતી. એણે જમતી વેળા બાળકોની હાજરીમાં મને પૂછ્યું કે તમારે ક્યારે જવાનું છે. મારે બીજે અઠવાડિયે એક પ્રાદેશિક સંમેલનમાં જવાનું હતું. મેં એને જણાવ્યું. એણે કહ્યું કે કશું તૈયાર કરી આપવાનું હોય તો બતાવો. મેં કંઈ જવાબ ન આપ્યો. હું થોડી વાર મૂંગો બેઠો રહ્યો અને પછી કશું બોલ્યા વગર જ મારા અભ્યાસખંડમાં ચાલ્યો ગયો. થોડા વખતથી એ અભ્યાસખંડમાં મારી પાસે ન આવતી, ખાસ કરીને આટલા મોડા સમયે તો નહિ જ. હું પડ્યો પડ્યો મારી ખીજ વાગોળી રહ્યો હતો. એકાએક મને એનાં પગલાં સંભળાયાં. મારા મનમાં ભયંકર બિહામણો ખ્યાલ આવ્યો કે ઉરિયાની પત્નીની જેમ એ આવે કટાણે મારી પાસે કેવળ પોતાનું પાપ છુપાવવા ખાતર જ આવતી હશે. કાન સરવા કરીને પગલાંનો અવાજ સાંભળતાં મને થયું: 'શું ખરેખર મારી જોડે વાત કરવા આવતી હશે? એમ હોય તો પછી મારી ધારણા ખરી જ છે.' મારા દિલમાં એના પ્રત્યેની અકથ્ય નફરત છલકાઈ ઊઠી. પગલાંનો અવાજ નજીક ને નજીક આવી રહ્યો હતો. ચોક્કસ, બારણા પાસે થઈને મહેમાનખંડમાં જતી રહેશે. ના, બારણું ખૂલ્યું. એ બારણામાં ઊભી હતી—ઊંચી ને રૂપાળી. એના આંખોમાં આજીજીનો ગભરુ ભાવ વરતાતો હતો. એ તો તેને છુપાવવાની કોશિશ કરી રહી હતી, પરંતુ મેં તેને પારખી લીધો અને તેનો મર્મ

હું પામી ગયો. મેં શ્વાસ એટલી બધી વાર રોકી રાખ્યો કે મારું ગળું લગભગ રૂંધાઈ ગયું. મારી નજર એની ઉપર જ ઠેરવી રાખીને મેં ડબ્બીમાંથી સિગારેટ કાઢી અને સળગાવી.

"'હું તમારી જોડે વાત કરવા આવી છું અને તમે ધુમાડા કાઢવા લાગો એ કંઈ સારું કહેવાય?' એણે સોફા ઉપર મારી નજીક બેસી જઈને મારી તરફ નમતાં કહ્યું.

"હું આઘો ખસી ગયો જેથી એ મને અડી ન શકે.

"'લાગે છે કે રવિવારનો મારો વાદનનો કાર્યક્રમ તમને પસંદ નથી, તમે નારાજ છો,' એણે કહ્યું.

"'ના, હું જરાય નારાજ નથી,' મેં જવાબ આપ્યો.

"'જાણે કેમ મને સમજણ ન પડતી હોય!'

"'તારી સમજણ બદલ મુબારકબાદ. હું તો ફકત એટલું જ સમજું છું કે તારું વર્તન વેશ્યા જેવું છે...'

"'તમે ગાડીવાન જેવી ગાળો બકવાના હો તો હું ચાલી જાઉં.'

"'જા. માત્ર આટલું યાદ રાખજે—કુટુંબની ઇજ્જતની તને ભલે જરાય કિંમત ન હોય, મારે મન તો એનું બહુ મૂલ્ય છે. મને તારી પરવા નથી, તું દોજખમાં જતી હોય તોયે મને જરાય પડી નથી, પણ કુટુંબની ઇજ્જતની મને બહુ પરવા છે!'

"'શું? આ બધું શું છે?'.

"'ચાલી જા! ભગવાનને ખાતર અહીંથી ચાલી જા!'

"ન સમજવાનો ઢોંગ કરતી—અથવા કદાચ ખરેખર ન સમજી હોય—એ ઊભી થઈ ગઈ. એને માઠું લાગ્યું હતું અને ખીજ ચડી હતી. પરંતુ બહાર જવાને બદલે એ ખંડની વચ્ચોવચ ઊભી રહી.

"'તમે ખરેખર તદ્દન અસહ્ય બની ગયા છો,' એણે શરૂ કર્યું. 'તમારી જોડે તો કોઈ દેવી પણ ન જ રહી શકે.' હંમેશની જેમ મારી કમજોરીનું નિશાન તાકીને એણે મને મારી બહેનવાળો બનાવ યાદ કરાવ્યો. (મેં આવેશમાં ભાન ભૂલીને મારી બહેનને જાતજાતનાં બેહૂદાં વેણ સંભળાવ્યાં હતાં. એ બનાવની યાદ બેહદ પીડાકારક હતી. મારી પત્નીને એની ખબર હતી. એટલે જ એણે એ ઘડીએ એ બનાવની યાદ મારી ઉપર ઝીંકી દીધી હતી.) 'એ બનાવ પછી તો તમારા ગમે એવા વર્તનથી પણ મને જરાય અચરજ થાય એમ નથી,' એણે કહ્યું.

"'તારે મારું અપમાન કરવું છે, મને નીચું જોવડાવવું છે, મને લાંછિત કરવો છે, અને પછી મારો જ વાંક કાઢવો છે,' હું મનમાં બોલ્યો. એકાએક મારા દિલમાં નફરતનો અગાઉ કદી નહોતો આવ્યો એવો જુવાળ આવી ગયો. મને પહેલી જ વાર મારી નફરતને શારીરિક રૂપમાં વ્યકત કરવાની તાલાવેલી થઈ. હું ઊછળીને એની તરફ ધસી ગયો, પરંતુ મને યાદ છે કે ઊછળી પડતાં જ મને ખ્યાલ આવી ગયેલો કે આ હું શું કરી રહ્યો છું. મેં મનમાં સવાલ કર્યો કે આવી રીતે લાગણીઓને વશ થઈ જવાનું ઠીક ગણાય કે નહિ, અને મનમાં જ જવાબ આપ્યો કે હા, ઠીક જ ગણાય, કારણ કે એથી હું એના મનમાં થોડીક બીક પેદા કરી શકીશ. એટલે મારી નફરતને દબાવી દેવાને બદલે હું તેને વશ થઈ ગયો. મારી ભીતરમાં ચાલતા નફરતના નિરંકુશ રમખાણથી મને ખુશી થઈ.

"'તારું ખૂન કરી નાખું તે પહેલાં અહીંથી ચાલી જા!' એની પાસે પહોંચી જઈને એનું બાવડું પકડી લેતાં મેં બરાડો

પાડ્યો. મારા અવાજમાં મેં જાણીજોઈને નફરત રેડાવા દીધી. મારો દેખાવ ભયાનક બની ગયો હશે. એ દહેશત ખાઈ ગઈ અને જરાય હલી પણ ન શકી.

"'વાસ્યા, તમને શું થઈ ગયું છે?' એ બોલી.

"'ચાલી જા!' હું વધારે જોરથી બરાડ્યો. 'તને જોઈને મને ખુન્નસ ચડી જાય છે. મારે હાથે કંઈક થઈ જશે તો હું જવાબદાર નથી.'

"હું ઝનૂનને વશ થઈ ગયો. એમાં પરમાનંદ અનુભવવા લાગ્યો. મારી લાગણીઓની પ્રબળતાને વ્યક્ત કરે એવું કશુંક અસાધારણ કરી નાખવાનું મને મન થયું. મારા મનમાં એને ફટકારવાની, મારી નાખવાની, ઘેલછા જાગી. પણ મને ભાન હતું કે એમ ન જ કરાય. એટલે મારા આવેશને ઠાલવી દેવા સારુ મેં પેપરવેઈટ ઉપાડી લીધું અને એની પાસે થઈને નીકળી જાય એવી રીતે ફેંક્યું. સાથે સાથે જ મેં બરાડો પાડ્યો: 'ચાલી જા!' મેં નિશાન બરાબર લીધેલું. પેપરવેઈટ એને અડ્યા વગર જ એની પાસે થઈને નીકળી ગયું. એ બહાર જવા લાગી પણ બારણામાં ઊભી રહી ગઈ. એ ત્યાં જ ઊભી હતી અને મને જોઈ શકતી હતી ત્યારે હું મારા ટેબલ ઉપરથી શમાદાન અને ખડિયા જેવી ચીજો ઉપાડીને ભોંયપટ ઉપર ફેંકવા લાગ્યો. (મેં એને દેખાડવા સારુ જાણીજોઈને એમ કરેલું.)

"'ચાલી જા! નહિતર મારે હાથે કંઈક થઈ જશે તો હું જવાબદાર નથી!' હું વળી પાછો ગરજી ઊઠ્યો.

"એ ચાલી ગઈ અને હું તરત જ શાંત થઈ ગયો.

"એક કલાક પછી આયાએ આવીને મને જણાવ્યું કે માલકિન બાઈને વાઈ આવી છે. હું એની પાસે ગયો.

એ ડૂસકાં ભરી રહી હતી અને દાંત કાઢી રહી હતી, કશું બોલી નહોતી શકતી, એને આખે શરીરે આંચકી આવી રહી હતી. એ ઢોંગ નહોતી કરતી, ખરેખર માંદી હતી.

"સવારે એની તબિયત બહેતર હતી. પ્રેમ તરીકે ઓળખાતી લાગણીની અસર હેઠળ અમે મનમેળની ખુશી માણી. મનમેળ પછી મેં એકરાર કર્યો કે મને ત્રુખાચેવ્સ્કીની ઈર્ષા થાય છે. એને જરાય અકળામણ ન થઈ. એણે તો હસીને, સાવ કુદરતી રીતે હસીને, કહ્યું કે એવા માણસ પ્રત્યે મને આસક્તિ થવાનો ખ્યાલ પણ હાસ્યાસ્પદ છે.

"'એવા આદમી પ્રત્યે કોઈ પણ સંસ્કારી સ્ત્રીને કશી લાગણી થઈ શકે ખરી? મને તો કેવળ સંગીતના આનંદ જોડે જ સંબંધ છે. તમે કહેતા હો તો હું એને ફરી કદી નહિ મળું, રવિવારે પણ નહિ. પરંતુ મહેમાનોને આમંત્રણ મોકલાઈ ગયાં છે. એને ચિઠ્ઠી લખીને જણાવી દો કે મારી તબિયત સારી નથી, એટલે વાત પૂરી થઈ જશે. મને તો એક વાતનો અફસોસ રહેશે કે કોઈ, ખાસ કરીને તો એ પોતે જ, એને જોખમી માની લે. મારું સ્વમાન મારા મનમાં તો એવો કશો ખ્યાલ કદી ન જ આવવા દે.'

"અને એ જૂઠું નહોતી બોલી રહી, એના શબ્દોમાં એને પૂરી શ્રદ્ધા હતી. એણે એવા શબ્દો વડે પોતાના દિલમાં એ આદમી પ્રત્યે તુચ્છકારની લાગણી પેદા કરવાની અને પોતાના રક્ષણ સારુ કિલ્લેબંધી ખડી કરવાની કોશિશ કરી. પરંતુ તેમાં એને નિષ્ફળતા મળી. બધું જ એની વિરુદ્ધ હતું, ખાસ કરીને તો કાળમુખું સંગીત. અમે એ વિશે કશી વધારે વાત ન કરી. રવિવારે મહેમાનો આવ્યા. મારી પત્ની અને ત્રુખાચેવ્સ્કીએ સૌને સંગીત સંભળાવ્યું."

૨૩

"મને લાગે છે કે હું મિથ્યાભિમાની હતો એ વાત જણાવવાની જરૂર નથી. આપણા સમાજમાં મિથ્યાભિમાન ન હોય તો પછી જીવનમાં બાકી બચે જ શું? એટલે ભોજન અને સંગીતની વ્યવસ્થા મેં અમારી શાન વધારે એવી રીતે કરી. મેં પોતે જ મહેમાનોને આમંત્રણો મોકલ્યાં અને ભોજન માટે વાનગીઓની ખરીદી કરી.

"સૌ છ વાગ્યે પહોંચી ગયાં. એ પણ આવ્યો. એણે સંધ્યાનો પોશાક પહેર્યો હતો. એના કફનાં બટનમાં જડેલા હીરા એની હલકી રુચિની ચાડી ખાતા હતા. એના મોં ઉપર પોતે જાણે ચડિયાતા દરજ્જાનો આદમી હોય એવા ભાવ હતા. એની જોડે કોઈ વાત કરે ત્યારે એ મોટાઈ ઠાલવતું સ્મિત કરતો, જાણે કેમ બીજા સૌની વાતો એની ધારણા પ્રમાણેની જ હોય અને એ તો બધું જ જાણતો હોય. એના માઠા ઉછેરની દરેક નિશાની પારખી કાઢવામાં મને ખાસ મઝા પડતી કારણ કે એથી મારા દિલને શાતા મળતી અને સાબિત થઈ જતું કે આદમી બહુ જ નીચલી કક્ષાનો છે. મારી પત્નીએ પોતે જ કહેલું કે એવા આદમી ઉપર મોહિત થઈ જવા જેટલી અવનત એ કદી ન થઈ શકે. હું હવે મારા દિલમાં ઈર્ષાને ઊગવા જ નહોતો દેતો. પહેલી વાત તો એ કે ઈર્ષાને લીધે હું ઘણું ઘણું સહન કરી ચૂક્યો હતો, એથી મારું જોમ હરાઈ ગયું હતું, અને મને આરામની જરૂર હતી. બીજી વાત એ કે હું મારી પત્નીનાં કથનો માની લેવા ઉત્સુક હતો અને મેં માની લીધાં. મને ઈર્ષા નહોતી થતી તે છતાં પૂરા ભોજન દરમિયાન તેમ જ સંગીત પૂર્વેના

સમયમાં હું મારા મનને પૂરું સ્વસ્થ ન રાખી શક્યો અને એ બેઉમાંથી એકેયની જોડે મુક્ત વર્તન ન કરી શક્યો. હું બધો વખત તેમનાં હલનચલન અને નજરોનું ધ્યાન રાખતો રહ્યો.

"ભોજન એવાં ભોજન જેવું જ હતું—બેનૂર અને કંટાળાજનક. સંગીત જરાક વહેલું શરૂ થઈ ગયું. એ પ્રસંગની પ્રત્યેક વિગત મારા માનસપટમાં કેવી અંકાઈ ગઈ છે! મને બરાબર યાદ છે કે એણે વાયોલિનનું કેઈસ હાથમાં લીધું, ખોલ્યું, કોઈ સ્ત્રીએ ગૂંથી આપેલું આવરણ અળગું કરીને વાદ્ય કાઢ્યું, અને સૂર મિલાવ્યા. મને યાદ છે કે મારી પત્નીએ સંકોચની લાગણીને છુપાવી દેવા મોં ઉપર ઉદાસીનતાનો ભાવ ધારણ કરી લીધો હતો. અને સંકોચની લાગણી મુખ્યત્વે એના પિયાનો વાદનને કારણે થતી હતી. મોં ઉપર એવો ઢોંગી ભાવ રાખીને એ પિયાનો વગાડવા બેઠી. પહેલાં મધ્યમ સૂર રણક્યો, પછી બીજા સૂર ચકાસી જોવામાં આવ્યા, સંગીતની વાચના સામે ગોઠવાઈ ગઈ. મને યાદ છે કે બેઉએ નજરોની આપલે કરી, એકત્રિત મહેમાનોની ઉપર નજર ફેરવી, પરસ્પર કશોક ગણગણાટ કર્યો, અને પછી વાદન શરૂ કર્યું. પ્રથમ સૂર મારી પત્નીએ છેડ્યો. મને યાદ છે કે સૂર જોડે સૂર મિલાવવાની તક મળતાં જ એણે પિયાનોના સૂરના ઉત્તરમાં વાયોલિનના તાર ઉપર હળવી આંગળીઓ ફેરવી ત્યારે એના મોં ઉપર તન્મયતાના નાજુક ને ગંભીર ભાવ છવાઈ ગયા."

તે થંભી ગયો અને તેણે વિચિત્ર અવાજ એક પછી એક કેટલીય વાર કર્યો. તેણે ફરી વાર બોલવાની કોશિશ કરી ત્યારે તેના ગળામાંથી કેવળ રૂંધાતો અવાજ નીકળ્યો. વળી થોડીક વાર ચુપ રહીને તેણે વાત આગળ ચલાવી:

"તેમણે બિથોવનના ક્રેઈત્સેર સોનાટાનું વાદન કર્યું. તમને

તેનો પ્રથમ દ્રુત વિભાગ યાદ છે? યાદ છે?" તેણે ઘાંટો પાડયો. "ઊફ! ભયંકર છે—એ સોનાટા. ખાસ તો એ ગતિ. સામાન્ય રીતે સંગીત ભયંકર જ હોય છે. આખર એ છે શું? મને તો સમજાતું જ નથી. સંગીત એટલે શું? ઇન્સાનની ઉપર એની કેવી અસર થાય છે? અને કેમ થાય છે? કહેવાય છે કે સંગીત તો આત્માને ઉન્નત બનાવે એવો પ્રભાવ પાડે છે. બકવાદ! જૂઠાણું! એનો પ્રભાવ તો ચોક્કસ પડે જ છે, અને ભયંકર પ્રભાવ પડે છે. હું તો મારી પોતાની જ વાત કરું છું. પરંતુ એ પ્રભાવ આત્માને ઉન્નત બનાવે એવો નથી હોતો. એ નથી ઉન્નત બનાવતો કે નથી અવનત બનાવતો, એ તો કેવળ ઉત્તેજિત કરે છે. મારી વાત કેવી રીતે કરું? સંગીત મને મારું પોતાનું અને મારી ખરી હાલતનું વિસ્મરણ કરાવી દે છે. સંગીતના પ્રભાવ હેઠળ મને લાગે છે કે હું ખરેખર ન અનુભવતો હોઉં એવી લાગણીઓ અનુભવું છું, ખરેખર ન સમજતો હોઉં એવી બાબતો સમજું છું, ખરેખર ન કરી શકતો હોઉં એવું કરી શકું છું. એમાંથી મને તો એટલું સમજાય છે કે મારી ઉપર સંગીતની અસર બગાસાની કે હાસ્યની અસર જેવી જ થાય છે. મને નીંદર ન આવતી હોય તોયે મારી હાજરીમાં કોઈ બગાસું ખાય તો મને બગાસું આવે છે, મને હસવું ન આવતું હોય તોયે બીજા કોઈને હસતું સાંભળીને હું હસું છું.

"સંગીત મને એવા મનોભાવમાં ધકેલી દે છે કે જે તેનું સર્જન કરતી વેળા સંગીતસર્જકે અનુભવ્યા હોય. મારો આત્મા એના આત્મા જોડે એકરૂપ થઈ જાય છે અને એની જોડે હું એક પછી એક મનોભાવમાંથી ગુજરવા લાગું છું. મને સમજાતું નથી કે એવા મનોભાવમાંથી મારે કેમ

ગુજરવું પડે છે. પરંતુ સંગીતસર્જક તો જાણતો હોય છે—દાખલા તરીકે ક્રૈઇત્સેર સોનાટાના સર્જક બિથોવનને ખબર હશે જ—કે અમુક મનોભાવ પોતે શા કારણે અનુભવી રહ્યો છે. એ મનોભાવ સંગીતસર્જકને અમુક કાર્ય કરવા પ્રેરતો હોય છે, એટલે એ મનોભાવ એને માટે અર્થ ધરાવતો હોય છે પરંતુ મારે માટે કશો જ અર્થ નથી ધરાવતો. સંગીત કશા હેતુ વગર ઉત્તેજના પેદા કરે છે. લશ્કરી કૂચનું સંગીત શરૂ થાય એટલે સૈનિકો કૂચ કરવા લાગે, અને એમાં સંગીતની કામગીરી પૂરી થઈ જાય. નૃત્યનું સંગીત શરૂ થાય એટલે હું નૃત્ય કરવા લાગું, અને એમાં સંગીતની કામગીરી પૂરી થઈ જાય. એવી જ રીતે દેવળમાં ભકિતનું સંગીત ચાલતું હોય ત્યારે હું ઈશ્વરની પ્રાર્થનામાં લીન થઈ જાઉં. બીજા પ્રસંગોમાં સંગીત કેવળ ઉત્તેજના પેદા કરે છે, પરંતુ એ ઉત્તેજનાના નિકાલનો કશો ઉપાય પૂરો નથી પાડતું. એટલે જ સંગીત બહુ ભયંકર, અને ક્યારેક બહુ ખોફનાક, અસર કરે છે. ચીનમાં સંગીત રાજ્યના અધિકારક્ષેત્રમાં છે. એમ જ હોવું જોઈએ. ગમે તે કોઈ માણસ બીજા માણસની ઉપર અથવા ઘણા માણસોની ઉપર વશીકરણ અજમાવીને તેમની પાસેથી પોતાનું ધાર્યું કરાવી લે, એ શું ચલાવી લેવાય? અને સૌથી ખરાબ વાત તો એ છે કે વશીકરણ અજમાવનારો આદમી ઘણી વાર કશા જ નૈતિક સિદ્ધાંતો વગરનો હોય છે.

"ગમે તેવા માણસના હાથમાં એ હથિયાર ભયંકર ગણાય. ક્રૈઇત્સેર સોનાટાના પ્રથમ વિભાગનો જ દાખલો લઈએ. જ્યાં સ્ત્રીઓ ખભા ને ગળું ઉઘાડાં રાખે એવાં વસ્ત્રો પહેરીને બેઠી હોય એવા દીવાનખંડમાં પ્રથમ દ્રુત વિભાગનું વાદન કોઈ કેવી રીતે કરી શકે? તેનું વાદન, પછી તાળીઓ, અને

પછી આઈસક્રીમની તથા ગામગપાટાની મોજ! એવા સંગીતનું વાદન તો અમુક ચોક્કસ અને મર્મભર્યા સંજોગોમાં જ, સંગીતને અનુરૂપ અમુક ચોક્કસ અને મર્મભરી કામગીરીઓ કરવાની હોય ત્યારે જ, થવું જોઈએ. વાદન થાય ત્યારે તેને લીધે જાગતા મનોભાવ દ્વારા પ્રેરિત કાર્યો પણ થવાં જ જોઈએ. નહિતર સ્થળ અને સમય જોડે અસંગત લાગણીઓ વ્યક્ત ન થાય અને ધૂંધવાઈને પાયમાલીનું સર્જન કરે. એ સંગીતે મારી બાબતમાં તો વિનાશક અસર કરી. હું જેનાથી તદ્દન અજાણ હતો એવી સાવ નવી લાગણીઓ અને શક્તિઓ એથી મારી સમક્ષ છતી થતી મને લાગી. સંગીત જાણે મને કહી રહ્યું હતું કે 'હાલત અને જિંદગી તું જેવી ધારતો હતો એવી નહિ પણ આવી છે, આવી જ છે.' હું કહી શકું એમ નથી કે એ નૂતન ખરેખર શું હતું, પરંતુ નવી હાલતની સભાનતાથી મને ખુશી થઈ. મારી પત્ની અને ત્રુખાચેવ્સ્કી સમેત તમામ પુરાણા ઇન્સાનોને હું સાવ નવી જ નજરે નીરખવા લાગ્યો.

"ક્રૈઇત્સૅર સોનાટાના પ્રથમ દ્રુત વિભાગ પછી તેમણે ઉલ્લાસમય પરંતુ સાધારણ કક્ષાની રચનાનું વાદન કર્યું. મંદગતિની એ રચનામાં અણઘડ પલટા આવતા હતા અને તેનો અંત નબળો હતો. મહેમાનોની માગણીઓને માન આપીને તેમણે રજૂ કરેલી બીજી કેટલીક કૃતિઓમાં એન્સ્ટર્નની એક શોકમય કૃતિ પણ કદાચ હતી. એ બધી રચનાઓ બહુ મઝાની હતી, પરંતુ મારા મન ઉપર એની અસર પ્રથમ વાદનની સરખામણીમાં દસમા ભાગ જેટલીયે નહોતી પડી. સંધ્યાના કાર્યક્રમના બાકીના સમય દરમિયાન હું ખુશી ને મોજમાં રહ્યો. મેં મારી પત્નીને એ વખત જેવી અગાઉ કદી નહોતી જોઈ. એ પિયાનો બજાવી રહી હતી ત્યારે એનાં નયન ઝળકી રહ્યાં હતાં અને એના વદન પર ગાંભીર્ય તથા મર્મના ભાવ છવાઈ ગયા હતા. વાદન પૂરું થયું ત્યારે એ જાણે સાવ શિથિલ બની ગઈ, અને એના આછા મલકાટમાં પરમાનંદ છલકાતો હોવા છતાં જાણે દીનતા વરતાતી હતી. મેં એ બધું જોયું, પરંતુ મેં તો તેમાંથી માત્ર એટલો જ અર્થ તારવ્યો કે મારી બાબતમાં બન્યું હતું તેમ એની સમક્ષ પણ સ્મૃતિના ઊંડાણમાંથી જાગેલી અજાણી ઊર્મિઓ છતી થઈ હશે.

"સંધ્યાનો કાર્યક્રમ સફળતાથી પૂરો થયો અને સૌ ઘેર ચાલ્યાં ગયાં.

"ત્રુખાચેવ્સ્કીને ખબર હતી કે હું બે દિવસ પછી સંમેલનમાં જવાનો છું. એણે વિદાય લેતી વેળા કહ્યું કે મને સંધ્યાની આવી જ મોજ માણવાનો અવસર ફરી આ શહેરમાં આવું ત્યારે મળશે એવી આશા રાખું છું. એના શબ્દોનો મેં એવો અર્થ તારવ્યો કે મારી ગેરહાજરીમાં મારે ઘેર એનું આગમન અશક્ય છે. એથી મને ખુશી થઈ. હું સંમેલનમાંથી પાછો ફરું ત્યાર પહેલાં તો એ શહેરમાંથી ચાલ્યો જવાનો હતો, એટલે મેં ધારી લીધું કે મારે એને ફરી વાર નહિ મળવું પડે.

"મેં એની જોડે પહેલી જ વાર ખરી ખુશીથી હાથ મિલાવ્યો અને મનોરંજન બદલ એનો આભાર માન્યો. એણે મારી પત્નીની પણ વિદાય લીધી, અને વિદાય જાણે લાંબા વખત માટેની હોય એવો દેખાવ કર્યો. તેમનું વર્તન મને તદ્દન સ્વાભાવિક અને શિષ્ટ લાગ્યું, એ સિવાય કશું ખાસ ન દેખાયું. બધું સુખરૂપ પાર ઊતરી ગયું. એ સંધ્યાના કાર્યક્રમથી મને ને મારી પત્નીને બહુ જ ખુશી થઈ."

૨૪

"બે દિવસ પછી હું ગ્રામવિસ્તાર તરફ રવાના થઈ ગયો. મારી પત્નીની વિદાય લેતી વેળા મારું મન હળવું હતું અને હું ખુશમિજાજમાં હતો.

"ગ્રામવિસ્તારમાં પાર વિનાનાં કામ કરવાનાં હોય છે. એ તો એક નિરાળી જ દુનિયા હોય છે અને તેમાં જિંદગીની ન્યારી રીત હોય છે. મેં સંમેલનમાં બે દિવસ એકધારા દસ દસ કલાક ભાગ લીધો. ત્યાર પછીના દિવસે મને મારી પત્નીનો પત્ર મળ્યો. મેં એ તત્કાળ વાંચ્યો. એણે બાળકો વિશે, એના કાકા વિશે, આયા વિશે, અને નવી ખરીદેલી ચીજો વિશે લખ્યું હતું. પછી અછડતી રીતે સાવ સાધારણ વાત કહેતી હોય એમ લખ્યું હતું કે ત્રુખાચેવ્સ્કી વાયદા મુજબની સંગીતરચનાઓ આપવા આવ્યો હતો, એણે વાદનની તત્પરતા બતાવી હતી, પરંતુ મેં ના પાડી. ત્રુખાચેવ્સ્કીએ કોઈ સંગીતરચનાઓ મારી પત્નીને પહોંચાડવાનો વાયદો કર્યો હોય એવું કશું મને યાદ ન આવ્યું. મને તો લાગેલું કે એણે મારી પત્નીની આખરી વિદાય લઈ લીધેલી, એટલે મને અચરજ ભેગી નાખુશીની લાગણી થઈ. પરંતુ હું બહુ જ કામમાં હતો એટલે મેં એ બાબત વિશે એ વખતે ઝાઝો વિચાર ન કર્યો. સાંજે મુકામે પાછો ફર્યો ત્યારે મેં પત્ર ફરી વાર વાંચી જોયો. ત્યારે મને લાગ્યું કે મારે ઘેર મારી ગેરહાજરીમાં ત્રુખાચેવ્સ્કીનાં પગલાંના અણગમતા સમાચાર ઉપરાંત આખા પત્રમાં જાણે તણાવનો ભાવ વરતાતો હતો. ઈર્ષાનું વકરેલું જનાવર બખોલમાં ગરજી ઊઠ્યું અને બહાર ધસી જવાની કોશિશ કરવા લાગ્યું, પરંતુ મેં તેને બળજબરીથી

પાછું ધકેલી દીધું કારણ કે મારા દિલમાં પાશવી બળની સખત દહેશત હતી. 'ઈર્ષાની લાગણી કેવી અધમ છે!' મેં મારા મનને મનાવ્યું. 'એણે લખ્યું છે એથી વધારે સ્વાભાવિક બીજું શું હોઈ શકે?'

"હું બિછાનામાં લાંબો થઈને બીજા દિવસનાં કામકાજના વિચાર કરવા લાગ્યો. સામાન્ય રીતે મને ઘર સિવાયનાં બીજાં બિછાનાંમાં મુશ્કેલીથી નીંદર આવે છે, પણ એ રાતે મને વહેલી નીંદર આવી ગઈ. પરંતુ ક્યારેક બનતું હોય છે એમ હું જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય એવી રીતે અચાનક જાગી ગયો. હું જાગ્યો ત્યારે એના પ્રત્યેના મારા દૈહિક પ્રેમના અને ત્રુખાચેવ્સ્કીના વિચારો મારા મનમાં ધમાચકડી મચાવી રહ્યા હતા, મને ખાતરી લાગતી હતી કે ત્રુખાચેવ્સ્કીએ પોતાની મુરાદ મુજબનું મારી પત્ની પાસેથી પામી લીધું હશે. રોષ અને ત્રાસને લીધે મારી કાયા અક્કડ થઈ ગઈ. પરંતુ હું મારા મનને મનાવવા લાગ્યો કે 'આ બધા ખોટા વિચારો છે, આવી લાગણી માટે કશું જ કારણ નથી, એ બેઉની વચ્ચે એવું કશું છે જ નહિ અને ક્યારેય હતું જ નહિ. આવી ભયાનક ધારણા કરીને હું એને અને ખુદ મારી જાતને આમ હલકી કેવી રીતે પાડી શકું? એક તો મેલી નામના ધરાવતો ભાડૂતી બજવૈયો છે અને બીજી પ્રતિષ્ઠિત મહિલા છે, કેટલાંય બચ્ચાંની મા છે, ખુદ **મારી પત્ની** છે. કેવી અસંગતિ!' એ તો હતું દલીલનું એક પાસું. બીજું પાસું આવું હતું: 'એ સિવાય બીજું થાય પણ શું! એવી સાદી ને સાધારણ બાબત સિવાય બીજું થાય પણ શું? હુંયે એટલા ખાતર જ એને પરણેલો, અને એટલા ખાતર જ એની જોડે જિંદગી ગુજારું છે ને? મારે એની પાસેથી માત્ર એટલું જ જોઈતું

હતું, અને આ સંગીતકાર સમેત બીજા પુરુષોને પણ એની પાસેથી માત્ર એટલું જ જોઈએ છે. આ આદમી એકલો છે અને તંદુરસ્ત છે (મને યાદ આવ્યું કે એણે કેવી રીતે હાડકાને દાંત વડે દબાવીને ભુક્કો કરી નાખ્યો હતો અને ગ્લાસ ભરીને મદ્ય પોતાના રાતા હોઠ વડે ચૂસી લીધું હતું), ચાલાક છે, હૃષ્ટપુષ્ટ છે, અને સિદ્ધાંત વગરનો હોવાને બદલે એકમાત્ર સિદ્ધાંત ધરાવે છે કે દરેક તકનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવો. એ અને મારી પત્ની સંગીત વડે સંકળાયેલાં છે, અને કામવાસનાને ઉત્તેજિત કરવાનું સંગીત કરતાં વધારે પરિષ્કૃત સાધન બીજું એકેય નથી. એને અટકાવે એવું શું છે? કશું જ નહિ. એથી ઊલટું, બધું એને પ્રોત્સાહિત કરે એવું જ છે. મારી પત્ની? એ વળી કોણ છે? એક રહસ્ય — એ હંમેશાં જેવું રહસ્ય રહી છે એવું જ રહસ્ય. હું એને જાણતો નથી. હું તો કેવળ એની પાશવી વૃત્તિને જ જાણું છું. અને પશુને કશી મર્યાદા હોતી નથી, હોવી પણ ન જ જોઈએ.'

"ત્યારે જ મને એ સંધ્યા દરમિયાન, ક્રૈઇત્સેર સોનાટાના વાદન પછી ભાવોદ્રેકભરી એક નાનકડી કૃતિ — હું ભૂલી ગયો કે કોની રચના હતી — વગાડતી વેળા, એ વિલાસ નીતરતી કામોત્તેજક કૃતિ વગાડતી વેળા, તેમનાં મુખ ઉપર છવાઈ ગયેલા ભાવ યાદ આવ્યા. 'હું ઘર છોડીને અહીંયાં કેમ આવ્યો?' એ ભાવ યાદ આવતાં મેં મારા મનમાં સવાલ કર્યો. 'બાબત શું સાફ નહોતી કે તેમની વચ્ચે બધું એ સાંજે જ બની ગયેલું? બાબત શું સાફ નહોતી કે એ સાંજે તેમની વચ્ચેના બધા અવરોધો ખતમ થઈ ગયેલા, અને તેમની વચ્ચે જે બની ગયેલું તેને કારણે બેઉ સંકોચ અનુભવી રહ્યાં

હતાં, ખાસ કરીને મારી પત્ની સંકોચ અનુભવી રહી હતી?' એણે મારી સામે જોઈને કરેલો આછો, દીન, આહ્‌લાદમય મલકાટ મને યાદ આવ્યો, અને હું પિયાનો પાસે ગયો ત્યારે એણે પોતાના લાલચોળ મુખ પરથી પ્રસ્વેદનાં બિંદુ જે રીતે લૂછ્યાં હતાં તેની યાદ મારા મનમાં તાજી થઈ. એ વખતે પણ તેઓ એકબીજાની નજર ટાળી રહ્યાં હતાં. છેક વાળુ કરતી વેળા એણે પાણીનો ગ્લાસ ભરીને મારી પત્નીને આપ્યો ત્યારે જ તેમણે એકબીજાની સામે જોઈને જરાક હોઠ મલકાવ્યા હતા. નજરની એ આપલે અને ઝબકી ગયેલા મલકાટ જોયાનું યાદ આવતાં હું ત્રાસ પામી ગયો. 'બધું ખતમ!' મારા મનમાં એક અવાજે કહ્યું, પરંતુ બીજા અવાજે સાવ જુદી જ વાત કરી: 'તને કંઈક થઈ ગયું છે. ખરી હોઈ જ ન શકે એવી બાબત અંગે તું નકામો સંતાપ કરી રહ્યો છે'. મારે માટે અંધકારમાં પડયા રહેવાનું અશક્ય બની ગયું. મેં દીવાસળી સળગાવી. પીળી દીવાલોવાળા નાનકડા ખંડમાં મને બીક લાગી. મેં સિગારેટ સળગાવી, અને કોઈ ઉકેલી ન શકાય એવી સમસ્યા ફરતે મારું મન ચકરાવા લેતું હોય ત્યારે હું હંમેશાં કરતો એમ ધુમાડા કાઢવા લાગ્યો. મારી સમસ્યાને ઉકેલવાની અશક્યતાની બાબતમાં મારા માનસને મૂઢ બનાવી દેવાના ઈરાદે હું એક પછી એક સિગારેટ સળગાવતો ધુમાડા કાઢતો રહ્યો, કાઢતો રહ્યો.

"એ રાતે મને ફરી નીંદર ન આવી. પાંચ વાગ્યે મેં નક્કી કર્યું કે હવે બેચેનીની જરાય વધારે વાર સહી શકાય એમ નથી, મારે તત્કાળ ઘર તરફ રવાના થઈ જવુ જોઈએ. હું ઊઠી ગયો. મારું કામ કરતા ચોકીદારને જગાડીને મેં ઘોડા લઈ આવવા મોકલ્યો. મારા સહયોગીઓને મેં ચિઠ્ઠી લખીને

જણાવી દીધું કે મારે તાકીદના કામસર અચાનક મોસ્કો જવું પડયું છે એટલે મારે સ્થાને બીજા કોઈની નિમણુક કરી લેવી.

"હું આઠ વાગ્યે સગરામમાં બેસીને રવાના થઈ ગયો."

૨૫

કંડકટર અમારા ખાનામાં આવ્યો. લગભગ ખતમ થઈ ગયેલી મીણબત્તી તેણે ઓલવી નાખી, પણ તેની જગ્યાએ બીજી ન ગોઠવી. બહાર ઉજાસ થવા લાગ્યો હતો. પોઝ્‌દનિશેવે ઊંડો નિસાસો નાખ્યો, પરંતુ કંડકટર ડબ્બામાં હતો ત્યાં સુધી તે કશું બોલ્યો નહિ. કંડકટર ચાલ્યો ગયો અને વેગમાં ડોલતી ગાડીની બારીઓના ખખડાટ તથા ગુમાસ્તાનાં નસકોરાં સિવાય બીજું કશું અંધારઘેરા ખાનામાં સંભળાતું નહોતું ત્યારે જ તેણે વાત ફરી શરૂ કરી. પરોઢના આછા ઉજાસમાં મને તે જરાય દેખાતો નહોતો. મને તો કેવળ તેનો અવાજ સંભળાઈ રહ્યો હતો. અવાજમાં તેની બેચેની અને વેદના વધારે ન વધારે સાફ વરતાઈ રહી હતી.

"મારે પાંત્રીસ કિલોમીટરની સફર સગરામમાં અને આઠ કલાકની સફર રેલગાડીમાં કરવી પડી. સગરામની સફરમાં મઝા પડી. શરદની સવારમાં ઠાર હતો. સ્વચ્છ આકાશમાં સૂરજ પ્રકાશી રહ્યો હતો. તમે તો એવી સવાર ઘણી વાર જોઈ હશે — ભીના રસ્તા ઉપર ટાયરનાં સાફ નિશાન પડી રહ્યાં હતાં. સડક મઝાની સમતલ હતી, સરસ તડકો હતો, અને તાજગીબક્ષ હવા હતી. સગરામની સફર મઝેદાર હતી. સવાર પડી અને હું રવાના થઈ ગયો કે તરત જ મને રાહત

લાગી. ઘોડાઓને, ખેતરોને, અને રાહદારીઓને નીરખતાં હું ભૂલી ગયો કે ક્યાં જઈ રહ્યો છું. ક્યારેક મને લાગતું કે હું તો ફકત સહેલ કરવા નીકળ્યો છું, અને તેના કારણરૂપ બધા સંજોગો તો કેવળ કલ્પનાની દુનિયાના છે. ભૂલી જવામાં હું ખાસ ખુશી અનુભવતો હતો. હું ક્યાં જઈ રહ્યો છું એ મને યાદ આવતું ત્યારે હું મનમાં કહેતો: 'વિચાર કરવા મૂકી દો, વખત આવતાં બધું સાફ થઈ જશે.' સફર દરમિયાન કશુંક બન્યું જેથી મારે ખોટી થવું પડયું અને મારું મન જુદી તરફ વળ્યું. સગરામમાં કંઈક ભાંગી ગયું એટલે મરામત કરાવવી પડી. એ અકસ્માતથી ભારે ફેર પડી ગયો. હું એક્સપ્રેસ ગાડી ચૂકી ગયો એટલે મારે પેસેંજર ગાડીમાં જવું પડયું. હું મોસ્કો મારી ધારણા મુજબ પાંચ વાગ્યાને બદલે રાતે બાર વાગ્યે પહોંચ્યો, અને નવા દિવસના પહેલા કલાક દરમિયાન ઘેર પહોંચ્યો.

"ગાડીમાં સવારી, મરામત, હિસાબની ચૂકવણી, સરાઈમાં જમવાનું, ચોકીદારની જોડે વાતચીત — મારું મન એવી બધી બાબતોમાં રોકાયેલું રહ્યું. સાંજ સુધીમાં પાછું બધું તૈયાર થઈ ગયું અને હું રવાના થઈ ગયો. સાંજની સફરમાં દિવસની સફર કરતાં વધારે મઝા પડી. અજવાળિયાની રાત હતી, જરાક ઠાર હતો, સડક સરસ હતી, ઘોડા મઝાના હતા, અને ગાડીવાન મોજીલો હતો. ભાવિના ગર્ભમાં શું હશે તેની ભાગ્યે જ કશી ચિંતા કર્યા વગર મેં પૂરી મોજ માણી, અથવા કદાચ ભાવિના ગર્ભમાં શું છે તેની બરાબર ખબર હોવાથી જ જિંદગીની ખુશીઓનો આખરી લહાવો લઈ લેવાના ઇરાદે મેં સફરમાં પૂરી મોજ માણી લીધી.

"પરંતુ એવી સ્વસ્થતાની સ્થિતિ અને લાગણીઓને દબાવી

દેવાની શકિત સગરામની સફરની સાથે સાથે જ ખતમ થઈ ગઈ. રેલગાડીના ડબ્બામાં દાખલ થતાં જ હું સાવ નિરાળી લાગણીઓ અનુભવવા લાગ્યો. રેલગાડીની આઠ કલાકની એ સફર તો કારમી વેદનાની હતી અને મને જિંદગીભર યાદ રહેશે. કારણ જે હોય તે, પરંતુ હું ડબ્બામાં બેઠો કે તરત જ મારી કલ્પનાને અંકુશમાં રાખવાની શકિત ગુમાવી બેઠો. મારી ઈર્ષાને ઉત્તેજિત કરતું એક પછી એક ચિત્ર મારા માનસપટમાં તરવરવા લાગ્યું. દરેક નવું ચિત્ર પુરોગામી ચિત્ર કરતાં વધારે અશ્લીલ હતું. બધાં ચિત્રો મળીને જાણે પૂરી કહાણી રજૂ કરતાં હતાં કે મારી પત્ની મારી ગેરહાજરીમાં કેવું વર્તન કરી રહી હતી અને મારી જોડે કેવી રીતે કપટ કરી રહી હતી. મારા દિલમાં ખીજ અને ખુન્નસની આગ જલવા લાગી, અને એ ચિત્રોને લીધે મનમાં આવતા વિચારોમાં સમાયેલી હીણપતથી હું જાણે ખુશી અનુભવવા લાગ્યો. એ ચિત્રોને હું રૂખસદ નહોતો આપી શકતો, મારી નજરથી અળગાં નહોતો કરી શકતો, આકાર લેતાં અટકાવી નહોતો શકતો. મારી કલ્પનાનાં ચિત્રોને હું જેમ જેમ વધારે નીરખતો ગયો તેમ તેમ એ મને વધારે ને વધારે વાસ્તવિક લાગતાં ગયાં. મારા માનસપટમાં એ ચિત્રો એટલાં સ્પષ્ટ ઊપસી આવ્યાં હતાં કે એ હકીકત જ મને મારા તરંગો વાસ્તવિકતા હોવાની સાબિતી સમી લાગી. કોઈ પિશાચ અત્યંત ભયાનક ધારણાઓ ઉપજાવી કાઢીને મારા કાનમાં ગણગણી રહ્યો હતો. ત્રુખાચેવ્સ્કીના ભાઈ જોડે વરસો પહેલાં થયેલી એક વાત મને યાદ આવી. એ વાતને સંગીતકાર તથા મારી પત્નીની ઉપર લાગુ કરતાં કરતાં યાદ કરીને મેં એક પ્રકારના વિકારી આહ્લાદમાં મારા દિલ ઉપર પારાવાર જખમો કરી નાખ્યા.

"વાત ઘણાં વરસો પહેલાંની હતી પરંતુ મને સ્પષ્ટ યાદ હતી. મેં ત્રુખાચેવ્સ્કીના ભાઈને એક વાર પૂછેલું કે તું વેશ્યાવાડામાં જાય છે કે નહિ. એણે જવાબ આપેલો કે કામવાસનાને સંતોષવા આબરૂદાર સ્ત્રીઓ હંમેશાં મળી રહેતી હોય છે એટલે કોઈ પણ શિષ્ટ આદમી રોગનો ભોગ બનવા એવી સામાન્ય રીતે ગંદી ને સડેલી જગ્યાઓએ જાય જ નહિ. અને હવે! એના ભાઈને મારી પત્ની મળી ગઈ હતી. હું જાણે એના વતી મારા મનમાં દલીલ કરવા લાગ્યો: 'હા, એ ખરું કે આ ઓરતમાં જોઈએ એટલી તાજગી નથી, એનો ડાબી તરફનો એક દાંત પડી ગયો છે, અને એ જરાક વધારે પડતી પુષ્ટ છે. પણ તેનો તો કશો ઉપાય જ નથી. જેવું મળે એવું લઈ લેવું જોઈએ.' પછી હું મને પોતાને જ ઉદ્દેશીને મનમાં કહેવા લાગ્યો: 'હા, એ તો મારી પત્નીને રખાત બનાવીને એની ઉપર મહેરબાની કરી રહ્યો છે. વળી રોગનો ડર પણ નથી.' મારા વિચારોથી હું છળી ઊઠયો અને મનમાં બળતરા કરવા લાગ્યો: 'અરે જીવ, આ તું કેવા વિચારો કરી રહ્યો છે? આવા વિચારો કરાય જ નહિ. એવું કશું બન્યું જ નથી. આવા ખ્યાલો માટે તારી પાસે મુદ્દલ કારણો નથી. તને ખુદ તારી પત્નીએ જ નહોતું કહ્યું કે એવા આદમીની ઈર્ષાનો ખ્યાલ પણ તને હલકો પાડી દે છે? હા, પણ એ તો જૂઠાણું હતું, જૂઠાણું હતું!' હું જાણે મનમાં જ ઘાંટો પાડી ઊઠયો, અને વળી પાછું બધું નવેસરથી શરૂ થઈ ગયું.

"અમારા ડબ્બામાં ફકત બે જ બીજા મુસાફરો હતા—એક ડોશી અને એનો ઘરડો પતિ. બેઉ બહુ જ ઓછાબોલાં

21—394

લાગતાં હતાં. એ બેઉ એક સ્ટેશને ઊતરી ગયાં અને હું એકલો પડી ગયો. હું જાણે પાંજરામાં પૂરેલા જનાવર જેવો હતો—ઘડીક બારી પાસે જતો અને ઘડીક લથડિયાં ખાતો આંટા મારવા લાગતો, જાણે કેમ એથી ગાડીનો વેગ વધી જવાનો હોય. બારીઓ અને બાંકડાવાળી ગાડી તો આપણી આ ગાડીની જેમ જ ધણધણાટી કરતી એના નિયત વેગે જઈ રહી હતી."

પોઝ્દનિશેવ સફાળો ઊભો થઈ ગયો અને એકબે આંટા મારીને પાછો બેસી ગયો.

"રેલગાડીના ડબ્બામાં મને બીક લાગે છે, ભયંકર બીક લાગે છે, હંમેશાં ત્રાસ થાય છે," તે આગળ બોલ્યો. હું વારંવાર મનમાં કહેતો રહ્યો કે 'જીવ, બીજા કશાકનો વિચાર કર, દાખલા તરીકે બપોરે જ્યાં જમેલો એ સરાઈનો વિચાર કર.' મને નજર સામે દાઢીવાળો ચોકીદાર અને એનો નાનકડો પૌત્ર દેખાતા. છોકરો મારા વાસ્યા જેટલી જ ઉંમરનો હતો. 'મારો વાસ્યા! કોઈ વાર એને સંગીતકાર એની માને ચુંબન કરતો નજરે પડી જશે. બિચારા બાળકને કેટલું દુ:ખ થશે! પરંતુ માને એની કશી પરવા નથી! એ તો પ્રેમમાં છે!..' અને વળી પાછું એનું એ જ. 'ના, ના, હવે સ્થાનિક હૉસ્પિટલના નિરીક્ષણનો વિચાર કરું. ગઈકાલે એક દરદીએ ડૉક્ટરની વિરુદ્ધ ફરિયાદ કરેલી. ડૉક્ટરને ત્રુખાચેવ્સ્કી જેવી મૂછો હતી. એણે કેવી નફટાઈથી, અને ઓરતે પણ, મારી જોડે કપટ કરીને મને કહ્યું કે પોતે ચાલ્યો જવાનો છે!' વળી પાછા એવા જ વિચારો શરૂ થઈ ગયા. મારા મનમાં ઊઠતો દરેકે દરેક વિચાર મને ત્યાં જ પહોંચાડી દેતો. હું ભયંકર વેદના વેઠી રહ્યો હતો. મારી વેદનાનું કારણ મોટે

ભાગે તો મારા અજ્ઞાનમાં, મારી આશંકાઓમાં, મારી દુવિધામાં, અને પત્નીને ચાહવી કે ધિક્કારવી એ નક્કી ન કરી શકવામાં હતું. મારી વ્યથા એવી ભયંકર હતી કે ડબ્બામાંથી બહાર નીકળીને પાટા ઉપર લાંબા થઈ જવાના અને એ રીતે આખા મામલાનો અંત આણવાના ખ્યાલને વધાવી લીધાનું મને યાદ છે. મને થયેલું કે જીવ કાઢી નાખું તો પછી આશંકા અને દુવિધાની યાતના નહિ સહેવી પડે. એમ કરતાં મને એક જ બાબતે રોકી રાખ્યો—આત્મદયા અને તેને પગલે પગલે મારા દિલમાં અચૂક છલકાવા લાગતી મારી પત્ની પ્રત્યેની કારમી નફરત. ત્રુખાચેવ્સ્કી પ્રત્યેની મારી નફરતમાં મારી હીણપત અને એની ફતેહની લાગણી ભળેલી હતી, પરંતુ પત્ની પ્રત્યેની નફરત તો નિર્ભેળ નફરત હતી, કારમી નફરત હતી. મેં મનમાં કહ્યું: 'આપઘાત કરીને એને છટકી જવાની તક નહિ જ આપું. એને પણ વેદના સહેવી જ પડશે. મેં જે કારમી વેદના વેઠી છે તેનો ખ્યાલ એને પણ આપવો જ પડશે.' હું મારા મનને જુદી દિશામાં વાળવા દરેક સ્ટેશને બહાર નીકળતો. એક સ્ટેશને રેસ્તરાંમાં કેટલાક આદમીઓને દારૂ પીતા જોઈને મેં પણ વોદકાનો ઓર્ડર આપ્યો. મારી નજીક ઊભેલો એક યહૂદી પણ દારૂ પી રહ્યો હતો. એણે મારી જોડે વાત શરૂ કરી. મારા ડબ્બામાં એકલો બેસવાનું ટાળવા ખાતર હું એની ભેગો ત્રીજા વર્ગના ગંદા ધુમાડિયા ડબ્બામાં ગયો. ફરસ ઉપર ઠેર ઠેર સૂરજમુખીનાં બીજનાં ફોતરાં વેરાયેલાં હતાં. હું એની જોડે બેસી ગયો. એણે ઘણી ઘણી વાતો કરી અને કેટલાય ટુચકા સંભળાવ્યા. હું સાંભળતો હતો પણ કશું સમજતો નહોતો કારણ કે મારા મનમાં તો મારા પોતાના જ વિચારો ઘોળાઈ રહ્યા હતા.

એના ખ્યાલમાં એ વાત આવી ગઈ એટલે એણે મને ધ્યાનથી સાંભળવાનો આગ્રહ કર્યો. હું ઊભો થઈને મારા ડબ્બામાં ચાલ્યો ગયો. મેં મનમાં કહ્યું: 'આ બાબતનો મારે પૂરો વિચાર કરી લેવો જોઈએ. હું જે ધારણા કરું છું તે ખરી છે કે નહિ અને આટલી વેદના સહેવાનું કશું કારણ છે કે નહિ, તેનો ફેંસલો મારે કરી લેવો જોઈએ. હું શાંત ચિત્તે બધો વિચાર કરવા બેસી ગયો, પરંતુ શાંત ચિત્તે વિચાર કરવાને બદલે વળી પાછો અગાઉ જેવા જ તરંગોમાં ડૂબી ગયો. તર્કસંગત વિચારોને બદલે—ચિત્રો અને તરંગો. ઈર્ષાના જ્વાળના બીજા પ્રસંગો યાદ કરીને હું મનમાં કહેવા લાગ્યો: 'આવી યાતના હું અગાઉ કેટલી બધી વાર વેઠી ચૂક્યો છું! પરંતુ દરેક વખતે હકીકતમાં કશું જ નહોતું. આ વખતે પણ ધારું છું—ના, ખાતરી છે—કે એ તો નિરાંતે સૂતી હશે, હું પહોંચીશ ત્યારે ઊઠી જશે અને મને જોઈને ખુશ થઈ જશે, એનાં વેણ અને ભાવ મને જણાવશે કે કશું જ નથી બન્યું, આ બધા તો મારા ઠાલા તરંગો જ છે. ઓહ! ત્યારે મનમાં કેવો ઉલ્લાસ થશે!' પરંતુ તરત જ મનમાં બીજો અવાજ કહેવા લાગતો: 'ના, એમ તો કેટલીય વાર બની ચૂક્યું, આ વખતે સાવ જુદું જ બનવાનું છે.' વળી પાછું બધું શરૂ થઈ જતું. હા, મને સજા મળી રહી હતી. હું યુવાનોને તેમની લંપટતાથી છુટકારો અપાવવા ચાંદીના રોગની હોસ્પિટલમાં નહિ લઈ જાઉં પરંતુ મારા આત્માની ઝાંખી કરાવીશ, જેથી તેઓ પિશાચોને મારો આત્મા છિન્નભિન્ન કરી નાખતા નીરખી શકે. ભયંકર વાત તો એ હતી કે એક તરફ હું એની કાયાની ઉપર, એ જાણે મારી જ કાયા હોય એવી રીતે, સંપૂર્ણ અને નિર્વિવાદ માલિકીનો દાવો કરી

રહ્યો હતો; અને બીજી તરફ હું સમજતો હતો કે એની કાયાની ઉપર મારાથી માલિકી જમાવી શકાય એમ નથી, એની કાયા મારી કાયા નથી, એની કાયાનું મરજી પડે એમ કરવાનો એને હક છે, અને એની મરજી એની કાયાનો જેવો ઉપયોગ કરવાની છે તે મને પસંદ નથી. હું એના આશકને કે એને કશું જ કરી શકું એમ નહોતો. આશક તો વાર્તાના વોર્ડર વાંકાની જેમ ફાંસીએ ચડવા જતી વેળા માશૂકનાં મધુરાં ચુંબનોનું ગીત લલકારશે. એ તો મૃત્યુ પામીને પણ મને પરાજિત કરશે. મારી પત્નીએ આવો ગુનો હજુ સુધી ન કર્યો હોય તોયે કરવાનો મનસૂબો એ ધરાવતી હતી, મને ખબર હતી કે મનસૂબો એ ધરાવતી હતી જ, અને એથી મારી હાલત બદતર બની ગઈ. એણે ગુનો કરી લીધો હોય અને મને ખબર હોય તો બહેતર, કારણ કે તો આશંકાની યાતના ન સહેવી પડે. હું કહી શકું એમ નહોતો કે મારી શી મંછા છે. મારી મંછા તો એવી હતી કે એ જે ઇચ્છા ધરાવ્યા વગર રહી નહોતી શકતી એવી ઇચ્છા એ ન ધરાવે. આખી બાબત તદ્દન ગાંડપણ જેવી હતી."

૨૬

"છેલ્લું એક જ સ્ટેશન બાકી રહ્યું ત્યારે કંડક્ટર અમારી ટિકિટો લેવા આવ્યો. હું મારી ચીજો લઈને ડબ્બાના બારણા પાસે ઊભો રહી ગયો. લગભગ પહોંચી ગયો છું અને હવે થોડી વારમાં જ રહસ્યસ્ફોટ થવાનો છે એવી સભાનતાથી મારી ઉત્તેજના વધી ગઈ. મારું શરીર ટાઢું પડી ગયું અને હું એવો ધ્રૂજવા લાગ્યો કે મારા દાંત કકડી રહ્યા હતા. હું

મુસાફરોના ઝુંડની પાછળ પાછળ યંત્રવત્ ચાલતો સ્ટેશનમાંથી બહાર નીકળ્યો, અને ઘોડાગાડી ભાડે કરીને રવાના થઈ ગયો. ઘોડાગાડીમાં બેઠો બેઠો હું રસ્તે જતા થોડાક રાહદારીઓને, મકાનોના ચોકીદારોને, અને રસ્તાની બત્તીઓના અજવાળામાં ઘડીક ઘોડાગાડીની આગળ ને ઘડીક પાછળ પડતા પડછાયાઓને નીરખતો રહ્યો. મારા મનમાં એક પણ વિચાર નહોતો આવતો. અને લગભગ અરધા કિલોમીટરનું અંતર કાપ્યું હશે ત્યારે જ મને પગમાં ચડતી ટાઢનો ખ્યાલ આવ્યો. મને યાદ આવ્યું કે મેં ગરમ મોજાં ગાડીમાં કાઢી નાખ્યાં હતાં અને થેલામાં મૂકી દીધાં હતાં. અરે, થેલો ક્યાં? ક્યાં ગયો? આ રહ્યો. અને ટોપલી? હું સામાનની વાત તો સાવ ભૂલી જ ગયેલો. હવે સામાન યાદ આવ્યો અને રસીદ પણ મળી ગઈ, પરંતુ એ વખતે સ્ટેશને પાછા જવાનું ઠીક ન લાગ્યું એટલે મેં ઘોડાગાડી ઘર તરફ જ જવા દીધી.

"ગમે એટલી કોશિશ કરવા છતાં મારી એ વખતની હાલત મને યાદ નથી આવતી. મેં શાના વિચારો કરેલા? મારા મનમાં શી મુરાદ હતી? કશુંક ભયંકર અને પ્રચંડ મહત્ત્વનું બનવાનું છે એવા અમંગળ અણસારા સિવાય બીજું કશું જ મને યાદ નથી. મને ખબર નથી કે પ્રચંડ મહત્ત્વનું એ કશુંક મારા ઈરાદાઓને લીધે બની ગયું કે અમંગળ અણસારાને લીધે બની ગયું. અથવા મારું મન કદાચ સાવ ખાલી રહ્યું હશે, અને મેં માત્ર કલ્પના જ કરી લીધી હશે કે મને એવા કારમા વિચારો આવેલા.

"મારી ઘોડાગાડી મકાનના દરવાજા પાસે ઊભી રહી. લગભગ રાતનો એક વાગ્યો હતો. બારીઓમાં પ્રકાશ જોઈને (પ્રકાશ અમારા ફ્લેટના દીવાનખંડ અને મહેમાનખંડની

બારીઓમાં દેખાતો હતો) સવારી મળી જવાની આશાએ કેટલીક ઘોડાગાડીઓ મકાનની સામે ઊભી હતી. આટલી મોડી રાતે અમારા ફ્લેટમાં બત્તીઓ કેમ બળતી હશે એવો ખ્યાલ પણ મારા મનમાં ન આવ્યો. મેં પગથિયાં ચડીને ઘંટડી વગાડી. કશુંક ભયંકર બનવાનું છે એવો અમંગળ અણસારો હજુ મારા મનમાં ઘોળાઈ રહ્યો હતો. અમારા ભલા, મૂરખ, અને મહેનતુ નોકર યેગોરે બારણું ઉઘાડ્યું. મારી નજર સૌપ્રથમ એના ઓવરકોટની ઉપર પડી. પરસાળમાં બીજા ઓવરકોટ વગેરેની ભેગો એનો ઓવરકોટ પણ ટાંગેલો હતો. મને અચરજ થવું જોઈતું હતું પણ ન થયું, મારા મનમાં જાણે એવી ધારણા પહેલેથી જ હતી. 'તો મારી શંકા ખરી પડી,' હું મનમાં બોલ્યો. મેં યેગોરને પૂછ્યું કે કોણ મહેમાન છે ત્યારે એણે જવાબ આપ્યો કે ત્રુખાચેવ્સ્કી.

"'બીજું કોઈ છે?' મેં સવાલ કર્યો.

"'ના, હજૂર, બીજું કોઈ નથી,' એણે કહ્યું.

"મને યાદ છે કે એના અવાજમાં ખુશીનો ભાવ હતો, જાણે કેમ બીજા કોઈ મહેમાનો પણ હોવાની મારી બીક દૂર કરવા એ આતુર હોય.

"'બીજું કોઈ નહિ! વાહ!' હું મનમાં બોલ્યો.

"'અને બાળકો?' મેં યેગોરને પૂછ્યું.

"'ઈશ્વરની દયાથી સૌ સાજાંનરવાં છે. ક્યારનાં સૂઈ ગયાં છે.'

"હું શ્વાસ પણ માંડ માંડ લઈ શકતો હતો અને મારા હોઠને કંપતા અટકાવી નહોતો શકતો. 'તો આ વખતે બાબત ખરેખર જુદી છે જ! બીજા પ્રસંગોએ મેં દુર્ભાગ્યની ધારણા રાખેલી પરંતુ ખરેખર એવું કશું નહોતું, બધું ઠીક હતું,

બરાબર હતું. આ વખતે બધું બરાબર નથી, દુર્ભાગ્ય આવી પહોંચ્યું છે, આ રહ્યું...'

"હું લગભગ ભાંગી પડ્યો. પરંતુ કોઈ પિશાચ આવીને મારા કાનમાં ગણગણવા લાગ્યો: 'આ શું? એ લોકો શાંતિથી અળગાં થઈને ગુનાની એક પણ સાબિતી બાકી નહિ રહેવા દે, અને તું વેવલાની જેમ રોદણાં રોતો રહેવાનો? તારે શું આખી જિંદગી આશંકાઓની યાતના વેઠતા જ રહેવું છે?' મારી આત્મદયાની લાગણી તત્કાળ અદૃશ્ય થઈ ગઈ અને તેનું સ્થાન બીજી લાગણીએ લઈ લીધું. તમે કદાચ માનશો નહિ પણ એ લાગણી ખુશીની હતી—મને થયું કે હવે મારી યાતના આખરે ખતમ થઈ જશે, હું એને સજા કરી શકીશ, એનાથી છુટકારો હાંસલ કરી શકીશ, મારા ખુન્નસને વહેતું મૂકી શકીશ. અને મેં મારા ખુન્નસને ખરેખર વહેતું મૂકી દીધું—હું જાણે જનાવર બની ગયો, વિકરાળ ને ખૂંધું જનાવર બની ગયો.

"'ઊભો રહે,' દીવાનખંડ તરફ જતા યેગોરને મેં કહ્યું. 'આ રસીદ લે, સ્ટેશને જઈને મારો સામાન લઈ આવ. દરવાજે ઘોડાગાડી ઊભી છે.'

"એ ઓવરકોટ લેવા પ્રવેશખંડની પેલી પાર જવા લાગ્યો. એ કદાચ પેલાં બેઉને ગભરાવી દે એવી બીકે હું એની ઓરડી સુધી ભેગો ગયો અને એ ઓવરકોટ પહેરી લે ત્યાં સુધી વાટ જોતો ઊભો રહ્યો. દીવાનખંડની પાર મહેમાનખંડમાંથી ધીમી વાતચીતના અવાજ અને ચમચા તથા પ્લેટનો ખખડાટ સંભળાઈ રહ્યા હતા. એ લોકો જમી રહ્યાં હતાં એટલે ઘંટડીનો અવાજ તેમને નહોતો સંભળાયો. 'હમણાં બહાર ન નીકળે તો સારું,' મને થયું. યેગોર આસ્ત્રાખાન કોલરવાળો ઓવરકોટ પહેરીને ફ્લેટમાંથી બહાર નીકળ્યો. મેં બારણું અંદરથી વાસી દીધું. હવે હું એકલો છું અને મારે કશુંક કદમ ઉઠાવવાનું છે, એવો ખ્યાલ આવતાં મારા દિલમાં જાણે દહેશત લાગી ગઈ. કેવું કદમ ઉઠાવવું તેનો વિચાર મેં હજી નહોતો કર્યો. મને તો ફક્ત એટલો જ ખ્યાલ હતો કે બધું ખતમ થઈ ગયું છે, હવે એની નિર્દોષતાનો સવાલ જ રહેતો નથી, અને એને સજા કરવાનો તથા એની જોડેના મારા સંબંધો ખતમ કરી નાખવાનો વખત આવી ગયો છે.

"અગાઉ મને હંમેશાં દુવિધા રહેતી, મનમાં થતું કે 'મારી ધારણા કદાચ ખરી નહિ હોય, મારી ભૂલ થતી હશે.' પરંતુ હવે મને એવી લાગણી મુદ્દલ ન થઈ. મને પાકી ખાતરી થઈ ગઈ હતી. મારી ગેરહાજરીમાં એ આદમીની જોડે એકલી! આ તો વિવેક વિચારને સાવ નેવે મૂકી દીધાં છે! અથવા હાલત કદાચ એથીયે બદતર હોય—ગુનો કરવામાં આવી હિંમત અને બેપરવાઈ કદાચ નિર્દોષતાની સાબિતી ઘડી કાઢવા માટે ઈરાદાપૂર્વક ધારણ કરી લીધેલી હોય. બધું સાફ છે. હવે શંકાને સ્થાન જ નથી. મને માત્ર એક જ વાતની બીક હતી—એ લોકો હજુયે કદાચ છટકી જાય, સાબિતી અને તેમને સજા કરવાની તક મારા હાથમાંથી છીનવી લેવાની કોઈ નવી તરકીબ કદાચ ઘડી કાઢે. એટલે તેમને વેળાસર પકડી પાડવાને ઈરાદે હું હળવે પગલે મહેમાનખંડ તરફ જવા લાગ્યો. તેઓ ત્યાં જ બેઠાં હતાં. પરંતુ મેં દીવાનખંડમાં થઈને જવાને બદલે પ્રવેશખંડ અને શિશુખંડનો માર્ગ લીધો.

"બચ્ચાં નીંદરમાં પડયાં હતાં. આયા જરાક હલી અને લગભગ જાગી ગઈ. બધું જાહેર થઈ જશે ત્યારે એને કેવું લાગશે એવો ખ્યાલ આવતાં મારા દિલમાં આત્મદયાનું એવું

જબ્બર મોજું ફરી વળ્યું કે હું આંસુ ખાળી ન શક્યો. બચ્ચાં જાગી જાય એવી બીકે હું અવાજ કર્યા વગર ઝડપથી ડગલાં ભરતો પ્રવેશખંડમાં થઈને અભ્યાસખંડમાં ચાલ્યો ગયો. ત્યાં પહોંચતાં જ હું સોફા ઉપર ફસકાઈ પડ્યો અને ડૂસકાં ભરવા લાગ્યો.

"'હું ઈમાનદાર આદમી છું, મારાં માબાપનો પુત્ર છું. આખી જિંદગી મેં સુખી પરિવારનાં સ્વપ્નાં સેવ્યાં છે. મેં, એના પતિએ, કદી એની જોડે બેવફાઈ નથી કરી; પણ એ તો, પાંચ બચ્ચાંની મા, એક સંગીતકારના પ્રેમમાં પડી ગઈ છે કારણ કે એ આદમીને રાતા હોઠ છે! એ ઇન્સાન નથી, એ તો કૂતરી છે, નફરત પેદા કરે એવી કૂતરી છે! એનાં બાળકો—જે ખૂબ પ્યારાં હોવાનો ઢોંગ એ હંમેશાં કરતી રહી છે તે બાળકો—બાજૂનાં ખંડમાં સૂતાં છે! અને મને પત્રમાં લખેલું એવું લખાણ! બેશરમીથી પેલાને લપેટાઈ ગઈ છે! પણ મને શી ખબર? એ તો કદાચ હંમેશાં એમ જ કરતી રહી હોય. બાળકો કદાચ નોકરોનાં હોય અને મારાં કહીને ઓળખાવતી હોય. હું કાલે પાછો આવ્યો હોત અને એણે કેશની સજાવટ કરીને, લલચામણી કમ્મર બતાવીને, અને મોહક હાવભાવ કરીને' (એના રૂપાળા પણ નફરત પેદા કરતા ચહેરાની પ્રત્યેક વિગત મારી નજર સામે તરવરી ઊઠી) 'મને આવકાર્યો હોત; અને ઈર્ષાના જનાવરને પાછું ધકેલીને મારા દિલમાં પૂરી દેવામાં આવ્યું હોત, એ જનાવર મારા દિલને કોરી ખાતું હોત. આયાને કેવું લાગશે? અને યેગોરને? અને બિચારી નાનકડી લિઝાને? એને તો હાલતનો અણસારો આવી ગયો છે. બેશરમી! દંભ! અને મને ખૂબ જાણીતી પાશવી વૃત્તિ!'

"હું ઊભો થવા માગતો હતો પણ ન થઈ શક્યો. મારું હૈયું એટલા જોરથી ધડકી રહ્યું હતું કે હું ઊભો નહોતો રહી શકતો. મને થયું કે હું આઘાતથી કદાચ મરી જાઉં. એ મારું ખૂન કરી રહી છે. એનો ઇરાદો એવો જ છે. હું એને મારી નાખું? ના, એથી તો એનો છુટકારો સાવ સહેલાઈથી થઈ જાય, એવા આસાન છુટકારાની તક હું એને નહિ આપું. હું અહીંયાં બેઠો છું અને એ લોકો હસતાં હસતાં ખાણાની મઝા માણે છે, વળી... હા, મારી પત્ની જોડે વિલાસ માણવામાં એનું મન જરાય અચકાતું નથી—ભલે ને કાયામાં જોઈએ એટલી તાજગી ન હોય, પણ રૂપાળી તો છે જ, અને સૌથી મોટી વાત તો એ કે મહામોલી તંદુરસ્તીને એમાં કશું જોખમ નથી. પાછલા અઠવાડિયા દરમિયાન અમારે ઝઘડો થયેલો અને મેં ચીજવસ્તુઓ આમતેમ ફેંકીને એને અભ્યાસખંડમાંથી કાઢી મૂકેલી, એ પ્રસંગ યાદ કરીને મેં મનમાં સવાલ કર્યો: 'એ વખતે જ એને કેમ ન મારી નાખી?' એ વખતની મારી હાલત મને યાદ હતી—ના, એમાં યાદ કરતાંયે કશુંક વધારે હતું. હું ભાંગફોડ કરવાનો અને ચીજોને ખતમ કરી નાખવાનો એવો જ તલસાટ ફરી અનુભવી રહ્યો હતો. મને યાદ છે કે કશુંક કરવાની કેવી ઝંખના મારા મનમાં જાગી ઊઠેલી. કશુંક કદમ ઉઠાવવાની બાબતમાં આવશ્યક ન હોય એવા તમામ વિચારો મારા મનમાંથી બહાર ફેંકાઈ ગયા. મારી હાલત એવા જનાવર કે આદમી જેવી થઈ ગઈ હતી કે જેની તમામ ઇંદ્રિયો જોખમ જોઈને સતેજ થઈ ગઈ હોય અને જે એવી હાલતમાં ચોકસાઈથી, સ્વસ્થતાથી, એક પળ પણ ગુમાવ્યા વગર, અને બધી બાબતોને એકમાત્ર નિર્ધારિત ધ્યેયની આધીનતામાં કેંદ્રિત કરીને કદમ ઉઠાવે."

૨૭

"પહેલું કામ મેં બૂટ કાઢી નાખવાનું કર્યું. હું મોજાં પહેરેલા પગે સોફાની પાછળ ગયો. ત્યાં દીવાલે હથિયારો ટાંગેલાં હતાં. મેં દમાસ્કસની બનાવટની વાંકી કટાર ઉતારી લીધી. કટારનો ઉપયોગ કદી નહોતો થયો અને તેની ધાર બેહદ તીણી હતી. મેં તેને મ્યાનમાંથી બહાર કાઢી. મને યાદ છે કે મ્યાન મારા હાથમાંથી પડી ગયેલું અને મેં મનમાં વિચારેલું: 'પછી લઈ લઈશ, નહિતર ખોવાઈ જશે.' મેં ઓવરકોટ કાઢી નાખ્યો. ઓવરકોટ કાઢવાનું રહી જ ગયેલું. પછી હું મોજાં પહેરેલા પગે જરાય અવાજ કર્યા વગર ખંડમાંથી બહાર નીકળ્યો.

"હળવે પગલે પહોંચી જઈને મેં બારણું એકદમ ખોલી નાખ્યું. તેમના ચહેરા ઉપરના ભાવ મને યાદ છે. ભાવ મને યાદ છે કારણ કે એવા ભાવ જોઈને મારા દિલમાં ખુશીભરી વેદનાનો સણકો થયેલો. ભાવ ત્રાસના હતા. મારી મુરાદ એવી જ હતી. મને જોતાં જ પહેલી પળે બેઉના ચહેરા ઉપર ઝબકી ગયેલા ત્રાસ અને હતાશાના ભાવ મને મારી જિંદગીની આખરી ઘડી સુધી યાદ રહેશે. લાગે છે કે એ ટેબલ પાસે બેઠો હતો, પરંતુ મને જોતાં જ અથવા મારા આવવાનો અવાજ સાંભળતાં જ ઠેકડો મારીને પુસ્તકોના કબાટ પાસે ઊભો રહી ગયો હતો. એની પીઠ કબાટ તરફ હતી. એના ચહેરા ઉપરના ભાવ નિ:શંક ત્રાસના જ હતા. મારી પત્નીના ચહેરા ઉપર પણ ત્રાસના જ ભાવ હતા, પરંતુ તેમાં બીજું કશુંક ભળેલું હતું. એકલા ત્રાસના જ ભાવ રહ્યા હોત તો જે બની ગયું તે કદાચ ન બન્યું હોત. એના

ચહેરા ઉપરના ભાવમાં નિરાશાની લાગણી, એના પ્રણયસુખમાં અને ખુશીમાં પડેલા અંતરાયથી ઊપજેલા સંતાપની લાગણી, પણ ભળેલી હતી. અથવા મને તો એ પહેલી પળે એમ જ લાગેલું. ત્રુખાચેવ્સ્કીના ચહેરા ઉપરના ત્રાસના ભાવ એકદમ પલટાઈ ગયા અને તેને સ્થાને જાણે સવાલના ભાવ છવાઈ ગયા: 'જૂઠાણું ચાલે એમ છે કે નહિ? ચાલે એમ હોય તો શરૂ કરી દેવું જોઈએ. ચાલે એમ ન હોય તો કશુંક જરૂર બની જવાનું. પણ શું?' એણે મારી પત્ની તરફ સવાલભરી નજર નાખી. એની નજર જોડે નજર મળતાં જ મારી પત્નીના ચહેરા ઉપરના નિરાશા તથા સંતાપના ભાવ અદૃશ્ય થઈ ગયા અને તેને બદલે ત્રુખાચેવ્સ્કી અંગેની ફિકરના ભાવ છવાઈ ગયા. મને તો એમ જ લાગ્યું.

"હું એક પળ બારણામાં જ થંભી ગયો. મેં કટાર પીઠ પાછળ પકડી રાખી હતી. એ ઘડીએ ત્રુખાચેવ્સ્કી મોં મલકાવીને લગભગ રમૂજી લાગે એવા સાવ સાધારણ અવાજે બોલ્યો:

"'અમે જરાક સંગીત...'

"'તમે અણધાર્યા આવી ગયા...' મારી પત્ની પણ એના અવાજની નકલ કરતી એના ભેગી બોલી. પરંતુ બેમાંથી એકેયને વાત પૂરી કરવાનો મોકો ન મળ્યો. મારી ઉપર પાછલા અઠવાડિયા જેવું જ ખુન્નસ સવાર થઈ ગયું. વળી પાછો મારા મનમાં છિન્નભિન્ન કરી નાખવાનો, ખતમ કરી નાખવાનો, તલસાટ જાગ્યો. મને આકરું ઝનૂન ચઢી ગયું હતું, અને હું એ ઝનૂનને વશ થઈ ગયો.

"બેમાંથી એકેયને વાત પૂરી કરવાનો મોકો ન મળ્યો. જેની એને બીક હતી, જેને કારણે તેમની વાત અધવચ્ચેથી

એકદમ કપાઈ ગઈ હતી, તે બની ગયું. હું મારી પત્નીની ઉપર તૂટી પડ્યો. હું કટાર મારી પત્નીના પડખામાં, છાતીથી જરાક નીચે, ભોંકી દઉં ત્યારે આદમી મને અટકાવે નહિ એટલા સારુ મેં કટારને હજી પીઠ પાછળ જ છુપાવી રાખી હતી. હું મારી પત્નીની ઉપર તૂટી પડ્યો કે તરત જ એ મારો ઇરાદો કળી ગયો અને એણે મારું કાંડું અણધાર્યું જ પકડી લીધું.

"'જરાક વિચાર કરો કે તમે શું કરી રહ્યા છો! મદદ!' એણે રાડ પાડી.

"હું કાંડું છોડાવીને એની ઉપર તૂટી પડ્યો. અમારી નજર મળી અને તરત જ એનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો, હોઠ પણ સાવ ધોળા પડી ગયા, એની આંખોમાં વિચિત્ર ચળકાટ ઝબકી ગયો, અને એણે વળી પાછું સાવ અણધાર્યું જ કદમ લીધું. એ મોટા પિયાનોની નીચે ઘૂસી જઈને બારણા તરફ ભાગવા લાગ્યો. મેં એનો પીછો કર્યો હોત, પરંતુ મારું ડાબું કાંડું ભારે વજનથી દબાઈ રહ્યું હતું. મારી પત્ની ત્યાં વળગેલી હતી. મેં હાથ છોડાવવાની કોશિશ કરી પરંતુ એણે વધારે જોર લગાવ્યું અને મને છૂટવા ન દીધો. એ અણધાર્યા અવરોધથી, મારા કાંડા ઉપર એના વજનથી, એના ધૃણાસ્પદ સ્પર્શથી, મારા ઝનૂનની આગમાં ઘી રેડાયું. હું તદ્દન પાગલ થઈ ગયો. મને ખબર હતી કે મારો દેખાવ ભયંકર થઈ ગયો હશે, અને એથી મને ખુશી થઈ. મેં પૂરી તાકાતથી ઝટકો મારીને મારું ડાબું કાંડું છોડાવવાની કોશિશ કરી. ઝટકાથી મારી કોણી એના મોં ઉપર વાગી ગઈ. એ ચીસ પાડી ઊઠી, અને એણે મારું કાંડું છોડી દીધું. મારે પેલાની પાછળ ધસી જવું હતું, પરંતુ મોજાં પહેરેલા પગે

મારી પત્નીના આશકનો પીછો કરવામાં સમાયેલી બેહૂદગીનો ખ્યાલ મારા મનમાં ઝબકી ગયો. મારે હાસ્યાસ્પદ નહોતું બનવું, મારી મુરાદ તો ખોફનાક બનવાની હતી. મને ઝનૂન ચડેલું હોવા છતાં હું સતત સચિંત રહેતો હતો કે એ લોકોની ઉપર મારી કેવી છાપ પડી રહી છે, અને મારાં કૃત્યોનો આધાર અમુક અંશે એ છાપની ઉપર હતો.

"મેં ફરી જઈને પીઠ એની તરફ કરી દીધી. એ સોફા ઉપર પડી ગઈ હતી અને મને તાકી રહી હતી. એનો એક હાથ ઘવાયેલી આંખ ઉપર હતો. એના ચહેરા ઉપર ભય અને મારા પ્રત્યેના, દુશ્મન પ્રત્યેના, તિરસ્કારના ભાવ છવાયેલા હતા. એ ભાવ ઉંદરિયામાં સપડાઈ ગયેલા ઉંદરના જેવા હતા. મને તો એના ચહેરામાં ભય અને તિરસ્કાર સિવાય બીજું કશું નજરે ન પડ્યું. એ તો બીજા પ્રત્યેના પ્યારથી ચોક્કસ પ્રેરાય જ એવી મારે અંગેની ભય અને તિરસ્કારની લાગણી હતી. પરંતુ એ મૂંગી રહી હોત તો મેં કદાચ મારી જાતને કાબૂમાં રાખી હોત અને જે કરી નાખ્યું તે ન કર્યું હોત. પરંતુ એ અચાનક જ બોલવા લાગી અને મારો કટારવાળો હાથ પકડી લેવાની કોશિશ કરવા લાગી.

"'શું કરી રહ્યા છો એનો વિચાર કરો! શું થયું છે? તમને શું થઈ ગયું છે? અમારી વચ્ચે એવું કશું જ નથી, કશું જ નથી, કશું જ નથી! હું સોગન ખાઉં છું!'

"તોયે હું કદાચ અચકાયો હોત, પરંતુ એ શબ્દોનો મારે માટે તો સાવ ઊલટો જ અર્થ હતો. મેં અર્થ તારવ્યો કે તેમની વચ્ચે એવું કશુંક ચોક્કસ હતું જ, અને એવા અર્થનો પ્રતિભાવ તો જાગવાનો જ હતો—હું જે ઉત્તેજનાની હાલતમાં પહોંચી ગયો હતો, જે સતત જોર પકડતી જતી હતી, અને

જે આખરી તબક્કામાં પહોંચે ત્યાં સુધી વધતી જ જવાની હતી, તેને અનુરૂપ પ્રતિભાવ તો જાગવાનો જ હતો. ઝનૂનના પણ નિયમો હોય છે.

"'જૂઠું ન બોલ, બદજાત!' મેં રાડ પાડી અને ડાબા હાથ વડે એને પકડી લીધી, પણ એ છટકી ગઈ. કટાર હેઠી પડવા દીધા વગર મેં ડાબા હાથ વડે એનું ગળું પકડીને એને સોફા ઉપર પછાડી નાખી, અને પછી એની ગળચી દબાવવાનું શરૂ કર્યું. એનું ગળું જાણે દબાવાનો સખત સામનો કરી રહ્યું હતું! એણે મારો હાથ પકડીને ગળું છોડાવવાની કોશિશ કરી, અને હું જાણે એની જ વાટ જોઈ રહ્યો હોઉં એમ મેં કટાર પૂરી તાકાત લગાવીને એના ડાબા પડખામાં પાંસળીઓની નીચે ભોંકી દીધી.

"કહેવાય છે કે માણસને ઝનૂન ચડી જાય ત્યારે એને ભાન જ નથી હોતું કે એ શું કરે છે. નકામી વાત છે, સાવ ખોટી વાત છે. મને બરાબર ભાન હતું કે હું શું કરી રહ્યો છું, અને એવું ભાન મેં એક પળ પણ ખોયું નહોતું. મારા ઝનૂનની જવાળા જેમ જેમ વધારે જોર પકડતી ગઈ તેમ તેમ મારી સમજણ વધારે સ્પષ્ટ બનતી ગઈ, એટલે મને મારાં કૃત્યોનું ભાન ન હોવાનું શક્ય જ નહોતું. દરેકે દરેક પળ દરમિયાન મને બરાબર ખબર હતી કે હું શું કરી રહ્યો છું. હું એમ તો ન કહી શકું કે આગળ શું કરવાનો છું એની મને ખબર હતી, પરંતુ એ ઘડીએ હું જે કરી રહ્યો હતો તેનું મને પૂરું ભાન હતું. બલકે એ ઘડીથી જરાક આગળ પણ હું જોઈ શકતો હતો—તેમાં કદાચ એવો હેતુ સમાયેલો હશે કે હું પસ્તાવો કરી શકું, મનમાં કહી શકું કે મેં ધાર્યું હોત તો હું મારા હાથને રોકી શક્યો હોત. મને ખબર હતી કે હું

કટાર પાંસળીઓની નીચે ભોંકી રહ્યો છું અને એ બરાબર ધારેલી જગ્યાને જ વીંધી નાખવાની છે. મને પૂરો ખ્યાલ હતો કે હું કશુંક ભયંકર કરી રહ્યો છું, મેં અગાઉ કદી નહોતું કર્યું એવું કશુંક કરી રહ્યો છું, ખોફનાક પરિણામો પેદા કરે એવું કશુંક કરી રહ્યો છું. પરંતુ એવી સભાનતા મારા મનમાં વીજળીના ઝબકારાની જેમ ઝબકી ગઈ અને તેને પગલે પગલે કૃત્ય તત્કાળ થઈ ગયું. કૃત્યનો ખ્યાલ મારા મનમાં તદ્દન સ્પષ્ટ હતો. મને યાદ છે કે એના કપડાનો અને બીજા કશાકનો પ્રતિકાર પળવાર વરતાયો હતો અને પછી કટાર નરમ ભાગમાં ખૂંતી ગઈ. એણે હાથ વડે કટાર પકડી લીધી. એનાં આંગળાં કપાઈ ગયાં પણ કટાર અટકી નહિ. આગળ જતાં જેલમાં મારા નૈતિક રૂપાંતર પછી હું એ ઘડીની યાદને લાંબા વખત સુધી ગમગીન ભાવે વાગોળતો રહેતો, તેને વારંવાર યાદ કરીને તેનો મર્મ તાગવાની કોશિશ કરતો. મને યાદ છે કે કૃત્ય કરતાં પહેલાં એક પળ વાર, જરાક વાર, મારા મનમાં ભયંકર ખ્યાલ આવેલો કે હું એક ઓરતનું ખૂન કરી રહ્યો છું, મેં એક નિરાધાર સ્ત્રીનું, મારી પત્નીનું, ખૂન કરી નાખ્યું છે. મને એવા ખ્યાલની ભયાનકતા યાદ છે, મારા મનમાં એવી પાંખી યાદ પણ અંકાયેલી છે કે ભોંકી દીધેલી કટારને મેં એ જ કારણે તત્કાળ પાછી ખેંચી લીધેલી, કરી નાખેલા કૃત્યને મિટાવી દેવાની કોશિશ કરેલી. હું એક પળ નિશ્ચલ ઊભો રહ્યો, શું થાય છે તે જોવા લાગ્યો, મનમાં વિચાર કરવા લાગ્યો કે કરી નાખેલા કૃત્યને મિટાવી દેવાનું શક્ય છે કે નહિ. એ ઊછળીને ઊભી થઈ ગઈ અને રાડ પાડી ઊઠી:

"'આયા! મને મારી નાખી!'

"અવાજથી જાગી ગયેલી આયા બારણામાં ઊભી હતી. હું હજી એમ ને એમ ઊભો હતો, હકીકત જાણે માની જ નહોતો શકતો. એના પડખામાંથી લોહીની ધાર વહેવા લાગી. ત્યારે જ મને સમજણ પડી કે થઈ ગયેલા કૃત્યને મિટાવી શકાય એમ નથી, અને તત્કાળ મેં નક્કી પણ કરી લીધું કે મિટાવવાની જરૂર જ નથી, મારી મુરાદ જેવી હતી અને જે બનવું જોઈતું હતું એમ જ બન્યું છે. એ ઢળી પડી ત્યાં સુધી હું ઊભો રહ્યો. આયા 'અરે ભગવાન! અરે ભગવાન!' કહેતી એની પાસે દોડી ગઈ. હું કટાર ભોંયપટ ઉપર ફગાવી દઈને બારણા તરફ જવા લાગ્યો.

"'ઉત્તેજના ટાળવી જોઈએ, શાંત ચિત્તે વિચાર કરી લેવો જોઈએ કે હું શું કરી રહ્યો છું,' હું મનમાં બોલ્યો. મેં એની કે આયાની સામે જોયું પણ નહિ. આયા રોવા લાગી અને સાદ પાડીને કામવાળીને બોલાવવા લાગી. મેં પ્રવેશખંડમાં જઈને કામવાળીને ત્યાં મોકલી, અને પછી હું મારા ખંડમાં ચાલ્યો ગયો. 'હવે શું કરવું?' મેં મારા મનમાં સવાલ કર્યો. મને ખબર હતી કે શું કરવું. હું સીધો દીવાલ પાસે ગયો અને ત્યાંથી એક પિસ્તોલ ઉતારીને તપાસવા લાગ્યો. પિસ્તોલ ભરેલી હતી. મેં તેને ટેબલ પર મૂકી. પછી સોફા પાછળથી કટારનું મ્યાન લઈને સોફા ઉપર મૂક્યું.

"હું કેટલીય વાર સુધી એમ ને એમ બેઠો રહ્યો. હું કશા વિચાર નહોતો કરતો. મને કશું યાદ નહોતું. બીજા ખંડોમાંથી અવાજ સંભળાઈ રહ્યા હતા. કોઈ ઘોડાગાડીમાંથી ઊતરીને મકાનમાં દાખલ થયું. પછી બીજું કોઈ આવ્યું. મેં સામાન ઘરમાં આણવાનો અવાજ સાંભળ્યો અને યેગોરને જોયો, જાણે કેમ હવે સામાનની મને કશી જરૂર હોય!

"'તને ખબર છે કે શું બની ગયું છે?' મેં કહ્યું. 'ચોકીદારને કહે કે પોલીસને બોલાવે.'

"એ ચુપચાપ બહાર ચાલ્યો ગયો. હું ઊભો થઈને બારણું વાસી આવ્યો અને પછી સિગારેટ સળગાવીને ધુમાડા કાઢવા લાગ્યો. એક સિગારેટ પૂરી થાય તે પહેલાં જ મને નીંદર આવી ગઈ. નીંદર બે કલાક ચાલી હશે. મને એવું સ્વપ્નું જોયાનું યાદ છે કે અમારી વચ્ચે સુમેળના સંબંધો હતા. ઝઘડો થયેલો પણ અમે પતાવટ કરી લીધેલી. અમારાં મનમાં થોડોક તણાવ બાકી રહી ગયો હતો, પણ સંબંધો સુમેળના હતા. કોઈએ બારણું ખખડાવ્યું એટલે હું જાગી ગયો. જાગતાં જ મને થયું કે 'પોલીસ હશે. મેં એને મારી નાખી છે. પણ કદાચ એવું કંઈ બન્યું જ ન હોય અને બારણું એ જ ખખડાવી રહી હોય.' બારણું ફરી વાર ખખડ્યું. હું બારણું ખોલવા ન ગયો, મારું મન તો એ નક્કી કરવામાં મશગૂલ હતું કે જે બની ગયેલું તે ખરેખર બન્યું હશે કે નહિ. હા, ખરેખર બન્યું છે. કટાર ભોંકતી વેળા એનું કપડું કેવી રીતે આડું આવ્યું હતું અને પછી કટાર કેવી રીતે અંદર ખૂંતી ગઈ હતી, એ બધું યાદ આવતાં મને ટાઢી કંપારીઓ આવી ગઈ. 'હા, ખરેખર બન્યું છે. હવે મારો વારો,' હું મનમાં બોલ્યો. પરંતુ એમ બોલતી વેળા મને બરાબર ખબર હતી કે હું આપઘાત નથી કરવાનો. તોયે હું ઊભો થયો અને મેં પિસ્તોલ હાથમાં લીધી. અજબ વાત છે — મને યાદ આવ્યું કે મેં અગાઉ કેટલી બધી વાર આપઘાતના વિચાર કરેલા, એ દિવસે પણ ગાડીમાં એવો વિચાર કરેલો. વાત સાવ આસાન લાગેલી, આસાન એ કારણે લાગેલી કે એથી એને બરાબર સજા મળી હોત. અને

હવે આપઘાત કરવાની વાત તો દૂર રહી, હું આપઘાતનો મનસૂબો પણ કરી શકું એમ નહોતો. 'શા માટે આપઘાત કરું?' મેં મારા મનમાં સવાલ કર્યો, પણ કશો જ જવાબ ન મળ્યો. ફરી બારણું ખખડયું. 'પહેલાં તપાસ કરી લઉં કે બારણું કોણ ખખડાવે છે, આપઘાતની વાત પછી જોઈ લેવાશે.' મેં પિસ્તોલ ટેબલ પર મૂકીને તેની ઉપર અખબાર ઢાંકી દીધું, અને બારણા પાસે જઈને આંકડી ખોલી નાખી. મારી પત્નીની બહેન હતી, ભલી પણ મૂરખ વિધવા.

"'વાસ્યા! આ શું થઈ ગયું!' એ બોલી. હંમેશાં તૈયાર રહેતાં આંસુ એની આંખોમાં છલકાઈ રહ્યાં હતાં.

"'શું છે?' મેં તોછડાઈથી પૂછ્યું. મને લાગ્યું કે તોછડાઈ કરવી એ તો બેવકૂફી છે, અને વળી બિનજરૂરી છે, પરંતુ મારાથી રહેવાયું જ નહિ.

"'વાસ્યા, એનો જીવ નીકળી રહ્યો છે! ઇવાન ફ્યોદોરોવિચે હમણાં જ કહી દીધું.' ઇવાન ફ્યોદોરોવિચ મારી પત્નીનો ડૉક્ટર હતો, એનો સલાહકાર હતો.

"'એ આવ્યો છે, ખરું ને?' મેં સવાલ કર્યો. મારો ગુસ્સો વધવા લાગ્યો. 'હા, તો એનું શું છે?'

"'વાસ્યા, એની પાસે જા. ઓહ! ભયંકર! ભયંકર!' એ ઊંહકારા ભરવા લાગી.

"'એની પાસે જાઉં?' હું બોલ્યો. અને મેં મનમાં જ જવાબ આપ્યો કે બેશક જવું જ જોઈએ, એમ જ કરવું જોઈએ, મારી જેમ માણસ પોતાની પત્નીને મારી નાખે ત્યારે એણે મરતી પત્ની પાસે જવું જ જોઈએ. 'વાત એમ હોય તો પછી મારે જવું જ જોઈએ.' હું મનમાં બોલ્યો.

'બીજું કામ કરવું જ હોય તો તેને માટે ઘણો વખત બાકી રહેશે,' પિસ્તોલ વડે આપઘાત કરવાની વાત યાદ આવતાં મેં વિચાર્યું. 'વેણ બોલવામાં આવશે, મોઢાં મચકોડવામાં આવશે, પણ મારી ઉપર તેની કશી અસર નહિ પડે,' હું મનમાં બોલ્યો.

"'ઊભાં રહો,' મેં એની બહેનને કહ્યું. 'મોજાં પહેરેલા પગે જાઉં તો સાવ મૂરખ જેવો જ લાગું, સ્લીપર પહેરી લઉં.'"

૨૮

"વાત તો અજબ લાગે એવી છે, પણ હું પરિચિત ખંડોમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ફરી મારા મનમાં આશા જન્મી કે કદાચ કશું જ નહિ બન્યું હોય. પરંતુ આયોડોફોર્મ, કાર્બોલિક એસિડ, વગેરે જેવી દવાઓની આકરી વાસ મારા નાકમાં ભરાઈ ગઈ. હા, ખરેખર બન્યું છે. હું પ્રવેશખંડમાં થઈને બાળકોના ભણવાના ખંડ પાસેથી નીકળ્યો ત્યારે ત્યાં લીઝા નજરે પડી. એણે ભયભીત નજરે મારી સામે જોયું. મને આભાસ થયો કે પાંચે પાંચ બાળકો ત્યાં છે અને મારી સામે તાકી રહ્યાં છે. બારણું કામવાળીએ ઉઘાડયું અને પછી એ પોતે બહાર નીકળી ગઈ. સૌપ્રથમ મારી નજર મારી પત્નીના આછા રાખોડી ડ્રેસ ઉપર પડી. લોહીથી ખરડાયેલો ડ્રેસ ખુરશી ઉપર પડયો હતો. એને અમારા મોટા પલંગમાં મારી જગ્યાએ સુવડાવવામાં આવી હતી. એની જગ્યા દીવાલ તરફની હતી. એ તકિયાના ખૂબ ઊંચા ગંજને ટેકે પડી હતી અને એણે પગ વાળીને ગોઠણ ઊંચા રાખ્યા હતા. એને પહેરાવવામાં આવેલા કબજાનાં બટન ખુલ્લાં હતાં.

જખમ ઢાંકી દેવામાં આવ્યો હતો. હવામાં આયોડોફોર્મની વાસ ભરાઈ ગઈ હતી. મારું ધ્યાન સૌથી વધારે તો એના સૂજી ગયેલા ચહેરા તરફ ખેંચાયું. એણે મને અટકાવવાની કોશિશ કરી ત્યારે મારી કોણી લાગી જવાથી એનો એક ગાલ, નાકનો એક તરફનો ભાગ, અને એક આંખ ઘવાઈને સૂજી ગયાં હતાં. એનામાં કશી જ સુંદરતા નજરે નહોતી પડતી. મને તો એ ઊલટી ઘૃણસ્પદ લાગી. હું ઉંબરામાં ઊભો રહી ગયો.

"'જાઓ, એની પાસે જાઓ,' એની બહેન બોલી.

"મને થયું કે કદાચ એને માફી માગવી હશે. 'એને માફી આપું? હા, એનો જીવ નીકળી રહ્યો છે એટલે હવે માફી આપી શકું.' મેં ઉદારતા દાખવવાનું નક્કી કર્યું. હું સીધો એની પાસે પહોંચી ગયો. એણે ખૂબ જહેમત કરીને આંખો ખોલી. એક આંખ તો સખત સૂજી ગઈ હતી. એ મહેનત કરીને તૂટક તૂટક બોલી:

"'તો તમે ધાર્યું હતું એ આખરે કરી જ નાખ્યું... મને મારી નાખી.' એની શારીરિક પીડાની આરપાર, મૃત્યુ અંગેની એની સભાનતાની આરપાર, ટાઢા પાશવી ધિક્કારનો પુરાણો જાણીતો ભાવ ચળકી રહ્યો હતો. 'પરંતુ... બાળકોને... હું તમારા હાથમાં... નહિ રહેવા દઉં... તેમને એ' (એની બહેન) 'રાખશે.'

"હું જેને મુખ્ય બાબત ગણતો હતો—એનો ગુનો અને એણે કરેલ છળકપટ—તેને એણે ઉલ્લેખને લાયક પણ ન ગણી.

"'આશા રાખું છું કે તમે જે કર્યું છે તેને જોવામાં તમને મઝા પડશે,' તેણે કહ્યું, અને બારણા તરફ નજર નાખીને

ડૂસકું ભર્યું. બારણામાં એની બહેન અને બાળકો ઊભાં હતાં. 'જોઈ લો, તમે શું કર્યું છે તે.'

"મેં બાળકોની સામે જોયું, પછી ફરી એની સામે જોયું, એના ઘવાયેલા ને સૂજી ગયેલા ચહેરા ઉપર નજર નાખી, અને પહેલી જ વાર હું મારા હકો તથા મારા અભિમાનને ભૂલી ગયો, પહેલી જ વાર મેં એને ઇન્સાન તરીકે નીરખી. મારી ઈર્ષા અને મારા અભિમાનને ખંડિત કરતું બધું મને એટલું નજીવું લાગ્યું, અને મેં જે કરી નાખ્યું હતું તે એટલું બધું મર્મભર્યું લાગ્યું, કે હું એના પગમાં પડી જવા, મારો ચહેરો એના હાથ ઉપર દાબી દેવા, અને 'મને માફ કરી દે!' એમ કહેવા તત્પર થઈ ગયો. પરંતુ હું એમ ન કરી શક્યો.

"એ ચુપ થઈ ગઈ. એણે આંખો મીચી દીધી. લાગતું હતું કે એનામાં વધારે એક શબ્દ પણ બોલવાની શક્તિ નહોતી. પછી એનો જખમી ચહેરો ફરકી ઊઠ્યો અને જાણે સંકોડાઈ ગયો. એણે કમજોર હાથે મને આઘો ધકેલી દેવાની કોશિશ કરી.

"'તમે આમ શા માટે કર્યું? શા માટે?'

"'મને માફ કરી દે,' મેં કહ્યું.

"'તમને માફ કરી દઉં? બકવાદ. હું મરું નહિ તો બસ!' એ જાણે ચીસ પાડી ઊઠી. એણે ઊઠવાની કોશિશ કરી, અને એની તાવભરી આંખો મારી ઉપર માંડી. 'હા, તમારે જે કરવું હતું એ તમે કરી નાખ્યું! તમને જોઈને મને નફરત છૂટે છે! ઓહ! ઓહ!' એણે ઊંહકારો કર્યો. એ સનેપાતમાં કશાકથી ડરી ગઈ હોય એમ લાગતું હતું. 'મારી નાખો!

મારી નાખો! મને બીક નથી! પણ સૌને, સૌને! એને પણ! ચાલ્યો ગયો! ચાલ્યો ગયો!'

"એ આખર સુધી સનેપાતમાં રહી. અમને કોઈને ઓળખી નહોતી શકતી. તે જ દિવસે બપોરે એ મરી ગઈ. એથી બહુ પહેલાં, આઠ વાગ્યે, મને થાણે અને પછી જેલમાં લઈ જવામાં આવેલો. ત્યાં હું અગિયાર મહિના સુધી મુકદ્દમાની વાટ જોતો હતો તે દરમિયાન મેં મારા ભૂતકાળ વિશે વિચાર કર્યો અને તેને બરાબર સમજી લીધો. હું ત્રીજા દિવસથી જ સમજવા લાગ્યો હતો. ત્રીજે દિવસે મને ફરી ત્યાં લઈ જવામાં આવેલો..."

એણે વાત ચાલુ રાખવાની કોશિશ કરી, પરંતુ ડૂસકાં ખાળી ન શકવાથી એ થંભી ગયો. એણે ખૂબ જહેમત કરીને મન ઉપર કાબૂ હાંસલ કર્યો અને વાત ફરી આગળ ચલાવી:

"મેં એને કફનમાં જોઈ ત્યારે હું સમજવા લાગ્યો..." એનું ગળું ભરાઈ આવ્યું અને એ ઝડપથી બોલવા લાગ્યો. "મેં એની મૃત કાયામાં એનો ચહેરો જોયો ત્યારે જ મને સમજણ પડી કે મેં શું કરી નાખ્યું છે. મને સમજણ પડી કે મેં, મેં જ, એને મારી નાખી છે. અગાઉ એ જીવતી હતી, એની કાયામાં હૂંફ હતી, એ ચેતનમય હતી, પરંતુ મારે કારણે એ હવે નિશ્ચલ બની ગઈ હતી, ટાઢી પડી ગઈ હતી, મીણ જેવી થઈ ગઈ હતી, અને એ હકીકતને કદી મિટાવી શકાય એમ નહોતી, કદી નહિ, ક્યાંય નહિ, ક્યારેય નહિ. આવી હાલતમાંથી જે ગુજર્યું હોય તે જ આ વાત સમજી શકે. ઓહ! ઓહ! ઓહ!" તે કેટલીય વાર સુધી ડૂસકાં ભરતો રહ્યો અને પછી ચુપ થઈ ગયો.

અમે કેટલીય વાર સુધી અબોલ બેઠા રહ્યા. તે રડતો હતો અને ડૂસકાં ખાળવાની કોશિશ કરતો ધ્રૂજી રહ્યો હતો.

"માફ કરજો..."

તે બીજી તરફ ફરી ગયો અને લાંબો થઈને સૂઈ ગયો. તેણે ધાબળો ઓઢી લીધો. સવારના આઠ વાગ્યા. મારે ઊતરવાનું હતું એ સ્ટેશન આવી ગયું. હું વિદાય લેવા એની પાસે ગયો. મને ખબર નહોતી કે તે ખરેખર નીંદરમાં છે કે ખાલી એવો દેખાવ જ કરે છે, પરંતુ એ જરાય હલ્યો નહિ. મેં એના હાથને સ્પર્શ કર્યો. તેણે ધાબળો હઠાવી દીધો. હું જોઈ શક્યો કે તેને નીંદર નહોતી આવી.

"આવજો," મેં હાથ લંબાવતાં કહ્યું. તેણે હાથ મારી તરફ લંબાવ્યો અને મોં મલકાવ્યું. એ મલકાટમાં એવી દીનતા ભરેલી હતી કે મારી આંખમાં આંસુ આવી ગયાં.

"માફ કરજો," તેણે પોતાની કથનીને અંતે કહેલા શબ્દો ફરી દોહરાવ્યા.

૧૮૮૯-૧૮૯૦

ફાધર સેર્ગિયસ

તોલ્સ્તોયે આ કૃતિના સર્જનનું કાર્ય ૧૮૯૦-૧૮૯૧ દરમિયાન, ૧૮૯૫માં, અને ૧૮૯૮માં કર્યું હતું. તેમની ડાયરીની અને બીજી નોંધો પરથી જાણવા મળે છે કે તેમણે 'ફાધર સેર્ગિયસ' અંગેનું કામ કેટલીય વાર મુલતવી રાખી દીધું હતું કારણ કે એ પાત્ર તેમને "બેહદ પ્યારું" હતું, અને તેઓ "બેપરવાઈથી લેખન કરવા" નહોતા માગતા. તેમણે ૧૮૯૧માં કથાના આરંભના સારા એવા ભાગનું લેખન નવેસરથી કર્યું, પરંતુ કાર્ય વળી પાછું લાંબા વખત માટે મુલતવી રાખી દીધું, અને છેક ૧૮૯૮માં ફરી હાથમાં લીધું. તેમણે ૧૮૯૮ના જૂનની બારમી તારીખે ડાયરીમાં આવી નોંધ કરી છે: "આજે હું અણધાર્યો જ 'સેર્ગિયસ'નું લેખન પૂરું કરવા લાગ્યો." તેમના જીવનકાળ દરમિયાન તો 'ફાધર સેર્ગિયસ'ના એક પૃષ્ઠની છબી જ માત્ર પ્રકાશિત થઈ હતી. આ કૃતિનું પ્રથમ પ્રકાશન તોલ્સ્તોયના મૃત્યુ પછી ૧૯૧૨માં છપાયેલા તેમની કૃતિઓના સંગ્રહમાં થયું હતું.

૧

પાંચમા દાયકામાં સેંટપિટર્સબર્ગમાં અત્યંત વિસ્મયકારક ઘટના બની ગઈ: કિરાસિર રેજિમેન્ટની શાહી હયદળ ટુકડીની સરદારી કરતા દેખાવડા ઠાકોરે અચાનક રાજીનામું આપી દીધું. સૌને ધારણા હતી કે તેને શાહી સલાહકારનું પદ મળશે અને શહેનશાહના હાથ નીચે ઝળકતી કારકિર્દીનો અવસર પ્રાપ્ત થશે. સમ્રાજ્ઞીની ખૂબ માનીતી ઈજ્જતદાર રૂપાળી કુંવારિકા જોડે તેની શાદી પણ એક મહિનામાં થઈ જવાની હતી. તેણે અચાનક નોકરીનું રાજીનામું આપી દીધું, સગપણ તોડી નાખ્યું, બહુ મોટી ન ગણાય એવી જાગીર બહેનના નામે કરી દીધી, અને વૈરાગી બનવા તે મઠમાં ચાલ્યો ગયો. એવા કદમનાં કારણો ન જાણતા લોકોને એ બધું અસાધારણ અને અગમ્ય લાગ્યું, પરંતુ પ્રિન્સ સ્તેપાન કાસાત્સ્કીની ખુદની નજરમાં તો નિર્ણય એટલો સ્વાભાવિક હતો કે બીજું કશું શક્ય જ નહોતું.

સ્તેપાન કાસાત્સ્કી હજુ બાર જ વરસનો હતો ત્યારે તેનો પિતા, રક્ષકદળનો નિવૃત્ત કર્નલ, મૃત્યુ પામ્યો. પિતાએ વસિયતનામામાં ફરમાન કરેલું કે પોતાના મૃત્યુ પછી પુત્રને ઘેર ન રાખવો પરંતુ કેડેટ કોર્પ્સમાં ભરતી કરાવી દેવો. પુત્રને ઘરથી દૂર મોકલી દેવાનું માતાને જરાય મન નહોતું પરંતુ મૃત પતિનું ફરમાન ઉથાપવાની હિંમત તેનામાં નહોતી. એટલે તેણે પુત્રને કોર્પ્સમાં ભરતી કરાવી દીધો, અને પોતે પણ પુત્રી વાર્વારાને લઈને સેંટપિટર્સબર્ગ રહેવા ચાલી ગઈ, જેથી પુત્રની નિકટ રહી શકાય અને વારતહેવારે તેને ઘેર બોલાવી શકાય.

કિશોરમાં અસાધારણ કાબેલિયત અને પ્રચંડ અભિમાનનાં લક્ષણો ખાસ વરતાઈ આવતાં હતાં. એ લક્ષણોને કારણે તે અભ્યાસમાં—ખાસ કરીને તેના માનીતા વિષય ગણિતમાં—તેમ જ ઘોડેસવારી તથા બીજી લશ્કરી કામગીરીઓમાં મોખરે તરી આવ્યો. તે દેખાવડો હતો. તેની કાયા બેહદ ઊંચી હોવા છતાં ઘાટીલી લાગતી હતી, અને તેની ચાલ મઝાની દેખાતી હતી. તેનો મિજાજ બહુ ગરમ ન હોત તો તેનું વર્તન પણ આદર્શ અફસર જેવું રહ્યું હોત. તેને મદ્ય કે ભોગવિલાસમાં મુદ્દલ રુચિ નહોતી, અને તે અજબ દૃઢતાથી સચ્ચાઈનું પાલન કરતો. તેની એકમાત્ર ખામી તેના ગુસ્સાના ઊભરાની હતી. ક્યારેક તેની ઉપર એવો ભયંકર ગુસ્સો સવાર થઈ જતો કે તે બધું ભાન ભૂલી જતો અને જાણે વિકરાળ પશુમાં પલટાઈ જતો. એક વાર તો તેના ખનીજ સંગ્રહ અંગે ટોળ કરનારા એક સહપાઠી કેડેટને તે બારીમાંથી બહાર ફગાવી દેતો જરાક જ રહી ગયેલો. બીજા એક પ્રસંગે તે સર્વનાશનો ભોગ બનતો બનતો બચી ગયેલો: કારસાજ પોતે



જ બોલેલું ફરી જઈને બેશરમીથી જૂઠું બોલ્યો એટલે સ્તેપાને કબાબ ભરેલી આખી પ્લેટ તેની ઉપર ઝીંકી દીધી, અને સાંભળવા મુજબ, તેને પકડીને મેથીપાક પણ ચખાડી દીધો. કોર્પ્સના ડાયરેક્ટરે આખો મામલો દબાવી ન દીધો હોત અને કારસાજને બરતરફ ન કરી દીધો હોત તો સ્તેપાનને ચોક્કસ સજા થઈ હોત અને સાધારણ સિપાહી બનાવી દેવામાં આવ્યો હોત.

તેને અઢાર વરસની ઉંમરે રક્ષકદળની ઉમરાવ રેજિમેન્ટમાં અફસર તરીકે નીમવામાં આવ્યો. તે કોર્પ્સમાં હતો ત્યારે જ શહેનશાહ નિકોલાઇ પાવલોવિચના ધ્યાનમાં આવી ગયેલો, અને રેજિમેન્ટમાં પણ શહેનશાહે તેની બાબતમાં ખાસ તરફેણનું વલણ બતાવ્યું હતું. સામાન્ય રીતે ધારણા રાખવામાં આવતી હતી કે તે પ્રગતિ સાધીને શાહી સલાહકારના સ્થાન સુધી પહોંચી જશે. તેને એ પદ પામવાની ઊંડી કામના હતી. તેનું કારણ માત્ર તેની મહત્ત્વાકાંક્ષા પૂરતું જ સીમિત નહોતું. તે કાર્પ્સમાં હતો ત્યારથી જ તેના દિલમાં નિકોલાઇ પાવલોવિચ પ્રત્યે ઘેલછાભર્યો—હા, ઘેલછાભર્યો જ—અનુરાગ પેદા થઈ ગયો હતો. નિકોલાઇ પાવલોવિચ ઘણી વાર કોર્પ્સની મુલાકાતે આવતો. તે પહોળી છાતીવાળો ઊંચો આદમી હતો. તેનું નાક આંકડી જેવું હતું અને તે મૂછો તથા નાનકડા કલ્લા રાખતો. તે લશ્કરી યુનિફોર્મમાં સજ્જ થઈને વેગીલાં કદમ માંડતો આવે અને રણકતા અવાજે કેડેટોનું અભિવાદન કરે ત્યારે કાસાત્સ્કીના દિલમાં આશક જેવો હર્ષાવેષ ઊભરાવા લગતો, આગળ જતાં તેને પોતાની માશૂકની હાજરીમાં જેવા પ્રેમના ઉમળકા થવાના હતા એવી જ લાગણી તે દરેક વેળા નિકોલાઇ પાવલોવિચને જોઈને અનુભવતો. તેમાં

ફરક માત્ર એટલો જ હતો કે નિકોલાઈ પાવલોવિચને જોઈને થતી લાગણી વધારે પ્રબળ હતી. એથી કિશોર તેના પ્રત્યે પોતાની અપાર નિષ્ઠા જાહેર કરવા ઉત્સુક બની જતો, તેને ખાતર ગમે તે કુરબાની આપવા તત્પર બની જતો, તેનાં ચરણોમાં આત્મસમર્પણ કરી દેવા ઝંખી રહેતો. નિકોલાઈ પાવલોવિચને ખબર હતી કે પોતાને જોઈને આ તરુણના દિલમાં કેવો ભાવોદ્રેક ઉત્પન્ન થાય છે, અને તે જાણીજોઈને કાસાત્સ્કીની એવી લાગણીને પ્રોત્સાહન આપતો. તે કેડેટોની લાગણીઓને રમાડતો, તેમને પોતાની આસપાસ ભેગા કરીને તેમની જોડે ક્યારેક બાળક જેવા સરળ ભાવે, ક્યારેક મોટેરા મિત્ર જેવા ભાવે, અને ક્યારેક દમામદાર શાહી અદાથી વાતો કરતો. કારસાજની જોડે કાસાત્સ્કીના ઝઘડા પછી નિકોલાઈ પાવલીવિચે કશી ટકોર ન કરી, પરંતુ તરુણ તેની પાસે જવા લાગ્યો ત્યારે તેણે નાટકીય અદાથી હાથ હલાવીને તરુણને જતા રહેવાનો સંકેત કર્યો અને ભવાં સંકોડીને તેની સામે આંગળી હલાવી. તેણે જતી વેળા કાસાત્સ્કીને કહ્યું: "એટલું સમજી લેજે કે મને બધી ખબર હોય છે. પરંતુ અમુક બાબતો હું જાણવા જ નથી માગતો. એવી બાબતો અહીંયાં સંઘરાયેલી પડી રહે છે."

તેણે હાથ વડે દિલ તરફ સંકેત કર્યો.

કેડેટોનો અભ્યાસ પૂરો થયો અને જુવાન અફસરો તેની સમક્ષ પેશ થયા ત્યારે તેણે ઝઘડાના બનાવનો કશો ઉલ્લેખ ન કરતાં સૌને હંમેશની જેમ જ કહ્યું કે ક્યારેય જરૂર પડે તો તમે સીધા મારી પાસે આવી શકો છો, માતૃભૂમિની વફાદારીથી સેવા કરવી એ તમારી ફરજ છે, અને હું સદા તમારો સૌનો ગાઢ મિત્ર રહીશ. હંમેશની જેમ જ કેડેટો લાગણીવશ થઈ

ગયા. કાસાત્કીને અગાઉનો પ્રસંગ યાદ આવતાં તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં, અને તેણે પોતાની પૂરેપૂરી શકિત પ્યારા ઝારની સેવામાં લગાવી દેવાનું પ્રણ લીધું.

કાસાત્સ્કીને રેજિમેન્ટમાં અફસરનું સ્થાન આપવામાં આવ્યું એટલે તેની મા અને બહેન પહેલાં મોસ્કો આવીને રહ્યાં અને પછી ગામડે ચાલ્યાં ગયાં. કાસાત્સ્કીએ અરધી મિલકત બહેનના નામે કરાવી દીધી. બાકીની અરધી મિલકતમાંથી મળતી આવક તેના ખર્ચ પૂરતી જ હતી કારણ કે તેની રેજિમેન્ટ વૈભવી હતી.

ઉપર ઉપરથી જોતાં કાસાત્સ્કી રક્ષકદળમાં સામાન્ય રીતે જોવા મળતા તેજસ્વી તથા મહત્ત્વાકાંક્ષી યુવાનો જેવો જ લાગતો. પરંતુ તેની ભીતરમાં અટપટી અને ખંતીલી જહેમત નિરંતર ચાલતી જ રહેતી. તેને છેક બાળપણથી જ એવી આંતરિક જહેમતની ટેવ હતી. એ જહેમત અત્યંત વિવિધ રૂપો ધારણ કરતી, પરંતુ મૂળભૂત દૃષ્ટિએ તો એકની એક જ હતી: જિંદગીમાં જે કંઈ કરવું તેમાં એવી સિદ્ધિ, એવી શ્રેષ્ઠતા, હાંસલ કરી લેવી કે બીજા લોકો હેરતમાં ગરકાવ થઈ જાય અને વખાણ કરવા લાગે. અભ્યાસ દરમિયાન જ્ઞાન હાંસલ કરવાનો સવાલ હતો ત્યારે તે ઊંડી ખંતથી પુસ્તકોના અભ્યાસમાં તલ્લીન થઈ જતો અને એવી સફળતા હાંસલ કરી લેતો કે તેની પ્રશંસા કરવામાં આવતી અને તેને આદર્શ તરીકે રજૂ કરવામાં આવતો. એક બાબતમાં ઉસ્તાદી મેળવી લીધા પછી તે બીજી બાબત હાથમાં લેતો. એવી જ રીતે તેણે વર્ગોમાં પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું હતું, ફ્રેંચ ભાષામાં વાતચીત દરમિયાન એક વાર થોડીક અકળામણ થયા પછી તેણે એવી જ રીતે ફ્રેંચ ભાષામાં પણ રશિયન ભાષા જેટલી જ

ઉસ્તાદી હાંસલ કરી લીધી હતી, અને શતરંજની રમત પ્રત્યે આકર્ષણ થયું ત્યારે એવી જ રીતે એ રમતમાં ઉચ્ચ કક્ષાની કાબેલિયત સાધી લીધી હતી.

કાસાત્સ્કીએ જિંદગીમાં અપનાવેલું સામાન્ય ધ્યેય ઝાર તથા દેશની સેવાનું હતું, પરંતુ એ ઉપરાંત તે હંમેશાં એક તાત્કાલિક ધ્યેય પણ નક્કી કરી લેતો. એ ધ્યેય ગમે એવું મામૂલી હોય તોપણ તે પોતાની પૂરી શકિત તેમાં લગાવી દેતો, જાણે કેવળ તેની સિદ્ધિને ખાતર જ જીવતો રહેતો, અને આખરે સિદ્ધિ હાંસલ કરી લેતો. પરંતુ સિદ્ધિ હાંસલ થઈ જાય કે તરત જ એ ધ્યેયને સ્થાને કોઈ બીજું ધ્યેય તેની સમક્ષ ખડું થઈ જતું. શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની એવી જહેમત, શ્રેષ્ઠતાની સિદ્ધિ, એક પછી એક ધ્યેયની લગની, જાણે તેના જીવનના મર્મ સમી બની ગઈ હતી. એટલે રેજિમેન્ટમાં અફસરનું સ્થાન મળતાં જ તેણે કામગીરી અંગે પૂરેપૂરી વાકેફગારી હાંસલ કરવાનો નિર્ધાર કરી લીધો, અને થોડા વખતમાં જ તે આદર્શ અફસર બની ગયો. પરંતુ તેમાં એક ખામી હતી, તેના બેલગામ ગરમ મિજાજની ખામી હતી. એથી અગાઉની જેમ જ તેનું વર્તન અનિષ્ટ બની જતું અને તેની કારકિર્દી ઉપર માઠી અસર પડતી. એક દિવસે વાતચીત દરમિયાન તેની શૈક્ષણિક ખામીઓ તેના ધ્યાનમાં આવી ગઈ. તેણે એ ખામીઓને દૂર કરવાનો નિર્ધાર કરી લીધો, અને પુસ્તકોના અભ્યાસમાં ડૂબી જઈને પોતાનું ધ્યેય સિદ્ધ કરી લીધું. પછી તેને સામાજિક જીવનનાં શિખરો સર કરવાનું મન થયું. તેણે તાલીમ લઈને બૉલનૃત્યમાં ઉસ્તાદી હાંસલ કરી લીધી. થોડા વખતમાં જ તેને સમારંભોનાં આમંત્રણો મળવા લાગ્યાં, અને ક્યારેક ક્યારેક નાનકડા આત્મીય મેળાવડાઓમાં

ભાગ લેવાનાં આમંત્રણો પણ મળતાં. પરંતુ તેને એટલાથી સંતોષ ન થયો. તે તો હંમેશાં પ્રથમ સ્થાન લેવા ટેવાયેલો હતો, અને સામાજિક જીવનમાં તે પ્રથમ સ્થાનથી હજી ખૂબ દૂર હતો.

એ જમાનામાં ઉચ્ચ સમાજમાં ચાર પ્રકારના લોકો સામેલ રહેતા, અને હું ધારું છું કે હંમેશાં તથા દરેક ઠેકાણે એમ જ હોય છે. પ્રકારો આ મુજબ હતા: ૧) દોલતમંદ અને દરબારી લોકો, ૨) દોલતમંદ ન હોવા છતાં કુળ તથા તાલીમના આધારે દરબારી ગણાતા લોકો, ૩) દરબારી માણસોના કૃપાપાત્ર બનવાની કોશિશ કરતા દોલતમંદ લોકો, અને ૪) દોલતમંદ ન હોય અને દરબારી પણ ન હોય, પરંતુ દોલતમંદ તેમ જ દરબારી માણસોના કૃપાપાત્ર બનવા ઉત્સુક હોય એવા લોકો. કાસાત્સ્કી પ્રથમ પ્રકારનો નહોતો. અંતિમ બે પ્રકારોમાં તેને સારું માન મળતું. સામાજિક જીવનમાં પ્રવેશ કરતી વેળા તેણે સમાજની અમુક મહિલા જોડે આડો સંબંધ બાંધવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું, અને તેમાં તેને પોતાની ધારણા કરતાં વહેલી સફળતા મળી ગઈ હતી. પરંતુ તેને થોડા વખતમાં જ સમજાઈ ગયું કે પોતે જે વર્તુળોમાં હળેમળે છે એ તો નીચલી કક્ષાનાં વર્તુળો છે, એથી ઊંચી કક્ષાનાં દરબારી વર્તુળો પણ છે, અને એ વર્તુળોમાં પોતાને આવકારવામાં આવતો હોવા છતાં, હંમેશાં જાણે બહારનો જ કોઈ આદમી ગણવામાં આવે છે. તેની જોડે શિષ્ટાચાર જાળવવમાં આવતો, પરંતુ લોકોના બોલ તથા હાવભાવ જાણે સાફ જણાવી દેતા કે અમે તો આ વર્તુળના જ છીએ પણ તું બહારનો છે. તેને એ વર્તુળોમાં સ્થાન હાંસલ કરવું હતું. અને એવું ધ્યેય સિદ્ધ કરવાની રીતો પણ હતી. એક રીત

શાહી સલાહકારનું પદ હાંસલ કરી લેવાની હતી. એ પદની અપેક્ષા તો તેને હતી જ. બીજી રીત હતી એ વર્તુળોમાંથી કોઈની જોડે શાદી કરી લેવાની. તેણે એવી શાદી કરવાનો નિર્ધાર કરી લીધો. તેણે દરબારની એક સુંદર તરુણી પસંદ કરી લીધી. એ તરુણી કાસાત્સ્કી જે વર્તુળોમાં પ્રવેશ મેળવવા માગતો હતો એ વર્તુળોમાં સ્થાન તો ધરાવતી જ હતી, પરંતુ એ ઉપરાંત, એ ઉદાત્ત વર્તુળોમાં તદ્દન સુનિશ્ચિત સ્થાન ધરાવતા અત્યંત ઊંચા દરજ્જાના માણસો તેની જોડે મિત્રતા કેળવવાની કોશિશ કરતા. એ તરુણી હતી કાઉન્ટેસ કોરોત્કોવા. કાસાત્સ્કીએ કાઉન્ટેસને પસંદ કરી તેનું કારણ કેવળ મહત્ત્વાકાંક્ષા પૂરતું જ સીમિત નહોતું. કાઉન્ટેસ બેહદ ખૂબસૂરત હતી અને કાસાત્સ્કી તેને જોતાં જ તેના પ્રેમમાં પડી ગયો હતો. શરૂઆતમાં તો કાઉન્ટેસનો આવકાર સાવ ટાઢોબોળ હતો, પરંતુ પછી તેમાં એકાએક પલટો આવી ગયો, તેના વર્તનમાં મૃદુતા આવી ગઈ, અને તેની મા વિશેષ રૂપે માયાળુ બની ગઈ.

કાસાત્સ્કીએ કાઉન્ટેસના હાથની માગણી કરી અને તેનો તરત જ સ્વીકાર થઈ ગયો. એવા પરમ સુખની સિદ્ધિ સાવ સરળતાથી થઈ ગઈ એટલે કાસાત્સ્કીને વિસ્મય થયું. તેને માતા અને પુત્રી બેઉના વર્તનમાં કશુંક વિચિત્ર અને અસાધારણ લાગ્યું. પરંતુ તે તો ઊંડા પ્રેમમાં હોવાથી અંધ હતો. એટલે આખા શહેરમાં ચાલતી છાનીછપની વાતચીતની તેને ખબર જ ન પડી. લોકજીભે રમતી વાત એવી હતી કે તેની ભાવિ પત્ની એક વરસ પહેલાં નિકોલાઇ પાવલોવિચની રખાત રહી ચૂકી હતી.

૨

શાદી માટે નક્કી થયેલા દિવસથી બે અઠવાડિયાં પહેલાં કાસાત્સ્કી પોતાની ભાવિ પત્નીને મળવા ઝારસ્કોયે સેલોમાં આવેલી તેની ગ્રીષ્મ કુટિરે ગયો. મે મહિનો ચાલતો હતો અને ખૂબ ગરમી પડી રહી હતી. તેઓ થોડી વાર બગીચામાં ફર્યાં અને પછી એક કેડીએ ગોઠવેલા બાંકડા ઉપર બેસી ગયાં. કેડીની બન્ને તરફ લિંબુડીઓની કતારો હતી અને બધે મઝાનો છાંયો પથરાયેલો હતો. કાઉન્ટેસ મેરી હિંદુસ્તાની મલમલનાં વસ્ત્રોમાં વિશેષ મોહક દેખાતી હતી. માથું નમાવીને બેઠેલી, અને ખૂબ જ પ્રેમાળ તથા મૃદુ અવાજે તેની જોડે વાત કરતા દેખાવડા કદાવર પુરુષની સામે ક્યારેક ક્યારેક નજર ઊંચી કરીને જોઈ લેતી કાઉન્ટેસ, જાણે નિર્દોષતા અને પ્રેમને મૂર્તિમંત કરતી હોય એમ લાગતું હતું. કાસાત્સ્કીને જાણે પોતાના કોઈ વેણ અથવા હાવભાવથી કાઉન્ટેસની દૈવી નિર્મળતાને આઘાત પહોંચાડી કે ડાઘ લગાવી દેવાની બીક લાગતી હોય એમ તે કોમળ કંઠે વાત કરી રહ્યો હતો. તે પાંચમા દાયકાના એવા આદમીઓમાંનો — હવે એવા કોઈ આદમી રહ્યા જ નથી — એક હતો કે જે પોતાની જાતીય છૂટછાટો કબૂલ કરી લેતા અને તેમાં કશું ખોટું નહોતા ગણતા, પરંતુ પોતાની પત્નીઓની બાબતમાં આદર્શ દૈવી નિર્મળતાની અપેક્ષા રાખતા, અને પોતાના સામાજિક વર્તુળની બધી તરુણીઓના સંબંધમાં એવી દૈવી નિર્મળતાની ધારણા કરી લઈને તેમની જોડે એ મુજબનું વર્તન રાખતા. એવા વલણમાં ઘણું ઘણું ખોટું હતું, પુરુષો પોતાના સંબંધમાં જેવી છૂટછાટ લેતા તેથી બહુ હાનિ થતી, પરંતુ સ્ત્રીઓ પ્રત્યેનું તેમનું વલણ — દરેક તરુણીને

નરની તલાશમાં નીકળેલી માદા ગણી લેતા આજના યુવાનોના વલણથી મૂળભૂત રીતે નિરાળું વલણ — હું માનું છું કે નીરોગી વલણ હતું. તરુણીઓ પોતાનું એવું આદર્શીકરણ જોઈને પોતાનાથી બને એટલા પ્રમાણમાં આદર્શ વર્તન જાળવવાના પ્રયાસો કરતી. કાસાત્સ્કીનું સ્ત્રીઓ પ્રત્યેનું વલણ એવું હતું અને તેની ભાવિ પત્ની અંગે તેનો ખ્યાલ એવો હતો. એ દિવસે તે નિત્ય કરતાં અધિક પ્રેમમાં સરી પડેલો હતો એટલે તેને કાઉન્ટેસ અંગે જરા સરખીયે કામોત્તેજના નહોતી થતી, એથી ઊલટું, તે તો તરુણીની અગમ્યતાને લીધે પ્રેમભર્યા હર્ષની લાગણી અનુભવી રહ્યો હતો.

તે બાંકડા પરથી ઊઠયો અને બન્ને હાથ તલવાર પર ટેકવીને કાઉન્ટેસની સામે ઊભો રહ્યો.

"જીવનમાં કેટલું બધું સુખ સાંપડી શકે તેની ખબર મને હવે જ પડી છે," તેણે કહ્યું, "અને એ સુખ મને તમે જ — તેં જ — આપ્યું છે."

તેણે સંકોચ અનુભવતાં મોં મલકાવ્યું. તે એવી કક્ષાએ હતો કે આત્મીય "તું" શબ્દ હજી તેની જીભે સહેલાઈથી નહોતો આવતો, અને નૈતિક દૃષ્ટિએ પોતાની નીચી કક્ષાએથી તરુણીની ઊંચી કક્ષાએ નજર નાખતાં, એવી દૈવી વ્યક્તિને એટલા આત્મીય ભાવે સંબોધવાની વાત તેને ખોફનાક લાગતી.

"હું મારી જાતને ઓળખી શક્યો, મને ખબર પડી કે હું મારી પોતાની ધારણા કરતાં બહેતર છું, તેનો યશ... તને જાય છે," તે આગળ બોલ્યો.

"મને તો બહુ વખતથી ખબર હતી, એટલે જ મારા દિલમાં તમારા પ્રત્યે પ્રેમ જાગેલો," કાઉન્ટેસે જવાબ આપ્યો.

નજીકમાં ક્યાંકથી બુલબુલનું ગાન સંભળાયું. એકાએક હવાની લહેર આવી અને તાજાં ખરેલાં પાંદડાં સરસર અવાજ કરી ઊઠયાં.

તેણે કાઉન્ટેસનો હાથ પોતાના હાથમાં લઈને ચૂમી લીધો. તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તરુણી સમજી ગઈ: તેણે કહેલા શબ્દો બદલ આદમી અહેસાનની લાગણી વ્યકત કરી રહ્યો હતો. કાસાત્સ્કીએ કશું બોલ્યા વગર થોડી વાર આંટા માર્યા, અને પછી તે પાછો આવીને બાંકડા ઉપર કાઉન્ટેસની બાજુમાં બેસી ગયો.

"તમને... તને... અરે, બધું એક જ છે. તને ખબર નહિ હોય કે પહેલાં તો હું સ્વાર્થી ઇરાદો લઈને તારી નજીક આવેલો. મારી મુરાદ ઉચ્ચ સમાજમાં સ્થાન મેળવવાની હતી. પરંતુ પછી... એ બધું તારી સરખામણીમાં, હું તને ઓળખવા લાગ્યો ત્યારે, તદ્દન નજીવું બની ગયું. આ વાત જાણીને તને ખીજ ચડે છે?"

તેણે કશો જવાબ ન આપ્યો પરંતુ તેનો હાથ કાસાત્સ્કીના હાથને સ્પર્શી ગયો.

કાસાત્સ્કી સમજી ગયો. કાઉન્ટેસને ગુસ્સો નહોતો આવ્યો.

"અને હવે હું તારે હોઠેથી શબ્દો સાંભળી રહ્યો છું..." પોતે વધારે પડતી છૂટ લઈ રહ્યો હોય એવી બીકે તે થંભી ગયો, "...કે તું મને ચાહે છે. માફ કરજે, મને તારી વાતમાં અવિશ્વાસ મુદ્દલ નથી, પરંતુ કશુંક તને ખટકી રહ્યું છે, બેચેન બનાવી રહ્યું છે. એ શું છે?"

કાઉન્ટેસને થયું કે એકરાર કરી લેવો હોય તો મોકો અત્યારે જ છે — કાં તો આ ઘડીએ, અથવા કદી નહિ. તેને ખબર તો વહેલામોડી પડવાની જ છે. અત્યારે કહી દઉં તો મને

તજી નહિ દે. ઓહ! તજી દેશે તો મારાથી સહન નહિ થાય!

તે કાસાત્સ્કીની ઊંચી, સશક્ત, પ્રભાવી કાયાને પ્રેમ નીતરતી નજરે નીરખી રહી. તેને હવે આ આદમી શહેનશાહ કરતાંયે વધારે વહાલો લાગતો હતો. શાહી વિશેષાધિકારની વાત ન હોત તો તેણે કાસાત્સ્કીની સરખામણીમાં શહેનશાહને પસંદગી ન જ આપી હોત.

"તો સાંભળો. તમારી સામે જૂઠું નહિ બોલી શકું. મારે આખી વાત જણાવવી જ પડશે. તમે પૂછો છો એ શું છે? જવાબ આવો છે: હું અગાઉ પ્રેમ કરી ચૂકી છું."

જાણે ભય પામીને વીનવતી હોય એમ તેણે કાસાત્સ્કીના હાથ ઉપર પોતાનો હાથ મૂક્યો.

તે કંઈ ન બોલ્યો.

"તમારે જાણવું છે કે મેં કોને પ્રેમ કરેલો? શહેનશાહને."

"આપણે સૌ શહેનશાહને ચાહીએ છીએ. માનું છું કે તમે અભ્યાસ કરતાં હશો ત્યારે..."

"ના, અભ્યાસ પૂરો થઈ ચૂક્યો હતો. હું આસક્તિનો ભોગ બની ગયેલી. હવે તો એ બધું ખતમ થઈ ગયું છે. પણ મારે જણાવવું જ જોઈએ કે..."

"પણ એનું શું છે?"

"...એ ખાલી પ્રેમ જ નહોતો."

તેના હાથ એકદમ ઊંચા થઈ ગયા અને મોં ઉપર ઢંકાઈ ગયા.

"શું? તમે એને તમારો દેહ આપેલો?"

કાઉન્ટેસે કશો જવાબ ન આપ્યો.

"એની રખાત બનેલાં?"

વળી કશો જવાબ ન મળ્યો.

તે એકદમ ઊભો થઈ ગયો અને કાઉન્ટેસની સામે નજર તાકીને ખડો રહ્યો. તેનો ચહેરો મડદા જેવો ફિક્કો પડી ગયો. તેના હોઠ ફરકવા લાગ્યા. એકાએક તેને યાદ આવ્યું કે એક દિવસે નેવાકિનારે શહેનશાહની જોડે ભેટો થઈ ગયેલો ત્યારે નિકોલાઈ પાવ્લોવિચે તેને સગપણ બદલ કેવા ઉમળકાથી અભિનંદન આપેલાં.

"હે ભગવાન! આ મેં શું કરી નાખ્યું! સ્તેપાન!"

"દૂર રહેજો, મને અડશો નહિ! તમે મને સખત આઘાત પહોંચાડ્યો છે."

તે મોટાં કદમ ભરતો ઘર તરફ ચાલ્યો ગયો. તેને પ્રવેશખંડમાં કાઉન્ટેસની મા મળી.

"શી વાત છે? મને તો એમ કે..."

પરંતુ કાસાત્સ્કીના ચહેરા ઉપરના ભાવ જોઈને તે એકદમ બોલતી અટકી ગઈ. કાસાત્સ્કીનું મોં તદ્દન લાલચોળ થઈ ગયું હતું.

"તમને ખબર હતી!" તેણે બરાડો પાડ્યો. "તમારી મુરાદ મને આડશ બનાવવાની હતી! તમે પુરુષ હોત તો..."

તેનો વિશાળ મુક્કો એકદમ ઊંચો થઈ ગયો. તે ઝડપથી ફરી જઈને સડસડાટ ઘરની બહાર નીકળી ગયો.

કાઉન્ટેસનો માજી આશક બીજો કોઈ આદમી હોત તો કાસાત્સ્કીએ તેને હણી નાખ્યો હોત. પણ આ તો પ્યારા ઝારની ખુદની વાત હતી.

બીજે દિવસે તેણે રજાની અરજી કરી અને સાથે સાથે રાજીનામું પણ આપી દીધું. કોઈને મળવું ન પડે એટલા ખાતર તેણે એવો ખ્યાલ ઊભો કર્યો કે પોતે માંદો છે. થોડા વખત પછી તે ગામડે ચાલ્યો ગયો.

તેણે ઉનાળો પોતાની જાગીરમાં ગાળ્યો અને માલમિલકતની સરખી વ્યવસ્થા કરી. ઉનાળો પૂરો થતાં જ તે સેંટપિટર્સબર્ગ જવાને બદલે વૈરાગી બનવા મઠમાં ચાલ્યો ગયો.

તેની માએ પત્ર લખીને તેને આખરી ફેંસલો લેતાં વારવાની કોશિશ કરી. તેણે જવાબ આપ્યો કે પરમાત્માનો સાદ પડે ત્યારે બીજી બધી ગણતરીઓ તજી દઈને તેને જ પ્રથમ સ્થાન આપવું જોઈએ, અને મને પરમાત્માનો સાદ સંભળાયો છે. કેવળ વાર્વારા જ, તેના જેવી જ ગર્વીલી અને મહાત્ત્વાકાંક્ષી બહેન, તેની લાગણીઓને સમજી શકી અને હમદર્દી ધરાવી શકી.

બહેનની નજરમાં વાત સાફ હતી. ભાઈને જે લોકો સમજાવી દેવા માગંતા હતા કે પોતે તેનાથી ઊંચી કક્ષાએ છે, એ લોકોથી ઊંચી કક્ષાએ પહોંચી જવાના ઇરાદે જ ભાઈએ વૈરાગી જીવન પસંદ કર્યું છે. તેની ધારણા ખરી હતી. કાસાત્સ્કીએ વૈરાગી જીવન અપનાવીને બીજા લોકોને ખૂબ મહત્ત્વની લાગતી, અને ખુદ પોતાને પણ લશ્કરના દિવસો દરમિયાન મહત્ત્વની લાગેલી, તમામ બાબતો પ્રત્યે પોતાની નફરત જાહેર કરી હતી. તેણે નવી ઊંચાઈઓ સર કરી હતી, અને તેને અગાઉ જે લોકોની ઈર્ષ્યા થતી હતી એ લોકોની ઉપર તે હવે ઊંચી કક્ષાએથી નજર નાખી શકતો હતો. પરંતુ વાર્વારાએ ધારી લીધેલું તેમ, તેને દોરનારી બાબત કેવળ એવી લાગણી પૂરતી જ સીમિત નહોતી. તેના અભિમાનની જોડે, હંમેશાં પ્રથમ રહેવાની તેની ઝંખનાની જોડે, એક બીજી લાગણી પણ ભળેલી હતી, ખરેખરી ધાર્મિક વૃત્તિ પણ ભળેલી હતી. તેણે દેવી જેવી કલ્પી લીધેલી મેરી (તેની મંગેતર) અંગેના ભ્રમના ભુક્કા થઈ જતાં તેની લાગણી

એટલી નિર્દયતાથી દુભાઈ હતી કે તે તદ્દન હતાશામાં સરી પડ્યો હતો. અને હતાશા તેને ક્યાં લઈ ગઈ હતી? ઈશ્વર પાસે, બાળપણના ધર્મ પાસે. તેના મન ઉપરની ધર્મની પકડ ક્યારેય ઢીલી નહોતી થઈ.

૩

કાસાત્સ્કી પોક્રોવના ઉત્સવની વેળાએ મઠમાં દાખલ થયો.

મઠાધિપતિ એક ઉમરાવ હતો, વિદ્વાન તથા સાક્ષર હતો, અને ગુરુ—વલાચિયાની સાધુશ્રેણીનો એક વૈરાગી—પણ હતો. તેઓ મોવડી તથા ઉપદેશકની આજ્ઞાના અચૂક પાલનની વિશિષ્ટ પરંપરા ધરાવતા હતા. કાસાત્સ્કીનો મઠાધિપતિ પાઈસી વેલિચકોવ્સ્કીના શિષ્ય ગુરુ લેઓનિદના શિષ્ય મકારીના શિષ્ય સુખ્યાત ગુરુ આમ્બ્રોસીનો શિષ્ય હતો. કાસાત્સ્કીએ તેને પોતાનો ગુરુ માની લીધો, અને તેનો શિષ્ય બનીને તે મઠમાં રહેવા લાગ્યો.

કાસાત્સ્કીને મઠમાં દાખલ થવાથી બીજા કરતાં પોતે ચડિયાતો હોવાની લાગણી તો થઈ જ, પરંતુ એ ઉપરાંત તે પોતાની હંમેશની રીત મુજબ, નવા જીવનમાં અણિશુદ્ધ આંતરિક તેમ જ બાહ્ય પરિપૂર્ણતા સાધવાની જહેમતમાંથી સંતોષ મેળવી લેતો. તે રેજિમેન્ટમાં જેવી રીતે દોષરહિત અફસર હોવા ઉપરાંત અપેક્ષા કરતાં વધારે કામગીરી કરી દાખવતો અને પોતાની ફરજ બજાવવામાં સત્તાવાર નિર્ધારિત સીમાઓથી ઘણો આગળ નીકળી જતો, એવી જ રીતે હવે વૈરાગી તરીકે પણ તે પરિપૂર્ણતા સાધવાની જહેમત કરતો: હંમેશાં ઉદ્યમી, મિતાહારી, સૌમ્ય, વિનમ્ર, નિર્મળ—કેવળ કૃત્યમાં જ

નહિ પરંતુ ચિંતનમાંયે નિર્મળ—અને આજ્ઞાંકિત રહેવાના પ્રયાસો કરતો. તેમાંથી આજ્ઞાપાલનની વૃત્તિ અથવા સદ્ગુણને લીધે તેની જિંદગી સરળ બની ગઈ, નહિતર તેને મુશ્કેલીઓ વેઠવી પડી હોત. મઠમાં ઘણા લોકો મુલાકાતે આવતા. એવા મઠજીવનમાં અપેક્ષિત ઘણી બાબતો તેને અણગમતી લાગતી અને તેના મનમાં લાલસા જગાવતી. પરંતુ આજ્ઞાંકિતતા તેને તેમાંથી ઉગારી લેતી. તે એવી સમજણની ઓથ લઈને ઊગરી જતો કે ખરાખોટાનો વિચાર કરવાનું કામ મારું નથી, મારે તો મને આપવામાં આવેલી ફરજો બરાબર બજાવવાની છે, પછી તે પવિત્ર અવશેષોની રખેવાળીની, સમૂહસંગીતમાં ગાવાની, અથવા મઠના રહેણાક-વિભાગના હિસાબકિતાબની, ગમે તે હોય. ગુરુની આજ્ઞાનું પાલન કરવાનો એ જ સદ્ગુણ કોઈ પણ ક્ષેત્રમાં શંકાની બધી શક્યતાઓને ખતમ કરી નાખતો હતો. તેણે એવી આજ્ઞાંકિતતા ન અપનાવી હોત તો દેવળમાં એકધારી લાંબી પ્રાર્થનાઓથી, મુલાકાતીઓની ચંચળ અવરજવરથી, અને મઠની બિરાદરી અણગમતાં લક્ષણોથી તેનું મન પીડાયું હોત. પરંતુ આજ્ઞાંકિતતાને લીધે એ બધું ખુશીથી સહી લેવાનું કશુંક બની જવા ઉપરાંત જિંદગીમાં નવા સાંત્વન તથા ટેકા જેવું પણ બની ગયું. તે મનમાં વિચારતો: "એક જ દિવસ દરમિયાન એકની એક પ્રાર્થના કેટલીય વાર સાંભળવાનું જરૂરી શા માટે હોવું જોઈએ તેની મને ખબર નથી, પણ હું જાણું છું કે એ જરૂરી છે. અને એ જરૂરી હોવા અંગેની જાણકારીને લીધે તેમાંથી મને સુખ પ્રાપ્ત થાય છે." તેના ગુરુએ તેને જણાવ્યું કે જેવી રીતે જિંદગી ટકાવી રાખવા માટે ભૌતિક ખોરાક આવશ્યક હોય છે એવી જ રીતે આધ્યાત્મિક જીવન માટે આધ્યાત્મિક

ખોરાક, અર્થાત્ દેવળમાં પ્રાર્થના, આવશ્યક હોય છે. તેણે એ વાત માની લીધેલી, અને દેવળમાં પ્રાર્થનામાં ભાગ લેવા સારુ સવારે વહેલા ઊઠી જવાનું તેને ક્યારેક મુશ્કેલ લાગતું હોવા છતાં, એ પ્રાર્થનાથી હકીકતમાં તેને નિર્વિવાદ શાતા અને સુખ પ્રાપ્ત થતાં. તાબેદારીની લાગણીમાં, ગુરુએ તેને માટે નક્કી કરી આપેલાં કાર્યોને કશા જ સવાલ વગર સ્વીકારી લેવામાં, સુખનો અનુભવ થતો. જીવનનો મર્મ પોતાની વાસનાઓના નિરંતર વધતા જતા દમન પૂરતો જ, નિરંતર વધતી જતી તાબેદારી તથા વિનમ્રતા પૂરતો જ, સીમિત નથી હોતો પરંતુ એથી આગળ વધીને ખ્રિસ્તી સુજનતાના સઘળા સદ્ગુણોને પણ આવરી લે છે. એવા સદ્ગુણોની સિદ્ધિ તેને આરંભમાં સરળ લાગી હતી. તેણે પોતાની પૂરી જાગીર બહેનના નામે કરાવી દીધી હતી, અને એ બાબતનો તેને મુદ્દલ અફસોસ નહોતો. તે આળસુ નહોતો. પોતાનાથી ઊતરતા માણસો જોડે વિનમ્ર વર્તન કરવાનું સરળ તો હતું જ, પરંતુ એ ઉપરાંત તેમાંથી આનંદ પ્રાપ્ત થતો. દેહસુખનાં પાપોની વૃત્તિને પણ, લાલસા તથા કામવાસનાને પણ, સહેલાઈથી જીતી લેવાઈ હતી. ગુરુએ તેને એવાં પાપો અંગે ખાસ ચેતવણી આપી હતી, પરંતુ કાસાત્સ્કી એવાં પાપોથી મુકત હતો, અને એ મુકિતમાંથી તેને આનંદ પ્રાપ્ત થતો.

તેના મનમાં કેવળ એક જ બાબત વ્યથા ઉત્પન્ન કરતી: તેની મંગેતરની યાદ. અને કેવળ યાદ જ નહિ, શું બની ગયું હોત તેની સ્પષ્ટ સમજણ. તેને અનાયાસે જ શહેનશાહની અગાઉની માશૂકોમાંની એક યાદ આવી ગઈ. તે પછી પરણી ગઈ હતી અને આદર્શ પત્ની તથા માતાની જિંદગી જીવી

રહી હતી. તેના પતિને મહત્ત્વના પદે નિયુક્ત કરવામાં આવ્યો હતો, સત્તા તથા પ્રતિષ્ઠા સાંપડી હતી, અને સાથે સાથે સારી અને પ્રાયશ્ચિતથી વિશુદ્ધ બનેલી પત્ની મળી હતી.

કાસાત્સ્કીના મનોભાવ બહેતર હોય ત્યારે એવા વિચારોથી તેને બેચેની ન થતી. બહેતર મનોભાવની હાલતમાં એવા વિચારો આવે ત્યારે તે લાલસાથી બચી જવા બદલ ખુશી અનુભવતો. પરંતુ ક્યારેક એવી ઘડીઓ આવી જતી કે તેની જિંદગીને ભરી દેતું બધું જાણે તેની નજર સામે એકાએક ઝાંખું પડી જતું અને ઓસરી જતું લાગતું. એવે વખતે તે પોતાના જીવનના નવા અંતસ્તત્ત્વ અંગેની નિષ્ઠા તો નહિ પણ દૃષ્ટિ ગુમાવી બેસતો, તેને પોતાની ભીતરમાં સ્થિર કરવાની શકિત ગુમાવી બેસતો. એવી ઘડીઓ દરમિયાન તેના મન ઉપર યાદોની પકડ જામી જતી, અને ધાર્મિક જીવન અપનાવવા બદલ પસ્તાવો થવા લાગતો. તેનું મન ત્રાસ પામી જતું.

એવી હાલતમાંથી છુટકારો વળી પાછો આજ્ઞાંકિતતામાં જ હતો, તેને માટે નિર્ધારિત કાર્યમાં અને દિવસના પ્રત્યેક કલાકને ભરી દેતી પ્રાર્થનાઓમાં હતો. તે નિત્યની જેમ પ્રાર્થના કરતો અને નિષ્ઠાથી સાષ્ટાંગ પ્રણામ કરતો. હકીકતમાં તે નિત્યથી વધારે પ્રાર્થના કરતો, પરંતુ એ કેવળ દૈહિક ક્રિયાની બાબત બની જતી. તેમાં આત્માનું ઊંડાણ ન રહેતું. એવી હાલત એક દિવસ કે બે દિવસ ચાલતી અને પછી ખતમ થઈ જતી. પરંતુ એક કે બે દિવસનો એ સમય ત્રાસદાયક બની જતો. તેને લાગતું કે પોતે કોઈ અન્યના અંકુશમાં આવી ગયો છે, ખુદ પોતાના નહિ, ઈશ્વરના નહિ, પરંતુ કોઈ અન્યના અંકુશમાં આવી ગયો છે. એવા વખત દરમિયાન

તે કેવળ ગુરુની સલાહનો અમલ જ કરી શકતો, અને એટલું જ કરતો. ગુરુની સલાહ આવી હતી: ધીરજ રાખવી, કશું કાર્ય હાથમાં ન લેવું, અને રાહ જોવી. એવા ગાળામાં કાસાત્સ્કીના જીવનનું પૂરું નિયમન તેની પોતાની મરજી મુજબ નહિ પરંતુ ગુરુની મરજી મુજબ થતું, અને એવી પરવશતામાંથી તેને માનસિક સ્વસ્થતા મળતી.

કાસાત્સ્કી પ્રથમ મઠમાં એવી રીતે સાત વરસ રહ્યો. ત્રીજા વરસને અંતે તેને દીક્ષા આપીને વૈરાગી-પુરોહિત બનાવવામાં આવ્યો અને સેર્ગિયસ નામ આપવામાં આવ્યું. તેના આંતરિક જીવનમાં આ ઘટના ભારે મહત્ત્વની હતી. ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લેતી વેળા તેને હંમેશાં ઊંડા સાંત્વન તથા આધ્યાત્મિક ઉન્નતિની લાગણી થતી. હવે પોતે જ પુરોહિત તરીકે આહૂતિની વિધિ કરતો હોય એવા પ્રસંગોએ હૃદયમાં હર્ષાવેગની ઝણઝણાટી થવા લાગતી. પરંતુ વખત જતાં એવી લાગણીની તીવ્રતા ઘટવા લાગી. એક વેળા તેને વારંવાર આવી પડતી હતાશ મનોદશામાં ઉપાસનાની વિધિ કરવી પડી ત્યારે તેને સમજાઈ ગયું કે એ હર્ષાવેગ પણ ઓસરી જવાનો છે. ત્યાર પછી આહ્‌લાદની લાગણી ખરેખર મંદ પડી ગઈ, પરંતુ ટેવ કાયમ રહી.

મઠની જિંદગીના સાતમા વરસ દરમિયાન સેર્ગિયસને કંટાળો આવવા લાગ્યો. તેને થતું કે અહીંયાં શીખવાની અને ઉસ્તાદી હાંસલ કરવાની બધી બાબતોમાં મેં ઉસ્તાદી હાંસલ કરી લીધી છે. હવે મારે કરવા જેવું કશું અહીંયાં બાકી રહ્યું નથી.

પરંતુ બીજી તરફ, તેના જીવનમાં આવવા લાગેલી શિથિલતા નિરંતર વધારે ને વધારે ઊંડી બની રહી હતી. એ સમય

દરમિયાન તેને માતાના મૃત્યુના તથા કાઉન્ટેસ મેરીના અન્ય પુરુષ જોડે લગ્નના સમાચાર મળ્યા, પરંતુ એથી તેના મન ઉપર કશી અસર ન થઈ. તેનું સમગ્ર ધ્યાન અને રુચિ તેના આંતરિક જીવનમાં કેંદ્રિત થઈ ગયાં હતાં.

તેની દીક્ષા પછી ચોથા વરસ દરમિયાન બિશપને તેના પ્રત્યે ખાસ મમતા બંધાઈ, અને ગુરુએ તેને સલાહ આપી કે તેને કોઈ ઊંચું પદ સોંપવામાં આવે તો ઈનકાર ન કરવો. એ વખતે તેના મનમાં મહત્ત્વાકાંક્ષા માથું ઊંચું કરવા લાગી, મઠજીવનમાં બીજા વૈરાગીઓની મહત્ત્વાકાંક્ષા જોઈને તેને અગાઉ ઘૃણા થતી, પણ હવે એવી જ મહત્ત્વાકાંક્ષા તેના મનમાં સળવળવા લાગી. થોડા વખતમાં તેની નિમણૂક પાટનગર નજીક આવેલા મઠમાં કરવામાં આવી. તેણે ઈનકાર કરી દીધો હોત, પરંતુ ગુરુએ સ્વીકારી લેવાની સલાહ આપી. તેણે નિમણૂક સ્વીકારી લીધી, અને ગુરુની વિદાય લઈને તે નવા મઠમાં ચાલ્યો ગયો.

પાટનગર નજીક રહેવા જવાની એ ઘટના સેર્ગિયસના જીવનમાં મહત્ત્વની હતી. તે ચોમેર જાતજાતનાં પ્રલોભનોથી ઘેરાયેલો રહેતો અને તેની પૂરી શકિત પ્રતિકારમાં જ વપરાઈ જતી.

સેર્ગિયસને પ્રથમ મઠમાં જાતીય પ્રલોભનોની પરેશાની લગભગ હતી જ નહિ. પરંતુ નવા મઠમાં તેની કામવાસનાએ જાણે ભયાનક જોર ધારણ કરી લીધું, અને તે મૂર્ત રૂપમાં પણ વ્યકત થવા લાગી. મેલી નામના ધરાવતી એક મહિલા વારંવાર સેર્ગિયસનું ધ્યાન ખેંચવા લાગી. તેણે સેર્ગિયસની જોડે વાત કરી, અને પોતાને ઘેર આવવાની તેને વિનંતિ કરી. સેર્ગિયસે સાફ ઈનકાર કરી દીધો. પરંતુ પોતાની કામવાસનાને

તદ્દન સ્પષ્ટ રૂપમાં વ્યકત થયેલી જોઈને તેને સખત આઘાત થયો. તે એટલો બધો ફિકરમાં પડી ગયો કે તેણે એ વિશે ગુરુને લખી જણાવ્યું. પોતાને અંકુશમાં રાખવાના હેતુથી તેણે પોતાના અનુચર સાધારણ યુવાન વૈરાગીને બોલાવ્યો, અભિમાન પડતું મૂકીને તેની સમક્ષ પોતાની નબળાઈ જાહેર કરી દીધી, અને તેને સૂચના આપી કે મારી ઉપર બરાબર ધ્યાન રાખવું અને મને પ્રાર્થનાઓ અથવા મઠના કામકાજ સિવાય કશે જવા ન દેવો.

બીજું સખત પ્રલોભન નવા મઠના અધિપતિ પ્રત્યે સેર્ગિયસના મનમાં પેદા થઈ ગયેલા બેહદ અણગમાનું હતું. નવો મઠાધિપતિ ખંધો, દુનિયાદારીમાં રાચતો, મહત્ત્વાકાંક્ષી આદમી હતો. સેર્ગિયસે બહુ મહેનત કરી પરંતુ અણગમાની લાગણીનું દમન તે કોઈ રીતે ન કરી શક્યો. તે સહન કરી લેતો, પરંતુ તેના અંતરના ઊંડાણમાં મઠાધિપતિ પ્રત્યે તુચ્છકારની લાગણી અનુભવતો. એવી પાપમય લાગણી નિરંકુશ બની ગઈ.

એ ઘટના નવા મઠમાં તેની જિંદગીના બીજા વરસ દરમિયાન બની, અને આવી રીતે બની: પોક્રોવના ઉત્સવનો સમય હતો અને મઠના મોટા દેવળમાં સાયંપ્રાર્થના ચાલી રહી હતી. બહારના ઘણા લોકો આવ્યા હતા. વિધિનું સંચાલન મઠાધિપતિ પોતે જ કરી રહ્યો હતો. ફાધર સેર્ગિયસ રોજની જગ્યાએ ઊભો ઊભો પ્રાર્થનામાં તલ્લીન હતો, અથવા, હંમેશાં પ્રાર્થનાઓ દરમિયાન અને ખાસ કરીને તો પ્રાર્થના મોટા દેવળમાં થતી હોવાથી વિધિનું સંચાલન તે પોતે ન કરતો હોય ત્યારે તેના મનમાં ચાલતા સંઘર્ષમાં ડૂબી ગયેલો હતો. તેના આંતરિક સંઘર્ષનું કારણ મુલાકાતીઓને —મઝાના ભદ્ર

લોકો અને ખાસ તો મહિલાઓને — જોઈને તેને ચડતી ચીડમાં સમાયેલું હતું. તેણે એ તરફ ધ્યાન જ ન આપવાની કોશિશ કરી, દેવળમાં શું ચાલી રહ્યું છે તે નજરમાં જ ન લેવાના પ્રયાસો કર્યા. એક સિપાહી અમીર માણસોને દેવળમાં દાખલ થવામાં મદદ કરી રહ્યો હતો અને તેમની સારુ માર્ગ કરવા સાધારણ ભાવિકોને ધક્કા મારી રહ્યો હતો, મહિલાઓ જુદા જુદા વૈરાગીઓ તરફ આંગળી ચીંધીને એકબીજીને બતાવી રહી હતી, અને મોટે ભાગે આંગળી તેની તરફ અથવા દેખાવડા મુખડાને કારણે જાણીતા એક બીજા વૈરાગી તરફ ચીંધવામાં આવતી. તેણે કલ્પનામાં નજર આડા પાટા બાંધી દેવાના અને ધ્યાનને આમતેમ ભટકતું અટકાવવાના પ્રયાસો કર્યા. તેણે જાળી પાસે બળતી મીણબત્તીઓની જ્યોતિઓ, મૂર્તિઓ, તથા પ્રાર્થનામાં તલ્લીન વૈરાગીઓ સિવાય બીજું કશું જ ન જોવાના પ્રયાસો કર્યા. તેણે પ્રાર્થનામાં ગવાતા કે બોલાતા શબ્દો સિવાય બીજું કશું જ ન સાંભળવાના પ્રયાસો કર્યા. અગાઉ અનેક વાર સાંભળેલી પ્રાર્થનાના પ્રત્યેક ગુંજન તથા પ્રત્યેક પુનરાવર્તન વેળાએ તેને થતી ફરજના પાલનની લાગણી સિવાય બીજી કશી લાગણીને મનમાં જાગવા ન દેવાના તેણે પ્રયાસ કર્યા.

તે એવી રીતે ઊભો ઊભો, જ્યારે જ્યારે પ્રાર્થનામાં જરૂરી બને ત્યારે ત્યારે માથું નમાવતો હતો અને ક્રોસનો સંકેત કરતો હતો. તેની સાથે સાથે તેના મનમાં ટાઢા તુચ્છકાર અને ચિંતન તથા લાગણીઓમાં જાણી જોઈને આણેલી શિથિલતા વચ્ચેનો સંઘર્ષ પણ ચાલી રહ્યો હતો. એટલામાં દેવળનો રખેવાળ ફાધર નિકોદીમ તેની પાસે આવ્યો. એ ફાધર નિકોદીમ પણ ફાધર સેર્ગિયસ માટે સખત પ્રલોભનનું કારણ હતો.

મઠાધિપતિ પ્રત્યે ફાધર નિકોદીમની ખુશામતભરી કૃપાયાચક વૃત્તિ જોઈને ફાધર સેર્ગિયસ તુચ્છકારની લાગણી અનુભવ્યા વગર રહી શકતો જ નહિ. ફાધર નિકોદીમે નમનમાં લગભગ બેવડ વળી જઈને સંદેશો આપ્યો: મઠાધિપતિ ફાધર સેર્ગિયસને અંદર બોલાવે છે. ફાધર સેર્ગિયસ કપડાં સરખાં કરીને અને માથું ઢાંકી દઈને, લોકોને ખલેલ ન પડે એવી રીતે ધીમાં ડગલાં ભરતો જવા લાગ્યો.

"લીઝા, આમ જો, જમણી તરફ, એ જ છે," કોઈ સ્ત્રીના ફ્રેંચ ભાષામાં બોલાયેલા શબ્દો તેને કાને પડ્યા.

"ક્યાં? ક્યાં? એટલો બધો રૂપાળો તો નથી લાગતો," વળી ફ્રેંચ ભાષાના શબ્દો તેના કાનમાં રણકી ઊઠ્યા.

તેને ખબર હતી કે પોતાની જ વાત થઈ રહી છે. કસોટીની વેળાએ તે હંમેશાં કરતો એવી જ રીતે તેણે આ વાતચીત સાંભળીને પણ મનમાં ફરી ફરીને શબ્દો દોહરાવવાનું શરૂ કરી દીધું કે "હે પ્રભુ, પ્રલોભન સામે મારું રક્ષણ કરજે." માથું નમાવીને અને નજર નીચે રાખીને તે ઉપદેશ પીઠિકા પાસે થઈને આગળ ચાલ્યો, અને મૂર્તિઓની જાળીદાર બેઠક પાસેથી પસાર થતા ઝભ્ભાવાળા ભજનિકો ફરતે ચકરાવો લઈને ઉત્તરના પ્રવેશદ્વારેથી અંદર ગયો. દાખલ થતાં જ તેણે ક્રોસનો સંકેત કરીને રિવાજ મુજબ મૂર્તિ સામે મસ્તક નમાવ્યું, અને પછી જ નજર ઊંચી કરીને મઠાધિપતિ તથા તેની જોડે ઊભેલા દમામદાર આદમીની સામે જોયું. એ આદમીને તેણે દાખલ થતી વેળા જ ત્રાંસી નજરે જોઈ લીધો હતો.

મઠાધિપતિ દીવાલ પાસે ઊભો હતો. તેના ટૂંકા જાડા હાથ તેની મોટી ફાંદ ઉપર ફેલાયેલા હતા. તેની આંગળીઓ તેનાં વસ્ત્રોના સોનેરી ગૂંથણકામ ઉપર ફરી રહી હતી. તે

મોં મલકાવતો બીજા આદમી જોડે વાત કરી રહ્યો હતો. એ આદમીએ સ્ટાફ જનરલનો યુનિફૉર્મ પહેર્યો હતો. તેની સોનેરી પટ્ટીઓ તથા ખભાની ગૂંથણ ગ્રંથિઓની મુલવણી ફાધર સેર્ગિયસની લશ્કરી અનુભવ ધરાવતી નજરે તરત જ કરી લીધી. એ જનરલ એ જમાનામાં પ્રિન્સ કાસાત્સ્કીનો રેજિમેન્ટલ કમાંડર હતો. હવે તે મહત્ત્વનો હોદ્દેદાર બની ગયો હોય એમ લાગતું હતું. ફાધર સેર્ગિયસના ધ્યાનમાં આવી ગયું કે મઠાધિપતિ એ અંગે વાકેફગાર છે, અને એથી એટલો બધો હરખાઈ ગયો છે કે તેની ટાલ નીચે તેના જાડિયા રાતા ચહેરા ઉપર ખુશીનો ઝગમગાટ છવાઈ ગયો છે. એથી તેને માઠું લાગ્યું અને ખીજ ચડી. પછી તેને ખબર પડી કે મઠાધિપતિએ તેને કેવળ જનરલના કુતૂહલને, જનરલના પોતાના શબ્દોમાં એક જમાનાના સહયોગીને એક નજરે જોઈ લેવાની ઈચ્છાને, સંતોષવા ખાતર જ બોલાવ્યો છે. એટલે તેની ખીજ વધી ગઈ.

"આવા ફિરસ્તાના પોશાકમાં તમને જોઈને બહુ ખુશી થાય છે," જનરલ હાથ લાંબો કરતો બોલ્યો. "આશા છે કે તમે પુરાણા સાથીને ભૂલી નહિ ગયા હો."

મઠાધિપતિની ધોળી દાઢીના માળખામાં તેની રાતી મલકતી પ્રસન્ન મુખમુદ્રા જાણે જનરલના શબ્દોને બહાલી આપી રહી હતી, અને જનરલના બહુ ચીવટથી ટાપટીપ કરેલા ચહેરા ઉપર આત્મસંતોષનો મલકાટ છવાયેલો હતો, તેના મોંમાંથી દારૂની ગંધ તથા મૂછોમાંથી સિગારની બદબો છૂટી રહી હતી. એ બધું ફાધર સેર્ગિયસના આત્મસંયમ માટે વધારે પડતું હતું. તે ફરી વાર મઠાધિપતિની સામે નમીને બોલ્યો:

"આપે મને બોલાવેલો?" એટલું કહીને તે થંભી ગયો, પરંતુ તેની મુખમુદ્રા, તેની આખી અદા જાણે સવાલ કરી રહી હતી: "શું કામ છે?"

"હા, જનરલને મળવા," મઠાધિપતિએ કહ્યું.

ફાધર સેર્ગિયસનો ચહેરો ફિક્કો પડી ગયો.

"શ્રદ્ધેય," તે કંપતા હોઠે બોલ્યો, "મેં પ્રલોભનથી બચવા સારુ સંસારનો ત્યાગ કર્યો છે. તો પછી આપ મને અહીંયાં, પરમાત્માના ધામમાં પ્રાર્થનાની વેળાએ, પ્રલોભનનો ભોગ શા સારુ બનાવી રહ્યા છો?"

"વારુ, વારુ, તો જાઓ," મઠાધિપતિ બોલી ઊઠયો, તેનો ચહેરો લાલ થઈ ગયો અને તેનાં ભવાં ચડી ગયાં.

બીજે દિવસે ફાધર સેર્ગિયસે પોતાના અહંભાવ બદલ મઠાધિપતિની તેમ જ વૈરાગી બંધુઓની માફી માગી લીધી, પરંતુ આખી રાત પ્રાર્થનામાં ગાળ્યા પછી તેણે નિર્ધાર કરી લીધો હતો કે હવે આ મઠ છોડી દેવો છે. તેણે ગુરુને પત્ર લખીને જૂના મઠમાં પાછા ફરવા દેવાની વિનવણી કરી. તેણે લખ્યું કે હું નબળાઈ અનુભવું છું અને ગુરુની સહાય વગર લાલસાનો સામનો કરવાનું મને અશક્ય લાગે છે. તેણે પોતાના પાપમય અહંભાવનો એકરાર કર્યો. વળતી ટપાલમાં ગુરુનો જવાબ આવી ગયો. તેણે લખ્યું કે આ બધી પરેશાનીઓના મૂળમાં તારો અહંકાર છે. ગુરુએ સમજાવ્યું કે તેં દેવળમાં સંમાન તથા પ્રગતિને નકારી કાઢીને તારી જાતને નમ્ર બનાવી છે ખરી, પરંતુ એ બધું તેં ઈશ્વરને ખાતર નથી કર્યું, તારા પોતાના અહંકારને સંતોષવા ખાતર કર્યું છે, અને એટલે જ તારા મનમાં રોષનો ઉછાળો આવ્યો. તારી મંછા તારા મનમાં એવો સંતોષ અનુભવવાની છે કે તું બહુ સદ્‌ગુણી

છે, તારે પોતાને ખાતર કશું જ પામવાની કોશિશ તું નથી કરતો. એટલે જ તારાથી મઠાધિપતિનું વર્તન સહન ન થયું. તને લાગ્યું કે તેં બધું ઈશ્વરને ખાતર તજી દીધું છે અને હવે તારું કોઈ અજબ પ્રાણીની જેમ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

"તેં પ્રગતિને ઈશ્વરને ખાતર નકારી કાઢી હોત તો તેં આ બાબતને એમ જ ગુજરવા દીધી હોત. તારામાં દુન્યવી અહંકાર હજી કાયમ છે. મેં તારે અંગે ખૂબ વિચાર કર્યો છે. બેટા, તારી સારુ ઈશ્વરને પ્રાર્થના કરી છે, અને ઈશ્વરે મને તારી સારુ આવો માર્ગ સુઝાડયો છે: અગાઉ જેવું જ જીવન ચાલુ રાખ, અને તદ્દન તાબેદારીની સ્થિતિ અપનાવી લે. હું તારે અંગે એવા વિચારો કરી રહ્યો હતો એટલામાં મને સમાચાર મળ્યા કે સંત સંન્યાસી ઈલ્લારિઓનનો એકાંતવાસમાં દેહાંત થઈ ગયો છે. તેમણે અઢાર વરસ એકાંતવાસમાં જ ગાળ્યાં હતાં. તાંબિનોના મઠાધિપતિએ વિનંતિ કરી છે કે તેમનું સ્થાન લઈ શકે એવો કોઈ વૈરાગી બંધુ ત્યાં જઈને રહેવા તૈયાર હોય તો મારે તેમને જણાવવું. અને મારી સામે તારો પત્ર પડયો છે. તાંબિનો મઠમાં જઈને ફાધર પાઈસીને મળ. હું તેમને પત્ર લખીશ. ઈલ્લારિઓનની એકાંત કુટીરમાં તને રહેવા દેવાની વિનંતિ કર. તું ઈલ્લારિઓનનું સ્થાન તો ન જ લઈ શકે, પરંતુ તારા અહંકારનું દમન કરવા માટે તને એકાંતવાસની જરૂર છે. ઈશ્વર તારી ઉપર દયા કરે."

સેર્ગિયસે ગુરુની આજ્ઞાનું પાલન કર્યું. તેણે પત્ર મઠાધિપતિને બતાવીને તેની રજા લઈ લીધી, અને મઠમાંની પોતાની કોટડી તથા બધી વસ્તુઓ તજી દઈને તે તાંબિનો મઠ તરફ રવાના થઈ ગયો.

ત્યાંનો મઠાધિપતિ વેપારી વર્ગનો આદમી હતો અને ઉત્કૃષ્ટ પ્રબંધક હતો. તેણે સેર્ગિયસને શાંત ગૌરવમય આવકાર આપ્યો, અને તેને માટે ઈલ્લારિઓનની કુટીરમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. શરૂઆતમાં તેની ચાકરી માટે એક સામાન્ય વૈરાગી બંધુને તેની જોડે રાખવામાં આવ્યો, પરંતુ આગળ જતાં સેર્ગિયસે ઈચ્છા વ્યકત કરી ત્યારે તેને સંપૂર્ણ એકાંતવાસની છૂટ આપી. એકાંતવાસની જગ્યા એક ખડકમાં કોતરાઈ ગયેલી ગુફામાં હતી. ગુફામાં મોટી ઓરડીની પાછળ એક નાની ઓરડી હતી, અને ઈલ્લારિઓનને ત્યાં દફનાવવામાં આવ્યો હતો. મોટી ઓરડીમાં એક નાનકડું ટેબલ હતું, પુસ્તકો તથા મૂર્તિઓ રાખવાનો ઘોડો ગોઠવેલો હતો, અને એક તરફ ખૂણામાં પરાળનું ગાદલું પડયું હતું. ગુફાનું બારણું વાસી શકાય એવું હતું. બહાર એક કબાટ રાખેલું હતું. મઠમાંથી કોઈ વૈરાગી ત્યાં દરરોજ એક વાર ખોરાક મૂકી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી.

ફાધર સેર્ગિયસ એકાંતવાસી સંન્યાસી બની ગયો.

૪

સેર્ગિયસના એકાંતવાસના છઠ્ઠા વરસ દરમિયાન એક પર્વના પ્રસંગે નજીકના શહેરમાં દોલતમંદ નરનારીઓની એક મોજીલી ટોળી મીઠાઈ અને મદ્યની મઝા માણવા ભેગી થઈ. તેઓ ઘોડાગાડીઓ ભાડે લઈને સહેલ કરવા નીકળી પડયાં. તેમાં બે વકીલો હતા, એક જમીનદાર હતો, અને એક અફસર હતો. બાકીની ચાર સ્ત્રીઓ હતી: અફસરની

પત્ની, જમીનદારની પત્ની તથા કુંવારી સાળી, અને ચોથી ધનવાન તથા રૂપાળી બાઈ આમ તો પરણેલી પણ છૂટાછેડા લઈને નોખી થઈ ગયેલી હતી. તેની અજબ રીતો અને વિચિત્ર અટકચાળાં જાણીતાં હતાં અને આખા શહેરમાં તેને અંગે હેરતભરી વાતો ચાલ્યા જ કરતી.

સંધ્યા મનોહર હતી. સડક પાકી અને સપાટ હતી. લગભગ દસ કિલોમીટરનો પંથ કાપ્યા પછી તેઓ ગાડીઓ ઊભી રાખીને મસલત કરવા લાગ્યાં: આગળ કે પાછાં?

"આ સડક જાય છે ક્યાં?" માકોવકિનાએ તલાકવાળી સુંદરીને પૂછ્યું.

"તાંબિનો," તેનું દિલ જીતી લેવાની કોશિશ કરતા વકીલે જવાબ આપ્યો. "બીજા બાર કિલોમીટરના અંતરે."

"અને તાંબિનોથી આગળ?"

"લ... તરફ, મઠ વટાવ્યા પછી."

"ફાધર સેર્ગિયસ ત્યાં જ રહે છે, ખરું ને?"

"હા."

"કાસાત્સ્કી? રૂપાળો સંન્યાસી?"

"બરાબર."

"સન્નારીઓ! સજ્જનો! ચાલો, કાસાત્સ્કીને મળવા જઈએ. વિશ્રામ અને નાસ્તો તાંબિનોમાં."

"પણ આજે રાતે પાછાં શહેરમાં નહિ પહોંચાય."

"વાંધો નહિ. રાત કાસાત્સ્કી ભેગાં ગાળીશું."

"ભલે, મઠમાં વિશ્રામગૃહ જેવું કંઈક છે, ખરાબ નથી. માખિનના મુકદ્દમા વખતે હું ત્યાં રહેલો."

"મારે વિશ્રામગૃહ નહિ જોઈએ. હું તો રાત કાસાત્સ્કી ભેગી જ ગાળીશ."

"તમારી સર્વશક્તિમત્તા છતાં એ તો સાવ અશક્ય છે."

"અશક્ય? શરત લગાવવી છે?"

"ભલે. તમે એની જોડે રાત ગાળો તો મારી પાસે ગમે તે માગણી કરી શકો છો."

"મરજી પડે તે?"

"શરત છે, તમેય પાળવા તૈયાર હો તો."

"કબૂલ. ચાલો!"

તેમણે ગાડીવાનોને મદિરા આપી, અને પોતાને માટે પણ મદિરા તેમ જ પેસ્ટ્રી, મીઠાઈ, વગેરે કાઢ્યું. મહિલાઓએ સફેદ ફરના કોટ પહેરી લીધા. ગાડીવાનો થોડી વાર માંહોમાંહે દલીલો કરતા રહ્યા કે મોખરે કોણે રહેવું. પછી તેઓમાંથી એક જુવાન પોતાની બેઠકમાં જુસ્સાભરી અદાએ એક તરફ નમતો બેસી ગયો, અને તેણે લાંબો ચાબુક હવામાં વીંઝીને ઘોડાઓને પડકાર્યા. ગાડીઓ વહેતી થઈ ગઈ, ઘંટડીઓ રણકવા લાગી, અને પૈડાં વગરની ગાડીનાં લોખંડ જડેલાં પાટિયાં હિમ પર સરકતાં ચિત્કાર કરવા લાગ્યાં.

ગાડીઓ ડોલી અને ધ્રૂજી રહી હતી. મસ્ત ઘોડા વેગથી અને સરળતાથી દોડી રહ્યા હતા. તેઓની બાંધેલી પૂંછડીઓ પૂંઠના પટ્ટાની ઉપર ઊછળી રહી હતી. પાકી સપાટ સડક ઝડપથી પાછળ ને પાછળ, દૂર ને દૂર, સરકી રહી હતી. જોશીલો ગાડીવાન જાણે લગામ જોડે રમત કરી રહ્યો હતો. આગળની સીટમાં બેઠેલાં વકીલ અને અફસર માકોવકિના તથા તેની જોડીદારની ઉપર નકામી વાતોના ગપાટા વરસાવી રહ્યા હતા. પરંતુ માકોવકિના પોતાનો સફેદ કોટ કાયા ફરતે બરાબર લપેટીને ચુપચાપ બેઠી બેઠી પોતાના જ વિચારોમાં ડૂબી ગઈ હતી:

"હંમેશાં એનું એ જ—બધું કાયમ એકસરખું જ, અને હંમેશાં ધૃણાજનક. ચળકતા રાતા ચહેરા, દારૂ અને તમાકુની ગંધ. કાયમ એની એ જ વાતો, એના એ જ ખ્યાલો, અને તેની નીચે હંમેશાં એવો જ ગંદવાડ. અને સૌને પૂરો સંતોષ છે, પૂરી ખાતરી છે કે જીવવાની એકમાત્ર રીત આ જ છે. આ લોકો મરશે ત્યાં સુધી આવી જ જિંદગી ચાલુ રાખશે. પણ મારાથી નહિ રખાય. હું તો હવે કંટાળી ગઈ છું. મને તો આ બધું ઊંધુંચત્તું કરી નાખે, હચમચાવી નાખે, એવા કશાકની જરૂર છે. દાખલા તરીકે, પેલા સારાતોવના કે પછી ભલે ગમે તે નામ હોય એ જગ્યાના માણસો ક્યાંક જવા નીકળી પડેલા અને હિમમાં ઠરીને મરી ગયેલા, એવું જ કંઈક. આ લોકો શું કરે? કેવું વર્તન કરે? લાગે છે કે ધૃણાજનક જ. દરેક ફક્ત પોતાની જ ફિકર કરે. અને હું પણ... મારું વર્તન પણ એટલું જ ધૃણાજનક હોય. પણ મારી બાબતમાં એટલું તો છે કે હું રૂપાળી છું. અને આ લોકો એ જાણે છે. પેલો સંન્યાસી કેવો હશે? શું ખરેખર એની મઝા સાવ ભૂલી ગયો હશે? હોય નહિ, એમ બને જ નહિ! એ એક મઝા ખાતર તો પુરુષો ખરેખર ગાંડા હોય છે, ગઈ શરદમાં પેલા કેડેટની બાબતમાં એમ જ હતું. કેવો ગધેડો હતો!"

"ઈવાન નિકોલાયેવિચ," તે મોટેથી બોલી.

"સેવામાં હાજર."

"કેટલી ઉંમર હશે?"

"કોની?"

"કાસાત્સ્કીની."

"ચાળીસની ઉપર હશે, મારો એવો ખ્યાલ છે."

"સાંભળ્યું છે કે એ બધા મુલાકાતીઓને મળે છે."

"બધા મુલાકાતીઓને, પણ ગમે તે વખતે નહિ."

"મારા પગ ફરતે કામળો લપેટી દો. એમ નહિ. કેવા અણઘડ છો! હા, ત્યાં જ, વધારે સખત, વધારે સખત. બરાબર. અને મારા પગને એટલા જોરથી દબાવવાની જરાય જરૂર નથી."

આખરે તેઓ સેર્ગિયસની ગુફાવાળા વનમાં પહોંચ્યાં.

તે ગાડીમાંથી ઊતરી ગઈ અને તેણે બાકીનાં સૌને આગળ હંકારી જવાનું કહ્યું. એ લોકોએ તેને ઈરાદો પડતો મૂકી દેવા સમજાવી, પણ એથી તો તે ગુસ્સે થઈ ગઈ, અને તેણે ફરી વાર સૌને આગળ હંકારી જવાનું કહ્યું. એ લોકો રવાના થઈ ગયા. સફેદ ફરના કોટને કાયા ફરતો સરખી રીતે લપેટી દઈને તે એકલી કેડીએ ચાલવા લાગી. વકીલ ગાડીમાંથી ઊતરીને તેની ઉપર નજર રાખવા રોકાઈ ગયો.

૫

ફાધર સેર્ગિયસના એકાંતવાસનું છઠ્ઠું વરસ ચાલતું હતું. તેની ઉંમર ઓગણપચાસની થઈ ગઈ હતી. જિંદગી કપરી હતી, પણ ઉપવાસ તથા પ્રાર્થના વગેરેની કડક શિસ્તને લીધે નહિ. એ બધું કંઈ મુશ્કેલ નહોતું. જિંદગી તો તેણે કદી ન કલ્પેલા એવા આંતરિક સંઘર્ષને લીધે કપરી બની ગઈ હતી. સંઘર્ષનાં કારણો બે હતાં: શંકા અને કામવાસના. અને બેઉ હંમેશાં ભેગાં જ રહેતાં. તે બન્નેને અલગ અલગ શત્રુઓ ગણતો, પરંતુ હકીકતમાં બેઉ એકરૂપ જ હતાં. તે શંકાને જીતી લેતો કે તરત જ કામવાસના પણ લય પામી

જતી. પરંતુ તે બન્નેને અલગ અલગ દાનવો ગણીને તેઓની સામે અલગ અલગ લડાઈ લડતો હતો.

"ઓહ! હે ઈશ્વર, હે પરમાત્મા," તેના મનમાં વિચારો ઊઠતા, "મને શ્રદ્ધાનું બળ કેમ નથી આપતો? કામવાસનાની વાત તો મને સમજાય છે. એની સતામણી તો સેંટ એન્થનીને અને બીજાઓને પણ સહેવી પડેલી, પરંતુ શ્રદ્ધા તો હતી. એ સૌને શ્રદ્ધા હતી પણ મારી જિંદગીમાં એવી પળો, કલાકો, અને દિવસો આવે છે કે જ્યારે શ્રદ્ધાનું નામનિશાન નથી હોતું. આટલું સુંદર જગત જો પાપમય હોય અને તજી દેવાનું જ હોય તો તેનું અસ્તિત્વ જ શા માટે છે? તેં આવું પ્રલોભન શા સારુ પેદા કર્યું છે? આ જગતની ખુશીઓને તજી દેવાની અને જ્યાં કદાચ કશું જ ન હોય ત્યાં મારું સ્થાન તૈયાર કરવાની પ્રેરણા આપનાર શું પ્રલોભન જ નથી?"

પરંતુ એવો વિચાર તેના મનમાં આવી રહ્યો હતો ત્યારે જ તે એવા ખ્યાલથી ત્રાસ પામીને કંપી ઊઠયો અને તેને આત્મજુગુપ્સાની તીવ્ર લાગણી થઈ.

"પશુ! પશુ!" તે પોતાની જ ઉપર તુચ્છકાર વરસાવવા લાગ્યો. "અને હું મારી જાતને સંત ગણાવું છું!"

તેણે પ્રાર્થનાનો આશરો લીધો. પરંતુ પ્રાર્થના શરૂ કરતાં જ તેની નજર સામે મઠજીવન દરમિયાનનું તેનું ચિત્ર ઝગમગી ઊઠયું, સુંદર વસ્ત્રોમાં શોભતી ભવ્ય આકૃતિ તેના માનસપટમાં તરવરી ઊઠી. તેણે વિચારમાં પડી જઈને માથું ધુણાવ્યું: "ના, આ ખરું ચિત્ર નથી, ખોટું છે, જૂઠું છે. એથી હું બીજા લોકોને ભોળવી શકું ખરો, પરંતુ મારી જાતને કદી ન ભોળવી શકું, ઈશ્વરને કદી ન ભોળવી શકું. હું ભવ્ય નથી, હું તો હાસ્યાસ્પદ છું, દયાજનક છું." તેણે ઝભ્ભો

ઊંચો કરીને પોતાના ચડ્ડીવાળા દયાજનક પગ ઉપર નજર કરી અને મોં મલકાવ્યું.

પછી તે ઝભ્ભો સરખો કરીને પ્રાર્થના કરવા લાગ્યો, ક્રોસના સંકેત કરવા લાગ્યો, ખૂબ નીચે લળી લળીને નમન કરવા લાગ્યો. પ્રાર્થનામાં જ્યારે એવા શબ્દો આવ્યા કે "આ બિછાનું જ શું મારું કફન બની જશે?" ત્યારે જાણે કોઈ દાનવ તેના કાનમાં કહેવા લાગ્યો: "એકલતાનું બિછાનું તો કફન જ હોય છે. જૂઠાણાં! જૂઠાણાં!" જે વિધવાની જોડે તેણે પાપમય સંબંધ ભોગવ્યો હતો તેના ખભાની યાદ સેર્ગિયસના મનમાં તાજી થઈ ગઈ. તેણે એવા ખ્યાલોને ખંખેરી નાખીને મન ફરી પ્રાર્થનામાં પરોવ્યું. નિયમોનો પાઠ કરી લીધા પછી તેણે બાઈબલ હાથમાં લઈને તેને ફાવે ત્યાં ખૂલી જવા દીધું. બાઈબલ જ્યાં ખૂલ્યું એ ફકરો તેને મોઢે હતો કારણ કે તેણે ફરી ફરીને અનેક વાર તેને વાંચ્યો હતો: "હે ઈશ્વર, મને શ્રદ્ધા છે, મારી અશ્રદ્ધામાંથી મને ઉગારી લે!" તેના મનમાં ઊઠતી બધી શંકાઓને તેણે પાછળ હડસેલી દીધી. જેવી રીતે અસ્થિર સમતુલાવાળી કાયાને જેમતેમ કરીને સીધી ખડી રાખવામાં આવે, એવી જ રીતે પોતાની શ્રદ્ધાને ડગમગતા પાયા ઉપર ટેકવી દઈને તે સાવચેતીથી પાછળ હઠી ગયો, જાણે કેમ તેને બીક લાગતી હોય કે પોતે ક્યાંક શ્રદ્ધાને ધક્કો મારી દેશે તો તે ભાંગી પડશે. તેણે બાળપણની પ્રાર્થના કરી: "હે ઈશ્વર, મને અપનાવી લે, અપનાવી લે!" એથી તેને રાહત લાગવા ઉપરાંત તેના હૈયામાં ખુશીના ભાવ છલકાઈ ગયા. તે ક્રોસનો સંકેત કરીને સાંકડા બાંકડા ઉપર બિછાવેલા પરાળના પાતળા ગાદલાની પથારીમાં લાંબો થયો. તેના માથા નીચે પાતળા ઉનાળુ

ઝભ્ભાનો તકિયો હતો. તેને નીંદર આવી ગઈ. આછી નીંદરમાં તેને જાણે ઘોડાગાડીની ઘંટડીનો રણકાર સંભળાયો હોય એમ લાગ્યું, પરંતુ તેને ખ્યાલ નહોતો કે એ રણકાર વાસ્તવિક છે યા સ્વપ્નનો છે. પછી બારણું ખખડ્યું એટલે તે પૂરેપૂરો જાગી ગયો. તે પથારીમાં બેઠો થઈ ગયો. તેને પોતાના કાન ઉપર વિશ્વાસ ન આવ્યો. પરંતુ બારણું ફરી વાર ખખડ્યું. તેને ખાતરી થઈ કે પોતાનું જ બારણું ખખડી રહ્યું છે. પછી તેને કોઈ સ્ત્રીનો સાદ સંભળાયો.

હે ભગવાન! સંતોની જીવનકથાઓમાં વાંચેલી વાતો શું ખરી હશે? શયતાન ઓરતનું રૂપ ધારણ કરીને શું ખરેખર ક્યારેક આવતો હશે? હા, અવાજ તો સ્ત્રીનો જ છે. કેવો કોમળ, કેવો લજ્જાળુ, કેવો મીઠો છે! હત!

તે થૂંક્યો.

પણ ના, મનનો તરંગ હશે.

તે ખૂણામાં પડેલા નાનકડા મેજ પાસે ગયો અને નિત્યના સરળ વેગે ગોઠણભેર બેસી ગયો. એમ બેસી જવામાં, કાયાના એવા હલનચલનમાં, તે સુખ અને આનંદ અનુભવવા લાગ્યો હતો. તે નીચે નમ્યો. તેના વાળ તેના મોં પર ફેલાઈ ગયા. ટાલ વધવાથી મોટું થઈ રહેલું કપાળ તેણે માથું છેક નીચે નમાવી દઈને ભેજવાળી ટાઢી સાદડીને અડાડ્યું. (ભોંયપટમાં ભેજ હતો.)

તે પ્રાર્થનાની જે કડીનો પાઠ કરી રહ્યો હતો તેમાંથી, વૃદ્ધ ફાધર પીમેનના કહેવા મુજબ, મનના વળગાડને પરાજિત કરવામાં મદદ મળતી. તે ઊભો થઈ ગયો. તેના જોરાવર પગે તેની હળવી કૃશ કાયાને સહેલાઈથી ઊંચી કરી દીધી. તે ફરી વાર પ્રાર્થનાની કડી દોહરાવવા જતો હતો, પરંતુ

તેને બદલે અનાયાસે જ તેના કાન અવાજ સાંભળવા સરવા થઈ ગયા. તદ્દન નીરવતા છવાયેલી હતી. છાપરા ઉપર ઓગળતા હિમનાં ટીપાં નીચે ગોઠવેલા વાસણમાં પડવાથી એકધારા થતા ટપટપ અવાજ સિવાય બીજું કશું જ સંભળાતું નહોતું. બહારની દુનિયા ભેજવાળા ઠંડા ધુમ્મસમાં લપેટાયેલી હતી. નીરવતા છવાયેલી હતી, તદ્દન નીરવતા છવાયેલી હતી. પછી એકાએક બારી પાસે ખખડાટ થયો અને સાફ અવાજ કાને પડ્યો, એ જ કોમળ અને લજ્જાળુ અવાજ કાને પડ્યો, કેવળ કોઈ રૂપાળી રમણીનો જ હોઈ શકે એવો અવાજ કાને પડ્યો.

"મને અંદર આવવા દો, ઈસુને ખાતર..."

તેના હૈયામાં જાણે રક્તનો ધસારો થયો અને પછી વહેણ ત્યાં જ થંભી ગયું. તેનો શ્વાસ અદ્ધર ચડી ગયો.

"હે ઈશ્વર, તું ફરી પ્રત્યક્ષ થઈ જા, અને તારા દુશ્મનો જેર થઈ જાય..."

"પણ હું શયતાન નથી..." અવાજ સાંભળતાં તેને લાગ્યું કે હોઠ મલકી રહ્યા હશે. "હું શયતાન નથી. હું તો પાપી ઓરત છું અને ભૂલી પડી ગઈ છું. બીજા અર્થમાં નહિ પણ હકીકતમાં ભૂલી પડી ગઈ છું," ઓરત હસી પડી. "અને હું ટાઢમાં ઠરી ગઈ છું. આજીજી કરું છું કે મને આશરો આપો."

તેણે ચહેરો બારીના કાચ ઉપર દબાવ્યો. પરંતુ તેને મૂર્તિના દીપકનું પ્રતિબિંબ જ કાચમાં નજરે પડ્યું. પછી તેણે આંખોની ઉપર હથેલીઓ ગોઠવીને ફરી નજર માંડી. ધુમ્મસિયો અંધકાર. એક વૃક્ષ. અને—જરાક જમણે. ત્યાં. એક સ્ત્રી. ઓથરિયા સફેદ ફરનો કોટ અને માથે ટોપી. અને મનોહર મોહક મુખડું,

માયાળુ, ભયભીત—પોતાની તરફ લંબાયેલું, માત્ર એક કે બે તસુ જેટલું જ દૂર. નજરો મળી અને જાણે બેઉએ એકબીજાને ઓળખી લીધાં. તેઓ અગાઉ ક્યારેય એકબીજાને મળ્યાં હોય એમ નહોતું, ના, નહોતાં જ મળ્યાં. પરંતુ એક જ નજરની આપલેથી તેમને લાગ્યું, ખાસ કરીને સેર્ગિયસને લાગ્યું, કે તેઓ એકબીજાને ઓળખે છે, એકબીજાને સમજે છે. એ નજર પછી શયતાનનો ખ્યાલ શક્ય જ નહોતો. આ તો ઓરત હતી— સાદી, માયાળુ, મધુરી, લજ્જાળુ.

"કોણ છો? કેમ આવ્યાં છો?" તેણે પૂછ્યું.

"અરે, ખોલો ને!" તેણે જવાબમાં કહ્યું. તેના અવાજમાં તરંગની અને ફરમાનની છાયા હતી. "ઠરી ગઈ છું. કહ્યું તો ખરું, ભૂલી પડી ગઈ છું."

"પણ હું તો વૈરાગી છું, સંન્યાસી છું."

"ભલે, તોયે ખોલો. તમે ધાર્યું છે શું! હું અહીંયાં તમારી બારીની બહાર ઠરીને મરી જાઉં અને તમે પ્રાર્થના કરતા રહેશો?"

"પણ..."

"તમને ખાઈ નહિ જાઉં. અંદર આવવા દો. ઈશ્વરને ખાતર. એટલી ટાઢ છે કે બસ!"

હવે જાણે તે ભયભીત બની ગઈ. તેનો અવાજ લગભગ રડમસ થઈ ગયો.

તે બારીએથી ખસી ગયો અને ઈસુની મૂર્તિ ઉપર, કાંટાળા તાજ ઉપર, નજર ઠેરવીને ઊભો રહ્યો. "હે ઈશ્વર, મદદ કર, મદદ કર," તે ક્રૉસનો સંકેત કરતો અને માથું નમાવતો ગણગણવા લાગ્યો. પછી તે બારણા પાસે ગયો અને અંધારામાં ફંફોળતો આંકડી ગોતવા લાગ્યો. તેને બહારથી પગરવ

સંભળાયો. ઓરત બારી પાસેથી બારણા તરફ આવી રહી હતી. "ઓફ!" અચાનક તે ચીસ પાડી ઊઠી. તેનો પગ ઉંબરા પાસે ખાબોચિયામાં પડી ગયો હશે. સેર્ગિયસના હાથ કંપી રહ્યા હતા. આંકડી સખત હતી, તેનાથી ખૂલતી નહોતી.

"ખોલી નાખો, જલદી! મને બહાર કેમ ઊભી રાખી છે? ભીંજાઈને તરબોળ થઈ ગઈ છું અને ટાઢમાં ઠરી ગઈ છું. ટાઢમાં મારો જીવ નીકળી રહ્યો છે, અને તમને તમારા આત્મા સિવાય બીજો કશો ખ્યાલ નથી આવતો."

તેણે બારણું ખેંચ્યું. આંકડી ઢીલી થઈ એટલે તેણે ખોલી નાખી. પછી તેણે બારણું જોરથી હડસેલીને ઉઘાડી નાખ્યું, પણ ધક્કો ધાર્યા કરતાં વધારે જોરથી લાગી ગયો અને બારણું ખૂલી જઈને ઓરતને વાગ્યું.

"ઓહ, માફ કરજો," તે એકાએક ફરી પાછો પુરાણા શિષ્ટાચારની ટેવમાં સરી પડીને બોલી ઊઠ્યો.

"માફ" શબ્દ સાંભળતાં ઓરતના હોઠ મલકી ગયા. ના, બહુ દુર્જય તો નથી લાગતો.

"કંઈ નહિ, કંઈ નહિ, માફી તો મારે જ માગવી જોઈએ," તે બારણામાં દાખલ થતી બોલી. "મેં આવી હિંમત કદી ન કરી હોત, પણ હાલત એવી ખોફનાક હતી કે બસ!"

"આવો," તેણે ખસી જઈને માર્ગ કરી આપ્યો.

લાંબા વખતથી ભુલાઈ ગયેલી અત્તરાની મધુર સુગંધ તેના નાકમાં ભરાઈ ગઈ. ઓરત ઉંબરા પાસેથી આગળ વધીને ખંડમાં દાખલ થઈ. સેર્ગિયસે બારણું વાસી દીધું પણ આંકડી ન ભરાવી. પછી તે ખંડમાં ગયો.

"હે ઈસુ ખ્રિસ્ત, ઈશ્વરના પુત્ર, મારી ઉપર દયા કર, મુજ પાપીની ઉપર દયા કર, હે ઈશ્વર, મારી ઉપર દયા

કર, મુજ પાપીની ઉપર દયા કર," તે મનમાં પ્રાર્થના દોહરાવતો રહ્યો અને તેના હોઠ પણ અનાયાસે હલવા લાગ્યા.

"આરામથી બેસો," તેણે કહ્યું.

ઓરત ઓરડીની વચ્ચોવચ્ચ ઊભી હતી. તેના કપડાંમાંથી પાણી ટપકી રહ્યું હતું. તે કુતૂહલભરી નજરે સંન્યાસીને નીરખી રહી હતી અને તેની આંખો જાણે હસી રહી હતી.

"તમારા એકાંતવાસમાં ભંગ પાડવા બદલ માફ કરજો. પણ તમે જુઓ છો કે હું કેવી વિપદામાં સપડાઈ ગઈ છું. અમે ઘોડાગાડીમાં સહેલ કરવા નીકળેલાં. પણ પછી મેં શરત લગાવી કે હું એકલી પાછી શહેરમાં પહોંચી શકું, છેક વોરોબ્યોવકાથી. આ એનું જ પરિણામ છે. હું ભૂલી પડી ગઈ, અને તમારી કુટીર નજરે ન પડી હોત તો..."

તે બોલતી અટકી ગઈ. પરંતુ સંન્યાસીના ચહેરા ઉપર ભારે બેચેની છવાયેલી જોઈને તે જૂઠાણું આગળ ન ચલાવી શકી. તેણે તો સાવ જુદી જ અપેક્ષા રાખેલી. સેર્ગિયસ તેણે ધારેલો એટલો રૂપાળો નહોતો, પરંતુ તોયે તેને બહુ દેખાવડો લાગ્યો—તેના માથાના તથા દાઢીના વાંકડિયા વાળમાં ધોળી લટો દેખાવા લાગી હતી, તેનું સીધું નાક જાણે સરસ કંડારેલું હોય એવું લાગતું હતું, અને તેની ઘેરી આંખો સીધી નજર માંડતી વેળા જાણે સળગતા અંગારા જેવી લાગતી હતી.

તે સમજી ગયો કે ઓરત જૂઠું બોલી રહી છે.

"હં... સમજ્યો," તે બોલ્યો. તેણે ઓરતની સામે જોયું અને પછી નજર વળી નીચે ઢાળી દીધી. "તમે આરામ કરો, હું બાજુની ઓરડીમાં જાઉં છું."

તેણે બત્તી નીચે ઉતારીને તેમાંથી મીણબત્તી સળગાવી, અને પછી ઓરતની સામે માથું નમાવીને તે પાછળની નાનકડી

ઓરડીમાં ચાલ્યો ગયો. થોડી વારમાં ત્યાંથી કશુંક ભારે ખસેડાતું હોય એવો અવાજ સાંભળાયો.

"બારણા આડું કંઈક ગોઠવતો હોય એમ લાગે છે," ઓરતને થયું, અને તેના હોઠ મલકી ગયા.

તેણે ઝીંથરિયો કોટ કાઢી નાખ્યો, વાળમાં ભરાઈ ગયેલી ટોપી તથા ગૂંથણની શાલ ઉતારી નાખ્યાં. બારીએથી વાત કરતી વેળા તેને જરાય ટાઢ નહોતી વાતી. તેણે તો માત્ર બારણું ખોલાવવા ખાતર જ એવી ફરિયાદ કરેલી. પરંતુ બારણા તરફ આવતી વેળા તેનો ડાબો પગ ખાબોચિયામાં પડવાથી ઘૂંટી સુધી ભીંજાઈ ગયો હતો, અને તેના બૂટમાં તેમ જ ઉપર પહેરેલા મોટા હિમબૂટમાં પાણી ભરાઈ ગયું હતું. તે સાંકડા બાંકડાની પરાળના પાતળા ગાદલાની પથારી ઉપર બેસીને બૂટ કાઢવા લાગી. તેને ઓરડી મઝાની લાગી. લગભગ સાત ફૂટ પહોળી અને દસ ફૂટ લાંબી સાંકડી નાનકડી ઓરડી તદ્દન સ્વચ્છ હતી. પથારીનો બાંકડો, પુસ્તકોનો ઘોડો, અને ખૂણામાં નાનકડા મેજ સિવાય બીજું કશું રાચરચીલું નહોતું. બારણા નજીક દીવાલમાં ખોડેલી ખીલીઓ પર એક ઝભ્ભો અને ફરના અસ્તરવાળો કોટ લટકી રહ્યા હતા. મેજથી જરાક ઊંચે ઈસુની કાંટાળા તાજવાળી મૂર્તિ ગોઠવેલી હતી અને તેની સામે દીપક જલી રહ્યો હતો. દીપકના તેલની, પરસેવાની, અને ધરતીની અજબ વાસ ઓરડીમાં ફેલાયેલી હતી. તેને એ બધું સુખકર લાગ્યું, વાસ પણ ગમી.

તેના પગ ભીંજાઈ ગયા હોવાથી, ખાસ તો ડાબો પગ બહુ ભીંજાઈ ગયો હોવાથી, તેને અગવડ જેવું લાગતું હતું, એટલે તે ઉતાવળમાં પગ છૂટા કરવા લાગી. પરંતુ બધો

વખત તેના હોઠ ખુશીથી મલકી રહ્યા હતા. તેને ખબર હતી કે પોતે આ મોહક, વિલક્ષણ, અજબ, અને દેખાવડા આદમીને બેચેન બનાવી દીધો છે. અને તેને વધારે ખુશી એ વાતની જ હતી, શરત જીતી લેવાની નહિ. ખરું કે આદમીએ કશો પ્રતિભાવ નહોતો બતાવ્યો, પરંતુ એથી શું થયું?

"ફાધર સેર્ગિયસ! ફાધર સેર્ગિયસ! તમારું નામ ફાધર સેર્ગિયસ છે ને?"

"શું કામ છે?" ધીમા અવાજમાં જવાબ મળ્યો.

"તમારા એકાંતવાસમાં ભંગ પાડવા બદલ માફ કરજો. પણ બીજો કશો ઉપાય જ નહોતો, ખરેખર નહોતો. હું માંદી પડી જાત. હજીયે કદાચ પડી જાઉં. હું ભીંજાઈને તરબોળ થઈ ગઈ છું, અને મારા પગ તો જાણે બરફ થઈ ગયા છે."

"મને અફસોસ છે," ધીમો અવાજ સંભળાયો, "પણ મારાથી કશું જ થાય એમ નથી."

"બીજો કોઈ ઉપાય હોત તો મેં તમને હેરાન કરવાની હિંમત જ ન કરી હોત. અજવાળું થતાં જ ચાલી જઈશ."

કંઈ જવાબ ન મળ્યો. ફફડતા હોઠનો અવાજ કાને પડયો. પ્રાર્થના કરતો હશે, તેને થયું.

"તમે અહીંયાં નહિ આવો ને? કે આવશો?" તેણે હોઠ મલકાવતાં સવાલ કર્યો. "મારે કપડાં કાઢવાં પડશે, સુકવવા સારુ."

કશો જવાબ ન મળ્યો. માત્ર પ્રાર્થનાના ગણગણાટનો એકધારો અવાજ સંભળાતો હતો.

"ખરો ઇન્સાન છે," પાણી ભરેલો મોટો બૂટ ખેંચતી તે મનમાં વિચારવા લાગી.

બૂટને વારંવાર ખેંચવા છતાં તે કોઈ રીતે નીકળ્યો જ નહિ. એથી તેને રમૂજ થઈ અને તે માંડ સંભળાય એમ હળવેથી હસી પડી. પરંતુ તેને ખબર હતી કે પોતાનું હાસ્ય અંદર સંભળાયું જ હશે, અને બરાબર પોતાની ધારણા મુજબની જ અસર એ હાસ્યથી સેર્ગિયસની ઉપર પડી હશે. એટલે તે ફરી વાર વધારે જોરથી હસી. અને તેના આનંદી, સહજ, તથા માયાળુ હાસ્યની અસર સેર્ગિયસની ઉપર પડી, બરાબર ધારણા મુજબ જ પડી.

"હા," તેને થયું, "આવા આદમીને જરૂર પ્રેમ કરી શકાય. કેવી આંખો! અને મુખડું—સાદું, ઉમદા, અને ભાવ છલકાવતું, ગમે તેવી પ્રાર્થનાઓ ગણગણતો હોય તોયે ભાવ છલકાવતું. ઓરત ભોળવાય નહિ. અરે, એણે ચહેરો બારીના કાચ ઉપર દબાવેલો, અને એની નજર મારી ઉપર પડેલી, ત્યારે એને તરત જ ખબર પડી ગયેલી. એને સમજાઈ ગયેલું. એની આંખોના ઊંડાણમાં ઝબકારો થયેલો અને નિશાની અંકિત થઈ ગયેલી. એને મારી પ્રત્યે પ્રેમ થયેલો, અને કામવાસના જાગી ઊઠેલી. હા, કામવાસના."

તેના બૂટ અને ઉપરના મોટા બૂટ આખરે નીકળી ગયા. તે મોજાં ઉતારવા લાગી. ગાર્ટર વડે કસેલાં લાંબાં મોજાં ઉતારવા તેને સ્કર્ટ ઊંચું કરવું પડે એમ હતું. તેને શરમ આવી. તેણે સાદ પાડીને કહ્યું:

"હમણાં અહીંયાં આવતા નહિ."

પરંતુ બીજી ઓરડીમાંથી કશો જવાબ ન આવ્યો. એકધારો ગણગણાટ ચાલુ હતો, અને હલનચલનનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

"પ્રાર્થનામાં સાષ્ટાંગ વંદન કરતો લાગે છે," તેને થયું. "પણ એથી એને ઝાઝો ફાયદો નહિ થાય. મારા જ વિચારોમાં અટવાઈ ગયો હશે, હું એના વિચારો કરું છું એવી જ રીતે. અને એવી જ લાગણીથી મારા આ પગના ખ્યાલોમાં ડૂબી ગયો હશે." ભીનાં મોજાં ઉતારી નાખીને તેણે ઉઘાડા પગ પરાળની સાદડી ઉપર પછાડ્યા, અને પછી ગરમાવો મેળવવા પગને અંદર સંકોરીને બેસી ગઈ. તે થોડી વાર ગોઠણને પંપાળતી અને દીવાલને તાકતી એમ જ બેઠી રહી. તેના મનમાં વિચારો ચાલુ જ હતા: "અરે, અહીંયાં તો સાવ વેરાન વન છે. કેવી નીરવતા! કોઈને કદી ખબર જ નહિ પડે."

તે ઊભી થઈ ગઈ. તેણે સગડી પાસે જઈને મોજાં સગડીના પતરાના ઢાંકણથી જરાક ઊંચે ટાંગી દીધાં. ઢાંકણ વિચિત્ર હતું. તેણે એવું ઢાંકણ અગાઉ ક્યારેય નહોતું જોયું. તે થોડી વાર ઢાંકણની ઉપર આંગળીઓ ફેરવતી રહી, અને પછી ઉઘાડા પગે સાદડી ઉપર હળવા ડગલાં ભરતી ઓરડીને બીજે છેડે જઈને બાંકડા ઉપર બેસી ગઈ. તેણે રિબનમાં બાંધીને કંઠે લટકાવેલી ટચૂકડી ઘડિયાળ ઉપર નજર નાખી. બે વાગ્યા હતા. ઘોડાગાડીઓ ત્રણ વાગ્યે પાછી ફરવાની હતી. માત્ર એક જ કલાક બાકી હતો.

"આખો કલાક શું એકલી જ પડી રહું? બેહુદી વાત છે. ના, એકલી નહિ રહું. હમણાં જ એને બોલાવું."

"ફાધર સેર્ગિયસ! ફાધર સેર્ગિયસ! સેર્ગેઇ દ્મીત્રિયેવિચ! પ્રિન્સ કાસાત્સ્કી!"

બીજી ઓરડીમાંથી કશો જ સંચાર ન સંભળાયો.

"આટલા નિર્દય કેમ થાઓ છો? સખત જરૂર ન હોત તો હું તમને કદી ન બોલાવત, કદી નહિ. મારી તબિયત ખરાબ છે. ખબર જ નથી પડતી કે મને શું થઈ ગયું છે," તે દર્દનાક અવાજે બોલી. "ઓહ! ઓહ!" તે બાંકડા ઉપર પછડાઈ પડી. અને અજબ લાગે એવી વાત છે, પરંતુ તેને ખરેખર લાગ્યું કે પોતે માંદી છે, સખત માંદી છે. તેની આખી કાયામાં પીડા થઈ રહી હતી અને તે જાણે તાવ ચડ્યો હોય એમ ધ્રૂજી રહી હતી.

"સાંભળો, મદદ કરો! સમજાતું જ નથી કે મને શું થઈ ગયું છે. ઓહ! ઓહ!"

તેણે ડ્રેસનાં બટન ખોલીને છાતી ઉઘાડી કરી નાખી, અને કોણી સુધી ઉઘાડા હાથ લાંબા કર્યા.

"ઓહ! ઓહ!"

સેર્ગિયસ બધો વખત બીજી ઓરડીમાં ઊભો ઊભો પ્રાર્થના કરી રહ્યો હતો. સઘળી સાયંપ્રાર્થનાઓનો પાઠ કરી લીધા પછી તે નાકના ટેરવા ઉપર નજર ઠેરવીને નિશ્ચલ ઊભો ઊભો મનમાં ફરી ફરીને બોલી રહ્યો હતો: "હે ઈશ્વર! હે ઈસુ ખ્રિસ્ત! ઈશ્વરના પુત્ર! મારી ઉપર દયા કર."

પરંતુ તેણે બધું સાંભળ્યું હતું—ડ્રેસ ઊંચો થયો ત્યારે રેશમનો સરસર અવાજ, સાદડી ઉપર ઉઘાડા પગે ભરાતાં ડગલાંનો પગરવ, ભીના પગ ઉપર ઘસાતા હાથનો અવાજ—બધું જ સાંભળ્યું હતું. તેને પોતાની કમજોરીનો ખ્યાલ આવી ગયો હતો, તેને ભાન હતું કે પોતે ગમે તે ઘડીએ પતનમાં સરી પડે એમ છે, એટલે તે અણથંભ પ્રાર્થના કરી રહ્યો હતો. પરીકથાના નાયકને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે નજર સીધી ઠેરવીને આગળ વધવાનું હોય, નજર એક પળ પણ પાછળ ન જ નાખવાની હોય, ત્યારે તેને જેવી લાગણી

તેને ખ્યાલ આવી ગયો, સમજાઈ ગયું, કે નરકવાસનું જોખમ તેના માથા ઉપર તોળાઈ રહ્યું છે તથા ચોતરફથી ધૂરકી રહ્યું છે, અને છટકવાનો એકમાત્ર ઉપાય નજરને એ જોખમ થાય એવી લાગણી સેર્ગિયસને થઈ. એ નાયકની જેમ જ ઉપર પડતી ગમે તે રીતે અટકાવવાનો છે. બરાબર એ જ ઘડીએ સાદ સંભળાયો:

"સાંભળો, આ તો અમાનુષી વર્તન છે. હું કદાચ આમ ને આમ મરી પણ જાઉં."

"હા, હું જઈશ એની પાસે, પણ પેલા પવિત્ર સંતની જેમ. તેણે એક હાથ કુલટાની ઉપર મૂકીને બીજો હાથ સળગતી સગડીમાં ધુસાડી દીધો હતો. હું પણ એમ જ કરીશ. પરંતુ સળગતી સગડી તો નથી." તેણે ઓરડીમાં નજર ફેરવી. બત્તી. તેણે આંગળી જ્યાતિની ઉપર ધરી રાખી, અને પીડા સહી લેવાનો નિર્ધાર કરી લીધો. કેટલીય વાર સુધી તેને જાણે કશું લાગ્યું જ નહિ, પણ પછી અચાનક—તેને ખબર જ નહોતી કે પીડા થાય છે કે નહિ, અને થતી હોય તો કેવીક સખત થાય છે—તેણે ઘૃણાના ભાવે મોઢું બગાડ્યું અને આંચકો મારીને હાથ ખેંચી લીધો: "ના, આમ તો હું ન જ કરી શકું."

"ઈશ્વરને ખાતર! આવીને મદદ કરો! મારો જીવ નીકળી જાય છે! ઓહ!"

તો શું પતન વહોરી જ લેવું? ના, નથી વહોરવું.

"હમણાં આવું છું," તેણે પોતાની ઓરડીનું બારણું ઉઘાડતાં કહ્યું. ઓરતની ઉપર નજર પણ નાખ્યા વગર તે બીજી ઓરડીને પાર કરતો બહારના બારણા પાસે પહોંચી ગયો. તે બળતણનાં લાકડાં હંમેશાં ત્યાં ફાડતો. અંધારામાં ફંફોળીને

તેણે ડીમચું અને દીવાલને ટેકે ખડી રાખેલી કુહાડી ગોતી કાઢ્યાં.

"હમણાં આવું છું," તે ફરી વાર બોલ્યો. તેણે જમણા હાથમાં કુહાડી પકડીને ડાબા હાથની પહેલી આંગળી ડીમચા ઉપર ગોઠવી. પછી તેણે કુહાડી ફંગોળીને સડસડાટ આંગળીની ઉપર બીજા સાંધા નજીક ઝીંકી દીધી. આંગળી એટલી જ જાડાઈના લાકડા કરતાં વધારે સહેલાઈથી કપાઈ ગઈ. કપાઈ ગયેલી આંગળી હવામાં ઊડી, અને પહેલાં ડીમચા જોડે અથડાઈને ઊછળતી ભોંયપટ ઉપર જઈ પડી.

આંગળી ભોંયપટ ઉપર પડવાનો અવાજ તેણે સાંભળ્યો. તેને હજી જરાય પીડા નહોતી થઈ. પરંતુ પીડા ન થવા અંગે તેના મનમાં અચરજ હજુ ઊગી જ રહ્યું હતું એટલામાં તો પીડા આવી પહોંચી, આકરી ને દાહક. તેને બીજી આંગળીઓની ઉપર ગરમ લોહી વહેતું હોય એમ લાગ્યું. લોહી નીગળતી બુઠ્ઠી આંગળી તેણે એકદમ ઝભ્ભાના સળમાં લપેટી લીધી અને પડખે દબાવી દીધી. પછી તે ઓરડીમાં જઈને ઓરતની સામે ઊભો રહી ગયો, અને તેણે નજર નીચી ઢાળીને શાંત અવાજે સવાલ કર્યો:

"બોલો, શી કામના છે?"

તેના નિસ્તેજ ચહેરા તથા ફરકતા ડાબા ગાલ ઉપર નજર પડતાં જ ઓરત એકદમ લાજી ગઈ. તે સફાળી ઊભી થઈ ગઈ, અને તેણે પોતાનો કોટ લઈને કાયા ફરતે લપેટી લીધો.

"હા, મને પીડા થતી હતી, શરદી થઈ ગઈ છે... હું... ફાધર સેર્ગિયસ... હું..."

ફાધર સેર્ગિયસે નજર ઊંચી કરી. તેની આંખોમાં હર્ષની સૌમ્ય આભા ઝળકી રહી હતી. તેણે કહ્યું:

"તમારા અમર આત્માને તમે પતનની ગર્તામાં શા સારુ ધકેલી દેવા માગતાં હતાં? આ જગતમાં પ્રલોભનો તો આવે જ, પરંતુ પ્રલોભન જેની મારફત આવે તે તો દોજખમાં જ જાય... ઈશ્વરને પ્રાર્થના કરો કે આપણને ક્ષમા કરે."

તે બોલતો હતો અને ઓરત ઊભી ઊભી સાંભળી રહી હતી. એકાએક તેને કશુંક ટપકવાનો અવાજ સંભળાયો. તેણે નીચે નજર કરી તો સંન્યાસીના ઝભ્ભાના સળમાં લપેટાયેલા હાથમાંથી લોહી ટપકી રહ્યું હતું.

"તમે હાથને શું કરી નાખ્યું?"

તેને બારણા પાસેથી સંભળાયેલો અવાજ યાદ આવ્યો. એકદમ બત્તી હાથમાં લેતી તે બારણા પાસે દોડી ગઈ. લોહીથી ખરડાયેલી આંગળી ત્યાં ભોંયપટ ઉપર પડી હતી. સંન્યાસીના કરતાંયે નિસ્તેજ ચહેરો લઈને તે પાછી આવી. તેણે વાત કરી હોત, પરંતુ સેર્ગિયસ તો ચુપચાપ બીજી ઓરડીમાં ચાલ્યો ગયો હતો, અને તેણે બારણું અંદરથી વાસી દીધું હતું.

"માફ કરો," તે બોલી. "મારા પાપનું પ્રાયશ્ચિત કરવા હું શું કરું?"

"ચાલી જા."

"બહાર આવો, તમારી આંગળીએ પાટો બાંધી દઉં."

"અહીંથી ચાલી જા."

તેણે મૂંગે મોંએ ઉતાવળમાં કપડાં પહેરી લીધાં. તે તૈયાર થઈ ગઈ એટલે કોટ પહેરીને વાટ જોતી બેઠી. થોડી વારમાં ગાડીઓની ઘંટડીઓના રણકાર કાને પડયા.

"ફાધર સેર્ગિયસ, મને માફ કરો!"

"ચાલી જા. ઈશ્વર માફ કરશે."

"ફાધર સેર્ગિયસ, હું મારી જિંદગી પલટાવી નાખીશ. મને ધુતકારો નહિ!"

"જા."

"માફ કરો, આશીર્વાદ આપો."

"પિતા, પુત્ર અને પવિત્ર આત્માને ખાતર," બીજી ઓરડીમાંથી શબ્દો સંભળાયા, "અહીંથી ચાલી જા."

તે કુટીરમાંથી ડૂસકાં ભરતી બહાર નીકળી. વકીલ તેને લેવા સામો આવ્યો.

"તો હું હારી ગયો. ભલે, શું થાય! કઈ જગ્યાએ બેસશો?"

"ગમે ત્યાં."

તે ગાડીમાં બેસી ગઈ. છેક શહેર સુધીની સફરમાં તે એક શબ્દ પણ ન બોલી.

એક વરસ પછી તે સંન્યાસી આર્સેનીના માર્ગદર્શન હેઠળ વૈરાગણોના મઠમાં દાખલ થઈ ગઈ, અને તેણે સાદી પ્રતિજ્ઞાઓ લઈને કડક શિસ્તભર્યું ધાર્મિક જીવન અપનાવી લીધું. આર્સેની તેને અવારનવાર પત્રો લખીને સલાહ આપતો.

૬

ફાધર સેર્ગિયસે બીજાં સાત વરસ એકાંત કુટીરમાં ગાળ્યાં.

તેને દૂધ, ખાંડ, ચા, ઘઉંની રોટી, કપડાં, બળતણ, વગેરે નિયમિત પહોંચાડવામાં આવતું. તે શરૂઆતમાં તેમાંથી ઘણું ઉપયોગમાં લેતો. પરંતુ વખત વીતતો ગયો તેમ તેમ તે વધારે ને વધારે કઠોર જીવન અપનાવતો ગયો. તેણે વાસનાની ટેવો ધીરે ધીરે તજી દીધી. અંતમાં તે થોડીક જવની રોટી

જ દર અઠવાડિયે ઉપયોગમાં લેતો, અને બાકીનું બધું ગરીબગુરબાંને વહેંચી દેતો.

તેના દિવસો કુટીરમાં પ્રાર્થના કરવામાં અને મુલાકાતીઓને મળવામાં વીતી જતા. મુલાકાતીઓની સંખ્યા નિરંતર વધી રહી હતી. તે વરસમાં બે કે ત્રણ વાર દેવળમાં જવા સારુ અને જરૂર પડે ત્યારે પાણી અથવા બળતણ લઈ આવવા સારુ કુટીરમાંથી બહાર નીકળતો.

રાત દરમિયાન તલાકવાળી ઓરતની મુલાકાત અને તેના પરિણામે ઓરતની જિંદગીમાં આવેલો પલટો તથા તેણે અપનાવી લીધેલા વૈરાગી જીવનની ઘટના, ફાધર સેર્ગિયસના પાંચ વરસના એકાંતવાસી જીવન પછી બનેલી. એ બધી બાબતો લોકોની જાણમાં આવવા લાગી એટલે ફાધર સેર્ગિયસની ખ્યાતિ ફેલાતી ગઈ. મુલાકાતીઓની સંખ્યા નિરંતર વધતી ગઈ. તેની કુટીર નજીક વૈરાગીઓનો વસવાટ થવા લાગ્યો, અને એક દેવળ તથા એક વિશ્રામગૃહ બાંધવામાં આવ્યાં. આવી બાબતોમાં હંમેશાં બનતું હોય છે તેમ વાતમાં અતિશયોકિત થતી અને ફાધર સેર્ગિયસની એવી અતિશયોકિતભરી ખ્યાતિ વધારે ને વધારે દૂરના પ્રદેશોમાં ફેલાવા લાગી. દૂર સુદૂરથી લોકો તેના દર્શને ઊમટવા લાગ્યા. તે માંદાંને સાજાં કરી શકે છે એવી માન્યતા લોકોમાં બંધાઈ ગઈ હોવાથી બીમાર તથા દુખિયાંને તેની પાસે લાવવામાં આવતાં.

તેના હાથે રોગ મટવાની પહેલી ઘટના તેના સંન્યાસી જીવનના આઠમા વરસ દરમિયાન બની. ચૌદ વરસનો એક માંદો કિશોર તેના આશીર્વાદથી સાજો થઈ ગયો. કિશોર અને તેની મા ફાધર સેર્ગિયસના આશીર્વાદ લેવા કુટીરે આવેલાં.

માએ માગણી કરી કે સંન્યાસી કિશોરને માથે હાથ મૂકીને આશીર્વાદ આપે. ફાધર સેર્ગિયસને કદી ખ્યાલ પણ નહોતો આવ્યો કે પોતે માંદાંને સાજાં કરી શકે. એવા ખ્યાલને તેણે તો પાપમય અહંભાવ જ ગણ્યો હોત. પરંતુ કિશોરની મા હઠ પકડી રાખીને આજીજી કરવા લાગી, તેના પગમાં પડીને કાકલૂદી કરવા લાગી. માએ ફરિયાદ કરી કે તમે બીજા સૌને મદદ કરો છો તો મારા દીકરાને સાજો કેમ નહિ કરો? તેણે ઈસુ ખ્રિસ્તનું નામ લઈને કાલાવાલા કર્યા. ફાધર સેર્ગિયસે સમજાવવાની કોશિશ કરી કે માંદાંને સાજાં તો કેવળ ઈશ્વર જ કરી શકે, પરંતુ કિશોરની માએ જવાબ આપ્યો કે હું તો તમને મારા દીકરાના માથા ઉપર હાથ મૂકીને પ્રાર્થના કરવાની જ વિનંતિ કરું છું. ફાધર સેર્ગિયસે ઇનકાર કરી દીધો, અને તે કુટીરમાં ચાલ્યો ગયો. પરંતુ બીજે દિવસે (શરદનો સમય હતો અને રાતે ટાઢ પડતી હતી) તે પાણી લઈ આવવા બહાર નીકળ્યો ત્યારે મા અને તેનો ચૌદ વરસનો પાતળો ફિક્કો દીકરો બહાર વાટ જોઈ રહ્યાં હતાં. માએ વળી ખૂબ વિનવણી કરી. ફાધર સેર્ગિયસને અન્યાયી ન્યાયાધીશની બોધકથા યાદ આવી. અત્યાર સુધી તેને પાકી ખાતરી હતી કે બાઈની વિનંતિને ચોક્કસ નકારી જ કાઢવી જોઈએ, પરંતુ હવે તેના મનમાં પોતાના ફેંસલા અંગે સંદેહ ઉત્પન્ન થયો. મનમાં એવો સંદેહ લઈને તેણે પ્રાર્થના શરૂ કરી, અને સ્પષ્ટ નિર્ણયનો આકાર ઘડાયો ત્યાં સુધી પ્રાર્થના ચાલુ રાખી. તેણે નક્કી કર્યું કે બાઈની વિનંતિ માની લેવી કારણ કે બાઈની શ્રદ્ધાથી જ કિશોર કદાચ સાજો થઈ જાય, અને પોતે તો, ફાધર સેર્ગિયસ તો, ઈશ્વરની ઈચ્છાનું કેવળ અયોગ્ય સાધન જ બની રહે.

ફાધર સેર્ગિયસ કુટીરમાંથી બહાર નીકળ્યો, અને તેણે બાઈની પાસે જઈને તેની ઈચ્છા પૂરી કરી. તેણે કિશોરને માથે હાથ મૂકીને પ્રાર્થના કરી.

માદીકરો ચાલ્યાં ગયાં. કિશોર એક મહિનામાં સાજો થઈ ગયો. ગુરુ સેર્ગિયસની રોગ મટાડવાની ચમત્કારી શકિતની ખબર દૂર સુદૂર ફેલાઈ ગઈ. હવે લોકો તેને ગુરુ સેર્ગિયસ જ કહેતા. ત્યાર બાદ, માંદા માણસો ફાધર સેર્ગિયસના આશીર્વાદ લેવા ન આવ્યા હોય એવું એક પણ અઠવાડિયું કદી ન વીતતું. તેણે એકની વિનંતિ માની લીધી હોવાથી બીજા બીમારોની વિનંતિ નકારી કાઢવાનું શક્ય જ નહોતું. તે બીમારોને માથે હાથ મૂકતો અને પ્રાર્થના કરતો. તેમાંથી ઘણા સાજા થઈ જતા. તેની કિર્તી વધારે ને વધારે ફેલાતી ગઈ.

એવી રીતે વરસો વીતતાં ગયાં: નવ વરસ મઠોમાં અને તેર એકાંતવાસની કુટીરમાં. ફાધર સેર્ગિયસ પૂજ્ય વૃદ્ધ સંન્યાસી બની ગયો. તેની દાઢી લાંબી ને ધોળી હતી, પરંતુ તેના વાળ પાંખા પડી ગયા હોવા છતાં હંમેશની જેમ જ કાળા અને વાંકડિયા હતા.

૭

થોડાંક અઠવાડિયાંથી ફાધર સેર્ગિયસના મનમાં એક વિચાર સતત ચાલતો રહેતો હતો: મારી પોતાની મરજી કરતાં વધારે તો મઠાધીશ તથા મઠાધિપતિની મરજીને લીધે હું જે હાલતમાં આવી પડયો છું તેને સ્વીકારી લેવામાં હું ખરું કરી રહ્યો

છું કે ખોટું? તેણે ચૌદ વરસના કિશોરને સાજો કર્યો ત્યારથી એવી હાલત શરૂ થઈ ગઈ હતી. ત્યારથી સેર્ગિયસને લાગતું કે પોતાનું આંતરિક જીવન ધીરે ધીરે છિન્નભિન્ન થઈ રહ્યું છે, અને તેની જગ્યાએ નિર્ભેળ બાહ્ય જીવન વૃદ્ધિ પામી રહ્યું છે.

તેને પ્રતીતિ થઈ ગઈ કે હું મઠમાં વધારે મુલાકાતીઓને આકર્ષવાના તથા વધારે દાન મેળવવાના સાધનની કામગીરી બજાવી રહ્યો છું, અને એ કારણે મઠના સત્તાધારીઓ મારી જીવનરીતિને બને તેટલા વધારે લાભદાયક ઘાટમાં ઢાળવાના પ્રયાસો કરે છે. હવે તેને શારીરિક શ્રમની છૂટ નહોતી આપવામાં આવતી. તેને જે કંઈ ચીજવસ્તુની જરૂર પડી શકે તે બધું પૂરું પાડવામાં આવતું. તેની પાસેથી ફકત એક જ માગણી કરવામાં આવતી કે મુલાકાતીઓને મળવું અને આશીર્વાદ આપવા. તેની સુવિધાની બાબત લક્ષમાં લઈને મુલાકાતીઓ માટે દિવસો નિયત કરી દેવામાં આવ્યા. પુરુષો માટે મુલાકાતના ખંડની વ્યવસ્થા કરવામાં આવી, અને તેના દર્શન સારુ ટોળે વળતી સ્ત્રીઓના ધક્કંધક્કાથી તેને અગવડ ન પડે એટલા ખાતર તેની આશીર્વાદ આપવાની જગ્યા ફરતે કઠેરો બાંધી દેવામાં આવ્યો. તેની સમક્ષ દલીલો કરવામાં આવતી કે લોકોને તમારી જરૂર છે, તમે ઈસુ ખ્રિસ્તના પ્રેમનિયમનું પાલન કરવા માગતા હો તો લોકોની આવશ્યકતાને અનુરૂપ આચરણનો ઈનકાર કરવાનો તમને કશો અધિકાર નથી, અને લોકોની જરૂરિયાતથી અલિપ્ત રહેવામાં નિર્દયતા છે. એવી દલીલો તેને નછૂટકે સ્વીકારી જ લેવી પડતી. પરંતુ તે એવી જિંદગીમાં જેમ વધારે ને વધારે ખેંચાતો ગયો તેમ તેને વધારે ને વધારે

લાગવા માંડયું કે મારું આંતરિક જગત બાહ્ય તત્ત્વોના જગતમાં પલટાઈ રહ્યું છે, મારી ભીતરમાં સજીવ જળનો સ્રોત સુકાઈ રહ્યો છે, અને હું જે કંઈ કરું છું તે ઈશ્વરને ખાતર નહિ પણ અધિકાધિક પ્રમાણમાં માનવીને ખાતર કરી રહ્યો છું.

તે ઉપદેશ કરતો હોય કે માત્ર આશીર્વાદ આપતો હોય, માંદાં સારુ પ્રાર્થના કરતો હોય કે ખરો જીવનપથ ખોળનારાઓને સલાહ આપતો હોય, અથવા તેને જણાવવામાં આવતું તે મુજબ તેની મદદથી સાજા થઈ ગયેલા કે તેના સદ્બોધનો લાભ પામેલા માણસોની ઉપકારની લાગણીના બોલ સાંભળતો હોય—દરેક વેળાએ તે ખુશી અનુભવ્યા વગર રહી શકતો નહિ, પોતાના પ્રયાસોનાં સુફળોની બાબતમાં તેમ જ બીજા લોકોની ઉપર પોતાના પ્રભાવની બાબતમાં રસ લીધા વગર રહી શકતો નહિ. તેના મનમાં ખ્યાલ આવતો કે હું તો જલતી મશાલ જેવો છું. પરંતુ એવી લાગણી જેમ જેમ પ્રબળ બનતી ગઈ તેમ તેમ તેને વધારે ઊંડી પ્રતીતિ થતી ગઈ કે મારી ભીતરમાં જલતી ઈશ્વરની સત્યની જ્યોતિ નબળી પડતી જાય છે, ઝાંખી પડતી જાય છે. મારાં કૃત્યો ઈશ્વરને ખાતર કેટલા પ્રમાણમાં હોય છે અને માનવીને ખાતર કેટલા પ્રમાણમાં હોય છે?—એવો સવાલ તેને અવિરત સતાવતો રહેતો હતો. તેનો જવાબ આપવાની બાબત તેને મુશ્કેલ નહોતી લાગતી, પરંતુ સાફ જવાબ આપવાનો નિર્ણય તે કદી નહોતો કરી શકતો. તેના અંતરના ઊંડાણમાં તેને સમજાઈ ગયું હતું કે ઈશ્વરને ખાતરના મારા સમગ્ર કાર્યની જગ્યાએ શયતાને માનવીને ખાતરનું કાર્ય ગોઠવી દીધું છે. તેને અગાઉ એકાંતનો ભંગ વસમો લાગતો હતો પરંતુ હવે એકાંત વસમું

લાગતું હતું, અને તેના આધારે એ તથ્ય તેને સમજાઈ ગયું હતું. મુલાકાતીઓ તેને સતાવતા અને થકવી નાખતા, પરંતુ તે છતાં મુલાકાતીઓને મળીને તે ખુશ થતો, ચોમેર રણકતાં વખાણ સાંભળીને રાજી થતો.

એક સમયે તેણે બધું છોડી દેવાનો, નાસી છૂટવાનો, નિર્ણય કરી લીધેલો. એ અંગેની બધી તૈયારી પણ તેણે કરી લીધેલી. તેણે ખેડૂત જેવાં કપડાં — શર્ટ અને પાટલૂન, હૅટ અને કોટ—એકઠાં કરી લીધેલાં. એવાં કપડાં સખાવતમાં આપવા માટે જરૂરી છે એમ કહીને તેણે મંગાવી લીધેલાં. એ કપડાં તેણે કુટીરમાં સાચવીને મૂકી રાખ્યાં હતાં અને મનમાં વિચારી લીધું હતું કે એક દિવસ વાળ કાપીને ટૂંકા કરી નાખીશ અને આ કપડાં પહેરીને નીકળી પડીશ, પહેલાં લગભગ ત્રણસો કિલોમીટરની સફર રેલગાડીમાં કરીશ અને પછી ગામડે ગામડે રખડતો રહીશ. એક વાર તેની પાસે આવેલા એક ઘરડા સિપાહીને પૂછીને તેણે જાણી લીધેલું કે ગુજારો કેવી રીતે કરાતો હોય છે, ભીખ કેવી રીતે મગાતી હોય છે, અને રાતવાસાની ગોઠવણ કેવી રીતે કરાતી હોય છે. સિપાહીએ તેને બધું જણાવ્યું હતું કે ભીખ તથા રાતવાસાની જગ્યા વધારેમાં વધારે સહેલાઈથી ક્યાં અને કેવી રીતે મળી શકતી હોય છે. ફાધર સેર્ગિયસને ખ્યાલ હતો કે પોતે પણ એ સિપાહીની જેમ જ બધું કરી લેશે. એક વાર રાતના વખતે તેણે નીકળી જવાને ઈરાદે ખેડૂત જેવાં કપડાં પહેરી પણ લીધાં. પરંતુ તે નક્કી ન કરી શક્યો કે બહેતર શું ગણાય—ચાલ્યા જવું એ કે રોકાઈ રહેવું એ. તેની દુવિધા થોડો વખત ચાલુ રહી પરંતુ પછી ખતમ થઈ ગઈ. તે જિંદગીથી ટેવાઈ ગયો અને શયતાનને તાબે થઈ ગયો. ખેડૂત જેવાં

કપડાં તેના એક વખતના વિચારો તથા લાગણીઓનાં કેવળ સંભારણાં જ બની રહ્યાં.

મુલાકાતીઓની સંખ્યા દરરોજ વધી રહી હતી અને પ્રાર્થના તથા આત્માની વિશુદ્ધિ સારુ તેને ઓછો ને ઓછો સમય મળતો. ક્યારેક ઝળકતી ઘડીઓમાં તેને વિચાર આવતો કે હું તો જ્યાં ઝરણું સુકાઈ ગયું હોય એવી જગ્યા સમાન છું.

"એક જમાનામાં સજીવ જળના મૃદુ ઝરણાનો શાંત પ્રવાહ મારી ભીતરમાં થઈને બહાર વહી જતો હતો. એ જીવન સત્યનું હતું, પરંતુ એ સમયે તે"—હવે માતા આગ્નિયા, એ રાતની અને એ ઓરતની યાદ તાજી થાય ત્યારે સેર્ગિયસ હંમેશાં આહ્‌લાદ અનુભવતો—"ત્યારે તે પ્રલોભન લઈને આવી ચડી અને તેણે એ નિર્મળ જળ પીધું. પરંતુ હવે તો જળ એકઠું થાય તે પહેલાં જ તરસ્યા જીવ ધસી આવે છે, ટોળે વળે છે, ધક્કંધક્કા કરવા લાગે છે. તેમણે ઝરણાંને ખૂંદી નાખ્યું છે, અને હવે કેવળ કાદવ જ બાકી રહ્યો છે."

વિરલ ઝળકતી ઘડીઓમાં તેને એવા વિચારો આવતા. પરંતુ તેની રોજિંદી સામાન્ય હાલત તો થાકની અને એ થાકમાંથી ઉત્પન્ન થતી આત્મપ્રશંસાની જ રહેતી.

વસંતના દિવસોમાં ધાર્મિક ઉત્સવની મિજબાનીની પૂર્વવેળાએ ફાધર સેર્ગિયસ પોતાના ગુફા દેવળમાં સાયંપ્રાર્થનાનું સંચાલન કરી રહ્યો હતો. લગભગ વીસ માણસો હાજર હતા. ગુફામાં એટલા જ માણસો પૂરતી જગ્યા હતી. તેમાં ભદ્ર લોકો, વેપારીઓ, અને અમીરો સામેલ હતા. ફાધર સેર્ગિયસ તરફથી

તો સૌને આવવાની છૂટ હતી, પરંતુ તેના અનુચર વૈરાગીએ તથા મઠમાંથી દરરોજ મોકલવામાં આવતા સહાયકે બહાર જ પસંદગી કરીને એટલા માણસોને દાખલ થવા દીધા હતા. બહાર લગભગ એંશી જેટલા જાત્રાળુઓ બારણા પાસે ટોળે વળીને ઊભા હતા અને ફાધર સેર્ગિયસ આવીને આશીર્વાદ આપે તેની વાટ જોઈ રહ્યા હતા. તેમાં મોટો ભાગ સ્ત્રીઓનો હતો.

પ્રાર્થના ચાલી રહી હતી. ફાધર સેર્ગિયસ ઈશ્વરનાં ગુણગાન ગાતો ગાતો પોતાના પુરોગામીની કબર પાસે પહોંચી રહ્યો હતો એટલામાં તેની કાયા લથડી પડી, અને પાછળ ઊભેલા એક વેપારીએ તથા પાદરીની કામગીરી બજાવતા વૈરાગીએ તેને પકડી ન લીધો હોત તો તે પડી ગયો હોત.

"શું થયું? ફાધર સેર્ગિયસ! હે ઈશ્વર!" સ્ત્રીઓના અવાજો સંભળાયા. "ઈશ્વર દયા કરે! તમારો ચહેરો તો સાવ ધોળો પૂણી જેવો થઈ ગયો છે!"

પરંતુ ફાધર સેર્ગિયસ તરત જ પાછો સ્વસ્થ થઈ ગયો, અને બહુ ફિક્કો પડી ગયો હોવા છતાં તેણે વેપારી તથા પાદરીને બાજુએ કરી દઈને ગાવાનું ચાલુ રાખ્યું. પાદરી ફાધર સેરાપિઓન, અનુચરો, તથા હંમેશાં કુટીર નજીક રહેતી અને ફાધર સેર્ગિયસની સારસંભાળને પોતાની ફરજ ગણતી મહિલા સોફિયા ઈવાનોવ્ના સૌએ તેને પ્રાર્થના બંધ કરી દેવાની આજીજી કરી.

"કંઈ નથી, કંઈ નથી," ફાધર સેર્ગિયસ ગણગણ્યો. તેની મૂછો નીચે હોઠ ઉપર મલકાટની આછી છાયા જાણે ફરકી ગઈ. "પ્રાર્થનામાં અંતરાય ન પાડશો."

તેને મનમાં વિચાર આવ્યો: "સંતો આમ જ કરે."

"સંત! ઈશ્વરના પવિત્ર દૂત!" તેને એ જ ઘડીએ પાછળથી સોફિયા ઈવાનોવ્નાના તથા લથડતી વેળા તેને ટેકો આપનારા વેપારીના અવાજો સંભળાયા. તેણે કોઈની વાત માની નહિ અને ગાવાનું ચાલુ રાખ્યું. સાંકડા માર્ગે ભીડમાં દબાતાં સૌ પાછાં ટચૂકડા દેવળમાં પહોંચ્યાં. ત્યાં ફાધર સેર્ગિયસે પ્રાર્થનાને જરાક ટૂંકાવી ખરી પણ અંત સુધી ચાલુ રાખી.

પ્રાર્થના પછી તરત જ ફાધર સેર્ગિયસ હાજર સૌ લોકોને આશીર્વાદ આપીને બહાર નીકળ્યો અને ગુફાના પ્રવેશદ્વાર નજીક વૃક્ષોના છાંયડામાં ગોઠવેલા બાંકડા પાસે ગયો. તેને તાજી હવાની જરૂર વરતાતી હતી અને તેનો ઈરાદો થોડીક વાર બાંકડા ઉપર આરામ કરી લેવાનો હતો. પરંતુ તે બહાર નીકળ્યો કે તરત જ ત્યાં વાટ જોતા બધા લોકો તેને ઘેરી વળ્યા અને આશીર્વાદની, સલાહની, તથા સહાયની માગણી કરવા લાગ્યા. એ જાત્રાળુઓમાં એવી સ્ત્રીઓ હતી કે જેમની જિંદગી એક પવિત્ર સ્થળેથી બીજા પવિત્ર સ્થળે અને એક ગુરુ પાસેથી બીજા ગુરુ પાસે ભટકવામાં જ વીતી રહી હતી. કોઈ પણ ગુરુને કે પવિત્ર ગણાતી કોઈ પણ વસ્તુને જોતાં જ તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગતાં. એવા ખૂબ સામાન્ય, ધર્મથી તદ્દન વેગળા, લાગણીશૂન્ય, અને રૂઢિગ્રસ્ત પ્રકારના લોકો અંગે ફાધર સેર્ગિયસ વાકેફ હતો. જાત્રાળુઓમાં સામેલ પુરુષો, મુખ્યત્વે તો લશ્કરમાંથી છૂટા કરી દેવામાં આવેલા સિપાહીઓ, કોઈ ને કોઈ કારણસર સાધારણ જીવનમાંથી સ્થાન ગુમાવી બેઠેલા ઈન્સાનો હતા. એ ઘરડા કંગાલ આદમીઓ, મોટે ભાગે દારૂડિયાઓ, વાટમાં મળતી ભીખ સારુ એક મઠથી બીજે મઠ ભટકતા રહેતા. જાત્રાળુઓમાં

ખેડૂતો પણ સામેલ હતા. એ અબુધ ખેડૂત નરનારીઓ રોગ મટાડવાની અથવા તદ્દન ઘરસંસારી દુન્યવી મામલાઓ અંગે સલાહની સ્વાર્થી માગણીઓ કરતા, દાખલા તરીકે દીકરીના લગ્નની, ગામમાં દુકાન ભાડે લેવાની, જમીન ખરીદવાની, નીંદરમાં અજાણ્યે બાળકને ગૂંગળાવી નાખવાના પાપની માફીની, અથવા અનીતિનું સંતાન પેદા કરવાના પાપની માફીની, વગેરે બાબતો. એ બધું ફાધર સેર્ગિયસને લાંબા વખતથી જાણીતું હતું, અને તેને તેમાં મુદ્દલ રસ નહોતો પડતો. તેને ખબર હતી કે આ લોકો મને કશું જ નવું જણાવી શકે એમ નથી અને મારા હૈયામાં કશી ધાર્મિક લાગણી જગાવી શકે એમ નથી. પરંતુ તેની હાજરી, તેના બોલ, અને તેના આશીર્વાદને મૂલ્યવાન તથા જરૂરી ગણતા ટોળાના રૂપમાં એવા લોકોને મળવાનું તેને ગમતું. એટલે એવા ટોળાથી તેને ત્રાસ થતો હોવા છતાં સાથે સાથે ખુશી પણ થતી. ફાધર સેર્ગિયસ થાકી ગયા છે એવી જાહેરાત કરીને ફાધર સેરાપિઓન જાત્રાળુઓને પાછળ ધકેલવા લાગ્યો, પરંતુ ફાધર સેર્ગિયસે તેને કહ્યું કે લોકોને આવવા દો, હું મળીશ. એ શબ્દો બોલતી વેળા તેણે ઈસુનો ઉપદેશ યાદ કર્યો: "તેમને (બાળકોને) મારી કને આવવા દો." એ ફકરાની યાદથી તેને પોતાના કૃત્યની બહાલીની લાગણી થઈ અને તેના હૈયામાં આત્મસંતોષ વ્યાપી ગયો.

તે ઊભો થઈને કઠેરા પાસે ગયો અને ત્યાં ટોળે વળેલા માણસોને આશીર્વાદ તથા સવાલોના જવાબ આપવા લાગ્યો. તેનો અવાજ એટલો બધો નબળો પડી ગયો હતો કે સાંભળીને તેનું પોતાનું જ હૈયું કંપી ગયું. પરંતુ પૂરી કોશિશ કરવા

છતાં તે બધા જાત્રાળુઓને મળીને સંતોષી ન શક્યો. તેના મનમાં જાણે અંધકાર છવાઈ ગયો, તેની કાયા લથડી પડી, તેણે ટેકા સારુ કઠેરો પકડી લીધો. ફરી વાર જાણે લોહી તેના મસ્તકમાં ધસી ગયું, તેનો ચહેરો પહેલાં ફિક્કો પડી ગયો અને પછી તરત જ લાલચોલ બની ગયો.

"લાગે છે કે તમારે કાલ સુધી વાટ જોવી પડશે, મારાથી આજે વધારે કશું નહિ થઈ શકે," તેણે કહ્યું, અને સૌને સામાન્ય આશીર્વાદ આપીને તે પાછો બાંકડા તરફ વળ્યો. વેપારીએ તેને હાથ પકડીને ટેકો આપ્યો અને બાંકડા સુધી પહોંચાડીને હળવેથી બેસાડી દીધો.

"ફાધર! ફાધર! ટોળાના માણસો પોકાર પાડી રહ્યા હતા. "ફાધર! અમને તજી ન દો! તમારા વગર અમે અટવાઈ જઈશું!"

ફાધર સેર્ગિયસને વૃક્ષો હેઠળ બાંકડે બેસાડીને વેપારીએ પોલીસની કામગીરી હાથમાં લઈ લીધી અને ટોળાને સ્ફૂર્તિથી વિખેરી નાખવાનું શરૂ કરી દીધું. ફાધર સેર્ગિયસ સાંભળી ન જાય એટલા સારુ તે ધીમા અવાજે બોલતો હતો. પરંતુ તેના શબ્દોમાં ખીજ અને નિર્ધાર ભરેલાં હતાં.

"ચાલતા થઈ જાઓ, રસ્તો પકડો! તમને આશીર્વાદ તો મળી ગયા, મળી ગયા ને? તો બસ, હવે શું છે? એકદમ રસ્તો પકડો, નહિતર મારે શિખડાવવું પડશે, બરાબર શિખડાવી દઈશ! એય, પગે કાળાં ચીંથરાંવાળી ડોશી, ચાલતી થઈ જા! ધક્કા મારતી ક્યાં જાય છે? એક વાર કહી તો દીધું, આજે હવે કોઈને નહિ મળે, કાલે આવજો. આજે ફાધર સાવ થાકી ગયા છે."

"એક વાર," ડોશી કાલાવાલા કરવા લાગી. "ફાધરનું મીઠું મુખડું ફક્ત એક જ વાર જોઈ લેવા દો!"

"હમણાં બતાવી દઉં છું એક વાર! વળી ધક્કા? ચાલતી થઈ જા!"

ફાધર સેર્ગિયસના ધ્યાનમાં આવી ગયું કે વેપારી વધારે પડતી સખતી કરી રહ્યો છે. તેણે ઢીલા અવાજે અનુચરને કહ્યું કે લોકોને બળજબરીથી હાંકી કાઢવાનું ઠીક નથી. તેને ખબર હતી કે વેપારી તો લોકોને હાંકી કાઢવાનો જ છે, વળી તેને ભીડની ધમાલથી છુટકારો મેળવીને આરામ કરવાનું મન હતું. પરંતુ તોયે તેણે અનુચરને મોકલીને સંદેશો કહેવડાવ્યો કારણ કે એથી ચોક્કસ સરસ પ્રભાવ પડે એમ હતો.

"ઠીક, ઠીક," વેપારીએ જવાબ આપ્યો. "હું કોઈને કાઢી નથી મૂકતો, માત્ર તેમની અક્કલ ઠેકાણે લાવવાની કોશિશ કરું છું. એમનું ચાલવા દઈએ તો માણસને થકવીને મારી જ નાખે. આ લોકોને દયા જેવું કંઈ હોતું જ નથી, ફક્ત પોતાના સિવાય બીજા કોઈની મુદ્દલ ફિકર હોતી જ નથી. ભાગો અહીંથી, કહ્યું તો ખરું તમને એક વાર! જાઓ, રસ્તો પકડો, કાલે આવજો."

વેપારીએ આખરે સૌને હાંકી કાઢ્યાં.

વેપારીના જોશનું મૂળ અમુક અંશે વ્યવસ્થાના, લોકોની ઉપર હુકમ ચલાવવાના, રોબ જમાવવાના, શોખમાં હતું, પરંતુ મુખ્યત્વે તો ફાધર સેર્ગિયસની મદદની તેને પડેલી જરૂરમાં હતું. તે વિધુર હતો. તેની એકની એક દીકરી માંદી રહેતી હોવાથી તેને પરણાવવાનું અશક્ય બની ગયું હતું, એટલે તે દીકરીને સાજી કરાવવા ચૌદસો કિલોમીટરની સફર ખેડીને ફાધર સેર્ગિયસની પાસે લઈ આવ્યો હતો. દીકરીની

બે વરસની બીમારી દરમિયાન તેણે ઘણા ઈલાજો અજમાવી જોયા હતા. પહેલાં તો પ્રાંતિક કેંદ્રના યુનિવર્સિટી શહેરની ઈસ્પિતાલમાં ઈલાજ કરાવ્યો હતો, પરંતુ એથી કશો ફાયદો નહોતો થયો. ત્યાર પછી સમારા પ્રાંતના એક ખેડૂત હકીમનો ઈલાજ કરાવ્યો હતો. એથી જરાક ફાયદો થયો હતો. ત્યાર બાદ તે દીકરીને મોસ્કોના એક ડૉક્ટર પાસે લઈ ગયો હતો. એ ડૉક્ટરે પૈસા લેવામાં કશી મણા ન રાખી, પરંતુ ફાયદો મુદ્દલ ન થયો. પછી તેને ફાધર સેર્ગિયસની રોગ મટાડવાની શકિત અંગે કોઈની પાસેથી જાણવા મળ્યું એટલે તે દીકરીને લઈને આવી પહોંચ્યો હતો. બધા લોકોને હાંકી કાઢીને વેપારી ફાધર સેર્ગિયસ પાસે જઈને તેની સામે ગોઠણભેર બેસી ગયો, અને કશી આડીઅવળી પંચાતમાં પડયા વગર સીધો મોટેથી બોલ્યો:

"હે સંત, મારી બીમાર અને પીડાતી પુત્રીને તારા આશીર્વાદ આપીને સાજી કરી દે. હું તારાં પવિત્ર ચરણોમાં પડીને દયાની આરાધના કરું છું."

અને તેણે નિષ્ઠાપૂર્વક હાથ જોડયા.

તેણે એ બધું એવી ઢબે કહ્યું અને કર્યું કે જાણે નિયમ તથા રિવાજ મુજબ સ્પષ્ટ અને નિર્વિવાદ રીત એવી જ હોય, પુત્રીને સાજી કરવાની વિનંતિ બીજી કોઈ રીતે નહિ પણ એકમાત્ર એવી જ રીતે થાય અને કરવી જ જોઈએ. તેની વિનંતિમાં એટલો આત્મવિશ્વાસ ભરેલો હતો કે ફાધર સેર્ગિયસને પણ વાણી તથા વર્તનની એવી રીત જ જાણે સુયોગ્ય લાગી. તે છતાં ફાધર સેર્ગિયસે વેપારીને ઊભો થવાનું અને પોતાની વિપદા સમજાવવાનું કહ્યું. વેપારીએ જણાવ્યું કે મારી બાવીસ વરસની દીકરી બે વરસથી માંદી છે. માનું અચાનક મૃત્યુ

થઈ ગયું ત્યારે એ ચીસ પાડી ઊઠી અને એનું ભેજું ખસી ગયું. હું ચૌદસો કિલોમીટરની સફર ખેડીને એને અહીંયાં લઈ આવ્યો છું. એ વિશ્રામગૃહમાં બેઠી બેઠી આપના આદેશની રાહ જોઈ રહી છે. દિવસે અજવાળાની બીક લાગતી હોવાથી એ ક્યાંય જતી નથી, માત્ર સૂરજ આથમી ગયા પછી જ બહાર નીકળી શકે છે.

"બહુ નબળી પડી ગઈ છે?" ફાધર સેર્ગિયસે પૂછયું.

"ના, નબળી તો નથી, શરીર તો મઝાનું ભર્યું ભર્યું છે, માત્ર મનની બીમારી છે—ડૉક્ટરે એમ જ કહ્યું છે. ફાધર સેર્ગિયસ, તમે એક વેણ કહો એટલે ઘડીભરમાં એને લઈ આવું. પવિત્ર સંત, પિતાના હૈયામાં ફરી ચેતન રેડો, મારો વંશવેલો ચાલુ રહેવા દો, મારી દીકરીને તમારા આશીર્વાદ વડે સાજી કરી દો."

વેપારી વળી પાછો ગોઠણભેર બેસી ગયો અને જોડેલા હાથ ઉપર વારવાર માથું નમાવવા લાગ્યો. ફાધર સેર્ગિયસે ફરી તેને ઊભો થઈ જવાનું કહ્યું. તેને ખ્યાલ આવ્યો કે પોતાની કામગીરી બહુ મુશ્કેલ હોવા છતાં પોતે તેને સ્વીકારી લઈને નિષ્ઠાથી બજાવી રહ્યો છે. તેનાથી નિસાસો નખાઈ ગયો. પછી એક મિનિટ ચુપ રહીને તેણે કહ્યું:

"ભલે, સાંજે લઈ આવજો. હું પ્રાર્થના કરીશ. પરંતુ અત્યારે હું થાકી ગયો છું," તેનાં પોપચાં ઢળી ગયાં. "હું તમને કહેવડાવીશ."

વેપારી જવા લાગ્યો. તે રેતી ઉપર હળવાં પગલાં માંડવાની કોશિશ કરી રહ્યો હતો પરંતુ એથી તો તેના બૂટ વધારે જોરથી અવાજ કરતા હતા. ફાધર સેર્ગિયસ એકલો બેઠો રહ્યો.

દરરોજ ફાધર સેર્ગિયસનો આખો દિવસ પ્રાર્થનાઓમાં તથા મુલાકાતીઓને મળવામાં વીતી જતો. પરંતુ આજનો દિવસ વિશેષ રૂપે મુશ્કેલ રહ્યો હતો. સવારે એક પ્રવાસી મોટો માણસ મળવા આવેલો. તેની વાતોનો તો કોઈ રીતે છેડો જ નહોતો આવતો. પછી એક મહિલા એના પુત્રને લઈને આવેલી. યુવાન પુત્ર પ્રોફેસર હતો અને નાસ્તિક હતો. ઉત્સાહી ભાવિક માતાને ફાધર સેર્ગિયસમાં ઊંડી શ્રદ્ધા હતી. તેણે આજીજી કરીને ફાધર સેર્ગિયસને પુત્ર જોડે વાત કરવા સમજાવી લીધો હતો અને તે પુત્રને લઈ આવી હતી. વાતચીત બહુ જ મુશ્કેલ રહી હતી. સાફ વરતાતું હતું કે યુવાન પ્રોફેસરને વૈરાગી જોડે દલીલો કરવાનું મન નહોતું. જેવી રીતે કોઈ મંદબુદ્ધિ માણસની વાતો માની લેવાનો દેખાવ કરવામાં આવે, એવી જ રીતે તે ફાધર સેર્ગિયસની બધી વાતો ચુપચાપ માની લેતો હતો. ફાધરના ધ્યાનમાં આવી ગયું કે યુવાન મુદ્દલ આસ્થા નથી ધરાવતો પરંતુ તે છતાં ખુશાલ, સુખી, અને સ્વસ્થ છે. એ વાતચીત યાદ કરતાં ફાધર સેર્ગિયસને મનમાં અસુખની લાગણી થઈ.

"કંઈક ખાઈ લો તો સારું, ફાધર," અનુચરે કહ્યું.

"વારુ, થોડુંક લઈ આવ."

ગુફાના પ્રવેશદ્વારથી થોડેક અંતરે એક નાનકડી ઓરડી બાંધવામાં આવી હતી. અનુચર ખાવાનું લઈ આવવા ત્યાં ગયો. ફાધર સેર્ગિયસ વળી પાછો એકલો થઈ ગયો.

ફાધર સેર્ગિયસના એકાંતવાસના, બધું કામ જાતે કરી લેવાના, અને પ્રભુભોજનનો પ્રસાદ તથા સાદી જવની રોટી ખાઈને પેટ ભરી લેવાના દિવસો ક્યારના વીતી ગયા

હતા. લાંબા વખત પહેલાં તેને આજીજી કરીને સમજાવવામાં આવ્યું હતું કે તંદુરસ્તી અંગે બેદરકાર રહેવાનો તમને કશો અધિકાર નથી. તેને નિરામિષ પરંતુ પૌષ્ટિક ખોરાક પૂરો પાડવામાં આવતો. તેનો ખોરાક ઓછો હતો પરંતુ તોયે અગાઉ કરતાં તો ઘણો વધી ગયો હતો. અગાઉ તેને ખાતી વેળા હંમેશાં ઘૃણા અને પાપની લાગણી થતી, પરંતુ હવે તેને ઘણી વાર જમવામાં બહુ મઝા આવતી. આજે પણ એમ જ બન્યું. તેને માટે આણવામાં આવેલી થોડીક ખીર અને ઘઉંની રોટી તેણે ચા જોડે મોજથી ખાધી.

અનુચર ચાલ્યો ગયો અને ફાધર સેર્ગિયસ વૃક્ષો હેઠળ બાંકડા ઉપર એકલો બેઠો રહ્યો.

મે મહિનાની મનોહર સંધ્યા હતી. બર્ચ, એલ્મ, એસ્પન, બર્ડચેરી, અને ઓકનાં વૃક્ષોની ડાળીઓમાં ફૂટેલી કૂંપળો ધીરે ધીરે નાજુક પર્ણોનું રૂપ ધારણ કરી રહી હતી. એલ્મવૃક્ષોની પાછળ ચેરીનાં ઝાડવાં પૂરબહારમાં ખીલેલાં હતાં અને મોર ખરી પડવાનું હજુ શરૂ નહોતું થયું. બુલબુલ ગાઈ રહ્યાં હતાં—એક તો સાવ નજીકમાં અને બે કે ત્રણ નદીકિનારે ઝાડીમાં. ઉપરવાસ નદીકિનારેથી ગીતના સૂર સંભળાઈ રહ્યા હતા. શ્રમજીવી માણસો આખો દિવસ મહેનત કરીને સાંજે ગીત ગાતાં ગાતાં પાછાં ઘેર જઈ રહ્યાં હશે. વનની પાર અસ્ત થઈ રહેલા સૂર્યનાં ત્રાંસાં કિરણો પર્ણોની આરપાર તેજસ્વી ઉજાસ ફેલાવી રહ્યાં હતાં. એટલો ભાગ આછો લીલો લાગતો હતો અને બાકીના ભાગમાં અંધકાર છવાઈ રહ્યો હતો. વસંતનાં પતંગિયાં ઊડતાં ટકરાતાં નીચે પડી રહ્યાં હતાં.

વાળુ કરી લીધા બાદ ફાધર સેર્ગિયસે મનમાં પ્રાર્થના કરી: "પરમ કૃપાળુ ઈસુ ખ્રિસ્ત, ઈશ્વરના પુત્ર, અમારી ઉપર દયા કર." પછી તેણે સ્તોત્રનો પાઠ શરૂ કર્યો. પાઠ ચાલતો હતો તે દરમિયાન નજીકના છોડવા પરથી એક ચકલી અચાનક ઊડીને ભોંય પર પહોંચી ગઈ અને ઠેકડા મારતી તથા મોજથી ચીં ચીં કરતી તેની નજીક જવા લાગી, અને પછી કશાકથી ડરીને પાછી ગગનમાં ઊડી ગઈ. પાઠ પૂરો કરીને ફાધર સેર્ગિયસે નવી પ્રાર્થના શરૂ કરી અને તેમાં પોતાના સંસાર-ત્યાગનો ઉલ્લેખ કર્યો. તે પ્રાર્થના ઝડપથી કરી રહ્યો હતો જેથી વેપારીની માંદી પુત્રીને જલદી બોલાવી શકાય કારણ કે તેના મનમાં યુવતી અંગે રસ જાગ્યો હતો. તેની ઉત્કંઠાના મૂળમાં એવા ખ્યાલો હતા કે એથી મનને જુદી દિશામાં વાળી શકાશે અને એક નવી વ્યકિતનો પરિચય થશે, વળી વેપારી અને તેની પુત્રી બેઉ મને સંત ગણે છે અને માને છે કે ઈશ્વર મારી પ્રાર્થનાઓ સ્વીકારે છે. ફાધર સેર્ગિયસ તેને સંત ગણાવતા માણસોને વારતો ખરો, પરંતુ હૈયાના ઊંડાણમાં તે પોતાને ખરો સંત ગણતો હતો.

તેને ઘણી વાર અજાયબી થતી કે સ્તેપાન કાસાત્સ્કી આવો અસાધારણ સંતમાનવ બની ગયો છે અને ખરેખરા ચમત્કારો કરી શકે છે. પરંતુ એ તથ્યમાં તેને મુદ્દલ શંકા નહોતી. માંદો કિશોર સાજો થવાના પહેલા ચમત્કારથી લઈને આંધળી ડોશી દેખતી થઈ જવાના ચમત્કારો તેણે નજરે જોયા હતા. એ ચમત્કારોને માનવાનો ઈનકાર તેનાથી થઈ શકે એમ નહોતો.

વાત અજબ લાગે એવી હોવા છતાં ખરી હતી. તેના મનમાં વેપારીની પુત્રી અંગે રસ જાગ્યો હતો કારણ કે તેના

મનમાં આવા ખ્યાલો ચાલી રહ્યા હતા: "યુવતી નવી વ્યકિત છે, મારામાં આસ્થા ધરાવે છે, અને એને સાજી કરી દઉં તો રોગ મટાડવાની મારી શકિત ફરી પુરવાર થઈ જાય અને મારી ખ્યાતિમાં નવો ઉમેરો થાય. લોકો હજારો કિલોમીટરના અંતરેથી આવે છે, અખબારોમાં એ વિશે લખાણો છપાય છે. શહેનશાહને એ વિશે ખબર છે. યુરોપમાં, નાસ્તિક યુરોપમાં, આ વાત જાણીતી છે." પરંતુ અચાનક તેને પોતાની શેખીથી શરમ આવી ગઈ અને તે ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો.

"પ્રભુ, સ્વર્ગના રાજા, રક્ષણ કર! સત્યના આત્મા, આવીને અમારાં અંતરમાં સ્થાન લઈ લે, અમારાં પાપ ધોઈ નાખ, અમારા આત્માને બચાવી લે અને ગૌરવમય બનાવી દે! મારું શેખીનું પાપ ધોઈ નાખીને મને વિશુદ્ધ બનાવી દે!" તે પ્રાર્થના કરતો રહ્યો. તેને યાદ આવ્યું કે પોતે અનેકાનેક વાર આવી પ્રાર્થનાઓ કરી છે પણ બધી પ્રાર્થનાઓ વ્યર્થ ગઈ છે. બીજા લોકોની બાબતમાં તેની પ્રાર્થનાઓ ચમત્કાર કરીને રોગ મટાડી દેતી હતી, પરંતુ આવા અધમ મનોવિકારથી મુકિત મેળવવાની તેની કોશિશો છતાં એવી મુકિત તે ઈશ્વર પાસેથી મેળવી નહોતો શકતો.

તેને એકાંતવાસનાં આરંભનાં વરસોની પોતાની પ્રાર્થનાઓ યાદ આવી. ત્યારે તે ઈશ્વરને પ્રાર્થના કરીને વિશુદ્ધિ, વિનમ્રતા, તથા પ્રેમ માગતો. એ વખતે તેને લાગતું કે ઈશ્વર મારી પ્રાર્થના સ્વીકારે છે. તે વિશુદ્ધ રહી શકતો. તેને આંગળી કાપી નાખવાનો પ્રસંગ યાદ આવ્યો. તેણે હાથ ઊંચો કરીને કરમાઈ ગયેલી બુઠ્ઠી આંગળીને ચૂમી લીધી.

તેને લાગ્યું કે એ વરસો દરમિયાન પોતે જ્યારે પાપમય કામનાઓ બદલ પોતાની જાતને ધૃણાની નજરે નીરખતો હતો ત્યારે ખરેખર વિનમ્ર હતો. તેને એમ પણ લાગ્યું કે એ વરસો દરમિયાન પોતાના હૈયામાં પ્રેમ હતો. એક ઘરડા માણસે, દારૂડિયા સિપાહીએ, તેની પાસે આવીને પૈસા માગેલા એ પ્રસંગ તેને યાદ આવ્યો, અને બેશક તે યાદ આવી. તેના મનમાં સવાલ થયો: અને હવે? મારા હૃદયમાં કોઈના પ્રત્યે પ્રેમ છે ખરો? સોફિયા ઈવાનોવ્ના પ્રત્યે કે ફાધર સેરાપિઓન પ્રત્યે પ્રેમ છે ખરો? આજે મળવા આવેલા બધા લોકો પ્રત્યે મારા હૈયામાં પ્રેમ છે ખરો? મારી માનસિક શકિતઓ તથા ભુલાઈ ગયેલી કેળવણી પ્રદર્શિત કરવાની જ ફિકર રાખીને બહુ જ બોધપ્રદ રીતે જેની સાથે મેં વાત કરેલી એ યુવાન પ્રત્યે પ્રેમ છે ખરો? લોકોનો પ્રેમ તેને ગમતો હતો અને આવશ્યક પણ લાગતો હતો, પરંતુ પ્રેમના બદલામાં પ્રેમની વળતી લાગણી તેના હૈયામાં નહોતી જાગતી. તેના હૃદયમાં હવે પ્રેમ રહ્યો જ નહોતો, વિનમ્રતા પણ નહોતી રહી, અને વિશુદ્ધિ પણ નહોતી રહી.

વેપારીની દીકરી બાવીસ વરસની છે એ જાણીને તેને ખુશી થઈ હતી, અને તેના મનમાં જાણવાની ઉત્સુકતા ઉત્પન્ન થઈ હતી કે યુવતી દેખાવડી હશે કે નહિ. યુવતી નબળી પડી ગઈ છે કે નહિ એવો સવાલ કરતી વેળા તેની ખરી મુરાદ તો એ જાણી લેવાની હતી કે યુવતીમાં નારીનું લાવણ્ય છે કે નહિ.

"મારું શું આટલું બધું પતન થઈ ગયું હશે?" તેને થયું. "હે ઈશ્વર, મને સહાય કર, મને ઉગારી લે, હે પ્રભો! હે પરમાત્મા!" તે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો.

બુલબુલ મુકત કંઠે ગાઈ રહ્યાં હતાં. વસંતનું એક પતંગિયું તેના કાન પાસે ગણગણાટ કરીને તેની ગરદન ઉપર ચાલવા લાગ્યું. તેણે હાથ વડે તેને નીચે ખંખેરી નાખ્યું. "પરંતુ તેનું અસ્તિત્વ છે ખરું? હું ક્યાંક તાળું મારેલું બારણું, સહેલાઈથી નજરે પડે એવું તાળું બહારથી મારેલું બારણું, તો નથી ખખડાવી રહ્યો ને? બુલબુલો, વસંતનાં પતંગિયાં, કુદરત—આ બધું તો એવું તાળું નથી ને? પેલા યુવાનના વિચારો કદાચ ખરા હોય તો?" તે મોટેથી પ્રાર્થના કરવા લાગ્યો. તે કેટલીય વાર સુધી પ્રાર્થના કરતો રહ્યો. આખરે એવા બધા વિચારો શમી ગયા અને તેણે ફરી વાર મનમાં શાંતિ તથા આત્મવિશ્વાસની લાગણી અનુભવી. તેણે ઘંટડી વગાડી, અને અનુચર આવ્યો એટલે તેને સૂચના આપી કે વેપારી અને તેની પુત્રી હવે આવી શકે છે.

વેપારી દીકરીને લઈને આવ્યો અને તેને કુટીરમાં પહોંચાડીને તરત જ ચાલ્યો ગયો.

વેપારીની પુત્રીના કેશ ઊજળા હતા અને વાન ખૂબ ગોરો હતો. તેનું ભર્યું ભર્યું બદન ફિક્કું લાગતું હતું અને તે સાવ ગભરુ દેખાતી હતી. તેનો ચહેરો ડરી ગયેલા બાળક જેવો અને તેની કાયા તરવરતી યુવાન નારી જેવી હતી. ફાધર સેર્ગિયસ કુટીરના પ્રવેશદ્વાર પાસે બાંકડા ઉપર જ બેઠો રહ્યો હતો. યુવતી તેની પાસેથી નીકળી, જરાક થંભી ગઈ, અને ફાધર સેર્ગિયસે તેને આશીર્વાદ આપ્યા. એ વખતે ફાધર સેર્ગિયસની નજર જેવી રીતે યુવતીની કાયા ઉપર ફરી વળી હતી તેનું તેને પોતાને ભાન થતાં જ તેનું મન ત્રાસી ઊઠ્યું. યુવતી અંદર ચાલી ગઈ, અને ફાધર સેર્ગિયસને જાણે કશુંક ડંખી ગયું હોય એવી તીવ્ર પીડાની લાગણી થઈ.

તેને યુવતી ચહેરા પરથી વિષયાસક્ત અને મંદબુદ્ધિની લાગી. તે ઊભો થઈને કુટીરમાં ગયો. યુવતી સ્ટૂલ પર બેઠી બેઠી તેની વાટ જોઈ રહી હતી.

ફાધર સેર્ગિયસ અંદર દાખલ થયો એટલે તે ઊભી થઈ ગઈ.

"મારે ઘેર જવું છે," તે બોલી.

"ગભરાતી નહિ," ફાધરે કહ્યું. "બોલ, તને શી બીમારી છે?"

"બધી જ બીમારીઓ છે," તેણે જવાબ આપ્યો, અને પછી એકાએક તેના મોં પર મલકાટ ઝબકી ગયો.

"તું સાજી થઈ જશે," ફાધરે કહ્યું, "પ્રાર્થના કર."

"પ્રાર્થના કર્યે શો ફાયદો? હું તો પ્રાર્થના કરી કરીને થાકી ગઈ છું, પણ બધું નકામું." તે હજુ મલકી રહી હતી. "તમે પ્રાર્થના કરો અને તમારા હાથ મારી ઉપર મૂકો. તમે મારા સપનામાં આવ્યા હતા."

"કેવું સ્વપ્ન આવેલું?"

"સપનામાં તમે મારી છાતીએ હાથ મૂકેલો, આમ—" તેણે ફાધર સેર્ગિયસનો હાથ લઈને પોતાની છાતી ઉપર દબાવ્યો. "બરાબર અહીંયાં જ."

ફાધરે તેને પોતાનો જમણો હાથ લેવા દીધો હતો.

"તારું નામ શું છે?" તેણે પૂછ્યું. તેની આખી કાયા થરથર કાંપી રહી હતી. તેને સમજાઈ ગયું કે પોતે પરાજિત થઈ ગયો છે. તેની કામોત્તેજના અંકુશને તદ્દન તોડી ચૂકી હતી.

"મારિયા. કેમ?"

તેણે ફાધરના હાથ પર ચૂમી ભરી લીધી, અને પછી પોતાનો હાથ તેની કમ્મર ફરતો વીંટાળીને તેને નજીક ખેંચી લીધો.

"આ શું કરે છે?" તે બોલી ઊઠયો. "મારિયા, તું શયતાન છે!"

"ભલે, એથી કંઈ બગડી નથી જવાનું."

ફાધર આલિંગનમાં જ રાખીને તે પથારી પર બેસી ગઈ, અને તેણે ફાધરને પોતાની બાજુમાં ખેંચી લીધો.

તે મળસ્કે ઊઠીને આંગણમાં ગયો.

આ બધું શું ખરેખર બન્યું હશે? હમણાં એનો પિતા આવશે. એ બધી વાત પિતાને કહી દેશે. શયતાન છે. હવે શું કરવું? શું કરવું? આહ! કુહાડી સામે જ પડી હતી, તેણે જેના એક ઝટકા વડે પોતાની આંગળી કાપી નાખેલી એ કુહાડી સામે જ પડી હતી. કુહાડી ઉપાડી લઈને તે પાછો કુટીરમાં જવા લાગ્યો.

તેનો અનુચર ઉતાવળો આવી પહોંચ્યો.

"બળતણની જરૂર છે? લાવો, કુહાડી મને આપો."

તેણે કુહાડી આપી દીધી અને તે પાછો કુટીરમાં ચાલ્યો ગયો. મારિયા ગાઢ નીંદરમાં પડી હતી. તેણે ત્રાસભરી નજર યુવતીની ઉપર ફેરવી. પછી તે કુટીરના પાછલા ભાગમાં ગયો. તેણે ખેડૂત જેવાં કપડાં ખીંટીએથી ઉતારીને પહેરી લીધાં, કાતર ગોતી કાઢીને વાળ કાપી નાખ્યા, અને બહાર નીકળીને નદી તરફ જતી કેડીએ કદમ માંડયાં. એ કેડીએ તે છેલ્લી વાર ચાર વરસ પહેલાં ચાલેલો.

નદીને કિનારે કિનારે એક સડક જતી હતી. તે બપોર સુધી એ સડક પર ચાલતો રહ્યો. બપોરે તે જવના એક

ખેતરમાં વળીને પાકમાં સૂઈ ગયો. સાંજ ઢળવા લાગી ત્યારે તે ગામ તરફ ગયો. પરંતુ ગામમાં દાખલ થવાને બદલે તે નદીકિનારે ભેખડ તરફ ચાલ્યો ગયો.

વહેલું પરોઢ. સૂર્યોદયને કદાચ એકાદ કલાકની વાર હશે. ચોમેર બધું ઝાંખું ઝાંખું ને ગમગીન લાગતું હતું. પશ્ચિમ તરફથી પ્રભાતનો ટાઢો પવન ફૂંકાઈ રહ્યો હતો. હા, અંત આણવો જ જોઈએ. ઈશ્વર જેવું કંઈ છે જ નહિ. પણ અંત આણવો કેવી રીતે? પાણીમાં ઝંપલાવવું? પણ તરતાં આવડે છે, એટલે ડૂબી જવાનું શક્ય નથી. ગળે ફાંસો ખાવો? હા, પટ્ટા વડે. ઝાડે લટકીને. મૃત્યુ એટલું સહેલું અને એટલું નજીક લાગ્યું કે તેના મનમાં ત્રાસ છવાઈ ગયો. હતાશાની ઘડીઓમાં તે હંમેશાં કરતો એમ તેને પ્રાર્થના કરવાનું મન થયું. પરંતુ પ્રાર્થનાને લાયક કશું છે જ નહિ. ઈશ્વરનું અસ્તિત્વ છે જ નહિ. તે કોણી ભોંય પર ગોઠવીને અને પંજા ઉપર માથું ટેકવીને આડો પડયો હતો. એકાએક તેને એવી સખત નીંદર આવી કે તેની કોણી ઢીલી પડી ગઈ. હાથને ઢળી પડવા દઈને તેણે માથું કાંડા ઉપર ગોઠવી દીધું. તેને તરત જ નીંદર આવી ગઈ. પરંતુ નીંદર માંડ એક પળ ચાલી. તે જાગી ગયો અને તેના મનમાં યાદો ઊભરાવા લાગી. અથવા કદાચ તેને સ્વપ્ન જ આવી રહ્યું હશે.

તેને પોતે છોકરો હતો એ દિવસો યાદ આવ્યા. નાના બચ્ચાથી જરાક જ મોટો હશે. તે માના ગામડાના ઘરમાં રહેતો હતો. એક દિવસ એક ઘોડાગાડી ઘર પાસે આવીને ઊભી રહી અને તેમાંથી કાકા નિકોલાઇ સેર્ગેયેવિચ નીચે ઊતર્યા. કાકાને પાવડા જેવી પહોળી કાળી દાઢી હતી. તેમની

જોડે પાશેન્કા પણ નીચે ઊતરી. પાશેન્કા દૂબળી પાતળી નાનકડી છોકરી હતી. તેની મોટી મોટી લજ્જાળુ આંખો જાણે તેના ભયભીત દયાજનક ટચૂકડા ચહેરામાં જડેલી હતી. તેને, પાશેન્કાને, બાળકોના ખંડમાં છોકરાઓ પાસે લઈ જવામાં આવી. મોટેરાંને અપેક્ષા હશે કે છોકરા એની ભેગા રમે. પણ એમાં જરાય મઝા નહોતી પડી. પાશેન્કા સાવ મૂરખ હતી. આખરે છોકરા તેની ઠેકડી ઉડાડવા લાગેલા. છોકરા માને જ નહિ કે પાશેન્કાને તરતાં આવડતું હોય, એટલે બિચારીએ જમીન પર લેટીને તરવાની રીત બતાવેલી. છોકરા તેને નરી બેવકૂફ ગણીને જોરથી હસી પડેલા. પાશેન્કા સમજી ગયેલી. તેના ગાલ શરમથી લાલ લાલ થઈ ગયેલા. તે સાવ રાંકડી બની ગયેલી. તેને એવી રાંકડી જોઈને પોતાને શરમ આવેલી. પાશેન્કાનો એ સાવ ગરીબડો અને પરવશ વિકૃત મલકાટ કદી નહોતો ભુલાયો.

પછી તેના મનમાં પાશેન્કાને ફરી જોવાના પ્રસંગોની યાદ તાજી થઈ. ઘણાં વરસો પછી, તે મઠમાં ચાલ્યો ગયો એથી થોડાક જ વખત પહેલાં, તેણે પાશેન્કાને જોઈ હતી. તેની શાદી ગામડાના કોઈ જમીનદાર જોડે થઈ ગઈ હતી. જમીનદાર પતિએ પત્નીની બધી મિલકત વેડફી નાખી હતી, અને વળી તે પત્નીને મારતો. પાશેન્કાને બે બાળકો થયાં હતાં, એક દીકરો અને એક દીકરી, પણ દીકરો નાની ઉંમરમાં જ ગુજરી ગયો હતો.

સેર્ગિયસને યાદ આવ્યું કે એ વખતે પાશેન્કા ખૂબ જ દુ:ખી લાગતી હતી. વળી થોડા વખત પછી તે મઠમાં હતો ત્યારે તેણે પાશેન્કાને જોઈ હતી. તે વિધવા થઈ ગઈ હતી. તે હંમેશ જેવી જ હતી—સાવ મૂઢ તો નહિ પરંતુ જાણે

નીરસ, જાણે મામૂલી અને દયાજનક. તે પોતાની દીકરીને અને ભાવિ જમાઈને લઈને મઠમાં આવેલી. એ લોકો ગરીબ હતાં. ત્યાર બાદ તેને ખબર મળેલી કે પાશેન્કા કોઈ જિલ્લા કેંદ્રના નાનકડા શહેરમાં રહેતી હતી અને બહુ જ ગરીબ હતી.

તેને થયું કે પાશેન્કાના જ વિચારો કેમ આવે છે? પરંતુ પાશેન્કાના વિચારોને તે રોકી શક્યો નહિ. અત્યારે ક્યાં હશે? એનું શું થયું હશે? ભોંય પર લેટી જઈને તરવાની રીત બતાવતી વેળા લાગેલી એવી જ રાંકડી અને દુ:ખી હજી પણ હશે? અરે, પણ એના જ વિચારો કેમ કરું છું! સાવ ભૂલી ગયો! અંત આણવાની વેળા આવી ગઈ છે.

ફરી તેના મનમાં બીક છવાઈ ગઈ. જે થવું જ જોઈએ તેના ખ્યાલોથી બચવા તે વળી પાછો પાશેન્કાના વિચારોમાં અટવાઈ ગયો.

એવી રીતે તે ઘડીક પોતાનો અંત આણવાંના અને ઘડીક પાશેન્કાના વિચારો કરતો પડ્યો રહ્યો. પાશેન્કાના વિચારોમાં જાણે છુટકારાની લાગણી થતી હતી. આખરે તેને નીંદર આવી ગઈ. નીંદરમાં તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક દેવદૂતે તેને કહ્યું: "પાશેન્કા પાસે જા. તેની પાસેથી તને જાણવા મળશે કે તારે શું કરવાનું છે, તારું પાપ શું છે, અને તારો ઉદ્ધાર શામાં છે."

તે જાગ્યો ત્યારે તેણે માની લીધું કે સ્વપ્નમાં જોયેલા સાક્ષાત્કારમાં ઈશ્વરનો આદેશ હતો. તેણે મનમાં ખુશી અનુભવી અને સ્વપ્નમાં મળેલા આદેશ મુજબ કરવાનું નક્કી કર્યું. તેને ખબર હતી કે પાશેન્કા કયા શહેરમાં રહે છે. એ શહેર ત્રણસો કિલોમીટર દૂર હતું. તે ત્યાં જવા રવાના થઈ ગયો.

૮

પાશેન્કા હવે નાનકડી પાશેન્કા નહોતી રહી. તે હવે પ્રાસ્કોવ્યા મિખાઇલોવ્ના નામે સુકલકડી ડોશી હતી, તેના મોં ઉપર કરચલીઓ પડી ગઈ હતી, અને તે માવરીક્યેવ નામના એક કમનસીબ તથા દારૂડિયા સરકારી કારકુનની સાસુ હતી. તેના જમાઈએ છેલ્લી નોકરી જે શહેરમાં કરેલી ત્યાં જ તે હવે રહેતી હતી અને કુટુંબનું ભરણપોષણ કરતી હતી. તેના કુટુંબમાં દીકરી, માંદલો માનસરોગી જમાઈ, અને દીકરીનાં પાંચ બાળકો હતાં. તે સ્થાનિક વેપારીઓની પુત્રીઓને સંગીત શીખવીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતી. એમાં તેને કલાકના પચાસ કોપેક મળતા. તે ક્યારેક ચાર તો ક્યારેક પાંચ કલાક કામ કરતી અને મહિનામાં લગભગ સાઠેક રૂબલ જેટલું કમાઈ લેતી. હાલ પૂરતી જિંદગી એવી રીતે ચાલતી હતી, અને જમાઈને કોઈ નવી નોકરી મળે ત્યાં સુધી એમ જ ચાલતી રહેવાની હતી. પ્રાસ્કોવ્યા મિખાઇલોવ્નાએ તમામ સગાંસંબંધીઓ તથા ઓળખીતાઓને પત્રો લખીને જમાઈને નોકરી અપાવવાની વિનંતિ કરી હતી. તેણે સેર્ગિયસને પણ પત્ર લખ્યો હતો, પરંતુ તેનો પત્ર પહોંચે તે પહેલાં જ સેર્ગિયસ કુટીર તજીને રવાના થઈ ગયો હતો.

શનિવારનો દિવસ હતો. પ્રાસ્કોવ્યા મિખાઇલોવ્ના સૂકી દ્રાક્ષની રોટી બનાવવા લોટ ગૂંદી રહી હતી. તે એવી રોટી બનાવતાં ઘણાં વરસો અગાઉ પિતાના રસોડામાં ખેતગુલામ બબરચી પાસેથી શીખી હતી. તેને રવિવારે દીકરીનાં બચ્ચાંને મિજબાની કરાવવાનું મન હતું.

તેની દીકરી માશા નાના બચ્ચાને સંભાળી રહી હતી. સૌથી મોટાં બે ભાઈબહેન નિશાળે ગયાં હતાં. જમાઈ આખી રાત જાગીને હવે કાગાનીંદરમાં પડયો હતો. પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાને પણ રાતે બહુ ઓછી નીંદર મળેલી. તે મોડે સુધી દીકરીની જોડે વાત કરતી રહી હતી, પતિ ઉપરની તેની ખીજને ટાઢી પાડવાની કોશિશ કરતી રહી હતી.

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના સમજતી હતી કે જમાઈ સાવ નબળો જીવડો છે અને વાણી કે વર્તન બદલવાનું તેને માટે હવે અશક્ય જ છે. તેને એ પણ સમજાઈ ગયું હતું કે દીકરી જમાઈને ગમે તેટલી વઢે તોયે કશો ફેર પડવાનો નથી. એટલે તે મામલા સુધારી લેવાની અને વઢવાડ તથા મનદુ:ખ અટકાવવાની પોતાનાથી બનતી કોશિશ કરતી. માણસો વચ્ચેના સંબંધોમાં કોઈ પણ જાતની બેદર્દી જોઈને તેના મનમાં લગભગ શારીરિક પીડા જેટલી જ તીવ્ર વ્યથા ઉત્પન્ન થતી. તેને સાફ સમજાઈ ગયું હતું કે એથી કશો ફાયદો કદી ન જ થાય, એથી તો હાલત બદતર જ બને. આ બધું તેણે સરખી રીતે વિચારીને સમજી લીધું હોય એમ પણ નહોતું. દુર્ગંધ, કર્કશ અવાજ, અથવા ફટકાથી જેવો ક્લેશ થાય એવો ક્લેશ તેને ક્યાંય દ્વેષ નજરે પડતાં આપોઆપ થવા લાગતો.

રોટી બનાવવાની પોતાની આવડત અંગે અભિમાન અનુભવતી તે લુકેરિયાને લોટ ગૂંદતાં શીખવી રહી હતી. એટલામાં તેનો દોહિત્ર નાનકડો મીશા દોડતો અંદર આવ્યો. છ વરસના બાળકને ગળે લાળિયું લટકતું હતું અને તેના સુકલકડી પગને ઢાંકતાં મોજાં અનેક વાર રફૂ કરેલાં હતાં. બાળક ભયભીત લાગતો હતો.

"નાનીમા, કોઈ બિહામણો ડોસો તમારું નામ પૂછે છે!"

"હા, ઠકરાણીજી, કોઈ જાત્રાળુ લાગે છે."

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના કોણીએથી લોટ ખંખેરી નાખીને હાથ લૂછતી, જાત્રાળુ સારુ પાકીટમાંથી પાંચ કોપેક લઈ આવવા રસોડામાંથી બહાર નીકળવા લાગી, પરંતુ એટલામાં તેને યાદ આવ્યું કે પાકીટમાં દસ કોપેકથી નાનો સિક્કો છે જ નહિ. એટલે તેણે પૈસાને બદલે રોટી આપવાનું નક્કી કર્યું અને તે કબાટ તરફ વળી. પરંતુ અચાનક તેને ખ્યાલ આવ્યો કે પોતે ભિક્ષા આપવામાં લોભ કરે છે, એટલે તેનું મોં શરમથી લાલ થઈ ગયું. તેણે લુકેર્યાને રોટીનો મોટો કકડો કાપવાનું કહ્યું અને પોતે દસ કોપેકનો સિક્કો પણ લઈ આવવા ગઈ. તેણે પોતાની કંજૂસીના પ્રાયશ્ચિત તરીકે ભિક્ષામાં રોટી અને ભેગા દસ કોપેક પણ આપી દેવાનું નક્કી કર્યું.

જાત્રાળુને રોટી અને સિક્કો આપતી વેળા તેણે માફી માગી. ભિક્ષા આપતી વેળા તેને પોતાની ઉદારતા બદલ અભિમાન થવાને બદલે બહુ ઓછું આપવા બદલ ઊલટી શરમ આવી. જાત્રાળુનો દેખાવ બહુ જ પ્રભાવી હતો.

તેણે ત્રણસો કિલોમીટરનું અંતર રસ્તે ઈસુના નામે ભીખ માગતાં માગતાં કાપ્યું હતું. તે સુકલકડી અને ચીંથરેહાલ હતો. તેના મોં ઉપર ટાઢતડકાની અસર વરતાતી હતી. તેના વાળ ટૂંકા હતા. તેણે ખેડૂત જેવાં બરછટ બૂટ ને હેટ પહેર્યાં હતાં. પરંતુ તે છતાં, અને તેની પૂરી વિનમ્રતા છતાં, તેના દેખાવમાં વણાઈ ગયેલા પ્રભાવની છાંટ હજી બાકી હતી. પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાએ તેને ઓળખ્યો નહિ, ઓળખી

શકી નહિ કારણ કે તેને છેલ્લી વાર જોયાને ત્રીસ વરસ વીતી ગયાં હતાં.

"માઠું લગાડશો નહિ, આથી વધારે આપવાની મારી શકિત નથી. ભૂખ લાગી છે ને?"

સેર્ગિયસે રોટી અને પૈસાની ભિક્ષા લઈ લીધી. પરંતુ પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના જોતી રહી કે જાત્રાળુ ખસતો નથી, પોતાની સામે જોઈ રહ્યો છે.

"પાશેન્કા, હું તારી પાસે આવ્યો છું. મને આશરો આપ."

તેની સામે આર્જવભરી નજરે એકધારી તાકી રહેલી રૂપાળી ઘેરી આંખોમાં ઝળઝળિયાંનું પડ બાઝી ગયું. અને ધોળી પડતી મૂછોની નીચે હોઠ દયાજનક રીતે કંપવા લાગ્યા.

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાના હોઠ ખૂલી ગયા અને તેનો હાથ કરમાઈ ગયેલી છાતીએ ચંપાઈ ગયો. તેની નજર જાત્રાળુના ચહેરા ઉપર ફરી વળી.

"હોય નહિ! સ્તેપાન! સેર્ગિયસ! ફાધર સેર્ગિયસ!"

"હા," સેર્ગિયસ સાવ ધીમા અવાજે બોલ્યો. "ફકત એટલું જ કે સેર્ગિયસ નહિ, ફાધર સેર્ગિયસ નહિ, દુષ્ટ પાપી સ્તેપાન કાસાત્સ્કી, પતિત અને દુષ્ટ પાપી. મને સહાય કર! મને આશરો આપ!"

"હોય નહિ! તમે કેટલા નમ્ર બની ગયા છો! આવો, અંદર આવો!"

તેણે હાથ લાંબો કર્યો. પણ સેર્ગિયસે હાથ મિલાવ્યા નહિ. તે પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાની પાછળ પાછળ ઘરમાં ગયો.

પણ ઉતારો ક્યાં આપવો? ઘરમાં જગ્યાની ખેંચ હતી, અગાઉ એક નાનકડી, સાવ કબાટ જેવડી, ઓરડી તે પોતે વાપરતી. પરંતુ એ પણ તેણે હવે માશાને આપી દીધી હતી. અને માશા ત્યાં બેઠી બેઠી નાના બચ્ચાને સુવડાવી રહી હતી.

"હમણાં અહીંયાં બેસો," પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાએ રસોડામાં બાંકડા તરફ આંગળી ચીંધતાં કહ્યું.

સેર્ગિયસ તરત જ બેસી ગયો. તેણે પહેલાં એક ખભેથી અને પછી બીજે ખભેથી પટ્ટા સરકાવીને પીઠેથી થેલો કાઢી નાખ્યો. સાફ જણાઈ આવતું હતું કે તેને હવે એવી આદત પડી ગઈ હતી.

"હે ભગવાન! હે ઈશ્વર! તમે કેવા રાંક બની ગયા છો! કેવો ભારે મોભો, અને એકાએક..."

સેર્ગિયસે કશો જવાબ ન આપ્યો. માત્ર તેની હોઠ જરાક મલકી ગયા. તેણે થેલો બાંકડા ઉપર મૂક્યો.

"માશા, જાણે છે આ કોણ છે?"

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાએ દીકરીના કાનમાં હોઠ ફફડાવીને તેને કહ્યું કે મહેમાન કોણ છે. માદીકરીએ મળીને માશાની પથારી તથા બચ્ચાનું પારણું બીજે ખસેડીને નાનકડી ઓરડી સેર્ગિયસ સારુ ખાલી કરી નાખી.

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના સેર્ગિયસને એ નાનકડી ઓરડીમાં લઈ ગઈ.

"અહીંયાં આરામ કરો. અફસોસ છે કે ઓરડી બહુ નાની છે. મારે તો હવે જવું પડશે."

"ક્યાં?"

"સંગીત શીખવવા. કહેતાં શરમ આવે છે, પણ હું સંગીત શીખવવાનું કામ કરું છું."

"સંગીત? મઝાની વાત. પણ પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના, મારા મનમાં બહુ ગંભીર વાત ઘોળાય છે. તમારી જોડે વાત કરવાનો મોકો ક્યારે મળશે?"

"મારે માટે તો મોટા સુખની બાબત છે. આજે સાંજે ઠીક રહેશે?"

"ભલે. પણ એક બીજી વાત—કોઈને કહેશો નહિ કે હું કોણ છું. મેં તો માત્ર તમારી ઉપર જ વિશ્વાસ રાખવાની હિંમત કરી છે. કોઈને ખબર નથી કે હું ક્યાં ચાલ્યો ગયો છું. ભેદ રાખવો બહુ જરૂરી છે."

"અરે! પણ મેં તો દીકરીને કહી દીધું છે!"

"તો એને જણાવી દો કે કોઈને વાત ન કરે."

સેર્ગિયસે બૂટ કાઢી નાખ્યા અને પથારીમાં આડો પડતાં જ તેને નીંદર આવી ગઈ. તે આખી રાત જાગેલો અને તેણે ચાળીસ કિલોમીટરનો પંથ કાપેલો.

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના પાછી આવી ત્યારે સેર્ગિયસ જાગી ગયો હતો અને નાનકડી ઓરડીમાં તેની વાટ જોઈ રહ્યો હતો. તે જમવા પણ બહાર નહોતો નીકળ્યો. લુકેર્યા તેને થોડોક સૂપ અને થૂલી પહોંચાડી ગઈ હતી.

"તું વહેલી આવી ગઈ," સેર્ગિયસ બોલ્યો. "કેમ કરીને? હવે આપણે વાત કરીએ?"

"મને કેવા સુખની ઘડી સાંપડી છે! મારે ત્યાં કેવા મહેમાન પધાર્યા છે! આજે એક જગ્યાએ ગઈ જ નહિ, પછી જઈને શીખવીશ... હું તમને મળવા આવવાનો વિચાર જ કરતી હતી. કાગળ પણ લખેલો. અને કેવા અણધાર્યા તમે આવી ગયા!"

"પાશેન્કા, હું તને જે વાત કહેવાનો છું તેને ઈશ્વર સમક્ષ મારી આખરી ઘડીના એકરાર જેવો ગણજે. પાશેન્કા, હું પુનિત માનવી નથી. અરે, હું તો સાદા ને સાધારણ માણસ જેવો પણ નથી. હું પાપી છું; અધમ, દુષ્ટ, અજ્ઞાની, ઘમંડી પાપી છું. કદાચ તમામ ઈન્સાનોથી નહિ—એમ તો હું ન કહી શકું—પણ બદતરીન માણસોથીયે બદતર છું."

પહેલાં તો પાશેન્કા આંખો ફાડીને તેને તાકી રહી. આવી વાત માનવી કેવી રીતે? પછી તે વાતને ખરેખર માનવા લાગી ત્યારે તેણે સેર્ગિયસના હાથ પર પોતાનો હાથ મૂકીને ગમગીન ભાવે મોં મલકાવતાં કહ્યું:

"સ્તેપાન, કદાચ તું વાત બહુ વધારીને કહેતો લાગે છે."

"ના, પાશેન્કા. હું લંપટ છું. હું ખૂની છું. હું પાખંડી અને કપટી છું."

"હે ભગવાન! આ બધું શું છે?" પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાના હોઠ ફફડી ઊઠયા.

"પણ જિંદગી તો જીવવી જ પડે. અને હું માનતો હતો કે જાણવાનું બધું મેં જાણી લીધું છે, હું બીજાને સલાહ આપતો કે જિંદગી કેવી રીતે જીવવી જોઈએ—પણ હું કશું જ નથી જાણતો, હું તારી પાસેથી શીખવા આવ્યો છું."

"સ્તેપાન, તું કેવી વાત કરે છે? તું મારી મશ્કરી કરે છે. લોકો હંમેશાં મારી મશ્કરી કેમ કરતા હશે?"

"ભલે, તને મશ્કરી લાગતી હોય તો મશ્કરી સમજી લે. પણ વાત કર: તારી હાલત કેવી છે? અને તારી જિંદગી કેવી વીતી છે?"

"હું? અરે, મેં તો મારી જિંદગી તદ્દન ખરાબ ને અધમ રીતે વેડફી નાખી છે. હવે ઈશ્વર મને સજા કરી રહ્યો છે,

હું સજાને જ લાયક છું, અને હાલત બહુ ખરાબ છે, બહુ જ ખરાબ છે..."

"તારી શાદી કેવી રીતે થઈ? અને શાદી પછી તારી જિંદગી કેવી હતી?"

"ખરાબ, બધું જ ખરાબ હતું. શાદી કેવી રીતે થઈ? હું પ્રેમમાં પડી, પણ ભયંકર દુષ્ટ રીતે. બાપુ ખિલાફ હતા. પણ મેં કશી પરવા ન કરી. શાદી થઈ ગઈ. શાદી પછી મેં ધણીને મદદ કરવાને બદલે અદેખાઈ કરીને એની ઉપર જુલમ વરસાવ્યો. હું મારી અદેખાઈને કોઈ રીતે વશ કરી જ નહોતી શકતી."

"સાંભળેલું કે એ દારૂ પીતો."

"હા, પણ એનું મન શાંત કરતાં મને કદી ન આવડયું. અને ખરું પૂછો તો દારૂની લત એટલે એક જાતનો રોગ જ ગણાય. બિચારાથી રહેવાતું જ નહોતું. મને હજી યાદ છે કે હું દારૂ કેવી રીતે છુપાવી દેતી. પછી ભયંકર કજિયા થતા."

કાસાત્સ્કીની ઉપર મંડાયેલી તેની રૂપાળી આંખોમાં પુરાણી યાદથી વેદના છલકાવા લાગી.

કાસાત્સ્કીને અફવાઓ યાદ આવી કે પાશેન્કાનો પતિ તેને મારતો. અત્યારે તેની સુકાઈ ને સંકોડાઈ ગયેલી ગરદન, કાનની પાછળ ઊપસી આવેલી રગો, અને અરધા બદામી તથા અરધા ધોળા પાંખા વાળ ઉપર નજર ફેરવતાં કાસાત્સ્કીને જાણે બધું બરાબર સમજાઈ ગયું.

"પછી મને એકલી મૂકીને એ પરલોક સિધાવી ગયો. મારે બે બાળકો હતાં અને ગુજારાનું કોઈ સાધન નહોતું."

"પણ તારે તો જમીન હતી."

"એ તો વાસ્યા જીવતો હતો ત્યારે જ વેચાઈ ગયેલી... અને પૈસા ફૂંકી દેવાયેલા. એવી હાલતમાં જેમતેમ કરીને અમે જીવતાં રહ્યાં. વળી મને કશું કામ પણ નહોતું આવડતું. અમારા જેવી અમીરઉમરાવોની બેટીઓનું એવું જ હોય છે, કશું કામ ન આવડે. મારી હાલત બેહદ ખરાબ થઈ ગઈ, બેહદ લાચાર બની ગઈ. છેલ્લું જે કંઈ બચ્યું હતું તેના આધારે અમે ગમે તેમ કરીને જીવતાં રહ્યાં. મેં બાળકોને નિશાળે બેસાડયાં અને હુંયે થોડુંક ભણી. પછી મીત્યા ચોથા ધોરણમાં હતો ત્યારે માંદો પડયો અને ઈશ્વરે એને મારી પાસેથી લઈ લીધો. માશા વાન્યા જોડે પ્રેમમાં પડી—વાન્યા મારો જમાઈ. દિલનો મઝાનો આદમી છે પણ બિચારો દુ:ખી છે. એની તબિયત સારી નથી."

"મા," દીકરીનો અવાજ સંભળાયો. "નાનકાને લઈ જા, બધુંય મારાથી ન થાય!"

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના જાણે ચોંકી ગઈ. તે ઝડપથી ઊભી થઈને ઘસાઈ ગયેલાં પગરખાં પહેરતી ઓરડામાંથી બહાર ગઈ અને બે વરસના છોકરાને તેડીને જરાક જ વારમાં પાછી આવી. બચ્ચું ઊછળકૂદ મચાવી રહ્યું હતું અને નાનીમાનો રૂમાલ ખેંચી રહ્યું હતું.

"હું શું કહેતી હતી? હા, વાન્યાને અહીંયાં સરસ નોકરી હતી અને ઉપરી મઝાનો આદમી હતો. પણ એનાથી કામ થાય એમ નહોતું એટલે રાજીનામું આપી દેવું પડયું."

"શું રોગ છે?"

"મનનો થાક. ભયંકર બીમારી છે. ડૉક્ટરોની સલાહ તો લીધી છે—એને હવાફેરની જરૂર છે, પણ એટલા પૈસાનો

જોગ કોઈ રીતે બેસે એમ નથી. એને કશી ખાસ પીડા નથી, ફક્ત..."

"લુકેર્યા!" બીમાર આદમીનો કમજોર અને ચિડિયલ અવાજ સંભળાયો. "કામ પડવાનું હોય ત્યારે જ બહાર મોકલી દે છે. મા!"

"આવું છું," પ્રાસ્કોવ્યા મિખાઇલોવ્નાએ સાદ પાડીને જવાબ આપ્યો. તેની કથની વળી અધૂરી રહી. "એણે હજી કંઈ ખાધું નથી. અમારી ભેગો નથી ખાઈ શકતો."

તે ઓરડામાંથી બહાર ગઈ. થોડી વાર તેનાં પગલાંનો અવાજ સંભળાતો રહ્યો. ટાઢતડકા વેઠીને કાળા પડી ગયેલા હાથ લૂછતી તે થોડી વારમાં પાછી આવી ગઈ.

"બસ, એમ જ ચાલે છે. હંમેશાં ફરિયાદો, હંમેશાં અસંતોષ, પણ તોયે ઈશ્વરની દયાથી છોકરાં બધાં મઝાનાં છે, તંદુરસ્ત છે, અને જિંદગી આમ તો ઠીક જ છે પણ આપણે મારી જ વાત કેમ ચલાવી છે?"

"ગુજારો કેવી રીતે થાય છે?"

"હું થોડુંક કમાઈ લઉં છું. સંગીતમાં મને હંમેશાં કંટાળો આવતો, પણ હવે સંગીત જ મદદ કરે છે!"

તેનો હાથ બાજુમાં પડેલી નાનકડી પેટી ઉપર હતો— નાનકડો પાતળો હાથ. જાણે સંગીતનો મહાવરો કરતી હોય એવી રીતે તેણે પાતળી આંગળીઓ પેટી ઉપર ફેરવી.

"એક વાર શીખવવાના કેટલા પૈસા મળે છે?"

"એક વારનો રૂબલ કે પચાસ કોપેક. કોઈ વળી ત્રીસ કોપેક જ આપે. સૌ બહુ માયાળુ છે."

"અને કોઈ કંઈ શીખે છે ખરું?" કાસાત્સ્કીએ પૂછ્યું. તેની આંખોમાં મલકાટની આછી છાયા ફરકી ગઈ.

પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાને પહેલાં તો માન્યામાં જ ન આવ્યું કે કાસાત્સ્કીએ ગંભીર ભાવે એમ પૂછ્યું હોય. તેણે સવાલભરી નજરે કાસાત્સ્કીની સામે જોયું.

"હા વળી. એક તો બહુ મઝાની નાનકડી બાળા છે, ખાટકીની દીકરી. ભલી ને ડાહી છોકરી છે. હા, મારામાં કંઈ આવડત બળી હોત તો મેં બાપુના જૂના ઓળખીતાઓ મારફત વાન્યાને ક્યાંક નોકરી અપાવી દીધી હોત. પણ હું તો સાવ નકામી છું, અને મેં જ આ બધાંની હાલત આવી કરી નાખી છે."

"હા, હા," કાસાત્સ્કી માથું નમાવતો ધીમા અવાજે બોલ્યો. "અને ધરમકરમ? એમાં તું કંઈ ભાગ લે છે, પાશેન્કા?"

"અરે, એની તો વાત જ ન કરવી સારી. એમાં અમે એટલી લાપરવાઈ કરીએ છીએ કે બહુ જ ખરાબ ગણાય. વારતહેવારે ઉપવાસ કરીએ અને દેવળમાં જઈને પ્રાર્થના કરીએ. પણ આમ તો કેટલાય મહિના દેવળમાં ગયા વગર જ વીતી જાય છે. છોકરાંને મોકલું છું."

"તું કેમ નથી જતી?"

"ખરી વાત કહું તો," તેનું મોં લાલ થઈ ગયું, "જૂનાં ને થાગડથીગડ કપડાં પહેરીને જાઉં તો મારી દીકરીને ને છોકરાંને શરમથી મોં ઢાંકી દેવું પડે. મારાથી એમ ન થાય. અને નવાં કપડાં તો મારી પાસે નથી. વળી આળસુયે ખરી."

"તો ઘરમાં પ્રાર્થના કરે છે?"

"કરું તો છું, પણ એને ખરી પ્રાર્થના ન કહેવાય, સાવ મશીનની જેમ. મને ખબર છે કે પ્રાર્થના એમ ન કરાય,

પણ મારા દિલમાં ખરી લાગણી થતી જ નથી, ફક્ત મારી પામરતાનો જ ખ્યાલ આવે છે."

"હા, સમજ્યો," કાસાત્સ્કી જાણે બહાલી આપતો હોય એમ બોલ્યો.

વળી પાછો જમાઈનો સાદ સંભળાયો.

"આવું છું, આવું છું," પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાએ જવાબ આપ્યો, અને તે રૂમાલ સરખો કરતી ફરી ઓરડામાંથી બહાર ગઈ.

આ વખતે તેને પાછી આવતાં વાર લાગી. આખરે તે પાછી આવી ત્યારે કાસાત્સ્કી અગાઉની જેમ જ માથું આગળ નમાવીને અને કોણીઓ ગોઠણ ઉપર ટેકવીને બેઠો હતો. પણ તેણે થેલો પીઠે બાંધી લીધો હતો.

તે પતરાનો સાદો દીવો હાથમાં લઈને ઓરડામાં દાખલ થઈ ત્યારે કાસાત્સ્કીએ પોતાની થાકેલી રૂપાળી આંખો તેની આંખોમાં પરોવીને બહુ ઊંડો નિસાસો નખ્યો.

"મેં ઘરમાં કહ્યું નથી કે તું કોણ છે," પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના સંકોચના ભાવે બોલી. "એટલું જ કહ્યું છે કે ઉમરાવ કુટુંબનો કોઈ જાત્રાળુ છે, જૂનો ઓળખીતો છે. ચાલ, અંદર આવીને ચા પીશે ને?"

"ના."

"તો અહીંયાં લઈ આવું."

"ના, જરૂર નથી. ઈશ્વર તારી રક્ષા કરે, પાશેન્કા. મારે હવે નીકળવું જોઈએ. તને મારી તરફ જરાય લાગણી થતી હોય તો કોઈને કહેતી નહિ કે તું મને મળી છે. હું તને સદા પ્રાણમય ઈશ્વરની આણ આપીને કહું છું કે કોઈને જણાવતી નહિ. અને તારું અહેસાન માનું છું. હું તારા

પગમાં પડી ગયો હોત, પણ મને ખબર છે કે એથી તને શરમ આવે. આભાર, ઈસુને ખાતર માફ કરજે."

"આશીર્વાદ આપતો જા."

"ઈશ્વર આશીર્વાદ આપશે. ઈસુને ખાતર મને માફ કરજે."

તે નીકળી ગયો હોત, પણ પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્નાએ તેને રોકી રાખ્યો. તે અંદર જઈને રોટી, બિસ્કિટ, તથા માખણ લઈ આવી. કાસાત્સ્કી એ બધું લઈને ચાલ્યો ગયો.

બહાર અંધારું હતું. પ્રાસ્કોવ્યા મિખાઈલોવ્ના તેને માત્ર બે ઘર સુધી જ જતો જોઈ શકી. પછી તો વડા પાદરીના કૂતરાને ભસતો સાંભળીને જ તે અટકળ કરી શકી કે કેટલે સુધી પહોંચ્યો હશે.

"તો મારા સ્વપ્નાનો અર્થ આવો હતો. પાશેન્કા જાણે બરાબર મારે જેવો હોવું જોઈતું હતું એવી જ છે, પણ હું એવો ક્યારેય નથી બની શક્યો. હું ઈશ્વરને ખાતર જીવવાનો ઢોંગ કરતો રહ્યો પણ વાસ્તવમાં તો ઇન્સાનને ખાતર જ જીવતો રહ્યો. પરંતુ પાશેન્કા ઇન્સાનને ખાતર જીવતી હોવાનો ખ્યાલ મનમાં રાખીને વાસ્તવમાં તો ઈશ્વરને ખાતર જીવે છે. હા, એક સુકૃત્ય, બદલાની આશા વગર પાણીનો એક પ્યાલો ધરવાનું સુકૃત્ય, મેં ઇન્સાનને ખાતર સૌને જે મદદ કરેલી તેના કરતાં અધિક મૂલ્યવાન છે. પણ તેમાં ઈશ્વરની સેવા કરવાની જરા સરખીયે ઇચ્છા શું નહોતી?" તેણે મનમાં સવાલ કર્યો અને જવાબ આપ્યો: "હા, હતી ખરી, પરંતુ તે ઇન્સાનોમાં ગૌરવ હાંસલ કરવાની ઇચ્છા વડે ભ્રષ્ટ થઈ

ગઈ હતી, દબાઈ ગઈ હતી. મારી જેમ ઈન્સાનોમાં ગૌરવ હાંસલ કરવા ખાતર જીવનારા માણસો માટે ઈશ્વર છે જ નહિ. પરંતુ હું હવે એની શોધ ચલાવીશ."

અને તે જેવી રીતે પાશેન્કાની પાસે ગયો હતો એવી જ રીતે ગામડે ગામડે ભટકવા લાગ્યો. તે ક્યારેક બીજાં જાત્રાળુ નરનારીઓ ભેગો ભળી જતો, ક્યારેક અળગો પડી જતો, ઈસુના નામે ખોરાક અને રાતવાસાની ટહેલ કરતો રહેતો. ક્યારેક કોઈ ચિડિયલ બાઈ તેને વઢતી, અથવા ઘેનમાં ચકચૂર કોઈ ખેડૂત ગાળો ભાંડતો. પરંતુ મોટે ભાગે તેને ખાવા પીવાનું મળી રહેતું અને સફર માટે પણ લોકો ભાથું બંધાવતા. તેના ઉમરાવ કુળને જાહેર કરી દેતો તેનો દેખાવ કેટલાક લોકોને તેની તરફેણમાં કરી દેતો. એથી ઊલટું, ઉમરાવ કુળના આદમીને ભિખારીની હાલતમાં જોઈને કેટલાકને ખુશી થતી. પરંતુ જે કોઈને તે મળતો તેનું મન પોતાના નમ્ર સ્વભાવ વડે જીતી લેતો.

કોઈ ઘરમાં ઈસુના ઉપદેશનું પુસ્તક મળી જાય તો તે મોટેથી વાંચી સંભળાવતો. એવું ઘણી વાર બનતું. હંમેશાં, દરેક ઠેકાણે, લોકો હોંશથી સાંભળતા, અને ખૂબ પરિચિત હોવા છતાં જાણે કશુંક નવું સાંભળતા હોય એમ લાગણીવશ તથા વિસ્મિત થઈ જતા.

કોઈની સેવા કરવાનો, સલાહ આપવાનો, અભણ માણસો સારુ પત્રો કે દસ્તાવેજો લખી આપવાનો, અથવા કજિયાકંકાસને ટાઢા પાડવાનો અવસર તેને મળે ત્યારે લોકોના અહેસાનના શબ્દો તેને કદી સાંભળવા ન મળતા કારણ કે એવા શબ્દો બોલાતા પહેલાં જ તે રવાના થઈ જતો. એ રીતે, તેને ધીરે ધીરે ઈશ્વર સાંપડવા લાગ્યો.

એક દિવસ તે બે ડોશીઓ તથા લશ્કરમાંથી છૂટા કરવામાં આવેલા એક સિપાહીની જોડે સડક પર ચાલતો સફર ખેડી રહ્યો હતો. માર્ગે તેમને કેટલાક ભદ્ર લોકોએ રોક્યા. એક સજ્જન અને મહિલા ઘોડાગાડીમાં બેઠાં હતાં. ગાડીને ફૂર્તિલો ઘોડો જોડેલો હતો. બીજાં એક સજ્જન અને મહિલા ઘોડા ઉપર સવાર થઈને ગાડીની જોડાજોડ જઈ રહ્યાં હતાં. ઘોડેસવાર થયેલાં માણસો ગાડીમાં બેઠેલી મહિલાનો પતિ અને પુત્રી હતાં. બીજા સજ્જન કોઈ ફ્રેંચ મહેમાન જેવો લાગતો હતો.

કામ કરવાને બદલે એક જગ્યાએથી બીજી જગ્યાએ ભમતા રહેવાની રશિયન પ્રજાના જીવનમાં વણાઈ ગયેલી વહેમીલી પ્રથાથી દોરવાતાં નરનારી જાત્રાળુઓ ફ્રેંચ મહેમાનને બતાવવાના ઈરાદે ભદ્ર લોકોએ તેમને રોક્યાં હતાં.

તેઓ ફ્રેંચ ભાષામાં વાત કરી રહ્યાં હતાં, કદાચ એમ ધારીને કે જાત્રાળુઓ એ ભાષા નહિ જાણતાં હોય.

"આ લોકોને પૂછો કે તમારી જાત્રાથી ઈશ્વર રાજી થાય છે કે નહિ," ફ્રેંચ મહેમાને ફ્રેંચ ભાષામાં કહ્યું.

સવાલ પૂછવામાં આવ્યો. એક ડોશીએ જવાબ આપ્યો: "ઈશ્વરને જ ખબર. પગ તો જાત્રા કરી આવ્યા, કદાચ હૈયાંને પણ જાત્રા થઈ ગઈ હશે."

એ જ સવાલ સિપાહીને પૂછવામાં આવ્યો. તેણે જવાબ આપ્યો કે હું જગતમાં એકલો છું અને મારે ઠરીઠામ રહેવાની કોઈ જગ્યા જ નથી.

પછી એ લોકોએ કાસાત્સ્કીને પૂછ્યું કે તમે કોણ છો.

"ઈશ્વરનો ચાકર."

ફ્રેંચ ભાષામાં વાતચીત થવા લાગી:

"શું કહ્યું? જવાબ નથી આપતો."

"કહે છે કે ઈશ્વરનો ચાકર છું."

"ઘણું કરીને કોઈ પાદરીનો પુત્ર હશે. એનું ઊંચું કુળ તરત વરતાઈ આવે છે. છૂટા પૈસા છે?"

ફ્રેંચ મહેમાનના ખીસામાંથી થોડાક છૂટા પૈસા નીકળ્યા. તેણે દરેક જાત્રાળુને વીશ કોપેકનો એકેક સિક્કો આપ્યો.

"જરાક એટલું સમજાવી દેજો કે આ પૈસા મીણબત્તી સારુ નહિ પણ ચા પીવા સારુ છે," તેણે ફ્રેંચ ભાષામાં સૂચના આપી. "ચા, ચા," તે રશિયન ભાષામાં બોલતો હસી પડયો. પછી તેણે મોજું પહેરેલા હાથ વડે કાસાત્સ્કીનો ખભો થાબડતાં વાક્ય ફ્રેંચ ભાષામાં પૂરું કર્યું: "દાદા, તમારે ચા પીવા સારુ."

"ઈસુ તમારી રક્ષા કરે," કાસાત્સ્કી હૅટ હાથમાં લઈને ટાલિયું માથું નમાવતો બોલ્યો.

ભદ્રલોકો જોડેના એ ભેટાથી કાસાત્સ્કીને ખાસ ખુશી થઈ કારણ કે પોતાને અંગેના લોકોના ખ્યાલોને તે અવગણી શક્યો હતો અને સાદામાં સાદું તથા સહેલામાં સહેલું કૃત્ય તે કરી શક્યો હતો—તેણે વીશ કોપેક નમ્રતાથી લઈ લીધા હતા અને પોતાના એક સાથી અંધ ભિખારીને આપી દીધા હતા. માનવીય અભિપ્રાયોનું મૂલ્ય તેના મનમાં જેમ જેમ ઘટતું ગયું તેમ તેમ તેને ઈશ્વર વધારે સમીપ લાગતો ગયો.

એવી રીતે આઠ મહિના વીતી ગયા. નવમા મહિના દરમિયાન તે ફરતો ફરતો એક પ્રાંતિક કેંદ્રમાં પહોંચ્યો અને બીજા જાત્રાળુઓ ભેગો એક જગ્યાએ રાતવાસો રહ્યો. ત્યાં પૂછપરછ દરમિયાન તે પાસપોર્ટ ન બતાવી શક્યો એટલે

તેને વધુ તપાસ માટે થાણે લઈ જવામાં આવ્યો. નામ અંગે અને પાસપોર્ટ સંબંધી સવાલોના જવાબમાં તેણે કહ્યું કે મારી પાસે પાસપોર્ટ છે જ નહિ, અને હું તો ઈશ્વરનો ચાકર છું. તેની ઉપર રખડેલ આદમી હોવાનો આરોપ મુકીને કામ ચલાવવામાં આવ્યું અને તેને સજા કરીને સાઈબિરિયા મોકલી દેવામાં આવ્યો.

સાઈબિરિયા તે એક દોલતમંદ ખેડૂતના ખેતરમાં કામે રહી ગયો. તે હાલ ત્યાં જ રહે છે, ખેડૂતની વાડીમાં કામ કરે છે, ગામનાં બાળકોને ભણાવે છે, અને માંદાંની સેવાચાકરી કરે છે.

૧૮૯૮

નૃત્યસમારંભ પછી

આ નવલિકાનું સર્જન લેખકના સાથી સેર્ગેઈ નિકોલાયેવિચના જીવનમાં ખરેખર બનેલી એક ઘટનાના આધારે થયેલું છે. સેર્ગેઈ નિકોલાયેવિચને કઝાન લશ્કરી વિસ્તારના વડા એ. પી. કોરેઈશાની પુત્રી જોડે પ્રેમ હતો. પરંતુ એક સૈનિકને થયેલા ભોંકની સજાનો અમલ પોતાની ભાવુકના પિતાના સંચાલન હેઠળ થતો સેર્ગેઈ નિકોલાયેવિચે જોયા પછી એ શાદી ન થઈ.

લેવ તોલ્સ્તોય એ. પી. કોરેઈશાને અંગત રીતે જાણતા હતા. તેમણે ૧૮૮૬માં લખેલા 'નિકોલાઈ પાલ્કિન' શીર્ષક પ્રકરણના લેખમાં એક કર્નલને (નિઃશંક એ.પી.કોરેઈશાને) યાદ કરતાં લખ્યું છે કે "રાત્રે નૃત્યસમારંભમાં તેણે પોતાની ખૂબસૂરત પુત્રી જોડે નૃત્ય કર્યું. પરંતુ તે વિદાયનો સમારંભ સમાપ્ત કરતાં પહેલો ચાલી ગયો કારણ કે બીજે સવારે એક ભાગેડુ સિપાઈને શેતર ફટકારીને મારી નાખવાની સજાનો અમલ કરવાનો હતો..."

આ નવલિકાનું પ્રથમ પ્રકાશન તોલ્સ્તોયના મૃત્યુ બાદ ૧૯૧૧માં થયું હતું.

આ નવલિકાનું સર્જન લેખકના ભાઈ સેર્ગેઇ નિકોલાયેવિચના જીવનમાં ખરેખર બનેલી એક ઘટનાના આધારે થયેલું છે. સેર્ગેઇ નિકોલાયેવિચને કઝાન લશ્કરી વિસ્તારના વડા એ. પી. કોરેઈશાની પુત્રી જોડે પ્રેમ હતો. પરંતુ એક સૈનિકને થયેલા મોતની સજાનો અમલ પોતાની માશૂકના પિતાના સંચાલન હેઠળ થતો સેર્ગેઇ નિકોલાયેવિચે જોયા પછી એ શાદી ન થઈ.

લેવ તોલ્સ્તોય એ. પી. કોરેઈશાને અંગત રીતે જાણતા હતા. તેમણે ૧૮૮૬માં લખેલા 'નિકોલાઇ પાલકિન' શીર્ષક ધરાવતા લેખમાં એક કમાંડરને (નિઃશંક એ.પી.કોરેઈશાને) યાદ કરતાં લખ્યું છે કે "રાત્રે નૃત્યસમારંભમાં તેણે પોતાની ખૂબસૂરત પુત્રી જોડે નૃત્ય કર્યું. પરંતુ તે વિદાયના સામાન્ય સમય કરતાં વહેલો ચાલ્યો ગયો કારણ કે તેને સવારે એક ભાગેડુ સિપાહીને કોરડા ફટકારીને મારી નાખવાની સજાનો અમલ કરવાનો હતો..."

આ નવલિકાનું પ્રથમ પ્રકાશન તોલ્સ્તોયના મૃત્યુ બાદ ૧૯૧૧માં થયું હતું.

"તો તમે માનો છો કે સારું શું ને ખરાબ શું એ માણસ સ્વતંત્ર રીતે સમજી ન શકે, બધો આધાર સંજોગોની ઉપર હોય છે, માણસ તો સંજોગોનો ગુલામ છે. પણ હું તો માનું છું કે બધું આકસ્મિક બનતું હોય છે. તમને મારી જ વાત કરું..."

અમારા આદરણીય મિત્ર ઈવાન વસીલ્યેવિચે ચર્ચાના અંતમાં એવું કથન કર્યું. ચર્ચાનો મુદ્દો એ હતો કે વ્યકિતમાં કશી સુધારણા આણવી હોય તો પહેલાં ઈન્સાનોની જિંદગીના સંજોગોમાં પરિવર્તન આણવું પડે. હકીકતમાં કોઈએ એમ કહ્યું જ નહોતું કે સારું અને ખરાબ સ્વતંત્ર રીતે સમજી લેવાનું અશક્ય છે. પરંતુ ઈવાન વસીલ્યેવિચની રીત જ એવી હતી. એ તો ચર્ચા દરમિયાન મનમાં પેદા થતા ખ્યાલોના જવાબ આપી દેતા અને પછી પોતાની જિંદગીમાંથી એ ખ્યાલોને લગતા કિસ્સા કહી સંભળાવતા. એ ઘણી વાર બયાનમાં

એટલા બધા મશગૂલ બની જતા કે કિસ્સો સંભળાવવાનું મૂળ કારણ જ ભૂલી જતા, વાત હંમેશાં ખૂબ જોમથી અને ખરા દિલથી કરતા એટલે અકસર એમ બનતું.

આ બાબતમાં પણ બરાબર એમ જ બન્યું.

"કંઈ નહિ તો મારી પોતાની બાબતમાં હું એવો દાવો કરી શકું એમ છું. મારી જિંદગીનો ઘાટ બીજી કોઈ રીતે નહિ પણ એ જ રીતે ઘડાયો છે, સંજોગોના આધારે નહિ પણ એથી સાવ નિરાળા કશાકના આધારે ઘડાયો છે."

"શાના આધારે?" અમે પૂછ્યું.

"એ તો લાંબો કિસ્સો છે. પૂરી વાત કહી સંભળાવું તો જ તમને સમજાય."

"તો સંભળાવો."

ઈવાન વસીલ્યેવિચ વિચારમાં પડી ગયા અને માથું હલાવીને બોલ્યા:

"હા, મારી આખી જિંદગી એક જ રાતમાં, અથવા ખરું પૂછો તો એક જ પ્રભાતે, પલટાઈ ગઈ હતી."

"એમ? એવું તે શું બનેલું?"

"બનેલું એમ કે હું એકદમ ઊંડા પ્રેમમાં પડી ગયેલો. અગાઉ પણ હું પ્રેમમાં તો ઘણી વાર પડેલો, પણ ઊર્મિઓનો આટલો પ્રબળ ઉછાળો પહેલાં ક્યારેય નહોતો આવ્યો. લાંબા વખત પહેલાંની વાત છે—હવે તો એની દીકરીઓ પણ પરણીને ઠરીઠામ થઈ ગઈ છે. એનું નામ હતું વારેન્કા... પચાસની ઉંમરે પણ એ ગજબની રૂપાળી હતી, પરંતુ અઢાર વરસની તરુણ વયે તો જાણે સ્વપ્નસુંદરી: દેહલતા ઊંચી, પાતળી, મનમોહક, અને શાહી અદા—હા, શાહી અદા. કાયા જાણે વાળી શકતી જ ન હોય એમ હંમેશાં એ ટટ્ટાર

રહેતી અને માથું જરાક પાછળ નમેલું રહેતું. શરીર હાડકાંના માળખા જેવું પાતળું હોવા છતાં એના લાવણ્ય તથા ઊંચાઈની જોડે એવી અદાને લીધે એ મહારાણી જેવી પ્રતાપી લાગતી. એના વદન પર હંમેશાં આનંદી મોહક સ્મિત રમતું ન હોત, એનાં નમણાં નયનોમાં ગૌરવમય ઝળકાટ ન હોત, અને એનું સમગ્ર વ્યક્તિત્વ મુગ્ધકર ને તારુણ્યસભર ન હોત તો એનું એવું ઓજસ ખોફનાક બની ગયું હોત."

"ઈવાન વસીલ્યેવિચ વર્ણનમાં રંગ એવા અદ્‌ભુત પૂરે કે બસ!"

"હું ગમે એવા અદ્‌ભુત રંગ પૂરું તોયે તમને પૂરો ખ્યાલ ન જ આપી શકું કે એનું રૂપ ખરેખર કેવું ગજબનું હતું. પણ એ તો જુદી જ વાત થઈ ગઈ. હું તમને જણાવવાનો છું એ ઘટનાઓ પાંચમા દાયકામાં બનેલી. એ વખતે હું એક પ્રાંતિક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. એ જમાનામાં અમારી યુનિવર્સિટીમાં તમારાં આજનાં અધ્યયન મંડળો ને સિદ્ધાંતોના ચર્ચાવિવાદની ઘેલછા જેવું કશું નહોતું. મને ખબર નથી કે એ સારી વાત ગણાય કે ખરાબ. અમે તરુણ વયનાં હતાં અને તરુણ લોકો જેવી જિંદગી જીવતાં—અભ્યાસ કરતાં અને મોજ માણતાં. હું બહુ આનંદી ને ફૂર્તિલો યુવાન હતો, અને વળી દોલતમંદ પણ હતો. મારી પાસે થનગનતો ઘોડો ને મઝાની ગાડી હતાં. હું યુવતીઓને ગાડીમાં સહેલ કરાવવા લઈ જતો (સ્કેટિંગની ઘેલછા હજી શરૂ નહોતી થઈ). હું સહપાઠીઓ ભેગો શરાબની મહેફિલોમાં જતો (એ જમાનામાં અમે શેમ્પેન સિવાય બીજું કશું ન પીતા. ખીસાં ખાલી હોય તો પીતા જ નહિ, પણ આજે ચાલે છે એમ વોદકા ક્યારેય ન પીતા). પણ મને સૌથી વધારે મઝા તો નાચગાનની

મહેફિલોમાં પડતી. મને નૃત્યમાં સારી ફાવટ હતી અને હું કદરૂપોયે નહોતો."

"બસ હવે, વધારે પડતી નમ્રતાની જરૂર નથી," એક મહિલા બોલી. "અમે સૌએ તમારી છબીઓ જોઈ છે. કદરૂપા તમે નહોતા જ, ઊલટા બહુ દેખાવડા હતા."

"કદાચ હતો, પણ મારો ઇરાદો તમને એની વાત કરવાનો નથી. મારો પ્રેમ અત્યંત ઉત્કટ કક્ષાએ હતો ત્યારે હું એક નૃત્યસમારંભમાં ગયેલો. તેનું આયોજન પ્રાંતના શાહી અધિકારીએ તહેવારના પ્રસંગે કરેલું. એ સદ્ભાવી વૃદ્ધ માણસ ધનવાન હતો અને સૌને મોજમઝા કરાવવાનો એને શોખ હતો. એના જેવી જ માયાળુ એની પત્ની અમને આવકારવા એના ભેગી ઊભી હતી. એણે મખમલના પોશાક પહેર્યો હતો અને કેશમાં રત્નજડિત આભૂષણ ઝગારા મારી રહ્યું હતું. વૃદ્ધાવસ્થા પ્રગટ કરતાં એનાં ભર્યાંભર્યાં ને ગૌરવર્ણાં ગરદન ને ખભા, સમ્રાજ્ઞી યેલિઝાવેતા પેત્રોવ્નાની છબીઓમાં જોવા મળે છે એમ, અનાવૃત હતાં. નૃત્યસમારંભ અદ્ભુત હતો અને નૃત્યખંડ મનોહર હતો. સંગીતના ચાહક એક જમીનદારના આશ્રિત મશહૂર ગાયકો અને સંગીતકારોને બોલાવવામાં આવ્યા હતા. લહેજતદાર ખાણાંપીણાંની કમી નહોતી અને શેમ્પેનની તો જાણે નદીઓ વહેતી હતી. મને શેમ્પેન બહુ જ પસંદ છે, પણ મેં એક ઘૂંટડોયે ન પીધો—મને તો પ્રેમનો કેફ ચડેલો હતો. પણ હું થાકીને લોથપોથ થઈ ગયો ત્યાં સુધી નૃત્ય કરતો રહ્યો, મેં જાતજાતનાં નૃત્યો કર્યાં, અને કહેવાની જરૂર જ ન હોય કે મોટા ભાગનાં નૃત્યો મેં વારેન્કાની જોડે માણ્યાં. એણે સફેદ પોશાક પહેર્યો હતો અને ગુલાબી રૂમાલ બાંધ્યો હતો. એના મુલાયમ દસ્તાના પાતળી અણીદાર કોણી



સુધી પહોંચવામાં જરાક ટૂંકા પડતા હતા. એના પગમાં સાટીનનાં સફેદ સ્લીપર હતાં. એની જોડે પહેલું માઝુર્કા નૃત્ય કરવાનું મારું સૌભાગ્ય આનીસિમોવ નામે એક કંગાલ ઍન્જિનિયર ઝૂંટવી ગયો. હું એ આદમીને આજ સુધી માફ નથી કરી શક્યો. વારેન્કાએ નૃત્યખંડમાં પ્રવેશ કર્યો કે તરત જ ઍન્જિનિયરે એની પાસે પહોંચી જઈને નૃત્યનું આમંત્રણ આપી દીધું. મારે દસ્તાના લેવા સલૂનમાં જવું પડેલું એટલે સમારંભમાં પહોંચતાં મોડું થઈ ગયેલું. મારે પહેલું માઝુર્કા નૃત્ય એક જર્મન યુવતી જોડે કરવું પડ્યું. એક જમાનામાં હું એના મોહપાશમાં બંધાઈ ગયો હતો. પરંતુ મને લાગે છે કે સમારંભમાં મેં એના પ્રત્યે વધારે પડતી બેદરકારી બતાવી. એની જોડે વાત પણ ન કરી અને એની સામે જોયું પણ નહિ. મારી આંખોને તો એક જ યુવતી સિવાય બીજું કશું જાણે દેખાતું જ નહોતું—એ યુવતીની ઊંચી પાતળી દેહલતા સફેદ પોશાક અને ગુલાબી રૂમાલમાં સોહતી હતી, એના દીપ્તિમાન ગુલાબી ગાલોમાં ખંજન પડતાં હતાં, એને મૃદુ મધુર લોચનિયાં હતાં. માત્ર એને જ નીરખતો રહેનારો હું એકલો નહોતો. સૌ મુગ્ધ નજરે એને જ નીરખી રહ્યાં હતાં. એના રૂપના તેજમાં ઝાંખી પડી જતી બીજી તમામ મહિલાઓ પણ પ્રશંસાની નજરે એને નીરખતી હતી. એની પ્રશંસા કર્યા વગર કોઈ રીતે રહી શકાય એમ નહોતું.

"નિયમ મુજબ તો હું માઝુર્કા નૃત્યમાં એનો સંગાથી નહોતો, પરંતુ હકીકતમાં એ નૃત્ય એની જોડે મેં જ કર્યું—મોટા ભાગનું તો ખરું જ. એ જરાય સંકોચ વગર નૃત્યની પગલીઓ માંડતી ખંડની પૂરી લંબાઈને પાર કરીને સીધી મારી સામે આવી, અને હું આમંત્રણની વાટ જોયા વગર ઠેકડો

મારીને નૃત્યમાં એની સાથે જોડાઈ ગયો ત્યારે એણે એની મંછા કળી જવા બદલ મારી સામે આભારની લાગણીથી છલકાતું સ્મિત કર્યું. અમને પરિચય સારુ એની પાસે લઈ જવામાં આવેલા ત્યારે મારા સ્વભાવથી અજાણી હોવાને લીધે એણે સુકુમાર ખભા જરાક ઉચકાવીને હાથ બીજાની સામે ધરી દીધો હતો અને મારી સામે જોઈને દિલગીરી ને દિલાસાનું આછું સ્મિત કર્યું હતું.

"માઝુર્કા નૃત્યનું સ્થાન વૉલ્સ નૃત્યે લઈ લીધું ત્યારે હું એની જોડે કેટલીય વાર સુધી નૃત્ય કરતો રહ્યો, અને એ મૃદુ આવાજે ને ચડેલા શ્વાસે વારંવાર કહેતી રહી કે 'ફરી વાર, ફરી વાર.' મારું બદન જાણે હવાનું બનેલું હોય એમ તેને સાવ વીસરી જઈને હું નૃત્ય કરતો જ રહ્યો."

"વીસરી જઈને? મને ખાતરી છે કે એની કમ્મરે હાથ વીંટાળતી વેળા તમે કેવળ તમારા તન અંગે જ નહિ પરંતુ એની કાયા અંગે પણ પૂરા સભાન રહ્યા હશો," શ્રોતાઓમાંથી એક જણ બોલી ઊઠયો.

ઈવાન વસીલ્યેવિચનું મોં એકાએક લાલચોળ બની ગયું અને એ લગભગ તડૂકી ઊઠયા:

"તમારી આધુનિક યુવાનોની બાબતમાં એ ખરું હશે — તમને શરીરના સુખ સિવાય બીજું કશું સૂઝતું જ નથી. અમારા જમાનામાં વાત નિરાળી હતી. મને કોઈ યુવતી પ્રત્યે જેટલો અધિક ગહન પ્રેમ હોય એટલા પ્રમાણમાં એ મને વધારે અપાર્થિવ લાગતી. આજે તમે પગ, ઘૂંટી, તથા અન્ય અવયવો અંગે સભાન બની જાઓ છો, તમે જેને પ્રેમ કરતા હો એ મહિલાઓને તમારી કલ્પનામાં નવસ્ત્રી કરી નાખો છો. પણ મારી બાબતમાં તો આલ્ફોન્સ કારનું

કથન લાગુ થાય છે — બહુ સારો લેખક હતો આલ્ફોન્સ કાર. મારા પ્રેમનું લક્ષ્ય તો હંમેશાં અભેદ્ય આવરણ વડે રક્ષિત રહ્યું છે. કાયાને ઉઘાડી પાડવાનો તો સવાલ જ નથી, અમે તો નોઆહના ભલા પુત્રની જેમ નગ્નતાને હંમેશાં ઢાંકી રાખવાના પ્રયાસા કરતા. પરંતુ એ વાત તમને નહિ સમજાય..."

"એનાં વેણ ધ્યાનમાં ન લેશો. તમારી વાત આગળ સંભળાવો," એક શ્રોતા બોલ્યો.

"હા, તો હું મોટે ભાગે એની જ જોડે નૃત્ય કરતો રહ્યો અને મને વખતનો ખ્યાલ જ ન રહ્યો. સંગીતકારો તદ્દન થાકી ગયા હતા. તમે તો જાણે જ છો કે નૃત્યસમારંભના અંતિમ ગાળામાં હાલત કેવી બની જતી હોય છે. તેઓ માઝુર્કાનું જ સંગીત બજાવતા રહ્યા. દીવાનખંડમાં મોટેરાં ભોજનની અપેક્ષાએ પાનાંની રમત બંધ કરીને ઊભાં થઈ રહ્યાં હતાં. નોકરો દોડાદોડી કરી રહ્યા હતા. લગભગ ત્રણ વાગવા આવ્યા હતા. અમારે થોડીક બચેલી ઘડીઓનો પૂરો લાભ લઈ લેવાનો હતો. મેં એને ફરી નૃત્યનું આમંત્રણ આપ્યું, અને અમે બેઉ વળી પાછાં પગલીઓ રમાડતાં ખંડને પાર કરવા લાગ્યાં.

"'ભોજન પછી મારી જોડે કાડ્રીલ નૃત્ય કરશો?' એને પાછી એની જગ્યાએ પહોંચાડતાં મેં પૂછયું.

"'હા, મને ઘેર ન લઈ જાય તો ચોક્કસ,' એણે હસીને જવાબ આપ્યો.

"'હું લઈ જવા નહિ દઉં,' મેં કહ્યું.

"'મારો પંખો આપો,' એણે કહ્યું.

"'પાછો આપતાં દિલમાં દુઃખ થાય છે,' નાનકડો સફેદ પંખો એના હાથમાં આપતો હું બોલ્યો.

"'તો આ રાખો, એથી દુ:ખ કદાચ ઓછું થઈ જાય,' એણે પંખામાંથી એક પીંછું ખેંચીને મને આપ્યું. મારી હર્ષોન્માદ અને અહેસાનની લાગણી હું એને જોઈ રહેવા સિવાય બીજી કોઈ રીતે વ્યકત ન કરી શક્યો. મારા મનમાં કેવળ ખુશી અને સંતોષની જ નહિ પરંતુ પારાવાર સુખની લાગણી છલકાઈ રહી હતી, હું પરમસુખ અનુભવી રહ્યો હતો, મારા હૈયામાં માયામમતા ઉછાળા મારી રહ્યાં હતાં. હું જાણે હું મટી ગયો હતો, આ જગતનો જીવ મટી ગયો હતો, અનિષ્ટથી અણજાણ અને કેવળ ભલું જ કરી શકે એવો કોઈ અન્ય લોકનો જીવ બની ગયો હતો.

"હું પીછું મારા હાથમોજામાં ભરાવીને જાણે જમીન જોડે જડાઈ ગયો હોઉં એમ ઊભો રહ્યો, એની પાસેથી ખસી ન શક્યો.

"'જુઓ, પપ્પાને નૃત્ય કરવાનું કહી રહ્યાં છે' એણે એક ઊંચા દમામદાર આદમી તરફ આંગળી ચીંધીને કહ્યું. એના પિતા કર્નલ હતા, એમના યુનિફોર્મ ઉપર રૂપેરી પટ્ટીઓ ચોડેલી હતી. એ બારણા પાસે મેજબાનની પત્ની અને બીજી કેટલીક મહિલાઓ જોડે ઊભા હતા.

"'વારેન્કા, અહીં આવ,' મેજબાનની પત્નીએ સાદ પાડયો. એના કેશમાં રત્નજડિત આભૂષણ ઝગારા મારી રહ્યું હતું.

"વારેન્કા બારણા તરફ ગઈ અને હું પણ એની પાછળ પાછળ ચાલ્યો.

"'વારેન્કા, મીઠડી બેટી, તારા પપ્પાને તારી જોડે નૃત્ય કરવા સમજાવ. પ્યોતર વ્લાદિસ્લાવોવિચ, કરો ને એક વાર,' મેજબાનની પત્નીએ કર્નલને વિનંતિ કરી.

"વારેન્કાના પિતા ઊંચા, દેખાવડા, દમામદાર, અને તંદુરસ્ત વૃદ્ધ આદમી હતા. એમના ચહેરાનો વાન રતૂમડો હતો, એમને નિકોલાઈ પહેલા જેવી વાંકડી મૂછો હતી, કલ્લા છેક મૂછો સુધી પહોંચી જતા હતા. અને પુત્રીના જેવું જ સ્મિત એમના હોઠ ઉપર તેમ જ આંખોમાં ઝળકી રહ્યું હતું. એમનો બાંધો કદાવર હતો, પહોળી છાતી લશ્કરી અદાથી ફૂલેલી હતી, છાતીએ ચંદ્રકોનું ઠીક ઠીક પ્રદર્શન હતું, ખભા મજબૂત હતા, અને પગ લાંબા ને ઘાટીલા હતા. એ પુરાણી ઢબના અફસર હતા, અને એમના વ્યકિતત્વમાં નિકોલાઈ શૈલીની લશ્કરી અદા વરતાઈ આવતી હતી.

"અમે બારણા નજીક પહોંચ્યાં ત્યારે કર્નલ આનાકાની કરતા કહી રહ્યા હતા કે હું નૃત્ય સાવ ભૂલી ગયો છું. પરંતુ તેમ છતાં એમણે મોં મલકાવ્યું અને તલવાર મ્યાનમાંથી કાઢીને સેવા કરવા ઉત્સુક એક યુવાનના હાથમાં આપી. પછી એમણે મુલાયમ ચામડાનું હાથમોજું જમણા હાથમાં પહેર્યું ('બધું નિયમ મુજબ જ કરવું જોઈએ,' એ હસીને બોલ્યા), પુત્રીનો હાથ પોતાના હાથમાં લીધો, અને માફક સૂરની વાટ જોતા નૃત્યની અદામાં ઊભા રહ્યા.

"સંગીતમાં માઝુર્કાનો સૂર રણકી ઊઠયો કે તરત જ એમણે એક પગ સ્ફૂર્તિથી પછાડીને બીજો પગ આગળ લંબાવ્યો, અને એમની ઊંચી કાયા ગતિમાન થઈને નૃત્યખંડમાં જાણે હિલોળા લેવા લાગી. એ ક્યારેક ધીરી સોહામણી ગતિએ તો ક્યારેક વેગ અને સ્ફૂર્તિથી એક પગ બીજા પગ જોડે ઝટકાવતા રહ્યા. વારેન્કાની પાતળી દેહલતા એમની જોડે જોડે જાણે હવામાં તરી રહી હતી. સફેદ સાટીનમાં સોહતા એના નાજુક પગની ક્યારેક લાંબી તો

ક્યારેક ટૂંકી પગલીઓ પિતાનાં કદમોની જોડે અકળ રીતે અને હંમેશાં સમયસર મેળ ખાતી પડી રહી હતી.

"તમામ મહેમાનો એકાગ્ર નજરે યુગલનું પ્રત્યેક હલનચલન નીરખી રહ્યાં હતાં. મારા મનમાં છલકાતી લાગણીઓમાં પ્રશંસા કરતાં એક પ્રકારના ઊંડા આહ્લાદની માત્રા વધારે હતી. કર્નલના બૂટ જોઈને મારું હૈયું વિશેષ રૂપે લાગણીમય બની ગયું. સુંવાળા ચામડાના બૂટ મઝાના પણ એડી વગરના હતા અને આગળ ફેશન મુજબ અણીદાર નહિ પરંતુ ગોળ હતા. ચોક્કસ બટેલિયનના મોચીએ જ બનાવ્યા હશે. મને થયું કે 'અજબ આદમી છે! લાડકી દીકરીને સુંદર વસ્ત્રાભૂષણો પૂરાં પાડી શકાય અને એને સમાજમાં ગૌરવમય સ્થાન અપાવી શકાય એટલાં સારુ પોતે નવી ફેશનના બૂટને બદલે સાદા બૂટથી ચલાવી લે છે.' એ કારણે એમના ગોળ બૂટ જોઈને મારું હૈયું વિશેષ રૂપે લાગણીમય બની ગયું. એમને જોતાં કોઈ પણ માણસને ખ્યાલ આવી જાય કે એમને સુંદર નૃત્યની ફાવટ રહી હશે. પરંતુ હવે એમની કાયા ભારે બની ગઈ હતી. એ ફૂર્તિલા મોહક વળાંકો લેવાના પ્રયાસો કરી રહ્યા હતા પણ એને માટે જરૂરી લચીલાઈ હવે એમના પગમાં નહોતી રહી. પરંતુ પગલાંની રમઝટ બોલાવતાં બોલાવતાં નૃત્યખંડમાં બે ચક્કર સરસ રીતે લગાવીને એ પહોળા પગના આધારે ઊભા રહી ગયા ત્યારે તાળીઓનો ગડગડાટ ગુંજી ઊઠયો. કર્નલે પગ પાછા ચપોચપ જોડી દીધા, અને એક ગોઠણ મુશ્કેલીથી ભોંય પર ટેકવીને એ જાણે લગભગ બેસી પડયા. ગોઠણ નીચે દબાઈ ગયેલો પોશાકનો છેડો હળવેથી છોડાવીને મોં મલકાવતી પુત્રી મોહક અદાથી હવામાં તરતી પિતા ફરતે ચકરાવો લઈને બીજી તરફ પહોંચી ગઈ. કર્નલ મહેનત

કરીને પાછા ઊભા થયા અને વહાલથી પુત્રીના કાને હાથ મૂકીને એમણે એના કપાળે બચી ભરી લીધી. પછી એનો હાથ પકડીને એને મારી પાસે લઈ આવ્યા. એમણે નૃત્યમાં એનો સંગાથી મને જ ધારી લીધેલો. મેં ખુલાસો કર્યો કે સંગાથી હું નથી.

"'કંઈ વાંધો નહિ, તમે જ એની જોડે નૃત્ય કરો,' એમણે હેતાળ સ્મિત કરતાં કહ્યું અને તલવાર પાછી મ્યાનમાં સરકાવી દીધી.

"બાટલીમાંથી રેડવામાં આવેલા પ્રથમ ટીપાની પાછળ પાછળ જેવી રીતે પ્રવાહીની ધાર વહેવા લાગે એવી જ રીતે વારેન્કા પ્રત્યેના મારા પ્રેમને પગલે પગલે મારા આત્માનો સમગ્ર પ્રેમ મુકત રીતે વહેવા લાગ્યો. મારા હૈયામાં સૌના પ્રત્યે સ્નેહ જાગ્યો—કેશમાં રત્નજડિત આભૂષણની સજાવટ કરીને આવેલી મેજબાનની પત્ની પ્રત્યે, એના પતિ પ્રત્યે, એના મહેમાનો પ્રત્યે, એના નોકરો પ્રત્યે, અને સ્વાભાવિક રીતે જ મારી ઉપર ખીજે ભરાયેલા કંગાલ આનીસિમોવ પ્રત્યે પણ મારા હૈયામાં સ્નેહના અંકુર ફૂટયા. અને વારેન્કાના પિતા પ્રત્યે તો, પુત્રીના જેવું જ સ્મિત કરતા એ ગોળ બૂટવાળા કર્નલ પ્રત્યે તો, મારા અંતરમાં હેતનાં મોજાં ઉછાળા મારવા લાગ્યાં.

"માઝુર્કા નૃત્ય પૂરું થઈ ગયું અને મેજબાનોએ સૌને ભોજનખંડમાં બોલાવ્યાં. પરંતુ કર્નલે જમવાની ના પાડી અને એમ કહીને જવાની રજા માગી કે મારે સવારે વહેલા ઊઠવાનું છે. મને બીક હતી કે એ વારેન્કાને ઘેર લઈ જશે પણ વારેન્કા એની મા ભેગી રોકાઈ ગઈ.

"ભોજન પછી મેં એના વચન મુજબનું કાડ્રીલ નૃત્ય

એની જોડે કરવાની મોજ માણી. મને લાગેલું કે હું સુખની ચરમ કક્ષા માણી રહ્યો છું, પરંતુ તોયે મનમાં સુખની લાગણી નિરંતર વૃદ્ધિ પામી રહી હતી. અમે પ્રેમનો કશો ઉલ્લેખ ન કર્યો. એ મને ચાહે છે કે નહિ એવો પ્રશ્ન મેં ન એને પૂછ્યો કે ન મારા મનમાંયે કર્યો. હું એને ચાહતો હતો એટલું જ મારે માટે પૂરતું હતું. મને માત્ર એક જ બીક સતાવતી હતી કે કશુંક મારા સુખમાં કદાચ ભંગ પાડી દે.

"ઘેર પહોંચીને મેં ઓવરકોટ કાઢી નાખ્યો અને હું સૂઈ જવાનો વિચાર કરવા લાગ્યો, પરંતુ તરત મને સમજાઈ ગયું કે નીંદર કોઈ રીતે આવે એમ નથી. હું એના પંખાનું પીંછું અને એનું હાથમોજું લઈને નીરખવા લાગ્યો. મેં એને ને એની માને બગીમાં બેસાડેલાં ત્યારે એણે મને યાદગીરીમાં એનું હાથમોજું આપેલું. એ સંભારણાંને નીરખતાં મારી નજર સામે કંઈ કેટલાંય દૃશ્યો એક પછી એક તરવરવા લાગ્યાં. નૃત્ય માટે બે આદમીમાંથી એકને સંગાથી તરીકે પસંદ કરતી વેળા એણે મારો સ્વભાવ કળી લઈને મધુર કંઠે કહેલું: 'વધારે પડતી મગરૂરી? ખરું ને?' અને પછી ખુશીના ભાવે હાથ મારી તરફ લંબાવેલો. ભોજન દરમિયાન એણે શેમ્પેનનો ઘૂંટડો ભરીને પ્યાલીની ઉપરથી મારી સામે પ્રેમભરી મીટ માંડેલી. પરંતુ મને એ સૌથી વધુ તો પિતાની જોડે નૃત્ય કરતી વેળા ગમેલી. એની દેહલતા પિતાની જોડે મોહક રીતે હવામાં તરતી હતી. અને એ પિતાની તેમ જ ખુદ પોતાની કાબેલિયત અંગે ખુશી અને અભિમાનની નજરે પ્રેક્ષકગણને નીરખી રહી હતી. મારા માનસપટમાં પિતાપુત્રી બેઉ જાણે અનાયાસે જ એકરૂપ બની ગયાં અને તેમની ઉપર ઊંડી હેતભરી લાગણી છવાઈ ગઈ.

"એ વખતે મારો મરહૂમ ભાઈ અને હું ભેગા રહેતા હતા. ભાઈને સમાજમાં મુદ્દલ રસ નહોતો અને એ નૃત્યસમારંભોમાં કદી ન જતો. એ માસ્ટરની ડિગ્રી અંગેની પરીક્ષાઓની તૈયારીઓમાં ડૂબેલો હતો અને તદ્દન નેક જિંદગી ગુજારતો હતો. એ વખતે તો એ ગાઢ નીંદરમાં પડ્યો હતો. તકિયામાં દબાયેલા અને ધાબળા વડે અરધા ઢંકાયેલા એના માથા ઉપર નજર નાખતાં મારા મનમાં દિલસોજી પેદા થઈ કારણ કે મને લાધેલા સુખની એને ખબર જ નહોતી અને તેમાં એ સહભાગી થઈ શકે એમ નહોતો. અમારો વેઠિયો ચાકર પેત્રુશા મીણબત્તી લઈને બારણું ઉઘાડવા આવેલો. એણે મને કપડાં બદલવામાં મદદ કરી હોત, પણ મેં એને સૂઈ જવાની રજા આપી. એની આંખોમાં ઘેરાયેલી ઊંઘ અને એના વીખરાયેલા વાળ જોઈને મને દયા આવી ગઈ. અવાજ ન થાય એની કાળજી રાખીને હું હળવે પગલે પગલે મારા ખંડમાં ગયો અને પલંગ પર બેસી ગયો. મારા હૈયામાં સુખની લાગણી હિલોળા લઈ રહી હતી અને મને નીંદર આવે એમ નહોતી. મને ખંડમાં ગરમી લાગી એટલે યુનિફોર્મ પહેરી રાખીને હું ગુપચુપ મોટા ખંડમાં ગયો અને ઓવરકોટ લઈને બારણું ઉઘાડતો બહાર નીકળી ગયો.

"નૃત્યસમારંભ પછી હું ઘેર જવા નીકળ્યો ત્યારે લગભગ પાંચ વાગી ગયા હતા. ત્યાર બાદ લગભગ બે કલાક વીતી ગયા હતા. એટલે હું ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે ઉજાસ થઈ ગયો હતો. હવામાન આ તહેવારના સમયે દર વરસે હોય છે એવું જ હતું—ધુમ્મસ છવાયેલું હતું, ભીનું હિમ રસ્તા ઉપર પડતાં જ ઓગળી જતું હતું, અને છાપરાં પરથી પાણી ટપકી રહ્યું હતું. એ વખતે કર્નલ પરિવાર શહેરની

બહારના વિસ્તારમાં એક ખુલ્લા મેદાન નજીક રહેતો હતો. મેદાનને એક છેડે નિશાળ હતી અને બીજી તરફ ફરવાની જગ્યા હતી. અમારી નાનકડી શાંત શેરી વટાવીને હું મોટા રસ્તા પર પહોંચ્યો ત્યારે રાહદારીઓની આવજા શરૂ થઈ ગઈ હતી અને લાકડાં લાદેલાં હિમગાડાં હંકારતા ગાડાખેડુઓ જઈ રહ્યા હતા. હિમગાડાંની ચીપો હિમમાં છેક જમીન સુધી ઊંડા આંકા પાડી રહી હતી. રંગેલી ધૂંસરીઓ નીચે ઘોડાંનાં માથાં એકધારાં ઊંચાંનીચાં થઈ રહ્યાં હતાં. ખભે કાથીની સાદડી નાખીને ગાડાંની જોડાજોડ ચાલતા ગાડાખેડુઓના મોટા જબ્બર બૂટ હિમના કીચડમાં પચકારા બોલાવી રહ્યા હતા. રસ્તાની બન્ને તરફ ખડાં મકાનો ધુમ્મસમાં બહુ ઊંચાં લાગતાં હતાં. બધું જાણે ખૂબ મનગમતું ને મર્મભર્યું લાગતું હતું.

"હું એમના ઘર નજીકના મેદાને પહોંચ્યો ત્યારે મને ફરવાની જગ્યા તરફને છેડે ધુમ્મસમાં જબ્બર કાળા ધાબા જેવું કશુંક નજરે પડયું અને ભૂંગળ તથા નગારાના અવાજ કાને પડયા. મારું દિલ તો સતત ગાન રેલાવી રહ્યું હતું અને ક્યારેક ક્યારેક મારા મનમાં માઝુર્કાના સંગીતના સૂરની યાદ ઝબકી જતી હતી. પરંતુ આ તો જુદી જ જાતનું સંગીત હતું, આકરું ને અમંગળ સંગીત હતું.

"'શું થયું હશે?' હું અચરજમાં પડી ગયો અને મેદાનને પાર કરતા લપસણા ચીલા ઉપર ચાલતો અવાજની દિશામાં જવા લાગ્યો. લગભગ સો કદમ ચાલ્યા પછી મને ધુમ્મસની આરપાર માણસોનું ટોળું ભેગું થયેલું દેખાયું. બધા સિપાહીઓ લાગતા હતા. 'કવાયત કરતા હશે,' મને થયું. હું આગળ ચાલતો ગયો. મારી જોડાજોડ એક લુહાર જઈ રહ્યો હતો.

એના કોટ અને કામના કુડતા ઉપર તેલના ડાઘા હતા. એના હાથમાં મોટું બંડલ હતું. સિપાહીઓએ કાળા કોટ પહેર્યા હતા અને તેઓ એક પડખે બંદૂક રાખીને સામસામી બે કતારમાં નિશ્ચલ ખડા હતા. ભૂંગળિયો અને નગારચી સિપાહીઓની પાછળ ઊભા ઊભા તીણા સૂર ફરી ફરીને બજાવી રહ્યા હતા.

"'આ શું ચાલે છે?' મેં બાજુમાં ઊભેલા લુહારને પૂછ્યું.

"'એક તાતારે ભાગી જવાની કોશિશ કરેલી એટલે એને સજા કરી રહ્યા છે,' કતારોને બીજે છેડે નજર ઠેરવીને જોતા લુહારના અવાજમાં ખીજ હતી.

"મેં પણ એ તરફ નજર નાખી તો કતારોની વચ્ચેથી કશુંક ભયાનક અમારી તરફ આવતું નજરે પડયું. કમ્મરથી ઉપર ઉઘાડા બદનવાળા એક આદમીને આડી બંદૂક જોડે બાંધી દેવામાં આવ્યો હતો. બંદૂકના છેડા બન્ને તરફ એક એક સિપાહીના હાથમાં હતા. કેદીની બાજુમાં ઊંચા કદનો એક અફસર ચાલી રહ્યો હતો. એણે ઓવરકોટ પહેર્યો હતો અને માથે બિનવર્દીની ટોપી હતી. અફસરની આકૃતિ મને પરિચિત લાગી. કેદીનું આખું બદન ફરકી રહ્યું હતું. એ ઓગળતા લપસણા હિમમાં લથડતો ચાલી રહ્યો હતો. એની ઉપર બન્ને તરફથી ફટકા વરસી રહ્યા હતા. ફટકાથી બચવા એ ક્યારેક કોકડું વળતો પાછળ હઠતો ત્યારે બંદૂકના છેડા પકડી રાખનારા સિપાહીઓ એને આગળ ધકેલતા, અને ક્યારેક એ આગળ લથડી પડતો ત્યારે સિપાહીઓ એને આંચકો મારીને પડી જતો અટકાવતા અને ટટ્ટાર ખડો રાખતા. ઊંચો અફસર મક્કમ ડગલાં ભરતો જરાય પાછળ રહી ગયા

વગર એની જોડાજોડ ચાલી રહ્યો હતો. એ અફસર વારેન્કાનો પિતા હતો, રતૂમડો ચહેરો ને ધોળી મૂછો ને કલ્લાવાળો કર્નલ હતો.

"કેદી દરેક ફટકે પીડાથી મરડાઈ જતો ચહેરો જાણે અચરજ પામતો હોય એમ ફટકાની દિશામાં ફેરવતો હતો અને કકડતા સફેદ દાંત વચ્ચેથી વારંવાર એકના એક બોલ રટતો હતો. એ સાવ નજીક પહોંચ્યો ત્યારે જ મને એના શબ્દો સમજાયા. એ જાણે બોલતો નહોતો પણ બોલનાં ડૂસકાં ભરી રહ્યો હતો: 'રહેમ કરો, ભાઈઓ! રહેમ કરો, ભાઈઓ!' પરંતુ ભાઈઓનાં દિલોમાં રહેમ જેવું કશું હતું જ નહિ. સરઘસ સાવ મારી સામે પહોંચી ગયું ત્યારે એક સિપાહી મક્કમ ડગલે આગળ આવ્યો અને એણે તાતારની પીઠ ઉપર એટલા જોરથી ચાબખો ફટકાર્યો કે હવામાં સટાકો ગુંજી ઊઠયો. તાતાર આગળ લથડી પડયો પણ સિપાહીઓએ એને આંચકો મારીને સીધો ખડો રાખ્યો. પછી સામી બાજુએથી બીજો ચાબખો વીંઝાતો એની પીઠ ઉપર પડયો. એમ ઘડીક આ બાજુથી તો ઘડીક પેલી બાજુથી એની ઉપર કોરડા ધડાધડ પડતા ગયા... જોડાજોડ ચાલતો કર્નલ ક્યારેક પોતાના પગ ઉપર તો ક્યારેક કેદીની ઉપર નજર નાખતો હતો, ઊંડા શ્વાસ લઈને છાતીમાં હવા ભરતો હતો, ગાલ ફુલાવતો હતો, અને પછી દબાવેલા હોઠ વચ્ચેથી ધીરે ધીરે હવા બહાર કાઢતો હતો. સરઘસ મારી સામેથી પસાર થતું આગળ નીકળી ગયું એટલે મને સિપાહીઓની કતાર વચ્ચેથી કેદીની પીઠ નજરે પડી. એ દેખાવનું વર્ણન અશક્ય છે—પીઠમાં સોળ પડી ગયા હતા, ચામડી ઉતરડાઈ ગઈ હતી, લોહીથી લથબથ

માંસના લોચા નજરે પડતા હતા, દેખાવ અમાનવીય હતો. મારાથી મનાયું જ નહિ કે એ પીઠ માનવ કાયાનો અવયવ હોઈ શકે.

"'હે ભગવાન!' મારી બાજુમાં ઊભેલા લુહારના હોઠ ફફડી ઊઠયા.

"સરઘસ આગળ ચાલ્યું. કોકડું વળી જતા ને લથડિયાં ખાતા બિચારા જીવની ઉપર ફટકા વરસતા રહ્યા, નગારું વાગતું રહ્યું, ભૂંગળ ચીસો પાડતી રહી, અને ઊંચો દમામદાર કર્નલ મક્કમ ડગલે કેદીની જોડાજોડ ચાલતો રહ્યો. એકાએક કર્નલ ઊભો રહી ગયો અને પછી ઝડપથી કદમ માંડતો એક સિપાહીની પાસે પહોંચી ગયો.

"'ચૂકી ગયો, ખરું ને? હમણાં બતાવી દઉં છું! લેતો જા! લે! લે!' મને એનો ક્રોધે ભભૂકતો અવાજ સંભળાયો. મુલાયમ ચામડાના હાથમોજામાં શોભતો એનો જોરાવર પંજો ઠીંગણા કમજોર સિપાહીના ચહેરા ઉપર ધડાધડ ઝીંકાઈ રહ્યો હતો કારણ કે બિચારાના ચાબખાનો ફટકો તાતારની રાતીચોળ પીઠ ઉપર પૂરતા જોરથી નહોતો પડયો.

"'નવા ચાબખા લાવો!' કર્નલ બરાડયો. ફરમાન છોડતો એ બીજી તરફ ફર્યો અને એની નજર મારી ઉપર પડી. જાણે મને ઓળખ્યો જ ન હોય એવો ડોળ કરીને ઝેરીલો દહેશતનાક ઘુરકાટ કરતો એ ઝડપથી બીજી તરફ ફરી ગયો. હું જાણે કશુંક નામોશીભર્યું કરતો પકડાઈ ગયો હોઉં એમ મને ભયંકર શરમ આવી અને સમજણ જ ન પડી કે નજર કઈ તરફ ફેરવું. હું માથું નીચે ઢાળી દઈને ઉતાવળો ઘર તરફ ચાલવા લાગ્યો. આખે રસ્તે મને જાણે નગારાના ઢમકારા, ભૂંગળના ચિત્કાર, કેદીની કાકલૂદીના શબ્દો 'રહેમ કરો,

ભાઈઓ!' અને કર્નલના ક્રોધે ભભૂકતા ને આત્મવિશ્વાસથી છલકાતા બરાડા 'લેતો જા! લે! લે!' સંભળાતા રહ્યા. મારા દિલમાં એટલું સખત દર્દ પેદા થયું કે જાણે મારા બદનમાં ખરો જખમ થયો હોય એમ મને લાગ્યું. એથી મને જાણે નફરતના ઊબકા આવવા લાગ્યા અને મારે કેટલીય વાર ઊભા રહી જવું પડયું. મને લાગ્યું કે એ દેખાવ જોઈને મારા મનમાં ભરાઈ ગયેલી કમકમાટી મારે બહાર કાઢી જ નાખવી પડશે. મને યાદ નથી કે હું ઘેર કેવી રીતે પહોંચ્યો અને પલંગમાં કેવી રીતે પડયો, પરંતુ મારી આંખો ઘેરાવા લાગી કે તરત જ આખો દેખાવ ફરી વાર મારી નજર સામે તરવરી ઊઠયો અને બધા અવાજો વળી પાછા મારા કાનમાં ઘૂમરીઓ ખાવા લાગ્યા. હું સફાળો ઊભો થઈ ગયો.

"હું કર્નલ અંગે વિચાર કરવા લાગ્યો અને મને થયું કે 'એ જાણતો હોય પણ હું ન જાણતો હોઉં એવું કશુંક જરૂર હોવું જોઈએ. એની જાણકારી મને હાંસલ થઈ જાય તો આખી બાબત મને બરાબર સમજાઈ જાય અને મેં જોયેલા દેખાવથી મારા દિલમાં આટલું બધું દર્દ ન થાય.' પરંતુ હું ભેજું કસી કસીને થાકી ગયો તોયે મને ન જ સમજાયું કે એવી કઈ વાત કર્નલ જાણે છે અને હું નથી જાણતો. મને છેક રાત સુધી નીંદર ન આવી. આખરે એક દોસ્તને ત્યાં જઈને મેં ખૂબ દારૂ ઢીંચ્યો અને હું નશામાં બધું ભૂલી ગયો ત્યારે જ મને નીંદર આવી.

"તમે શું એમ માનો છો કે મેં જે કંઈ જોયેલું તેને ખરાબ ગણી કાઢેલું? ના, જરાય નહિ. મેં તો એવો સાર તારવ્યો કે 'મેં જે કંઈ જોયેલું તે પૂરા આત્મવિશ્વાસથી કરવામાં આવ્યું હતું અને તેને સૌએ આવશ્યક ગણ્યું હતું એટલે એ

લોકો જરૂર એવું કશુંક જાણતા હશે જે હું નથી જાણતો.' એ કશુંક ગોતી કાઢવાની મેં પૂરી કોશિશ કરી પરંતુ કદી કામયાબી ન મળી. અને એ કશુંક શોધી ન શક્યો એટલે મારે માટે લશ્કરમાં ભરતી થવાનું અશક્ય બની ગયું. લશ્કરી નોકરીનો મારો ઈરાદો મેં પડતો મૂકી દીધો. લશ્કરી તો શું, બીજી કોઈ નોકરી પણ મારે માટે અશક્ય બની ગઈ. એટલે હું તમે સૌ જાણો છો એવો બેકાર આદમી રહી ગયો."

"તમે કેવા 'બેકાર આદમી' રહી ગયા છો એની તો અમને પાકી જાણકારી છે," એક જણ બોલી ઊઠયો. "ખરેખર તો એમ કહેવું જોઈએ કે તમે ન હોત તો ઘણા માણસો સાવ નકામા રહી ગયા હોત."

"આ તો સાવ બેહૂદી વાત થઈ," ઈવાન વસીલ્યેવિચ ખરેખર અકળાઈ જતા બોલ્યા.

"પણ પછી તમારા પ્રેમનું શું થયું?" અમે સવાલ કર્યો.

"મારો પ્રેમ? એ દિવસથી મારો પ્રેમ કરમાવા લાગ્યો. અમે ફરવા જઈએ ત્યારે વારેન્કા એનું ગમગીન સ્મિત કરે કે તરત જ મને મેદાનમાં જોયેલા કર્નલનો દેખાવ યાદ આવી જતા. એથી મને અકળામણ થવા લાગતી અને મારું મન દુ:ખી દુ:ખી થઈ જતું. મેં એને મળવા જવાનું ધીરે ધીરે બંધ કરી દીધું. મારો પ્રેમ એવી રીતે વિલાઈ ગયો.

"ક્યારેક આવું બને છે, આવી ઘટનાઓ માણસની આખી જિંદગીને પલટાવી નાખીને જુદી દિશામાં વાળી દે છે, અને તમે સંજોગો ને વાતાવરણની વાતો વાગોળતા રહો છો," ઈવાન વસીલ્યેવિચે કિસ્સો પૂરો કરતાં કહ્યું.

૧૯૦૩

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન

૨૧, ઝુબોવ્સ્કી બૂલવાર

મોસ્કો (સોવિયેત સંઘ)

ЛЕВ ТОЛСТОЙ

Повести и рассказы

На языке гуджарати

Перевод сделан по собранию сочинений
Л. Н. Толстого в 14 т. т.
Гослитиздат, 1952—53, т. т. 2, 10, 12, 14.

પ્રેક્ષનના ભ્રમોમાં ભાગીદાર બનતા હોય છે."

બર્નાર્ડ શૉ. ૧૮૯૮

"આપણને સામાન્ય રીતે તોલ્સ્તોય સિવાયના સમગ્ર રશિયન સાહિત્યમાંથી રશિયન જીવન વિશે જેટલું જાણવા મળે છે એટલું જ લગભગ એકલા તોલ્સ્તોયની કૃતિઓમાંથી જાણવા મળે છે.

"...તેમની કૃતિઓ એક પ્રતિભાવાન સર્જકની ખંતીલી સખત મહેનતના સ્મારક રૂપે સદીઓ સુધી જીવંત રહેશે."

મક્સીમ ગોર્કી. ૧૯૦૮

"લેવ તોલ્સ્તોય પ્રત્યેનું મારું વલણ જીવનમાં તેમનું ભારે અહેસાન પામેલા એક નિષ્ઠાભર્યા વાચક જેવું છે."

મહાત્મા ગાંધી. ૧૯૨૧

૧૯૨૮માં લેવ તોલ્સ્તોયની શતાબ્દીના પ્રસંગે તરુણ લોકોની એક સભામાં બોલતાં મહાત્મા ગાંધીએ કહેલું કે તોલ્સ્તોય આપણા યુગના અધિકતમ સત્યવાદી માનવ હતા, તેમનું સમગ્ર જીવન જાણે સત્યની અવિરત ખોજ સમું હતું, સત્ય પામવાની અણથંભ જહેમત સમું હતું, અને સત્યને સફળતાથી જીવનમાં ઉતારવાની ઝંખનાના મૂર્ત રૂપ સમું હતું. તેમણે સત્યને છુપાવવાની અથવા તેને હળવું બનાવી દેવાની કોશિશ ક્યારેય નહોતી કરી. તેઓ સત્ય જરાય અચકાયા વગર, જરાય બાંધછોડ વગર, દુન્યવી સત્તાના મુદ્દલ ડર વગર જણાવી દેતા.

લેવ તોલ્સ્તોય લઘુનવલો અને નવલિકાઓ